એક યાદ

રોજના ઉપયોગી ને કીમતી વાસણો ગળતા થાય ત્યારે નકામા જણી નાખતા ના.

કારણ

Cheaper than solder

Not affected by extreme heat.

MENDETS

TRADE MARKED U.S. PAT. OFF

MEND ALL LEAKS INSTANTLY.

રૂ. ૦૫ ના ચારની ડબીનો ને રૂ. ૧ બારની ડબીનો.

હોતવેાટર બેગ્સ, ટાંકીઓ, બેાઈલર, બાલદી, તાંબરી ગીન્ની (વેાશ બેશીન) તપેલી, કેાટા, હાડી, નાહવાના ટબેા, ટ્રેગડી, વાડી, લંગડી વગેરે વપડાસના વાસણેા,

ટીન, ત્રાંબુ, લેાઢું, કાચ ને કેાડી કામ, પીતળ, કાંસુ, રબરનાં વાસણેા વગેરે.

વાપરવાની બીગત માથેજ છે.

એજન્ટો જોઈએ છે.

મેનડેટ્સ એજન્સી.

૩૪, નાનાભાઈ લેન, હોર્નબીરોડ, કોટ મુબઇ.

નીચલે ઠેકાણે વેચાય છે.

Will fit any Surface

તસ્વીરવાલા ન. નવા, આ૦ પી૦ બારદીટ સામે ધોબીતળાવ,

જેહાંગીર મીરઝાંની કું૦,

૧૬૪, હોર્નબી રોડ—કોટ,

XL સ્ટેશનરી માર્ટ—પારસી બન્દર.

મુનીયન પ્રેસ, ગીરગામરોડ, ધોબીતળાવ

Can be applied by a child.

નવરંગ પ્રેસ, બલાર્ડપીયર, કોટ. આર. એન. નવાની કું૦ કાવસજીદેવી રોડ.

ડા૦ વામન ગોપાળનુ

આયોડાઈઝ્ડ

સાર્સા પરિલા.

સાર્સાપરિલા આજ સાઠ વર્ષથી પ્રખ્યાત અને લોખો દરદી-ઓએ એનો ઉપયોગ કરી પોતાની નીરાશા દુર કરી છે.

ખોહી એ મનુષ્ય જીવન છે. તે બગડયું હોય તો અનેક રોગ ઉત્પન થાય છે માટે તે સુધારવા દરેક માણસને કાળજી લેવી જોઈએ, તેને માટે આ સાર્સાપરિલા વીના બીજી એક પણ દવા લેવાની જરૂર નથી. વળી આ દવા પીવાથી ઉપદંસ એટલે ગરમી અને તેના વડે થતા રોગો—તેમજ લકવા, સંધીવા, ચામડીપર કાળા ડાધા પડવા, આંગનું સુજી આવવું, શરીરમાં બળતરા થવી, શરીરની ઉપર ફેવી સરખા ફોલ્લા થઇ આવવા વીગેરે વીકારો ઉપર આ દવા અકસીર થઇ પડી છે.

શીશી ૧ નો રૂ. ૧॥ ચાર શીશી પીવાથી સારો ગુણ આવે છે પો. જુદું. ચાર શીશી એકદમ મંગાવનારને ખચ સહીત રૂ. ૪-૧૩-૦ પડશે.

ડા. ગૌતમરાવ કેશવ એંડ સન ઠાકુરદ્વાર-મુંબઈ.

મળશે અમદાવાદ ધાંચીની પોળ.

સુરત ગોપીપુરા ચકલા પાસે ડો. ગોપાળજી રાવજી—૨.

ભાવનગર ડો. ગોપાળજી રાવજી—૨.

નવરંગ.

વાંચવાલાયક વાર્તાઓ ને વિષયોથી ભરપુર. માસિક.

માલેક અને અધિપતિ—અરદેશર ખરશેદજી - દેશાઇ.

ઑફિસ—૨૩૭, ખન્નરગેટ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ.

વાર્ષિક લવાજમ હિન્દુસ્તાનમાં રૂ. ૪. છુટક નકલ ૧ રૂપ્યો.

" " પ્રદેશમાં રૂ. ૫.

૮ માં સાલના ગ્રાહકોને મી૦ કાબરાજીની 'દલજગ દલેર'ની વારતાનુ પુસ્તક ભેટ.

પુસ્તક ૮ મું. સપ્ટેમ્બર ૧૯૨૨. અંક ૧ લો.

અનુક્રમણિકા.

બાળ નવરંગને આઠમું સાલ મુબારક.	આદીલ.
આમીન.	અધીપતી.
નિરાશ્રીત પાલન. (કવિતા)	કવિ ભાઈશંકર વિ. પંડીત.
'પારસીઓને મારી નાખો!'	શે૦ મ૦ દેશાઈ.
શાહ જગશેદ.	પા૦ બ૦ દેશાઈ.
આવાં અદ્રિસર થાનુ.—	Mr. J. M. Hormusji.
સાલ મુબારક. (ગઝલ)	પાદરાકર.
પરવર પસંદ વચન અનુસાર વરતન.	માણેકશાહ દીનશાહ મીસ્ત્રી.
ગુલાબ ચંબેલીની શાદી! (એક રકેચ.)	"મશરેક."
ચાનજી કાકાનો દંપો. (ટુંકી વાર્તા)	સોરાબ બી. તાતા.
સાલ મુબારક. (પીલુ લાવણી.)	મરહુમ કવિ દા. એ. તારાપોરવાલા.
સ્વભોગ. (ટુંકી વારતા.)	Niebe.
નવજીવનનાં આવાહન. (કવિતા)	અરદેશર ફરામજી બખ્મરદાર.
ફૈજી. (ટુંકી વાર્તા.)	પાદરાકર.
'નવરંગને નવું સાલ મુબારક! (કવિતા)	પાદરાકર.
પ્રેમ.	મધુકર.
એઝોરસ તરફની હમારી મુસાફરી	જરબાનુ મહેરવાનજી કોથાવાળા.
"નવરંગ મ્યુઝીક ગાઇડ."	દીનશાહ એ. સંજાણા.
મહોબ્બતનો મુલક.	C. A. B.
સંજોગનો ભોગ! (ટુંકી વાર્તા)	મીસ સુના કાવસશાહ ઇરાની.
સુધરેલી હિંદવાણીઓ. (કવિતા)	નગીનદાસ પુરૂષોત્તમદાસ સંઘવી.
પૈસાને ખાતર! (ટુંકી વાર્તા)	'સમન.'
નવિન વર્ષ મુબારક! (કવિતા)	પાદરાકર.
ફુલ કાં સુકાયું? (કવિતા.)	નલિનીકાન્ત.
"કાણુને ખાતર?" (ટુંકી વાર્તા.)	મીસ ઝીણી એરચશાહ વકીલ.
નાળીએરના ઝાડ (નાળીએરી)નો બહોળો ઉપયોગ.	દીનશાહ દાદાભાઇ દોરડી.
ઇરકે હકીકી. (કવિતા)	ચીમનલાલજી ભાઈશંકરજી પંડીત.

ઉદેપુર રાજ્યના માજી ચીફ મેડીકલ ઓફીસર આનરેબલ

ડૉ. કેપ્ટન શમસુદીન જે. સુલેમાની

હુન્નરી ચમત્કા રીક શોધ પ્રમાણે

બનાવેલી દેશી દવાઓ.

એક અદ્વિતીય અને મહાન શોધ

કુચ્ચાદરાકુટાઈન

એટલે વાઢ કાપ કર્યા વગર અને આંખમાં દવા નાખ્યા વગર

કાચો મોતિયો મટાડનાર દવા

કાનોની આજુ બાજુ અને ગરદન ઉપર દરરોજ થોડાં ટીપાં ચોળવાથી પંદર દીવસમાં થોડો ફાયદો જણાય છે. અને લગભગ ત્રણ મહીનામાં આંખમાંનો મોતિયો મટી જાય છે. આ દવાથી આંખમાંની બીલ કપાઇ જાય છે. વધુ હકિકત નીચેના ઠેકાણેથી મળીને અથવા લખીને મેળવો.

બે ઔંસની શીશીની કીં રૂ. ૨)

(રજીસ્ટર્ડ) # મુંદમેલ (રજીસ્ટર્ડ)

આ દવા (૧) ધામાંથી વહેતું લોહી તરત બંધ કરે છે. (૨) ધાને પાકવા નથી દેતી અને ઝટ રૂઝવે છે. (૩) દાઝેલાને આરામ આપે છે. (૪) દાદર અને ગડગુમડાંને ઓસાડી દે છે. (૫) ખુજલી, ખસ વગેરેને મટાડે છે. (૬) બીલને હાડમાંથી ઉખાડી દે છે. (૭) મોચ અને ઠોકરના દરદને દુર કરે છે. (૮) સોજાને ઉતારી પાડે છે. (૯) સંધીવાને નાબુદ કરે છે. (૧૦) દાંત, દાઢ તથા કાનના દરદને ઝડપથી સારાં કરે છે. (૧૧) આગળીના ચેપી રોગો ચાહાં ચાંદીમાંથી દરદીને મુક્ત કરે છે. (૧૨) ઘોડાની પીઠ બળદની આંધ અને કુતરાના ઘા ચમત્કારીક રીતે સારાં કરે છે.

બે ઔંસની શીશીની કીંમત રૂ. ૩।।=

મીલો, કારખાનાઓ તથા હસ્પીતાલો માટે પચીસ ઔંસની બાટલી રૂ. ૭.

સઘળા દવા વેચનારાઓને ત્યાંથી મળશે.

ઠેકાણું:—**મુંદમેલ ડેપો.**

નં. ૩૨૬, અબદુલ રહેમાન સ્ટ્રીટ, કાઉર્ટ આરકેડ નજીક રંગારી મોહલ્લા,

મુંબઈ નં. ૩.

બહારગામના ઓર્ડરો સંભાળપુર્વક પેક કરી વેલ્યુપેબલથી મોકલવામાં આવે છે.

નવરંગ.

પુસ્તક ૮ મું. સપ્ટેમ્બર, ૧૯૨૨. અંક ૧ લો.

બાળ નવરંગ ને આઠમું સાલ મુબારક!

નવરંગ માટે બાસ રચનાર—કવિ આદીલ.

(બ્રેત.)

સુખી આ નવું સાલ તુજ સંગ રહો,
મુબારક તું નવરંગે નવરંગ રહો.
મુબારક તુને આઠમું આજ સાલ,
ચમનમાં અમનથી રહો ખુશ ખુશાલ.
વધો વૃદ્ધિ જરની, ને જાહો જલાલ,
મળો મન મનોરથના મોતીને લાલ.
રહો જ્ઞાનનો તુજ ઘટમાં ગુલાલ,
મળો તુજને બાલેકની મમતાનો માલ.
અકલના અકીકોથી તુજ સંગ રહો,
મુબારક તું નવરંગે નવરંગ રહો.

(દોહરા)

તનનું મનનું દ્રવ્યનું—જરૂર પામો જોમ,
તેજસ્વી રહો જગતમાં—જેમ રવી ને સોમ.

મનશાનીની માળાઓ તુજને મળે,
ગવશાનીનાં ગોહર પડે તુંજ ગળે.
કુનશાની ભરી તુજ કળા કોણ કળે?
ઝળક તારી કીર્તિ તણી ઝળઝળે
ટકે ટેક તાહારો, કદી ના ટળે,
પરમ પ્રેમ ઈશનો મળે પળપળે.

મથાનું તુજ હાથેમાં મૃદંગ રહો,
મુંબારક તું નવરંગે નવરંગ રહો.

(દોહરા)

સાગરમાં સાહિત્યના—બેડો તાહરો પાર,
કરે સદા સૃષ્ટિ તણો—સાચો સરજનહાર.

ઉમીદો ભલી તુજ ફળી ને ફળો,
ફીકર તાહારી સર્વે ટળી ને ટળો.
હુંનરની કળા તેં કળી ને કળો,
કમાઈ ભલી તેં રળી ને રળો.
તાહારાં દીલ તણી કળ વળી ને વળો,
ફતેહ કામે હર એક મળી ને મળો.
સુખન તાહરો એકએક અમુલ નંગ રહો,
મુંબારક તું નવરંગે નવરંગ રહો.

(દોહરો.)

જરૂર પામો જગતમાં—જોહોજલાલી જશ,
વાંચન દે એવું, બને—વાંચક તાહારે વશ.

ખુદા તુને હસ્તું ને રમતું કરે,
સાહિત્યનું ભોજનબી જમતું કરે.
ઘરોઘર કદમ તાહારૂં ભમતું કરે,
ગુણી જ્ઞાનીને મનથી ગમતું કરે.
નહીં નેક વાતોમાં કમ તું કરે,
નમનતઈનું પલ્લું ણી નમતું કરે.
સદા રાહે આદીલ ઉપર ચંગ રહો,
મુંબારક તું નવરંગે નવરંગ રહો.

(દોહરા.)

સાત કીધાં સાહીત્યમાં—પુરાં તુંએ સાલ,
બેહું આંજે આઠમું—સાલ મુંબારક હાલ.

આમીન! આમીન!! આમીન!!!

આમીન !

શુક્ર તે પાકપરવરદીગારના હુઝારો હુઝાર કે આ અદના માસિકે એક વધુ સાલ સુખમય પસાર કરી આઠમા વર્ષની પનોતી સાલગીરેહુ ઉજવવા ભાગ્યશાળી થયું છે. આઠ વર્ષો–એક બે કરતાં આઠ વર્ષો પસાર થઇ ગયાં છે અને એ વર્ષો દરમ્યાન ગુર્જર સાહિત્યની સેવા નવરંગે યથાશક્તિ બજાવી છે–એ તો એક વગર તકરારની વાત છે. સાહિત્યની સેવા કરવાનાજ એકલા મનોરથથી આ માસિકને અમોએ હસ્તીમાં આણ્યું હતું અને અમોએ તે મનોરથ સિદ્ધ કરવા જે જે પ્રયત્નો કર્યા છે તે કેટલે દરજ્જે સફળ થયા છે તે આજનો આ અંક પુરવાર કરે છે. પાછલા સંખ્યાબંધ સફાઓ વાંચી જોવા પછી વાંચક મહેરબાનોની ખાતરી થશે કે 'નવરંગ'ના સાહિત્ય વિકાશના પ્રયત્નો પ્રત્યે ગુર્જર લેખકોનો એક મોટો ભાગ સંગીન ટેકો આપી રહ્યો છે. નવરંગ વગર અપવાદે એકલુંજ નશીબવંતુ માસિક છે કે જેમાં હિન્દુ અને પારસી કલમકશો કશા પણ ભેદ વિના લખે છે. પારસી ગુજરાતી કે હિન્દુ ગુજરાતીનો વગર અર્થનો ભેદ નવરંગે કદી રાખ્યો નથી અને તે રાખવા ઇચ્છતુંયે નથી. ગુર્જર ભાષા તમામ ગુજરાતીઓની, હિન્દુ, પારસી, મુસ્લિમોની એક બને એ નવરંગની અંતરની ઇચ્છા છે, અને તેને એક બનાવવાનો પ્રયત્ન નવરંગ આજ વર્ષોથી કરી રહ્યું છે. એક ભુમી અને એક આકાશ વચ્ચે વસતા અને એક ભાષાનો ઉપયોગ કરતાઓ વચ્ચેનો આ ભેદ ખચીતજ શોચનીય છે, પણ—પણ આ તબકકે એ ભેદની મૂળ તકરારો કરવી અમો વાસ્તવિક વિચારતા નથી. નવરંગ એ ભેદને દૂર કરવા કોશીશ કરી રહ્યું છે, અને ઇશ્વર ઇચ્છા છે તો સમયના વીતવા સાથ સારી, સાદી અને સાચી સમજદારીથી એ ભેદ અવશ્ય નિર્મુલ થશે અને ગુણવંતી ગુજરાત જેમ હિન્દુ, પારસી અને મુસ્લિમોની એકજ છે. તેમ ગુજરાતી ભાષા પણ સર્વ કોમોની એકજ થશે.

'નવરંગ'ના આજના નોરોઝી અંકમાં જે જે વિદ્વાન કલમકશોએ ભાગ આપ્યો છે તે સર્વનો અંતઃકરણપુર્વક આભાર માનવાની અમો રજા લઇએ છીએ. અમો દીલગીર છીએ કે કેટલાક લેખક ભાઇઓ અને બહેનોના લખાણો જગ્યાની તંગાસને લીધે આ અંકમાં પ્રકટ કરી શકાયાં નથી.

'નવરંગ'ની ભેટની ચોપડી 'દેલજંગ દલેર' આ આગમચની અગાઉ સર્વ ગ્રાહક મહેરબાનોને મળી ચુકી હશે અને એ મોટો દળદાર પોથો તેમને સાનંદાશ્ચર્યમાજ નિમગ્ન કરી મેલનારો નિવડ્યો હશે નવરંગ પ્રત્યેનો તેમનો પ્રેમ એ પોથો અચુક રીતે સૂચવી રહ્યો છે અને દૈવ ઇચ્છા છે તો એવાંજ સુંદર દળદાર પુસ્તકો ભવિષ્યના વર્ષોમાં અમારા ગુણગ્રાહક ગ્રાહકોના મુબારક હસ્તોમાં મુકવાની અમારી અભિલાષા છે.

ગત સાલ દરમ્યાન અમને બહોળ બબરોથી સહાય થનારા તમામ સજ્જનોનો તેમજ નવરંગની શુરૂઆતથીજ નિસ્વાર્થી સેવા બજાવ્યા આવતા ભાઇ એદલજી હોરમસજી દેશાઇનો અમો ખરાં જીગરથી આભાર માન્યે છીએ.

છેવટમાં, નવું ઓગણીસ્તું સાલ તમામ પારસી આલમને, ભાઇબંધ કોમોને અને કુલ ખલકતને તમામ પ્રકારે સુખરૂપ અને આબાદ નીવડો એવી સાચાં અંતઃકરણથી ઈશ્વર સમક્ષ દુવા ગુજારયે છીએ. આમીન!

નિરાશ્રીત પાલન.

હરિગીત છંદ.

૧

હિત ચિંતકો ઓ હિંદના, શુભ વર્ષની શરૂઆતમાં,
કરજો પ્રતિજ્ઞા કંઈ નિરાશ્રીત પાળવાની પ્રભાતમાં;
કલ્યાણકારક એ સદા, કુળવાન જનનું કર્મ છે,
દીન દુર્બળોને પોષવા, ધનવાનનો એ ધર્મ છે.

૨

જેવો તપે રવી ગ્રીષ્મમાં, વરશા તણી તેવી વકી,
ધરનાર ત્યમ દીનની દયા, પ્રભુની દયા પામે નકી;
અમરીષ! ધ્રુવ! પ્રલ્હાદ, જે જે નામીજન જગમાં થયા,
તે સહુ નિરાશ્રીત સેવના કરી, સ્વર્ગને પામી ગયા.

૩

સૂતાં ભુમીને સાથરે, ઓઢી પછેડો આભનો,
પ્રભુના પરોણા સમજી કરવો, લક્ષ તેના લાભનો;
સહુ દાન ધર્મ દયા થકી, ઉત્તમ જગે ઉપકાર છે,
અંજીલ પુરાણ કુરાન, સઘળાં શાસ્ત્રનો એ સાર છે.

૪

પ્રભુને રીઝવવા હોય તો, પ્રભુના જીવોને પાળવા,
ખરી એજ પુણ્ય કમાઇ, તનના ત્રાસ સઘળા ટાળવા;
દીપુ એક અહીં, તરપ્યાથી, મળશે સ્વર્ગમાં ભરીને ઘડો,
કવિ ભાઇશંકરજી કથે એ, સ્વર્ગનો સંદેશડો.

કવિ ભાઇશંકરજી વિચારામ પંડીત.

'પારસીઓને મારી નાખો!'

પછી?

પારસી બેટેલ્યનો.

[લખનાર—શો૦ મ૦ દેશાઈ]

"I am very glad of it, and I should like to see all the Parsees killed, and I will tell the Governor not to help the Parsees, and I will remove all the police force'—T. H Souter.

આજે પારસી બેટેલ્યનો ઉભી થઇ છે તેમનો જન્મ આજથી અરધી સદી ઉપર થએલો કહી શકાય એ બેટેલ્યનોએ જન્મ આપનારા પિતાઓ ચાર કહી શકાય આજની બેટેલ્યનોને ચાર માતાઓની કુખે જન્મ ધારણ કર્યો કહી શકાય. ઇતિહાસ આપણને કહે છે કે, ઉપરા ઉપરી હુલ્લડો જાગ્યા, અને અરધી સદી ઉપર પારસી બેટેલ્યનનુ બુન્દ પડયુ હતું, તે પોપાઇ પોપાઇને પચાસ વર્ષે તેણે જન્મ લીધો

૧—મુબઇમા પ્રગટ થતા "ચીનાર ગનેઆન દરપણ" (ચિત્ર જ્ઞાન દર્પણ) નામના ન્યુસપેપરના તા૦ ૨૩ અક્ટોબર ૧૮૫૧ ના અકમા સાઇમન ઓકલીની રચેલી ચોપડી ઉપરથી પેગમ્બર હજરત મોહમ્મદની છમી છાપી, તેજ સાથે સાથે કેટલીક હકીકત છપાયાથી, તા૦ ૧૭ અકટોબર ૧૮૫૧ ના દિવસે મુસલમીન ભાઇઓએ પારસીઓ સામે હુલ્લડ ઉઠાવ્યુ ત્યારથીજ "પારસીઓની એક વોલન્ટિયર પલટણ" ઉભી કરવાના પડઘા નિકળવા લાગ્યા હતા, પરન્તુ કાઇ પણ ફળ નિપજ્યુ નો'તુ

૨-ભરૂચમાં બેજનજી શેહેરીયારજી ભરૂચા ઉર્ફે "ગાંડા પારસી" એ ત્યાંની એક મસજીદમા વ્યભિચાર (જનાકારી) કરવાથી મુસલમીન ભાઇઓએ પારસીઓ સામે હુલ્લડ જગાડયુ. તે વેળાના ત્યાના કલેકટર મી૦ ડેવીસ, અને પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ કેમટન બેલની નમળાઇને લીધે પારસીઓએ ઘણુ ખમ્યુ, ત્યારે પણ પારસીઓએ હવે કાઇ કરવુ જોઇએ, એવો પોકાર થઇ સગસગી ગયો

૩-મુ ગઇમા ઇ સ ૧૮૭૩ મા 'ગી૦ રૂસ્તમજી હોરમજજી જલભાઇ ઉર્ફે "શટ્ટી બેડ કાદુ'એ "પ્રસિદ્ધ પેગમ્બરો અને મોમો" એ નામનુ પુસ્તક પ્રગટ કર્યુ, જેમા વોશીંગ્ટન ઇરવીંગ, જોન લુઇસ ગર્કહાર્ડટ વીગેરેના પુસ્તકો ઉપરથી હજરત મોહમ્મદનુ

જીવન ચરિત્ર પ્રગટ કર્યું, અને અપમાનભર્યા શબ્દો લખ્યાથી તા. ૧૩ ફેબ્રુઆરી ૧૮૭૪ ના દીને મુસલમાન ભાઈઓએ પારસીઓ સામે હુલ્લડ જગાડયું. તે વેળાના પોલીસ કમીશનર ફ્રેંક સુતરે પારસીઓ માટે ઉચ્ચારેલા દિલ ઉશકેરનારા શબ્દો મથાળે મુકેલા છે. આ એક તરફી જબુન ઘા પારસીઓની છાતીમાં લાગ્યો, અને તે વેળાના ગવર્નર સર ફીલીપ વુડહાઉસે પારસીઓની વ્હારે ચઢી તેમને ઠપકો પણ આપ્યો હતો કે; "તેઓએ હુલ્લડોરો સામે પોતાના બચાવને માટે તઈયાર રહેવું જોઈતું હતું." એ હુલ્લડ પછી ચાર વરસ રહીને નવસારીમાં તા. ૯ માર્ચ ૧૮૭૮ ના દિને શેઠ નસરવાનજી ર. ટાટાએ દોખમું બંધાવી પરથાવ્યું, તે જોવાને મુંબઈના તે વેળાના ગવરનર સર રીચર્ડ ટેમ્પલ પધાર્યા હતા, અને લુનશી કુઈ ઉપરના બંગલા આગળ હજારો પારસીઓ સમક્ષ ભાશણ કરતાં ૪ વર્ષ ઉપર પારસીઓએ બાંધેલા મારને ઉદ્દેશીને પારસીઓની આગલી બહાદુરીઓ, ઈરાની વડવાઓની લડાયક શકિત, વિગેરેની યાદ આપી પારસીઓએ પોતાનું બલુ બલડ સતેજ કરવાની ઉશકેરણીનું ભાષણ કર્યું હતું. તે દિલ ઉશકેરનારૂં ભાષણ તા. ૧૭ માર્ચ ૧૮૭૮ ના રાસ્ત ગોફતારના અંકમાં તે વેળાના અધીપતી મી૦ કેખુશરો ન. કાબ્રાજીએ છાપીને વળી "પારસીઓની એક વોલંટીઅર પલટન" (A Proposed Parsee Volunteer Corps) એ મથાળાં હેઠળ નીચે મુજબ આર્ટીકલ લખ્યો હતો:—

"પારસીઓની એક વોલનટીઅર પલટણ ઉભી કરવાની ઘણી તરફથી માગણી અને ભલામણો થાય છે. શ્રી નવસારી બાતે આપણા ગવરમરે તેઓ બીબે કરેલું છેલ્લું ભાપણ, જે અમે આજે સદાણ પ્રગટ કરયું છે, તેમાં તે નામદારે પારસીઓને એવો તાણો માર્યો છે કે તેઓમાં આજે હથયાર બાંધીને ફરતો હોય એવો એક પણ પારસી નથી. આ તાણો તદન વાજબી છે. ઈરાન છોડીને આ દેશમાં આવ્યા તાંહાં સુધી પારસીઓ સીપાહીગીરી કરતા હતા. ગુજરાતના બાદશાહ મહેમુદ બેગડાનો સરદાર અલફખાન સંજાણના તે વખતના હીંદુ રાજા ઉપર ચઢાઈ લાવ્યો ત્યારે રાજા તરફથી હથીયાર બીડીને એકથી વધુ લડાઈઓમાં અલફખાનને હરાવનારા પારસીઓ હતા, જેમના સરદાર અરદેશરનું નામ બુદ્ધ મુસલમાન તવારીખ લખનારાઓ ભારે શાબાશીના સાથ આપી ગયા છે. વળી વીસાવની પારસણોએ એજ બાદશાહના એક લશકરને પ્રથમ મારી કાઢાડવા પછે તેઓમાંની એકના બાલ ખુલ્લા પડવાથી તે સઘલીઓને કતલ કરવામાં આવી હતી, તે વાત રવાયતોમાં મશહુર છે.* નવસારીના આગલા મોટા દેસાઈઓની નોકરી કરનારા પારસી સીપાહીઓ હમણા સુધી હથીયાર બાંધીને ફરતા હતા. પારસીઓનું આ સઘળું શુરાતન દાહાડે દાહાડે કોતાહ થતું જાય છે. તેઓમાં હથીઆર વાપરી જાણનારા મુંબઈમાં સેકડે એક જણ મળશે નહીં. ઘણાઓને તો હથીઆર કેમ

* વરિઆવનો આ બનાવ મહમુદ બેગડાના વખતમાં નહીં, પણ સેંકડો વર્ષે છેક ૧૪ મી. સદીની આખેરી પછી બનેવા પામ્યો હતો.— શો૦ મ૦ દે.

પકડવું તેનીમી બબર નથી, તેમનું બસલી ઈરાની લોહી સુકાતું ચાલ્યું છે. તેમનું બે લોહી આજે નીરબળા અને તદ્દન મુરદાલ થતું જાય છે."

ઉપર મુજબ પારસી બ્લુ-બ્લડના નરમ પડવા ઉપર વિવેચન કરીને તે પાછું સતેજ કરવા માટે મી૦ કાબ્રાજી ઉપાય સુચવતાં ટીકા કરે છે કે:-

"પણ બે મુરદાલ લોહીને પાછું સજીવન અને તાજું કરવાનું પારસીઓના પોતાના હાથમાં છે. આગલા ઈરાનીઓની તેમના દુશમનો વઠેકે કબુલ રાખેલી બહાદુરીની આપણા ગવરનરને મોઢોડેથી તારીફ સાંભળયા પછે આજના વખતના પારસીઓ સીપાહુગીરીમાં પછાત પડે બે તેમને છાજતું નથી. સીપાહુગીરીનો ધંધો કાંઇ હલકો નથી. પણ તેઓની-વસ્તી પ્રમાણે ઘણા પારસીઓ બે ધંધો કરી શકે બેમ નથી. તેઓ તેવા ધંધામાં પડે તેની આગમચ તેઓમાં વાલનટીયર પલટણો ઉભી થવી ઘટે છે."

આ પ્રમાણે સર ફીલીપ વુડહાઉસની ઈ૦ સ૦ ૧૮૭૪ માં મુકાયલી દરખાસ્તને ઈ૦ સ૦ ૧૮૭૮ મા મી૦ કાબ્રાજીએ ઉચકી લઇ નીચલા શબ્દોમાં ઉશકેરણી ચલાવવાનું શરૂ કીધુ હતું.—

"દુનીઆમાં પોતાના બહાદુર બાપદાદાની મીશાલે તેઓ મોટી કતેહ મેળવવા જાય બે તો કોઇ લાંબી વાત છે. પણ પોતાના, પોતાના કુટુંબ પરીવારના, પોતાના વતનના અને પોતાના ધરમના બચાવ સારૂ તેઓ હથીઆર વાપરી જાણે બે તો તેમની હઇયાતીને માટે જરૂરનું છે. વાલટીઅર થવાના ઘણા સાંધનો હાલ સારાં ભાયગે પારસીઓને મલયાં છે. ગવરનર સાહેબ પોતે ચોબાજુથી પોકારો ઉઠયો છે તેમ પારસીઓ તરફ રેહેમ નજરથી જુએ છે, તેઓમાં કોઇ ચુનદા સીપાહો નથી તે માટે પોતાની દલગીરી જણાવે છે, તેઓને સીપાહુ થવાની ભલામણ કરે છે, અને ભવીશમાં સીપાહુગીરી તેમને ઉપયોગી થઇ પડશે બેવો તે નામદાર બરમમાં ઈશારો વટીક કરે છે."

આજે પારસી બેટેલ્યનો ઉભી થઈ છે, તે કાંઇ અનાયાસે ઉભી થઇ નથી; પરન્તુ વારંવાર આવા ઠોકા પડતાજ રહયાથી, ગઈ સદીનો ઠપકો ચાલુ સદીને લાગ્યો છે. રાસ્ત ગોફતારના તા૦ ૧૭ માર્ચ ૧૮૭૮ ના બંક ઉપરથી બીજું પણ હાલ નવુ જાણવાનુ મળે છે કે; ૧૮૭૪ ના હુલ્લડ પછી, બેકલા યુરોપીયનોને માટે વાલંટીયર પલટણ ઉભી કરવા થકી ટાઉન હોલમા મળેલી સભામાં કેટલાક દેશીઓ તરફથી લેવાયલા વાંધાઓના જવાબમાં સર રીચર્ડ ટેમ્પલે કબુલાત આપી હતી કે; "જો દેશીઓની બી બેક વાલંટીંગ પલટણ ઉભી થાય તો તેઓ મદદ આપશે. દેશીઓની સામટી યા જુદી જુદી પલટણો ઉભી થયલી જોવાને અમે પહેલા ખુશી થઇશું, પણ તેટલા માટે હિંદુ યા મુસલમાનોની પલટણો ઉભી થાય ત્યાં સુધી પારસીઓએ બી શેાભવાની કશી જરૂર નથી. તેઓની પલટણ ઉભી કરવાનો આજ વખત છે, માટે પારસી ભાઈઓને અમારી મજબુત ભલામણ છે કે, તેઓએ પોતાના બેરબાહુ હાકેમનો

બોધ ધ્યાનમાં લઈને તેનો બોલ ઉઠાવી લેવા માટે જલદીથી એક પારસી વાલનટીયર પલટણ ઉભી કરવી."

આપણા પારસીઓ એટલા બધા ઉજમારા થયા, કે ૪૪ વર્ષ વેર ઠંડા ગાર થઈને બેસી રહ્યા. કુંભકરણ તો છ મહિને પણ ઉંઘમાંથી જાગ્રત થતો હતો, પરન્તુ પારસી ભાઈઓની ચુમો-તેરમાં પણ આંખ ઉઘડી નહીં. છેવટે

૪—તા. ૧૭ નવેંબર ૧૯૨૧ ના દિવશે નામદાર પ્રીન્સ ઓફ વેલ્સનો સત્કાર કરવામાં પારસીઓએ આગેવાનીભર્યો ભાગ લીધાથી કેટલાક અસહકારી ભાઈઓને પારસીઓ સામે ક્રોધ ચઢવાથી વિના પ્રયોજને કેટલાક મવાળીઓએ બખેડો જગાડયો, અને ત્યારેજ સ્વરક્ષણ સારૂ પારસી બેટેલિયન ઉભી કરવાની આંખ ઉઘડી. પારસીઓ સિપાહગીરી કરવાને લાયક અસલથીજ ઠરી ચુકેલા હતા, પરન્તુ એ કોમનું લક્ષ બીજીજ દિશાએ કંઈક સદીઓથી ખેચાયલું રહ્યુ હોવાથી, પોતાના અસલી ધરની વડવાઓનો એ હુન્નર વિસરી ગયા હતા. શરજોરનામા, ફરામર્ઝનામા શાહનામા વિગેરે શુરાતન ઉશકેરનારાં સૈનિક પુસ્તકો વાંચવા વંચાવવાને બદલે, વિર્ય બલિત-બાયલા હીચકારા બનવાનાં પ્યારના બાયલાં પુસ્તકો વાંચવાથી બ્લુ-બ્લડ ગુમ થઈને બ્લેક-બ્લડનો જમાન થતો ગયો હતો. આઉધના પ્રખ્યાત લુટારાઓને ઠેકાણે લાવનાર કેવલરી રિસાલદાર નસરવાનજી બોદીને મીલીટરી પોલીસવાળા લેફ્ટેનન્ટ દબલ્યુ. એલ. ક્રમન્ટે જે લાંબું પ્રમાણ પત્ર લખી આપ્યુ હતું, તેણે ૪૦ સ૦ ૧૮૫૯ માં જાહેર કર્યુ હતું કે –

"He is a striking exception to the character generally borne by his class regarding their qualification for soldiering"

આપણ પારસીઓનું બ્લુ-બ્લડ સતેજ કરનારા કર્નલ લેવીને ધન્યવાદ ઘટે છે કે, તે બહાદુર સિપાહ બચ્ચાએ પારસીઓની નાડ પરખી લીધી, લોહી તપાસીને. એ ડાકટરે બ્લુ-બ્લડનો કટરો હજીએ પારસી રગોમાં રહેલો જાહેર કીધો, અને પારસીઓને કુભકરણની ઉંઘમાંથી જગાડયા. જયારે નવસારીમાં પારસી બેટેલ્યન ઉભી કરવાને એ નામનો ઉઠાવનાર જેહાં પહેલવાન આવ્યો, ત્યારે કેટલાક ભલા મીત્રોએ સેવકની ઓળખાણ કરાવતા, તેના હાથમાં હાથ પડતાંજ મ્હારા મનમાંથી એવાજ વીચારોનો પ્રવાહ નિકળ્યો હતો કે, પારસીઓનો આ ચોથો અરદેશર બહાદુર આજે મ્હને શેકહેન્ડ કરે છે. અરદેશર બાણકાને ઈરાનીઓનુ શુધ્ધ થએલું બ્લુ-બ્લડ ૧૨૦૦ વર્ષે ઉશકેર્યું હતું. પછી સંજાણવાળી અલફખાનની લડાઇ વેળાએ પારસી સરદાર અરદેશરે ઈરાની બહાદુરીનું નામ રાખ્યું હતું. અને ગઇ સદીમાં સુરતવાળા કોટવાલ અરદેશર બહાદુરે ૩ સદીએ વરીઆવના જગતું વેર લઈ નામ કાઢયું હતું. અને છેલ્લો અરદેશર બહાદુર તે આપણો બેરબાહ કર્નલ લેવી, પારસીઓની હવે પછી થનારી બહાદુર પ્રજામા પણ પોતાનું નામ યાદગાર રાખશે, એવાં ભલાં કામો તેણે આરંભ્યા છે. કર્નલ લેવીની નવસારીની પધરામણી વેળાએ નવસારીના

મુબા સાહેબ મી૦ સત્યવ્રત મુકરજીએ બારસો વર્ષે ભુલ ભાજી છે, કે મંત્રાગુના જયદેવ રાણાએ ઈરાનથી નાશી આવેલા પારસીઓ પાસેથી હથીયાર છોડાવવાનો કોલ લેવામા મોટી ભુલજ કરેલી કહી શકાશે મરહુમ કેખુશરો કામાજીએ કરેલી આગાહી ૪૪ વર્ષે ખરી પડી છે. જેથી તે મરહુમનુ રૂહ પણ ખુશનુદ થયું હશે મરહુમ કેની દલપતરામ પારસીઓના બેરબાહ અને સાહસ ઉશકેરનારાજ હતા, અને તેમના ચિરજીની કવી મોહનલાલે નવરંગમાં ગરબી ગાઇ છે કે -

"પારશિ વીરો, વૃદ્ધ કવિ સુતની આ સુણજો વિનતી,
છો શુરવીરો, કોમો બીજી તમ જેવી કોયે નથી.

મુળ રાજવંશીઓ છો રૂડા, પરમારથ કામે રહો જુડયા,
મધના તો કેવળ મધપુડા, પારશિ વીરો"

અર્થાત, પારસી ગેટેલિયન પારસીઓનુંજ રક્ષણ કરવા સ્થપાયેલી હોય એવો ખ્યાલ ન કરતાં પોતાની કોમ ઉપરાંત ભાઈબંધ હિંદુઓ અને મુસલમાન ભાઈઓનું રક્ષણ પણ કરવાનો સમય આવે ત્યારે કરવોજ, એવો ઉચ્ચ આદેશ રાખીને, લડવાને માટે ગેટેલિયનની સ્થાપના થયાનો ખ્યાલ હુર રાખીને, આખા દેશના રક્ષણ વગરના ભાઈબંધોનુ અડીબિડીએ રક્ષણ કરવાનોજ હેતુ રાખવો. તોબા! તોબા! આપણા પારસી ભાઈઓ આયંદે પોતાનું બળ અને શુગતન દરેક કોમના સંરક્ષણમાં નહીં વાપરે, એવું બીજી કોમે મનમાંથી કાઢીજ નાખવુ. તોબા! તોબા! આયંદે આપણી તમામ ભાઇબંધ કોમો દિલમાં કહેર, વેર, અને ઝેર શા સારૂ રાખે? ભવિષ્યમા આપણે બધા એક થઇ જઇએ, બ્રિટિશ તાજે તખ્તને સર્વદા રાજનિષ્ટ રહિયે, અને હવે આપણા વચ્ચે પાચમું પચક પ્રલુ નહીં દેખાડે, એવી આજે આપણ સર્વ ભેગા મળીને પ્રાર્થના કરેં- આમીન થાવ!

બહાર પડી ચુકી છે

મી૦ દાગં કાપડીયાની એક ફાંકડી નવી નોવેલ -

એક લોહીના!

કીંમત રૂા. દોઢ પોસ્ટેજ જુદું.

લખો —મી૦ દાગં કાપડયા,

C/o "નવરંગ" પ્રીન્ટીંગ પ્રેસ, બજાર ગેટ, ફોર્ટ, મુબઇ નં૦ ૧.

રક્ત શુદ્ધ માટે.

બાદશાહી આયોડાઇઝડ.

સારસા પરેલા.

આ સારસા પરેલાનું સેવન કરવાથી લોહીના વિકાર જેવા કે ચીત્ર પ્રમેહ, ગરમીથી શરીર ઉપર ફુટી નીકળવું, સંધીવા, ખસ ખરજવું, દરાજ, હાડકાંમાં કળતરો, દુખાવો વિગેરે જલ્દી મટાડી લોહી સ્વચ્છ કરી શકિત વધારે છે, ખોરાક પચાવે છે, પારાનું સીસાનું ઝેર, કંઠમાળ, હાડ ગંભીર, જુની ખાંસી, શરીરની ફીકાશ, ધાતુની નબળાઇ વિગેરે ઉપર ઘણો સારો ફાયદો કરે છે. તમોએ બીજા ઘણી જાતના સારસા પરેલા જોયાં હશે અને વાપર્યાં હશે પણ એક વખત આનું સેવન કરી જુઓ ને ખાત્રી કરો કે બાદશાહી સારસા પરેલા કેવી શરીરને બાદશાહી આપે છે. મળવાનું ઠેકાણું નીચે જણાવ્યું છે.

મહાજનનું વનસ્પતીમાંથી તયાર કરેલું

બાદશાહી પેનકયુરર.

રજીસ્ટર્ડ નંબર ૬૬૫.

(બાદશાહી પેનકયુરર શબ્દ અમારા વેપારીનો માર્કો સરકારમાં રજીસ્ટર કરાવ્યો છે.)

આ દવા પીવાથી અને બહાર લગાડવાથી સર્વે રોગ મટી જાય છે. જેવાં કે સાધારણ ઝેરી જંતુઓ તથા વીંછીના ડંખ, છાતીમાંનો દુખાવો, કંઠ વિકાર, કફ, દમ, સળેખમ, સરદી, ગળાની નળી ઉપર આવતો સોજો, બધી જાતના પેટના દુખાવા મટે. અગ્નિનો ડામ અને ચાંદા મટે, પ્રમેહ, આંટણ, ટેસ, ચામડી છોલાઇ હોય તે મટે, બકમગવાલી ખાંસી, ચાકુ છરીના ઘાવ, અડફેટ, સંગ્રહણી, કોલેરા, મરડો, અતિસાર, શરીરનો કોઇપણ ભાગ મરડાઇ જાય, હાડકું ઉતરી જાય તે મટે. સાધારણ ગળાનો દુખાવો, કાકડાનું આવી જવું. માથાનો દુખાવો, આધા શીશી, છાતીમાં દાહ બળતી, તાવ, તાંદીઓ તાવ, અજીર્ણ, વાયી અટકી જતું, ગળુ તથા પેટ એમાં પડતો સળો, બદહજમી, હાંફણ, ગુરદાના રોગ, હરસ, દરીયામાં પ્રવાસ કીધાથી લાગુ પડતો ઉલટીનો મરજ, કરમ, દાઝવું, બળવું, ટાઢથી શરીરનું ફાટવું, વાળનોડ, ફોલ્લા ગજકરણ, નબજરૂ, ગોવર, જુની ગાંઠો, દંતશુળ, માથું દુખવું, માથા તથા મોઢડાંના તંતુઓનો દુખાવો, સંધીવા, પ્રદર નહાર, માકડ, નપુશકતા, પીરહાઃ બરોળ વગેરે તમામ રોગ મટે છે.

સી. સી. મહાજન એન્ડ કંપની.

માલીક એ. સી. ગાંધી,

શેખ મેમણ સ્ટ્રીટ—મુંબઇ નં૦ ૨.

શાહ જમશેદ:

તે એક હતો કે અનેક ?

(લખનાર -પા૦ ખ૦ દેશાઈ.)

કદીમ ઈરાનની તવારીખમાં જે કોઈ પણ નામીચા શાહનુ નામ વહાલ અને માન સાથ આજ સુધી યાદ રહી ગયુ હોય તો તે મહાન શાહ જમશેદ છે. "જમશેદી નવરોજ"ને નામે ઓળખાતા રાત અને દિવસ એકસરખી લંબાઈના થવાના કુદરતી બનાવના મુબારક જશને પ્રણ આ નામચીન શાહનું નામ આજ સુધી આપણ વચ્ચે માનીતુ અને પ્યારૂં રાખ્યું છે. આ નવરોજની સ્થાપના જમશેદ શાહે કીધી હતી કે નહિ તે મુકરર કરવાનું કામ મુશ્કેલ છે, કારણ કે વદીદાદ પ્રમાણે જો આ પાદશાહ "ઈરાનવેજ" મુલ્કનો શાહ હોય તો તે કદીમ મુલ્ક ઉત્તર ધ્રુવ તરફની કોઈ એવી ભૂમિમાં આવેલો હોવો જોઈયે કે જ્યાં રાત અને દિવસ એકસરખી લંબાઈનાં કવચિત હોઇ શકે નહિ ગમે તેમ હોય, પણ ફરેદુન કે કયખુસરો, ગુશ્તાસ્પ કે નોશીરવાન, યા એવાજ બીજા અનેક નામચીન ઇરાની કે પારસી પાદશાહોમાં સર્વેથી માન પામેલો, સર્વેથી ચહવાયલો, સર્વેથી બુલંદીએ પોંહચેલો શાહ જોશો તો તે વદીદાદને આધારે શાહ જમશેદ એકલોજ જણાશે. જમશેદ શાહને લગતી સહી અને વિગતવાર તવારીખ આપણી કને નથી-કુરૂશ અને દારયવુશ, કે અર્દશીર બાબેકાન અને નોશીરવાન અને બુમરો પર્વીઝ જેવા યાદગાર શાહો જેવાં મહાભારત કામો જમશેદે બજાવ્યા હતા એવું કશું બયાન આપનારી એક પણ તવારીખ, એક પણ શહાદત આપણી કને નથી, તો પણ તેવી વાસ્તવિક તવારીખની ગેરહાજરી છતાં આપણ આજ સુધી જમશેદ પાદશાહને મગરૂરી સાથ, માન સાથ, મોહબત સાથ યાદ કરવાને લલચાઈયે છિયે. તેનું કારણ શુ ?

કારણ એકે, વદીદાદ જેવા પુરાતન અવસ્તાઇ બાબતમાં જણાવ્યા પ્રમાણે જમશેદ અશો હોરમજ્દનો પસંદ કીધેલો પાદશાહ હતો બાઇબલ મુજબ યહુદીઓના બુઢા બીડોવાહે પોતાની પસંદ કીધેથી આ કોમને બેબીલોન્યન જેવી બુલ્મી કોમની ગુલામગીરીમાંથી છોડવવા માટે પારસી પાદશાહ બોરેશ (કુરૂશ) ને આસ પસંદ કીધો હતો, અથવા બેબીલોન્યન સ્થળો ઉપરના લેખો મુજબ તે પ્રજાના બુઢા મર્દુકે પોતાનાં લોકોને નબુનાહીદ જેવા નાસ્તિક અને અધર્મી બાબુલી રાજાના

ણંદમાંથી છોડવવા માટે કુરશ (કુરૂશ) જેવા ઉપલાજ પારસી શાહને પસંદ કીધો હતો, તેમ દાદાર હોરમજદે કોઇ જુલમી રાજાનો દોર તોડવ માટે નહી પોતાની હોરમજદી દીનનો દુનીયામાં ફેલાવો કરવા માટે જમશેદને પોતાના પેગમ્બર તરીકે પસંદ કીધો હતો. પણ પેગમ્બરીનું મુશકેલ કામ જમશેદ જેવા શજદવારી મહા પુરૂષને ગરનું નહી હોવાથી તેણે તે સ્વીકારવાની ના પાડી ને ઇરાન વેજનો અમલ ચલાવવાનુંજ કામ બજાવ્યું.

આ ઇરાનવેજ-તે કયો મુલક ? આજનું ઇરાન દેશ કે જે ઇરાની અજાતને માથે આવેલું તે તો નહીજ હોય; તેમજ વંદીદાદમાં પુરાણા આર્યોની વસ્તીવાળા શેહેરો મધ્ય એશીયાવાળા જે ફળદ્રુપ ઉંચા પ્રદેશમાં આવેલાં છે તે પણ નહિજ હોય. આજનાં ઇરાનમાં તો ઋતુનો કાંઇ ભરૂસો નથી. મધ્યમ એશીયાવાળા પ્રદેશમાં તો સાત મહીનાનો શીયાળો અને પાંચ મહીનાની ગરમી હોય છે; પણ વંદીદાદવાળાં ઇરાનવેજમાં દશ મહીનાની ઠંડી અને બે મહીનાની ગરમી હોવાથી તેજ જમશેદ શાહનું ઇરાનવેજ સંભવે છે. પણ જમશેદનું આ ઇરાનવેજ તેના નવસો શીયાળા (વરસો) જેટલા લાંબા અમલના છેવટના ભાગ વેળાનું હશે; કારણકે જમશેદનું પ્રથમ ઇરાનવેજ તો બાગે બહેસ્ત જેવું સુખદાયક અને સદા વસંત જેવું હતું.

જમશેદના વખ્તમાં એક દાહડો આપણાં આજનાં એક આખાં વરસ જેટલો લાંબો હતો, આવો બનાવ પૃથ્વીના એકજ ભાગમાં અનુભવી શકાય છે અને તે ઉત્તર ધ્રુવનો મુલક છે. ત્યાં આખું વરસ છ મહીનાની રાત અને છ મહીનાના દીવસ વચ્ચે વેંહચાયલું હતું. ત્યાંની આબો હવા બધા દાહડા લગભગ એક સરખી અને તરોતાજગી વાળી હતી. પણ એ સઘળી ખુબી પાછળથી બદલાતી ચાલી. પાછળથી ઠંડી અને ગરમી એક સરખી નહી રહેતાં ઠંડીનું જોર વધવા માંડયું, તે અહીં સુધી કે ૧૦ મહીના સુધી તે ચાલુ રહયું. આ પછી ઇરાનવેજનો અસલ મુલક બદલાયો. ઉત્તર ધ્રુવ તરફ બર્ફનો જમાવ વધી પડયો અને ત્યાં ઇનસાનથી વસી શકાયું નહી. પછી તો ત્યાં ચો બાજુએ બર્ફની રેલ ફરી વળી અને ઘરબાર ખેતર, બાગબાન સર્વે બર્ફમાં દટાઇ ગયાં હોય તેમ ઢંકાઈ ગયાં. બબાદા ઇનસાનોના જાન પણ મોટી સંખ્યામાં ગયા હોય।

આ રેલ બાબે જમશેદને હોરમજદ તરફથી બબર મળવાની નોંધ વંદીદાદમાં છે, અને તે ઉપરથી બગરી સાથ કહી શકાશે કે પૃથ્વી પાણીમાં ડુબી જવાના યાને જગરેલ અથવા મહા પ્રલયના જે ઇશારા બાઇબલમાં, બાલ્દીઅન લોકોની દંતકથામાં અને હીંદુઓનાં પુરાણાં લખાણોમાં છે, તે સર્વેમાં વંદીદાદની આ નોંધ જુની છે, અને તે વળી બીજી બધી કરતાં વાસ્તવીક એમ છે કે જ્યારે બીજી સઘળી પ્રજાઓનાં લખાણમાં પાણીની રેલ ફરી વળવાનું બયાન છે ત્યારે આપણાં બાબતરમાં તે બર્ફ ફરી વળવાને લગતુ છે. એ બીના સાબેત કરે છે કે જમશેદ શાહનું ઇરાનવેજ છેક ઉત્તર ધ્રુવ બાબી હતું, અને બર્ફના આસ્તે આસ્તે ફરી વળવાને લીધેજ તે શાહને ઉત્તર તરફથી બીજે કેંથે નહી પણ દક્ષિણ

તરફ ઉતરવું પડયું હતું. દક્ષિણ તરફ જમશેદને આમ બે ત્રણ મરતબે ઉતરવું પડયું હતું, તે બિના બતાવે છે કે તે શાહ કેાઈ દક્ષિણ બાજુના મુલ્કેાનેા નહિ પણ ઉત્તર ભણીના એવા મુલ્કેાનેા શાહ હતેા, કે જ્યાંની ઉત્તમમાં ઉત્તમ આબેાહવા આસ્તે આસ્તે બર્ફના ઉતરી આવવાથી એવી ઠંડી અને કાતેલ બની ગઇ કે ઇન્સાન કે હેવાન કે ઝાડપાનથી ત્યાં તકી શકાયું નહિં.

હવે આ વિષય લખવાની મારી મતલબ જમશેદ શાહનાં ઇરાનવેજનું બયાન કરવાની નથી. તે બયાન તેા અનેક ઠેકાણે હું આપી ચુકેલેા છું. પણ આજે આ વિષયમાં એક અગત્યનેા સવાલ ચર્ચવાનેા મારેા હેતુ છે, અને તે એ કે જે જમશેદ શાહને નવસેા વરસ સુધી અમલ ચલાવનાર વંદીદાદ જણાવે છે તે એકજ મહાપુરૂષ હતેા કે એ નામના અનેક જમશેદેા હતા ? જો તે એકલેા એકજ શાહ હેાય તેા વંદીદાદમાં નવસેા વરસ સુધી તેને અમલ ચલાવતેા જણાવ્યેા છે તે શું બનવાજોગ છે ? હા-દલીલ કરવામાં આવશે કે અગલી હાઇપરબેાર્યન લેાકેા કે જેઓ પણ ઉત્તર ભણી વસીને મુળવારી જીંદગી ગુજારી ગયલા દંતકથામાં જણાય છે તેઓને માટે એમ પણ નેાંધાયું છે કે તેઓ ૧૦૦૦ વરસની જીંદગી ભેાગવતા હતા! અને બાવા આદમ તથા નુહ પેગમ્બરને માટે તથા વેદિકઋષિઓને માટે પણ લાંબી ઉમરની એવીજ નેાંધેા થયલી છે. પણ ત્યારે સવાલ ઉઠે છે કે જમશેદ શાહની બાબતજ તેના ભાઇ તેહમુરસે, તથા પેશદાદ હેાશંગે માત્ર ૩૦ થી ૪૦ વરસ રાજ્ય ભેાગવ્યું હતું તેનું કારણ શું ? શું તેઓ દુકી ઉમરના હતા ? એજ રીતે જમશેદ પછી પરદેશી શાહ જોહાકે ઇરાનમાં એક હજાર વરસ અને તેને મારીને ઇરાની શાહ ફરેદુને ૫૦૦ વરસ રાજ્ય ભેાગવ્યું હતું. તેા તેમની પછીના શાહેાનેા અમલ અથવા તેમની ઉમર ટુકાં કેમ થઇ ગયાં ?

આપણી મતલબ જમશેદ કે જોહાક કે ફરેદુનને કલ્પિત પુરૂષેા જેવા લેખવાની નથી. કલ્પિત કથા કાહણીઓમાં અશકય બનાવેા અને વાતેા ચાલી શકે, પણ આ શાહેાને જો તમારે તવારીખી પુરૂષેા કબુલ રાખવા હેાય તેા બનવા જોગ વાતેા સાથેજ તાલુકેા રાખતા તેમને બતાવવા જોઇયે. કદીમ લેાકેામા અને તેમને માટે લખી જનાશઓમાં અલંકારીક ભાષા વાપરવાની રૂઢી હતી જેમ હેારમજદની આકાશી અંજુમન ઇરાનવેજમાં જમશેદની ઇરાની અંજુમનને મળવા આવવાની વાત અલંકારીક છે, તેમ જમશેદે નવસેા વરસ અમલ ભેાગવવાની વાતમાં અલંકાર કે અતીશયેાકતી નથી. પણ શાદી અકલથી વીચાર કરતાં જણાશે કે એકજ શાહ એક હજાર વરસ રાજ્ય ભેાગવે નહી, પણ તેજ શાહનું નામ ધરાવનારા અનેક શાહેા અથવા તેજ શાહનાં બાનદાનનું નામ ધરાવનારા અનેક શાહેાના અમલનેા સરવાળેા મેાટેા બની શકે. અશકાની વંશના ઇરાનના શાહેાએ ૫૦૦ વરસ રાજ્ય ભેાગવ્યું હતું, તે વાતને તવારીખનેા ટેકેા છે; પણ શાયર ફિર્દુસી એ વાતની બેખબરીથી આ વંશના શાહેાનેા એકંદર અમલ બસેાથી હડીસેા વરસનેાજ જણાવી ગયેા છે. આ અશકાની શાહેાનેા વંશ અશક નામના પુરૂષ ઉપરથી ચાલુ થયેા હતેા, પણ જો એ

વંશના સંખ્યાબંધ શાહોનાં નામો આપણને મળેલાં છે તે નહી મળ્યાં હોત, પણ તેમના વંશના અમલનો સરવાળોજ જણાયલો હોત તો કોઇ લખનાર સહેલથી એમ જણાવી શકે કે અશક નામના રાજાએ ૫૦૦ વરસ રાજય ભોગવ્યું હતું.

જમશેદ, જોહાક અને ફરેદુનના સંબંધમાં પણ એમજ સમજવાનું છે. જમશેદને માટે અવસ્તાનાં પાછળાં ભણતરોમાં જણાવ્યું છે કે તે એવું જુઠું બોલ્યો કે "હું ખુદા છું;" તે તેની તકસીરને થકી તેનું રાજય તેના હાથમાંથી જતું રહયું. રાજય જતું રહયું હશે અને તે પરદેશી ચઢાઇ લાવનાર બેબીલોન્યન જોહાકના હાથમાં ગયું હશે તે આપણ બેધડક કબુલ રાખીશું, પણ પોતાનાજ ભાઇને હાથે પકડાઇને જોહાકના હાથ ઉપર માર્યો જનાર જમશેદ તેજ વંદીદાદવાળો નામીચો શાહ જમશેદ હતો એમ કબુલ રાખતાં આપણને મોટી આંચકી લાગશે. મને લાગે છે કે કોઇ જુદોજ જમશેદ નામનો શાહ હશે, કદીમ જમશેદના જમશેદી વંશનો તે છેલ્લો શાહ હશે, અને તેજ જમશેદે ખુદાઇ દાવો કરીને શત્રુના હાથ ઉપર જાન તથા મુલક ખોયાં હશે.

આગળા જમાનાઓમાં એકજ નામે અમલ ચલાવનારા રાજાઓના દાખલા ઘણાં છે. બેબીલન દેશની તવારીખમાં નોંધાયું હતું કે આઠ મીદ પાદશાહોએ તે દેશમાં ૨૨૪ વરસ સુધી અમલ ભોગવ્યો હતો, અને તેઓ "જરતોસ્ત" જેવાં એકજ નામે ઓળખાયા હતા. જો આ દાખલો મોતેબર હોય તો તેથી મારી તકસારને ટેકો મળે છે કે જમશેદ નામના એક નહિં પણ અનેક શાહો થઇ ગયા હતા, અને તેઓ બધેના છેલ્લાનાં કામોને લીધે તેને પોતાનો જાન ખોવો પડયો હતો.

જમશેદને મારનાર જોહાકે ઇરાનમાં એક હજાર વરસ રાજ કીધેલું પાછલા લખનારાઓ જણાવે છે. પણ બુનદેહશ નામની અનેક વાતોમાં ભરૂસેદાર પેહલવી કેતાબમાં જણાવ્યા પ્રમાણે જમશેદ અને ફરેદુન વચ્ચે નવ પેઢી જેટલો અતર હતો, માટે આશરે ૩૦૦ વરસ સુધી જોહાકી વંશનો અમલ ઇરાનમાં ચાલ્યો હોય. જોહાક બેબીલોન્યન રાજા હતો, જેનું બેબીલોન્યન નામ શું હશે તે હું કહી કે કલ્પી શકતો નથી. પણ જુનામાં જુના બેબીલોન્યન રાજાઓનાં નામો મળી આવ્યાં છે તેમજ તેમના અમલનાં વરસો જણાયાં છે તે જોતાં એક પણ બેબીલોન્યન રાજા એવો જણાતો નથી કે જેણે ૧૦૦૦ વરસ જેટલો લાંબો અમલ પરદેશમાં તો શું પણ પોતાનાં વતનમાં પણ ભોગવ્યો હોય.

આપણ જો ત્રીશ વરસ દરેક પેઢીનાં ગણિયે તો ફરેદુનથી જમશેદ સુધી ગણતાં આશરે ૩૦૦ વરસ થાય. જો જમશેદ પછી પરદેશી રાજા જોહાકનો વંશ ઇરાનમાં ચાલ્યો હોય તો તેના અમલની મુદત એટલીજ હોઇ શકે. એજ રીતે જોહાકની આગમચ જમશેદ અથવા જમશેદી વંશનો અમલ ૯૦૦ વરસનો લઇયે તો તેટલા અરસામાં આસરે ૩૦ શાહોએ અમલ ચલાવેલો ગણી શકાય. આ ઉપરથી સમજ પડશે કે જો જમશેદ "જુઠું બોલ્યો" હતો માટે તેનું "ખોરેહ" (રાજય) ઉડી ગયું હતું, તો તે વંદીદાદવાળા નામીચા જમશેદ પછી ઘણે ઘણે વરસે સઉથી છેલ્લા "જમશેદ" અથવા જમશેદી વંશના છેલ્લા શાહના વખતમાંજ બનવું જોઇયે.

જોહાક અજિ યાને ણાણુલનો શાહ હતો માટે જમશેદી રાજ્ય ગયું તે વેળા જમશેદી વંશના શાહો ઉત્તરેથી દક્ષિણ ઉતરતા ઉતરતા છેક મધ્ય એશિયાવાળા પામીરના પાહડ અને કેસ્પીઅન સમુદ્ર વચ્ચેના પ્રદેશમાં આવી વસેલા હોવા જોઇયે. આમ અનુમાન કરવાનું એક મુખ્ય કારણ આ છે કે જોહાકને મારનાર ફરેદુનનું મુખ્ય મથક ધીલાનમાં હતું, અને ધીલાન ણાણુલ તથા કેસ્પીઅન સમુદ્રવાળા પ્રદેશની વચ્ચે આવેલું હતું. જોહાકને કે ફરેદુનને આપણ કદીમ ઈરાન જેવામાં અમલ ચલાવતા જોતા નથી, તેનું કારણ એજ કે તે કદીમ મુલક, અર્ફની રેલના ધસારાને લીધે છોડી દેવો પડયો હતો.

અગર જો વંદીદાદવાળાજ શાહ જમશેદે ખુદાઈ દાવો કીધો હોય અને તેનેજ અજિના જોહાકે માર્યો હોય તો દાદાર હોરમઝદ, કે જે સર્વજ્ઞ છે તેણે એજ શાહને પોતાની દીનનો ફેલાવો કરવા માટે પસંદ કરવામાં ભુલ ખાધેલી ગણાય! પણ તેમ તો કાંઇ બનેજ નહિં. દાદાર હોરમઝદે પાછળથી જેમ જરથોશ્તને પોતાના પેગમ્બર દાણલ પસંદ કીધો અને તેમ કરવામાં તે સાહેબે ભુલ ખાધી ન હતી, તેમ જમશેદને પસંદ કરવામાં તે ભુલ ખાય એમ હતુંજ નહી. તેની પસંદગીનો જમશેદ જુદોજ હતો, કે જેના અમલ દરમીયાન ઈરાનવેજમાં રહયતો સુખી હતી; જોહાકના હાથ ઉપર માર ખાનાર જમશેદ જુદોજ હતો કે જેણે પોતાનાં રાજયની આબાદી જોઇને અહંકાર કીધો હતો, અને સર્વે નીયામતો અને સુખોનો સરજનાર પોતાને જાહેર કરવાનો પાપી ખ્યાલ જાહેર કીધો હતો. આ બે "જમશેદો"ની વચ્ચે એજ નામના બીજા અનેક "જમશેદો" થઇ ગયા હશે, જેઓમાંના કોઈના વખતમાં અર્ફની રેલની આબાદી બની હશે (યાને તે માટેની પેહલી ચીતા ઉત્પન્ન થઇ હશે), કોઇના વખતમાં ઉચી જગા ઉપર "વર" યાને સંસ્થાનો વસાવવામાં આવ્યાં હશે, બીજા કોઇના સમયમાં વધારે દક્ષિણે ઉતરવું પડયું હશે, અને છેલ્લે સુખી શાહાનશાહતની ખરાબી થઇ હશે.

જમશેદ નામના એકજ શાહે નવસો વરસ સુધી ઈરાનવેજમાં રાજ્ય ભોગવવાની કલ્પના અથવા માન્યતા ગમે તેવી માનીતી હોવા છતાં તે ખરી સાબેત થતી નથી. દુનીયાની પ્રાચીન કે અર્વાચીન તવારીખમાં કોઇ પણ શાહ એક હઝાર વરસ રાજ્ય ભોગવી ગયેલો જણાયો નથી.

ઝાડપાન.

ઘરની અંદર શોડમાં મુકવાના શોભાયમાન પામસ ઘણા કીફાયતે મલી શકશે.

સોહરાબ શહેરિયાર ઈરાની,

માલેક, "શહેરિયાર ઈરાની ગારડન,"

કાફર્ડ માર્કીટની અંદર, મુંબઇ.

આવાં અર્દ્વિસૂર બાનુ.—

તેનો ગ્રીક આર્ટેમિસ અને હિંદુ ગંગા સાથે મુકાબલો.

લખનારઃ—Mr. J. M. Hormusji.

જરતોસ્તી મઝહબનો સર્વોત્કૃષ્ટ નારી ફરેસ્તો આવાં અર્દ્વિસૂર છે જેણી પાણી ઉપર મુવક્કલ છે. તેણીને દૈવી ફરેસ્તાઓમાં અગ્ર સ્થાન આપવામાં આવ્યું છે અને તેણીને અવસ્તાનાં ભણતરોમાં જ–ય–જ વખાણવામાં આવે છે, કારણ કે તેણી મનુષ્યની અભિલાષાઓ પરિપૂર્ણ કરે છે. આજ મોતેબર સત્તાબસર તેણીને ઈરાન ઝમીનના અનેકાંનેક પાદશાહો, પહેલવાનો, તેમજ દસ્તૂર દાવરોએ આરાધી છે, જે તેણીનાં માનમાં રચવામાં આવેલી "આબાં યસ્ત" પરથી દૃષ્ટિગોચર થાય છે. તેણીની સ્તુતિ કરનારાઓમાં મુખ્ય હુશંગ, જમશીદ, ફરીદુન, કયખૂશરો, અશો જરથોસ્ત, જામાસ્પ આદિ ઈરાની નરવીરો છે જેઓની નેકનિષ્ઠાપૂર્વક ભલી મુરાદો તેણીએ હંમેશાં પાર પાડી છે, જ્યારે દુષ્કૃત્યો, અને પ્રલોભનમાં નિત્ય રચ્યા પચ્યા અને મચ્યા રહેતા અઝીદહાક, અફ્રાસિઆબ, અર્જાસ્પાદિ દુરાત્માઓની મનોવાંચ્છના તેણીએ સંતુષ્ટ કરી નથી, કારણ કે તેઓએ ખુરી લાલસાથી તેણીની આરાધના કરી હતી. "આવાં યસ્ત" પરથી સ્પષ્ટ થાય છે કે તેણીની બંદગી ઠેઠ પરાપૂર્વેથી–કહો કે આ ક્ષણવંસિન્ સૃષ્ટિના પ્રારંભથીજ–કોઇપણ અન્ય ફરેસ્તાની પ્રાર્થના પહેલાંથી ચાલતી આવે છે, જે ઉપરથી તેણીને એક ઉત્તમોત્તમ દૈવી શક્તિ ગણવી અતિશયોક્તિ નહી કહેવાય. હવે "આવાં–અર્દ્વિસૂર બાનુ" એ શબ્દો શું રહસ્ય ધરાવે છે તે જોઇએઃ "આવાં–આબાં" એ ફારસી "આબ્"=અવસ્તા–સંસ્કૃત "આપ્"=પાણીનો અર્થ ધરાવે છે, જે ઉપરથી તેણી પાણીનો ફરેસ્તો સિધ્ધ થાય છે. "અરેદ્વિ" એ ઉક્ત નારી ફરીસ્તાનું આ દુનિયાપરનું લૌકિક સ્વરૂપ–યાને એક વિસ્તિર્ણ નદી–છે જે ઈરાનના હુકૈર્ય પહાડમાંથી નીકળી વોઉરકશ (Caspian) સમુદ્રમાં પડે છે. આ પૂરાતન નદીને આધુનિક વિદ્વજ્જનો આમૂ દરીઆ કિંવા ઑકઝસ (Oxus) નદી સાથે સરખાવે છે જે ત્યાન શાહ (Tian Shah) અને હિંદુ કુશ પર્વતોમાંથી નીકળી અરલ સમુદ્રમાં પડે છે, આ નદીને આપણાં ધાર્મિક ગ્રંથોમાં "સુર"=સ, શૂર="પહાદુર કહેવામાં આવે છે કારણ કે તેનાંઝરણાં અતિ વેગથી વહન કરે છે, વળી વધુમાં તેણીને "અનાહિત" ("અન્"= નહી, અને "આહિત" આસિત=કા. "આહુ"=મેલું)પણ કહેવામાં આવે છે, સબબ કે તેણી નિર્મળ અને પવિત્ર છે. હવે અવસ્તાની આ નદી સાથે ગ્રીક દેવતાશાસ્ત્રની આર્ટેમિસ નદીની તૂલના કરવામાં આવે છે, "આર્ટેમિસ" નો શબ્દશઃ અર્થ અદ્યાપિપર્યંત કોઇ સંતોષકારકપણે

કરી શકયું નથી, પરંતુ તેના બે અર્થ આ પ્રમાણે આપવામાં આવે છેઃ (૧) વિદ્વાન બટ્ટમન (Buttmann) તેને ગ્રીક શબ્દ "Artemus" પરથી લે છે જેનો શબ્દાર્થ "સંપૂર્ણ"–"પવિત્ર" એવો થાય છે, જે અર્થ ઇરાની નદી પણ ધરાવે છે; [૨] ભાષાન્ત. કીટલી (Keightley) તેનું ખરું મૂળ "આર્ટેમિસ" કિંવા "આર્ટેમિસ" ધારે છે, જેના ધાતુ ગ્રીક "Altbaimo" પાળવું, ઉગતું કરવું, તેમજ "Aidó" પાણી પાવું, ફળદ્રુપ બનાવવું, એવા છે જે ઉપરથી આર્ટેમિસ ફળદ્રુપતાની દેવી ઠરે છે. હવે અર્દ્વિસૂર આનુ પણ ફળદ્રુપતા ઉપર મુખ્યકલ છે એમ આવા યસ્ત પરથી જણાય છે, ૨૧માં કર્દા પ્રમાણે આવાં અર્દ્વિસૂર અશો જરથોસ્તને કહે છેઃ "એરેઝવો અપાઉમ સ્પિતમ! ય્વાંગ દથેત અહુરો મઝદાઓ રતૂમ અસ્ત વૈયૂયો ગઓયયાઓ માંમ દથત્ અહુરો મઝદાઓ નિપાથ્રીમ્ વીસ્પયાઓ અપઓનો સ્તોઇશ; મન રય ખરેનંધ્વચ પસ્વસ્ચ રતઓરાચ્ય ઉપમ્રરિ ઝાંમ્ વીચરેન્તિ ગધ્યાચ મિઝંય. અઝેમ્ બોઇત્ તૂમ્તા નિપયેમિ વીસ્પ વોહુ મઝદ્ધાત અપચિથ્ર માંનયેન્ અહે યથ પસૂમ્ પસુવસ્ત્રેમ્:"—"આમ આક્ષેસ પવિત્ર જરતોસ્ત! દાદાર અહુરમઝદે તને આ હાડમંદ દુનિયાના સરદાર તરીકે પેદા કીધો જ્યારે મને પોતાની તમામ પેદાયશના રક્ષણ કરનાર તરીકે ઉત્પન્ન કીધો. મારા તેજ તથા પ્રતાપને લીધે પશુઓ, ઢોરો તથા બે પગવાળાં માણસો પૃથ્વિ ઉપર પોતાની ઝીંદગી બસર કરે છે. જે પ્રમાણે પશુનું વસ્ત્ર (ઉન?) પશુનું રક્ષણ કરે છે તેમ ઈશ્વરની પેદા કીધેલી અશોઇનાં તેજમવાળી તમામ ન્યામતનું હું નિઃસંશય સંરક્ષણ કરૂં છું, તેમજ તુ પણ તેજ પ્રમાણે કરે છે!" ગ્રીક અને ઈરાની બંને નદીઓનાં રહસ્યાર્થમાં જેમ ગળતાપણું છે. તેમ તેઓનાં કાર્યોમાં છે કે નહી તે જોઇએઃ

અર્દ્વિસૂર અને આર્ટેમિસ.

ગ્રીક દંતકથા પ્રમાણે આર્ટેમિસ શ્રેષ્ટ દેવતા ઝીઅસ (Zeus) અને તેની સ્ત્રી લેટો (Leto)ની પુત્રી અને સૂર્યદેવતા ઍપૉલોની બ્હેન થતી હતી. તેણી વિશેષે કરીને શિકારની દેવી હતી, તેમજ આરોગ્યતા ઉપર મુખ્યકલ હતી, આ છેલ્લા વિષયમાં તેણી અર્દ્વિસૂર સાથે ગળતાપણું ધરાવે છે જેણીને પણ આપવામાં આવે છે કેઃ "દાઇન્ વધહુઇશ આપો! અઝાઇ તન્વો દ્રવતાતેમ્ અઝાઇ તન્વો વઝદ્રે!"–"ઓ ભલાં પાણી! તમો મને તનની દરૂસ્તી તેમજ તનનું સુખ આપો!" આર્ટેમિસની મુખ્ય ક્રીડા ટેકડીઓ ઉપરથી હરણીઓ સાથે આવેગસહિત શિકારની પાછળ દોડી જવાની હતી. વળી તેણીને એક પરમપવિત્ર કન્યાના રૂપમાં ચિતારવામાં આવે છે; આવાં અર્દ્વિસૂરને માટે પણ એમજ કહેવામાં આવે છે કેઃ "કઇનીન સ્ત્રીર"=ખુબસુરત કન્યા. કેલીમેકસ (Kallimachus)નાં વૃતાંત પ્રમાણે આર્ટેમિસ ચાર હરણથી હંકાતી ગાડીમાં મુસાફરી કરે છે, જેણીનાં વાહનોનું જીન સુવર્ણમયી છે. હવે આ સબંધમાં જણાવવાની આવસ્યકતા છે કે આર્ટેમિસને અનેકવાર ચંદ્રદેવી સૅલીની (Selone) સાથે ભેળી નાંખવામાં આવે છે, અને સૅલીનીનું વર્ણન આપતાં થીઑક્રીટસ અને ઑવિડ તેણીને ચાર શ્વેત અને પ્રકાશિત ઘોડાવાળી એક સુંદર ગાડીમાં બેસેલી ચિતારે છે. આવાં અર્દ્વિસૂર માટે પણ ઉલ્લેખ મળે છે કેઃ " મા પઓઉર્વ વાષેમ્ વઝઇતે આંપ્માઓ દ્રઅતે વાષેહે,.....યેંચહે ચત્વારો વસ્તાર સ્પઞેત વીસ્પ હગઓનાઓંધહો હમ નાફઞેની ઞેરેઝન્ત," ઇ૦ યાને તેણી ગાડીની લગામ હાથમા પકડીને ગાડીને આગળ ચલાવે છે, જેણીના ચાર ઘોડા

સફેદ તમામ એકજ રંગના, એકજ પુન્યોદના, તથા પુલકંદ કદના છે! વળી સૅલીનીને સુંદર બાજૂવાળી શૃંગાર પામેલી પણ જણાવવામાં આવે છે: અર્દ્વિસુર બાનૂ માટે પણ કહેવામાં આવે છે કેઃ "સ્ત્રીર વા અંધહેન્ બાઝવ અઉરપ અસ્પો–રતઓયેહીશ, ક્રા સ્ત્રીરં ઝૂપ સિસ્પત અર્દ્વંધતિ બાઝુ–રતઓયેહિ,"..."તેણીની બાજૂ સુંદર, ગોરી અને ઘોડાનાં જેવાં મોટાં કદની હતીઃ તે બહાદુર જોરેગંદ બાજૂવાળી અર્દ્વિસૂરે સુંદર પહોંચીથી શૃંગાર કર્યો હતો!" પાછળના ગ્રીક લેખકો પ્રમાણે આર્ટેમિસ ત્રણ આકૃતિવાળી દેવી હતીઃ આકાશમાં તેણી સૅલીની હતી, પૃથ્વીપર આર્ટેમિસ, અને પાતાળ (Erebos)માં તેણી પર્સેફોની (Persephone) હતી, જે વિષયોમાં પણ તેણી ઇરાની નદી સાથે સામ્ય ધરાવે છે. વૅલ્કરના કહેવા પ્રમાણે આર્ટેમિસ-ઇલિથીઇ (Eileithyiae) દેવીનાં સ્વરૂપમાં સ્ત્રીઓને પ્રસવવેદના વખતે મદદ આપી તેઓનું પ્રસૂતિનું કષ્ટ નિવર્ત્ત કરે છે. આવાં અર્દ્વિસૂરનું પણ એજ કાર્ય જણાવવામાં આવે છેઃ "ય વીસ્પનાંમ્ હાઇરિષિનાંમ્ ઝાંયાઇ ગરેવાન્ યઓઝદયાઇત, યા વીસ્પાઓ હાઇરિષિશ હૂઝામિતો દયાઈ યા વીસ્પનાંમ્ હાઇરિષિનામ્ ઝાયાઇ ગેરવાન યઓઝદયાઇતિ, યા વીસ્પાએ હાઇરિષિશ હૂઝામીં દયાઇતિ યા વીસ્પનામ હાઇરિષિનામ દાઇનિમ્ રથીમ્ પએમ્ અવપરઇતિ,"–"જેણી સઘળી જનેતા ઓના જન્મ આપવા માટેનાં ગર્ભસ્થાનને પવિત્ર કરે છે, જેણી તમામ માતાઓને સહેલાઇથ જન્મ આપવાનું બક્ષે છે, તથા જેણી માતાઓને લાયક અને વખતસરનું દુધ આપે છે!" હવે આર્ટેમિસ ભિન્ન ભિન્ન ટેકાણે કેવા આકારમાં પૂજાતી હતી તે જોઇએ.

ક્રીટ દ્વિપના રહિશો (Cretans) ઉપરોકત દેવી આર્ટેમિસની પૂજા બ્રીટોમાર્ટિઃ (Britomartis)ના નામ હેઠળ કરતા હતા, અને એશબ્દનો અર્થ "સુંદર કન્યા" થતો હોને જે અર્દ્વિસૂરને પણ અક્ષરશઃ લાગુ પડે છે. ઍલીસ ટાપુમાં તેણી આલ્ફીઆ (Alphaeia અને સાઇરેકયુઝમાં તેણી અરેથુસાનાં નામે પૂજાતીઃ બન્ને શબ્દનું રહસ્ય દર્યામાં પડતી નદ એવું જણાય છે, પેલોપોનેસસનિવાસીઓ લિગનાટિસ અને હેલિઆના નામથી તેણીને સંબો ધતા અને તેણીનાં દેવળમાં તેણીની સંતાડપે નહાના પુવારાઓ રાખતા. અવસ્તામ પણ અર્દ્વિસુર માટે એજ ઇશારો મળે છેઃ–"યેંધહે અવવત્ અસ્તાઅત્ય ક્ષફનાઅત્ય તાતાએ આપો અવપરેન્તે ચય વીસ્પાઓ ઇમાઓ આપો યાઓ ઝેમા પઇતિ, ફતયિન્તિ યા અમવઇતિ ફતચઇતિ,"—"જેણીનાં વહેતાં પાણી અહોનિશ એટલા વેગથી વહે છે કે જેટલા વેગથ પૃથ્વીપરની તમામ નદીઓનાં પાણી વહન કરે!" એજ મુજબ આર્ટેમિસ પણ આર્જે (Arge) કિંવા ઝડપી અને લૉકસો (Loxo) યાને પ્રકાશિત (અ૦ "ક્ષોદ્યનીમ્") પણ કહે વાય છે! વળી મૅગ્નેશીઆ ખાતે તેણી શ્વેત ભૃકુટિવાળી (Leukophryne) આર્ટેમિસ નામે આરાધના પામતી, જે કંઇજ નહીં પણ તેણીનાં અનુપમ સૌંદર્ય માટે હતુઃ આવ અર્દ્વિસુરને પણ "હુરઓધ"=ખૂબસુરત કહેવામાં આવે છે. ટ્રીઝન શહેર (Troezen)માં તેણીને લીકેયા (Lykea) કહેવામાં આવે છે જેનો અર્થ પ્રતિભાશાળી થાય છે. ઇરાની નદી માટે પણ એ નામ "મસો ક્ષયતે ખરેનંધ્ હે"=ખોરેહતી મોટાઇ ભોગવનાર તરીકે બોલે છે! ગ્રીસ્યન દેવી તત્વજ્ઞાન (Theogony) પ્રમાણે આર્ટેમિસને ચંદ્રદેવી હિકાટે (Hecate) સાથે પણ સમાનતા ધરાવતી જણાવવામાં આવે છે. હિકાટેને માટે કહેવામાં આવે છે કે તેણીને અર્પવામાં આવતી આહુતિ અને પ્રાર્થનાના બદલામા તેણી મનુષ્યોને વિપુલતા અને આબાદીથી નવાઝતી હતી, અને એમ આપણું અર્દ્વિસૂરના બાબમાં પણ બનતું જોઇએ

છીએ: તેણી પાસે હુશંગ, જમશીદ, ફેરશાસ્પ; કુયકાઉસ, કૈખૂશરો, તૂસ, વફ્રેનવાઝ, જમા સ્પ, ગોસ્તહમ, ઘોડસ્તકયાન, અશો જરતોસ્ત, કય વિસ્તાસ્પ, ઝરીર, આદિ ઈરાની શેર નરોએ તેમજ અઝી દહાક, અફ્રાસિઆબ, હોમાન અને બારમાન વેગે, અર્જનસ્પાદિ તૂરાની ઓએ વિધવિધ પ્રકારની અપેક્ષા કરી હતી, અને જે યોગ્ય હતી તે પરિપૂર્ણ કરવામાં આવી હતી! હવે હિકાટેને તો અનેકાનેક ભોગોથી સંતુષ્ટ કરવામાં આવતી, ત્યારે આવાં અર્દ્વિસૂ રના બાબમાં કેમ હતું? તત્સંબધે આ ફકરો પ્રસંગોપાત ગણાશેઃ 'તાંમ્ યઝત હઓષ્યંઘ્હો. પરષાતો ઉપ ઉપબ્દે હરયાઓ, સતેમ્ અસ્પનાંમ્ અર્પનાંમ્ હઝધરેમ્ ગવાંમ બએવરે અનુમય નાંમ્,"--"તેણીને પેશદાદીઆન હોશંગે અલ્બુર્ઝ પહાડનાં તળ્યાં આગળ સો ઘોડા, હઝાર બળદ, તથા દશ હઝાર ન્હાનાં ગોસ્પ દોથી આરાધી!" આ ફકરો શું પ્રત્યક્ષ કરે છે? શું અર્દ્વિસૂરને આટલાં અસંખ્ય પ્રાણીઓનો ભોગ આપવામાં આવતો હતો? તેમ બનવું સર્વથા અશકય છે, કારણકે જરતોસ્તી મઝદયમા કોઇપણ દિવ્ય શકિતને કંઇપણ ખૂની હવિસ સમ પંણ કરવાનો ઉલ્લેખ કયાંએ પણ દૃષ્યમાન થતો નથી. શાયદ એમ હોય કે આ સઘળાં પ્રાણીઓને અર્દ્વિસૂર બાનૂને ગાત્ર હદીઆ તરીકે નઝર કરવામાં આવતાં હોય અને પાછળથી મુસલમાનોની હાલની "વકફ"ની રૂઢી અનુસાર અકિંચન લોકોમાં ખેરાત કરવામાં આવતાં હોય! આ સિવાય એનો અન્ય ખૂલાસો શું હોઇ શકે? વળી હિકાટેને ફાયદો કરનાર, અને બળાગત દૂર કરનાર પણ કહેવામાં આવે છેઃ ઈરાની વ્યકિતને પણ "વંઘુહુંધ સેવિસ્ત"=ઘણો લાભ કરનાર અને "વિદઓવ"=દેવથી જૂદી, રોગોનું નિકંદન કરનારની સંજ્ઞાથી ઓળખવામાં આવે છે. વળી આ ગ્રીક દેવીને સ્વાદિષ્ટ મિષ્ટાનો પણ નઝર કરવામાં આવતાં જે હિંદુ "નૈવેદ્ય" નો ભાસ આપે છે। તેણી સામાજિક મસલત ઉપર, લડાઈ ઉપર અને ન્યાય ઉપર મૂતકૅલ્પ હતી, વ્યાયામ અને ઘોડાની શરતની દેવી પણ તેણીજ હતી; એમાંનાં કેટલાંક ગુણલક્ષણો અર્દ્વિસૂરમા પણ માલૂમ પડે છેઃ "આસુ અસ્પ": ઘોડાની તેઝી, "મસ્ત": મોટાઇ, "સ્પાન": દહાપણ, "વેરેથ્રઘન": વિજય એ સઘળું બક્ષવાને ઈરાની નદી સામર્થ્યવાન્ છે। હવે આર્ટેમિસનું નિવાસસ્થાન કયાં આવ્યું તે ચર્ચાસ્પદ છે. હોમર પ્રમાણે સૈરેકયુઝનો ઑર્ટીજિઆ (Ortygia) ટાપુ જ્યાં તેણીએ ઑરીઅનનો નાશ કીધો હતો તે સ્થળ તેણીનું રહેવાનું મથક હતું આ દ્વિપ પશ્ચિમ સમુદ્રમાં સ્થાયી થયેલો જણાવવામાં આવે છે જ્યાંના અવર્ણનિય સૌંદર્યનું વર્ણન ગ્રીક કલ્પનાશકિતએ અક્ષમ્ય હદ સૂધી અત્યુકિતભર્યું કર્યું છે! અરેદ્વિનાં ગૃહાશ્રમ માટે કહેવામાં આવ્યું-છે કેઃ "કંધહે કંધહે અપધઆધરે ન્માનેમ હિસ્તધને હુંધાતેમ સનોરઓચનેમ્ બામીમ્ હઝંધરો સ્તુનેમ્ હુકેરેતેમ્ બએવરે-ફ્રસ્કેમ્બેમ્ સૂરેમ્."-"તેણીનાં પ્રત્યેક નાળાં ઉપર તેણીનું મજબુત બાંધેલું સો બારી વાળું, બપકાદાર, એક હઝાર મોટા સ્થંભવાળું, સુંદર બનાવેલું, દશહઝાર ન્હાના સ્તંભવાળું મોટું રહેવાનું મકાન આવેલું છે!" છેવટે આર્ટેમિસનાં પ્રૌઢપ્રતાપી કૃત્યો વર્ણવવાં અસ્થાને નહી ગણાય. અવજ્ઞા કરવા માટે તેણીએ ઑરીઅનનો ક્ષય કીધો, એક વાર તેણીને ન્હાતાં ઍકટીઅને (Actaeon) જોઇ હતી જેથી તેણીએ તેનું હરણમાં રૂપાંતર કીધું! તેણીને અપવિત્ર કરવાથી કૅલીસ્ટો (Callisto) ને તેણીએ રીંછમાં ફેરવી નાખ્યો હતો! ઈરાની આર્ટેમિસનાં પરાક્રમો એ હતાં કે દરેક બાલી મૂરાદ તેણી પાર પાડતી હતી! સ્પાર્ટામાં તેણીના યજ્ઞકુંડ આગળ છોકરાઓને લોહી નીકળે ત્યાં સૂધી ચાબુકથી ફટકાવવામાં આવતા,

ઍફીકામાં તેણી "Brauronia" ને નામે પ્રસિદ્ધિ પામી હતી, ઍફીસસ ખાતે તેણી ચંદ્રદેવી ડાયના (Diana) ને નામે પૂજાતી જે માટે બાઇબલમાં કહે છેઃ "Great is Diana of the Ephesians" (Vide Acts XIX) ગ્રીક કાવ્યમાં તેણીનું વર્ણન આપતાં કહેવામાં આવે છે કેઃ તેણી એક નિરાભય, શક્તિસંપન્ન, ચાલાક અને લાવણ્યમયી કન્યા છેઃ તેણીએ શિકારના જોડા પહેર્યા છે અને ત્વરિત દોડવા માટે ઝભ્ભો તંગ બાંધ્યો છે; તેણીની પીઠ પર ધનુષ્ય નાખેલું છે અને હાથમાં બાણ છે! તેણીનો સોબતી એક કૂતરો છે!—

As arrow-joying Artemis along
A mountain moves, either Taygetos high,
Or Erymanthos, in the chase rejoiced
Of boars and nimble deer; and with her sport
The country-haunting nymphs, the daughters fair
Of Ægis-holding Zeus, while Leto joys;
O'er all she high her head and forehead holds
Easy to know, though beautiful are all.

આવાં અર્દ્વિસુરનો પહેરવેશ વર્ણવામાં આવે છે કેઃ "ઉપતચત અરેદ્વિસૂર અનાહિત, કશનિનો કેહર્પ સ્ત્રીરયાઓ, અશ અમ્યાઓ હુરઓધયાઓ, ઉરકાત્ યારતયાઓ એરેઝવૈથ્યો, રઓવત્ ચિથ્રેમ્ આઝાતયાઓ ઝરન્ય અઓથ્ર પશતિશ્મુખ્ત યા વીરપો પઓસ બામ્યં..... બાધ યથ મામ્ બરેરમોઝસ્ત ફ્રા મઓપાવર સીરપેમ્ન ચથ્રે કરન ઝરનઓનિ, મિનૂમ બરત્ હવાઝાત અરેદ્વિસૂર અનાહિત, ઉપતાંમ સ્ત્રીરાંમ મનોશ્રીમ. ઉપશ્રિ પુસાંમ બંદયત્ અરેદ્વિસૂર અનાહીત, સતોસ્ત્રંધહાંમ ઝરનઓનિમ અસ્તરઓઝદાંમ રથકૈર્યાંમ દ્રક્ષ કવઇતિમ સ્ત્રીરાંમ અનુપોશ્ચથ્વઇતીમ હુકૈરેતાંમ,"—"નિર્મળ અરેદ્વિ સુશોભિત, ધણી હીંમતવાળી, સૌંદર્યયુક્ત, ઉંચે-વેરથી કપડાં પહેરેલી, સીધાં કદવાળી, જ્યોતિમય, કુલીન, સોનેરી જોડા પહેરેલી, સોળે શણગા રવાળી ઉત્તમ કન્યાના રૂપમાં આગળ ચાલી.....જોખતા પ્રમાણની બરસમ હાથમાં પકડીને ચતુર્કોણી ઝૂલતી સોનેરી કાનની બાલી સાથે તેણી અચીત આવે છે. તે ઉચ્ચ કુળની નિર્મળ અર્દ્વિસુર પોતાની ગૌરવર્ણી ગ્રીવામાં કંઠમાળા રાખે છે. તેણીએ શિરપર સો સેતારાથી જડેલું, સુવર્ણમયી, આઠખૂણાવાળું, રથાકૃતિનું, ઝૂલતી બારીક ઝાલરવાળું, સુશોભિત, બંધણેસ્તું તથા અનુપમ કારીગીરીનું તાજ ગોઠવેલું છે!" આ ઉપરથી માલૂમ પડે છે કે આવાં અર્દ્વિસુર અને આર્ટેમિસનાં લગભગ સઘળાં ગુણલક્ષણો સમાન છે—માત્ર અરેદ્વિ એક શિકારી નથી—અને તે ઉપરથી આપણે એજ અનુમાન કરી શકયે કે ગ્રીકદેવી આર્ટેમિસની ઘટના ઈરાની અરેદ્વિસુર ઉપરથી થયલી હોવી જોઇએ!

અર્દ્વિસુર અને ગંગા.

ઈરાની નદી અરેદ્વિને ભારતવર્ષની પરમપૂજ્યમાન ગંગા નદી સાથે સરખાવવું ઝાઝું દુર્ઘટ નથી, "ગંગા" નો શબ્દશઃ અર્થ સ્પષ્ટ માલૂમ પડતો નથી, અને પ્રો૦ મેક્ષમુલર તેને સં "गम्"=આવવું-જવું ધાતૂનું બેવડું રૂપ ધારે છે જે આપણી નાકેસ સમજશકિતમાં ઉતરી

શકતુ નથી! ગંગાનું બીજું ઉપનામ "જાન્હવી" છે જેનો ધાતૂ સં. "जन्"=અવસ્તા "ઝન" ફ્રાંસી "ઝાદન"=લૅટીન "geno"=પેદા કરવું-ઉગાડવું જો હોય તો અવસ્તાની નદી મુવાફેક તે ફળદ્રુપતાની દેવી હરી શકે, આર્યા યસ્ત પ્રમાણે દુન્યવી અરેદ્વિસરનું મૂળ આકાશમાં છેઃ "યદ્દમ અહુરો મઝદાઓ હવપો નિવએધયત્ આપિ પઇતિ અવજસ, અરેદ્વિસુરે અનાહિતે, હચ અવતખ્યો રતેરેખ્યો, અવી ઝાંમ્ અહુરમાતામ,"-"જેણીને ભલા અહુરમઝદે જણાવ્યું કેઃ 'અય નિર્મળ અદ્રિંસુર! આ સેતારાઓ આગળથી (યાને આકાશ પરથી) તું જા, અને મારી પેદા કીધેલી ઝમીનપર તું પહોંચ!'" ગંગાને માટે પણ કહેવાય છે કે તે આકાશમાંથી પૃથ્વી ઉપર ઉતરી છે. એ માટે "ગંગા લહરી"માં શ્લોક મળે છે કેઃ-

स्खलती स्वर्लोकादवनितलशोकापहृतये
जटाजूटग्रथीं यदसि विनिबध्दा पुरभिदा।
अये निर्लोभानामपि मनसि लोभ जनयतां
गुणानामेवाय तव जननि दोषः परिणतः॥

અર્થાત હે મા! દુનિયાની આંખનો શોક હણવાને માટે સ્વર્ગલોકમાથી પૃથ્વીપર પડતાં તને જટાની અદર શંકરે બાંધી લીધી. અહો! નિર્લોભીનાં મનમાં પણ લોભ ઉત્પન્ન કરનાર તારા ગુણોનો આ છેવટે દોષ છે!—તેમજ અન્યત્ર.

स्वभावस्वच्छाना सहजशिशिराणामयमपा-
मपारस्ते मातर्जयति महिमा कोऽपि जगति।
मुदा य गायति द्युतलमनवद्यद्युतिभृतः
समासाद्याद्यापि स्फुटपुलकस्वाद्राः सगरजाः॥

કુદરતી રીતે તારાં સ્વચ્છ અને શિતળ જળનો અપાર મહિમા જગતમાં વર્ણવી ન શકાય તેટલો વિજય પામે છે, સગર રાજાના પુત્રો દિવ્યદેહ ધારણ કરીને સ્વર્ગ મેળવતાં જેનાં રૂવાં ખડાં થયાં છે એવા તેઓ હજી સુધી તે મહીમાનું ગાન કરે છે. ઉકત બે શ્લોક શા સંબંધના છે તેમજ ગંગાનું પૃથ્વી પર કેમ આગમન થયુ તે જોઇએ.

હિંદુશાસ્ત્ર પ્રમાણે રામચંદ્રજીના કુળમાં પૂર્વે સગર નામે ચક્રવર્તી નૃપતિ થઇ ગયો છે, જેને બે રાણીઓ હતી મોટી કેશિની અને નાની સુમતિ. રાજાને પુત્ર ન હોવાથી મનોદ્વેગથી તે વ્યાકુળ થઇ ગયો હતો, જેથી અંતે પોતાની બેઉ રાણીઓને લઇ તે વનમાં જતો રહ્યો અને ભૃગુઋષિના આશ્રમમાં તેઓએ સો વર્ષ પર્યન્ત ઉગ્ર તપશ્ચર્યા કરી, જેથી પ્રસન્ન થઇ ઋષિએ દર્શન દીધા અને રાજારાણીની યાચના પ્રમાણે કેશિનીને એક અને સુમતિને ૬૦૦૦૦ પુત્રો થવાનું વરદાન આપી અંતર્ધ્યાન થઇ ગયા. આ પછી રાજારાણી પુનઃ નગરમાં ગયાં ન્યાં ક્રમેક્રમે કેશિનીએ અસમંજસ નામે પુત્રને અને સુમતિએ સાઠહજાર પુત્રોને જન્મ આપ્યો. અસમંજસ મોટો થયો અને એકવાર અયોધ્યાની ઉત્તરે આવેલી સરયુ નદી આગળ જઇ લાગ્યો જ્યાં નગરનાં નાના બાળકો નહાવા આવ્યાં હતાં. અસમંજસની મસ્તીથી કેટલાક બાળકો ડુબી મરણ પામ્યાં જેથી નગરમાં હાહાકાર વર્તી રહ્યો, જેનાં પરિણામે સગર રાજાએ નિજપુત્રને દેશનિકાલ કર્યો અને તેના કુંવર અંશુમાનને યુવરાજ બનાવ્યો. રાજા વૃદ્ધ થયો ત્યારે રાજ્યાસન ત્યાગવા

પહેલાં એક અશ્વમેધ યજ્ઞ કર્યો. એક વેગવાન અશ્વને છોડી મૂકયો, અને પાછળ યોધ્ધાઓને દોડાવ્યા. સગર રાજાના આ યજ્ઞના બળવાનપણાના ભયથી રાજ્યલોભી ઇંદ્રના મનમાં ચિંતા પેઠી, જેથી તેણે તે દોડતા અશ્વને તે યોધ્ધાઓથી અદૃષ્ય કરી કપિલ મુનિની પાસે મૂકી દીધો! ઘોડાને ગુમ થયલો જોઇ સર્વે ક્રોધ સભયાશ્ચર્ય પામી સગર આગળ ગયા અને સઘળી હકીકત નિવેદન કરી. આ શ્રવણ કરતાં રાજાનું મન ગ્લાનિ પામ્યું, અને પોતાના ૬૦,૦૦૦, પુત્રોને તે ઘોડાની શોધ માટે દોડાવ્યા. આ બળિષ્ટ નરવીરોએ અથાગ પરિશ્રમ કરી ઘોડાની તલાસ માટે પૃથ્વીને ચારે દિશાથી ખોદી નાખી, અને છેવટે કપિલ મુનિના આશ્રમ આગળ આવતાં તેઓએ પેલા અશ્વને ત્યાં બાંધેલો દીઠો. આ જોઇ તેઓએ કોલાહલ કરી મૂકયો જેથી મૂનીશ્વર જેઓ ઉગ્ર તપમાં તદાકાર થઈ ગયા હતા તેઓનું ધ્યાન છૂટી ગયું, જેથી ક્રોધયુકત થઇ તેઓએ શાપ દેતાં સાઠે હજાર પુત્રો બળીને ભસ્મ થઇ ગયા! આણી બાજૂ પુત્રોને ગયાને ઘણાં વર્ષ થયાં જોઇ સગર રાજાનું ચિત્ત સંકલ્પવિકલ્પના મહોદધિમાં ડૂબી ગયું, અને તેણે પોતાના પ્રતાપી પૌત્ર અંશુમાનને તે સાઠ હજાર પુરૂષોની ભાળ કાઢવા રવાના કર્યો. —એ વિષ્ણુનો પરમ ભકત હતો જેથી મૂનિઓનાં સ્થાન જોતો અને આશિર્વાદ મેળવતો તે આગળ વધ્યો. માર્ગ વિષે તેને વિષ્ણુના વાહન ગરૂડ સાથે કુલાકાત થતાં ગરૂડે તે સાઠ હજાર પુત્રોની કેવી અસદ્‌ગતિ થઇ હતી તે કહ્યું, અને છેવટે જણાવ્યું કે ગંગાજી જો પૃથ્વીપર આવે તોજ તે ૬૦,૦૦૦નો ઉધ્ધાર થવાનો સંભવ રહે! આ પછી તેઓ બન્ને કપિલ મુનિ પાસે આવ્યા જેઓએ યજ્ઞનો ઘોડો અંશુમાનને સ્વાધિન્ કરી વિદાય કર્યો. સગર રાજાને ઘોડો મળવાથી અત્યાનંદ થયો, પરંતુ પુત્રોના મરણથી શોક ઓછો ન થયો. આથી નિજ પુત્રોનો ઉદ્ધાર કરવા માટે અને ગંગાજીને પ્રસન્ન કરી ધર્તિપર લાવવા માટે અંશુમાનને રાજ્યગાદી સોંપી પોતે તપશ્ચર્યામાં તદ્રુપ થઇ ગયો. અંશુમાને પણ ઘણાં વર્ષો રાજ્ય ભોગવી છેવટે પોતાના પુત્ર દિલિપને ગાદી સોંપી પોતે તપ કરવા માટે એકાંતવાસ શોધ્યો, અને દિલિપે પણ તેજ પ્રમાણે કર્યું; તેણે પુત્ર ભગીરથને રાજ્યની લગામ આપી અને કઠણ તપ કરી ગંગાજીને સૃષ્ટિ પર લાવવાની અથવા પ્રાણત્યાગ કરવાની નિષ્ફળપ્રતિજ્ઞા લઇ વનવાસ કર્યો. તેણે વર્ષો સુધી દૃઢનિર્ધાર કરી કઠણ તપશ્ચર્યા કરી પણ ગંગાજી પ્રગટ ન થયાં, જેથી તે દેહ તજી સ્વર્ગમાં સિધાવ્યો. તેના પુત્ર ભગીરથે પણ એજ નિશ્ચય કરી પોતાના પુત્ર કાકુસ્થને રાજ્યાસન આપી વનમાં જઇ એક પગ અને બે હાથ ઉઠાવી સૂર્ય સામે ઉભા રહી અત્યુગ્ર તપ કર્યું—એકની એક સ્થિતિમાં એક હજાર વર્ષ સુધી—જેથી અંતે બ્રહ્માજી પ્રસન્ન થયા અને તેની આગળ પ્રગટ થઇ તેને વરદાન માગવાનું કહ્યું, જેથી ભગીરથે ગંગાજીનું પૃથ્વીપર આવાગમન માંગતા બ્રહ્માજીએ કહ્યું: એવમસ્તુ! પણ ગંગાને ઝીલી કોણ શકશે? તે તો છૂટતાંજ તરત પાતાળમાં ચાલી જશે, માટે પરમકૃપાળુ શંકરની પ્રાર્થના કરો કે તેઓ ગંગાજીને ધારણ કરે! આથી મહાપ્રયત્નશીળ ભગીરથે દેવતાઓના એક વર્ષ સુધી શુદ્ધ નિષ્ઠાથી માત્ર એક અંગુઠા ઉપર ઉભા રહી શંકરનાં નામનું રટણ કર્યું, જેથી શંકરે આનંદ પામી ભગીરથની મનોવાંચ્છના પૂર્ણ કરી. જ્યારે ગંગાજીએ આ સઘળાંની માહિતિ મેળવી ત્યારે પાતાળમાં ચાલી જવાનો વિચાર કરી બ્રહ્માનો આદેશ થતાં આકાશમાંથી નીકળ્યા પણ શંકરે પોતાની સુંદર જટાજુટનો વધારો કરી દીધો, જેથી ગંગાજી શંકરના શિરપર પડતાંજ જટાજુટમાં સમાઇ ગયાં આ કૌતુક જોઇ દેવતાઓ પ્રસન્ન થઇ ગંગાજીની સ્તુતિ કરવા લાગ્યા કે:

જૈ ગંગા જૈ જૈ જગ જનની જૈ સંતન સુખદાઇ!
ભકત ભૂપ ભગીરથકે હિત પ્રગટ અવનિપર આઇ!
ચરન કમળ અનુરાગ ભાગ કરી લઇ બ્રહ્મા ઉર લાઇ!
પ્રબળ પ્રતાપ કહાં લગિ બરનો શંકર શાસ ચઢાઇ!
ચારિ ખાનિ જગજીવન ઉધારણ વેદ વિમળ જશ ગાઇ,
તરલ તરંગ પાપ ખલ ખંડન મહિમા બરનિ ન જાઇ!
ગન ગંધર્વ અમર કિન્નર મુનિ રહત સદા લૌ લાઇ,
ધારે ધાર ગભિર વિમળ જળ છુવટ અધમ તહિ જાઇ!
કનક સિખર સિર લસિત મનોહર ઉર જૈ માલ સુહાઇ,
તાકિ કાંતિ દેખી જમ કિંકર કરનાકર ફિર જાઇ!
રામ નામ ગંગા કલિ કેવળ ઓર ન કછૂ ઉપાઇ!
કાન્હરદાસ ધન્ય જે જગમે વસત સદા સરનાઇ!

કિંતુ ભગીરથ રાજા પોતાના અગાધ પ્રયત્નનું આવું પરિણામ જોઇ અતિ ખિન્ન થયા. શંકરની નાનાપ્રકારે પ્રાર્થના કરી ત્યારે શંકરે માત્ર એક ટીપું નાખ્યું, જેમાંથી ત્રણ ધારા પ્રગટી જેમાની એકે નભોમંડળ પ્રત્યે ગમન કરવા માડયુ, બીજી પાતાળ ભણી વહન કરવા લાગી, અને ત્રીજીનું પૃથ્વીને વિષે પતન થયુ! જે આકાશભણી ગઇ તે "મંદાકિની" કહેવાઇ, રસાતળમાં જનાર "ભોગવતિ"ની સંજ્ઞાથી ઓળખાઇ, જ્યારે માનુષિક સૃષ્ટિ પ્રત્યે વહેનાર "ગંગા"ને નામે જણાઇ. ભગીરથના ભગીરથ ભકિતભાવથી પ્રફુલ્લિત થઇ ગંગાજીએ મનોદ્ગાર કાઢયા કેઃ "હે રાજા! પવન સમાન ગતિવાન ઘોડાવાળો સૂર્યના રથ સમાન એક રથ પર સ્વારી કરી તમો મારી આગળ આગળ ચાલો-હું તમારી પૂઠે આવીશ!" આ પ્રમાણે પર્યટણ કરતાં તેઓ પર્વતો અને દેશોને વટાવતાં આગળ ચાલ્યાં. હરિદ્વાર પહોંચતાં ત્યાં તિર્થનું સુંદર સ્થાન જોઇ ગંગાજી હર્ષ પામ્યાં, ત્યાંથી પ્રયાગ અને કાશીપૂરી થઇ ગંગાજી છેવટે સમુદ્રને જઇ મળ્યાં, જેથી ગંગાના સંયોગથી પાવન થઇ સમુદ્રે પણ ભગીરથનો આભાર માન્યો! પછી બ્રહ્માએ સર્વ દેવો સાથે આવી રાજાને કહ્યું: હે ભગીરથ! ધન્ય છે તમને! તમારી પ્રતિજ્ઞા સત્ય કરી સકળ વેદજ્ઞાતાઓને સુખ આપ્યું છે, માટે આ પરમપવિત્ર નદી ભાગીરથી પણ કહેવાશે! તમારું કલ્યાણ હો! કહી બ્રહ્મા અંતર્ધ્યાન થઇ ગયા! એવી રીતે ગંગાજીનું સ્વર્ગમાંથી અત્રે કેમ આવાગમન થયું તે ઉદ્ધત કથા પરથી જણાય છે.

भजत त्रिदुर्धासिधु साधवो लोकबन्धु
हरहसिततरग शकरार्धसगम्।
दलितभवभुजङ्ग ख्यातमायाविभग
निखिलभुवनसत्र सर्वतीर्थानिवत्रम्॥
यममृतममृतानां भगरगप्रसग-
प्रकटितरसवत्तावैभव पीतमुच्चैः।
दल्यति कलिदोषास्तां सुपर्वस्तवन्ती
किमिति न भजतार्ता ब्रह्मलोकान्तरीणाम्॥

એ સંબંધમાં ભર્તૃહરી કહે છેઃ હે સત્પુરૂષો! તમો દૈવી નદી ગંગાનું સેવન કરો. તે સંસારમાંથી લોકોનો ઉદ્ધાર કરનારાં હોવાથી બંધુ સમાન છે, શંકરના હાસ્ય જેવા તેના તરંગો શ્વેત છે, શંકરના જટાજૂટમાં વિરાજી રહયાં છે, સંસારરૂપી સર્પનો નાશ કરનારાં છે, માયાનો ભંગ કરનારાં છે, ત્રણે ભુવનને વંદન કરવા યોગ્ય છે અને સર્વે તીર્થોમાં શ્રેષ્ઠ છે!– જે ગંગા અમૃતોનું પણ અમૃત છે, જે ઉછળતા તરંગોથી પોતાના રસિક વૈભવને પ્રકટ કરી રહયાં છે અને પાન કરવાથી જે કળિના દોષોનું દલન કરે છે, તે દેવનદી ગંગા બ્રહ્મલોકમાંથી આ મૃત્યુલોકમાં ઉતર્યા છે, તે ગંગાનું, હે આર્તજનો! શા માટે સેવન કરતા નથી? અર્થાત્ તેનું સ્નાન તેમજ પાન કરી પાવન થાવ! વળી ગીતામાં તો શ્રી કૃષ્ણને કહેતા ચિતાર્યા છે કેઃ "स्रोतसामस्मि जान्हवी!" અર્થાત્ નદીઓમાં ગંગા એ મારૂં સ્વરૂપ છે. હવે આવાં અર્દ્વિસુરને અહુરમઝદની અતિ પ્રિય ગણી કહેવામાં આવે છે કેઃ "यऊषेष मे हिम् स्पितम ज़रयुस्त्र, यांम् अरेद्विसुरांम अनाहितांग, पेरेथु-फ्राकांम यऊषेपऊयांम वीदएवांम अहुरोतकएषांम येस्न्यांम अंधहुए अस्तवइते वहम्याम अंधउहे अस्त वइते आधु फ्राधनांम अपओनीम वांथ्वो फ्राधनांम अपओनीम गओथो फ्राधनांम अपओनीम पओतो फ्राधनांम अपओनीम दंधहु फ्राधनांम अपओनीम;"—"अय जरतोस्त! મારી અર્દ્વિસુર જે નિર્મળ, મહોળી વહેતી, આરોગ્યમય, દુષ્ટતાવિનાશક, દુનીઆને પવિત્ર કરનાર, મનુષ્યોને સ્તુતિ કરવા લાયક, જીંદગીની વૃધ્ધિ કરનારી અને પવિત્ર, પશુધનની વૃધ્ધિ કરનારી સૃષ્ટિને આબાદ કરનારી, રિદ્ધિસિદ્ધિનો વિકાસ કરનારી, દેશોન્નતિ કરનારી, એવી અરેદ્વિને તું વખાણ!"—અને એજ ભાવના નીચલા શ્લોકોમાં પણ દૃષ્ય થાય છેઃ

यस्याः संगतिरुन्नतिं वितनुते वाराममीषां जनै—
रुद्गीता कविभिर्महेश्वरमनोभीष्टा महीमण्डले ।
सा सन्तः शरदिन्दुसोदरपयः पूराभिरामा नद—
त्कोकश्रेणिमनोज्ञपुण्यपुलिना भागीरथी सेव्यताम् ॥

संसारो विविधाधिव्याधविधुरः सारायते मानसे
निस्सारोपि वपुष्मतां कलिवृकग्रासीकृतानां चिरम् ।
इष्टायां घनसारपाथसि महापुण्येन यस्यां सतां
सा सेव्या न कुतो भवेत्सुरधुनी स्वर्गापवर्गोदया.॥

यत्तीरे वसतां सतामपि जलैर्मुलैः फलैर्जीवतां
मुक्ताहंसमभावशुद्धमनसामाचारविद्यावताम् ।
कैवल्यं करविल्वतुल्यममलं संपद्यते हेलया
सा गंगा ह्यतुलामलोर्मिपतला सद्भिः कुतो नेक्ष्यते ॥

ભાવાર્થ—કેઃ જે ગંગા નદીમાં સ્નાન કરવાથી મનુષ્યોની સદ્ગતિ થાય છે, કવિઓ પણ જેનાં પવિત્ર જળનું વર્ણન કરે છે, વળી આ પૃથ્વીપર વિરાજેલાં જે ગંગા મહાદેવને ઘણુંજ પ્રિય છે, તે શરદના ચન્દ્ર સમાન શ્વેત જળવડે સુંદર દેખાતાં અને હારબંધ બેસીને શબ્દ કરતા કોક પક્ષીઓ વડે જેનાં પવિત્ર નીરો મનોહર લાગે છે એવી ભાગીરથી નદીને

હે સંત પુરૂષો! તમે સેવો! કલીરૂપી નહારથી ગળાયલા દેહધારી પુરૂષો પણ મોટા પુણ્યના યોગે કર્પૂરનાં જેવાં શ્વેત રંગના ગંગાદેવીનાં દર્શન કરીને અનેક પ્રકારની આધિ તથા વ્યાધિથી દુઃખદાયક અને એટલા માટેજ નિઃસાર એવા સંસારને પણ મનમાં સારરૂપ માને છે! આવાં સ્વર્ગ તથા મોક્ષને આપનારાં ગંગાને સત્પુરૂષોએ શા માટે ન સેવ્યાં? સદાચારસંપન્ન વિવેકી પુરૂષો જો ગંગાના તીર ઉપર નિવાસ કરી ગંગાજળનાં પાનથી તથા ફળ અને મૂળોથી આજીવિકા કરે છે તો તેઓની અહંતામમતા છૂટી જાય છે, અંતઃકરણ વિશુધ્ધ થાય છે અને રમતમાત્રમાં હાથમાં રહેલાં બીલાંની પેઠે નિર્મળ એવા મોક્ષને મેળવે છે, આવાં અનુપમ નિર્મળ તરંગોથી ભરપૂર ગંગાની સત્પુરૂષો શા માટે સેવા કરતા નથી? વળી ઈરાની નદીને પણ આરાધવામાં આવે છે કે: "યાંમ અઝેમ યો અહુરો મઝદાઓ હુઝયારેન ઉઝનરે ફદયાઇ નમાનહેચ પીસસ્ચ ઝન્તે ઉસ્ચ, દંધે હેતુસ્ચ.....યા અહ્યાતૂ સ્તઓત યસ્ન્ય સ્રાવયેનિ અહુનેમ્ચ વૈરિમ સ્રાવયેનિ અપેમ્ચ મહિસ્તેમ હુમત્યાનિ અપસ્ચ વંધહુઈશ યઓઝદ્યાને; હ્યા અન માયન્ય વચ ગરોનમાને અહુરહે મઝદાઓ જસત પઓઇર્યો. હ્યત્ આહ્યાત્ તત્ અવતઃ"—"જે અરેદ્વિને હું જે અહુરમઝદ તેણે ઘરની, મહોલ્લાની, કસ્બાની, તથા દેશની આબાદી માટે સારાં કોવતે ઉત્પન્ન કીધી." (ભણનાર કહે છેઃ) "જેણીને માટે સારી રીતે રાગ કાઢીને "સ્તઓત યસ્ન" તથા "અહુનવર" હું ગાઉ તથા "અપેમૂ વોહુ" ભણુ તથા ભલા પારૂઓને હું પાક કરૂં!" આ ગાથાને લગતા કલામો ભણવાથી તે ભણનાર અહુરમઝદનાં "ગરોત્માન" બહેરતમાં પહોંચે છેઃ તે કલામ ભણવા માટે અહુરમઝદે તેને ફરમાન આપ્યો!" હિંદી નદીના યશોગાન ગાતાં કહેવામાં આવે છે કેઃ

गंगा गंगेति यस्याः श्रुतमपि पठितं केनचिन्नाममात्रम्
दूरस्थस्यापि पुंसो दलयति दुरित प्रौढमित्याहुरेके ।
सा गंगा कस्य सेव्या न भवति भुवने सज्जनस्यातिभव्या
ब्रह्माण्ड प्लावयन्ती त्रिपुरहरजटामण्डल मण्डयन्ती ॥

અર્થાત મનુષ્યો દૂર બેઠાં બેઠાં પણ ગંગા ગંગા એમ ગંગાજીનાં નામનું શ્રવણ કરે અથવા તો મુખે કરીને ગંગા નામનું ઉચ્ચારણ કરે તો પણ તેનાં પ્રચંડ પાપનો ગંગા નાશ કરે છે, એમ મુનિઓ કહે છે. આવી મહા ઉત્તમ, શંકરની જટાજૂટને શોભા આપનારાં અને બ્રહ્માંડને આપલાવન કરનારાં ગંગાને જગતમાં કયો સત્પુરૂષ સેવે નહીં? હવે આવાં અર્દ્વિસૂર અને ગંગાનાં ગુણલક્ષણોમાં એક ભિન્નતા વિશેષ કરીને આપણું લક્ષ ખેંચે છે. જુઓઃ આવાં અર્દ્વિસૂર ખામીપૂર્ણ અને રોગીષ્ટ મનુષ્યોની પ્રાર્થનાનો અસ્વીકાર કરતાં કહે છેઃ "નોઇત્ અવાઓ ઝઓથ્રાઓ પઇતિવીસે યાઓ માવોમ ફંધઉહરેન્તિ અન્દાઓસ્ચ કરે નાઓસ્ચ દ્રવાઓસ્ચ મૂરાઓસ્ચ અરાઓસ્ચ રંધહાઓસ્ચ અવદક્ષ્ત દક્ષતવન્ત, યા નોંત પોઉરૂજિર ફદક્ષ્ત વીસ્પનોંમ અનુ માશ્રેમ યા મે અઝેતયાઓરિયત ઝઓથ્રયાઓ ફંધઉદરેન્તુ ફ્રવો યા અપફવો મા દ્રવાઓ વીમીતે.દન્તાનો. મા મે અઝેતયાઓ ઝઓથ્રયાઓ ફંધઝિહરેંતું હરેનો ગતફતો, મદુશતો, મસચિશ, મ કસ્વીશ, મસ્ત્રી મદ્દ્યો અસ્રાવયત ગાથો, મ પઝેસોયો વીતેરેતોતનુશઃ..... ફંધ ઉદ્ધરોમ્ચ આથ્રવનો પરસ્તો વચંધહો પઇતિ પરસ્તો સ્રવંધહો મોંઝદોહ્ય હુનરો તનુમ ગ્રોઃ;—"પ્રીત્યઓને પીડા કરનાર, ક્રોધયુકત, પ્રપંચી, કાયર, કનિષ્ઠ, સ્ત્રી, ગાયા

ગાથા વગર ભણનાર અધર્મીઓ, સર્વાંગે રક્તપિત્તીઓ—એઓમાના કોઇએ પણ મારી આ ક્રિયાની રૂપે પ્રજેલી ભેટની ચાશની કરવી નહી! મારે માટે આ ભેટો અન્ધ, બધિર, દુષ્ટ, નિષ્કરૂણ, કૃપણ, વ્યભિચારી, તથા સધળા માંત્રના કોઇપણ માંત્રને અનુસરતી પુરેતી હોશિયારી વાળી ખારયત તથા ગુણ નહી રાખનારા—એઓમાંથી કોઇ ખાશે તો તે હું કબુલ રાખતી નથી! નહી આગળથી ખુંધવાળાએ, નહી પાછળથી ખુંધવાળાએ, નહી કોચા દાંતવાળાએ મારી આ ચાશની કરવી.....દીનનો ઑલમ શિખેલા, દીનના કરમાનોથી વાકેફગાર, માંત્રા જાણનારા, સદ્‌ગુણી, તથા માંત્રનાં તનવાળા અથોરનાને તે ભેટની ચાશની કરવી!" જ્યારે ગંગાના બાબમાં પ્રતિકૂળ ગુણ જણાય છે. "પિયુષ લહરી"માં કહ્યું છે:

स्मृतिं याता पुंसामकृतसुकृतानामपि च या
हरत्यंतस्तंद्रां तिमिरमिव चंद्रांशुसरणिः ।
इयं सा ते मूर्तिः सकलसुरसंसेव्यसलिला
ममांतः संतापं त्रिविधमपिपापं च हरताम् ॥

विनिंद्यान्युन्मत्तैरपि च परिहार्याणि पतितै-
रवाच्यानि व्रात्यैः सपुलकमपास्यानि पिशुनैः ।
हरंति लोकानामनवरतमेनांसि कियताम्
कदाप्यश्रान्ता त्वं जगति पुनरेका विजयसे ॥

अपि घ्नंतो विप्रानविरतमुशंतो गुरुसतीः
पिबंतो मैरेयं पुनरपि हरंतश्च कनकम् ।
विहाय त्वय्यंते तनुमततुदानाध्वरजुषा-
मुपर्येव क्रीडंत्यखिलसुरसंभावितपदाः ॥

भवत्या हि व्रात्याधमपतितपाखंडपरिषत्-
परित्राणस्नेहः श्लथयितुमशक्यः खलु यथा ।
ममाप्येवं प्रेमा दुरितनिवहेष्वंब जगति
स्वभावोऽयं सर्वैरपि खलु यतो दुष्परिहरः ॥

अविश्रान्तं जन्मावधि सुकृतजन्मार्जनकृताम्
सतां श्रेयः कर्तुं कति न कृतिनः संति विबुधाः ।
निरस्तालंबानामकृतसुकृतानां तु भवतीं
विनामुष्मिँल्लोके न परमवलोके हितकरम् ॥

સાતપર્ય કે: કદિ પુણ્ય કર્યું નથી એવા પાપીઓને તારૂં સ્મરણ થતાં ચંદ્રનાં કિરણથી જેમ અંધારાંનો નાશ થાય છે તેમ તેઓની તંદ્રાનો નાશ થાય છે. આવું આ તારૂં જળ જે બધા દેવતાને સેવવા યોગ્ય છે તે મારાં અંતઃકરણના સંતાપને અને ત્રણ પ્રકારનાં પાપને ટાળો! ગાંડા માણસો પણ જે પાપની નિંદા કરે, પતિત પણ જે પાપનો ત્યાગ કરે, ચાંડાળ પણ જે પાપનું નામ ન લે અને ચાડિયા પણ જે પાપથી પરહરે, તેવા લોકોનાં પાપને અનેકાર હરતાં

જે કદાપિ થાકની નથી એવી એક તું જગત્માં વિજય પામે છે! બ્રહ્મહત્યા કરનાર, ગુરૂપત્નિની ઇચ્છા કરનાર, મદિરાનું પાન કરનાર અને દ્રવ્ય હરણ કરનારા અંતઃકાળે તારી અંદર પોતાનાં શરીરને છોડીને બધા દેવોથી પૂજાતા ઘણું દાન અને યજ્ઞ કરનારાને જે પદ મળે તેનાં કરતાં પણ અધિક પદ્ધિ પ્રાપ્ત કરીને આનંદ માને છે! ચાંડાળ, અધમ, પતિત અને પાખંડી જનોનું સંરક્ષણ કરવાનો તારો સ્નેહ જેમ નરમ કરવો ખરેખર અશક્ય છે તેમ હે અંબા! મારો સ્નેહ આ જગતમાં પાપના ઢગલામાં છે! વસ્તુતઃ પોતપોતાનો સ્વભાવનો કોઇથી પણ પરિત્યાગ કરી શકાતો નથી! જન્મથી આરંભીને જેણે કાયમનાં પુણ્યનાં કામો કરેલાં છે તેવા સજ્જનોનું કલ્યાણ કરવાને તો કુશળ દેવો કયાં થોડા છે? પરંતુ હે મા! નિરાધાર અને ઘાતકી પુરૂષોને આ પૃથ્વીમાં તારા સિવાય બીજુ કોઈ હિતકર નથી! આ ઉપરથી માલૂમ પડે છે કે જ્યારે અર્દ્ધિસુરભાનુ પતિત અને ઉપાધિપ્રકૃત પુરૂષોની બંદગી નાકબુલ કરે છે, ત્યારે ગંગા તેઓને તારે છે. આ વિષયમાં ગંગા ઇરાની નદી કરતાં શ્રેષ્ટ ઠરે છે, કારણ કે અહા ઘાતકી અને રોગી પુરૂષોનેજ દૈવી સાહ્યતાની અવશ્ય કરીને જરૂર પડે છે! આપણે આગળ આવાં અર્દ્ધિસુરનાં શરીરનું વર્ણન આપ્યું તેજ પ્રમાણે ગંગાને માટે પણ કહેવામાં આવે છે.

शरच्चन्द्रश्वेतां शशिशकलशोभालमुकुटां
करैः कुमांभोजे वरभयनिशौ च दधतीम्।
सुधाधाराकाराभरणवसनां शुभ्रमकर-
स्थितां त्वा ये ध्यायत्युदयति न तेषां परिभवः॥

શરદ્ઋતુનાં ચંદ્રના જેવી અને શ્વેત કાન્તિવાળી, બાળ ચંદ્ર ધોળા સર્પ જેમાં છે તેવા મુકુટવાળી, તથા ચાર હાથમાં કુંભ, કમળ, વર તથા અભય જેણે ધારણ કરેલાં છે, તેની, અમૃતની ધારા સમાન સફેદ વસ્ત્રાલંકાર જેણે પહેર્યા છે, તથા જે શુદ્ધશ્વેત મગર ઉપર સવારી કરે છે, એવી જે તું તેનું જે ધ્યાન કરે છે તેનો કદિ પરાજય થતો નથી! જેમ ઇરાની નદીઓ ગ્રીક નદીઓનાં મહાપરાક્રમો આપણે જોયાં તેમ હિંદુ નદીએ પણ અનેક ચમત્કારો કરેલા કહેવાય છે. અત્રે માત્ર એકજ દ્રષ્ટાંત આપીએ: દિલ્હીના બાદશાહ અકબરના સમયમાં કવીશ્વર જગન્નાથ પંડીત નામે એક સાહિત્ય વિલાસી વિદ્વારત્ન થઇ ગયો છે. તેના સમયમાં બાદશાહની દરબારના એક વિદ્વાન કાઝીએ પોતાની વિદ્યાશક્તિથી "ઇસ્લામજ ખરો ધર્મ છે" એ સિદ્ધાંતનું પ્રતિપાદન કરવા દેશપરદેશ જઇ ઉપદેશ કરવા માંડયો. આ વાતથી પંડીત જગન્નાથ સુજ્ઞાત બનતાં તેઓએ કાઝી પાસે દિલ્લી જઇ મુસલમાની ધર્મના વડા ગ્રંથોનું એક વર્ષ પર્યંત અધ્યયન કર્યું અને પોતાની જ્ઞાનસંપત્તિદ્વારા એ ધર્મનું ખરું રહસ્ય જાણી-લીધું, અને છેવટે વાદવિવાદમાં તે કાઝીનો પરાજય કર્યો. એકવાર અકબર બાદશાહ સાથે જગન્નાથરાય શેત્રંજ રમતા હતા તેવામાં તૃષા લાગવાથી રાજકન્યા લવંગી માથાપર સુવર્ણ કળશ લઇને પિતાને જળ પાવા આવી. બાદશાહે જગન્નાથને કહ્યું: તમો કવિ છો તો આ કન્યા વિષે શ્લોક રચો! જેથી થોડાજ સમયમાં તે પંડીતે તેણીની સ્વરૂપયુણસંપન્નતા માટે એક શ્લોક સંસ્કૃતમાં રચી બાદશાહને સંભળાવ્યો, જેથી પ્રસન્ન થઇ બાદશાહે કંઇ પારિતોષિક માગવા કહેતાં તેઓએ લવંગી કન્યાને માગી, જેથી બાદશાહે નિરૂપાયે પોતાનું વ્રત પુરૂં કરવું જ પડયું! રાજકન્યા સાથે લગ્ન કર્યા પછી જગન્નાથજી ઘણાં વર્ષો સુધી બાદશાહના આશ્રયમાં વૈભવ

સહિત રહ્યા, અને પછી વૈરાગ્ય ઉત્પન્ન થવાથી કાશી તરફ પ્રયાણ કર્યું. તેઓને યવન સાથે વ્યવહાર કરવા માટે જ્ઞાતિબહાર મુકવામાં આવ્યા હતા, પણ કાશી ગયા પછી બ્રાહ્મણોએ પ્રાયશ્ચિત કરાવી તેમને જ્ઞાતમાં લેવા કીધા ત્યારે પોતાની પત્નીને પણ હીંદુ જ્ઞાતિમાં લેવા તેઓએ હઠ કરી, જેમ બનવું અશક્ય હતું. તેમની સ્ત્રીએ પિતાને વિજ્ઞપ્તિ કરવાથી અકબરે બ્રાહ્મણોને સમજાવ્યા, જેથી તેઓએ જગન્નાથ પાસે અશક્ય અને અકલ્પ્ય પ્રાયશ્ચિત કરાવવાનો નિશ્ચય કરી શાહને કહ્યું; જો પંડીત ગંગાજીના ઘાટ પર બેસી ભગવતી ભાગીરથીની સ્તુતિ કરે, અને ગંગાજી ઘાટપર આવી તેમને સ્નાન કરાવે તો અમો તેમને જ્ઞાતિમાં લઇએ। જગન્નાથ રાય પવિત્ર અંતઃકરણવાળા તથા ગંગાના પરમભકત હોવાથી તેમણે પોતાની યવનપત્ની સાથે ઘાટ ઉપર બેસી ગંગાની સ્તુતિ કરવા માંડી, એટલે દર શ્લોકે ગંગાનું પાણી એકેક પગથ્યું ઉપર ચઢવા માંડ્યું, અને અંતે સર્વનાં દેખતાં ગંગાજી તેમને સ્નાન કરાવી ઉભય દંપતિનો ઉધ્ધાર કર્યો। ગંગાના ભકતો તેણીની આરાધના કરતાં કહે છે:

समृद्धं सौभाग्यं सकलवसुधाया किमपि तन्
महैश्वर्यं लीलाजनितजगतः खंडपरशोः ।
श्रुतीनां सर्वस्वं सुकृतमथ मूर्त्तं सुमनसां
सुधासौदर्यं ते सलिलमशिवं न शमयतु ॥

स्मृतं सद्य स्वांतं विरचयति शांतं सुकृदपि
प्रगीतं यत्पापं झटिति भवतापं च हरति ।
इदं तद्गंगेति श्रवणरमणीयं खलुपदम्
मम प्राणप्रांते वदनकमलांतर्विलसतु ॥

जडानंधान्पंगून्प्रकृतिबधिरानुक्किविकलान्
ग्रहग्रस्तानस्ताखिलदुरितनिस्तारसरणीन् ।
निलिंपैर्निर्मुक्तानपि च निरयांतर्निपतितान्
नरानंब त्रातुं त्वमिह परमं भेषजमसि ॥

अनाथः स्नेहार्द्रो विगलितगतिः पुण्यगतिदाम्
पतन् विश्वोद्वर्त्रीं गदविगलितः सिद्धभिषजम् ॥
सुधासिंधुं तृष्णाकुलितहृदयो मातरमयम्
शिशुः संप्राप्तस्त्वामहमिह विदध्याः समुचितम् ॥

विशालाभ्यामाभ्यां किमिह नयनाभ्यां खलु फलं
न याभ्यामालिढा परमरमणीया तव तनुः ।
अयं हि न्यक्कारो जननि मनुजस्य श्रवणयो-
र्यदेनौतर्यातस्तव लहरिलीलाकलकलः ॥

विधानं धर्माणां क्रिमपि च विधान नवमुदां
प्रधान तीर्थानाममलपरिधान निजगतः ।
समाधानं बुद्धेरथ रसज्ञ तिरोधानमाधियाम्
श्रियामाधान नः परिहरतु ताप तव वपुः ॥

હે ગંગે! તારું જળ આખી પૃથ્વીનું સમૃદ્ધિવાળું અને અનિર્વચનિય અલંકાર છે, જેની લીલાથી આ જગત ઉત્પન્ન થયું છે એવા શંકરની મોટાઇરૂપ છે, પુણ્યરૂપ છે, તથા દેવતાઓનું સ્વરૂપ છે. આવું તારું સુધારૂપ જળ અમારાં પાપને શાન્ત કરો! જેનું સ્મરણ કરવાથી ચિત્તમાં એકદમ શાંતિ થાય છે તથા એકવાર પણ જેનું ગાન કરવાથી પાપ તથા સંસારના તાપ દૂર થાય છે, એવું કાનને ખરેખર પ્રિય લાગે તેવું "गंगा" નામ મરણ સમયે મારાં મુખકમળમાં ગાજી રહો! હે જનની! જડ, આંધળાં, પાંગળાં, જન્મથી બહેરાં, મૂગાં, ગ્રહથી પીડાતાં તથા જેનાં પાપ દૂર કરવાને કંઈ પણ પ્રાયશ્ચિત નથી તેવાં તથા દેવતાઓથી તજાયલાં નર્કમાં પડેલાં માણસોનું રક્ષણ કરવાને આ દુનિયામાં તુ મોટું ઔષધ છે! હે માતા! હું અનાથ બાળક છું–તું દયાળુ છેઃ પાપથી મને ઉત્તમગતિ મળે તેમ નથી–તું પવિત્રગતિ દેનારી છે, હું પતિત છું–તું વિશ્વોદ્ધાર કરનારી છે, હું રોગીષ્ટ છું–તું નિદ્યવૈદ્ય છે, હું તૃષા પીડીત છું–તું અમૃતસાગર છેઃ હે મા! આવો એક બાળક તારે શરણે આવ્યો છું, માટે તને યોગ્ય લાગે તેમ કર! આ વિશાળ મોટાં નયનવડે જો તારું ધ્રુણું સુદર જળ ન ચંપાયું, તો તે નેત્રોનું અહીં શું ફળ છે? જે માણસનાં કાનની અંદર તારાં મોજાની લીલાનો અવાજ ગયો નથી તેવા માણસને ધિક્કાર છે! તારું જળરૂપી શરીર જે ધર્મનું સ્થાન છે, નવીન આનંદને આપનારું છે, સર્વ તીર્થોમાં મુખ્ય છે, ત્રણ લોકનું અમલવસ્ત્ર છે, બુદ્ધિને સુધારે છે, અને કુમતિનો ક્ષય કરે છે, તથા જે સર્વ સંપત્તિને દેનારું છે. તે અમારાં તાપને દૂર કરો! તેજ પ્રમાણે ઇરાની નદીનુ મહાત્મ્ય જણાવતાં કહેવામાં આવે છે કેઃ "यहम्य अहुरोमज्दाओ हुवपो. निवओधयत आधधि चथति अवजस, अरेद्विसूरे अनाहिते, हुय अवतूप्यो स्नेरेप्यो अविआंम अहुरधातांम, थ्वांम यआओन्ते और्वाओंधहो अहुराओंधहो दंधहु पत्यो पुथ्राओंधहो दंधहु पधातनांम थ्वांम नरयित येाइ तप्म जधध्याओन्ते आसु अस्पीम खरेनंधहस्य उपरतातो. थ्वांम आथ्रवनो मरेम्नो आथ्रवनो थ्रायओनो मरतीम जधध्याओन्ते स्पानेम्य वेरेथ्रधनेम्य अहुरधातेम वनधन्तीगच उपर तातेम. थ्वांम कधनिनो वघ्रे यओन क्षथ्र हवापाओ जधध्याओन्ते तप्मेम्य न्मानोपथतिम. थ्वांम चराथतिश जिजनाथतिश जधध्याओन्ते हुआमीम तूम ता अओधप्यो क्षवम्न निसिरिनवाहि अरेद्विसूरे अनाहिते!"–"તેણીને ભયા અહુમઝદે જણાવ્યું કેઃ અય નિર્મળ અરેદ્વિ! આ તારામય ભૂવનપરથી તું જા અને મારી પેદા કરીયેલી ઝમીન તરફ તું પહોંચ, કે જેથી બહાદુર સરદારો, દેશપતિઓ, તથા શાહઝાદાઓ તને આરાધશે. નરવીરો તારી પાસેથી ઘોડાની તેજી તથા ઊંટોનું ઉત્તમપણું માંગશે; અવસ્તા ભણનારા અયોર્નાનો–ત્રણ પંથવાળા અયોર્નાનો તારી પાસેથી મોટાઇ, ડહાપણ, ફતેહ તેમજ શ્રેષ્ઠાઇ માંગશે; પ્રતિષ્ઠિત પરણવાને લાયક કન્યા તારી પાસેથી પાદશાહી મકામ તથા બળવાન ભર્તાર માગશે; વળી જનેતાઓ તારી પાસેથી સહેલ પ્રસૂતિની ઇચ્છા કરશેઃ એ સઘળું. અય નિર્મળ અરેદ્વિસૂર! તું શક્તિવાન્ હોવાથી તેઓને બક્ષશે!" આવાં અરેદ્વિસૂરની મહત્વતાની પરાકાષ્ટા તો આ ફકરા પરથી દૃષ્યમાન થાય છે કેઃ "तांम

યઝત યો દધ્વાઓ અહુરો મઝદાઓ એર્યેને વઐજેહી। વંધ હુયાઓ દાઇત્યયાઓ, હઓમ યો ગવ બરેસ્મન*હિઝવો દંધહંધહ માંથ્રચ વચય ખ્યઓથ્નસચ ઝઓથ્રાખ્યસ્ચ આર્યુખ્ધએઇખ્યસ્ચ વાયઝિખ્યોઃ"—"તેણીને દાદાર અહુરમઝદે વેહેદાતી નદી આગળનાં ધરાનવેજમાં હોમ જે છવાંમ તથા બરસમ સાથનો, તથા જે મન, વચન તથા કરણી સાથની ઝબાનની દાનેશવટે, તથા ક્રિયાનાં જોરને માટે રાસ્ત ગોલેલા સખુનોથી તૈયાર કરવામાં આવ્યો છે તે વટે આરાધી!" આ ફકરાપરથી એમ સિદ્ધ થાય છે કે સર્વ શક્તિવાન દાદાર અહુરમઝદે પોતાનીજ પેદા કીધેલી વ્યક્તિથી સાહ્યત. માગી। જો એમજ હોય તો અહુરમઝદની અપાર શક્તિ અને પરિપૂર્ણતા કયાં રહી? પરંતુ એ પરથી કંઇ પણ જો સ્પષ્ટ થતું હોય તો એજ છે કે અર્દ્વિસુરનુ મહાત્મ્ય એટલું બધુ છે કે ખુદ તેનો કર્ત્તા પણ તેની મદદ માગે છે। ગ્રીક શ્રેષ્ટ દેવ ઝીગસ શું અન્ય દેવતાઓની મદદ નથી માગતો? હિંદુ પરમાત્મા બ્રહ્માજી શું બીજી દિવ્ય શક્તિઓની મદદ વગરજ સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ, લય અને લાલનપાલન કરે છે। સ્કેન્ડીનેવ્યન ઓડીનના બાબમાં પણ આપણુ શું બનતું જોઇએ છીએ? કુદરતનો અચુક અને અનુલ્લંઘનીય નિયમજ એ છે કે સહકાર વગર—અન્યોન્ય સાહ્યના વિના—ખુદ ઇશ્વર પણ જગતનુ પ્રગટીકરણ કરી શકતો નથી. અને ઉક્ત ફકરો માત્ર પરસ્પર મદદનાં દ્રષ્ટાંતરૂપે છે। ગંગાને માટે પણ એવાજ શ્લોકો મળે છે તેથી શું બ્રહ્માજીની શ્રેષ્ટતાને કલંક લાગે છે? જુઓઃ

न यत्साक्षाद्वेदैरपिगलितभेदैरवासितम्
न यस्मिन् जीवाना प्रसरति मनोवागवसरः ॥
निराकार नित्य निजमहिमनिर्वासिततमो
विशुद्ध यत्तत्व सुरतटिनि तत्त्व न विषयः ॥

विधत्ता निःशक निरवधिसमाधिं विधिरहो
सुख शेषे शेतां हरिरविरत नृत्यतु हरः ।
कृत प्रायश्चित्तैरलमथ तपोदानयजनैः
सावित्री कामानांयदि जगति जागर्ति भवति ॥

હે ગંગા! શંકા વગરના સાક્ષાત વેદથી પણ જે કળી શકાયું નથી અને જેમાં માણસોનાં મન અને વાણી પહોચી શકતા નથી, તથા જે નિરાકાર છે, નિત્ય છે, અને પોતાના મહિમાથી જેણે અહંકારનો નાશ કર્યો છે એવુ વિશુદ્ધ બ્રહ્મતત્વ તે તુંજ છે—બીજો કોઇ વિષય તું નથી। માણસોની ઇચ્છા પૂર્ણ કરનારી તુ એક જગતમાં જાગે છે તો બ્રહ્મા ભલે શંકારહિત થઇને અંત વગરની સમાધિ ધારણ કરે, વિષ્ણુ ભલે સુખેથી શેષ ઉપર સુઈ રહે, શંકર ભલે નિત્ય નૃત્ય કરે, વળી પ્રાયશ્ચીત અને તપદાન કે યજ્ઞ કરવાની પણ જરૂર નથી, કારણ કે એ બધાનુ કામ તું એકલીજ કરે છે એ આશ્ચર્યની વાત છે! "આ પ્રમાણે આપણા અર્દ્વિસૂરનો આટલોબધો તેમજ ગંગા સાથે કેવી રીતે મૂકાબલો થઇ શકે તે આપણે જોઇએ છીએ. તેણીના માનમા ફિરાઝનુ એક સુંદર ગાયન આપી આ વિષય સમાપ્ત કરશુ.

સિઝદો કરો પવિત્ર આ તાં અર્દિસૂરને,
હરખી નમું છ પરવરનાં નેક નૂરને!
આબાદ જે કરી સુખ સહુ દેછ જહાનને,
અર્પણ કરું છ તનમન તું પાક પૂરને!
મરકી બૂરાં દર્દ બદબો તું દૂર કરે,
બક્ષેછ તાઝગી નિત રહાં શહૂરને!
તું દેછ જહાનને ફળફૂલો અનાજ બહુ,
લાયક સદા કરેછ સઝા કુટિલ કુરને!
પીએછ આગ તેનું-ખોડી સફા કરે,
દે માતને બહુ દૂધ પૂર શકિત શૂરને!
રે શાન્તિ પામવા તનમનથી ખુદાયથી,
સર ઝૂકવી કરું છ અર્જ હું હજૂરને!
આવાં અર્દિસૂર જે, જહાન કરે આબાદ;
નમુછ હું દેખી તેને, કરું છ ખુદાની યાદ!

વાંચણના શોખીનોએ

દીલે આરામ.

વાંચવા તો બીલકુલ ચુકવું જ નહીં. વાર્ષિક લવાજમ માત્ર રૂ. ૪) (વી. પી. થી. ૪॥) નાં લવાજમમાં બારે માસ નિયમીત ચોપાનીયું મોકલવા ઉપરાંત પટેટી ડબલ અંક તથા નીચલાં —પુસ્તકોમાથી કોઇપણ એક ભેટ તરીકે વહેંચવામાં આવે છે.

અમારાં શોખીન વાંચકોનાં જુદા જુદા ટેસ્ટને અનુસરતી જુદી જુદી પાંચ નોવેલો રાખવામાં આવી છે, જેથી જેને ગમે એવી પેશ પડતી ભેટની ચોપડી મણી શકશે.

ઓછામાં ઓછી ત્રણની પસંદગી કરી મોકલવે એક બલાસ થઇ હશે તો બીજી યા ત્રીજી ભેટ તરીકે મોકલી શકાશે.

૧. "બુરીઆ બંજર" (હોા બ૦ માદન કૃત પારસી સંસારી ૨૦૦ પેજની નોવેલ.)
૨. "રજપુત વીરરસ કથા" મરહુમ કવી રૂસ્તમ ધરાનીની ૨૫૦ પેજી પોકેટ નોવેલ.
૩. "બાપ કે સાપ"—બી૦ મેહરવાન બી. ધડમાલીની લખેલી પાકાં પુઠાંની ૨૨૫ પેજની પારસી સંસારી નવલકથા.
૪. "અકલનો બજનો"—બી૦ મશારેકની લખાયલી ૧૫૦ પેજી ટુકી વાર્તાઓની ચોપડી.
૫. "સરોદે-ઇ-તેફાક"—બી૦ બેહરામજી મે. મલબારી કૃત પાકાં પુઠાંની ૭૫ પેજી કવીતાની ચોપડી—બાસ બગેનનાં શોખીનો માટે ઉત્તમ ચવચવ.

આજેજ લખોઃ—મેનેજર, દીલે આરામ, કાર્ડ મારફિટ, મુંબઇ.

સાલ મુબારક.

ગઝલ.

અહોહો! આજનું વ્હાણું, પતેતીનું નવું ટાણું.
લલિત લાલિત્ય ભર લ્હાણું, મુબારક હો! મુબારક હો!!
ઉષારસ રેલતી આવી, શુભાશિત ફુલડાં લાવી!
કહે નવું વર્ષ બતલાવી, મુબારક સર્વને હોજો!!
વધો કીર્તિ અને કાન્તિ, સરસ્વતિ, લક્ષ્મિ આબાદિ!
સ્થળે સ્થળ સંપને શાન્તિ, મુબારક હિન્દને હોજો!!
ઉદય ઉદ્યોગથી થાજો, કળાઓ હિન્દ ઉભરાજો!
નીતિજળ નિતર્યાં ન્હાજો! મુબારક મુલ્કને હોજો!!
નવાં ચેતન જગાવાને, પ્રેમ પરિમળ બહાવાને!
સ્વધર્મે સૌ સુહાવાને, મુબારક હો! મુબારક રહો!!
મધુરાં બાળકો ગાજો! પ્રિયાઓ પ્રેમથી રાજો!
અનેરાં સુખડાં છાજો! મુબારક બલ્કને હોજો!
કર્મયોગી મહા ત્યાગી, કર્મવીરોય બડભાગી!
પ્રભુ ને દેશના રાગી, મુબારક સર્વને હોજો!
સુદર્શન ચક્રના યોગિ, માતૃભુમિ સેવના લોગી!
સત્ય સ્વરાજ્યના જોગી, મુબારક તેમને હોજો!
જીવન નવરંગ ભર વ્હાલે! અને રસ સાગરે મ્હાલે!
મણિમય ફળફુલે ફાલે! મુબારક હો! મુબારક હો!!!

પાદશાકર.

પરવર પસંદ વચન અનુસાર વર્તન.

લખનારઃ-માણેકશાહ દીનશાહ મીસ્ત્રી.

Lo Harischandra, India's ancient king,
Whose praise even now throughout doth ring,
For plighted word with indignation spurned
Whate'er he had on earth, and cheerful turned
A Common sweeper in the grave-yard old,
And nobly bore calamities untold.
So too Prince Shiavax of Kayanian fame,
For plighted truth has left a lasting name.
He lost his right to crown of great Iran,
His home and country, for uncouth Turan.
He left his friends and kingly father's care,
His princely honour great, beyond compare.
For years lived in a distant alien land,
And last he lost his life by a tyrant's hand.

(R. B. P.)

કૌલપર ધનસાન રહતે હય જો અપને ઉસ્તવાર,
જાનો માલ અપના વહ કર દેતે હય વઅદેપર નિસાર.
દેવતાવોંને બદોંસે રંજ પાયા ગો હજાર,
કૌલસે ફિરની નહિ અપને ફિરે વહ જીનહાર.
મર્દ હય જો, કયા વહ અપની ફેર લેતે હય જુબાન ?
જાન દેકર બાત રખતે હય, જો દેતે હય જુબાન.

(તાલિમ.)

જરથોસ્તી ધર્મ પ્રમાણે કૉલ તોડવો એ ગુનાહ છે, પણ કોઇને આપેલો કૉલ પાળવાને ભુલી જવું એ કાંઇ ઓછો અપરાધ નથી. ગમે એવા હલકા આદમીને પણ આપેલો કૉલ પુરેપુરો અને વખતસર અદા કરવોજ જોઈએ! કૉલ યાદ નહીં રહેવાનું બ્હાનું ધર્મરી ધનસાફ લઇ ચમાવતો નથી. સ્મરણ શક્તિ સારી ન હોય તો, વાયદો દેતી વખ્તે કાગળ ઉપર તેની નોંધ રાખવી, અને મુકરર મુદતે તે પાળવાને તત્પર રહેવું. ધરની બાહેર ચાહે એટલું સખ્ત તોફાન ચાલતું હોય તોએ મજબુત મકાનમાં વસતાં માણસોને કશો ડર રહેતો નથી. તેમ એક ધસમસતું અંતઃકરણ કૉલ ઉપર ઓસ્તવાર હોય તો, તેની આમપાસ બદીનું જોર ઉભાળા મારતું રહેવા છતાં તે બદીના વમળમાં નહિ સપડાતાં, સંપુર્ણ શાંતિ વચ્ચે સુખના માર્ગ ઉપર આગળ વધ્યો જાય

છે. ખરો ભાગ્યશાળી તે, કે જે બોલે તે બજવે! ઇરાનમાં પારસી પાદશાહત સમાપ્ત થતાં, દિન દુશ્મનોથી જરથોસ્તીઓ ઉપર અનેક દુઃખ પડવા લાગ્યાં. આ ઉપરથી તેઓ પોતાના પવિત્ર મહઝબની બળવણી અર્થે સર્વે માલ મિલકત તજી દઇ દેશનિકાલ થઇ હીંદુસ્તાન તરફ હાસી આવતા હતા ત્યારે સમુદ્રમાં તોફાન થવાથી તેઓએ તે પાક પરવરની આરાધના કરી તથા "અહુનવર"ના એજમતી કલામ પઢી તેની સાક્ષી સાથે એવો એકરાર કીધો કે; "અમો સહિસલામત હિંદના કીનારા ઉપર ઉતરીને જ્યાં રહેઠાણ કરી ઠર પડીશું ત્યાં બહેરામ યઝદની નૈયતે આતશની સ્થાપના કરીશું." આ પ્રમાણે વગર હાનીએ સંજન બંદરે આવી ઉતરતાં ત્યાં ફરેસ્તા બહેરામ યઝદની નૈયતે તેઓએ પોતાના કૉલ મુજબ આતશ પરથ્યા જે આતશ બહેરામ સાહેબ હાલે "ઇરાનશાહ"ના નામથી શ્રી ઉદવાડામાં મોજુદ છે.

વચન પાળે તે રાય, બાકી તો રાંડી રાંડો;
વચન પાળે તે શાહ, બાકી તો ગુણ હિણુ ગાંડો.
વચન પાળે તે શેઠ, ધર્મ સઉ ધાર્યો તેણે;
વચન પાળે તે વિર, જગત જશ લીધો જેણે.
વચન પાળે વખણાય છે, નાના મોટા પારસી;
બંદો કહે બદબખ્ત તે, જેને ફરી જતાં વાર શી?

થોડાં વર્ષની વાત ઉપર ન્યુ યૉર્કની એક દુકાનમાં એક ગબરૂ બાંધના માણસે દાખલ થઇ તેના માલેક પાસે નોકરી ચાહી. માલેક બોલ્યો, "તમો શું કામ કરી શકશો?"

"આપ જે ફરમાવશો તે."

"મને તો સખ્ત મહેનત કરનારો ચાલાક આદમી જોઇએ છે. દાખલા તરીકે, આ સામે પડેલી ભારી ગુણ ખભે મારીને તે કેઠે પણ મુકવા વગર દુકાનમાં બે આંટા મારે એવા જોરેમંદ બસમનો મને બપ છે. તમો તેમ કરી શકતા હો તો, હું તમોને સારા પગારે રાખીશ." પેલાએ તે કબુલ કીધું. દુકાનના તમામ નોકરો પોતાનાં કામ પડતાં મૂકી તેનો રકાસ જોવા ત્યાં આગળ એકઠા થયા, અને આપસ આપસમાં તેની મશ્કરી કરવા માંડી. તે તો જાણે કશું જાણતો કે સાંભળતો ન હોય તેમ બેફિકર પેલી ગુણ આગળ ગયો, અને તેને રહેલથી ઉંચકીને સપાટામાં બે આંટા માર્યા. બાદ દુકાનની દિવાલ ઉપરના એક હુકમાં ગુણ ખુશાલ ઓળવી ને બોલ્યો, "બસ, એ હાંજ રહેશે! હવે કયાંએ હું તે મુકવાનો નથી." તેનો ફેસ્નો જોવા આવનારાઓ પોતેજ ફજેત થઇ ચાલતા થયા, અને માલેકે પોતાનો બોલેલો બોલ પાળી તેને નોકરીએ રાખ્યો. આજે તે આદમી દુકાનનો એક ભાગ્યો થયો છે. ગુણ કેઠે મુકવા વગર બે આંટા મારવાની માલેકની અલંકારિક માંગણી તે પાળી ગયેલો હોવાથી, જમિનપરનો બોજો ભીંતને હસ્તક સોંપવાની દુરઅંદેશી તેને સુઝ પડી.

શાહ ગુસ્તાસ્પનો "બહેઝાદ" નામક ઘોડો હતો. તે રંગે કાળો હોવાનાં કારણે "અસ્પેસિઆ" દાખલ બોળખાતો. તેજી ઝડપ સાથ લડવામાં હિમતવાન હોવાથી શાહનો તેના ઉપર સારો ચાહ હતો.

નજર એક બામદાદે પડતાંને વાર,
દિઠો ન રખેવાલે પગ તેના ચાર.

ખબર આ બનાવની કીધી શાહને ઝટ,
ખરેખર અજબ આ હતી ચટપટ.
સાંભળી જ્યારે શાહે આ નાખુશ ખબર,
ધાસ્તીમાં આવી થયો નાસબર.
હકીમોબી આવીને હાજર થયા,
ને તેગના ઉપાય સઉ રહ ગયા.
થયો શાહ ગમગીન ને બોલ્યો કરાર,
કેલાઇ રહી સબબે તેની ચકચાર.

આ વાતની હઝરત જરથોસ્ત સાહેબને વાકેફ કરવામાં આવતાં તેવણે શાહ ગુસ્તાસ્પ આગળ જઈ કહ્યું કે તેવણની નિચની ચાર શર્ત પાળવાનો કોલ શાહ આપે તો, સદરહુ ઘોડાના ચારે પગ તેવણ બાહેર આણે:—૧) ખુરદ જરથોસ્તી દિન શાહ અંગિકાર કરે. ૨) શાહનો સાહેબજાદો અસફંદીઆર પોતાની જબાનથી, જવાંમર્દીથી અને મકિનથી જરથોસ્તી દિન ફાએહ કરવાનાં કામમાં મદદ આપે. ૩) શાહની રાણી, કેતાયુન જરથોસ્તી ધર્મ ધારણ કરે. ૪) તેવણ (જરથોસ્ત)ની સામે કાવતરું રચનારાઓને શોધી કાઢીને શાહ તેઓને સજા ફર્માવે શાહે આ કોલકરાર કબુલ કીધા. નબી સાહેબે પોતાનુ તન પાક કરી જનોઈગર દાદારની યાદ ચાહી, અને પોતાની બંદગીનાં બળે ઘોડાના ચારે પગ બેંચી કાઢયા. આ કરામત જોઈ આખું બલ્ખ શાહેર નબી સાહેબ ઉપર કુરબાન થયું. હુન્નરી નગરવાસીઓએ તેવણને પરવરનો સાચ્ચો પ્યારો પયગમ્બર ગણીને, તથા તેવણના મહઝબનાં વખાણ કરીને, માન અને મોહબતથી ભલી જરથોસ્તી દીનનો સ્વીકાર કીધો. કહેવાની જરુર નથી કે શાહ ગુસ્તાસ્પ ચારે શર્ત આધિન બોલેબોલ ચાલ્યો. ઉપરાંત મિનલસીઓ હજુર તેણે બેબાક સખુન ઉચાર્યા કે—

દિન ખુરદ જરથોસ્તી ખુદાની જોઈ ને માની હવે,
બહેતરી દુનીઆની છે એ દિનમા જાણી હવે,
બાવર કરો આ દિન બલી તમ કુલ ધરાની હવે,
એ દિન બલીમાં જોઇ છે હકની નિશાણી હવે.

એક વેળા ચિનની મુસાફરી દરમ્યાન નેક નામદાર સર જમશેદજી જીજીભાઇ પહેલા બેરોનેટવાળી સિટમર ખડક સાથ અથડીને ભાંગી ગઇ. સર્વેને દોડાદોડીમાં "લાઇફ-બોટ"માં ઉતારવામાં આવતા હતા તે વખતે સર જમશેદજીના એક વફાદાર પારસી મદદનીશ હોરમસજી ખરશેદજી બરજોરજીએ પોતાના પ્રાણની પરવા ન કરતા સર જમશેદજીનાં કીમતી મોતીઓ બચાવવાનો પ્રયાસ કર્યો. આ જોઇ સર જમશેદજીએ તેની સેવાની કદર બુઝવાનો પોતાનાં જીગરને છુપો કોલ આપ્યો. મોતીઓ મળવામાં આખરે સહિસલામત લઈ જવામાં આવ્યાં. સર જમશેદજીએ તેનાં ભરણ તૂલિક તેને પુર સુખચેનમા રાખ્યો. મુબઇ પોતાની પનોતી પેઢી આગળ એક ઘર પણ જમશેદજી શેઠે પોતાના વચનની યાદગારીમા હોરમસજીને બાંધી આપ્યું. આ ટુંક લેખનો તાત્પર્ય એક દોહરામાં વાંચકને આપી શકાશે કે—

કોલ રૂપ જે થઇ પડે, બોલ ન તેવો બોય,
બોલી બદલાવું નહિ, બોત બોજ તુજ કોલ.

———:o:———

અમારા સાબુના ઉપરથી નીકળેલી નકલોથી ઠગાતા નહિ.

કંઈ પણ મહેનત વગર વાળ કાઢવા માટે

બાદશાહી સાબુ.

બાદશાહી સાબુ રજીસ્ટર નંબર ૫૨૯.

બાદશાહી સાબુ—સફાઇથી વાળ દુર કરવા માટેજ છે.
બાદશાહી સાબુ—ચામડીનો અસલી રંગ રાખે છે, કાળી પડતી નથી.
બાદશાહી સાબુ—હીંદુસ્તાનનાં હજારો દુકાનોપર મળે છે.
બાદશાહી સાબુ—વાપરનારાઓ સંપુર્ણ સંતોષ પામ્યા છે.
બાદશાહી સાબુ—ચામડીના તમામ દરદો નાબુદ કરે છે.
બાદશાહી સાબુ—હર વખતે વાપરવાથી નુકશાન થતુંજ નથી.
બાદશાહી સાબુ—ગુપ્ત ભાગોના વાળ સારી રીતે કાઢે છે.
બાદશાહી સાબુ—ત્રણ સાબુના બાકસ એકનો રૂ. ૧) પોસ્ટ ચાર આના.

હિંદુસ્તાનમાં જગેજગ બાદશાહી સાબુ વેચવા માટે એજન્ટો જોઇએ છે.

સી. સી. મહાજન એન્ડ કુંપની,

પ્રોપરાઇટર એ. સી. ગાંધી.

સ્વતંત્ર વેપાર—હજારોની કમાઈ.

કાર્ડ વીઝીટ સાઈઝ—કીંમત માત્ર રૂ. ૧૫.

ફોટોગ્રાફ ઉતારવાના

છુપા કેમેરા

કેમરોથી નાનુ બન્યું પણ સહેલાઇથી ફોટોગ્રાફ ઉતારી શકે છે. દોડતી રેલ્વે, ઉડતું પક્ષી, દશ વીશ, પચીસ માણસોનો ગ્રુપ વીગેરેનો ફોટો સહેલાઇથી ઉતારી શકાય છે. દરેકને ફોટોગ્રાફ ઉતારવાનું કામ ઘેર બેઠાં શીખાવી શકીએ છીએ. કેમેરા લાકડાની પેટીના એ વ્યુફાઇડર, છ ડાર્કસ્લાઇટ, લેન્સ, સટર, ડાયાફ્રામ, ટાઇમ પ્લેટ રીકોરડીંગ, સંપુર્ણ ગાહીતી સહ કીંમત રૂ. ૧૫) પોસ્ટેજ પંદર આના, દરરોજ દશ રૂપીઆ સહેલાઇથી કમાઇ કરી શકાય છે.

સી. સી. મહાજન એન્ડ કુંપની,

પ્રોપરાયટર એ. સી. ગાંધી.

શેખ મેમણ સ્ટ્રીટ—મુંબઈ નં૦ ૨.

ગુલાબ-ચંબેલીની શાદી!

યાને

પારસી નવા વરસને દીવસે નવી જાતનાં લગન!

(એક સ્કેચ.)

લખનાર—"મશરેક."

ધરરર ધુમ તરરર તુમ, ધુમ ધર ધુમ ધર તુમ તર તુમ તર, ધુમ ધુમ ધુમ તુમ તુમ તુમ! શું છે ભાઇ? પારસીઓની પતેતી છે, અને નવા વરસની ખુશીમાં ઢોલ તાસા વાજાંનો એ અવાજ છે! હું જાગી ઉઠયો–કુસ્તી કરી પાક પરવરદીગા-રની બંદગીમાં શામીલ થઈ–ચા નાશ્તાને ઇન્સાફ આપવા લાગ્યો.

ધંધાપર તો સારે સણકતે દીવસે જરુજ જોઈએ તેથી નવા કપડાં પહેરી ધંધે જવાની અગાઉ આતશ બેહેરામ પાદશાહની મુલાકાત લીધી. સુખડ ચઢાવી પાદશાહને નમી–રૂખસત ચાહી.

ધંધાપર ગયો–બેઠો–ચાર દોસ્તો મલ્યા–"શાલ મુબારક" ઇચ્છી સ્વીકારી તેટલાં બપોર થઇ એટલે ધાન દાલ પાટીયો સગનની સેવ ને દહીંપર હાથ ચલાવ્યો, અને પછી "પાક ખુદા તહારી મદદ" કરીને હાથ પગ લાંબા કરીને બાંકડાપર આરામ લેતો પડયો.

બાગમાં બાબા શું જોઉં છું કે જાણે ચંબેલીના લગન થવાના છે! લગનને લાયકની થઇ છે. તેનો બાપ મોટો માણસ નથી, નહાની એક વેલ છે–જેને અનેક બીજી બેટીઓ છે!! પહેલાં તો ઘણે ઠેકાણે વાતચીત થઇ, પણ લગન કોઇ સાથે નક્કી થાયજ નહીં: બાગનો રાજા ગુલાબ તે તો મોટે ઘરનો પડયો. ભાઇ, એટલે તે કેમ દરજ્જેથી ઉતરીને પરણી શકે?—"પેશન ફ્લાવર" નામની વેલના પુલ સાથે લગનની વાત થઇ, ઇનકાર તો નહીં હતો, મગર પુલ એકદમ લાલ ગુસ્સાણાજ હોવાથી ચંબેલી સાથે કાશી સંધ કેમ જશે તેની ફીકર પડી ગઇ!!–કેવડા તરફ ધ્યાન ગયું પણ તેનું તો દીમાગજ નહીં, પતા નદારદ! આખરે એક ભમરાએ કાજ વસતારા કરવા માંડયા, અને લગન કરાવી આપવા માટે તે વચ્ચે પડયો ઘુંઉ-ઘુઉં-ઘુઉં કરતો તે પુછવા પડયો, "છોકરી છે?"

ચંબેલીના ઝાડે પાંદડાં હીલવીને જવાબ દીધો "હા."

ભમરાએ પાંદડાંપર બેસીને પુછયું "છોકરીને જોઈ શકીશ?"

ચંબેલીના ઝાડે ડાલી ઝુકાવીને, સંકોચથી આંખો બંધ કરતા કરતા, છોકરીના ચહેરાપરથી ઘુંઘટ હટાવવા માંડયું પણ છોકરી શરમાળ હતી એટલે ચહેરો બતાવ્યો નહીં!

ભમરો જે ચહેરો જોવા માટે ઉડતો રહ્યો હતો તેણે એક ચક્કર ફરીથી ફરી લઇને કહયું, "છોકરીનો ચહેરો મને જોવોજ જોઇશે–માટે ઘુંઘટ બોલો."

લાજવાળી છોકરીએ ચહેરાપરથી પરદો દુર નહીં કીધો! ઝાડે ભમરાને કહ્યું, "મ્હારી છોકરીઓ બહુ શરમાલ છે! તમ્હે જરા થોભી જાઓ, હું બેટીને સમજાવી સમજાવીને સીધે રસ્તે ઉતારીશ."

ભમરો તે સાંભળીને ઉડી ગયો, અને ગુલાબની પાસે જઈ ટાહેલાં ચલાવવા લાગ્યો! યહાં ચંબેલીની બીજી બહેનો તેને સમજાવવા લાગી "બહેન, જરા ઘુંઘટ તો બોલ, નહીં તો વર નહીં આવશે—મ્હારી પ્યારી, મ્હારી વ્હાલી, મ્હારી અઝીઝ, એમ નહીં શરમા." ચંબેલી કળી બોલી, "તું જા બહેન, ચાલી જા, હું શરમાઉ છું."—મગર ઘણી સમજાવટ પછી આખરે ચંબેલીની કળીએ ચહેરો બોલ્યો. ભમરો ગુલાબના રાજ મહેલથી ઉતરીને પાછો આવ્યો, છોકરીને જોઈ; ખુશી થયો, જેવું રૂપ હતું તેવીજ સુગંધ હતી! ભમરો બોલ્યો "છોકરી ગુણવતી છે. પણ ઘરમાં મધ કેટલું છે; મધ?"

છોકરીના બાપ તે ચંબેલીના ઝાડે કહયું, "જેટલાનો કરાર હશે તેટલો આપીશ, એક રતીભારણી કમતી નહીં."

ભમરો બોલ્યો "ઠીક! ત્યારે હું કાજ કરી આપું તો મ્હારી મહેનતનું શું?"

ઝાડે ડાળી હીલવીને કહયું "તેબી આપીશ."

"આપીશ આપીશ નહીં." ભમરો બગડ્યો થયો, "મહેનતની રકમ થોડી પેશગી આપવી પડશે. તમે પેલી કહેવત તો જાણો છો કે 'નગદ દાન, મહા કલ્યાણ!' એ ગુણ રાખશો તો બહુ સારૂ."

ત્યારે ઝાડે બધી ડાલીઓને હીલવીને પુછયું "ભમરાજી, વર કોણ છે તે તો પહેલા બતાવો, તેના ઘરનો હાલ તો સુનાવો."

"વર સારો છે. તેનામાં ઘણા ગુણ છે."

"પણ તેનું નામ?"

"મીસતર ગુલાબજી ખુશબુદારજી એસકવાયર, બી. ટી., બી. એસ."

"એ બી. ટી. અને બી. એસ. તે શું?"

"બી. ટી. એટલે બહુ દેખાવલો, અને બી. એસ. એટલે બહુ સોહરમવાલો," ભમરાએ ખુલાસો કીધો, "તમ્હારો જમાઇ ગુલાબ બહુજ દેખાવલો અને બહુજ સોહરમવાલો છે."

આખરે ચંબેલીનું ઝાડ પોતાની સુંદર કલીને ગુલાબ સાથે પરણાવવા તઈયાર થયું અને ભમરો તે ખુશ ખબર લઈને ગુલાબ તરફ ઉડયો! તે વખતે ગુલાબજી તો હવાની સાથે નાચી નાચી હસી હસી કુદી કુદીને ગેલ ગમ્મત કરતા હતા. ગુલાબે તો ખુશ ખબરી સાંભળીને છોકરીની ઉંમર પુછી. ભમરાએ તેના જવાબમાં કહયું, "આજ કાલમાં બીબી ઉઠવાની ઉમર છે."

લગનનો દીવસ નક્કી થયો અને ગુલાબ પોતાને હાથેજ લગનની બધી તઈયારી કરવા લાગ્યો. ભમરો બીજા ભમરાઓને લઇ આવ્યો અને તેઓએ ગાયણોની તાણ અલાપ ખેંચવાનું શુરૂ કીધું! ભમરા ગાતા થાકી જાય કે મધમાખીઓ નવા નવા સુરે નવા નવા ગાયણો ગાઈને લગનમાં આવેલાં પહોરાણાંઓના જીવને ખુશી રાખે!

જાઈ-જુઈ અને ગુલછડીએ છોકરી ચંબેલી તરફથી છોકરીના લગનનો વાગો ધર્યો અને ગળે લગાડી તેને આશીરવાદ દેવા લાગી!—સીંગલ અને દુગલ મોઘરાએ અને તગરના પુલોએ છોકરા ગુલાબ તરફથી ફરજ બજાવી તેની સાથેના સાથે ફર્યા કીધા! સફેદ, લાલ, અને પીળી કનેરના ફુલોએ સ્હાજનને પોતાના ઉંચા રૂબાબથી આણરૂ આપી! પીલો ચંપો જો કે સાધુ સંત થઇને પીલાં કપડાં પહેરી લગનમાં આવ્યો હતો પણ સ્હાંજથીજ તેણે "કેનતીન" ના ખુલવા સાથ "નાંખ, નાંખ, નાંખ" કરીને ખુબ બેરન્ડી લીધેલો એટલે તેના મોંઢામાંથી ખુબ ગંધ આવતી હતી!! કેવડો સ્હાજનમાં મસ્ત બનીને ફરતો હતો! સ્હાંજના "બાર" બોલવોજ નહીં જોઇએ કેમ જે અરોકણી શરાબના નશાથી લાલ લાલ બની ગયો હતો! કમળ શાહુજાદો પાણીની શરદીથી પટકાઈ પડયો હતો અને તે જો કે લગનમાં આવી શકયો નહીં હતો પણ તેણે તલાવની આસપાસ ઉગેલી સદાપુલીને પોતાને બદલે લગનમાં મોકલી હતી! મગર, લગનમાં ધાઈ મારૂઓ જેમ હાડમાર થાય છે તેમ વગર તેડાંએ લગનમાં ધાઈ આવેલી સદાકુલી ત્યાં પોતાની સફેદ અને લાલ રંગની સાડી બતાવવા સીવાય કોઇણી જાતની ખુશણુ ફેલાવી શકી નહીં!

ગુલબાસ, જાસુદી, બટકવેલ, પેશનફ્લાવર, અને અલામેનદાના પુલોએ ધાંધલ ધરપચ કરીને બધાં લગનનાં પહોરાણાંઓને સાથે લઇ ગુલાબવરને ઓટલેથી છોકરી ચંબેલીનાં ઓટલા તરફ ચાલુ મુકયું. ત્યાં જઇને બધાંએ જોયું તો છોકરી ખુશીથી બીલી રહી છે, ચહેરાપરથી સાડીનો સોડ દુર કરી નાંખીને સુગંધ ફેલાવતી સુખનું હસ્વું હસી રહી છે. ચંબેલીના ઝાડનીબી ખુશી કાંઇ કમી નથી, કેમજે એકેક પાંદડું એક બીજાને ગળે વળગીને ખુશી મનાવે છે! આખરે રાત પડી અને આગીયા કીડાઓએ ઉડીને ત્યાં લાઇટ કીધી! તે લાઈટ તળે લગનની કીયા શુરૂ થઇ-મંદ મંદ પવનની ખુશ લહેકી લાગવા માંડી! પીલા મેઘનોલીયાએ છોકરી અને છોકરાના હાથ પકડી તેમના લગનના ગાંઠ જોડી આપ્યા, અને સફેદ મેઘનોલીયાએ આશીરવાદ છાંટયા!

એવી રીતે ગુલાબ અને ચંબેલીના લગન થઇ ગયાં અને હવે સામા ઓટલાપર સાડા સાત રૂપીયાનું "પાંતરૂ" જમવા જવાનું હશે કરીને મેં તો દાંત ઘસી લીધા, તેટલાં જોઉછ શું કે કોઈ મ્હને હીલવી દોલવી નાંખે છે!

"સોરાબજી, ઉઠો. મશરેક, ઉઠો. સારે સપરમે દહાડે સુધ સાના રહયાછ!"

કોણ છે કરીને હું ઉંઘમાંથી ઝબકી ઉઠયો! ઉઠીને જોઉંછ તો મ્હારા મીત્ર મી૦ બેહેરામજી મોદી આવેલા. સાલ મુબારક કરીને પછી મેં કહયું, "હું તો સમજયો કે કોઇ ઘરાક પામના ગાડ લેવા આયું હોસે!"

"ઘરાકણી આવેલું છે." મી૦ મોદી બોલ્યા, "આએ શું પેલો ગુલાબના ગાડ જોયછ તે?"

"એમ!" મેં કહયું, અને પછી વધાર્યું, "હું એટલો બધો ઉંઘમાં પડયો તેનું એજ કારણ છે કે ઉંઘમાં મેં ગુલાબ અને ચંબેલીના લગન જોયાં!"

અને તે ગુલાબ-ચંબેલીના લગનની વાતનો ખુલાસો તેવણ આગલ કરી રહયો કે મ્હારો આગલો એક જુનો માલી "પપેતીની પોસ" લેવા આવેલો, અને તેના હાથમાં એક તુરો ને ગજરો હતો જે મ્હારે માટે ભેટમાં લાવેલો.

મેં તે ગજરા તરફ જોયું તો તેમાં મ્હારાં વર અને વહુ બેઉ બીરાજેલાં: ગુલાબની પાસેજ ચંબેલી દબાઇ રહેલી!

પાક પરવરદેગાર એ શુભ લગન સદા કાયમ રાખે, અને એવાં ખુશબખતી ભરેલાં લગનો આજથી અનેક થાય!

મુંબઇની જાણીતી ડેરી
પેરીશીયન ડેરી કું.

વગર ભેલનું ચોખ્ખું દુધ, માખણ, સ્વચ્છ શ્રેષ્ટ ક્રીમ, મેળવવાનું તમામ ભરૂશાપાત્ર એકલું મથક છે. એકવાર ત્રાયલ લેશોજી?

ટેમરીંડ લેન, ફોર્ટ મુંબઇ.

ચાનજી કાકાનો દહ્યો !

લખનારઃ-સોરાબ બી. તાતા.

"કેમ, નરી ?" પોતાનું ગુંઠવાનું એકદમ બાજુ મુકી ગનોહર નાજ઼ં જસા વાલા નરીમાનં મોદીને દુકાનગાં આવતાં સમેટ પુછવા લાગી, "કેસનો ચુકાદો શુ આવ્યો ?"

"હું કેસ હારી ગીયો, નાજુ,' ગમખ્વાર અદાથી મોદી।। નરીમાને જવાબ કર્યો. "એક અર્ધાણી મળી નહી."

"ઓ, નરી !" ચીંતાથી તે ભલી છોકરી ખુરશી ઉપરથી ઉભી થઈ પુકારી ઉઠી, જે વેળા તેના ફીક્કા ગુલાબી રૂખસારો ઉપરનો રંગ ગોવા ફીક્કો પાર્યો. તે દીલજીટ અમળા ગમીથી જખ્માએલા નરીનો દાબો હાથ પોતાના હાથમાં લઇ હેટથી દાબી પુછવા લાગી. "નરી ડીયર, એમ કાંય ? મુવાઓ આવો આંધળો ઇનસાફ કરેછ કે ?"

"એ હવે થયું તે થયું," એક ઉંડા નિશ્વાસ ફેકી નરીમાન બોલ્યો.

"તું જાણેછ કે પૈસાના પ્રતાપે ખુનીઓમી ફાંસીને લાકડેથી છટકી જાએછ. મારા જેવા ગરીબની દાદ લેવાઇ નહીં. કૌર્ટમાં બૅરીસટરો વચે જબરી રીક્જીક ચાલી, ને આખરે જડજે મારી વીરૂધ ચુકાદો આપ્યો. નફેમે દો જુટયાં જેવો મારો અકુતાર થયો. મારો જમનો હાથ સદાનો રદ બાતલ થયો તે માટે મારી પેઢી કોઇબી રવેમે જોખમદાર નથી, જેથી વીસ હજા-રની રકમીજી મેં માગેલી તે ગેરવાજબી છે એમ જણાવી કેસ ઉડારી મુકયો. એ મારી કર્મના સાહેબોએ પૈસાના લાગવગથી કેસ ઉલટાવી નાખ્યો."

"પણ, નરી ડીયર, તમે અપીલ કાંય નહીં કરતા ? તમારા સોલીસીટર—"

"ઉપર ફાકવાની અર્ધી નહીં ને અપીલ થાય કયાથી ?" તે ગયલતે સાહાદે બોલ્યો. "સોલીસીટર ને કાઉનસલનો ખર્ચ માથે પડયોછ તે ચુકવતાં હું ભીખારી થવાનો. અફસોસ! દહાડો ઢળતો આવે ત્યારે ચોગમથી આફત દુશમનના લશકર મીસાલ હલ્લો લાવે. મારો જમનો હાથ ભાગો, મેં દુઃખ ખમ્યું ને પૈસાની બરબાદી થઈ, ને હવે નોકરી વગર કોણ જાણે મારૂ હવે શું થશે ? મારો ભાઇ થતો ભપકામાં વાડી બંગલે રેહેછ, ને મોટરો દફરાવેછ ને મારા હાથમાનો કાકાનો દહ્યો ચ્યાંઉ કરી મોજયાં મારેછ, તો મારા જેવા ગરીબને પુછતો નથી ને—" અને ગળાથી દબાલું ખાઇ તે કમનશીબ જુવાન બે અખત્યાર રડવા પડયો.

"ના, રડ નહીં," દીલાસો દેતાં નાજ઼ં તેને પસવાડતી બોલી, "બોયેં પડયાં કંઇ સદાનાં બોયેં નથી પડી રેહેવાનાં. અંધારી રાત પછી ઝલકતી બામદાદ હમેંશ રોશન થાયછ. મોટી શરમ ભરેલી વાત છે કે આશીસનાં કામમાં તમારો હાથ—"

"ખુદાનો ઉપકાર માનુંછ કે બેઉ હાથ અકસમાટમાં નથી ભાંગી ગયા," નાજ઼ં." નરી બોલ્યો.

પણનાર નથી, પણ ગમે તેવી આફટ કે દુઃખના હાંડેસા પડે છતાંણી મુફલીસ નરીમાન મોદી સાથેજ શાદીના ગાંડાથી એક થવાના તે દીલજીટ અને સાચી છોકરીએ ચીચટાઇ વચે ખુદાને બાર કસમ નોંધાવ્યા.

આ બાજુ હારેલો મોરેલો રડમસ ચેહેરે અને તુટેલાં જીગરે કમનશીબ નરીમાન મોદી પોતાને ઘરે ગયો. બારણું બંધ કરી તે અભાગ્યો માથે હાથ દઇ અફસોસીમાં ગરકાવ ગએલો બેઠો, જેવામાં બારણાં ઉપર લાકડીના ટકોરાના અવાજથી તે ચોંકયો. તેની ઉપરના કાટર્યા ઉપર રેહેતા ચાનજીએ બારણું ઠોકયું એમ તે અવાજથી સમજી ગયો; તેણે બારણું ઉંઘાડયું. અને જાડી મોટી ડાંગ અફાલતો ચાનજી હાંસતો હાંસતો અંદર આવ્યો. તે બીચારો બુઢો હાલહવાલ ચીકડેહાલ સખ્સ હતો, અને નરીમાન બીચારો પોતાની ગીરાથી બાજે વેલા તેને ખવાડતો પીવાડતો હતો. તેને અલેચાની ટોપી છેક નીદાર વેર દાબીને પેહેડી હતી. અને તદન ફીકકો પડી ગએલો ઠીંગડાં ઠાંગડી મારેલો જુનો પુરાણો લીલી સકલાટનો દગલો સદરા ઉપર હમેશ પેહડી રાખતો, અને તેની હમેશની માનીતી જાડી મોટી ડાંગ તેની સાથેની સાથેજ ટેકાને માટે રાખતો.

"કેમ, ચાનજી કાકા?" તેને જોઇ નરી હસીને પુછવા લાગો. "તબીએટ કેમ છે? છાતી નરમ લાગેછ કે?"

"બેએએટા! તારી બરકટથી બેટર છે!" ખુરસી ઉપર બેસી ડાંગ ઠોકતો ચાનજી બોલ્યો. "ગોડ બ્લેસ યુ! રાને તેં મને બ્રાંન્ડી આપ્યો કેની ને કરારે ઉંઘ આવી; એ તો હવે કયારે હાર્ટ બંધ થઈ જસે તેનો ભરસો નહીંજે. વારૂ, તારા કેસનું સું થયું? ડામીજી મલી કે?"

"કેસ હું હારી ગયો, ચાનજી કાકા" ગમીથી નરીએ જવાબ વાલ્યો. "મારો ખર્ચ માથે પડયો નેં બાબાવરબો થયો."

"હું એ શું બોલેચ!" ચાનજી લાકડી ઠોકી બોલ્યો. "હારી ગીયો! ગોલામના બાધાઓ આવો ઇનસાફ કરેછ! હું બુહ દલગીર છેઉં, દીકરા."

"એ તો મારાં ઉંધા ભાયગજો." નરીએ હાય મારી બલાપો કીધો.

"ગોડ બ્લેસ યુ! તું ફકર નો કર, દીકરા! ધીરજનાં ફળ મીઠાં છે!" ચાનજી બોલ્યો. "પણ, દીકરા, છે તે કે જરા બ્રાન્ડી પીવાડ કે મારો જીવ હુસ્યાર રેહે!".

નરીમાન ગજવે ગરીબ હતો, મગર જબરો પરોપકારી હતો, અને આ બીચારા મુફલીસ બુઢાને બાજે વખત પૈસાની મદદ કરતો. તેને કબાટ ઉઘાડી; બાટલી કાઢી, પછી પાછો આવી ગ્લાસ કાઢયું. તેને એક હાથે કામ કરવું પડતું હોવાથી બહુ તકલીફ પડતી હતી. ચાનજીએ ગ્લાસમાં બ્રાન્ડી રેડયો અને પાણી નાખી તે ગટાવી ગયો, અને ખુલાસાથી છાતી પસવાડવા લાગો.

"દીકરા, રાતનું બાધા વગરજ સુધ ગએલો તે ભુખ લાગીછ તે કાંઇ ચારેક આના આપ કે નાકેની ઇરાનીની દુકાનમા બુક બાચક જોભરી આઉં."

"વળી તીબુ બાતા ના, કાકા, નહીં તો છાતીમાં આંકરાં આવશે." નરીમાને સલાહ આપી. "નહીં તો જરા થોભો; માઇ ભોતું આવે હું આપશ,"

"તુંને બી બીચારાને પૈમાની બહુ આપદા પડશે. એક તો કેમ હારી ગીયો, હાથ નકામો થયો ને વકીલ બારીસ્ટનો ખર્ચો માથે પડશે." દીનસોજીથી ચાનજી બોલ્યો, "પણ ખુદા પર સબર રાખ, એકેકમાં! મારી દુવાથી તારો દહાડો સુધરશે. તુ મારા જેવા ખુદા ગરીબને મદદ કરેચ, તેનો મદદો મળશેજ."

નરીએ તેને આઠ આના આપ્યા જે વધને તે ખુદો આશીષ દેતો ત્યાથી બહાર પડયો. બે દીન પછી સાજે નરીમાન બહાર ગયો હતો, જોવામા સામે તેને સાવક દીવેચા મળ્યો.

"દોસ્ત, તુ કેસ હારી ગીયો તેથી દયગીર છેઉં," સાવકે દીવસોજી બતાવી, જો કે બાતેનથી તે ખુશી હતો. "તુને વીસ હજાર મળશે તો નાજુ સાથે પરણીને પાર પડી જશે એવી તારી ઉમેદનો ભગ થઇ ગયો." તે બાગર તો તે માટે ઘણો રાજી હતો, કાંયકે હવે તેનો રસ્તો ખુલ્યો થયો હતો

"કેસ મારી ફેવરમા હતો ને ચુકાદો ઉલટો આવ્યો;" નરીએ બળાપો કીધો.

"એ તો બા લાગે લાકડાં બાગે તો," સાવક બોલ્યો "પણ અપીલ કર, તેમાં ફાવશે"

"મારી પાસ પૈમા નથી તે શું કરું?" નરીએ અફસોસથી કહ્યું.

"વાહ, તું જે બોલીમાં રહેછ ત્યા કાટર્યા પર કોઇ ચાનજીભાઇ રહેછની!" સાવકે પુછ્યું, અને નરીમાને હાનો જવાબ આપ્યો.

"એ ડોકરો તો મારો કાકો થાય જો, નરીમાન," સાવકે ખુલાસો કીધો. "મેં આજ લગીન તુંને જણાવેલું નહીં, કાય કે મને થોડા દીવસ પરજ એ ખુદાજીની ખબર પડી કે તારે ત્યા રહેછ."

"પણ ત્યારે એ બીચારા મુફલેસ કાકાની જતન કાય નથી લેતો?" નરીએ પુછ્યુ. "બીચારો ડોસો તદનજ હાયહવાય છે ને બાવાના બી વાખા પડેછ તે તારી સાથે રાખતો કાંય નહી"

"તું જાણતો નથી ત્યારે, એ ચાનજી કાકો તદન ચકરમ છે, એની પાસે પચાસેક હજાર હોશે, પણ કમબખ્ત તદન કંજુસ ને મખીચુસ છે, કમબખ્ત છટે પૈસે બો કગાલ ફરેછ. એ ડોકરો બહુ ગબ્બર છે ને એને બેકનો બી કે કોઇનો વીશ્વાસ નથી તેથી દોલત પોતાની પાસેજ રાખી ફરેછ. તું મને માનતો નહી, નરી પણ એ ડોકરો મખીચુસ મુવેલો છે. હું એને કાંઇ લઇ જાઉં, એ મતારાને મારે નામની અબીતરી ઘણી છે. જો અહીં આવ; તારા ફાયદાની વાત છે" અને તેના કાન આગળ મોઢ કરી અલકસે સાવક બોલ્યો. "મારૂ એક કામ કરી આપે તો તુને હજાર રૂપ્યા મારે આપવા. મારૂ કામ કરશે? તુંને બી ફાયદો ને મને બી-તી'રોરી, બચ્ચા, એક કાકરે બે પક્ષી મરાશે."

નરીમાંને હા કહયું જેથી ધીમેથી સાવક બોલ્યો. "એ મારો ચાનજી કાકો પોતાની પાસેજ પચાસ પચોતેર હજાર લઇને ફરેછ. જો એક રાતે હું તારે ત્યા આવું, ત્યારે એ ડોક-ના કાટર્યાનું બારણું તુ અવશુંજ રહેવા દે, હુ નવરૂ જોઇને આઉં ને પછી મારા હાથમા દલ્લો આવે કે તુંને એકના દસ આપસ. બોલ, કબુલ વ મંજુર? આપતું બેઉનું કામ થશે."

"એ ભરમમાં શું બકેય, સાવક ?"

"બારણું એ ચાનજી કાકાનાં કાટર્યાનું ઉંધાડું રહે તો હું ચાવી તલ્લાસ કરું. એ બુઢ્ઢો કંજુસ પોતાની પાસેજ દલ્લો રાખેછ; વળી હું એનો ભત્રીજો થાઉં, એટલે મને મોટો હક છે, કેમ સમજ્યોની."

"હું તારાં પરાક્રમ સમજ્યો, રાસકલ." નરી ગુસ્સાથી બોલ્યો. "તું એમ માનેછ કે એ ગરીબ બાપડા ડોસા પાસે દોલત છે, ને તે કાટર્યા પર સાંતેલી છે, ને તે તું ચોરી કરવા આવેછ, ને તેવી લુચ્ચાઇમાં મને બી શરીક બનાવેછ. હું ભુખે મરું પણ તારી એવી હરામની અરધી કદીબી લેવશ નહીં. જા નીકલ અહીંથી શરમ છે તારી પર." એમ બોલી, ગુસ્સામાં નરીમાન ત્યાંથી ચાલી ગયો.

બીજે દીને સાંજે તે ફરીને ઘરે આવ્યો અને નીચે રેહેતો કેશવ હાંફ્યો ફાંફ્યો તેને સાંમેજ મલ્યો. કેશવ નરીમાનના માલપર અને ચાનજી કાકાના કાટર્યા ઉપર રોજ સાફસુફ કરવા આવતો હતો, અને રોજ હોટેલમાંથી નરીને માટે ભોજન લાવતો હતો.

"નરીમાન શેઠ ! આ બુઢ્ઢાજી મરી ગીયા," તે ફાટેલે ડોળે બોલ્યો "એકદમ હાર્ટ બંધ પડી મરી ગીયો."

નરીમાન ચાનજીનાં મરણની ખબર સાંભલી ચોંકયો. હાર્ટમાં આંકરાં આવવાની તે બુઢ્ઢો ચાલુ ફર્યાદ કરતોજ હતો.

"આ જોવોની, શેઠ, કાગજ પર કાંઇ લખ્યુંછ તે," કેશવ બોલ્યો. "હું તમારા માર પર તુછતો હતો, ને કાટર્યા પર બુમ પાડવાનો અવાજ થયો તે હું દોરી ગીયો. ઘોલકી પર બુઢ્ઢો શેઠ હાંફતોતો. મને કાગજ પેન લાવવા કહયું, ને તમારા ઓરડામાંથી હું લઇ ગીયો. મને બેસાડવા કહયું ને મેં પકડીને શેઠને બેસાડયો ને ધ્રુજતે હાથે કાગજ પર કાંઇ લખ્યું," એમ બોલી તેને તે કાગજ આપ્યું. નરીમાને તે ઉઘેડયું, જે ઉપર વાંકાટીકા અક્ષરે નીચલી લીટી લખી હતી; "મારૂં જે છે તે બધું નરીમાન મોદીને આપું છ, ચાનજી દીવેચા. તારીખ ૨૦-૮-૨૧."

તે ઉપર એક કેસવની સહી હતી ને બીજી નીચે ચોખાની દુકાનના દેવચંદની સહી હતી.

"શેઠ મને કોઇને બોલાવી લાવવા કહયું ને હું પાસેનાં ચોખાવાલાને લાવ્યો કે બુઢ્ઢા શેઠને કાંઇ મરતી વખતે કેહેવાનું હોશે, પણ અસારટ કરીને હમુને સહી કરવા કેહીને પોતેબી કરી ને તે પછી શેઠ તમારૂંજ નામ દેતા અધોં કલાક પછી મરી ગીયા."

"ડોસાજી બધું મને આપી ગીયા, કેસવ," ગંભીર અદાથી તે બોલ્યો. "જા, બીચારો કંગાલ્યટમાંથી છુટો."

"નરીમાન શેઠ, તમે બુઢ્ઢા શેઠને મદદ કરી તેના બદલામાં તમને બધું આપી ગીયો. એક નેતરની જુની ઘોલકી, બે ભાંગેલી ખુરસી ને પરચુટણ ચીજો છે, શેઠ," કેસવ હસી પડયો.

નરીમાન ચાનજી કાકાના દલ્લા ઉપર તાંપી રહેલા બદમાસ ભત્રીજા સાવકને ખબર કરવા ગયો, પણ તે તો પુના ગુલપો રંમવા ચાલી ગએલો હોવાથી, દીલસોજ નરીમાનેજ પોતાની ગીરોથી તેને ઠેકાણે પાડયો.

કાટર્યાં ઉપર જઈને નરીએ બધી તપાસ કીધી, ઇસકોટરીમાંથી પંદરેક રોકડા રૂપ્યા અને બીજું પરચુરણ મલ્યુ, બાકી બે ભાંગેલી ખુરસી, ધોલકી કપડાં ને વાસણો સીવાય કાંઇ ન હતું. બીજા દીવસ પછી તે બધું જરીપુરાનાવાલાને વેચી નાખવાનો નરીએ વિચાર કીધો.

ચાનજી કાકાના મરી જવા પછી ત્રીજે દીને નરી બાહારથી આવી પોતાના ઓરડામાં જવા લાગ્યો, અને કેસવ સાંભો મલ્યો.

"કોઇ શેઠ ઉપર કાટર્યાં પરે છે જે તમુને ઓલખેછ, શેઠ" તે બોલ્યો.

"તેને નામ કહયું હોશેની?" નરીએ પુછ્યું.

"નહીં–મને ખબર નથી. તે ચાનજી શેઠની ખબર પુછનોતો, ને મટારો મરી ગયો તે જણી શેઠ અજંપ થયો. પછી મને જણાવ્યું કે ચાનજી શેઠ તો એ શેઠનો કાકો થાય."

"પેલો સાવકજ હોવો જોઇએ," નરીમાન બબડયો. "એ કમબખત કાકાને મરી ગયલો જાણી દલ્લો ચોરવા આયો હોશે. પણ દલ્લો હોય શું જે એ લેવાનો."

કેસવ નીચે ગયો, જ્યારે નરીમાન ઉપર ગયો, તેને ઓચીંટ ત્યાં જોઇ લુચ્છો સાવક ગભરાઇ ગયો. "અલ્લો, નરી, બીચારા કાકા ચુજરી ગીયા, તે બેહુરતી પોતાના ભત્રીજાને વાસ્તે કાંઇ લખી ગીયાચ કે નહીં તે જોવા હું આયોછ."

બને એક બીજાને જોવા પડયા. સાવકનો દાબો હાથ ઓવરકોટની અંદર સાંતેલો હતો. નરીને વેહેમ પડયો.

"આ ઓવરકોટની અંદર શું સાંતેલું છે, સાવક?" નરીએ ઠંડાવી નાખનારા સાહાદે પુછ્યું. "બતાવ જોઉ."

"કાંઇબી નહીં રે," સાવક ફગલાઇ બોલ્યો. "હોય શું!" અને એમ બોલી ઓવરકોટની અંદર કાંઇ છુપાવતો દાબો હાથ અંદર રાખીને તે બારણાં તરફ ધસી ગયો, જેથી નરીને વધારે શક પડયો. નરીનો એક હાથ કામરીથી બાંધેલો હતો, જેથી દાબા હાથે સાવકને જોરથી ખેંચી બારણાંની બહાર જતાં અટકાવી અંદર ખેંચ્યો. ચાંચકા સમેટ એક બંદથ તેના ઓવર-કોટમાંથી જમીન પર પડયું. તે તો ચાનજીકાકા જે જુનો પુરાનો લીલો સકલાટનો દગલો પેહે-રતો હતો તે ઘડીવાલીને સાંતેલો જમીનપર પડયો. લુચ્છા સાવકે તે પાછો ઉચકયો ને નરીએ તે ઝુંટાવવાની એક હાથે કોશેશ કીધી, જેમ કરતાં અંદરનાં અસતરમાં કાંઇ કાગજનો કરકર અવાજ થતો સંભલાયો. નરીમાન ચેતી ગયો. તેને સાવકની વાત યાદ આવી; ચાનજીકાકાએ લીલા સકલાટના દગલાના અંદરનાં અસતરમાં નોટો સીવી લીધી હોશે એમ તેને શક ગયો.

"છોડી દે, રાસકલ ચોર" નરીમાન ગુસ્સાથી દગલો ખેચતાં બોલ્યો, "એ મારો માલ છે–બેહુસ્તીએ બધુ મને આપ્યું છ."

બદમાસ સાવકેથી તે દગલો અંદર કાગજનો અવાજ થવાથીજ સાંટયો હતો, અને તે દગલામાંજ ચાનજીકાકાની પચાસ હજારની નોટોની દોલત હોશે એમ ધારી સાવકે ખુબ ખેંચ તાણ કીધી; નરીમાનનું એક હાથે કાંઇ વલ્યું નહીં; તેને તોબી જીવ ઉપર આવી જબરી હોજા-તોજી કીધી, પણ દગલામાંજ સાવકે તે બીચારાને ખુબ ખોખરો કરી જમીન ઉપર પટકયો, અને કાકાનો જુનો દલ્લાવાલો દગલો લઇને તે નાઠો. બાહાર આવી તે કસરેવજે બારણું બંધ

સાલ મુબારક.

(પીલુ લાવણી)

[" અરે હો જગવાલી, સુન અરજી"—રહા.]

થાજો આ મુબારક, સાલ ખરે—ટેક

નવું સાલ આ યઝદેજરદી, હો સુખદાયક સઘલે,
તજી ખુરી-બદકાર બદીને, સઉ ચાલે શુભ પગલે;
જસ જગમાં સઉજનને મલજો, ખીલજો શુભ વેપારો,
દૂર થજો તે બદ દુશ્મન સઉ, કરમ કરે બદકારો,
અમર છાંયો તારો કરે. ૧.

નહાનાં-મોટાં-રાય-રંક સઉ, સુખી રહો સંસારે,
પુરો આસ સઉ દીલ ચાહી નિજ, ખુદા રહો તમ વારે;
શુભ જરથોસ્તી દીનની જગમાં, જય અંતે જયકારે,
એજ હુવા હું દઉં જીગરથી, સત્ય તણાજ પુકારે--
ખુદા! રહી તુંજ આસરે. ૨.

નેક મનસ્ની-નેક ગવસ્ની, ને કુનસ્ની નેકે,
રાખી ભરૂસો ખુદા ઉપર બેસો, ચેકીન ધરો સત એકે;
સુખ-સંપની છાંએ રેહેજો, સદા કુટુંબ-પરિવારે,
દીસ ન જુઓ દુઃખ તણો એક, ખુદા સિતમ તમ ટારે.
સુગુણ ને સુનીતી ધરે. ૩.

હવે ચાહે 'દિલજાન' મારો, ચરણ પડી સત ચીતે,
ખુદા કદીએ તુંજ સરજ્યું તો, એક રજે નવ મીટે;
તો પણ નીજ બંધુઓ કાજે, શુભ હુવા સઉ ચાહે,
એ પ્રતિપાળ! દયા કર દીલમાં, તુંજ વીનાં કયાં જાએ?
આમીન એ હુવા મુજ કરે. ૪

(મરહુમ કવિ દા. એ. તારાપોરવાળા.)

"સ્વભોગ.

એક ટુંકી વાર્તા.

લખનાર--Niobe.

એક ઘણુંજ લકઝરસલી સીણુગારેલા ડ્રોઇંગરૂમમાં જર ફાવર પોતાની હમેશાની ઘણીજ મનોહર ને બેંચાણુકારક અદબઅદા ને દીલ લોભાવનારી ગ્રેસથી ફેરા ખાતી જોવામાં આવતી હતી.

"અરે, કેવું અજાયબ જેવુ!" તે એક ઘણા રોણકદાર મૅનલપીસ ઉપર પોતાનાં નાજુક આગળાં તેકવી, ઉપરની આરસીના તખતામાં ડોકાવી જોતાં બોલી, "રીડીકયુલસ, તે છતાં ખરૂં, કે આજે હું એક રકુબ-ગર્લની પેઠે બ્લશ થાઉં છું."

તેણીએ પોતાનાં ગોરાં કપાલ ઉપર ઝુમી પડેલાં એક સુંદર સોનેરી કર્લને ઉડાવી સેહેજ ઊંચે પીન કરી. તે સોનેરી માથાં ઉપર ગોઠવાયલાં એક તેવાંજ ગોલ્ડન સર્કલેન ઉપર એક ઝીની સુંદર કલીપ અતેય કરતાં, એક ઝીનું દીલગીરીભર્યું હસવું હસી.

"માઇ ડીયર, ખરી વાત તો એ છે કે, હવે દીવસે દીવસ તું ધરડી થતી જાય છે," તે પોતાનાંજ સુંદર પડછાયા જોડે વાત કરતાં ધીમે ધીમે પટપટી. "અને તોપણ મારે કહેવું જોઇયે કે, તીસની ઉપર તો તને કોઇ કદી ધારસે નહિં. આવા ડ્રેસ, ને આવી લાઇટમાં-"

હયાં તે બોલતી થોભી, અને સામી ટીપોય ઉપર મેલેલી એક સીલ્વર ટ્રેમાંથી, તે સાંહજનાં આવેલાં એક ટેલીગ્રામ ઉંચકી, પાછો અને પાછો વાંચવા માંડયો.

"તમને પાછાં ફરેલાં જાણી ઘણો ખુશી છું. આજ રાતનાં આઠ કલાકે હું આવશ, કાંઇ ઘણુંજ અગત્યનું મને તમુને કેહેવું છે. ફીરોઝ."

એક ધીમો નિશ્વાશ મુકી, તેણીએ ઘડયાલ તરફ જોયું, જેનાં કાંટાઓ આંકમાં પાંચ કમ દેખાડતા હતા.

હવે તે પોતાની આંખ્યો બંધ કરી એક સોફોવાગની ખુરસીમાં અદેલાઇને બેઠી. સીનેમન કલરના-નરમ કુશનજોમાં પોતાનું ઝળકતું સુનેરી માથું છુપાવ્યું. ડલ ગોલ્ડન કલરનાં ઘણાંજ ચિત્રમય પોશાકમાં તે રાતના ડ્રેસ થઇ હતી-તેણીની ગોરી ઉઘાડી ગરદન, અને મારબલ જેવા સફેદ ગોલ અને ભરેલા હાથો પર, એકણી ઘરેણું હતું નહિ. એક વેડીંગ રીંગ વગીર નહિ. ફકત એક ઘણી અજાયબ જેવી તરાંહની ધીળા, સાંકળી જેવી વીંટી, તેણીના

ડાબા હાથનાં પેહેલાં આંગળા ઉપર પેહેરાયલી હતી. જે ઉપર એક ઍમરલ્ડ ઝળકતું જણાતું હતું. જ્યારે તેણીની સાડી અને બ્લાઉઝના સુન્દેરી ફ્રેલ્ડસમાં છુપાયલાં, તેણીની નાજુક કમરે બેસેલાં બે સીનેમન કિસેનથીમમસં તેણીની ખુબસુરતીમાં ઓરમી વધારો કરતાં હતાં, તે તે રાત્રે તમામ પરફેકત હતી—ખુબસુરતી-ડ્રીગર, અને ગ્રેસની સામટી હારમની રજુ કરતી એક પરફેકત પીકચર! આશા અને ઉશકેરણીનાં ગોલાબો તેણીનાં ગાલ ઉપર ઝબકી રહેલા હતા.

બંધ આંખ્યોએ તે વરસો ઉપરનાં પોતાનાં ગુમાવેલા પ્યાર, દુઃખ અને નિરાશીનો ખ્યાલ કરવા લાગી. અરેરે! થોડાંક વરસો ઉપર તો તેણીની જીંદગી આ ધર્તી ઉપરનું એક સ્વર્ગ હતું. એક સૌથી હેતવંતો ભર્થાર, અને એક નહાનું વહાલું ભુળકું તેણીનું હતું. સર્વેથી મોજીલી, સૌથી સુખી, સર્વેથી ખુબસુરત તે હતી. અને આજે—જગત તો તે ને તેજ હતી. તેજ ખુબસુરતી, તેવોજ ઝળકાત સર્વે પસરી રહેલો નજરે આવતો હતો. પણ તેણીનું જીગર તો ભાંગીને ભુકો થઇ ગયું હતું. તેણીનું અંતઃકરણ તો તેજ પ્યારની યાદમાં, હજુન બી તરસતું હતું, તેણીનો આત્મા, તેણીની જીંદગી એ સર્વ તે બાળીને ખાક કરનારી દુષ્ટ સંસારની અગ્નિમાં કેદારનું બળી બળીને ભસ્મ થઇ ગયું હતું.

વીસ વરસની ઉમરે તે જહંગીરે દાવરને પરણી હતી. તેણીનો પ્યાર તે તેણીનું બહેસ્ત હતું. આંધળા વિશ્વાસ, ઉંડી દીલાગીરીથી તે માહયુમ તેને ચાહતી હતી. તેની એકેએક મરજી, તેનો એકેક બોલ આ જીંદગીનું સર્વેથી શીરીન, સૌથી મધુર મ્યુઝીક હતું. તેણીની ત્રણ વરસની પરણેલી જીંદગી, તેણીનાંજ બોલોમાં લખ્યે તો "એક ગ્લોરીયસ હનીમુન" માત્ર હતી, અને ત્યાર પછી તેણીની જીંદગીમાં, તેણીની ખુશાલીમાં હરકત નાખતી એક બીજી ઓરત આવી—એકબચ્ચાં કરતાં શેહેજજ ઉંમરમાં મોટી —તે આવી, અને તે પ્યાર જે તેની જીંદગીનું બેહેસ્ત, તેણીનાં આત્માની સઘળી ખુશાલી, રોશણી હતી, તે લુટી લેવામાં આવ્યો.

તે છોકરી (જેણે ઘણી પાછલથી માત્ર એકજ વાર તે જોવા પામી.) તેણીને જોતાં સાથ તે સાચો અને હેતવંતો કહેવાતો ભર્થાર તમામ બેદીલ અને બેવફા બન્યો, અને પોતાનું ઘરબાર, પૈસાટકા, અને છેવટે તે મધુરી મોહોરદાર, અને નહાનું ભુળકું વટીક છોડી તે ગયો—અને સદા સુધી માટેજ ગયો.

મહીનાઓ સુધી પોતાનાં નહાનાં ભુળકામાંજ સબુરી અને શાંતી સોધતી, તુટેલાં દીલે તે વહાલાનાં પાછાં ફરવાની રાહ જોતી તે મોજીતવંતી માહયુમ થોબી. અને જ્યારે—ખરો ભેદ તે બરોબર સમજી શકી; ત્યારે તે નાજુક જીગર દુઃખ અને નાઉમેદીથી આરપાર વીંધાઇ ગયું. આ જગત ઉપર તમામ અંધકાર પથરાયલો હતો. રોશણીનું એકણી કીરણ નહિ—એક શેહેજ—શેહેજ માત્ર કિરનકણ વટીક નહી—બીજાઓ માટે કદાચ હોય—પણ તે બાપડી માટે તો નહિજ!

તે કરલી બાળ વોલો નહાનો દીકરો દીવસે દીવસ મોટો થતો ગયો. તે કાળી ચળકતી આંખો, ને ભોડો ખુશ્તુમાં ચેહરો તે કમનસિબ માતાનાં તુટી જતાં જીગરને કાંઇક દરજ્જે રાહાટ આપી શકયાં. પણ અંતે એક કમનસીબ સહવારે, જ્યારે સુરજનું કુમળું તડકું દરેક ઝાડો અને પુક્ષો ઉપર સોનેરી પ્રકાશ પાથરતું હતું, અને પક્ષીઓ પોતાનાં મધુરાં ગાયણ ગાતાં રીઝી રહયાં હતાં—ત્યારે—તે વેળાએ સ્વર્ગનાં ફિરેસ્તાઓ આ ધર્તી ઉપર ઉતરી, આ દુન્યાનાં તે નહાના ફિરેસ્તાને, પોતાનાં ઝલકતા હાથોમાં ઉઠાવી ચાલતા થયા.

ઉંચે અને ઉંચે ઉપર અને ઉપર તેઓ વધતાજ ગયા-અને છેવટે સુર્યના સર્વેથી સુંદર પ્રકાશથી દીપાયમાં ઝગકતાં સોનેરી, અને બ્લુ તેમજ પોખરાજી વાદળાંઓ તરફ તેઓ પોહ્યા અને સુર્યનાં સોનેરી કીરણો, અને તારાઓનાં ઝગઝગાટથી ઝબકી રહેલા સ્વર્ગનાં તે સોનેરી દરવાજાઓ આગળ તે નહાના ફ્રિરેસ્તાને લાવી મેલ્યો-તે કમનસિબ માતાનો એકલો બાળકો-જીગરની રોશણી!

આ દુન્યાની તે એકળવાઇ ઔરતની એકલી ખુશાલી, એકલો આરામ તે માહાન ફ્રિરતારના હોકમથી ખુંચવી લેવામાં આવ્યો. અને હવે તે બિચારી એક મોટી માંદગીને બિછાણે પડી, તે માંદગી-જેમાંથી પાછી સાજી થઇ ઉઠવાને શેહેનજથી ઉમંગ કે ઇચ્છા તે ધરાવતી હતી નહિ. બીજું એક વરસ એવીજ રીતે પસાર થઇ ગયું, જે અરસામાં તેણીનો બેવફા ખાવીંદ, આ દુન્યાની એક બરી સાચ્ચી અને વફાદાર ઔરત તરફની પોતાની ફરજોનો હીસાબ આપવા ફિરતારને બાર જઇ પોહોંચવાનાં સમાચાર તેણીને મળ્યા. અને નવેસરનાં દુઃખ અને શોકથી તે રડી. તેણીનો સઘળો ધીક્કાર, સઘળો ક્રોધ તે ઔરત માટે હતો. તે મરણ પામેલા ભર્થાર તરફનો, તેણીનો આધળો પ્યાર, અને વિચાર હજુનથી તેવાંજ હતાં, જો તે કોઇ અંજાણી તેઓ વચ્ચે આવી ન હતે-તો અરે!—કદીબી--કદીબી તે તેણીનાં પ્યારને જુદોકો નહિ નીવડતે!

ત્યાર પછીનાં વરસોમાં તે ફીરોઝને મલી. ઉંચો, અતી ખુબસુરત અને ભલો! અને તેણીની કાળી એક પડછાયા જેવી ઘગધોર જીંદગીમા રોશણીનાં કિરણો, અને આશા ને ઉન્નતનું અજવાળું પાંથરતો તે આવ્યો. તેનો અજાયબ જેવો માયાળુ હસમુખો ખવાસ, અને તેણી માટેની ગરમ દીલસોજી, ને મરણ પામેલાં જીગરમાં કાંઇ નવીન પ્રકારની ઉન્નત, અને જુસ્સો ઉત્પન્ન કરી શકયાં.

"આપ દુન્યામાં પાછાં ભાગ લેતા થાઓ, જર, અને હસો," તેણે તેણીને કહ્યું હતું. "આપણી જીંદગી એક સૌથી મોટી રમુજ છે. તમારી જેમી કાંઇ દીલગીરી કે દુઃખ હોય, જર, તેને મારી હઠાવો, અને હસો! અને જીંદગી પોતાના ખુશનુમાં ચળકાતથી તમુને પાછાં નવાજસે!"

આય-તેનાં બોલોથી ઉન્નત પામી, તે પછી દુન્યામા ભેળાતી થઇ. તેને ખુસી કરવા જેમી કાંઇ ઝળકાત અને પ્રકાશથી ભરપુર હોય, તે તરફ તે ખેંચાવા લાગી. તેની સલાહથીજ તે દુખી યાદો ભુલવા, મહીનાઓ સુધી તે બાહેરગામ જઇ રહી હતી. અને ડારજીલીંગ ની અજાયબ જેવી ખુશનુમાં મોજ ભોગવી તે મુબાઇ પાછી ફરી હતી. અને હવે-આજે, તે તેણીને મલવા આવતો હતો.

તેણીએ ત્યાંનું બારણું ઉઘડતું સાંભળ્યું. ત્યાનાં નરમ કારપેન ઉપર કોઇનાં આવતાં પગલાં સંભળાયાં, ફીરોઝ તે પુરોથી ભરપુર રહેલા સુંદર ડ્રોઇંગ-રૂમમાં દાખલ થયો. તે શેહેનજથી હાળી નહી. તે તેણીની ખુરશી પાસે આવી ઉભો. ઘણી નાજુકાઇથી પોતાના સુંદર બાવડો ઉઠાવી તેણીએ ઉંચું જોયું. પોતાનો નાજુક, સુદર, સફેદ હાથ લંબાવતાં તે બોલી:

"તમે!"

"જર!" તે બોલ્યો, "તમને પાછું મળવાનું કેવું ખુશકારક છે! આઇ હેવ મીસ્ડ યુ ઑફુલી! મારે કહેવું જોઇએ કે અમારી ગોલ્ડન બટરફ્લાય, આગ લાંબા ચેંજથી વધારે ઝળકતી, વધતી સુંદર થઇ આવી છે!"

એક ઝીનું દીલગીરીભર્યું હસવું, તે સુંદર હોઠો વાટે બાહેર પડ્યું.

"હું કબુંલ કરું છું." તે ધીમેથી બોલી, "તમારી સલાહ માનીને હું બાહરગામ રહી આવીછ, પીરોઝ, અને હું હસીછ, તે વરસો ને વરસોની દીલગીરી મારી જીંદગીમાંથી હું હસી કાઢડી શકી છું. ડીયર બૉય, જાણે મને લાગે છે કે તમો આગળ કરતાંપણ વધુ ઉંચા, ને કદાવર થયા છો, તમે માનસો હું કહું છું તે! પણ ઘણી વેળા મને લાગ્યું છે કે, તમારા જેવા સ્પર્ધનડીહ ને તોલ ધણાં થોડા આસામીઓ હશે!"

તે બડબડાત હસ્યો; "અને તમારાં જેવાં લવલી ને ઉમદા બવાસનાં ટેડીને હું હજુંન સુધી કદી મળવા પામ્યો નથી, એમ હું કહું તો તે તમેબી માનસો?"

"ધ્યન્ડીઝ, માય ડીયર પીરોઝ, કવાઇત ધ્યન્ડીઝ!" તે મીઠાસથી હસી. "હું ખુશી છું કે તમો મને આજે મલવા આવ્યા. મેં ધાર્યું કે તમો આજે રાતનાં કેટે રોકાયલા રહેશો!"

"મીસીસ મેાદીના ધવનીંગ ફ્રશમાં લેટર ગ્રોન જવાનો મારો વિચાર છે, બરો! અને હું તમુને મારી સાથે લઈ જવા ધમ્છું છું;" તેણે કહયું. "પણ જવાની પહેલાં જર, મારે તમુને કાંઇ કહેવું છે–મારાં મનમાં રમી રહેલી તે બાબદ મારે તમુને કહેવી જોઈયે. હું તમુંને લખવાનો હતો, જર, તમો જ્યારે ડારજીલીંગ હતાં ત્યારે! પણ પાછળથી મેં થોભવામાં ડહાપણ વિચાર્યું."

જર દાવરની છાતી ખુશાલીથી ધડકતી હતી. ઓહ! તે શું કહેવા માંગતો હતો? આહ! શું અંતે તે વખત આવી લાગ્યો હતો–કે જ્યારે તે તેણીને–

"જર! આય મારી આવી લાઇફથી હું કંટાળી ગયોછ! કલબસ અને હોટેલ મને વધુ વાર જોઇતાં નથી. મને હવે મારું પોતાનું એક ઘેર જોઇયે છે! જર, તમે સમજી શકો છો હું જસ્ટીન્ક પાણવાનો વિચાર રાખું છું."

તે થોભ્યો, અને આતુરતાથી તેણીની તરફ જોવા લાગ્યો. તેની ખુબસુરત આંખ્યો પ્યાર અને ખુશાલીથી ચમકતી. તેણીને લાગ્યું કે, તે તેણીનાં જવાબ માટે બોટી હતો, આથી બની શકની શાંતી, અને બેદરકારીથી તેણીએ સવાલ કર્યો.

"તે નસિબવંતી છોકરી કોણ છે, તે મને જણાવશો?"

"અલબત," તેણે ઘણી ખુશાલીથી કહયું. "આય દુન્યાની સ્વીનેરત ગર્લ, તે મારી ચૉઇસ છે; તેણીનાં બાળ લગભગ સુનેરી, અને સુનેરી લાઇટ સાયની તેણીની આંખો મારું સ્વપનું છે. અને તેણીનું નામ–પણ કોઇમી નામ તે ધરાવતી હોય, તે સાય આપણને શું કામ છે, તે બસ આય દુન્યાની સૌથી વ્હાલી, સૌથી સુંદર એક સ્વીટ-હાર્ટ મારે માટે છે!"

"પણ તેણીનું નામ?" અધીરાઇથી થરથર ધ્રુજતાં તેણીએ ફરી પાછો તેજ સવાલ કર્યો.

"મની અને એ શું સૌથી સુંદર, ને મીઠું એક નામ નથી? મીના વડાડવા!

"હા! ઘણુંજ, ઘણુંજ સ્વીટ" તેણીએ ધીમેથી જવાબ વાળ્યો.

"અને તેણીની સાથ મીલાકાત કરાવા, મીસીસ મેાદીને ત્યાં તમને લઇ જવા માંગું છું, જર, તેણીને જોયા પછી તમો શું મત આપશો, તે જાણવા હું ટીંગાઇ રહયો છુ અને તેથી

મારે કહેવું જોઇએ કે આય દુન્યાની કોઇપણ ચીજ મારાં તેણી માટેનાં ઉંચા, મતને કદી ફેરવી શકશે નહી."

અમીરાઇથી ફેરા ખાતો તે બારી તરફ ગયો, અને પેસના પરદા હઠાવી, રસ્તા ઉપરની જતી ગાડીઓ જોવા લાગ્યો અને ખુબસુરત અબળાઓનાં પોશાક, ને ઝળકતાં ઝવાહીર પરથી તે જોઇ શકયો કે પાર્ટીમા જવાનો વખત થઇ ચુકયો હતો.

"તમે મને હજુત કોનગ્રેચ્યુલેટ નથી કર્યો, જરૂર. તમો શું ખુશી થયાં નથી? કોઇ રીતે તમે દીલગીર કે ગુસ્સે તો થયાં નથી? જરૂર, હું પરણું કે કુંવારો રહું પણ આપણી ફ્રેન્ડ-શીપ તો જેવી ને તેવીજ રહેશે। એ વિશે તો સદા તમો ખાત્રી પુર્વકજ રહેશો।"

"નહિ, હું ગુસ્સે નથી થઈ. શા વાસ્તે હું દલગીર થાઉં?" તે બોલી, સ્વપનાં જોતાં એક માણુસની પેઠે અર્ધ બેભાણ હાલે. "ફકત-ફકત હું ઘણી અજબ થઇ ગઇ છું. અત્યાર સુધી કોઇ દીવસેથી તમો તમારી એ સ્વીટહાર્ટ વિસે બોલ્યા હતા નહિ. તમારાં કાગળોમાં વટીક નહિ. પણ હું તમુને મીમીમ મોદીને ત્યાં જતાં બોટી કરૂં છું. એક મીનીટ થોભસો, હું મારો કલોક, ને ફર્સ લઇ હમણાં પાછી ફરશ."

ઘણાં માનથી આગળ વધી તેને તેણીને ત્યાંથી પાસ થવા, તે બારણું બોલી આપ્યું. અને તેણીનાં ગયા પછી વિચારવંત હાલે, કાંઇક ગભરાયલો, ને ગુંચવાયલો ત્યાંજ ઉભો.

"અને મેં ધાર્યું કે, તે એ સાંભળી ઘણી ખુશી થશે.' તે ઘણો અજબ થતાં મનસે પટપટયો. "મને હમેશાં પરણી ને સેટલ થઇ જવા તે કહેતી હતી. અને હવે-બચીત-બચીત-બીમન આર સેન્જ."

પોતાના રૂમમાં જોડેલા હાથે, ને ચાદર જેવાં સફેદ ચેહેરા સાથ જરૂર દાવર, દુઃખ અને નિરાશીના એક પુતળાં પેરે ઉભી.

"અરે, ઓ બોદા!" નિરાસીથી ચાક ચાક થતાં છગરે તે મનથી બોલી, "કિયા કારણો સર મેં આવી ઉમેદો મારાં દીલે વસાવી. અરે, હું કેવી બાત્રી પુર્વક હતી. અને તો પણ એવી આસાઓ રાખવાને મને શું કારણ હતું? એક ફ્રેન્ડ સિવાય વધુ કોઇ દીવસેથી તે હતોજ નહિ. એક ભલો હેતવંતો ફ્રેન્ડ; અને બાહ!" હથાં તે બારસી તરફ ફરી, અને પોત'નાં પડછાયા તરફ જોતાં, ધીકકારથી, ઘણી કુર રવેશે હસી. "બાહા! અને તે ધાર્યું કે તે તુને બાહે છે! બાહ! બાય ડીયર, તારી બાવી ખુબસુરતી, ને બપકાદાર પોશાક છતાં તું પચાસ વરસ જેવી લાગે છે! એક દીવમણી-એક કલાકમી બોબી નહી!"

તેણીએ પોતાનું ગોલ્ડ સ્લીપર ઘણાં જોસથી બકાળ્યું. અને તે મોત જેવા ફીકકા ચેહેરા ઉપર લાબી લાવવાની એક વ્યર્થ કોસેશ કરતાં, પાઉડર પણ મોંહ ઉપર ઘસડયું. અને બુરસી ઉપર મેલેલો પોતાનો કાળો સેતીનનો ઓપેરા કલોક ઉઠાવતાં તે બારણા તરફ ગઇ.

"હું હમણાં બાવું છું, ફીરોજ!" તે મીઠા મધુર બવાજે બોલી. અને બીજીજ મીનીટે પોતાની દુખથી નીસ્તેજ બનેલી બાંખોમાં હીંમતનો પ્રકાશ, અને રાતા સુંદર હોઠો પર એક મધુરાં હરવાં સાથ, ધીમેથી લલકારતી તે હોલમાં દાખલ થઇ.

"જરૂર" તેણીને ત્યાં આવી ઉભેલી જોઈ ફ્રીરોઝે પાછું કહ્યું. "મેં આપ કહેલી બધી રૂપ રહી તું કોઈ રીતે દીલગીર તો થઈ નથીની?"

"દીલગીર! શા વાસ્તે હું દીલગીર થાઉં, સીલી? હું તો સાંજી જેમ અને તેમ વ્હેલી મીસીસ મોદીને ત્યાં જઈ, મારી 'રાઇવલ'ને જોવા ને મલવા અધીરી પડી છું." એમ કહેતાં તેણીએ પોતાનો સુંદર ને સફેદ હાથ તેની ગમ લંબાવ્યો, જે ઘણાં પ્યાર અને માનથી તેણે પોતાના હાથોમાં લઈ હોઠે લગાડયો.

"કદી કોઈ માણસની આવી ભલી અને સાચ્ચી મિત્ર થઈ હોશે નહિ." દાદર પરથી ઉતરતાં તે લાગણીઓથી બોલ્યો.

કેટલોક વખત સુધી તે શોભાયમાન મોટરમાં બેસી તેણે તેની સ્વીટ-હાર્ટ વિષે પ્યાર અને હેતથી વાત કરતો તે કમનસિબ માહણુએ સાંભળ્યો. અને ત્યાર પછી રંગેરંગ દુઃખથી ધ્રૂજતી તે પોકારી ઉઠી.

"ફ્રીરોઝ," તે ઘણી નરમાસથી બોલી, "મારૂં તમે સાંભળશો? તમારી મીનાને જોવા અગાઉ હું કાંઇ પણ મત બાંધવા માંગતી નથી. તમે એની વાત બંધ કરી, કાંઇ તમારા વિષેજ બોલશો?"

"પણ તે મારાં છોગર અને મનમા તેજ રમી રહી છે," તેણે જવાબ વાળ્યો.

"ત્યારે આપણે કાંઇ મારે લગતી વાત કરશું." એક છુપો નિશ્વાશ મુકતાં તે કમનસિબ સુંદરી બોલી. અને તેણીએ પોતાની મુસાફરીને લગતી અનેક વાતો કરવા માંડી. જ્યારે ગનથી તો તે તે બિચારી સારી રીતે સમજતી હતી, કે તે પ્યારમાં લીન્ન બનેલા આશકનું સઘળું ધ્યાન તેની વાત ઉપર નહિ, પણ રીસેપશન રૂમમાં બેઠી થતી, તે જ્હાની મધુરીમાં જઇ ભરાયું હતું.

મીસીસ મોદી સોસાયટીની એક ઘણી જાણીતી બાનું હતી. અને તેણીના ઘરની મેહમાનદારી ચાખવામાં લોકો મોજ સમજતાં હોવાથી તેણીનો રીસેપશન રૂમ લોકોથી ચીકાર ભરાઈ ગયો હતો. લોકોનાં ધસારાથી ઘણુંએ પાછી ફરેલી જરનો જીવ જાણે ગભરાઇ આવ્યો. અને જ્યારે સર્વે લોકોથી દુર એક એકાંત કોનઝરવેતરીમાં તેઓ આવી બેઠ્યાં, ત્યારે તેણીએ છુટકારાનો એક દમ ખેંચ્યો.

"ગ્રેશયસ, ફ્રીરોઝ, આજે કેવ રીતનું લોક છે. પણ જુઓ, ત્યાં સામે ફ્રેહુન કામા ઉભેલા જણાય છે. એવણને બોલાવસો!"

"હા, એ તમારી આગળ બેસસે, જરૂર, તેટલામાં હું મારી મીનાને સોધી લાવી શકશ."

"બીજું તો કોઇ નહિ પણ એક લવરજ પોતાની પ્રીયાને આવી ગીરદીમાં સોધી લઇ આવવાની હીંમત કરી શકે." અને તેણીનું હસ્તું સૌથી ખુસ્તુમાં હતું. ગરીબ બિચારી તો જીંદગીનાં તે સ્તેજ ઉપર, આ કાંઇ પેહેલી વારજ આવું અઘડું પાત્ર તે બિચારી ભજી બતાવતી હતી નહિ.

"ફ્રેહુન, અહીં આવો, ને આપ ઇજ્જતથી પાછી ફરેલી ગોલ્ડન બટરફલાઈ સાથ મેલાપ કરો!" ફ્રીરોઝ તેને બોલાવતાં ખુશાલીથી હસ્યો.

ફ્રેડ્રન કાગા તેઓની સામે આવી ઉભો.

"આહ! મીસીસ દાવર!" તે ઘણી ગંભીરાઇથી બોલ્યો. "આખરે પાછાં ફરયા! કેમ છેઓ તમે! આગળ કરતાંણી વધુ રેડયન્ટ જણે તમો યંગ આવ્યો છો!"

"ઓહ! આઇ એમ સપ્રેનડીઢ, થેંકસ!" તેણીએ જવાબ વાળ્યો. "પણ હું જરા થાકેલી, કંટાળેલી છું. મને લાગે છે કે લાંબે વખતે ઘરે પાછા ફરતા એમજ લાગતું હશે:"

"મીસીસ દાવર, આપ ગીટ ઉપર તમો જગ્યા લેશો? લોકોની ગડબડથી દુર હવા ઘણું ખુસ્તુગાં એકાંત છે."

"પીરોઝ, હવે તમે જાઓ, ને તમારી મીનાને વ્હેલી લઇ આવો. વીનસની પધરામણીની રાહ જોતી હું હયાં બેઠી રહેવશ!" એક સફેદ નાજુક હાથ તેની તરફ લંબાવતાં મસ્કરી કરતાં તે બોલી.

"પ્યારમાં પડવું એ પણ એક ઘણી ભંયકાર ચીજ છે, નહિ?" તેણીએ મીઠાસથી સવાળ કર્યો.

"હોવું જ જોઇયે!" તેણીના સાથીએ ઘણી ગંભીરતાથી ઉત્તર દીધો. "કલકત્તામાં આપણે છેલ્લાં મળ્યાં પછી, તમો ડારજીલીંગ ગયાં, મીસીસ દાવર અને મે તમુને ઘણાં 'મીસ' કીધા."

"ડારજીલીંગમાં મેં ઘણો સુખી વખત પસાર કીધો છે, ફ્રેડ્રન," તેણીએ ઘણી નરમાસથી કહયું. "હું ઇચ્છું છુ કે હજુનથી હું ત્યાજ રહી હતે! હુ શુ કામ હયાં પાછી આવી છું, તે હું પોતેણી જાણતી નથી."

"અને તોપણ તમો કબુલશો કે ડર્તી, વ્હાલું, બોમ્બે એક સૌથી મરસ જગ્યા છે. કેટેણી તમો જશો, ને ગમે એટલાં દુર તમો રહેશો, પણ મારા મત પ્રમાણે તો આવું અગલી, આટલું લવેબ્લ શેહેર તમો કોઇ જગ્યાએ જોશો નહિ આય વખત તો મીસીસ દાવર, તમો લાંબો વખત અહિયાં રહેશો કેની?"

"હા, હમણા તો—" હયાં તે બોલતી અચકી ગઈ, તેણીની નજર પીરોઝનાં હાથમાં હાથ લઈ ચાળતી એક નહાની છોકરી ઉપર બેંચાઇ. કાળા રોકનાં પોશાકમાં સજ થયલો એક નહાનો રોકજનક આકાર. "હું જાણતી નથી." તેણીએ ઝડપથી વધાર્યું. "હું કહી શકતી નથી, હુ કેઇ મીનીટેથી પાછી જાઉં; હું તદન રેસ્ટલેસ, બેકરાર—અરે, હું જાણતી નથી, હું હવે શું કરસ તે!"

જો ફ્રેડ્રન કાગાએ તેણીની મપછ્યમા કાઇ ઘણું વીચીત્ર જોયું હોય, તો પણ તેને કાઇથી બોલવાનો વખત કે ચાન્સ મળી શકયો નહિ. તેજ મીનીટે પીરોઝ, મીઠી એક સ્વપના જેવી નહાની ને ઉડામ છોકરી સંગાથ તેઓ સામે આવી ઉભો.

"જર, મીસીસ વ્હાડપા માથ તમારી ઓલખાણ કરાવાની રજા આપશો? મીસીસ વ્હાડપા, મીસીસ દાવર ફ્રેડ્રનને તો તું ઓળખે છેની ડારલીંગ?"

એક ઘણો નાજુક નહાનો, લગભગ એક બચ્ચાં જેવો આકાર જરે પોતાની સામે ઉભેલો જોયો. તે નહાનો નાજુક મખમલ જેવો મુંવાલો કર તેણીએ ગમતાથી ઝાલ્યો. તે મોટી

બ્લુ અસરકારક આંખ્યોમાં તેણીએ ભોલાઇથી જોયું. એક મોટી કરુનામય કહાણી દરસાવતા તે મીઠા ચેહેરા તરફ જોતાં નહિ ખમી શકાય એવાં દુખનો એક ઝટકો તેણીને લાગ્યો.

મીનાં વ્હાડયાની મોટી અસરકારક આંખ્યો, શરમ અને દીલગીરીથી નીચે ઝુમી પડી. એક અંગારનો ઝટકો લાગ્યો હોય તેમ ખુબસુરત સફેદ હાથ તેણીએ છોડી દીધો.

તેની ખુબસુરત ફ્રેન્ડ, અને મધુરી સ્વીટ-હાર્ટ એ બેઉ વચ્ચેની વર્તણુક ઘણી અસા ધારણ, લગભગ ભેદી પીરોઝને માલુમ પડી. તેણે ધણું ગુંચવાઇને ગુસ્સા અને ઉસ્કેરણીની તાવથી ઝળકતા તે ઝલેહદાર ગોલાબી ચેહેરા તરફ-અને ત્યાર પછી તેટલુંજ વિસ્મય પાગી દુખ અને શરમીંદગીમાં ઝુમી રહેલા સફેદ એક કમળ જેવા તે મીઠા મધુર ચેહેરા તરફ જોયું.

એક-ધીકકાર દરસાવતી-ઝહલેવંતી-ગેરઇનસાફ પામેલી રાણી—બીજી—પસ્તાવા, અને શરમીંદગીનો એક કરુનામય ચિતાર!

તે એક હૃદયભેદક ત્રેજેડી હતી. તે મગરૂર ખુબસુરતી—એક રાજ કરતી શેહેનશાહબાનુ જેવી દબદબાવાલી તેારવંતી-તેણીની ખુબસુરત હરીફ-એક હૃડયભેદક નીરાસીમાં ડુબેલી ત્રેજીક પ્રીનસેસ!

"જરૂર! મીના! તમુને શું છે? શું આગળ કોઇ દીવસ તમો બેઉ મલેલાં છેઓ?"

એક સુનેરી તાજ પેરે ઝળકતું તે મગરૂર સર ઓરથી વધારે દમામથી ઉચુ થયું. તે સફેદ નાજુક હાથ લંબાયેા, અને બાળી નાખનારા પ્રકાશથી ચમકતી તે આંખો પીરોઝ ભણી ફરી.

"મેં એટલાં બધાં માણસો જોયલાં છે, પીરોઝ, કે હું કહી શકતી નથી કે મીસીસ વ્હાડયાને હું આગળ મળેલી છેઉં કે નહિ! બટ યુ મસ્ત ઍકસકયુઝ મી નાઉ, હું તદન હાફી ગઇ છું, ફ્રેડુન મને મારી મોટર તરફ લઇ જશે, પ્લીઝ?"

એક બોલબી વધુ બોલ્યા વિનાં જરૂર દાવર ફ્રેડુન કામાનો લંબાવેલેા હાથ લઇ ત્યાંથી ચાલતી થઇ. જ્યારે તેઓ તેણી-ની ભેાતર આગળ આવી પેાચ્યાં કે તેણીએ એક છુટકારાનેા દમ ખેંચ્યેા.

"ઠેંકયું ફ્રેડુન!" તેણીએ ઘણી મમતાથી કહયું, "પણ હું હવે એકલુંજ જવાનું વધુ પસંદ કરશ!"

તે ચેહેરેનમુન મુખડાની શેાકાતુર ખુબસુરતી, અને તારા સમાન ઝલકતી આંખ્યોનેા હૃડયભેદક પ્રકાશ જોનેા ફ્રેડુન કામા ત્યાંજ ઉભેા.

પાણીના એક રેળાની પેઠે સડસડાત તે ભેાતર આગળ વધી. પણ હઝારેા અવાજો તેણીનાં કાનમાં પડધા પાડી રહયા હતા. હયેાડીના સેંકેકડેા ચેાકાઓ તેણીનાં માથામાં વાગતા હતા. આખી જગત તેણીને કહેતી હતી. તારાઓનેા ઝગઝગાટ તે ભેદ ઉકળાવેનેા હતેા. ચંદ્રની રેાશણી તેણીને સમજાવતી હતી.

"તારા ભર્યારને લુટી લેનાર સ્ત્રી! તારા ફ્રેન્ડની સ્વીટ-હાર્ટ! તારા ફ્રેન્ડની સ્વીત-હાર્ટ!" આખી તે રાત, છેક પરેાઢયાં સુધી, એકણી આંસુ વિનાની સુકકી તપ્ત જળતી આંખેા સાથ

જર દાવર પોતાના બિછાનામાં પડી રહી. આહ! તેણીનાં જીગરમાં કેવી રીતના શોહેાળા ઉઠી રહ્યા હતા. તે રૂમ આવેલેા જખમ પાછેા ઉંડાણથી વહેતેા. તેણીનું ભેગજ તે નાનરસું પ્યાલેાની અગ્નિમાં આતસી ભભુકાથી ફરી એક વાર સળગી ઉઠેલું! અરે, એ ખેાદા! કેવી રીતે ને બાપડીનુ હૃદય ભાંગીને ભુકેા થઇ જતું હતું. "હેવનસ! હાઉ ધત એકસ!" પોતાનેા નહાનેા નાજુક હાથ ફાટી જતી છાતી ઉપર ન્હેાશથી દાબી તે તુટી જતાં જીગરે બબડી.

પરેાઢયાની ઠંડી લેહેરી સાથ દુઃખથી તે ભારી બનેલાં પાપણેા ઢંકાયા. દુઃખથી તે શોકાતુર બનેલા ચેહેરેા ઉપર ખુશ્તુદી ભરી શાંતી ફેલાઇ. અને સ્વપનાંમાં તેણીએ ફરી એકવાર તે નહાનેા નાજુક લગભગ એક બચ્ચાં જેવેા આકાર જોયેા. તે એક બેબીનાં ચેહેરાની હરીફ! તેણીનાં ભરથારને લુટી લેનાર! તેના ફ્રેન્ડની સ્વીટ-હાર્ટ! એક નાહનકડી ડેાલી!

દુન્યા ભરનાં દુઃખથી કંટાળેલેા તે અત્યંત શોકાતુર ફીકકેા ઉદાસ ચેહેરેા–જેની શોકાતુર હૃદયભેદક સુંદરતા, ખુદા ફીરસ્તાઓનેગી ઝંખવાણા પાડતી હતી.

લંબાવેલા હાથેા, ને મેાટી અર્જ કરતી આંખેામાં ઝળકતા, એક ગીનેાઇ પ્રકાશ સંગાથ! સ્વપનામાંથી ધીકકાર, અને કમકમાતથી તે ફરી ગઇ. અને જ્યારે આંખેા ઉઘાડી તેણીએ પાછું તે નરક જોયું, ત્યારે તે મનેાહારીણી એકલી હતી નહિ. તેણીની પડખે એક નહાનેા ફીરસ્તાઇ આકાર તેણીએ ઉભેલેા જોયેા! એક બાળક ફરેસ્તેા, તેણીનેા પેાતાનેા ગુમાવેલેા–ગરણુ પામેલેા બેટેા! સ્વપનામાં તે બચ્ચાંએ પોતાની માતા તરફ જોયું. એક મીઠું મનહરણ હસવું, તે બાળક ચેહેરા ઉપર પથરાયું. અને તે જોના ભયથી એક ખુમ સમેત તે કમનસીબ માહબુબ પોતાની ઉંઘમાંથી બીદાર થઇ.

સુરજનાં રૂપાળાં આનંદી કિરણેા તેણીના બીખરાઇ પડેલા સેાનેરી બાલેા, અને તે ઓરડા –માંહેલી સઘળી મેાનેરી જણુસેા ઉપર આંખ આંજી નાંખે એવેા રમણીય, ને ચિત્રમય સણગાર ફેલાવી રહયાં હતાં તે ઝડપથી પોતાના બિછાણામાંથી બહાર આવી અને બારીની બેર ઉપર હાથ તેકવી ગઇ રાત્રીના બનાવેા ઉપર વિચાર કરતી થેાભી. અને પોતાની ગફલત કરતાં કિસ્મત ઉપર આંસુઓનેા એક દરયાવ રડતી તે બિચારી કયાં સુધી ઉભી.

જ્યારે એકબી આંસુ તે પાડી શકી નહિ, ત્યારે તે રડતી થેાભી. એક અજબ જેવી ધીમી, દીલકેાતરી ખાનારી પેન તેનાં હૃદય માંહે થતી હતી. તેણીને તે વેળાએ એમ લાગ્યું કે, મેાત કરતાંબી એ કાતીલ દુઃખ ખમવાની હવે તેણીમાં વધુ વાર શકિત હતી નહિ.

ત્યાર પછી વધુ વિચાર કરતાં તે જરાક શાંત થઇ. અને કાંઇબી કરીને તેજ સહવારે બીના બ્હાડયાને મળી. જે તે નકકી નિર્ણય ઉપર આવવાના કસદથી પોતાનાં ડેસીંગ-રૂમમાં તે ગઇ. અને સર્વથી સાદેા છતાં ઘણેાજ દીનપઝીર, એવેા એક કાળેા પેાશાક કઢાડી તેણીએ ડ્રેસ થવા માંડયું. તે વેળાએ તેણીની નજર સામે નેકી ભરી નુરાણી ધરાવનેા, તે ફીકકેા ઝલેહવતેા મુખડેા ફરી એકવાર ખડેા થયેા. અને તે નહાનકડી હરીફની કરનામય • મીઠાસથી ભરપુર, જાદુ ભરી સુંદરતાનેા ખ્યાલ થતાં, તીરસ્કારથી તે હસી.

"મરદોને ફસાવનારા એ ઠગારા ચેહેરા ઉપર આવી એક હૅવનલી લાઇટ ખુદાએ પાથરવી નહિ હતી! આય કીશમતી ઝેન્જલીક બ્યુટીથી આય ઠગારાં અંતકરણને નવાજવું જોઇતું હતું નહિ!"

જ્યારે તેણીની મોતર મીસીસ વ્હાડયા રહેતી હતી, તે બીલડીંગ આગળ આવી ઊભી, ત્યારે આસરે નવનો સુમાર થયો હશે! સારાં બાયગે શીરોઝ સાથની વાતચીત દરમ્યાન તે નહાની સ્વીટ-હાર્ટનું રહેથાણ તે જાણવા પામી હતી. જર હાવરને એ નહાના પણ હૈન્ડી રૂમમાં દાખલ કરવામાં આવી. મોવ કલરનાં શેડસથી તે નહાનો ઓરડો શોભી રહયો હતો, અને વાયોલેતસથી ભરેલાં સુંદર મોટાં બોલસ તે નાહનકડા સીટીંગ રૂમની રમણીય સુંદરતા, અને તાજગીમાં ઉમેરો કરતાં જણાતાં હતાં.

જર હાવર એ વેળા તમામ શાંત હતી. ખુબસુરત, નરમાસભરી અને પ્રકાશીત-એક મીઠી મનમોહન માહબુબ! તે પોતાનાં મનથી અજાયબ થતી હતી કે, મીનાં તેને મળવા બ્હાર આવશે કે નહિ? મીઠાં સોડમદાર વાયોલેતસનાં બોલ તરફ જોતી વિચારવંત હાલે તે ત્યાં બેડી બેવામાં દોડતાં બચ્ચાંનાં નાહનકડાં પગલાંઓ તેણીને સંભળાયાં. એક વાજીંત્ર જેવો મીઠો હસવાનો અવાજ! અને બીજીજ પળે ત્યાંનો મોવ કરતન હટાવી, કાળા કરચલીયા બાળો વાળું એક નહાનું ખુરસુમાં બાળક દાખલ થયું. હસતું, રમતું, રંગીલું! સુંદર એક તાજો નહાનો ગોલાબ! તે ઝળકતો નહાનો ચેહેરો, અને હસતી કાળી આંખો તરફ જોતાં, અસહ્ય દુખથી તે કમનસીબ માહબુબ પોતાની બેઠક ઉપરથી ચમકી ઉઠી. મનીનો દીકરો! મીના અને જાંહ ગીરનું નહાનું મુળયું!

બિહતું, બિહતું તેં બચ્ચું અવગે પગલે તેણીની સનમુખ ચાલી આવ્યું. એક ઝીની આંગળી તેનાં નાક ઉપર મુકેલી, ઝીના ઝીનાં સફેદ દાંતો દેખાડી તે હસતું!

"હશ!" તો બચ્ચાંઓ મીઠા ધીમા અવાજે કહયું. "મમીને કહેતાં નાં! હું લાં ખુરસીની પછવાડે છુપાવું છું!" અને જરની બરોબર સામે મુકેલી એક ખુરસીની પછવાડે છુપાતાં તે મીઠો ગોલાબી ચેહેરો તેણીની તરફ ચીમાધને જોતો હતો. તે કરચલીદાર બાળો, તે ચમકતા ચેહેરા ઉપર પડતા! તે ઝીના ઝીના ગોલાબી હોઠો, ને હસતી આંખો આ દુન્યાનું અમૃત જાહેર કરતા!

તે કમનસિબ અબળા એક મારબલનાં પુતળાં મિસાળ ત્યાં બેસી રહી. એક શબ્દની બોલવાની કે તે જગ્યા ઉપરથી હાલવાની તેણીમાં શકિત હતી નહિ. નસીબ જાણે તેના ઉપર રૂઠયું હતું. સર્વેથી પેહેલાં તેણીનો ભર્યાર, પાછળથી તેણીનો દીકરો, અને હવે તેણીનો લવર! એ સઘળું તેણી પાસથી લુટી લેવામાં આવ્યું હતું. જ્યારે તેણીનાં મરણ પામેલાં બેબીની એક હુબહુ મુર્તી, તે નહાના બેબીનાં ચેહેરાની હરીફ, પોતાનાં દીકરામાં ધરાવતી હતી. અરે! તે કેટલું ઘાટકી, કેવું કરૂણામય હતું. તે નહાની કરૂણામય સુંદરતા ઉપર કુદરત પોતાની સઘળી નવાજેસ ઉતારતી હતી. જ્યારે તે-જે બિચારી સૌથી નિરદોષ, સર્વેથા પવિત્ર હતી, તેણીની જીંદગી ખાલી-તમામ ખાલી હતી. એમ શું કરવા બનવું જોઇયે? જ્યારે તે બાપડી આય જીંદગીની દરેક ખુશાલી અને પ્યારની બાકાત રહે, ત્યારે તે બીજીઓ શું કરવા સઘળું ધરાવવું જોઇયે, તે ફરેરતાશ ચેહેરાની ન્હા ા ઉઠાવીએ?

કાંઇ ઘણું ગંભીર મનેલું હોવાનો ખટકો થતાં, તે બચ્ચું પોતાની છુપાવાની જગ્યાએથી બહાર આવ્યું. તે પ્યારો નાનો ચેહરો કાંઇક વિચારવંત, તે હસતી આંખો વધતી ડાર્ક, તેણીની મોટી રોકાતુર આંખોમાં પ્યાર અને હેબતથી જોતી!

"તમે શું કરવા એટલાં દલગીર છેઓ?" ને બાળક તેણીની પાસે આવી, હીરાઓથી ઝળઝળી રહેલા, તે ગોરા દુખ જોવા હાથ ઉપર, પોતાનો નાનો ભુરો નરમ હાથ ગોઠવી મમતાથી બોલ્યું, "તમે શું સીક છેઓ? તમુને કેડે દુખે છે? કોઇ વખતે મને હયાં દુખે છે!" એક ઝીની ગોલોખી આંગળી પોતાની છાતી તરફ કરતા તે બોલ્યું. "અને ત્યારે મમી મને જલદીથી સુવારી દેછ! તમારૂંખી કોઇ નાલ્લું બેખી ઘેરે છે? અને મારી મમી મને જેમ કાસી કરીને રરેચ, તેમ તમેખી રરોચ?"

હજુનખી એકખી સબ્દ તે કમનસિબ બાલબુબ્ધ ચોચરી શકી નહિ. પોતાનો આરસપહાણ જેવો સફેદ એક હાથ તે નાનાં ગળાં આસપાસ વીંટાળી તે બેસી રહી. તે ડાર્ક કર્લી માથાં ઉપર તેણીએ પોતાનાં ઝીનાં ગોલાખી હોઠો દાબ્યા. અને તે બાલાનાં મરણ પામેલાં બાળકની હેતવંતી યાદ તાજી કરાવતી તે પ્યારી કાળી આંખોમાં એક દીવાનીની અદાએ તે બાપડી જોતી બેઠી.

"તમે જણોઠો મારૂં નામ શું છે તે?" તેણે પાછુ જરા થોભીને આગળ વધાર્યું. "મારૂં નામ જાંહગુ છે. જાંહગુ બ્હાડયા! તમુને એ નામ ગમેછ? પણ તમે શું મારી સાથે વાત કરવાના નથી. તમે શુ ગુસ્સે છેઓ? તમે કાંય બોલતાં નહિ?"

તેજ મીનીટે પાસેનાં ઓરડાનું બારણું ઉઘડતું સંભળાયું, અને 'મમાં'નાં મીઠા પોકારો કરતું તે બાળક જરનાં પાસાબાથી ઉઠી, તે તરફ દોડયું

"મમી, ઓહ, મમી, તાંહ કોઇ લેડી તમુને મલવા—"

"મારાં ડારલીંગ, હું તે જાણું છુ." જરે એક તીણાં મીઠા અવાજને બોલતો સાંભળ્યો. "મમીને કાસ આપો ડીયર, ને તમારી આયા આગલ જાઓ. હું બોલાઉં ત્યાં સુધી હવે હયાં આવતા નાં!"

તે બોલ કરતન પાછો એક વખત ઉંઘડયો. અને તે ત્યાં આવી ઉભી. નાની નાજુક કરૂણામય, અસરકારક મધુર એક કવિતા, સુફેદ એક કમલનો બાગ કરાવતી, આ જીંદગીનું સુંદર સ્વપનું! તે આવી અને ત્યાં ઉભી! ફરેસ્તાનાં ચેહેરાની તે નાની હરીફ! તે નાનો સફેદ ચેહેરો દીલમાં ચુંથાઇ આવે એવો કરૂણામય ઉદાસ–તે જીના હોઠો, આખી દુન્યાથી રીશાયલા, એક દયાજણક રીશનામાં ચુપ ગમખવાર!

જર તેણીને જોતાં સાથ ઉઠી.

"ગુડ–મારનીંગ, મીસ બ્હાડયા! હું તમને મળવા બોટી છું."

એક તીક્ષણ કતારીથી જખમી થઇ હોય, એ મિશાલ તે છોકરી ચમકી, આખાં તનબદને કંપી રહી. એક હૃદયભેદક નિરાસી તેણીના સુંદર ચેહેરા ઉપર પંથરાઇ. તે મોટી અસરકારક આંખો ભયનાં ત્રાસથી ઝગડી રહી. તે છતાં તે આગળ વધી. ઘણી હીંમત અને દમાંમથી! તે નાનું સુન્નેરી માથુ મગરૂરીથી ઉચે ઉંચકાયલું!

"મેડેરખાની કરી મને જણાવશો કે હવાં આવવાની તમેએ શું કામ તસ્દી લીધી છે?" અખરે તેણીએ સવાલ કર્યો, તે મીઠો અવાજ, આખી દુન્યાથી કંટાળેલો, કરૂણામય એક વાંસલી જેવો!

"હું આવીછ, કારણ કે હું જાણવા માંગું છું, કે તમારો શું વિચાર છે? ફીરોઝ મારા ફ્રેન્ડ છે-આય દુ ખનાં મારા સૈાથી સાચ્ચા, ભલા મિત્ર અને તેવણ તમારી જીંદગીના સઘળા બનાવોથી મારા ધારવા પ્રમાણે જાણીતા થયા નથી-ત્યારે હવે મને કહેશો કે તમે તેવણને જાણવોછ, કે હું કહું?" તેણીએ ધીમેયા-કરૂણાથી મન પર અસર થાય એવી રવેશે સમજાવ્યું.

"અને-તેણે શું જાણવુંજ જોઇયે?" તે બોલેા એક મરતાં આસામીનાં મુખમાંથી નીકળતા શબ્દો જેટલા ઝાંખા, અને નિસ્તેજ સંભળાયા.

"મારા વિચાર પ્રમાણે તેા સઘળેા મર્મ જાણ્યા અગાઉ એવણ કદીપી પરણી શકવાના નથી!"

"તે તમારેા વિચાર હેાય, પણ, તે મારેા વિચાર નથી!" તે છેાકરીએ એક ચીસ પાડી કહ્યું. તેણીનેા નાજુક અવાજ જીગરનાં સઘળા જોસથી ધ્રુજી રહેલેા, આખી દુન્યા સામે જાણે લડત ચલાવનારી હેાય એટલી બધી તે બાવરી બનેલી, ઉસ્કેરાયલી. "શા વાસ્તે તમે એ ભરમ નહિ સાચવેા? શા વાસ્તે મને મારી જીંદગીનેા એકલેા ચાન્સ મળતાં અટકાવવેા જોઇયે? મારી જીંદગીના કેાઇ કાળા પડછાયાને લીધે, કીયાં કારણેાસર મારાં બચ્ચાંની જીંદગી બરબાદ થવી જોઇયે? એક બેવફા ભરથારે જે પેાતાની પરણેતર કરતાં મને વધું પ્યારથી ચાહી હેાય તેા તેમાં મારેા શું વાંક છે? એક મરદના દગાને ખાતર શા વાસ્તે એક સ્ત્રીએજ સઘળેા ભેાગ આપવેા જોઇયે? અરે એા, મેડમ! જુએા! હું તમારા પગ પાસ પડી તમને અર્જ કરૂં છું કે આય એક ચાન્સ મને મલતેા અટકાવેા ના! મારા દીકરાના સુખ—મારા દીકરાના ભવિષને ખાતર! કાંઇપી જે વાંક થયેા હેાય તેા તે મારેા છે, તેનેા નહિ! એક બાયના પાપને ખાતર તમેા એક બચ્ચાંની જીંદગી બીગાડી શકશેા નહિ! એક બચ્ચું! યાદ કરેા! અરે, એા બાનુ! યાદ કરેા! કે એક વખત એ કીંમતી ખજાનેા તમેાએમી ધરાવ્યેા હતેા! તમારેા એક દીકરેા હતેા, બાનું, અને તમેા તેને ચાહતાં હતાં તે પ્યારને ખાતર-તે મરણ પામેલાં બચ્ચાંની મીઠી યાદને ખાતર, મેડમ, હું તમને અર્જ કરૂં છું, કે મારી ઉપર દયા કરેા!"

રડતી અને તવળતી તે છેાકરી, તે માદામુણના પગ પાસ ફસડાઇ પડી તેાફાણી વટેા બ્યાંમાં સપડાયલું, પેાતાની જીંદગી માટે લડત ચલાવતું, એક સુંદર સફેદ મેડેાના લીલી!

પેાતાના બચ્ચાંની જોરાવર યાદ આપી અર્જ કરતી તે નાની છેાકરી ગમ જર દાવર પેાતાની નજર ઘેડવી શકી નહી. અજબ જેવી ધીમી એક ભંદ રેાશણીથી ઝળકી રહેલેા તે મીઠેા ફરેસ્તાહ ચહેરેા—અને કરૂણારસ એક કવિતાથી ભરપુર તે ગેાટી બ્લુ, અસરકારક આંખેા તેણીનાં દીલમાં એક નહી સમજી શકાય એવી લાગણી ઉશકેરતાં હતાં.

"હું એનાં એ ઢેાંગ ને ચરતથી એટલી વહેલી ઠગાઇ શકવાની નથી. એની એ સ્વીટ, એકસપ્રેસીવ આંખેા ને ત્રેાફક એકટીંગથી એ મને કદીપી બનાવી શકવાની નથી." પેાતાનાં બચ્ચાંની યાદથી નરમ પડેલાં અંતકરણને ફરી પાછું કઠણ બનાવતાં તે મનસે બબડી.

"એકનાર તમે મારા ધણીને લુટી લીધો હતો–અને હવે મારા ફ્રેન્ડને ખુંચવી લેવા આવ્યા છો," તેણીએ ધીક્કારથી તે નહાની ધુજતી છોકરી ગમ ફરી કહ્યું. તે વખત જો તમારી હસ્તીની મને ખબર હોતે તો હું મારા ભર્થારને બચાવતે! પણ હવે જ્યારે હું જાણું છું, ત્યારે મિરા ફ્રેંડનો મારે બચાવ કરવો જોઇયે! નહીતો કે—"

'મીસીસ દાવર, તમો મને ખોટી રીતે બદનામ કરો છો! તમો મને શું મરદોની જીંદગીનો નાસ કરનારી ઝેરી વેમપાયર સમજોછ?"

"મારા ભર્થારની જીંદગીનો તો તમે નાશ કીધો છે, તમે તેને લુંટી લીધો, ઠગાવ્યો આંજી નાખ્યો!"

"અરે, ઓ, મેડમ! તમારી આવી ખુબશુરતી, આટલી બાહોશી છતાં, તમને કોઈ દીવસે એમ લાંગ્યું નથી કે કોઇ વેળા મરદોની ઠગાઇથીબી બૈરાની જીંદગીનો નાશ થાય છે?'

"હું માનીજ શકતી નથી! એમાં એક સ્ત્રીનો વાંક હોવેજ જોઇયે! જો તમો વચ્ચે આવ્યા ન હતે તો મારી ખાતરી છે, કે જાંહગીર મારા પ્યારને સાચ્ચોજ નીવડતે! તમારી જાદુભરી મોહીનીએજ તેને બેવફા બનાવ્યો!"

"અરે! હું ધચ્છું છું કે એ તમારો વિશ્વાસ, તમારા મરણ પામેલા ધણી તરફની તમારી ફીદાગીરી હું કાયમ રાખી શકતી હોતે! મારાં બચ્ચાંની જીંદગીનો જો મને વિચાર ન હોતે તો કદીબી–અરે કદીબી હું એ ભેદ તમો સનમુખ ખુલ્લો કરતે નહિ. ફકત એક વખત આપણે મળ્યાં હતાં, મીગીમ દાવર, અને તેબી ફકત પાચજ મીનીટ. તે વખતે તમે મને ધીક્કારી–તમારા ભર્થારને નિર્દોષ, ને મને એક દુષ્ટ પાપણી ધારી, તે વખતે હું ચુપ રહી. તમારો વીશ્વાશ, તમારું જીગર તોડી નાખવા મને ગમ્યું નહીં. અરે હમણાંબી હું કહેતે નહીં, બાનુ, ફીરોજને જો કે હું ચાહું છું. છતાંબી હું કદી તમને અર્જ કરતે નહીં. ફકત મારાં બચ્ચાંના પ્યારનેજ ખાતર હું તમારી આગળ ગુંહણે પડી અર્જ ગુજરૂ છું. એક વેળા તમોએબી એવુજ એક બચ્ચું મરાવ્યું હતુ. ઓ મેડમ, એટલુંજ નીર્દોષ એવુંજ સુંદર, એટલુંજ બેખબર! અને તેની પવીત્ર યાદને ખાતર હું ખાતરીથી કહું છ કે તમો મારાં બચ્ચાંની જીંદગીનો નાશ કરશો નહીં. હવે હું જે કહું છું, મેડમ, તે સમજો, ધ્યાનથી–અરે, હજુત ધ્યાનથી, વાકાં વળો, મેડમ, હજુત વાંકાં વળો! તમારૂં સુંદર માથું હજુત નીચે નમાવો, હું જે કહું છ, તે હું જાણું છ કે તમારાં જીગરમાં તીરની પેઠે ધા કરશે, તે છતાં–અરે, તે છતાં બાનુ, મારે સઘળું તમુને કહેવુંજ પડશે!"

તે શીરીન, મીઠા હલક બોલતોજ રહ્યો, તે આખા ચોરડાને શાંતી ભરી ખુસ્તુદીથી ભરી નાખતો. અને મેસમેરાઇઝડ થયેલાં એક પુતળાંની અદાએ જર દાવર તેને સાંભળતી બેસી રહી.

"યાદ રાખજો, બાનુ કે જે હું તમુને સઘળું કહું છ, તે સાચ્ચું છે, એકેએક શબ્દ સાચ્ચો! ઘણાં વરસોની વાત ઉપર જ્યારે તમારા ભર્થાર મને પહેલા મળ્યો, બાનુ, ત્યારે યાદ રાખજો કે હું ફકત પંદર, કે સોલ વરસની હતી. મારાં માંપના પાસાંમાંથી એક દીવસ બી છુટી પડેલી નહીં. તેવણ આવ્યા, અને મારી ઉપર પ્યાર કીધો. અને થોડા વખતમાંજ

મને પરણવાની માંગણી કરી. કોઇ રીતે એક ઢોંગી લગનથી મારાં મગાંને તેમજ મને ઘણી શેહેલથી ઠગી શકયા અને મેં કદી પણ જાણ્યુ નહી કે, તેની એક હકદાર પરણેતર જીગર તોડી નાખનારી નિરાસી સાથ તેની રાહે જોતી, બેઠી હતી.

"તેનાં મરણના ખિતાણાં ઉપર જ્યારે તેણે મને ખરો ભેદ કહયો, ત્યારે મારૂં હૃદય જે ભયંકર નિરાસીથી વીંધાઇ ગયું, તે હું વર્ણવી શકતી નથી. મારાં બચ્ચાંને ખાતરજ હું જીવી. ને મારી આ નામોશી જાણવા મારાં મુખાં આય દુન્યામાં વધુ વાર હતાં નહિ. એ ખ્યાલથી મેં બેદાનાં શુકર કર્યા. ત્યાર પછી તે નામ જે મારૂં હતું નહિ, તે બદલી મારૂં 'મેડન' નામ મેં પાછું ધારણ કર્યું. અને તેની એક યાદને ખાતર મારા દીકરાને મેં તેનું નાંમ બકસ્યું.

"હવે બાનુ, વધુ કશું કહેવાનું રહયું નથી. તમારી દયા, અને દીલસોજી માંગવા સિવાય! અને હું જાણું છ કે તે મને મળશેજ! તમારો ચેહેરો જોવો ખુબસુરત છે, મેડમ, તેટલુંજ તમારૂ જીગર સફેદ અને ઝળકતું હું જોઇ શકું છું. તમારો આત્મા પવિત્રાઇથી ભરપુર! અને હવે તે બચ્ચું જેટલું તમુને, તેટલુંજ મને વ્હાલું છે, તેની ખાતર, તમે એ ભોગ આપશો! હું જાણું છ, હું શું માગું છું તે! આ દુન્યાનો સર્વેથી મોટો સર્વેથી સર્વોતમ એક સ્વભોગ! તમારા પ્યારને, તમારી જીંદગીને તમારી સર્વેથી મધુર, ઉત્તમ ઇચ્છાને છેલ્લી સલામ કરાવનારો એક બુલંદ સ્વભોગ! અને તેણી હું તે માગું છું! મેડમ મારી આંખો તરફ જોઓ, અને માનો કે તમારા ભર્યારને ફસાવવાના દગાથી હું તમામ નિરદોષ છું!"

એક લાંબી દુઃખદાયક નજરથી તે બેનની આંખો એક થઇ. અને તે એક નજરમાં જર દાવરે આ દુન્યાની સઘળી ખુશાલીને પોતાના હાથોમાંથી સરી હેઠે પડતાં જોઇ. તેણીએ તે આંખો તરફ જોયું–તે મોટી કરૂણામય આંખો–જેની પાછળ, આય દુન્યાંના સર્વેથી ભયંકાર દગાનો ભોગ થયલું, એક ભાંગેલું અંતકરણ તેણીએ જોયું. જે નહાના અને નિર્દોષ આત્માને ભાંગીને ભુકો કરનાર તેણીનો પોતાનો ભરથાર હતો.

એક જબરદસ્ત આંચકો તેણીએ ખાધો, અને મુરદાં જેવા સફેદ ચેહેરા, ને જદ થઇ ગયલી આંખો સાથ તે ઉઠી.

"અરે! શું હું આંધળી હતી?" એક મરતાં આસામીની કાહેલી અદા, ને થાકથી નમળા બનેલા અવાજે તેણીએ પુછયું.

"ઓહ! જો તમો તેમજ રહી શકયાં હતે!" તે બ્હાની છોકરીએ તેટલીજ ઉંડી ઉદાસીથી જવાબ વાળ્યો.

"મીના, ચાઇલ્ડ! મને તું માફ કરજે! હું જોઉંછ કે તારી તરફ હું ઘણી ગેરબનસાફી, ઘણી સખ્ખત થઇ હતી. આજે મેં કાંઇ એવું સમજ્યું છે, ચાઇલ્ડ, કે આય ઘડીએ મારાં દીલમાં શું થાય છે, તે હું કહી શકતી નથી. હમણાં તો નહિં, પણ ઘણા વખત પછી કદાચ તું સમજી શકશે કે તારાં બચ્ચાંના પવિત્ર નામ, અને સુખને ખાતર મેં કેટલું બબ્યું છે. કેવો મોટો એક ભોગ મેં આપ્યો છે. અને ચાઇલ્ડ, હવે તારી તરફથી હું એક મેહેરબાની માંગશ. હમણાં તો હું જાઉં છું, ઘણા વખત માટે, હયાંથી ઘણે દુર! પણ કોઇ વખત કદાચ હું પાછી ફરશ, ત્યારે મારાં મરણ પામેલાં બાળકનાં

ચેહેરાના તમારા દીકરા સાથ, મારો મેળાપ કરાવશો? અને હવે હું તમુને ઘણુ સુખ ઇચ્છું છું, ડીયર એકણી કળા વદળાં વિનાનું રૂપીયામણું, ઝળકતું ભવીષ! જે મેળવવાને હવે મારી ખાતરી થઇ છે કે, તમો તદન લાયક છો! અને એ તમારાં સુખમાં કોઇ વખત મને યાદ કરતાં રહેશો, એવી હું આમા રાખું તો કાંઇ ખોટું ગણાશે?"

"અરે, ઓ, મેડમ! ખુદાના ખુશ્કદમાં ખુબંદ આશીરવાદ તમો ઉપર ઉતરજો! કદીપણ એમ માનતા ના, કે આય દુન્યાનાં સર્વથી ખુબસુરત, સર્વથી ઉગદા જીગરની યાદ મારાં મનમાંથી એક ઘડીભી વિસારી શકસ! અને મારૂ બચ્યુ તો આજ પછીથી, ઓ, વ્હલા ફ્રેન્ડ, સદા તમારૂંજ રહેશે! તમારૂં માથુ મારા સીર ઉપર નમાવો, વ્હાલાં વ્હાલાં જર. એક પવિત્ર કીસથી મને નવાજો, કે તમારી ફીરેસ્તાઇ મેહેરબાની માટે હું સદા ખુશી નર્યાત રહી શકું! અને જ્યાંભી તમો જાઓ, સાચ્ચાં વ્હાલાં મિત્ર, તા એક ભાતાનાં આભારી જીગરમાંથી વરસતા સર્વેથી સર્વોતમ આશીરવાદો, તમો ઉપર ઉતરશે!"

તે નાની છોકરી, ઝળકતા ખુબસુરત એક પુટલાં જેવી તે માહબુબના પગ પાસ ફસ-ડાઇને બેઠી પોતાના નાજુક ગરમ હાથો વટી, તે થડા સફેદ હાથ પસવારિયા. ઉડી ગરમ દીલસોજીથી ને બને હરીફો એકમેક સામુ જોઇ રહી તે ઝળકતુ સુનેરી માથું, તે નરમ ભુરાં ખુબસુંઓ ઉપર વાંકુ વળ્યું. તે પરવળા સમ હોઠો, તે નાની મધુરીના થંડા સફેદ ગાલ સાથ જઇ અથડાયો. તે સુંદર સફેદ હાથો એકમેકનાં ગળામા ભેરવાયા અને હેતવંતા એક આલીંગણ સાથ એકવારની તે બે હરીફ સોબો—હાયમા હેતવતી બે સહીયરો, સદા માટે છુટી પડી.

તે રાતના, તે સોનેરી ઓરડામાં જર દાવર પોતાનાં બચ્ચા ની સખી પાસ ગુંઠણીએ પડેલી હતી.

"કોઇ રીતે જો ઓ કિરતાર, મારા આય મિનસ્વાર્થી કાર્યથી મારાં બચ્ચાંની હજુરમાં જવા જો હું વધુ લાયક બની શકી હોઉ તો મારા આ તરસ્તા જીગરમા, એક સ્વર્ગીય શાંતી, રાહટ ફેલાયથી હું જોઇ શકું છું! અને હવે તે દીવસ, ઓ, ખોદા, વ્હેલોજ પાસે લાવ, કે જ્યારે બેહેસ્તના સોનેરી દરવાજાઓ પર બેઠી થતા મારા તે દીકરાને આય બાની હાથોમા લઇ, મારી છાતીએ ચાપી શકુ!' તે અમીરી બગાશની સ્વભોગી નારે ખુદા પાસ આર્જ ગુજરી, અને એક બેમાલુમ ખુશ્તુદી ભારી રોશણી, ને બચ્ચાના નુરમંદ ચેહેરા ઉપર પંથગ-યની, તે ગુંઠણીયે પડેલી માહબુબે જોઇ. અને ત્યારે-તેજ સર્વોતમ રોશણીથી તે ઉત્તમ સ્વભોગી નાર પોતે પણ ઝળકી રહી!

એક લાબી મુસાફરીએ જવાની તૈયારી કરતા જર દાવર તે બોયો પાઝા યાદ કરતી હતી. "જીંદગી એક મોટી રમુજ છે, જર, અને તેથી તમારી દીલગીરી અને દુખ જેથી કાંઇ હોય તેને મારી હટાવો, અને હસો! અને જીંદગી પોતાનાં ખુશ્તુમાં ચળકાતથી તમુને પાછાં નવાજશે!"

બચીત! બચીત! જીંદગી આય દુન્યાની એક કોમેડી હોય, યા ત્રેજેડી! પણ તે તેમાં ભાગ લેશે તો ખરીજ, અને ફરી એક વર પોતાનું તે વિકટ પાત્ર તે ભજવશે! પણ હમશે,—તો હવે-કદીપણ નહિજ!

ઉદ્ભ્રાત પ્રેમ.

એક અસરકારક અને બોધદાયક **રસીલી વાર્તા.**

રોયલ ૧૬ પેજી કદની ભેટ પુષ્ઠ ૧૨૦)

જેઓ પોતાના શહેરમાંના યોગ્યા યોગ્ય ગૃહસ્થો જેવાં કે—વેપારી, વકીલ, અમલદારો વગેરે યોગ્ય વયના આસામીઓનાં ૨૫૦ નામનું તેમના ઠેકાણા સહીત લીસ્ટ મોકલે તેને અમારે ખરચે ભેટ મોકલવામાં આવશે.

વૈદ્યશાસ્ત્રી **મણીશંકર ગોવીંદજી.**

આતંકનિગ્રહ ઔષધાલય—જામનગર (કાઠીયાવાડ.)

ખાસ્તરનું અમૃતબિંદુ

રજીસ્ટર્ડ નં. ૮૪૧-૧૦

સખતમાં સખત માથાનો દુખાવો માત્ર એકજ મીનીટમાં દુર થઇ જાય છે. માત્ર પેટની ઉપર ચોળવાથી પણ પેટમાંનો દુઃખાવો મટી જાય છે. પવન છુટવા માંડે છે. અને બાદી-બદહજમી દુર થાય છે. દાંત અને દાઢનું કળતર એકજ મીનીટમાં શાંત પડી જાય છે. વીંછીના ડંખ ઉપર તો તેનો ચમત્કાર એલોકીકજ છે. ઉંચાંમાં ઉંચી જાતના કોઈ પણ પેનકીલર કરતાં **અમૃતબિન્દુ** ઘણી ઉંચી જાતની દવા છે. વિલાયતી દવાની દરેક દુકાન ઉપર તે વેચાય છે. હાલમાં તેની કિમત ૧ સીસી રૂ. ૧॥= ત્રણ સીસીના રૂ, ૪॥= તથા ૬ સીસીના રૂ. ૬= છે. પોસ્ટેજ દમારે માથે છે બધા દવાવાળા વેચે છે:—કેટલોગ મફત મળે છે:

લખોઃ—"અમૃતબિંદુ" ઓફીસ મુકામ પોષ્ટ-નડીઆદ (ગુજરાત.)

નવજીવનનાં એંધાણ

(લાવણી.)

રણશિંગાં ફુંકાય, બધે હો! હરહર હરહર થાય!
ભર આકાશે શબ્દ પડે ને ધણધણી ઊઠે કાય:

ધુણી રહ્યા એ શબ્દ ગગનમાં,
અગન અગન ઊઠે તનતનમાં;
કોણ જ સૂશે એ ગર્જનમાં?
ઓ વીરા! રે આવી જાઓ!—(ધ્રુવ).

રંગ રંગ છે રંગ, મચે હો! જીવનજયનું જંગ:
થયાં પ્રભાત પનોતાં, વીરા! અંગેઅંગ ઉમંગ:

એ રંગે રોળાવા રસમાં,
અંતરની કો તીવ્ર તરસમાં
ફુદે રકત ન કોનું નસમાં?—
ઓ વીરા! રે આવી જાઓ!—રણશિંગાં૦ ૧

હાલક હુલક હાક પડે હો! ચહુડે પલક મન ચાક!
દિશદિશ ડોલી રહે ડગમગતી, વધે અજંપ ઉરછાક:

દિશદિશ આ ઊંચકાય નજરમાં,
શત્રુતિમિર સપડાય સમરમાં;
હીર અંકાવા આજ અમરમાં,
ઓ વીરા! રે આવી જાઓ!—રણશિંગાં૦ ૨

શુર! સ્વર્ગની વાટ પડી હો! એ જ સમરને પાટ;
શુરાકેરું આન રહ્યું હો! એજ રૂધિરને ઘાટ!

કાયરતાનાં વસ્ત્ર ઉતરશે,
હુણું હુણું કહેતાં તરશે,
તરતાં હૃદય ભગ્ન શી ભરશે!—
ઓ વીરા! રે આવી જાઓ!—રણશિંગાં૦ ૩

'ચાર ઘડીનો શ્વાસ કરે હો! લાખ વરસની આશા';
પણ પળભર જીવન શુરાનુ પાડે લાખ પ્રકાશ!

જીવનસિદ્ધિ જ છે એ પળમાં,
આત્મ ખરો પરખાય પ્રબળમાં:
એ પળ ધન્ય મળી આ સ્થળમાં:
ઓ વીરા ! રે આવી જાઓ !—રણશિંગાં૦ ૪

કેક વરસના કોડ રહ્યા હો ! અંતર ત્રીશ કરોડ !
તીર્થ તીર્થને પ્રાણે પ્રગટે પ્રેમશૌર્યની જોડ !
નવયૌવનના રાસ રચાયા,
નવચેતનના વાયુ ફુંકાયા:
હવે પ્રકાશો ભારતજાયા !
ઓ વીરા ! રે આવી જાઓ !—રણશિંગાં૦ ૫

ઠાર ઠાર રણકાર, કરો હો ! ઉદય વિજયટંકાર !
કેસરિયા તે જોય ન પૂઠે, શૂર ન સમજે હાર;
આવો, ધડથી શીશ ઉતારી,
રણગર્જનની ઓર ખુમારી !
વાટ જુએ છે કીર્તિ તમારી !—
ઓ વીરા ! રે આવી જાઓ !—રણશિંગાં૦ ૬

રણશિંગાં ફુંકાયઃ નહીં હો ! શુરથકી રહેવાયઃ
સ્વર્ગજ ઉઘડ્યાં શુરા કાજેઃ ધસો, ધસો રણમાંય !
જીત કર્યે નવજીવન જડશે,
ભારતના સદભાગ્ય ઉઘડશે,
કે રણ પડતાં પ્રભુ સાંપડશે !—
ઓ વીરા ! રે આવી જાઓ !—રણશિંગાં૦ ૭

અરદેશર ફરામજી ખબરદાર

ફૂલ.

એક અતિહાસીક ટુંકી વાર્તા.

(લેખકઃ-પાદશાકૅર.)

ઇશ્કકી મકતબમેંમેં, મેરી આજ બિસમીલ્લાહ હુઇ।
મુહસે કહેતા હું અલફ-દિલસેં નીકલતી આહ-હુઇ।
તાલસે મંજુરથા-સો પહેલે હમને કહે દિયા।
કયા કટેગા કૉલ-જો યક વખ્ત હમને દે દીયા?।।

"સાચુજ કહેા છેા મુબારક! આ તસ્વીરમાં ચીત્રેલી બાનુ જીવતી છે? શું આદમજાત આટલું બધું સુન્દર હેાઇ શકે છે? સુબાનઅલ્લાહ?'

"જહાંપનાહ! ગુસ્તાખી માફ! આ બાનું, અત્યારે દિલ્લીના ચંદનીચૌકને પેાતાના પ્રકાશથી ચમકાવી રહેલ છે?"

"કહે! કહે! મુબારક! એ કયા ઉમરાવની બેટી છે? યાતેા દિલ્લીના બાદશાહની કાંઇ માનીતી બેગમ છે? યા ખુદા! આવું રૂપ! આવી સ્વર્ગીય કાંખ?"

"નવાબ સાહેબ! આ બાનુ દિલ્લીની મશહુર તવાયફ ફૈજીજાન છે। ગુલાબને તેની થેાડીક પહિચાન છે. આખું દિલ્લી તેની પાયળ ગુલતાન છે!"

"મહારા વફાદાર મુબારક! ત્યારે ના એ પરિયેપાસ બુલબુલને મેળવવાનેા મહારેા અરમાન છે; ગમે તે ઉપાયે પણ મારા રંગમહેલમાં તે આવવીજ જોઇએ."

"બશરેાચશ્મમર્યા, મહારાજ નામવર! આપનું ફરમાન ઉઠાવીશ!" અને સર ઝુકાવી વફાદાર મુબારક ને ભવ્ય ઓરડા છેાડી ગયેા.

× × ×

ઉપરની વાતચીત મુર્શિદાબાદના નવાબના અલાેકીક રાજ મહાલયના એક દિવાનખાનામાં ચાલી રહી હતી અને તે નવાબ સિરાજુદ્દૌલા તથા તેના વફાદાર નેાકર મુબારક વચ્ચે થતી હતી. નવાબ અલિવર્દિખાનના મરણ બાદ તેનેા પૈત્ર (ભિકરીનેા દિકરેા) સિરાજ મુર્શિદાબાદની ગાદીએ બેઠેા. સિરાજ જાને યુવાન-ખુબસુરત-બળવાન-અને વિલાસી હતેા. સુન્દરી અને સિરાજનેા પરમ ભક્ત હતેા. ઝનાનામાં ઉભરાતી બેગમેા તેને સંતૃપ્ત કરી શકતી નહતી. તેથી આ વિલાસપ્રિય નવાબ લક્ષ્મીની બરબાદી કરી નૂતન રૂપસુન્દરીઓ શેાધી મંગાવતેા હતેા.

અચાનક તસ્વીર વેચનાર એક બુઢ્ઢિયા દિલ્લીથી કેટલીક સુન્દર તસ્વીરો વેચવા લાવી હતી, જેમાંની કેટલીક મુબારક પોતાના યુવાન માલિક માટે ખરીદી લાવ્યો હતો, ને તે તસ્વીર જોતાંજ ઉપર પ્રમાણે વાતચીત થવા પામી હતી.

બસની ટટ્ટીઓથી ઢંકાએલા-શિતળ-સુવાસિત ફુવારાઓમાં અસંખ્ય જળધારાઓ વડે શિતળ બનેલા પુષ્પમાળાઓની સુવાસથી તર બનેલા આરસના એક વિશાળ દિવાનમાં નવાબ બેઠા છે. અંગે બહુ મૂલ્ય ચંદન-મલય બરાસ આદિનું વિલેપન કર્યું છે. બાંદીઓ થંડા પંખાવડે વાયુ ઢોળી રહી છે. પણ નવાબ આગથી સળગી ઉઠયા છે. વ્યથા કેમે શમતી નથી:-

ધીમે ધીમે નયન મીંચી નવાબ ગણુગણુવા લાગ્યા:-

ઇસક કયા શય હય-કીસી કામીલકો પૂછા ચાહિયે;
કીસ તરહ જના હય દિલ-બેદિલસે પૂછા ચાહિયે;
કયા તડફને મેં હય મઝા-કત્લ હોા પ્યારે કે હાથ;
ઉસકી લઝ્ઝતકો કિસી બિસ્મિલસે પૂછા ચાહિયે.

શિરાઝ! શિરાઝ! બાંદિ શિ--રા--ઝ...

બાંદીએ ઢળઢળતો શિરાઝનો પ્યાલો ભર્યો. તેની સુવાસથી બધું દિવાન બહેકી ઉઠયું. ગુલાબી પ્રવાહી તરફ તરસ્યાં નયને જોતાં નવાબે તે પુરો કર્યો-ને પ્યાલો ફેંકી દીધો:ને પલંગમાં પટકાતાં કહ્યું-ઉફ્-ગરમી બહોત....."

ફૈજીનો વિરહાગ્નિ નવાબને બાળી રહ્યો છે.

૨

બિમારે ઇશ્ક નવાબ.

બીમારી ઇસકની બુરી, ભલે હોા! રંક કે રાણા!
બન્યા બેદર્દ પણ દર્દી, રહ્યાં દિલનાં ન ઠેકાણાં!
અને વારાંગનાને તો, બધે કલદાર બસ નાણાં!
ભુલે બેભાન થઇ બંધા, ગણીને બોજનાં ટાણાં!!

દિલ્લી! અલબેલી-મોહમયી-વિદ્યા કળા-કારીગરી ને વિલાસ વિભવથી ઉભરાઇ જતું દિલ્લી મુગલ બાદશાહોના વખતમાં રંગીલું દિલ્લી કોઇ અજબ હાલમાં ખીલી ઉઠયું હતું. તેની સમૃદ્ધિ અલકાપુરીના કુબેરના ભંડારની સ્પર્ધા કરતી. નવાબો અપ્સરો રાજા રાણાઓ સિપાહસાલારો અને નવાબોના નિવાસોથી નવરંગી-બનેલ દિલ્લી દુનીઆની નજરે ચઢી રહેલ છે. બાદશાહી મહેલોથી દિલ્લી બગડર બની ઉઠયું હોય એમ જણાતું હતું. વિલાસીઓથી ઉભરાતા ચંદની ચોકમાં એક ઘાટીલું પણ હાનું નાજુક ત્રણ મજલી મકાન આવી રહ્યું છે. વચલા ખંડમાં સુન્દર બસરાઇ ગાલીચાપર બેસી બે માણસો કાંઇ છૂપી ગુફ્તેગુ કરી રહ્યાં છે.

"શું! સિર્ફ એક લાખ રૂપિઆ બહાનાનાજ! મુબારક! ત્યારે તો આ માલ કાંઇ જવા દેવા જેવો નજ ગણાય! કેમ?" કોકિલ કઠે એક તરૂણી બોલી. આ બોલનાર તો નવાબ શિરાજને ઘેલો કરી મુકનાર ફૈજીજાન છે. બાલ્યાવસ્થામાંજ મા બાપ વિનાની-ગરીબ હાલતે

ઉજરેલી છોકરી ફૈજી, લોકનાં વહિતરાં કરી મોટી થઇ હતી. બુધ્ધિશાળી અને દેખાવડી હોવાથી આંસ્તે આસ્તે તેનું નશીબ ખુલ્યું. તેને યુવાની આવી–તેની અનુપ રૂપસુન્દરતાએ તેને દિલ્લી આણી. રૂપનો કાંઈ મહિમા છે? જેના સામે કોઇ નજર ન કરતું–આજે ફઇજીના ચરણની ખાખ ચુંમવા દિલ્લીના અમીર ઉમરાવો ગરી પડે છે. એ સુરિલી તાનપર કંઇક માલેતુજાર શૌકીનો સર ઝુકાવી તેની કદમબોસી કરવા હરિફાઇ કરી રહ્યા છે. હાય રે રૂપ!

માબાપ વિનાની અનાથ–ન્યાતજાતથી અજાણ–ભુખે મરતી ફૈજી આજે પોતાના સ્વતંત્ર ચાંદની ચોકના મકાનમાં પુર રૂઆબમા દાગદારીઓ વચ્ચે વસી રહી છે. ખરેખર તેનું સૌંદર્ય અનુપમ–દિવ્ય હતું, તે જ્યારે સીતાર સાથે સંગીત ગાતાં– આલાપ લેતી વખતે ઝુકી પડતું મસ્તક ગર્દનપર પાછું ટટ્ટાર થતું ત્યારે સૌદામીનીને વિસરાવતો અદ્ભુમુલ્ય હીરાનો હાર ચમકી ઉઠતો. તેનો કંઠસ્વર અને વાજીંત્રપરનો કાબુ અદ્વિતીય હતાં. દિલ્લી આખુ તેનાં રૂપ અને સંગીતપર મરતું તો મુર્શિદાબાદના નવાબના શું ભાર?

શિરાજુદૌલા આતુરતાથી ફૈજીના આગમનની રાહ જોઇ રહ્યો છે. જેના અનિન્દ્ય સૌંદર્યના વખાણ ઇતિહાસ આજ પોકારી રહ્યો છે. તે મુલ્ક મશહુર ઇતિહાસ પ્રસીદ્ધ ફઇજી નજરે પડે, તેના કોકીલકંઠી સંગીત કયારે સાંભળવા મળે, એ બેહિસ્તની હુર–તુર–એ–આલમ કયારે આ મકાન અજવાળી દે–અરે એની કદમબોસી કયારે કરું–એવા એવા વીચારો કરી નવાબ તરફડતાં તરફડતાં જેમ તેમ વખત વિતાવતો હતો.

સુચતુર મુશારકે જેમ તેમ કરી, ધીમે ધીમે ફઇજીને રીસામાં ઉતારી તેને નવાબનો હાલ જણાવ્યો, અને ભવીષ્યમાં તેનું ભારભ્ય કેવું ખીલી ઉઠશે તેપણ વાતવાતમાં કહી દીધું. નવાબની સુંદરતા, તેનો વૈભવ, તેની સત્તા–તેની વિલાસ પ્રિયતા સૌ ગણી ગણીને મુશારકે ફઇજીને સંભળાવ્યું. ધનનો લોભ! અરે હાય! લોભે કોને છોડયા? લોભમાં કોણ ન ફસ્યું? શ્રીમંતો પણ લોભમાં ભરી જાય છે તો ફઇજીની શું મગદુર?

ઘણીક વાટાઘાટ પછી ફઇજી નવાબને રીઝાવવા મુર્શિદાબાદ આવવા કબુલ થઇ. નવાબી હાકમાંથી, નવાબી તોરથી મુર્શિદાબાદ પહોંચી. નવાબનો આનંદ આજે માતો નથી. તેના સુંદર વદનપર આજે ઓર ખુમારી ચઢી–આજે શિરાજીનુ પ્રમાણ બેવડાયું. કહો કે નવાબ હર્ષઘેલો બની ગયો. આજે સ્વર્ગની રંભા, બેહિસ્તની હુરી, રંગીનુ બુલબુલ, પોતાની દિવ્ય રૂપરાશીથી, અનુપમ સૌંદર્યથી, અદ્ભુત ચમકથી નવાબને આનંદસાગરમાં ડુબાવશે. હાયરે ઇશ્ક! હાયરે રૂપ, તમારી શી મહત્તા!

૩

નવાબની ચિંતાઓ!

સદાયે વ્હેમી કાગાન્ધો! પીળી કમળા ભરી આંખો!
હુણે ચિંતા મરોવરમાં! ફફડતી રાખતા પાંખો!
ગણે સૌ વિશ્વને કામી! નહિં વિશ્વાસ કોઇનો!
પછી પસ્તાય પરિણામે!–નારી વ્યભિચારી જોઇને!!

હીરાઝીલ મહેલ, મુર્શિદાબાદનું ભુષણ છે. મહેલની નીચે એક મોટી ઝીલ આવી રહી છે, જેમાં નિર્મળ જળ સદામવર્દા ઉભરાયા રહે છે અને આ

કાચ જેવાં નિર્મળ પાણી, ચંદ્રની ઠંડી હવામાં લ્હેરાતાં લ્હેરાતાં, ચંદ્રકિરણો સાથે સંતાકુકડી રમતાં ત્યારે, ત્યારે તે પાણીમાં પ્રતિબિંબિત મહેલ નાચી ઉઠતો. પાણીમાં જાણે હીરાના ટુકડા વેરાઇ ગયા હોય તેમ પ્રકાશીત થઇ રહેલા દેખાવ પરથી આ મહેલનું નામ હીરાઝીલ મહેલ પડયું હતું. જાણે આ હીરાઝીલમહેલ જળરૂપી આરીસામાં પોતાનું – પ્રતિબિંબ જોઇ ગર્વથી નૃત્ય કરતો ન હોય તેમ લાગતું હતું. ઇતિહાસના કહેવા મુજબ નવાબ અલિવદિ ખાનથી અલગ રહી પોતાની વિલાસ વાસનાની તૃપ્તિ કરવા માટેજ શિરજુદૌલાએ આ હીરાઝીલ મહેલ બાસ બંધાવ્યો હતો. આ મહેલમાં સદાસર્વદા કામ કલાકુશળ કામિનીઓનાં કનકનુપુરના ધ્વની સંભળાતા કરતા હતા. મધુર તાલ—લય સ્વર—સુશોભિત કમનીય કંઠની સુરોલી તાનોથી અને નૂતન વાદ્યના રણકારોથી દિવાનખાનું ગાજી ઉઠતું.

ચંદની રાત્રિઓમાં ચંદ્રવદની ચંચળ ચતુરાઓની સાથે શિરાજુદૌલા હમેશાં આનંદ વિલાસ કર્યા કરતો હતો અને પોતાને ઇંદ્રથી પણ અધિક સુખી ગણતો હતો. સત્તા-સુરાંગના-સુરા-સૌંદર્ય, આદિ પર ઐશ્વર્ય યુકત નવાબ પોતાને મહાન સુખી ગણે તો તેમાં આશ્ચર્ય પણ શું ? જ્ઞાનહીન વિષયી નરપશુ પોતાને મળેલ દેવ દુર્લભ નરતનું—માનવદેહ, આમજ વ્યર્થ વિનષ્ટ કરનાર વિષયની પરિ તૃપ્તિને સુખ સમજે છે અને અંતમાં તેમાંજ નષ્ટભ્રષ્ટ બની પાયમાલ થાય છે, તે જ્યારે માલીકની અવાજ વગરની જેબી લાકડીના પ્રહાર થાય છે ત્યારે કાવરા બાવરા બની પસ્તાવાના કુંડમાં ડુબી જાય છે.

આજે એકજ વિચાર નવાબના મગજમાં ઘોળાયા કરે છે કે–દેવદુર્લભ રૂપશાલીની—ફૈજીબીના અનૂપમ નૃત્યનો જલસો કોને કોને બતાવવો–એ મિજલસમાં કોને કોને નોતરવા ? કોઇ બહારના મિજબાનોની નજરે એ અણમુલ ખજાનો આવી જાય ને તે પરાયે હાથ જઇ પડે ? કદાચ પોતાનાથી વધુ સુન્દર યુવાન ફૈજીની નજરે ચઢી જતાં પોતાને મુકી ફૈજી અન્ય તરફ આકર્ષાઇ ચાલી જાય ? અરે કોઇ બદનજર બદમાશની નજર વખતે સુરસુન્દરી ફૈજી જાનને લાગી જાય ? હાય ! હાય ! ત્યારે તો પછી સત્યાનાશની પાળી: કરી કમાણી ધુળ મળી જાય: જે રૂપરાશીને તે પોતાના હૃદયમાં ભરી રાખવા માગે છે તે લુંટાઇ જાય, હાય ! એતો ન ખમાય! બસ ! માત્ર બે ત્રણ ખાસ અંગત મિત્રોનીજ મિજલસ રાખવી. જલસામાં બીજા કોઇનેય ન નોતરવા. એટલે ફકતજના રૂપ-નૃત્ય-સંગીતનો લાભ પોતે એકલાજ લેશે. ફકતજ પોતાનીજ થઇ રહેશે.

કામાંધ શિરાજ ! તું કેમ ભુલ્યો કે "તે તો રહેનો તો આંપશું–જાવ તો સગા બાપ સું." પણ કામાંધો નૈવ પસ્યતિ।

જલસો.

ફફડતી યે જવાની પર—દિવાના કયું હુઆ બાબા ?
ચમકતી ચશ્મસે અંધા—શિપાના કયું હુઆ બાબા ?
સબર વારાંગના યે તો—ફીકાના કયું ભુલા બાબા ?
મનિ-માનિકય દર્શનસે—બીગાનો કયું હુઆ બાબા ?

આજ હિરાઝીલ મહેલ નવપરણિતાયુવતીની માફક નવાજ બહારમા શોભી ઉઠયો છે. તેના શણગારમાં કાંઇ ન્યુનતા જણાતી નથી. ફુલમાળાઓ અને દિપમાળાઓથી તારા મંડિત

નીલ આકાશની પેઠેમ હીરાઝીલ ઘણુ હસી ઉઠયો છે. નવાબની સખ્ત આજ્ઞા છે કે ફૈજીની અભ્યર્થનામાં કાંઈ કસુર ન થાય. ભગવતી ભાગીરથીના મનનયનંજન જળ બિંદુઓથી શીતળ બનેલો, અર્ધ વિકસીત પુષ્પનાની મનોહર મહેંકમાં મસ્ત બની ઉઠેલ મલય પવન હીરાઝીલમાં ગંદમંદ ફરફરી કોઇ અવનવો આનંદ દઇ જતો હતો. મણીમાણીક્ય અને હીરાના પ્રકાશ-દિપકમાં ચમકી ઉઠી રાત્રીને દીવસ બનાવી રહયા હતા. વૃક્ષોમાં ડાળીએ ડાળીએ અને પાને પાને ફાનસો પ્રકટી રહયા છે. જળમાં કમળ સાથેજ પાણીમા સળગનારી દીપમાળીકા પ્રકાશ પાડી નવીન દ્રશ્ય બનાવી રહી છે. મોતીની લચી પડતી ઝુલવાળા જર તરીના કિનારીદાર પરદા કોઇ અલૌકિક દેખાવ દઇ રહયા છે સ્થળે સ્થળે લટકી રહેલી પુષ્પમાળાઓ, અને ગુલાબોથી ઉભરાતાં પુલ્લનો અલૌકિક પરિમળ પ્રસરાવી રહયાં છે. અરે ટુંકમાં આજે નવાબનો મહેલ કોઇ અજબ રૂપ રંગમાં ખીલી ઉઠયો છે. મુર્શિદાબાદના નવાબે આટલે. સત્કાર કોઇનો કર્યો ન હશે, એમ ઇતિહાસકારો કહે છે.

એક બહુમુલ્ય હીરામોતીની ઝાલરોવાળી ચાદર પાથરેલી ગાદીપર નવાબ શિરાજુદ્દૌલા બેઠા હતો. થોડે દુર જગણી બાજુએ મહમદખાં, ડાબા હાથે બે વીશ્વાસુ મુસાહેબો બેઠા હતા. સામેજ કોઇ ઓર નાજ નખરાંની સાથે કટિલ કુટિલ કટાક્ષોથી કાગીઓનાં કલેજા કાપનારી મદમસ્ત-મનવાલી બદોબગત રૂપગર્વિતા ફૈજી પોતાનું ઝુલ્ફાંવાળું માથુ જરા નીચે નમાવી શર્માળ ઢબે બેઠી હતી. ગોરાગોરા અંગમા તંગ અને બહુમુલ્ય પેશવાજ બેશક લોકોનાં કાળજાંના સંહાર માટે બસ હતો બારીક વસ્ત્રમાથી ઉછળી પડતી સૌંદર્ય પ્રભા, અને અંગ પ્રત્યંગ, સુડોળ સિધ્ધુ સરોવર જેવું બદન, આરસની કોરી કાઢેની મુર્તિ જેવી સુન્દર દેહલતા માનવ હૃદયને હલમલાવી દેવાને-અરે ફડકાવી દેવને બસ હતાં,-પણ તે કોને ? તેજ કામીની કિંકર કુચાલી-કુટિલ કામીઓને-તેજ ઇન્દ્રિયલોલુપ અજ્ઞાન અંધ જનોનેજ.

લલિત લવંગલતા જેવી લચકાલી ફૈજી ધીરે ધીરે અપુર્વ શાંતીથી મહાપરિશ્રમે ઉઠતી હોય તેમ ઉઠી, એક હસ્સામાજ હેહેંકારથી ગર્દન નમાવી રહેજ વળી મુજરો કર્યો અને પછી અપુર્વ હાવભાવથી-ચટક મટક-લટકંગી અપૂર્વ નૃત્ય કરવા લાગી, અને નવાબો પોતાનો દાસ અને કૃતકૃત્ય બનાવવા લાગી. જે અપૂર્વ સૌંદર્ય રાશી તેના અંગોઅંગમાં છૂપાઇ રહી હતી તે નૃત્યગાન વખતે રોમેરોમમાં ફેલાઇ જેવા લાગી, નૃત્ય કરતી વખતે મુખપરના હાવભાવથી અને વિણાવિન્દીન અલૌકિક સંગીતાલાપથી નવાબ દિવાનો બની ગયો; અનુપરૂપ-વિચીત્ર નૃત્ય કૌશલથી વિમોહીત નવાબ મોરલી મુગ્ધ નાગની માફક મસ્ત બની ડોલવા લાગ્યો. નવાબે જોયું કે પ્રાતઃકાલીન બાલ સુર્યનાં કિરણ પડવાથી અર્ધ વિકસીત કમળ કુસુમની શોભા ધારણ કરનાર, ફઇજીનાં મદિરા મદ વિહવળ વિશાળ ચંચળ નયનો કેવાં સુન્દર છે ? કાળાંકાળાં ગુચળાંવળાં કેશનાં ઝુલ્ફાં નાચની વખતે મુખ પર વિખરાઇ પડી જોનારને વિવશ બનાવી દે છે, તેના પરમસુન્દર, સુડોળ બાંધીવા મુખપર પ્રસ્વેદના બિંદુ-મઉકિતક જેવાં ગોઠવાઇ-મુખકમળને કરોડો ઘણું સુન્દર બનાવી દે છે. નાચતાં નાચતાં ફઇજીએ વિરામ આવતાં પોતાના વિદ્યુત સમાન ચમકતાં નયનોમાંથી એક એવું કુટિલકટાક્ષ શિરાજને માર્યું કે બાનબુવા નવાબથી બોલી જવાયું કે-'હાયરે ફઇજી ! મારડાલા !! હાય સૌંદર્ય !!!' પણ બાનમાં આવતાંજ બોલ્યોઃ 'વાહ ! વાહ ! ફઇજીબાઇ ! સુબાન અલ્લાહ !' સૌ એ બોલ્યાઃ 'વાહ ! વાહ ! બહોત ખુબ !!' જેના જવાબમાં

કુટિલ કટાક્ષ ફેંકતાં ફઇજીએ ઝુકી સલામ કરી, અને થોડોક વિશ્રામ કરવા બીજા ખંડમાં ચાલી ગઇ, અને જતાં જતાં પણ મનોહર મંદ મુસ્કાન સાથે નવાબ પર એવી નેક નજર ફેંકતી ગઇ કે નવાબ લટ્ટુ બની ગયો. ખરેખર:—

અમિય-હલાહલ મદ ભરે, શ્વેત શ્યામ રતનારે.
જીયત મરત ઝુકી પરત, જમહિં ચિતવત ઇકવારે.

નારીનાં નયનોમાં અમૃત પણ છે-હલાહલ વિષ પણ છે. અને મદપણ છે, આ ત્રણના શ્વેત-શ્યામ અને અરૂણવર્ણ પણ તેમાં છે. જેના તરફ તે એકવાર જાય છે તે જીવે છે મરે છે યાતો ઝુકી પડે છે. આવી રીતે અમૃત વિષ અને મદના કાર્ય પણ તેમાં પ્રત્યક્ષ માલુમ પડે છે.

દીર્ઘકાલથી એશઆરામમાં ટેવાયલો શિરાજ પોતાના ચિત્તના વેગને રોકી ન શકયો. તેણે એક વખત પણ વિચાર ન કર્યો કે ફઇજી તો વાર વનિતા-વારાંગના છે; અને હું એક પ્રતિષ્ઠીત નવાબ છું. વેશ્યા કદિ પણ કોઈની થઇ નથી ને થાય પણ નહિં. તેની પાસેથી દેવદુર્લભ પરમપવિત્ર પ્રેમની કરવી એ કેવળ મુર્ખાઇજ છે. તેણે એ પણ વિચાર ન કર્યો કે વિશ્વમાં કેટલાંક પુષ્પો એવાં પણ હોય છે કે જે દેખાવમાં અતિ સુન્દર હોવા છતાં પણ સુવાસ શુન્ય હોય છે. તેણે એવો વિચાર કર્યો કે જે ફુલ દેખાવમાં આટલું બધું સુન્દર છે તે સુંઘવામાં કેવું સુન્દર હશે ?*

રૂપમાં મસ્ત બનેલા નવાબે મનમાંજ નિશ્ચય કર્યો કે-"આ પુષ્પને હું અવશ્ય ગળાનો હાર બનાવીશ. તેથી ભલે મારૂ તમામ ધન થાય તો પણ ચિન્તા નહિં."

૫
સર્વસ્વ સમર્પણ!

ઇશ્કની આગમાં બળતાં—દવા ના કોઇએ આપી
હકીમો-ઑલીઆઓએ—જડીબુટ્ટિ નથી છાપી!
અરે એ તાપની ગરમી—તપીઓએ નથી માપી!
સમર્પણ સર્વનું એમાં—સનમ શિરપર દીધી સ્થાપી!!

આજ શિરાજનો આનંદ માયો સમાતો નથી. તેની અભિલાષા સફળ થઇ છે. ફૈજીએની નવાબની પ્રણયીની તરીકે હિરાઝીલમાં રહેવાનું કબુલ કર્યું છે. ભોળા નવાબની ફૈજીને બેગમ બનાવવાની અભિલાષા ઉપર ફૈજી ખુબ હસી-બસ આજથી-અત્યારથીજ હિરાઝીલ મહેલની મલિકા બાનુ ફૈજી બની- હવે તે ફૈજીજાન નહિં પણ-ફૈજી બેગમ બની ગઇ. નવાબના અંતઃપુરમાં-પરદામાં તે રહેવા લાગી-હઝારો દાસદાસીઓ, ખોજા ને તાતારી બાંદીઓની તે બેગમ

* ફઇજીના અલૌકિક રૂપ લાવણ્યનું વર્ણન મુતાખરીન નામના ઇતિહાસ ગ્રંથમાં ઠેકઠેકાણે જડે છે. ફઇજીની કૃશાંગી અને તેથી પરમ સુન્દર હોવાની પ્રસંશા ઘણીજ સંભળાય છે. મુતાખરીનનો અંગ્રેજીમાં અનુવાદ કરનાર મુસ્તફાએ ફઇજીનાં અનેક ચિત્રો વિલાયત મોકલ્યાં છે. ફૈજી કેટલી સુન્દર હશે તેનો ખ્યાલ મુતાખરીન વાંચ્યા શિવાય ભાગ્યેજ આવે.

બા. તેનું ફર્માન હવે કાયદો થયો. અને હમણાં તો "રાજાને ગમે તે રાણી-છાણું વીણતી આણી" એ કહેવત સાચી ઠરી.

શિરાજુદ્દૌલા પણ ઘણોજ સુન્દર જવાન હતો. સાંભલ્યું છે કે બંગાળાનો કોઇ પણ નવાબ એટલો સુન્દર નહતો. એવા બળવાન-સુન્દર-યુવાન બિહાર-ઉડીસાના નવાબે રૂપ પર મરી પડી એક સાધારણ વેશ્યાના ચરણમાં આત્મ સમર્પણ કરી દીધું. પણ તેથી ફઇજી બેગમ સંતુષ્ઠ ન બની. વનમાં વિચતારી જે ચકલી આકાશમાં સ્વતંત્રતાથી ઉડી-ફરી જુદા જુદા વૃક્ષનાં મધુર ફળનો આસ્વાદ લેતી હોય છે, તે શું કદિય સુવર્ણ પિંજરમાં સુખે રહી શકે છે ભલા? જે મદમસ્ત હાથીણી ખુલ્લા મયદાનમાં વિહાર કર્યા કરે છે, તે શું સોનાની જંજીરથી બંધાઇ રહેવાથી કદી સંતુષ્ઠ રહી શકે ખરી? જેમ વેગવતી નદીના પ્રબળ પ્રવાહને વાલુકા (રેતી)ની પાળ રોકી શકતી નથી તેમજ નર્તકી ફૈજીના સ્વાધિન-ચંચળ ચિત્તને નવાબનો પ્રેમ સંતુષ્ઠ કરી ન શકયો. તેને માટે તન-મન-ધન સર્વસ્વ સમર્પણ કરી મરી ફીટનાર નવાબના પ્રેમને ઠોકરે મારી-તે એક બીજાજ મનુષ્યને પોતાનું ચિત્ત અર્પણ કરી ચુકી ચલાયમાન થઇ.

પહેલાજ દીવસની મહેફીલમાં, ફૈજી નવાબના બનેવીને પોતાનું ચિત્ત આપી બેઠી હતી. અભાગિની તેને મળવા બહુજ ઉત્કંઠિત બની ઉઠી. સૈયદ મહમ્મદખાં જે કે બહુજ રૂપવાન નહતો. તેનું બદન ધારીલું અને તે પોતે એક દમામદાજ વીર હતો. ફૈજીએ પોતાનો મનોભાવ એક વિશ્વાસુ બાંદી દ્વારા મહમ્મદખાનને જણાવ્યો. લાગો રૂપિયાની બરબાદી કરી નવાબે આણેલું ધુલધુલ વિના પરીશ્રમેજ પોતાને સ્વાધીન થતું જાણી તેનું ચીત્ત ચંચળ થઇ ગયું અને ચોરી છુપીથી વખત બેવખત તે ફૈજીના મહેલમાં જવા આવવા લાગ્યો. રૂપ મોહીત શીરાજ આમ રૂપવતી પણ અસતી યુવતી દ્વારા ઠગાવા લાગ્યો. પોતાનું અનૂપ રૂપ, ચઢતી જુવાની, અસાધારણ ઐશ્વર્ય, અતૃપ્ત કામના, સર્વ શીરાજુદ્દૌલાએ ફૈજીના ચરણોમાં અર્પણ કરી દીધું હતું. સુતાં જાગતાં-ખાતાં પીતાં, બેસતાં ઉઠતાં-કે ક્યારેય પણ ફૈજી વીના નવાબને ચેન પડતું નહીં. નવાબને ફઇજીના કલેજાંનું બિછાનું કર્યા શિવાય નિદ્રા આવની ન હતી. ફઇજીના હાથથી અપાયલા જામ શિવાય નવાબને ચેન ન આવતું. ફઇજીના પીરસવા શિવાય નવાબને જમવા પર રૂચિ ન થતી. અરે, ફઇજીને નવાબે પોતાના હૃદયની માલિક બનાવી દીધી-પણ તે પોતે નવાબની નહતી-ફઇજીને સુખી કરવા તે પોતાનું સિંહાસન અરે પોતાનો પ્રાણ પણ અર્પણ કરવામાં પાછી પાની કરે તેમ નહતું ફઇજીને મનાવવા માટે નવાબ તેના ચરણમાં પોતાનું મસ્તક નમાવવામાં પણ સંકોચ ન ધરતો. પણ એ મુર્ખ-નાસમજ નવાબો પોતાના જેવા અદ્વિતીય પ્રેમના બદલામાં-જવલંત-જવાજલ્યમાન-જવાલામય વિશ્વની પાતની વિષાદ વ્યથા શીવાય બીજું કાંઇ પણ ન મળ્યું હોય રે પ્રેમ!

૬

અમૃતમાં ઝહેર.

હળહળ ઝેર અમૃતમાં—પાપ સૌંદર્યમાં તરતું.
પશુતા પ્રેમમાં પુરી—પાણી અગ્ની વીષે ઝરતું.
ક્રમે જે મોહમાં મરતા—"વિનાસે વેહના"-ઠરતું.
અરે! વારાંગના-વીષયે-તથાપિ માનવી મરતું.

આજ ફાગણમાસની પૂર્ણિમાં છે. આમ્રમંજરીને મસ્ત બનાવી દેનાર સુવાસ લઈને વસંતનો વાયુ ધીમે ધીમે વાઇ રહ્યો છે. હિરાઝિલના કીનારે એક જુનું આમ્રવૃક્ષ પોતાની શાખાઓ વિસ્તારી રહ્યું છે. તેની ડાળે બેસી કોયલ કુહુ કુહુ ટહુકો રહી છે. જે કોમળ કુહુધ્વની ઘણો લાંબે સુધી ગુંજી ઉઠે છે, અનંત આકાશમાં લહેરાતો લહેરાતો લય પામી જાય છે, મંદમંદ વાતા સમિરની લહરો ઝીલના પાણીપર ફરી વળી-તે પાણીને નચાવી રહી છે. ચંદ્રનીની બહાર કોઇ ઓર આનંદ વિસ્તારી રહી છે. નજીકમાં વહેતી ગંગાના જળના કલકલ શબ્દ, રાત્રીએ પ્રવાસ કરી રહેલા પથિકોને સંગીતનું ભાન કરાવે છે. બગીચામાં પક્ષિગણ કિલકીલાટ કરી રહયાં છે. અને દુરદુરથી બંસીના હૃદયભેદક સ્વર ફેલાઇ રહ્યો છે. આ સૌ માનવી હૃદયને હલમલાવી નાંખવા શું બસ નથી.

આવા સુંદર સમયે હીરાઝીલ મહેલના બાગમાં એક નવયૌવના એક શિલાપર બેઠી છે, તે નવાબ બેગમ ફૈજી બાનુ છે. થોડી વારમાંજ નવાબ પણ આવી પહોંચ્યો, આવતાંજ તેણે અતી પ્રેમાદર પૂર્વક કહયું–"શું બેગમ સાહેબા–અત્યાર સુધી અહીં બેશી બાગની બહાર જોયાં કરે છે? પણ રાત ઘણી થઇ છે–મહેલમાં ચાલો." ફૈજી ઉઠી ઉભી થઇ ને નવાબ સાથે ચાલવા લાગી. ફૈજીના મહેલમાં થોડીવાર પ્રેમાલાપ કરી નવાબ પોતાના ખાસ મહેલમાં ચાલ્યો ગયો. પરંતુ નવાબનો પ્રેમાલાપ ફૈજીને બીલકુલ પસંદ ન આવ્યો. તે તો કોઇ અન્યને માટે તડફડી–ભરી રહી છે, તે વ્યાકુળ દૃષ્ટિએ મહેલના એક ચોર દરવાજા તરફ આતુર–દૃષ્ટીએ જોઇ રહી છે. તે જેની રાહ જોઇ રહી છે તે હજી ન આવ્યો. અરેરે! તે ચીત્તના ચોરટાએ કોઇ સંદેશો પણ ન કહાવ્યો. ધીરે ધીરે ફૈજીની ધીરજ ખુટી ગઇ. તેના પ્રશાંત સુંદર મુખ કમળ પર ચીનાદની કાળી છટા છવાઇ રહી. તે પટકાઇ એક કનક રત્ન જડીત વેત્રાસન પર પટકાઇ પડી. હાય પ્રેમા તેજ વખતે ચોર દરવાજાનું એક દ્વાર છતની ઝુલી પડયુ અને તે રસ્તે એક સુન્દર યુવાન ફઇજીના રંગમહેલમાં દાખલ થયો. ફઇજીએ તેના તરફ એક તિવ્ર નયન શર ફેંકી કહ્યું:– 'વાહ! મ્હેંતો જાણ્યું કે આપ આ બાંદીને ભુલી ગયા!'

પુરૂષ—(હસીને) ભલા! તને ભુલી શકું? દિલમાં છૂપાઇ છો–આંખોમાં સમાઇ છો! તને કેમ વિસરી શકું?

ફૈજી—શું કહોછો? સાચુજ છે કે પુરુષ બેદર્દ હોય છે–કઠોર હોય છે.

પુરૂષ–કાવે તે કહો ફૈજી! તમો મુખ્યાર છો. પણ જરા વિચાર તો કરો. જો તમારા સ્મરણમાં–રૂપમાં–દિલનો ન ગુમ્યો હોત તો હથેલીમાં મસ્તક રાખી અહિં ન આવત!

ફૈજી–તો જનાબ ફર્માઇએ! આવતાં આટલી વખત કેમ લાગી ગઇ?

પુરૂષ–શું એટલો પણ ખ્યાલ નથી, ફૈજી! કે મારે કેટલી હોશીયારીથી અહીં આવવું પડે છે? મને તો વહેમ રહયા કરે છે કે નવાબને આપણી બધી ખબર પડી ગઇ છે!

ફૈજીએ એક કટિલ કટાક્ષ ફેંકતાં કહ્યું "પગલ બની ગયા છો! મહમ્મદ!! આપણી વાત કયામત સુધી કોઇ નવાબ જાણી શકનાર નથીજ."

એટલામાં મહમ્મદખાંની નજર સામેના બીજાણ સ્વચ્છ બિલોરી આયના પર પડી, જેમાં એક પ્રચંડ પણ સુન્દર યુવાન પુરૂષની આકૃતી હાથમાં નગ્ન તલવાર સાથે વાઘની માફક ઘુરકી

રહી છે. તે પુરૂષ તે શિરાજુદ્દૌલા હતો. આપનામાં નવાબનું પ્રતિબીંબ જોતાંજ મહમ્મદખાં એક છલાંગ મારી રંગમહાલની પેલી ચોર બારી વાટે છટકયો–તેજ વખતે તમંચામાંથી છૂટેલી ગોળી દિવાલ પર અથડાઇ–ધુમાડો પથરાઇ ગયો–પણ મહમ્મદખાં નવાબનું નિશાન ચુકાવી છટકી ગયો હતો. ફૈજીએ હવે ઉંચું જોયું કે એક હાથમાં ખૂની સમશેર અને બીજા હાથમાં તમંચા સાથે નવાબ રાતાંચોળ નેત્રો કરી ઉભો છે. ફૈજી થંડીગાર થઇ જમીન માર્ગ આપે તો સમાઇ જવા જેવી હાલમાં પડી ગઇ. ક્રોધ–ક્ષોભ–ઘૃણા સાથે નવાબ થથરી રહયો હતો. તેણે ફૈજીનો હાથ પકડી પુછ્યું–"આ શું ફૈજી?"

લલિત લતાની માફક કાંપતા કાંપતાં ફૈજી અસ્પષ્ટ સ્વરે બોલી–"શું?" ભયથી ફૈજીનો કંઠ રૂંધાઇ જતો હતો–પગ પાણી પાણી થઇ જતા હતા–

સિંહની માફક ગર્જના કરતા નવાબ બોલ્યો–"પાપીણી, તારી આટલી બધી હિમ્મત? મને ન હતી ખબર કે તું આટલી બધી નીચ નિમકહરામ હઇશ. હું નહોતો જાણતો કે તું બહારથી આટલી બધી ખુબસુરત હોવા છતાં પણ અંદરથી આટલી બધી ગંદી હઇશ. અય! બદહવસ બલા! આવી નીચતા તું કઇ હિમ્મતપર કરી શકી? ચંડાલ?"

જીવનની આશા ત્યાગ કરતાં ફૈજી કંપતા સ્વરે બોલી–"ફેમ! મેં શું કર્યું?"

હવે નવાબના ક્રોધની પરમાવધિ થઇ. તેણે તે બેશરમ યુવતીનો હાથ રાક્ષસી બળથી પકડી કહ્યું–"બેશરમ! તને શું નથી ખબર કે તેં શું કર્યું છે? જે બંગાળ–બિહાર–ઓડીસાના નવાબે તારા જેવી કંગાલ પાછી ઝીને પોતાનું રૂપ–યુવાની–પદમર્યાદા, અરે પોતાનું દિલ–સર્વસ્વ તને સમર્પણ કરી દીધું તેનો તેં આ બદલો આપ્યો? તેના કલેજામાં કટાર મારી? આ દિલ્લીનો ચાંદની ચોક નથી–આ તો નવાબ શિરાજુદ્દૌલાનો મહેલ છે અને અહિં આવા ગુનાહની શું સજા છે તે તું કદાચ જાણતી ન હશે?"

નવાબની ક્રોધ જવાળા જોઇને ફૈજીની ખાત્રી થઇ કે આજ આ જીવન રહેવું કઠીન છે, પછી શા સારૂ ડ્યાવું? ફૈજી ઉન્નેજીત સ્વરે બોલી–"નવાબ! કોઇના દિલ પર તમારૂં જોર નથી ચાલી શકતું. તમે મ્હારી ખુબસુરતીના ખરીદદાર હતા. તમારી ઇચ્છા પૂર્ણ કરી દીધી. રૂપીઆ અર્થતાં કાંઇ કોઇનું દિલ નથી મળી શકતું! દિલ તો સ્વતંત્ર ચીજ છે. પૈસાથી તો માત્ર શરીરજ મળી શકે છે. દિલ નહિં."

નવાબની આંખોમાંથી અંગાર વરસવા લાગ્યો. દાંત પીસતાં નવાબ બોલ્યો–"દુર થા કુતરી! તું એક નીચ–બદહવસ બન્દર ઔરત છે!"

ફૈજીએ કહ્યું—"હાં! ઝહાંપનાહ! હું તો અવશ્ય એક બન્દર ઔરત છું–તો પછી જાણી જોઇને આપ મને શા સારૂ નેકચલણ કરવા મથો છો? અગર જો આપની મા અને માસીને માટે આટલી તકલીફ ઉઠાવતે તો બહેતર થતે!"

ઘૃણા–લજ્જા–ક્રોધ–ક્ષોભથી પાગલ બની ગયેલા નવાબે ફૈજીને એક લાત મારી દુર ફેંકી દીધી અને પોતે તુર્તજ રંગ મહાલમાંથી બહાર નીકળી ગયો. પાપીષ્ઠા ફૈજી લાતના આઘાતથી બોંયપર પટકાઇ પડી બેહોશ બની ગઇ.

સાંભળ્યું છે કે નવાબની મા અને મારી બંન્ને બદચાલની હતી. હુસેન કુલીખાં નામના કોઇ ચાકરકર્મચારી સાથે તેઓ બન્નેનો અનુચિત સંબંધ હતો. ફૈજીએ વ્યંગમાં આગ મ્હેણું મારી નવાબના ક્રોધાગ્નિમાં ઘૃત હોમ્યું. જો ફૈજી આમ ન કહેત તો કદાચ નવાબ તેને ધર્મકાવી દ્યાવી ક્ષમા કરત, કારણ તે ફૈજીના રૂપ પર મરતો હતો.

ક્રોધીત નવાબે બરાડ મારી–"મુબારક!" તુર્તજ મુબારક હાજર થયો. નવાબે કહ્યું–"ફૈજીના દિવાનખાનાના બધા દરવાજા ચણી લેવામાં આવે, શયતાન જાદી અન્ન પાણી વિના ભુખે તરશે અને હવા વિના ટળવળી ટળવળીને મરે!"

ફર્માનનો તાબેદાર બંદો–તુર્તજ ચારે તરફથી ફઇજીના ઓરડાના તમામ દરવાજા ચણી લેવામાં આવ્યા. જે મુબારક એક વખત જે ફઇજીને બહુજ ઠાઠમાઠ આદર સત્કાર સાથે દિલ્હીથી લાવ્યો હતો તેણેજ તે કંગાલને જીવતીજ સમાધિ દઇ દીધી–નીર્જન–વાયુ અને પ્રકાશ શુન્ય ઓરડામાં તરફડી તરફડી ફઇજી મરણ પામી–જે દેવદુર્લભ સૌંદર્ય–વિણુવિન્દિત કંઠ–સ્વર્ગીય લલિત લાવણ્ય–અરે કુસુમશા વચનામૃતથી નવાબ વીમોહીત બની–ફઇજીનો ગુલામ બન્યો હતો, અરે એકવાર તેને ઘડી ન દેખતાં માર્યો માર્યો ફરતો–આજ તેનાજ હુકમે તે સ્વર્ગિય–પણ મલીન પુષ્પ છૂંદાઇ કચરાઇ—નાશ પામ્યું–અરેરે! રૂપ!!

રૂપ ગયું–જ્યોતી માત્ર રહી; વીણા તુટી–શુન્યરવ રહ્યો; પુષ્પ કરમાયુ સુવાસ રહી–ફઇજી ગઇ–તેનું સ્મરણજ રહ્યું. આમજ જો મરવાનું તો શા માટે પ્રેમ કરવો ભલા? કોઇ પ્રેમ ન કરશો–અનાચાર ન કરશો!

ઉપસંહાર.

સળગશે હાય સૌંદર્યો—વિલાસો વિકૃતી ધરશે.
સુકોમળ પુષ્પશાં અંગો—તવાઇ આખરે મરશે.
મનોહર મ્હેલ–કિલ્લા ત્યાં—ગધેડાં ગીધડાં ફરશે.
સુરીલાં તાન સરતાં ત્યાં—કુકડા—કાગડા ચરશે.

ત્રણ માસ પછી નવાબનો પ્રચંડ ક્રોધાગ્ની શાંત પડ્યો, ને તે પોતાના અમાનુષી કાર્ય માટે ખુબ પસ્તાયો. નવાબે ફૈજીનો ઓરડો ખોલાવ્યો. ફૈજીનો અપ્સરાઓને લજ્જીત કરનાર સુન્દર માંસલ દેહ–સુકાઇ–હાડપીંજર માત્ર રહ્યું હતું. આવો સોચનીય દેખાવ જોઈ નવાબનાં નેત્ર અશ્રુથી ઉભરાઇ ગયાં 'હાય! ફૈજી! તારૂં સ્વર્ગીય સૌંદર્ય લઇ પાછી આવ–એકવાર દર્શન દઇ તૃપાતુર નેત્રોથી તૃપા બુઝાવ. પણ ફૈજી નૂ આવી. નવાબ તે ઓરડામાં જ્યારે જતો ત્યારે, જાણે પૃથ્વીના પેટામાંથી એક અસ્પષ્ટ આર્તનાદ નીકળી–ક્ષીણ–ઘણોજ ક્ષીણ બનતો બનતો આકાશ મંડળમાં–ઘણે–ઘણે દૂર જઇ લય પામતો હતો. એ અસ્પષ્ટ આર્તનાદ સાંભળી નવાબ શીરાજનું કલેજું કંપી ઉઠતું. જાણે એક અતૃપ્ત–સ્થિર–આર્ત–આત્મા તે ઓરડામાં એક બિન્દુ જળને માટે આકુળ વ્યાકુળ બની આક્રંદ કરી રહ્યો હોય–તેના કરૂણ આક્રંદથી જાણે આકાશ ગુંજી રહ્યું છે–અને એ શબ્દ તે જાણે સમસ્ત વિશ્વના લોકો કાન લગાડી સાંભળી રહ્યા હોયને?

કેટલોક વખત નવાબ બહુજ બેચેન રહેયો. સાંભળ્યું છે કે ફૈજીનું આ દુષ્ચરિત્ર જોઈ શિરાજને વિશ્વની તમામ સ્ત્રી જાતિપર તિરસ્કાર આવ્યો હતો–પણ નવાબને, પોતાની વિવાહીતા સ્ત્રી લુત્ફુન્નિસ્સાના સંબંધમાં–ઘણીજ તપાસને અંતે પૂર્ણ પતિવ્રતા માલુમ પડી હતી. અને તેના પવિત્ર પ્રેમના પ્રબળ પ્રવાહમાં પોતાના સળગતા અંતરાત્માને શાંતિ મલી હતી,

શિરાજુદ્દવલ્લાના મરણ બાદ, તેનો પ્યારો હિરાઝીલ બહેલ તુટી ગયો, ખંડીયેર બની ગયો. ફૂલજીના વૃતાંતને કેટલાક "સૌંદર્ય–સમાધિ" કહે છે યા તો "લાલ કોઠી" કહે છે જે સ્થળે એકવાર સ્વર્ગની રંભા ફૂલજીના સુકોમળ કંઠની સુરીલી તાનો રેલાતી હતી, તે જગ્યાએ આજે જંગલી જનવરના કઠોર ચીત્કાર સંભળાય છે. શીરાજના બહેલનો થોડોક ભાગ ગંગાજીમાં સમાયો લે છે, અને કેટલાક ભાગપર ખેતી થાય છે. બહેલનાં કેટલાંક ચીન્હોઃ હજી પણ ભુનકાળના ભવ્ય વૈનવની સાક્ષી પુરે છે કે સંસારના તમામ વૈભવ–વીલાસો અને જીંદગી ચાર દીવસની ચાંદનીજ છે. રૂપ ફીકું જવાનું છે–સતા સળગી જવાની છે–અને યુવાની જભરાજ હરી જવાનો છે. તો શા સારૂ આ મઉ છળ–પ્રપંચ–દુરાચાર અને કાપા કાપી?

"ફાંસી બક્ષ્યો ખુનનો—એ ન્યાય જગ જાહેર છે."
"પ્રેમને પશુતા વીષે ઝમીં—આસમાંનો ફેર છે"

ફેશનેબલ બાનુઓ કાજે ફાંકડું પ્રદરશન.

ફાઇન આર્ટ નીડલવર્ક ડીપાર્ટમેન્ટ

અલબેલી મુંબઈ નગરીની તમામ કોમની ફેશનેબલ બાનુઓ અને ભારતની અનેક રાણીઓમાં બેહદ પંકાયલું બાતું.

ઝીક કસબ, રેશમ, સીકવન્સ, જાલી તથા ચમારીના કામમાં બીનહરીફ છે. અમારાં બાંતામાંથી ભરાયલી સાડીઓ, અને બ્લાઉઝોનું ઉમદા કામ, તેની મનખુશ કરનારી ઓરીજીનલ ડીઝાઈનો એક બાસ સ્પેશીયાલીટી છે. બીજાઓ અમારી ડીઝાઇનોની નકલ કરવાની ફોકટની કોશેશ કરે છે બેજ હુમારા ઉત્તમ કામની સાબેતી છે. અમારા બાવો અમારી નાદર કારીગીરી તરફ જોતાં કીકાયત છે. અમારા બાતાંમાં થયલું ભરત કામ – નીચલાં ઠેકાણા સીવાય બીજા કોઇની હુકાને - મલશે નહીં.

સ્વદેશી બાડી ઉપર બહુજ ઉમદા ભરતકામ કરી આપવામાં આવે છે. જોવાથી બાત્રી થશે. નમુનાઓ તઇયાર છે.

ધનબાઈ ફરદુનજી બનાજી,

નં૦ ૫, આલ્બનામોંટ રોડ, બંભાલા હીલ,-મુંબઈ.

ટેલીફોન નં૦ ૪૩૧૪.

પ્રેમને સામાન્ય રીતે જુદી જુદી જાતના પ્રેમ કહેવામાં આવે છે અને જુદી જુદી વખતે પ્રેમનાં લક્ષણ તથા તેનું ઓછા વધતાપણું પણ ભિન્ન ભિન્ન હોયછે એમ મનાય છે.

આવા ભેદ પડે તે કુદરતી છે. દરેક મનુષ્ય પોતાના વડીલો, સરખા દરજ્જાના માણસો અને પોતાનાથી નાના-હલકા માણસોના સંબંધમાં આવે છે. દરેકને એમ લાગે છે કે વડીલો મિત્રો અને બાળકો વિગેરે તરફના પ્રેમની લાગણી જુદા જુદા પ્રકારની છે. આ લેખનો હેતુ આ માન્યતાનો નાશ કરી, પ્રેમ તેનાં આંતર સ્વરૂપમાં એકજ જાતનો છે એમ સિદ્ધ કરવાનો છે. ભેદ જેવું જે કંઈ જણાય છે તે સાંસારિક રિવાજોના દાણને લીધે પ્રેમને જે સ્વરૂપમાં બહાર પાડવામાં આવે છે તે છે. બીજા શબ્દોમાં કહીએ તો એ ભેદ પ્રેમના બહારના રૂપમાં છે-તેના મુળ સ્વરૂપમાં નથી.

પ્રેમનું પ્રથમ લક્ષણ આકર્ષણ-ખેંચાણ છે અને તેથી જેનાપર પ્રેમ જડાયો હોય તે માનસિક, શારિરિક તથા તાત્વિક દુનિયામાં પણ અતિ નજીક રહે એવી ચાહનારને કુદરતીજ ઈચ્છા થાય છે. પ્રેમમાં આ લક્ષણ હોવુંજ જોઇએ. બાળકનો બાપ પર, ચેલાનો ગુરૂ પર, પતિનો પત્ની પર, મિત્રનો મિત્રપર, શેઠનો નોકરપર કે નોકરનો શેઠપર-ગમે તે જાતનો પ્રેમ હોય તોપણ આકર્ષણના ઉપલા લક્ષણને લીધે એક બીજાને એક બીજાની નજીક જેમ બને તેમ વધુ રહેવાની ઈચ્છા થાય છેજ. કુદરતી ખેંચાણ વિના (આવા ખેંચાણ માટે કોઇ કારણ આપી શકાતું નથી.) બરો પ્રેમ જન્મતોજ નથી. માણસ માણસનાજ સંબંધમાં આવું બને છે એમ નથી. પશુઓ તથા પંખીઓ પણ આવાંજ ખેંચાણથી બંધાયલાં હોય છે. ઘોડાઓ, કુતરાઓ, બીલાડાઓ અને પક્ષીઓ પણ પોતાના વ્હાલાંઓની નજીક રહેવાને વલખાં મારે છે અને તેવી ઈચ્છા શા માટે થાય છે તે કોઇ જાણતું નથી.

પ્રેમ ઉત્પન્ન થવાની પ્રથમ નીશાની કુદરતી ખેંચાણ છે. આ ખેંચાણ થયા પછી ચાહનાર પોતાના પ્રિયજન સાથેજ રહેવા ઈચ્છે છે; માનસિક એકતા રાખવા માટે તેનાથી કંઇ છુપાવતો નથી અને આધ્યાત્મિક (Spiritual) એકતાને બાતર તે પોતાના પ્રિયજનના જેવીજ આશા અભિલાશા રાખે છે અને ઉભયના પ્રયાસો એકજ દિશાએ થતા હોય છે. જુદાઈ ચાહનારને દુઃખ આપે છે, પ્રિયજનની સલાહ લીધા વિના કંઇક કામ કરવું તે પ્રેમીને મન આરોગ્ય લાગે છે, પોતાના પ્રિયજનથી જુદી જાતના વિચાર કરવામાં તેને પાપ દેખાય છે. પ્રેમી જેને ચાહતો હોય તે વડીલ હોય, સમાન હોય કે પોતાનાથી નાના હોય તો પણ પ્રેમ પ્રબલ થયા પછી ઉપરની સ્થિતિ આવ્યા વિના રહેતી નથી. નાદાન બાળક, કુતરો કે પાળેલી મેનાની સલાહ કંઇ કામ આવતી નથી, છતાં જ્યારે તેમનાપર પ્રબલ પ્રેમ જડાય છે ત્યારે ઘણા માણસો તેમની સલાહ લે છે. અલબત તેમને યોગ્ય જવાબ તો મળતો નથી, છતાં ચાહનાર એક બે વાર તેમની પાસે પોતાનું જીગર ખુલ્લું તો કરે છે. કુતરો પોતાના શેઠથી જુદો પડતાં, નવલકથાનો નાયક પોતાની વ્હાલીથી

જુદો પડતાં જેટલો દુ ખી થાય છે તેટલોજ દુઃખી થાય છે પ્રબલ પ્રેમના આવેશથી આવી જાતનીજ લાગણી થાય છે. પણ ખિંચાવાને લીધે તેના બહારના દેખાવમાં આપણને ફેરફાર જણાય છે દાખલા તરીકે બાળક માબાપના પગે વળગી પડે છે, મિત્ર જોમથી શેકહેંડ કરે છે, પતિ પત્નીને આલીંગન લે છે, શેઠ પોતાના માનીતા કુતરાને પંપાળે છે—પણ દરેક બનાવમા પ્રેમનુ મુખ્ય લક્ષણ પ્રિયજનની નજીક રહેવાની ઈચ્છાજ જણાય છે આવી લાગણી જીવતાં પ્રાણીઓ માટે થાય છે એટલુંજ નહિ પણ નિર્જીવ વસ્તુ માટે પણ થાય છે. ઘણાને અનુભવ હશે કે તેમના માનીતા ટેબલપર–પોતાની માનીતી કલમથીજ લખવાનું ગમે છે. ઉપલાં દૃષ્ટાંતો પરથી જણાશે કે પ્રેમ ગમે તેનાપર બેસાડયો હોય તોપણ તેનું મુળ સ્વરૂપ એકજ જાતનું છે.

પ્રિય વ્યક્તિ અથવ પ્રિય વસ્તુની સેવા કરવાની ચાહનારને બહુ ઈચ્છા થાય છે. ગમે તે રીતે પ્રેમી પોતાના મિત્ર, પત્ની, પિતા કે કોઈપણ પ્રિયજનને રાજી રાખવા, મદદ કરવા, દુ ખ ઓછું કરવાનો પ્રયત્ન કરે છે માનીની ટેબલ અથવા કલમ બીજી ટેબલો અને કલમો કરતા વધું સ્વચ્છ રખાય છે આવી ઈચ્છાની તીવ્રતાનો આધાર પ્રેમની તીવ્રતા પર હોય છે. જેમ પ્રેમ વધુ પ્રબળ તેમ પ્રિયજનને રાજી રાખવાની–તેની સેવા કરવાની ઈચ્છા પણ વધુ પ્રબલ અને તીવ્ર બની જાય છે.

આ પ્રમાણે વિચાર કરતા મને તો લાગે છે કે પ્રેમ એકજ જાતનો છે–જુદી જુદી જાતનો નથી અલબત, તેના ઓછા વધતા પ્રમાણને લીધે અમુક ભેદ જણાય છે અને તે જણાવેાજ જોઈએ પરંતુ પ્રેમનુ મુખ્ય લક્ષણ તો એકજ છે.

પ્રેમ અંધ છે–તે બુદ્ધિને સ્વીકારતો નથી આપણી જાતને પણ ભુલાવી દે છે બેજ ચીજની તે આશા રાખે છે (૧) જેના પર પ્રેમ હોય તેની જેટલા બની શકે તેટલા નજીક રહેવાની ઈચ્છા અને (૨) પ્રિયજન અથવા પ્રિય વસ્તુની સેવા કરવાની—તેમને રાજી રાખવાની જેટલી તક મળે તેટલી લઈ લેવાની આતુરતા. કેટલીકવાર આપણે પ્રેમને ઘાતકીપણાની હદે લઇ જઇ એની કલ્પના કરીએ છીએ કે આપણા વ્હાલાં દુ.ખના છે ને તેને આપણે બચાવીએ છીએ, બીજા શબ્દોમાં, બોલીએ તો આપણે બેભાન હૃદયે એવુ ઈચ્છીએ છીએ કે આપણા વ્હાલાઓ આફતમાં પડે ને પછી તેમને મદદ કરી, આફતમાંથી બચાવી આપણે આપણો પ્રેમ સાબીત કરી બતાવીએ

પ્રેમથી શુ મળે છે? આનંદ. બીજું કાંઇજ નહિ વ્હાલાની નજીક રહેવામાં અને તેની સેવા કરવામા આનદ સિવાય બીજુ કંઈ મળતુ નથી એકમેકની નજીક રહેવા માટે પ્રેમીઓ નિરતર વલખાં મારે છે. પ્રિયજનનું મ્હોં જોતાંજ આપણે અનેક દુ ખો ભુલી જઈ કોઈ અગમ્ય આનદ અનુભવીએ છીએ અને આવા આનદ માટે આપણે ગમે તેટલી મુશ્કેલો ખુશીથી ઉપાડીએ છીએ વરસાદની ઝડ કર ઝેલી વરસતી હોય, વીજળીના કડાકા થતા હોય, ભયંકર પવન વાઈ રહ્યો હોય છતાં આશક પોતાની માશુકના દર્શન કરવા. જાય છે–કાલિદાને વર્ણવેલી અભિસારિકા

પોતાનાં પ્રિયતમને મળવા જાય છે—તે આ આનંદ માટે! પ્રેમ અને તેનાથી ઉપજતો આનંદ વર્ણવી શકાતો નથી તે અનુભવથીજ જણાય છે. પ્રેમ ઓછો વધતો હોય, તીવ્ર અથવા મંદ હોય પણ તેથી પ્રેમનુ સ્વરૂપ બદલાતું નથી. સામાન્ય માણસના સામાન્ય પ્રેમથી માંડીને કોઇ પરમભક્તના પ્રભુ પરના પ્રેમ સુધી નજર કરો–બધે એકજ ભાવ મુખ્ય જણાશે. જુદાઈમાં શોક અને સંયોગમાં આનંદ! પ્રેમ જુદી જુદી રીતે વહેંચી શકાતો નથી તે એકજ છે—અવિભક્ત છે.

કેટલાકોને સ્ત્રી પુરૂષનો પ્રેમ બીજા પ્રેમો કરતા જુદી જાતનો છે એવી શંકા થશે અને તેવી શંકા થાય તે કુદરતી છે. ઉપર જે કંઇ કહેવામાં આવ્યુ છે તે જો કે આ બાબતનો પણ ફોડચો કરી દે છે છતાં આપણે માનસશાસ્ત્રની નજરે આ પ્રશ્નની ચર્ચા કરીશું.

પુરૂષ અને સ્ત્રી વચ્ચેના જાતીભેદ જો કે જીવનમાં મહાન ભાગ ભજવે છે છતા પ્રેમમાં–પ્રેમ પેદા કરવામા જાતિ મુખ્ય ભાગ ભજવતી નથી સાચા પ્રેમમા પ્રેમીને પોતાના પ્રિયજનની જાતી કંઈ છે તેનો પ્રથમ વિચારજ આવતો નથી. બાપ દીકરીને ચાહે, ભાઇ બહેનને ચાહે–તેઓની જાતિ જુદી હોય છે, છતાં તેમના પ્રેમમા તેથી ઉણપ આવતી નથી પણ સરખી વયના સ્ત્રી પુરૂષોમાં જાતિ ભાગ ભજવે છે એ વાત ખરી છે. હુ ઉપર કહી ગયો છુ કે પ્રેમી પોતાના પ્રિયજનથી કંઇ છુપાવતો નથી અને તેની નજીક વસવાને હંમેશ આતુર રહે છે. આ જોજ મુદ્દા આખા ભેદનો ઉકેલ સુચવી દે છે. સ્ત્રી અને પુરૂષ જ્યારે એક બીજાને ચહે ત્યારે નિરંતર એક બીજાની નજીક રહેવા માટે તેઓ લગ્ન કરે છે અને આખી જીંદગી સાથેજ રહે છે. પતિ પત્નીની મૈત્રી એવી પ્રબળ, દઈવી અને મધુર છે કે કેટલાક ભકતો પણ પ્રભુને પોતાની માશુક ગણી ચાહે છે. સુફીઓ અને વૈષ્ણવોના સાહિત્યમાંથી આ કથનની અનેક સાખીતીઓ મળી આવે છે. આ પ્રેમ અત્યંત ગાઢ, તીવ્ર અને ઉચ્ચ હોય છે અને તેથી તે સર્વોત્કૃષ્ટ પ્રેમ ગણાય છે પરતુ તેમા પણ પ્રેમનું મુખ્ય લક્ષણ તો એકજ જાતનું છે. જાતિ ભેદને લીધે પ્રેમનુ સ્વરૂપ બદલાતું નથી.

નાનો રૂસી (સીંહના પીંજરા આગળ)–"પપા, સીંહો ઘણાજ ખાધરા હોયછ, ખરૂં કેની?"

પપા—"હા, દીકરા"

રૂસી—"અને આ સીંહો તો માણસનુ માસ ખાવાનું વધારે પસંદ કરછ, નહીં પપા?"

પપા—"બચ્ચીતજ, દીકરા"

રૂસી—"જ્યારે તમો મારી આગળ છેઓ ત્યારે તો મને સીંહોની મુદલ બીહીક લાગતી નથી, પપા"

એઝોરસ તરફની હમારી મુસાફરી.

લખનાર—જરબાનુ મહેરવાનજી કોથાવાળા.

હમે આખું યુરપ ફરવા નીકળેલા તે વખતે હમારી સ્ટીમર એઝોરસના ટાપુ આગળ લાંધી ગઈ. ઝાઝમાંથી બંદર તરફ જોતાં શહેરનો દેખાવ મઝો ખુશનુમા લાગ્યો એટલે આ નવો મુલક કેવોએક છે તે જાણવાને મલે, તેમજ પંદર દિવસો સુધી આકાશ અને પાણી જોતા થાકી ગએલા હોવાથી હમોએ ત્યાં ઉતરીને થોડા દિવસ રહેવાનુ નકકી કર્યું.

એઝોરસના જેવું પછાત શહેર આજ સુધી મારા જોવામાં આવ્યું નથી. ત્યાંની વસ્તી સુમારે બે લાખ આસામીઓની બતેલી છે તેઓ જાને પોરચ્યુગીઝ છે. પણ એવા સુસ્ત, આવસુ અને આળે હાડકેના કે તેઓના પાંચ પહેડીના દાદા પરદાદાના વખતમાં જે રીતે કામ થતુ આવેલું તેમાં જરા એક દમડીભારનો ધી સુધારો કરવા તેઓએ ઉલટ ધરી નથી. આખાં શહેરમાં નથી તો એક મીલ, કે એક ચીમની, નથી એક બ્રીજ કે પુલ; નથી સાંચા કે કારખાના, પત્થરની ધંટી ઉપર દળણા દળાએછ, અને ઘાંચીના બેલ અંધારી ઓરડીમાં ગોલ ગોલ ઘુમરી ખાઇ તેલ પીલી આપેછ. મેથુસવાના વખતથી જેમ ચાલતું આવેલું તેમ! બોલ્યે પણ બાયેજ ઉઠાવવાનો અથવા ઘણું તો ગધેરાંની પીઠે કે હાથગાડલીમાં. ના કાંઇ છાપખાનું કે ના કાઇ બીજા શહેર સાથે તાર ટેલીફોનની સગવડ. ઋતુ સમધારણ અને પુલ ફળના બગીચા ઉભાઇ જાએ. ઘરેઘર ગધેરાં પળાએલાં હમે જોયાં અને અજબ જેવું તો એ કે ઘરના માટીડા બૈરાં અને બચ્ચાંઓની સાથેસાથ ગધેરાંણી અરડાય! જ્યાં આલસાઇનું રાજ્ય હોય ત્યાં જુદાણું એજ ધરમ! જો કોઇપણ આબરદાર કપડાંમાં સજ થતું હોય તો તે દેવલના પાદરીઓ અને થોડાક લશકરી સોલજરો જાણવા. ત્યાં એમનો ગવરનર જેનરલ અને ફોનસલ બી છે, પણ તેઓના પગારની રકમ કોઇપણ સાધારણ આસામીના એક આડવાડીયાંના ખરચ જેટલી મહાભારત જાણવી; તોપણ લોકો ઘણુંજ સુખી અને સંતોષી જણાતાં. એક કુટુંબનો માસીક ઘર ખરચ એક હજાર reis (રેસ) થતો. પેહલવાંતો હમે reis નું ચલણ સમજી શકેલા નહી, પણ જ્યારે હમારો એક માથી એક ડોલર વટાવવા ગયો, કારણ હમોને નહાનું પરચુટણ જોઇતું હતું-ત્યારે દુરથી તેને ખુલ્લે માથે હાથમાં ટોપી ધરીને આવતો જોઇ હમોને ઘણી અજાએબી લાગી.

"દોસ્તો, હું તો આખી બેન્ક લુટી આવેલો હોઉં એમ મને લાગેછ." એમ કહી તેણે નહાના નહાના સીક્કાઓથી ઠીચોઠીચ ભરેલી પોતાની ટોપી ટેબલ ઉપર મુકી અને પોતાના કોટના ગજવાં જે પણ સીક્કાથી ઉપરી આવેલાં હતાં તેમાથી મુઠે મુઠે નાણું કાઢવા માંડીયું.

"આ શું કહેવાય ? આતો જાણે આખી ટંકસાલ ઉઠાવી લાયોછ ?" હમે બોલી ઉઠીયા.

"તેમજ છે. એ ગણી આપનારની ધીરજ ઉપર ધન છે. તેનો આખો દહાડો આ કંગાલ ટુકડાઓ ગણવામાંજ જતો હોવો જોઇએ. એક ડોલરના હઝાર reis આવતા દેખું. નાહક મારી ટોપી અને ગજવાં ધસાઇ ગયાં."

હવે હમુને સમજ પડી કે ત્યાંના લોક સંતોષી કેમ હતાં. મહીને દીવસે બે ડોલરનો પગાર હોય પણ તેના બે હઝાર reis કેહવાય એટલે કાંઇ નહીં તો બોલતાં મોહ તો ભરાઇ જાએ !

આવાં શેહરમાં વેપાર વણજ તો કયાંથીજ હોય. જમીન રેસાલ એટલે દ્રાક્ષનો પાક ઉભાઇ જાએ તેમાથી મુસકેતીલ વાઇન બનાવી પચાસ reis ની એક બાટલી વેચાય, એટલે કે પાંચ આનામા તમોને શેમપેન જેવો ઉત્તમ વાઇન મલે. અહીં નથી કોઇ બ્હારગામનું આદમી આવતું કે નથી કોઇ અહીંનું રેહવાસી દેશાવર જતું, એટલે આપણી દુનીયામાં શું વહી વીટી જાએછ તેનો સમાચારણી અહીં જાણવાને મળતો નથી. કોનસલ-જેનરલ જે બી એક પોરચ્યુગીસજ હતો, તેણે મને પુછીયુ "ઇગલંડમા કોલસાની હડતાળ પડેલી તે હવે કેમ છે ?"

"ઓ, તે વાતને તો બે વરસ વહી ગયા." મેં કહયું. "અને ને તો એકદ બે મહીનામાંજ સમાધાની ઉપર આવી ગએલી."

"એમ કે ? તે વખતે કોઇ મુસાફર અહીં આવેલા તેવણને મોંહડે હડતાળ માટે સાંભળેલુ તેજ."

બોલો, આવા મુલકના આદમીઓ ખરેખરા સુખી અને સંતોષી હોય તેમાં કાંઇ નવાઇ છે ? દેખવું બી નહી ને દાઝવું બી નહી તેવા નીયમે જીંદગી વેહતી જાએ !

જ્યાં અભણ આદમીઓ હોય ત્યાં ધુતારાઓ ભુખે ના મરે. હમે એક દેવળમાં ગયા જે બસો વરસનું કહેવાતું. ત્યા એક બારસો પોલીશડ કરેલો લાકડાનો માચરો મુકાએલો હતો જે માટે ત્યાંના પાદરીએ હમોને કહયું કે ક્રાઇસ્ટને ક્રુસીફિકસ કીધા તે આ માચડા ઉપર. લાકડું જોતાં તો તે અઢારસો વરસ ઉપરનુ નહી, પણ અઢાર વરસનું ઘડાએલુ હોય તેવું લાગતું, છતા, બીચારા અભણો તે ગરબડાટ માનતા અને તેની પુંજા કરતા અને સુખ દુખ વખતે માનતા કરીને પાદરીઓના ગજવાં પેલા સુરીયાણા સીક્કાઓથી ભરતા. દેવલને માહેથી મણ મણ ધુળના લેપડા ચઢેલા. જે બીચારા ફરેસ્તાઓના ત્યાં પુટળા મુકાએલા તેઓની મને દયા લાગેછ. બાપડા સેટપીટરના ત્રણ આંગળા તુટી ગએલાં, વરજીન મેરીનું એક આખ ગેપ, સેંટ પેટ્રીકનું તો નાકબી બાકી રહેલું નહી, એક દેવળ કરતાં ઓસપીટલને બરનો તે સામન વધારે લાગતો !

એક વખત અબખત તે ચર્ચની ઝાહોજલાલી હોવી જોઇએ, પણ હાલમાં કસબી પરદાઓ ઉપર ધુળનો નવો રંગ ચઢેલો હતો, દેવાલ ઉપર વળગાડેલાં ચીત્રકામના પેપર ઉખાઇ

ફાટીને તેના વાયટા ઉડતા હતા. બોદાતાલાનું બેબાદલગાહ અને તેની બાંધી ગીરદેસી, પણ તે માટે ના કોઇની દાદ કે ફર્યાદ.

હમે જેવા કીનારે ઉતર્યા કે લોકો પોતાના ગધેરાંઓ લઇને હમારી ચો બાજુ ઉભાઇ ગયા. તેઓની ભાષા સમજવી મુશકેલ હોવાથી એક ગાઇડ લેવો પડયો. બે કલાકની ગધ્ધે-અસવારી માટે એક જણે ત્રીસ રેસ માંગ્યા, એટલે ત્રણ આના. હમે ચબરથી કહયું "હું એટલા બધા?" તો જીભ લેવો પડી ઓછાં દામની હરીફાઇ. એક કેહ કે વીસ રેસ તો બીજો કહે જે કે મારા દસ રેશ અને ત્રણ કલાકની ગધ્ધે-અસવારી! હમો અડધી ડજન મીત્રો આ નવી મોજ ભોગવવા તયાર થયા અને તે બે લાબ્બની વસતીમાં એવું એકબી જણ ન હતું કે જે હમોને હમારાં વરસ વેચતાં જોઇ શકે એટલે હમોએ બે શીકર ચલાવ્યું. તમે શું એમ ધારોછ કે હુગક પગલે વંઝોટીઆ ભરતા ઠેકડાબંધ તોરથી હમે ગયા, અથવા ધીરેથી ખુડદુક ખુડદુક ચલાવ્યું? કાંઇ બીજ નહીં. ગધેડાવાલાઓના હાથમાં ભાગાં ટીનના દાબડા પકડાએલા તેમાં કાંકરા ભરીને બબ્બરના કાન આગલ લાવી જોરથી હલાવે કે તે બાપડું જણે કોઇ પીશાચ પુઠે વળગ્યો હોય એવી જીવ લઇને ન્હાસા ન્હાસ કરી મુકે. જીનને ઠેકાણે ગુણપાટનો ટુકડો નાખેલો અને કાથાંની દોરી, એ લગામ જાણવી. પડયા તો થોડાંજ કાંઇ હાડકાં ભાગવાના હતાં? એમ તો ઘણીબીવાર બચપણમાં ખુરસી ઉપર ઘોડાદાવ રમતા જીકાએલા તેવોજ આખી ગામલો જાણવો. હમારૂ સરધસ જોવાજોગ હતું અને ત્યાંના રહેવાસીઓ બધાંજ પરવારતાં, એટલે ઘરની બ્હાર દોડી આવી આ શું બેમોંન હતું તે જોવાં પડીયાં. મેં બે વાર ગોલાટ ખાધી, પણ મારો મીત્ર જેક તો દર પાંચ મીનીટે નીચે ટપકાતો, કારણ તેના ગધેરાંએ જોને પોતાનો જાતભાઇ ધારી લીધો કે શું ને ચારે પગે ઉછલીને તેણે પોતાની ખુશાલી જણાવીએ કરી! જ્યારેબી જેક ફરીયાદ કરવા પોતાનું મોંઢ ખોલતો કે તેના ગધેરાનું બબ્બર થાએ! તે તેબી પોતાનું ડાચું વકાસી પોતાના બોંકારામાં જેકનો અવાજ દુબાડી દેતો. પણ તેટલાં તો તે ગધેડાંના માલેકનુ ઘર આવી પુગીયું એટલે પોતાની શેઠાણીને સલામી ભરી આવવાની વફાદારી બાબ આવી એટલે ગધેરા-ઓએ તે નીચાં બારણાના મુકડાંમાં ઝોંકાવીયુ. જેકનું દોસ્યું ઉડી ગયું અને તેને પંદરવી વાર જમીન આપી એટલે ફકડી ચટકાને તેણે આ ઉત્તમ મોજ પડતી મુકી અને હમારાંમી પાંસરાની પુરતી બબ્બર લેવાબ હતી એટલે હમેબી ત્યાંજ હમારી ચોપબી સેહલબાહ સમાપ્ત કરીબી.

હવે પેલી મહાભારત કિંમત ચુકવવાની રહી. તે વખતે જે કલાણકોર ઉભી રહયો તે એક જંગી હુલ્લડને પણ બાજુ બેસાડે તેવી હતી, એક જણ દસ રેસ પોતાના ગધેરાંની બસવારી માટે માંગે તો બીજો કેહશે પાચ મને આપો કારણ મે તમને પડતા ધરી લીધેલા! ત્રીજાએ વીસ માંગીયા કારણ તેના જીનમાં થોડો કાથોબી ભરેલો અને તેબી મુંબ સગવડ કરવા માટે તેને બબ્બલ દામ ઉપર હક હતો. જ્યારે ચોથાએ કાંકરા બફાલી પોતાના હાથ દુબાવી નાખેલાં તે માટે મુહડી રેસની માંગણી કરીબી અને બાસ્સા કાંઇક વીસેક બાસામીઓએ હમારા ગાઇડની ગરજ સારેલી એમ કહી પોતાનાં બીલ રજુ કરીબાં! જેકને પેલું હજાર રેસનું પરચુરણ યાદ આવ્યું એટલે તેણે મુઠકે મુઠકે ટોળાંમાં તે ઉરાડવા માંડીયું. એક અડધા કલાકમાંતો આખાં ગામને બબ્બર થઇ ગઇ કે વેલાતના રાજના બંગત

સગા શાહિઝાદાઓ તેઓનો આ ગામડાંમાં આવ્યા હતા જેઓ મુઠ્ઠે મુઠ્ઠા ભરીને નાણું કાઢી આપવા જેવા દેલાવર દર્યાવ દીલના હતા!

ખાણું ઉપર મોસંબી, નારંગી, દ્રાક્ષ, પીચીસના ઢગલા આવે, ઉત્તમ મુશકેતીલ વાઇન પાણીની માફક મલે, તાજી માછલી અને મરઘીનાં ચાહો એટલી વાણી પીરસાએ અને બીલ જોવા જાવો તો બે હજાર રેસ, એટલે બે ડોલર. ડેલી છ રૂપીયામાં હમો છ મીત્રો, વેલાતના સેવોય કે મુંબાઇના તાઝ હોટેલ કરતાં ઉત્તમ પરોણાગત ભોગવતા હતા.

હમો હવે કોનેસલ-જેનરલને ગલવા ગયા.

વચલા ઓરડાની ટેબલ ઉપર, પાના, પાસા, હાલમાના તેમજ દામના પાટીયાં, મેકેનો, લુડો, સ્ટીકપલ-ચેઝ, સ્નેકસ અને લેડર વગેરે વગેરે જે રમતો છોકરવણ ઉમરમાં હમો રમી ગએલા તે બધાંની સામગ્રી પડેલી અને તેની આજુબાંજુની ત્રણ ખુરસીઓ ઉપર કોનસલ-જેનરલ તેની મોહરદાર અને બેટી બેહાં બેહાં અડધી ઊંઘમાં ઝુંકતાં હતાં. કરેણી શું? આ આનડામાન જેવું બીનઉપ્યોગનું ટાપુ ત્યાં ના કાંઇ ધંધો કે વેપાર, ના પેપર કે રોજંદા ટપાલના કાગલો, ના કલબ કે જીમખાના. દોસ્તીબી કોણની સાંધે! બીચારાંઓ ઉપલી રમતો પોત પોતા વચ્ચે રમી રમીને વખત કાઢતાં હતાં અને પોણો ભાગ ઝુંકણમાં ખતમ થતો. બોદા બ્યર કરે.

હું મારી સરકારને સુચના કરવાનો છેઉં કે જ્યારે કોઈ આસામી ઘણો ગંભીર ગુન્હા કરે અને તેને ફાંસીથી સહજજ ઉતરતી શીક્ષા કરવી હોય ત્યારે તેની એગ્રોરસના ટાપુ ઉપર કોનસલ-જેનરલના ઓધ્ધા ઉપર નેમણુક કરવી.

તૈયાર છે

બાપના શ્રાપ

'નવરંગ'માં બે વર્ષ સુધી એક સરખા ઉમંગ ને હોંશથી વંચાયલી અધિપતિની કલમથી લખાયલી સુંદર વારતા. ડેમી આઠ પેજી (મોટી) સાઇઝમાં સુંદર ગલેઝડ પેપરો ઉપર છાપેલાં ૨૨૫ પુષ્ઠો અને કપડાંનું સુશોભીત પાકું બાયન્ડીંગ. કીમત રૂ. ૨॥. પોષ્ટેજ આના પાંચ વધુ. લખો,

મેનેજર, 'નવરંગ,'

૨૩૭, બજારગેટ, ફોર્ટ, મુંબઈ નં૦ ૧.

"નવરંગ મ્યુઝીક ગાઇડ."

રચનાર—દીનશાહ એ. સજાણા.

રાગ—ભેરવી ત્રીતાલ.

આ દુનીયાં છે જાદુની માયા
પલ પલ પલટી જાતી કાયા
ગગને વાદલ રંગ સમાયા સમાયા—છે જાદુની
દીકરા દીકરી પતીને મેમદા બ્હેન બાંધવની જોડી
એક એકને પકડી પકડી નાખે કાળ વછોડી
કોણ રે કોના છે કહેવાયા કહેવાયા—છે જાદુની
કાળાં વાદળમાં જેમ વીજળી ઝબકે ને મટી જાય
એવા સુખના ચમકારામાં મોહ તને કાં થાય
યાદ કરી લેને તું જગરાયા જગરાયા—છે જાદુની

(એકજ ભુલ.)

આ દુ ની યાં છે .... જા .. દુ ની મા ... ... યા
સા મ ગ મ ગ ધ પ મ ગ રે ગ મ ગ રે ની સા
× × × × × × × × × × ×

ખ

પ લ પ લ પ લ તી ... જા ... તી ... કા ... ... યા
ધ ધ ધ ની સા રે સા સા ગ ગ ગ ગ ગ રે ની સા
× × × × × × × × × × ખ

ખ

ગ ગ ને ... થા ... દ ળ રં ... ગ સ મા ... યા - સ
સા સા સા રે ની સા ની ધ પ ની ધ પ મ ધ પ મ
× × ટી × × × × × × ×

ટી

મા ... યા સ	મા ... યા છે	જા ... દુ ની	મા ... ... યા
ગ પ મ ગ	રે મ ગ રે	સા રે ગ મ	ગ રે ની સા
× × ×	× × × ×	× × ×	× × × ×
			ખ
દી ક રા ...	દી ક રી ...	પ તી ... નેં	ગ્રે ... મ દા
ની ની સા સા	ગ ગ મ મ	પ પ પ પ	પ ધ મ પ
× ×	× × × ×		× ×

ખ

બ હે ન બાં	ધ વ ની ...	જો	ડી ... ...
ગ ગ ગ ગ	મ મ મ મ	ગ પ મ ગ	રે સા ની સા
× × × ×	× × × ×	× × ×	× ×
			ખ
એ ... ... ક	એ ક ને ..	પ ક ડી ...	પ ક ડી ....
સા સા સા સા	સા સા સા સા	ની ની સા ધ	ની ધ પ મ
		× × ટી ×	× × ×

ટી ટી

ના ... ખે ...	કા ... લ વ	છો	ડી ... ...
ગ ગ ગ ગ	મ મ મ મ	ગ પ મ ગ	રે સા ની સા
× × × ×	× × × ×	× × ×	× ×
			ખ
કો ણ રે ...	કો .... ના ...	છ ... ... કેહ	વા ... યા કેહ
સા સા સા સા	ની સા ની ધ	પ ની ધ પ	મ ધ પ મ
	× ટી × ×	× ×	× × ×

ટી

વા ... ... કેહ	વા ... યા છે	જા ... દુ ની	મા ... ... યા
ગ પ મ ગ	રે મ ગ રે	સા રે ગ મ	ગ રે ની સા
× × ×	× × × ×	× × ×	× × ×
			ખ

કાળાં વાદળમાં વાયેા અંતરેા=દીકરા દીકરીની માફક વગાડવેા.

મહોબ્બતનો મુલક.

લેખક-C. A. B.

Loved ones, parted from in anguish,
Your glad eyes again shall see—

જ્યારે દરિયો અને જમીન સુરજના તેજથી ભભુકી ઉઠયાં હતાં, એવી એક રહવારે હું ગારી મુસાફરીએ નીકળ્યો. મારે મહોબ્બતના મુલકમાં જવું હતું, અને મારાં હૈયામા હિમત અને ખુશાલીનાં પૂર હતાં.

રસ્તામાં મને એક કવિ મળ્યો. તે હંમેશાં મહોબ્બતની વાતજ કરતો. મેં તેને મારો રાહ પુછ્યો. "મારી સાથે ચાલ" તેણે કહ્યું. તેની મહોબ્બત વિષેની કવિતાઓ ગાતા અમે કેટલીક વાર ચાલ્યા, ત્યારે દુર એક શહેર તેણે બતાવ્યું. તેના બુરજ તેજના બન્યા હતા. પણ ત્યાં પુછતા માલમ પડયું હતું કે તે મહોબ્બતનો મુલક ન હતો. અફસોસ! તે તો કેવળ બ્યાલી સ્વપ્નાંઓનો દેશ હતો. નિરાશ થઈ કવિ ચાલ્યો ગયો.

આગળ મને એક ખુશદિલ રહેનાણી મળ્યો. મેં તેને મારો રાહ પુછ્યો કારણ તે પણ હંમેશ મહોબ્બતનીજ વાતો કરતો. ખુબ રહેલ કરતા, હસતા ગાતા અમે કાશ્મીરની કુદરતથી છલકાતી એક ખીણમાં આવી પહોચ્યા એક ગુલબાગમાંથી ગુલાબ જોવા ચહેરાએ અમને હસીને આવકાર આપ્યો.

"એ જવાન" મારા સાથીએ કહયું, "આ રહયો મહોબ્બતનો મુલક. આદમજાત જેની શોધમાં લાગી રહી છે તેજ આ દેશ." પણ પુછતાં માલમ પડયું કે તે તો ફકત હવસનો મુલક હતો મારો સાથીનો ત્યાજ રહયો.

ધીમે ધીમે આગળ વધતો હું કેટલેક દુર ગયો ત્યા એક ભભકાદાર ગાડી મેં જોઇ. તેને ચાર પાણીદાર ઘોડા જોડયા હતા અને ગાડીવાન અને સાહસના કપડાં પર જરી અને મખમલ હતાં. તેમાના એકે કહયું "મારી પુઠે ચાલ-અમારાં બાપ મહોબ્બતના મુલકમાંજ રહે છે." હું ગયો. પણ અફસોસ! તપાસ કરતાં તો કેવળ તે દૌલતનોજ મુલક નીવડયો.

નિરાશ થઇ મે મારી મુસાફરી છોડી દીધી. થાક ખાવા એક ખેડુતની ઝુંપડી બણી ફર્યો. ત્યાં એક ભોળી છોકરીને પુછયું-તેણે કહયુ "હા, એ મુલક વિષે મે સાભળ્યું છે-પણ હું તો મારાં બાપ મ્હારાં ઘરમાજ રહી છું એટલે મને રાહની ખબર નથી."

ઘોડીવારે મારાં દિલમાંથી અન્ધારૂં ઉડી ગયુ. કોઇએ મને કહયું "મુરખ! તેં ઘર છોડયું તેજ ભુલ કરી; તારૂં પોતાનું ઘર તેજ મહોબ્બતનો મુલક છે!"

WHY LOOK
"OLD?"
Persian
Hair Dye
RESTORES
"GREY HAIR"
To be had from the Army and Navy
Kemps Phillips Thomson and Tay-
lor Leach and Webor vy Treacher
and also from all known Chemist
& Druggists SOLE AGENTS
HORMUSJI DOSABHOY & Co
BOMBAY NO. 4 TEL. NO 611

સંજોગનો ભોગ !

(લખનારઃ-મીસ. સુના કાવસશાહ ઈરાની.)

મેં આલાં દાવરે મનથી નકકી ઠરાવ કીધો કે ગમે તે જોખમે અને ભોગેણી જો જેમી વાહાડયા મને પરણવાની ઓફર કરે તો તે કબુલ રાખવી. હું બાત્રીથી માનતી હતી કે તે મને ચાહાતો તો હતોજ નહિ, અને આજ સુધીમાં મને, કોઇ પણ પુરૂષે બરાં અંતકરણથી ચાહીજ નથી. તો જો કે કંઇ દજનો બંધે મારી સામે ગુંઠણભંડયે પડી મને ચાહવાના કસમ લીધા હતા. પહેલાં પહેલાં તો હું તેઓની એ ખુટી રીતભાત ઉપર મારા મનથી ખુબ રમુજ પામતી હતી, કારણ બાનદાની બુબરી બારસ જવાન્યાઓને બારા જેવી એક સાદી ભોંદી છોકરીની દોલતને બાતર તેણીને ચાહવાના બોટા ઢોંગ કરી જુઠા મોગ દેા લેતા સમજવું એ લબરીક રમુજી હતું ખરૂં પણ જ્યારે એવી બોટે મનની ઓફરેા દિવસે દિવસે વધવા લાગી ત્યારે મને મારી બોતાની ઉપરબી ઘણેા મોટેા ધિક્કાર આવવા લાગ્યેા.

મારા પપા, મનચેરજી દાવર વરસ દીવસની એક ગંજાવર આવક મેલી જવા સાથ, એક અતિ ઘણેા સુંદર બંગલેા મારા નામ ઉપર કરી ગયા હતા. અને જો કે હું મારા પૈસા અને ખુશ સ્વભાવથી સેાસાયટીમાં બધી ઓબાર મોબાર થતી હતી; પણ મારા મનનેા બલાપેા તેા એબલા ખુદાનેજ બબર હતેા!

હું ફેન્ડસમ જેમી વાહાડયાને ઘણા જોરાવર પ્યારે ચાહાતી થઇ હતી. આબા દીવસમાં, તેનાં મુબમાંથી બાહાર પડેલા શબ્દેા પાછા અને પાછા યાદ કરતી, રાત્રે બીછાનામાં હું કલાકેાના કલાકેા વેર જાગતીજ પડી રેહેતી. તે કાંઇ મારી સાથ ઘણેા ખુટથી વર્તતેા હતેા નહિ, તેા જો કે તે બીજાબેા સાથ તેા તે ઘણેાજ જલદીથી બેલાઇ જતેા.

તે વખતે, મારી ઉમ્મર, સત્તાવીસ વર્ષની હતી. અને જેમીબી મારી બરોબરની ઉમ્મરનેા, ઉંચા તન્દરોસ્ત બાંધાનેા એક સેાલાઇતેા બાનદાની જવાન હતેા. તે જો કે ગજવે ગરીબ હતેા, છતાંબી કય કંઇ છોકરીબેા તેની ઉપરથી મરી મરી પડતી હતી જ્યારે પુરૂષેા વબાદુની નજરે એ મારા જેમીને જોતા અને દોસ્તી સેાધતા હતાં.

એક સહવારે, મારી વડી મુજબ, મને જેમી તરફથી એક પત્ર મલ્યેાઃ-

"મારી વ્હાલી આલુ" તે લબતેા હતેા, "હું તુને ચાહુ છું અને તેથી પરણવા માંગું છું. હું જાણું છું કે હું તદન એક ભીબારી જેવી સ્થીતીનેા આદમી

છું, છતાં તુંને સુખી કરવાને હું મારૂં બનતું કરીશ—તું મને કબુલશે? મને પ્યારનાં લાંબા લાંબા પીજણો કરતાં આવડતું નથી, અને આપણે એકમેકને સારી રીતે પીછાણ્યે છીયે. મેહેરબાની કરી મને તુરત વલતો જવાબ લખજે. આશા છે જે મારી માંગણી કબુલી તું મને સુખીમાં સુખી આદમી બનાવશે.

ઘણા પ્યાર સાથ
જેમી."

ઘણા મોટા મોટા અક્ષરોથી, ઘણી બેદરકારીથી લખાયલું તે કાગલ હતું તો પણ મેં તે ઉપર ઘણા હેતથી મારા હોઠો દાબ્યા.

તે વ્હાલા જવાન સાથની મારી પરણી જીંદગી મને કેવી પસાર કરવી પડે તે હું બરાબર સમજતી હતી. કારણ તે તો મને મારા પૈસા ખાતરજ પરણતો હતો કેની?

અલબત, પહેલાં પહેલાં તો તે મને ચાહાવાના ઢોંગ ચાલુ તો રાખવાનોજ, પણ તે બધું થોડો વખતજ! એ બેન્જલતભર્યો ખ્યાલજ મારા દીલમાં કમકમાત ઉપન્નવવા બસ હતો. પણ અરે મુઢા! તેના વગરની જીંદગી મને એવી તો ઝેર સમાન હતી કે કોઇણી જોખમે, કોઇણી હોગે હું તેની મોહોરદાર થવા મનથી કબુલ થઇ.

તે મને ચાહાતો હતો નહિ તેથી શું થયું? મારી મબલખ દોલત, તેના બધા ઉદાઉ ટેસ્ટો પુરા પાડશેના ખ્યાલે મેં સંતોષ પકડયો. તેનું સઘળું સુખ તો માત્ર મારી અઢાગ દોલતમાં સમાયલું હતું છતાં, મને ઝાંખી, ઘણીજ ઝાંખી આશા હતી કે વખત જતાં તેનાં ઠંડા જીગરને, મારા ઉંડા વ્હાલથી કાંય નહિ હું મારી તરફ પ્યારથી ઢલતું કરી શકું?

તે સહવારે જ્યારે હું ને મારી બેહેન શીરીન નાસ્તા ઉપર સાથે મળ્યાં ત્યારે તે પત્ર અને મારી ઉમેદ વિષે મેં તેણીને વાકેફ કીધી. મારી શીરીન મારીથી ઉમ્મરમાં, ત્રણ વરસ નાની અને ઘણા સોભતા દેખાવની હોવાથી આજે બે વરસ થયાં પરણેલી, એક બચ્ચાંની માય બી થયલી છે. એની બેણીની તબ્યતના સુધારા અર્થે, તેણી બેબી સાથ, મારે ત્યાં થોડા દિવસ થયા રેહેવા આવી હતી. જેમી વાહાડયા સાથ મને પરણેલી જોવા તેણી ઘણીજ આતુર હતી! જેમી જેવા એક સર્વના માનીતા જવાનને પોતાના બંધેવી દાખલ સોસાયટીમા ઓલખાવવો એણી શું મગરૂર થવા જોગ નહિ હતું? પણ મને તો તેવી ફીશયારીનો ઘણો મોટો ધિક્કાર હતો!

નાસ્તો લીધા પછી, જેમીના તે કાગળનો મેં એક ઘણોજ ટુંકો જવાબ લખી નાંખ્યો, જેમાં મેં તેની સાથ પરણવાની ખુશી જાહેર કીધી હતી. આહા! તે લખતી વખતે મને કંઇ થોડી મુશકેલી નડી નહિ! મારાં આંગળાંઓ ફુજ્યાં અને

મારૂં જીગર ખુશીભરી લાગણી હેઠળ જોરથી ધડકવા લાગ્યું! મેં તે કાગળ મારા "હા"ના જવાબમાં ટુંકમાંજ પુરૂં કર્યું.

મારા પોતાનાજ હાથે તે કાગળ પોસ્ટ કરવાની મરજીથી તૈયાર થઇ બંગલામાંથી બહાર પડી.

બરોબર તે એક ઘણીજ ખુશનુમા સહવાર હતી. જીવને રાહત બક્ષે તેવી મંદ મંદ વાતી પવનની ધીમી લેહેરી વચ્ચે તે સહવાર મને બેવડીજ ખુશનુમા લાગે તેમાં શી નવાઈ!

તે વ્હાલા જવાન સાથના ભવિષ્યના સુખી સ્વપનાઓ જોતી હું ખુશાલીમાં આગળ વધી. આજના જેવી સુખી પલો, આ આગમજ ગુજરેલી મને યાદ નથી.

અને આમ, ખુશ ખ્યાલો વચ્ચે હું બેધ્યાન આગળ વધતી હતી તેટલાંજ મારૂં નામ પુકારતાં એક ઓલખીતા અવાજથી હું મારી ચલનમાં ધીમી પડી અને મેં પાછળ ફરી જોયું તો—

મારા કઝીન બહુમન દાવરને મેં ઘણા ઝડપી પગલે મારી તરફ ચાલી આવતાં જોયો કે હું આગળ વધતી થોભી ગઇ.

"અલવ! આલુ દીકરા!" શેકહેન્ડસમાં મારો હાથ બધો દાબી નાખતાં તેને હસ્તે ચેહેરે બોલવા માંડયું-સહવારના પોહોરમાં કયાં ચલાવ્યું? શીરીન ને બેબી કેમ છે? અરે હા બરા! તેં કંઇ બીજી નવી બબર સમજી કે! પેલા જેમી વાહાડયા વીષે! હા, પણ તું કયાંથી સમજે! તેને પોતાનેજ તો આજે સહવારે બબર પડી!" હમેશ મુજબ મારા કઝીન બહુમને એકકી તગરે બબર ઉપર બબર આપવા માંડી.

પણ મારા વ્હાલા જેમીનું નામ સહુમજતા મારી છાતીમાં મને એક મોટો ધસ્કો પડયો.

"તે નવી વાત શું છે! કેહે મને!" માહા જેડુમતે મારો જીવ ઠેરવતાં મેં ધીમે અવાજે પુછયું.

"કેહેજે તેને કોઇનો વારસો મલ્યોછ" બહુમને મારી તરફ નજર કર્યા વીનાજ આગળ ચલાવ્યું, "ઘણોજ નશીબવાલો હું! એમ તો કંઇ કેહેછ કે એનો બાહાર ગામમાં એક સાવકો મામો હતો તે હમણાં વારસ વગર મરણ પામ્યોછ અને તેની બધી દોલત જેમીને મલીછ! આજે સહવારે એ બબર મને જેમીએજ પુગાડી. બાહા! જબરો નસીબવાલો! પણ કાંય આલુ ડીયર, કંઇ આજે તું ઘણીજ ચુપ છે! બોલતી કેમ નથી?"

તેને હવે વાતમાંથી ધક કહાડી, મારી તરફ ફરતાં સવાલ કીધો.

"હું ઘણીજ ખુશી છુ" મન ઉપર જબરો કાબુ રાખતાં મેં ધીમેથી જવાબ કર્યો હું કંઇ જરા જશમાં ગડી પડું યાનો બેભુદ્ધ થઇ જાઉં તેવી ચીબાવલીઓ માંહેલી એક નથી!

જેમી વાહાડયા પુલોમાંનું એક એવું પુલ છે જે ધરણમ જમીનમાંથી વધુ ખીલી નીકળે."

હું વધુ બોલી શકી નહિ. આજની સહવારના મારા બધા સુખી સ્વપનાઓ એકજ પલકારામાં જમીનદોસ્ત થયા! અરે! જેમી તો માત્ર મને પૈસા ખાતરજ પરણવા કબુલ થયો હતો અને જ્યારે આઈન ઘડીએ લક્ષ્મીજ તેની ઉપર પ્રસન્ન થઈ હતી ત્યારે મારે માટે હવે આશાજ શી હતી? તે પલે મારી છાતીમાંથી દુઃખનો એક મોટો નિસાસો બાહાર પડયો.

બીજી બે પલમાં તો હું એક મક્કમ ઠરાવ ઉપર આવી. મારી નજર ત્યાંના લાલ પીલર બોક્ષ ઉપર પડી, અને મને તે પલે લાગ્યું કે હવે પછી આ ઠાંભલા ઉપરની દરેક નજર, મારી છાતીમાં નવેસરનો દુખનો ઝટકો લગાડયા વીના રેહેશેજ નહિ.

મેં કહયું તેમ હું એક મક્કમ ઠરાવ ઉપર આવી. અને બહુમાન લેઈ શકે નહિ તેવી રીતે મેં તે પરબીડુ પકડયુ.

"લાવની આલુ! આય કાગલ પોસ્ત કરવાનુ હોય તો હું પેલા સામેનાં ઠાંભલાંમાં નાખી આઉ!" તે સ્તેમ્પડ થયલાં કાગલ ઉપર તેની નજર પડતાંજ તેને મને પુછયું

"નહિ બહુમન હવે મારો વિચાર ફરી ગીયેાછ. એમાં તો મે મારી એક ફ્રેન્ડ ને ટી ઉપર આવવાનું તેડુ કીધું હતું પણ જયારે આજે આવો ખુશનુમાં દિવસ છે ત્યારે તો હું તે વિચાર માંડી વાલી એક લાંબી મોટર ડ્રાઈવેજ જઈસ." મોઢાં ઉપરનો કાબુ જાળવવા કરતા અવાજ ઉપરનો કાબુ જાળવવો બહુ મુશકેલ છે, તો બે કે આટલું બોલતી વખતે મારો અવાજ સેહેજ લડઘો બરો પણ તે કંઈ મારા કબ્જીને નોટીસ કીધુ નહિ.

થોડી બીજી ત્રીજી બબર આપ લે કીધા પછી તો તે મને ખુશાલ ગુડ-બાય કરી ગયો અને હું તેના જતાં આકારને તીકતી ઉભી! આહા! ખુદરત બી બાજે વખતે કેટલી ઘાટકી થઇ શકે છે તે મેં ત્યારેજ જાણ્યુ. તે ખુશનમાં પલોના મારા સુખી સ્વપનાઓ એકકે ઝટાકે જમીનદોસ્ત થયાં અને બમનના મુખમાંથી બાહાર પડેલો દરેક શબ્દ મારા મગજમાં પાછો ભમવા લાગ્યો.

થોડો વખત તો શું કરવું તે બી જાણે મને સુઝયું નહિ! અને થોડીક પલ હું એક પત્થરના પૂતલાંની માફક ત્યાંજ થંભ થઇને ઉભી પણ પછી તે જીગર કચડી નાખતી નીરાશી ઉપર કાબુ મેલવવાની એક મોટી કોશેશ કરી હું ત્યાંથી ઘર તરફ જવા ફરી.

ઘર પુગતાંજ, બાગનાજ દરવાજા ઉપર મારા નોકરથી હું જાણી શકી કે જેમી મારે માટે હોલમાં બેાટી થતો હતો! પેલુ જેમી ઉપર લખાયલુ કાગલ જે હજુર મારા હાથમાંજ પકડાયલુ હતું તે મેં ઝડપથી મારા બેગમાં ઠેસી દીધું અને હું ધડકતે જીગરે આગળ વધી. હવે પછી તેની સાથ કેવી રીતે કામ લેવુંનાં વિચા-

રમાં હું એકજ મીનીટ તે ઓરડાની બાહાર ઉભી. પણ બીજી પલે તો મારાં મન ઉપર જબરો કાબુ મેલવી લઇ હું એક ધીમાં ઢાંગી હસ્તાં સાથ ને ઓરડામાં દાખલ થઇ. તે બારી નજદીકની ખુરસી ઉપર બેઠો હતો પણ મારાં પગલાંનો સંસારો થતાંજ તે મારા તરફ ફર્યો. આહા! શાંત હસ્તો દેખાવ બતલવી રાખવાની એક ઘણી જોરાવર કોશેશ છતાં મારી પ્યારભરી તિક્ષણ આંખ્યો જોઇ શકી કે તે ચહેરો ફીકકો અને ભખી બાયેલો હતો અને મારું જીગર તેને માટે કયાથી દાઝીજ ગયું.

હસ્તું મોઢું રાખવાની એક કોશેશ સાથે મેં મારો હાથ શેકહેન્ડસમાં તેની ગમ લાંબો કીધો.

"ઓ જેમી! તમે આવ્યા તે હું કેટલી ખુશી થઇ! કારણ મને હથતો તમારી માફી માંગવાની છે." મેં તેને કંઇ ખુલાસો કરવા કે પુછવાનીબી તક આપ્યા વિના આગળ ચલાવ્યું.

"આજે સહવારે જ્યારે હું નાસ્તા માટે નીચે આવી ત્યારે મારી પ્લેટની બાજુમાં મેં એક તમારી તરફનું કાગળ જોયું-એક મીનીટ હું રૂમમાંથી કંઇ કામે બાહાર નીકળી અને પાછી આવી જોઉં છું તો મારી બેહેનની બેબીએ રમત કરતાં તે કાગળ નજદીકની સગડીમાં ફેંકી દીધુ-ઘણી મીસચીવ્યસ છોકરી છે! મેં તે કાગળને બળી જતાં બચાવવાની એક ફ્રેકકટનીજ કોશેશ કીધી! શું તેમાં તમારી પેલી બુધવારવાલી પાર્ટી વિષે કઇ લખાયલુ હતું?" એટલુ બોલતાંજ હું ધમ કરતી કે એક પાસેની બેઠક ઉપર બેસી ગઇ. મારા હાથમાથી સરી પડેલી બેગ ઉંચકવાને મસે હું વાંકી વલી અને તેમ કરી, કોઇ જોરાવર લાગણીથી મારા હોઠોને તેની નજર સામેથી ધાંકી મેલ્યા.

કેટલીક પલો વેર હું તેના ચેહેરા સામુ જોવાની હિમ્મત કરી શકી નહિ. અને તે થોડીક પળની ચુપકીદી હમો બંધેને એક લાંબા જમાના જેટલી લાગી.

"હા, તેમાં મે તે પાર્ટી વીષેજ લખ્યું હતું? તુંને તારી બેહેન બંધે આવશો તો હું ઘણોજ ખુશી થઇશ."

તેનો અવાજ તદન સ્ટેડી હતો નહિ! મેં છુપા ગભરાત વચ્ચે તેની ઉપર એક ઉડતી નજર ફેંકી તો યા ખુદા! જાણે એક મોટો પહાડ તેના જીગર ઉપરથી ઉંચકઇ ગયો હોય તેમ તેને છુટકારાનો એક લાંબો દમ બેંચ્યો-તેને સુખી બનાવવા, તેનો સોહોમનો મુખડો હસ્તો નીહાળવા હું મારી તમામ દોલતનો તેની ઉપરથી નીસાર કરવા તયાર હતી તો જો કે વગર માંગવે મેં મારૂં જીગર તો કેટલા વખતનું તેને અર્પણ કરી દીધું હતું. ઓ પરવરદેગાર! તું કે જે સઘળાં જીગરોના ભેદોનો માહીતગાર છે તો તે પલોનું મારૂં તે મોટું દુઃખ, તું, ઓ! મોટા બાપ! તું તો જાણી શકયો હશેજ!

મેં જેમીના ચેમાં મુદલ વાંક જોયો નહિ. હું ત્યાર પછી કદી જાણી શકી નહિ કે તે-તે દીવસે પોતાની માંગણી પાછી ફેરવવા યાતો કોઇબી ભોગે મને કબુલ

રાખવા આવ્યો હતો! ગમે તે હોય પણ, તેની તરફનો મારો સાચ્ચો પ્યાર તેને દુખી જોઈ શકયો નહિ. અને તેથીજ તેને, મારા બંધમાંથી છટકી જવાની તક મેં મારા સુખના ભોગેથી આપી દીધી. ઓ! તેને હું એટલી તો જોરાવર પ્યારે ચહાતી હતી કે છુટકારાથી ખીલી નીકળેલો તેનો ચહેરો જોતાં, મારા દુખમાંથી હું મોટો સંતોષ લઇ શકી!

પોતાના, તુરતના મળેલા વારસાની ખુશ ખબરથી મને વાકેફ કરતાં તેનાથી હસાઇ હસાઈ જવાતું હતું. તે ખબર પહેલ વહેલીજ તેને મોંઢેથી સમજી હોય તેવોજ દેખાવ મેં તો ધારણ કીધો.

"બાહા! આજે બધુંજ મને ખુશાલ લાગેછ" ઉભો થઈ મારી રજા ચાહતાં તે બોલ્યો, "લક્ષ્મી દેવીથી કોઈ વખત કેવી દાહી અને મેહેરબાન બની જાયછ? આ સવખતના વારસા માટે હું મને પોતાને ઘણો ભાગ્યશાળી સમજું છું."

અલબત! તે ભાગ્યશાળી તો પુરવાર થયો હતોજ!

મેં તેનો જતો આકાર, નજર આગળથી દેખાતો બંધ થયો ત્યાં વેર ઘણા દુઃખી દીલે જોયા કીધો.

મેં રડી બળી મારૂં દુખ જાહેર કીધું નહિ. મારૂં જીગર તે દીવસથી તુટીજ ગયું. પણ તે સાહેબની મરજીને આધીન થયા વિના કાંઇ કોઇનો છુટકો છે!

સંગીન વાંચનના શોખીનો માટે નાદર તક.

નવરંગના પહેલાં સાલની કંપ્લીટ ફાઈલ, સુંદર બાઈન્ડીંગ કરેલી. કીંમત ૩. ૨૫.

નવરંગના બીજા સાલની કંપ્લીટ ફાઇલ, સુંદર બાઇન્ડીંગ કરેલી. કીંમત ૩. ૧૫.

નવરંગના ત્રીજા, ચોથા, પાંચમા અને છઠ્ઠાં સાલની કંપ્લીટ ફાઇલો સુંદર બાઈન્ડીંગ કરેલી દરેકના ... ... ૩. ૭.

ગણત્રીનીજ ફાઇલો હોવાથી એલ્તેમાસ કરવામાં આવે છે કે તાકીદે મંગાવી લેશો.

☞ પોસ્ટેજ જુદું પડશે. સરકયુલેટીંગ સીસ્ટમ ઉપર વાંચવા આપવામાં આવશે નહીં. લખોઃ—

મેનેજર,

નવરંગ,

બજારગેટ, કોટ, મુંબઇ, નં૦ ૧.

સુધરેલી હિંદવાણીઓ.

દોહરા.

સુધરેલી સધવા અને, વિધવા એક સમાન;
નહીં ચાંદલો ભાળમાં, કંકણનું નહિં ભાન. ૧
ખ્રિસ્તણુ કાં તો પારસણુ, કિંવા યવનની નાર;
સુધરેલીના તે સમા, પ્રગટ જુઓ શણુગાર. ૨
ગોરી ગાય જલસા વિષે, ઘણી બજાવે ઢોલ;
વાહ! વાહ! મીત્રો વદે, સુધરીનું એ તોલ. ૩
ઘર ઘાલે કે ધુધટે, એવી વદી દલીલ;
ભરે ઉઘાડા કુદકા, સુધરીનું એ શીલ. ૪
પતિને પરમેશ્વર ગણે, નારી તેહ ગુલામ;
હજારને હાજર ગણે, એ સુધરેલી ભામ. ૫
નાગી વરણાગી વિષે, લાગી રે' દીન રાત;
સુધરેલી નેને ગણી, સુધર્યા રહે રળિયાત. ૬
ટાપટીપ તનની રચે, ચાપચીપમય ચાંચ;
સુધરેલી શીર છતરી જ્યમ, પચાણી શીર પાચ. ૭
હસે લસે આગળ ધસે, વસે પુરૂસમાં વાસ;
પતિ પાછળ પાછળ ફરે, સુધરેલીના દાસ. ૮
ભાઇ બ્હેન પદ છોડીને, બને મિસિસ ને મિસ;
સુધરેલી સદભાગ્ય લહે, પામિ યવનની ક્રીસ. ૯
શિખે ગવૈયાની કને, સુધરી ગોરી ગાન;
ઠાત ભ્રાત ભર્ત્તાર તે, દેખી ધરે ગુમાન. ૧૦
પુરૂષ અને પ્રેમદા તણા, સરખા હક ગણુનાર;
સુધરેલી તે નીકળી, બન્ને હકથી બ્હાર. ૧૧
નરહક ને વળી નારહક, એ બે ભવજળ નાવ;
બન્ને પર પગ ધારીને, પડતી બ્હોળે પાવ. ૧૨
નરનારી બનવા જતાં,—થાય હીજડો આપ;
સુધરી નર બનવા જતાં, પાને એવું માપ. ૧૩

જુવાની જાળવવા જુએ, આયાને દે ખાળ;
સુધરેલી કાયા રળી, વધી વેશ્યાથી હાલ. ૧૪
પશુ પણ અતિ માયા ધરી, ધવરાવે નિજ બાળ;
સુધરી તેથી અધમ તે, નરહક પર દે ફાળ. ૧૫
પડદે રે'તી તે તણા, સુત લેતા સમશેર;
સુધરેલીના સાંપડયા, દમડીના દશ શેર. ૧૬
પડદે રે'તી તે તણાં, તવારીખે જશગાન;
સુધરેલીનાં નેનશર, ભ્રમર ચળેલ કમાન. ૧૭
યવન હસ્ત અડતાં અવલ, અણળા તજતી પ્રાણ;
સુધરેલી પતિ જાગતો, વેચી ગ્રહે વખાણ. ૧૮
પતિ વેચે પણ પદમણી, તજતી ન પતિવ્રત ધર્મ;
બાય પીયે બેલતી ફરે, એ સુધરીના કર્મ. ૧૯
પડદે રે'તી તે તણા, સુત બચાવતા ગાય;
સુધરેલીની સંતતી. બીક બવાડે બાય. ૨૦
પડદે રે'તી તે તણા, પુત્રે બચ્યો સ્વધર્મ;
પાદરીને પાયે પડે, સુધરી સુત હતકર્મ. ૨૧
પડદે રે'તી તેમણે, દીધી દેશને શીખ;
સુધરેલીની સાહ્યબી, વધી મગાવે ભીખ. ૨૨
પેટ પરાણે ધણી ભરે, મહોતીજીને તાન;
પતી પટાવાળો ગને, ધન્ય સુધારક ધ્યાન. ૨૩
ઘરધણી ખુંદે ગાર્યને, સુધરી શીખે નૃત્ય;
સ્ત્રી સુધારણાએ કર્યાં, ઘણે ઘેર એ કૃત્ય. ૨૪
પડદે રે'નારી તણા, ધરતા નહિ ધનલોભ;
પણ સ્વદેશને સેવતા, સદા રહી અક્ષોભ. ૨૫
પણ સુધરેલીના તનય, શીખ્યા છે એ સાન,
મુખમાં થુંકો પણ મુંકો, કરમાં કાંઈક નિદાન. ૨૬
વણરંગલાં મન હતાં, નારીના આદેશ;
સ્ત્રી કેળવણી એ કર્યા, રંગી કાળા મેંશ. ૨૭

નગીનદાસ પુરૂષોત્તમદાસ સંઘવી.

પૈસાને ખાતર !

(એક ટુંકી વારતા.)

લખનાર:-'સમન,'

"તમે શું એમ ધારો છ, મમા, કે મને લીલીએ ઠગી છ! તેણીએ મને ગંભીર વચન આપ્યું છે-તેણીએ બાઇબલના સોગંદ લીધા છે-કે તેણી અમે પરણ્યા પછી નાટકનો તખતો સદાનો છોડી દેશે; અને હવે મમા, તમે કહો છો કે મારી પરણેતર ફરીથી નાટકના તખતામાં જોડાઇ છે—અને તેની સ્ટેજ પર નાચો કરીને મારી તેમજ ખુદ પોતાની ફજેતી કરે છે !"

ડેવીદ હર્સ્ટ બોબરા અને બે'ચાયલા અવાજે બોલ્યો. તેની આંખ્યો ગુસ્સા અને જુસ્સાથી ચમકતી જોઇને તેણીની બૈફ માતા દીવાલને ધુજરી બનીને અઢેલી પડી.

"દીકરા ડેવીડ, તું તારા મનમાં કંઇ ના લાવ !" તેણી ધીમા અવાજે બોલી. "જે કાંઇ લીલીએ કીધું છે તે તેણીના ભલાને માટે કીધું છે, જ્યારથી તું હોસ્પીટાલમાં પડેલો હતો ત્યારથી તેણી મારા તેમજ તેણી પોતાના ભુખ્યા હોજરાને માટે દાળ રોટલી પેદા કરીને સંતોશ આપતી હતી. હાલમાં ઉનાળાની રજા હોવાથી તેણી તે નાટકી ધંધામાં જોડાઇ છે, પણ આય ઉનાળાની રજા પુરી થઇ કે તેણી ફરીથી હવે કોનસર્વેશનમાં જશે નહી."

"પણ, મમા, તેણીએ પોતાનું વચન તોડયું છે, કારણ કે જ્યારે હમો પરણ્યા ત્યારે તેણીએ એવા સોગંદ લીધા હતા કે તણી કદીપણ ફરીથી જાહેરમાં નાચવા જશે નહી. મેં તેણીને તેવા સોગંદ લેવડાવ્યા" તે ગંડાયલા કલાવર સખશે એક લાંબો નીશ્વાસ ફેંકયો. "કોઇ મુજીએ તેણીને પોતાની જાળમાં સપડાવીછ-એ વગી કોઇ નાટકકારજ હોશે ! તેણી મને બેવફા નીવડવા માંગે છે; તેણીએ વીચાર્યું કે હું હોસ્પીટાલમાં સહીસલામત હતો. મેં વીચાર્યું કે તેણીએ જાહેરમાં નાચવાનું બંધ પાડયું હશે, અને તેણી ઘરમાં રહીને મારા પ્યારાં બચ્ચાંઓની સંભાલ લેતી હોશે. પણ જોવો, કે શું બનવા પામ્યું'ચ તે. હું બીમાર પડયો, અને તેઓએ મને હોસ્પીટાલમાં બસેડયો. તેઓએ મને ત્યાં રાખી મુકયો, અને જ્યારે મને તેણીએ વધારે બીમાર થયલો જોયો, ત્યારે ફરીથી તેણી પોતાના ધંધામાં પાછી પડી. ગુસ્સે થવાને માટે મારી પાસે કંઇ કારણ તો હોવુંજ જોઇએ, હં મમા ? શું મને લીલીએ અપજશ લગાડયું નથી ?"

તેની માતાએ ડોકું ધુણાવ્યું.

"કોઇપણ રીતે તો પૈસા કમાવા જોઇતા હતા, ટેવીડ તું જાણેછ કે તું એકદમ ખાખા-વરણો થયો હતો તે."

"એ બધું હબગ છે, મમા. લીલી ખુશીથી તેણીને જોઇએ તેટલા પૈસા ઇનતન બેંકમાથી બેચી શકતે, મેં બધા પૈસા તેણીના નામપર તે બેંકમાં એકઠા કરી મુકયા હતા. અરે, તેણી મોટી ખુશીથી એક સો પૌંડ બેંચી શકતે. મને સમજ નથી પડતી કે તેણીને આવા નીચ ધંધામાં પડીને પૈસા કમાવાનું શું સુજ્યું પડયુ ?"

તે જૈફ બાનું જરા વાર થોભી, તેણીએ પોતાના દીકરાને શું બનવા પામ્યું હતું તે કહેવુ જોઇએ કે નહીં-તે ઇનંતન બેંકે તો દેવાલું કાઢયું હતું તે બબરથી તેને વાકેફ કરવું કે નહીં તે માટે અજબ થઇ પણ જો તેણી તેના દીકરાને એ વીશે વાકેફ કરે તો પછી તેણીએ પોતાના દીકરાને તે વીશે વાકેફ નહીં કરવાનું જે ગંભીર વચન તેણીએ લીલીને આપ્યું હતું તેનું પછી શું ? કારણ કે તેણીની વહુએ તેણીને એવી અરજ કરી હતી કે તેણીએ તે બબર પોતાના બીમાર દીકરાથી જેમ બને તેમ છુપી રાખવી, અને ઇનતન બેંક પડી ભાગી હતી તે વીશેનો જરાબી સંસારો તેને થાય નહીં તેમ કરવું, મગર લીલીએ કદીપણ આશા રાખી હતી નહી કે તેણીનો ભરથાર ઓચીંતો હોસ્પીટાલમાંથી રજા લઇને સીધો ઘરે ટુટી નીકલશે.

"ટેવીડ, જરા બેસ. હું હમણા તારે સારૂ મજેની સોજી ચાહેનું એક ગરમાગરમ કપ તૈયાર કરી લાઉંછ, અને જ્યારે લીલી ઘરે આવશે ત્યારે તેણી પોતાની વાત તારી આગળ કરશે, પણ તેણી આવે ત્યાં સુધી તું શાંતીથી આરામ કર."

તે કદાવર. શખશે પોતાનું ડોકું ધુણાવ્યું "નહી, માતાજી" તેને બોખરા અવાજે જવાબ આપ્યો, "હું સીધો કોનસતેલેશનમા જાઉછ. આય બધુ નજરે નજર જોવા માગુછ." તે એક મીનીટ થોભ્યો. પછી પોતાના તવાઇને નબળા પડી ગયલા. હાથો તરફ જોવા લાગ્યો "હું મારા ઓરડામાં જઇને હાથ મોહુ ધોવશ, માલ સરખા કરશ. અને પછી હું જવશ. હું અજબ થાઉંછ કે લીલી જ્યારે તેણી મને સ્ટોલમાં બેઠેલી જોશે અને તેણીના નાચો જોવામાં મને મશગુલ જોશે ત્યારે તે દેખાવ જોઇને તેણી શું કહેશે ? કદાચ તેણીને જરા ધસ્કો પડશે; કદાચ તેણીએ મને આપેલા વચનની તેણીને યાદ થશે."

મીસીસ હર્સ્ટ વધુ બોલ્યા નહી. તેણીએ તેની સાથે વધારે પંચાતી કરી નહી, પણ તેણીએ જોયો પોતાના દીકરાને તે ઓરડામાં ચાલી જતાં જોયો કે પોતાના જૈફ હાથો દયાજનક રીતે એકમેક સાથે ભેરવ્યા અને એક લાંબો ઉંડો નીશ્વાસ ફેંકયો.

"હું જાણતી નથી કે જ્યારે તેને સત્ય માલમ પડશે ત્યારે તે શું કહેશે અથવા તો શું બોલશે," તેણી બડબડી.

ત્યાર પછી તેણીએ પોતાના દીકરાને માલપર જતાં જોયો. તેણીનો દીકરો પોતાના માલ-પરના ઓરડામાં જઇને એક બીછાણા આગળ ગુડણુમંડીએ પડયો, અને પોતાનો ચહેરો પોતાના હાથોમાં છુપાવ્યો.

"હું જાણુછ કે કોઇ મુછ્ બચ્ચાએ મારી ભોલી ભાની લીલીને ભમાવીછ ફસાવીછ. તેને તેણીને મારી તરફ બેવફા બનાવીછ. મારી ગરીબ લીલી કે ઇ મુજના ભમાવ્યા બીવાબ આવી

રીતે મને બેવફા નીવડે નહી. તેણીએ જે ખરા દીલથી મને વચન આપ્યું હતું તે વચનની તેણી દરકાર કરતે."

તેને એમ બોલતાં પોતાના હાથોની મુઠ્ઠી જરતુનથી વળી. ત્યાર પછી તે ત્યાંથી ઉઠયો અને જાણે સ્વપ્નામાં ચાલતો હોય તેમ તે તે ઓરડાના નાંકેની એક ટેબલ આગળ ગયો, અને તે ટેબલનું ખાનું ઉઘાડયું.

તે શાની શોધ કરતો હતો તે તેને જટ માલમ પડયું. તે એક છ બારની રીવોલવરની શોધ કરતો હતો. તે રીવોલવર ગોળીથી ભરેલી હતી. અને તે રીવોલવર તેને ભરેલી જોઇને તે બેહદ ઉલટથી તે તરફ જોવા લાગ્યો.

ટ્રેવીડ એક ભયંકાર હસવું હસ્યો. તે રીવોલવર તેને કેટલી બધી કામની હતી? તે સારી રીતે જાણતો હતો-કારણ ટ્રેવીડ પોતાના મનમાં કહેતો હતો કે જો જ્યારે તે કોનસ્તેલેશનમાં જશે અને ત્યાં જતાં તેના વહેમો ખરા પડેલા જોશે-જો પોતાના પરણેતર ત્યાં કોઇ બીજા શખશને ખુશી કરવા માટે નાચો કરે છે એમ જ્યારે તેને માલમ પડશે તો પછી કાંય નહીં તે પોતાની પરણેતરને ગોળીથી જરૂર વીંધી નાંખે.

ટ્રેવીડે તે રીવોલવર પોતાના ડગલામાં છુપાવી, પછી દાદર ઉતરી તે નીચે આવ્યો, અને ઘરમાંથી બહાર પડયો.

તે પોતાના ઘરમાંથી બહાર પડતાં સાથે આખા બદને ધ્રુજવા લાગ્યો, કારણ કે તેને બેહદ નબળાઇ લાગતી હતી; પણ તેને તે બપોરે કોનસ્તેલેશન મ્યુઝીક હોલમાં એક હેરતભરી મુલાકાત આપવાનો ઠરાવ કીધો, અને તે પોતાનો ઠરાવ ફેરવે તેવો શખ્શ હતો નહી.

"હું ગમે તે ભોગે ત્યા જવશ" તે જરતુનથી પોતાના મનમાં બોલ્યો, "હું કોઇપણ રીતે ત્યાં જવશ"

તેને પોતાના ગજવામાંની રીવોલવર આંગળા લગાડીને તપાસી જોઇ; તે જાણતો હતો કે તે મોતને પોતાના પંજામાં ખેંચી જતો હતો.

તે કોનસ્તેલેશન મ્યુઝીક હોલ તમાશબીનોથી ગીચોગીચ ભરાઇ ગયો હતો. દરેક બેઠક રોકાઈ ગઇ હતી, અને ટ્રેવીડ હર્સ્ટ સ્ટોલમાં બેસીને અજબ થવા લાગ્યો કે ભજવવામાં આવનારો બેલ એટલો બધો તે શું બેચેનીકારક હતો કે આટલી ગંજાવર હદ જામી હતી.

તે પોતાના હાથમાંનો પ્રોગ્રામ વાંચી ગયો. તે પ્રોગ્રામની પહેલી આઇતમ એક ગાયણની હતી. અને તે ખાત્રી પુર્વક હતો કે લીલી તે ગાયણમાં દેખાવ દેશે. તેણી નાચ કરતી કરતી સ્ટેજપર આવશે અને તેણી તે હજાર તમાશબીનો સામે હસશે; પણ તેણી લાંબો વખત સુધી બીજી બાબા કરશે નહી, કારણ કે એક આબરૂદાર શખશે પોતાનું ઘરબાર અપજશમાંથી બચાવવું જોઇએ.

પડદો ધીમે ધીમે ઉંચકાયો-ઘણોજ ધીમે ધીમે અને જ્યારે તે લાલ પડદો ઘડીઓ વળી ત્યારે તે બેગાં મળેલાં લોકોના શરીરમાંથી એક ખુશાલીની ધ્રુજારી પસાર થઇ, કારણ કે કેટલાએક મીંઢા ગર્જના કરતા સંભલાતા હતા; તે ઉપરાંત, તે સ્ટેજની વચ્ચોવચમાં ઉભો કરવામાં આવેલાં એક મોટાં લોખંડના પીંજરાનો પડેલો દેખાવ મનને વ્યાકુળ કરનારો હતો.

એક ઉંચી, પતલી, જવાન સ્ત્રી ઓરીયેંતલ પોશાકમાં સજ્જ થઇને અને પોતાનો ચહેરો એક ખુરખાથી ઢાંકીને તે વીકરાળ સીહોની વચમાં બહાદુરીથી ઉભી હતી, તેણીની આંખ્યો—મોટી બ્રહ્મ આંખ્યો તે તમાશબીનોપર ચીટકાયલી હતી; પણ તે સીંહોનો કેળવનાર તે વીકરાળ જનાવરોને ચાબકો ફફડાવીને અને પોતાની કાળી આંખ્યો એક સીંહપરથી બીજા સીંહપર ચમ કાવીને તેઓને પોતાના દાબમાં રાખતો હતો.

"ધણોજ ક્રુર દેખાવ!" દેવીડે પોતાના હોઠો ચપટ ખીડીયા. તે આય જવાન સ્ત્રીને જોવાને માટે ધીક્કારતો હતો, કે જે સ્ત્રી પોતાના ઇસ્ટર્ન પોશાકમાં એટલી તો નાજુક અને પતલી દેખાતી હતી, અને જે પોતાની જવાન જીંદગી તે તમાશબીનોમાંથી કોઇને રાજી કરવાને માટે તે વિકરાળ સીંહોની વચ્ચે ઉભી રહીને બેશક જોખમમાં નાંખતી હતી તે પોતાની બેહકમાંથી ઉઠીને અને તે "શરમભરેલું" છે એમ પુકારવાની ઇચ્છા કરતો હતો, અને ત્યારપછી તે જવાન સ્ત્રીપર ટગર ટગર જોતાં તેને તે સ્ત્રીનો આકાર દેખાતી રીતે જાણીતો લાગતો હોય એમ તેને લાગ્યું—કોઇથી રીતે તેને લીલીની યાદ આવતી હતી.

તે કેળવનારે પોતાના બેહદ જોરથી તે ચાબુક ફફડાવ્યો–તે સીંહો ગર્જના કરવા લાગ્યા અને તે પીંજરાની આસપાસ કુદકા મારવા લાગ્યા. ધીમા અવાજે બેંડ વાગતું હતું પણ ખુરખાવાલી સ્ત્રી એક મારબલના પુતલા મીસાલ તતણખાર ઉભી હતી.

"પેલી છોકરી આબાદ મારી લીલીનાં જેવી લાગેછ!"

દેવીડ તે શબ્દો બોબરા અવાજે બડબડયો, અને તેના કપાળપર પરસેવાના ટીપા ફુટી નીકલ્યા, કારણ કે તેની પરણેતરે પોતાનું વચન તોડીને પાછી પોતાના ધંધામાં જોડાઇ છે એમ ધારવામા તે કાંઇ નહી ભુલ કરતો હોય? કાંય નહીં તે સ્ત્રી તે વિકરાળ પશુઓની વચ્ચે ઉભેની તે ા પરણેતર હોય? તે વીચાર થતાં તેની નસોમાં દોડતું લોહી એકદમ ગઠાઇ ગયું.

તે સીંહોમાનો એક સીંહ ગર્જના કરવા લાગ્યો, તમાશબીનો ખુશાલીથી ધ્રજવા લાગ્યા. પણ દેવીડને તે જવાન ખુરખાવાલી સ્ત્રી ધ્રુજતી હોય એમ લાગ્યું, અને તે જનુની અને વીકરાળ જનવરોથી બીહતી હોય એમ તેને લાગ્યું.

તે કેળવનાર પોતાના ચાબકાનો ઉપયોગ બેહદ છુટથી કરવા લાગ્યો. તેની કાળી નજરો દરેક દીશાએ ફરતી હોય એમ જણાઇ, અને તે એક સૌથી તોફાની અને જનુની સીંહને તેના નામથી બોલાવતો હોય એમ જણાયો; ત્યારપછી એક સેકંડ પછી તે તે જંગલી જનવરોને પોતાના બેસો કરી બતલાવવાને કહેવા લાગ્યો.

તે સીંહોએ તે ખુરખાવાલી સ્ત્રીની આસપાસ એક કુંડાળું બનાવ્યું, અને ત્યારબાદ એક પછી એક તેઓ તેણીએ ઉંચે પકડેવા હુપમાંથી કુદવા લાગ્યા. છેવટનો સીંહ–કે જે ધણોજ વિકરાળ અને મગજનો ફેરવન હતો–તે તેણી સામે ડોળા ઘુરકવા લાગ્યો, અને તે તેણી સાથે લડાઇ કરવા માંગતો હોય એમ તે જણાયો, પણ આય દે તે પેલા હુપમાંથી કુદી પડયો, અને ત્યારબાદ પેલો પડદો નીચે ઉતર્યો–લગાર ઓચીંતો–અને તે તમાશબીનો દમ ખાવાને માટે થોભ્યા.

ત્રણ મીનીટના વિસામા બાદ પાછો પેલો પદડો ઉંચકાયો, અને દેવીડ સ્વપ્નો જોતો હોય તેમ પાછો પોતાની બુરશીમાં ગોથવાયો. તે મક્કમતાથી પોતાના મનમાં બોલવા લાગ્યો કે પેલી બુરખાવાલી સ્ત્રી લીલી હોઇ શકે નહી. તે છતાંપી તેણી તેની લીલીના જેવું મક્કમતાપણું ધરાવતી હતી–એક વિચીત્ર, ગુંચવાડા ભરેલું, અને સૌથી ચકીત કરનારૂં મક્કમતાપણું.

બેઉ આય વખતે પોતાનો પ્રોગ્રામ વળ્યો નહી. તમાશબીનોમાં સોરબકોર થઇ રહ્યો હતો, કારણ કે આવા વખતે પેલા પીંજરામાં ફકત એકજ સીંહ નજરે આવતો હતો–પેલો જનુની અને તોફાની સીંહ–અને કોઇથી કેળવનાર હતો નહી, ફકત પેલી પતની, અને ઉંચી સ્ત્રી હતી, જેણીએ આય વખતે પોતાના દીલમાં પેલો ઇસ્તર્ન પોશાક નહીં પહેરતા એક લાંબો સફેદ જભો પહેરયો હતો, અને મોંઢાપરનો બુરખો કાઢી નાંખ્યો હતો.

"મારા બોદા! એ તો લીલી છે! ખુદ લીલી પોતેજ છે," દેવીડના કપાલપરની નસો બેંચાઇ આવી. તે અધીં પોતાની બેઠકમાં ઉઠયો; અને આકુળ વ્યાકુળમાં પડયો, તે કેટલો ગુસ્સાથી કોનસ્તેબેશનમાં આવ્યો હતો, અદેખાઇની આગમાં તે કેટલો જળી ગયો હતો, સ્ટેજ પર આવીને પાછી જાહેરમાં દેખાવ કરવાને માટે તે લીલી સાથે કેટલો બધો ક્રોધે ભરાયો હતો તે તે સધળું ભુલી ગયો. હાલમાં તેને એટલી લાગણી થતી હતી કે પેલો વિકરાળ સીંહ પોતાના બેલ'માં વાહરૂં આવતા કોણ જાણે શું ને શુ કરી મુકશે. લીલી તું આય વીકરાળ પશુ આગળ શું ચાલશે ? તે તો તેને ફાડી ખાશે !

તેને એક તમાશબીનને એક ઉંડો નીશ્વાસ ફેંકતા સાંભળ્યો, પણ તેનું તેમ કરવાનું કારણ એ હતું કે તે તમાશબીનોમાંના ઘણાઓ તે પ્રોગ્રામ બારીકાઇથી જોઇ ગયા હતા, કારણ કે તે પ્રોગ્રામની ચોપડીમાં એવું જાહેર કરવામાં આવ્યું હતું કે માડમવુઝેલ વાયોલેટ જેટલી એક સીંહ કેળવનાર તરીકે તદન બીન અનુભવી છે, પણ કોઇ અજબ શકતી ધરાવતી હોવાથી, તેણી શરત જીતવાને માટે પોતાની હીંમતની કીમત કરતી હતી.

"તેણી કોઇ હીમતવાળી સ્ત્રી છે." એક શબ્સ કે જે દેવીડ પાસે બેઠેલો હતો તે બોલ્યોનો બોલી ઉઠયો. "આય થીયેટરના માલેકે પ્રોગ્રામમાં આવી રીતે જાહેર કરવા માટે ઠીક હીકમત વાપરીછ! જે લોક આયું તે બરૂ," તેને જણાવ્યું "માડમવુઝેલનો પહેલો દેખાવ ! હું કહું છ, કે પેલો સીંહ કોઇ ઘણોજ ઝનુની જનવર જણાયછ !"

દેવીડ ઉભો થયો. તેની પછવાડે બેઠેલા લોકોઓએ તેને બેસી જવા કહયું, પણ તે કદાચજ તેઓને સાંભળી શકયો. તેની આંખ્યો પેલા લોખંડના પીંજરા તરફ ચીટકેલી હતી! જે પીંજરામાં તેની પરણેતર ઉભી હતી. પેલો સીંહ પોતાની પુછડી હલાવવા લાગ્યો, અને તે સાંકડા પીંજરામાં બેમથી તેમ દોડવા લાગ્યો, મગર લીલી બીલકુલ હાલ્યા ચાલ્યા વગર સ્થીર ઉભી રહી, અને તેણીએ કદી પણ પોતાની આંખ્યો તે સીંહપરથી બસાડી નહી

"તે શરમભરેલું છે !" એક સ્ત્રી—એક બ્લુ યશમાવાળી, રેશમદાર બાલોવાથી સુંદર સ્ત્રી ઉપલા શબ્દો પુકારી ઉઠી.

"હું નહી ધારતી કે લોકોઓએ પોતાની જીંદગી આવી રીતે જોખમમાં કાંય નાખવી જોઇએ—બરેબર હું નથી ધારતી !"

તેણીનું બોલવું કોઇએ સાંભળ્યું નહી. તેણીનો અવાજ તે ધ્રુજતા અને કાંપતા તમાશબીનોના ભયંકાર અને જનુની પુકારો વચ્ચે ભેળાઇ ગયો હતો, કારણ કે તે જનુની સીંહ તે સફેદ જભામા સજ્જ થયલી સ્ત્રી પર ઓચીંતી ત્રાપ મારવાની તઇયારી કરતો હતો.

દરેક જણ લીલીની આફત જાણવા પામ્યુ; અને તે સીંહનો કેળવનાર એકાએક બાજુમાથી બહાર ધસી આવ્યો, અને પોતાનો ચાબુક ફફડાવવા લાગ્યો.

"દાઉન, ડેકતર!" તે બોખરા અવાજે પુકારી ઉઠયો. "દાઉ!, યુ ધુત,—દાઉન!"

પેલા સીંહે તે કેળવનારના જનુની અવાજની જરા બી દરકાર કીધી નહી. તેનું સઘળું ચીત પેલી પીંજરામાં ઉભેલી સ્ત્રી પર રોકાયલું હતુ, અને તે હવામાં કુદયો—સીધો લીલી તરફ ઉછળ્યો!

તેણી પાછળ હઠી,—તે પીંજરાના સળીયાને અઢેલી પડી.—તે ભયંકાર સળીયાઓ કે જેને તેણીને એક કેદી તરીકે રાખી હતી, અને તેણી આગે અગે થરથર કાપતી હતી, પણ તેણીએ ન તો ચીચીયારી પાડી કે ન તો બેસુધ થઇ ગઇ; તેણીએ તે કરવાનું કેટલાક તમાશબીનો પર છોડયું.

એક ગોળીનો છુટવાનો અવાજ થયો—એક રીવોલવરની ગોળીનો—અને તે ગોળી તે જનુની અનેલા જાનવરના હૃદયમાં આબાદ દાખલ થવા પામી હતી.

તે એક અજબ જેવો શાંત હતો, પણ જે શખસે આવી એક આબાદ નેમ લીધી હતી તે શખસ તે સઘળા તમાશબીનોમાંથી એક અચ્છો નીશાનબાજ નીકળ્યો હતો, કારણ કે ડેવીડ જાણવા પામ્યો કે તેની પરણેતરની સલામતી—તેણીની જીંદગી—તેની આબાદ નેમ લઇને ગોળી છોડવા પર આધાર રાખતી હતી.

પહેલા શાત પછી બીજો શાંત થયો, અને આય વખતે એક ગોળીએ પોતાનો રસ્તો તે સીંહના ભેજા તરફ લીધો, પણ પહેલી ગોળીએ પોતાનું કાર્ય અચ્છી રવેશે બજાવ્યું હતું, કારણ કે તે જગી જનાવર તરફડીયા મારવા લાગ્યુ અને બીજી સેકંડે મૃત્યુ થઇને પડયો.

તે તમાશબીનોને હવે જરા દમ ખાવાનો વખત મલ્યો. તેઓ સઘળા ત્યાર પછી ઉભા થયા અને તે બહાદુર ડેવીડની તારીફપર તારીફ કરવા લાગ્યા. તેઓએ ત્યાર પછી તેને માટે હુરરેના પુકારો કરીને તે બીલ્ડીંગ ધમધમાવી મુકી. મગર ડેવીડે તેની જરાબી દરકાર કીધી નહી, કારણ કે હોવમાં તે સ્ટેજ ઉપર ચઢવામા ફતેહ પામ્યો હતો, અને તે મોટા પીંજરામાં દાખલ થવા પામ્યો હતો.

"લીલ, લીલી, હું વખતસર આવી લાગ્યો હતો, નહી?" તે નરમાશથી બોલ્યો—અને ત્યાર પછી કશ બનવા પામ્યું. તે છોકરીએ કે જેણે જ્યારે પેલા સીંહે તેણીપર છલાંગ મારી હતી ત્યારે નતો ચીચીયારી પાડી હતી, કે ન તો બેશુધ્ધ થઇ ગઇ હતી, તેણી હાલમાં બેશુધ્ધ થઇને પોતાના ભરથારના હાથમાં પડી હતી.

× × × × ×

"ઓહ, લીલી–મારી લીલી!" દેવીડ પોતાની પરણેતરપર વાંકો વળ્યો "લીલી, તું ને એવી રીતે તારી જીંદગી જોખમમાં નાંખવા માટે શું સુઝ પડયું–જે જીંદગી મને તેમજ મારા બચ્ચાઓને એટલી બધી વહાલી છે?"

તે ભરથાર અને મહોરદાર લીલીના 'ડ્રેસીંગ રૂમમાં સાથે બેઠા હતા–તે નાનો ઓરડો કે જે તે કોન્સ્તેબેશનમાં તેણીના વપરાસને માટે આપવામાં આવ્યો હતો, અને દેવીડે તેને તે ઓરડાનો દરવાજો લીલીને સુધીમાં આવ્યા પછી બેાડાક સવાલો તેણીને પુછવાના હેાવાથી બેાડી મીનીટ સુધી બંધ રાખ્યો.

"મેં આપ બધેા નીચ પૈસાને ખાતર કીધેાછ. મારા પ્યાર," લીલીએ તે ની સામે જોઈને જવાબ આપ્યો, "મને એક રાતના પાંચ પાંઉડ મલે છે. તમેા જાણેાછ. વહાલા, કે પેલી ઓનતન બેંક તેા ગયે આવડીયે પડી ભાંગી, અને તમેાએ બચાવેલા બધા નાણાં ડુબી ગયાછ. અને અહીંયા મને એક સુંદર તક ઓફર કરવામાં આવી."

"તેં આપ બધું પૈસાને ખાતર કીધું--તેં મારે સારૂં તારી જીંદગી જોખમમાં નાંખી?"

તેને પેાતાની મહોરદારને પેાતાનાં પાસામાં લીધી. તે ઓચીંતેા સચ્ચાઇ જાણવા પામ્યેા. પેાતાને અને પેાતાના બચ્ચાને ખાતર જે પરણેતરપર તે શક લઇ ગયેા હતેા તે પરણેતર એક જનુની વિકાળ સીંહની સામે થઈ હતી, અને પેાતાનેા અખંડ પ્યારની પુરવારી આપી હતી.

"મારી વહાલી લીલી!" તે ધીમા અવાજે બેાલ્યેા. "કાય, લીલી, તું તેા એક હીરેાઇન છે. તું આખી દુનીયામા એક સૈાથી બહાદુર નારી છે."

તે જે વખતે બેાલતેા હતેા તે વખતે પેલા ઓરડાનેા દરવાજો ઉઘડયેા અને તે કેાનસ્તેબેશનના ઉશકેરાયલા મેનેજરે ઓચીંતેા દેખાવ દીધેા.

"તમેા બંને જણાને હું એટલું કહેવા આવ્યેા છુ" તેણે ઝટ જણાવી દીધું "કે પેલા તમાશગીનેા પેાત પેાતા વચ્ચે મી૦ હુસ્ટને એક પ્રેઝટ આપવા માટે નાણા ભેગાં કરે છે. તે રકમ કેાઇપણ રીતે ૧૦૦ પાંડયેા ઓછી થશે નહી."

"એક સેા પાંઉ!" લીલી ઉડેા દમ લેતાં બેાલી, "કાંય, દેવીડ, તેં પેલી પડી ભાંગેલી બેંકમાં તારા પૈસા ગુમાવ્યા તે કરતાં તેા આપ વધુ છે!–ઓહ, દેવીડ, મારા લવ, શું તે ગાંડ નથી?"

તેણી પેાતાના ભરથાર તરફ જોઇને હસી. અને પાછેા દેવીડ તેણી તરફ જોઇને હસ્યેા.

"પૈસાને કયાં સેકેા તાણેાછ" તે ધીમા અવાજે બેાલ્યેા, "અહીંયા તેા મેં રૂપાં અને સુના કરતાં કંઇ વધારે કીમતીજ શેાધી કાઢયું છે, મેં તુંને શેાધી કાઢીછ. અને–મેં ધાર્યું કે હું તેા તુંને ગુમાવી બેઠેા હતેા."

તેને પેાતાના કરેા લીલીની નાજુક કમર આસપાસ નાંખ્યા. અને તેણીને ધીમેથી દરવાજા બણી બેંચી ગયેા જ્યારે તેઓ ત્યાંથી બહાર પડવા ત્યારે તમાશગીનેાઓ તેને હુરરેના પુકારેાથી વધાવી લીધેા. "ચાલ લીલી, ઘરે ચાલ" તે ધીમા અવાજે બેાલ્યેા, "સીધી ઘરે ચાલ."

નવિન વર્ષ મુબારક!

નૂતન વર્ષને પ્રભાત!
જય સ્વદેશ! જય સ્વરાજ્ય!!

ઉદયકાળનો અવાજ!
જય સ્વાતંત્ર્ય-સામ્રાજ્ય!!!

નવિન જીવનના સંચાર! નવિન ચેતન પારાવાર!
નવિન ઉષાના અંબાર! પ્રકટ થયા દેશદ્વાર!!

સ્વાર્પણ સા જીવનનાંજ!
મોહ-માન સર્વ ત્યાજ!!

તન-મન ધન ને સમાજ!
હિન્દ માત ચરણમાંજ!!!

કર્મયોગ સાધનાજ! કર્મવીર યોગિરાજ!
પ્રખર તપ તપાય ત્યાંજ! સિદ્ધિનો મળે અવાજ!

નવિન વર્ષ દ્યા સ્વરાજ્ય!
શો? મુબારક જી અવાજ?

રંગરંગે હો દેશદ્વાર!
વિશ્વે હિન્દ શિરતાજ!!

અસહકાર અજાણ તાર! હો સ્વદેશીનો પ્રચાર!
ગુંજન ઘરઘર રસાળ! રેંટિયા હો જીવન સાર!!

જય મુબારક દિવસ આજ!
હો, પુરાણું રામ રાજ્ય!!

સ્મિત ભરી વદે ઉષાજ!
મણિમય 'નવરંગ' સ્વરાજ્ય!!!

પાદરાકર.

ફુલ કાં સૂકાયું?

[વેણી ગુંથી ને મહીં પુલ હું તો ભૂલી—એ રાગ]

(૧)

વાડી ખીલી ને પેલું પુલ કાં સૂકાયું?
દેખી આ દિલ ગભરાય અલબેલડી!
વાડી ખીલી ને પેલું પુલ કાં સૂકાયું?

(૨)

કાલે દીઠી મ્હેં તો કોમળ કલિકા:
આજે અકાલ કરમાય અલબેલડી!
વાડી ખીલી ને પેલું પુલ કાં સૂકાયું?

(૩)

જીવનના નૂર સમું વાડીનું પુલડું:
જોતાં જોતાં શું વિલાય અલબેલડી!
વાડી ખીલી ને પેલુ પુલ કા સૂકાયું?

(૪)

દયાથી રંક ઘેર ઘેર દેવે દીધેલું:
ખીલીતી પાંખડી રસાલ અલબેલડી!
વાડી ખીલી ને મ્હારૂં પુલ કાં સૂકાયું?

(૫)

દ્રષ્ટિ ભરી નહી નિરખ્યુ ઘડી મ્હે:
લીધી ના રમ્ય સુવાસ અલબેલડી!
વાડી ખીલી ને પેલું પુલ કાં સુકાયું?

(૬)

વ્હાલ ભરી નહી ચાંપ્યુ આ હૈયે:
જાણ્યો ના અલ્પ નિવાસ અલબેલડી!
વાડી ખીલી ને પેલું પુલ કાં સુકાયું?

(૭)

સિંચી મધુર જલ સ્નેહે સંભાળ્યું
પોષ્યુ કરી કૈં પ્રયાસ અલબેલડી!
વાડી ખીલી ને પેલું પુલ કાં સુકાયુ?

(૮)

દેવે હરાયું કે તાપે સુકાયું:
વશમી આ જીવન વાટ અલબેલડી!
વાડી ખીલી ને પેલું પુલ કાં સુકાયું?

(૯)

સુની વાડી ને સુનાં નીર સરોવરે :
સુનો આ દિલનો દરિયાવ અલબેલડી !
વાડી ખીલી ને પેલું પુલ કાં સુકાયું ?

(૧૦)

ફેરાતું હૃદય અને બળતે આ હૈયે :
ઉષ્ણ વહેતા નિઃશ્વાસ અલબેલડી !
વાડી ખીલી ને પેલું પુલ કાં સુકાયું ?

(૧૧)

મીઠાં મીઠાં ગીત ગાતી કોયલડી !
કરંતી કલ્લોલ દિનરાત અલબેલડી !
વાડી ખીલી ને પેલું પુલ કાં સુકાયું ?

(૧૨)

રોતી મુકી મ્હને વનમાં એકલડી :
આજે કયાં દૂર છુપાઇ અલબેલડી !
વાડી ખીલી ને પેલું ફુલ કાં સુકાયું ?

(૧૩)

આના અમોલા રસ યોગ જમાવી :
દીધાં ના દીર્ઘ જીવિત અલબેલડી !
વાડી ખીલી ને પેલું પુલ કાં સુકાયું ?

(૧૪)

દિલગીર દેખી બસ ! એજ પ્રભુજી !
પામ્યુ ના પૂર્ણ વિકાસ અલબેલડી !
વાડી ખીલી ને પેલું ફુલ કાં સુકાયુ ?

(૧૫)

આશા જીવનના ચમકારા અધુરા :
એવા ક્ષણિક સહચાર અલબેલડી !
વાડી ખીલી ને પેલું ફુલ કા સુકાયું ?

(૧૬)

મ્હારૂં માનેલું એ મોહ રડાવે :
અંતે સંસાર નિઃસાર અલબેલડી !
વાડી ખીલી ને પેલું પુલ કાં સુકાયું ?

"નલિનીકાન્ત."

"કોણને ખાતર?"

પારસી સંસારની એક વાર્તા.

લખનાર—મીસ ઝીણી અરદેશાહ વકીલ.

પ્રકરણ ૧.

તે બે બેહનો હતી. મેહર અને મની, જેવા જોગ હદ સુધી એકએકથી જુદી પડતી અજબ ખુબસુરતી ધરાવનાર તે બે બેહનો હતી. મોહક મહેર વીસ વરસની સુંદર માંજરી આંખો અને સોનેરી વાળની ખુબસુરત ઠરેલ નાજુક અને ગંભીર રીતભાતની હતી જ્યારે તેનાથી બે વરસ નાહાની મની ઘેરા રંગની આંખો અને કાલા કર્લી વાળવાળી તેની બેહનથી એકદમ જુદી પડતી હતી

વળી તે બે બેહનોના ખયાલ વચ્ચેની એક મોટો તફાવત જણાતો હતો. મહેર, ઠંડી, ધીરી. શાંત સ્વભાવની ઠરેલ અને મીઠુ બોલનારી હતી ત્યારે નાહાની મની, સાચ્ચુ બોલનારી, ભડભડ, તડનેફડ કરી દેનારી, ખુશાળ હસતા સ્વભાવની નાચતી કુદતી, પણ ખરી લાગણીવાળી અને હેતવંતી છોકરી હતી.

તેઓ પુના ખાતે સગાર બેકાંત તરફ આવેલી એક નાહાની બંગલીમાં પોતાનાં વીધવા માતા જોડે આરામથી રહેતાં હતાં. તેઓ કોઇની રોને જરાની પૈસાવાલાં હતાં નહી, મગર જે નાહાની જેવી રકમ તેઓના પીતા માણેકજી મારફર મુકી ગયા હતા તે ઉપર ગરીબ સંસારે ઠીક ગાડું ગબડતું હતું. કદન બેકજ વાતનું તેઓને દુખ હતું. અને તે બેકે તે બે છોકરી બોની માતા માણેકબાઇ મારફર હાર્ટડીઝીઝનાં બુરા રોગથી પીડાતાં હતાં અને મોહરે ભાગે બિછાણેજ રહેતાં. ડોકટરનું બેવું કહેવું હતુ કે સેહજબી નીરાશી કે દુખનો શોક લાગતાં બેવણુ પુરાં થઇ જશે. બેવી હાલતમાં હતાં તેથી તે બન્ને છોકરીઓ તે વાહાલી માતા માટે પોતાનું બનતું કરતી બને કાળજીથી વીહવી પડતી.

માણેકબાઇ મારફરમાં બેક બ્રામો હતી. બેક બરેબરી બરાબ બામી બને તે બે કે તેઓ પોતાની વડી દીકરી મહેરનેજ સઘળાં સાચ્ચા બ્યારે ચાહતાં. તેણીને દરેક ઉમદા ચીજો, સુદર કપડાં, તે જે માંગતી તે બપાવતાં, જ્યારે નાહાની મની માટે તેવું કશુંજ હતુ નહીં.

તેમને મનથી તેમની મેહર દીકરી દરેક વાતે સંપુર્ણ અને ફરેસ્તાહ ખસલતની હતી જ્યારે ગરીબ મનીની તોફાન મસ્તી અને ભડભડ બોલવાથી તેવણ કંટાળતાં: એ-રીતે તેવણને મનથી તેવણની બે છોકરીઓમાં ફરક હતો.

આ વાર્તા શરૂ થાય છે ત્યારે વખત સવારનો હતો અને માણેકબાઇનાં ઓરડામાં તેમની માનીતી ઢોંગી મીઠી દીકરી મહેર તેવંચુ આગળ બેસી મીઠી મીઠી વાતો કરી રહી હતી જેવામાં એક મોહટો જેવો ધડાકો થયો અને બારણું અફળાઇને ખુલી ગયું કે બીજજ પળે અંદર એક મોટા ઝનુની દેખાવનો જબરદસ્ત બુલ માસ્ટીફ કુતરો દોડી આવ્યો અને પાછળ હાંફતી અને લાલ થઇલે હસ્તે ચેહરે દોડી આવતી એક છોકરી હતી તે મની હતી.

માણેકબાઇ સખ્ત ચોંકયાં અને મેહર ઢોંગથી ચમકી જ્યારે શરમીંદી દેખાતી મની તુરત આગળ આવી.

"મમાં, રોવરે એક ઉંદર બાગમાંથી પકડયો નેં તે લઇ સીધ્ધો તમારા ઓરડામાં દોડી આવ્યો તેને મેં અટકાવા બહુ કર્યું પણ તેમાં હું ફાવી નહી. ગડબડ થઇ હોય તો મને માફ કરજો મમાં પણ એમાં મારો વાંક નથી."

માણેકબાઇએ બીજવાટથી અને મહેરે ગભરાટથી તેની તરફ જોયું પછી તે માતાએ તેણીને પોતાની પાસે બોલાવી.

"તું બહુજ નોતી છોકરી છે મની. તું કદી મારો વીચાર તો કરતીજ નથી. જો મારી મહેર જો, એ કદીબી મને દુબી કરેછ ?"

તેણીએ તે બેહન તરફ જોયું. જાણે કશામાં હોયજ નહી તેમ તેણી ચુપચુપ પોતાનાં સુંદર ચેહરાએ ત્યાં બેઠી હતી. આંહ ! કેટલી વખત નાહાની વાહાલી મનીએજ આ બેહનનાં વાંકા સંતાડી પોતાની ઉપર ઉઠાવી લઇ બચ્યું હતું તે તેણીએ યાદ કર્યું, મગર કાંઈ બોલી નહી.

"જો સમજ મની." માણેકબાઇએ પાછું કહયું. "મારે તુંને કાંઇ કહેવું છે. આજે બપોર પછી તારા મરહુમ બાપનો એક દુરનો સગો વેપાર અર્થે ગામેગામ ફરેલો હાલ શેંગાહીથી પાછો આવે છે. એનાં ત્યાં બાપદાદાના મોટા બંગલા ને વાડીઓ છે અને લખ્ખો-પતી ગણાય છે. હવે મારે તુંને જે ખાસ કહેવાનું છે તે એજ કે જ્યારે આપણી મહેર નાહાની હતી ત્યારથીજ એને આ જમશેદ બંબાતા સાથે પરણાવાનો વિચાર એના બાપાએ અને અમે કરેલો છે. તેથી હાલ એ હવે પોતાને માટે નક્કિ કરેલી મહોરદાર જોવા ખાસ અહીં આવેછ, માટે તું બુબ યાદ રાખજે કે તારે વચ્ચે પડવું નહી. ચેહું ચીખાવવું ચવું નહી અને પેલા તારા પીતરાઇ જેહાંગીર જંગબારવાલા સાથે જોમ એક વખત ઘેલાં ચેડાં કાઢેલાં તેવાં કાંઇ અહીં ચાલશે નહી. શું સમજી ?"

"ઓ મમાં ?" તે છોકરીએ બુમ પાડી. "જેહાંગીર સાથે કદી ઘેલાં ચેડાં કાઢયાં નથી. તે વખતે હું નાદાન હતી અને અમથી મસ્તી તોફાન કરી એની સાથે રમતીતી. તેને તમે ઘેલાં ચેડાં કેહોછ ? બાકી હવે તો મને જેહાંગીર જરાબી ગમતો નથી."

"તે જે હોયને" તે માતાએ તેણીને ચમરાની કાઢી, "મેં કહયું તે યાદ રાખજે ને લે ચાલી જા હવે. વખત થયને તારી બેહનને તૈયાર થવામાં જરા હાય લાગજે. આજે ઈમી ખંભાતા સામે એને સુંદર દેખાવું પડશે."

તેણીએ જવાબ દીધો નહી. તે બિચારી જવાબ દઇ શકીજ નહી. પોતાનાં માતાનો ખુલ્લો ગેરઇન્સાફ અને પોતાની વડી બેડી તરફનું વાહાલ જોતાં તેણીની આંખ્યોમાં પાણી ભરાઇ આવ્યાં અને તેણી પોતાનાં કુતરાને લઇ બાગમાંજ્યાઇ બેઠી.

થોડીજ પળ એ રીતે પસાર થઇ હશે, જ્યારે એકદમ કોઇનો નરમ નાજુક હાય તેનાં ખભાં ઉપર પડવાથી તે ચોંકી પોતાનાં ખ્યાલોમાંથી બહાર થઇ. તે કોઇજ નહી પણ તેની બેહન મહેર હતી.

'શું છે બની આજે હીચકારી બનીને રડવા શાંની બેઠી ? પણ જો સમજ બેહન, હું તો તુને ખાસ કાંઇ કેહવા આવેલી છેઉં. તું જાણેજ તેમ આપણાં પીતરાઇ જેહાંગીર સાથે હું થોડોક વખત થયો છુપા છુપ અદરાઇ ચુકીજ જ્યારે અહીં તો મમાં મારે માટે આય લગન નકિક કરવા લાગ્યાંય હવે મારો વિચાર એવો છે કે આજે હું જેહાંગીરને મળુ અને અમે જે તે નકિક કરી લઇએ."

"ઓ મેહર !" બનીએ કહયું. "તું ગમે તે કરજે પણ મમાંને કોઇની જાનનો શોક આપતી ના. જેહાંગીર સાથે તોડી નાખજે. તારો સ્વભોગ આપજે પણ મમાને દુખી કરતી નાં બેહન !

"વળી વચ્ચે ડાહી થઇ !" તેણે કહયું. "હુ કેહું છ તે સમજ. તેથી મારો વિચાર જેહાંગીરને ગળી મમાનાં કાયદાનુજ અમે નકિક કરી લઇશું તેટલાં, આજે સાંજે આપણો પેલો સગો શેંગાહીથી આવેછ કેની તેને તું એન્ટરટેન કરી લેજે ને મમાને ગમે તે બાહાનું બાહરે બાટે આપજે. બની તું હંમેશ મને મદદ કરેછ તો આટલું નકી કરે. જો હું જેહાંગીર પાસે આજે નહી જાંઉ તો તે પોતે મમાં પાસે આવી અમારા અદરાવાની વાત તેવણને કહી દેવાની ધમકી આપી છે તો વીચાર કર કે તે જાંણી બિચારાં મમાંનો શું હાલ થાય ? બોલની બની તું એટલું કરશે કેની ?

"હા હું કરશ." તેણીએ જવાબ આપ્યો "મમા બાનર હું કરશ." તેણીએ કહયું, અને મહેર હવે સંતોશ પામેલી ત્યારે ત્યાંથી એક બીજાં ઠેકાણું સાધે ચાલી ગઇ.

પ્રકરણ ૨.

ઈમી ખંભાતાને ત્યાં આવ્યાને ત્રણ અઠવાડીયાં પસાર થઇ ગયાં હતાં, જે દરમ્યાન તે સોહામણો, ખુબસુરત, ભાષાળુ અને મીઠા સ્વભાવનો જવાન સર્વનો ઘણો માનીતો થઇ ગયો હતો. નાહાની, કર્લી વાળોની મસ્તીમાં ચમકતી આંખો વાળી મમા તેને ઘણી ગમી હતી મગર તેની સુંદર, હસતાભરી, ગંભીર મોહડી બેહનથી તો તે બે પળ અળગોજ રહેવો લાગતો હતો.

જમી ખંભાતાનાં હયાં આવ્યા પછી મનીમા કોઇ અજબ ફેરફાર થઈ ગયો હતો. તેણી પોતાની મસ્તી છોડી દઇ ગંભીર બની ગઇ હતી. તે વિચારવંત અને ચુપ ફરતી અને જમી ખંભાતાને જોતાંજ તેણીનો ચેહરો લાલચોળ બની જઇ હાથો થરથર ધ્રજતા. એ શું હતું? આહ આખરે મની તે ખુલંદ લાગણી સમજી ગરી પણ તે પોતાની બેહનનો બાર્વીદ થનાર હતો એ વિચાર કરી મુંગી બેઠી. થા ખુદા તેણીની બેહનને બધુંજ સારૂં સારૂં, સુંદર કપડાં, એક માતાનો પ્યાર, દરેક ગમતી ચીજ અને છેવટે આ દમામદાર ખુબસુરત દેખાવનો જમી ખંભાતા ભરથાર તરીકે; જ્યારે તેણી પોતે તો હંમેશ બધામાં પાછળજ રહેતી.

તે ઉનાળાનો એક યાદગાર દીવસ હતો જ્યારે મને પોતાનાં ઓરડાની એકાંત બારીએ કાંઇ ગુંથતી ઉભી હતી ત્યાં મહેર આવી અને માયાથી તેણીસે વાતો કરવા લાગી.

"મને માહારે તુને કાંઇ કહેવું છે." તે ગરજાઉ છોકરીએ કહયું. "એક છુપી વાત, એક ભયંકર ભેદ ખુલ્લો કરી માહારે તુને કહેવો છે. તું મને ધ્યાનથી સાંભળી મદદ કરશે કેની હંમેશની માફક?"

તે છોકરીએ કાંઇ જવાબ આપ્યો નહી એટલે મહેરેજ આગળ ચલાવ્યું.

"મની ત્રણ અઠવાડયાં થયા, હું તો જેહાંગીર જંગબારવાલા સાથે પરણી ચુકીછ. તે દીવસે, જ્યારે જમી ખંભાતા આપણે ત્યાં આવનાર હતા જ્યારે હું માહારા જેહાંગીરને મળવા ગઇ હતી કેની ત્યારેજ હમે છુપાછુપ અગીઆરીમાં જઇ પરણી આવ્યાં. જો આ અમારા લગ્નની સરટીફીકેટ છે. પણ હવે વાત એમ છે, કે જેહાંગીર હવે અધીરા બન્યાછ અને માહારા વગર થોમતા નથી. તેથી આજે રાતે આઠ વાગે મને પોતાની મોટર બાઇકમાં લેવા આવનાર છે. એવણ કહેછ કે જો હું નહીં આવશ તો એવણ મમા આગળ આવી ખરો ખુલાસો કરી દેશે તો પછી મમાંનું શુ થશે તેનો તું વિચાર કર, બેહન. એકજ શોકથી એવણની છાતી બેસી જશે. માટે તું મને મદદ કર મની અને ચોરીછુપીથી રાત્રે માહરા ભરથાર સાથે મને જતી રહેવામાં મદદ કર તેમજ પછીથી ઘણીજ સાવચેતીથી મમાં આગળ તુને ગમે તે ખરો ખોટો ખુલાસો કરી સમજાવી લેજે તેમજ જમીને પી સમજાવી લેજે. જો મમાને એમ કહેજે કે મહેરની સહી ઘણી બીમાર હોવાથી મુંબઇથી એકદમ તાર આવ્યોછ ત્યાં એ પંદર દાહાડા મહીનો ગએવી છે અને તમે સુતેલાં હતાં તેથી તમોને ઉઠાડયાં નહી. બોલની મની માહરે ખાતર ખરી બીનાં છુપાવી તું એટલું કરશેની વહાલી બેહન? વિચાર કર. એકજ શોક અને મમાં બસ થઇ જશે."

"હું કરશ," હિમતવાન મનીએ ગમથી કહયું. "મેહરાં, મમાં ખાતર હું કરશ."

"ઓ કેવી મહેરબાની મની. વોટ એ સ્વીટ ગર્લ યુ આર. થેંકયુ વહાલી બેહન જો સજ્જ આઠ વાગા સુધી હું લંમાં આગળજ બેસી રહેવશ, અને તું હોલમાં જમી સાથે વાત કર્યા કરજે, પછી જેવો મોટર બાઇકનો અવાજ તહારે કાને આવે કે તુરત કોઇપી તરકીબથી બાહેર જઇ જેહાંગીરને ત્યાંજ રોકી રાખજે અને કોઇની નજરેપી પડવા દેતી નાં ને મને તેડજે."

"ઠીક, પણ મેહરાં તે ઘણુંજ ખોટું કીધું છ. બિચારાં મમાં ખાતર તાહારે એમ નહીં કરવું હતું. એવણ ખાતર તો જમીને કબુલ રાખવો હતો."

જે જવાબ તેને મળ્યો તે મેહર તરફનું ઓક મીઠુ રૂપેરી હસ્યું જ હતુ.

"મમાં ખાતર કોણ જાણે ના, પણ છેમીનાં પૈસા ખાતર માહરે વિચાર કરવો હતો. મની, માહરો જેહાંગીર કાંઇ પૈસાવાળો નથી તેથી મને દીલગીરી લાગીછ," તેણીએ કહયું અને પછી મનીને એકલી છોડી ચાલી ગઇ.

પ્રકરણ ૩.

આઠ કયારનાં વાગી ચુકયા હતા. આઠના નવમી થયા અને નવનાં દસ પણ જેહાંગીર જગાડવાવાનો પત્તોજ નહીં. હસી બોબી ગુડનાઇટ કરી જીમી ખંભાતા બી કયારનો પોતાનાં ઓરડામાં ચાલ્યો ગયો હતો અને હાન બારની ટકોરી પડી ત્યા સુધી મનોહર મની જાગતીજ બેસી રહી. સવાર પડી પણ હજી તેનો પતો નહીં.

નવ વાગ્યા હતા અને નાસ્તાનો ટાઇમ થઇ ચુકયો હતો છતાં જેહાંગીરનો હજી પતો નહી. તે આગલી સાંજનો આવ્યો જોઇતો હતો તે હજી સુધી કયા રહયો. મનીએ મેહરને ઘણો બી સકારો આપ્યો પણ ફોકટ, તે તો ફીકરી દુખી અને બીજવાયની જેમજ કર્યા કરી. કોઇ ચીજ તેને સંતોશ આપી શકી નહી અને જ્યારે તે ઓજ મુજબની ગમરાયથી જેવી ડ્રોઇંગ રૂમમાં ગઇ ત્યારે ભયા જીમી ખંભાતા સાથે બી અથડી પડી.

તેઓ એબ્લાજ હતા. અને તેનો ગુસ્સાનો ચીલ્લો જોયા વગર જીમીએ ધાર્યું કે પોતાની માંગણી રજુ કરવાનો આ ઠીક લાગ હતો. તેને મહેરા ગમી હતી અને સાધારણ રીતે પોતાને દરેક વાતે લાએક માલમ પડી હતી, એમ છતા તે મુદ્દા સમજી શકતો નહોતો કે મનીને જોતા જે રીતની લાગણી તેને થતી રહી હતી તે મહેરાને જોતાં કેમ થતી હતી નહી.

"મહેર," તેણે લાગ જોઇ નરમાશથી કહયું. "આજે ખુલ્લા બોલોમાં હું માહારી માંગણી રજુ કરવા તમારી પાસે રજા માગુછ. તુ વાકેફ હશે મહેર કે માહારા તેમજ તાહારાં માબાપની હંમેશની ખુશી આપણને લગનથી જોડાયલાં જોવાની હતી અને હું બી રાજી છેઉ તો વાહાલી મેહર મને તાહારો જવાબ આપ."

મગર જેહાંગીર માટે બેચેન બનેલી તે છોકરી બીજવટથી હટી ગઇ. તેણીએ તેનાં હાથમાં પકડાયલા પોતાનાં ઓણીવાળાં હાથો ઓક ઝટકા સમેત બેંચી લીધા અને પોતાનું મોહું ફેરવી નાખ્યું.

"બોલની મહેર તું શુ કહેછ?" જીમી ખંભાતાએ પાછું પુછયું.

"હટી જાઓ જીમી, મને અવું ગાડું બેડુ કહી કંટાળો આપો નહી." તેણીએ આખરે કહયું.

"ગાંડું ઘેલું ? કંટાળો ?" તે જવાને અજાયબીથી પડઘા કીધા, "તે શી રીતે મહેર ? હું મારી ઉમેદવારી ખુલ્લા શબ્દોમાં રજુ કરું છું તેમાં ખોટું શું છે ?"

પણ તે છોકરી તો જાણે આજે ગુસ્સાથી ઘેલીજ થઇ ગઇ હતી, પોતાનો નાજુક પગ જોરથી જમીન ઉપર અફાડી તેણીએ તે જવાનને આગળ બોલતાં ચુપ કરી દીધો.

"હવે બસ કરો તમારી એવી ઘેલી બકવા." તેણીએ કહયું, "મારે કશું સાંભળવું નથી." તે જવાન હવે એકદમ બાજુએ થઈ ગયો. તે ઉપરથી ખુબસુરત દેખાતી મહેરનો ખરો સ્વભાવ તુરત તેણે પારખી લીધો.

"આઇ બેગ યોર પારડન મીસ મારકર." તેણે હવે એકદમ સભ્યતાથી કહયું, "હું જોઉંછ કે મારી ભુલ થએલી છે." અને તે તુરત ત્યાંથી ફરી ગયો.

બપોર પછી એક અજબ જેવો બનાવ બન્યો, પીળાં પરણીડાંમાં બંધ થએલો એક તાર આયાએ ભુલ ચુકથી લાવી બીમાર માણેકબાઇનાં હાથમાંજ આપ્યો.

"જેહાંગીર જંગબારવાલા ધારતી ભરી બીમાર હાલતમાં પોતાનાં વાઇફની ચાલુ ટગર કરે છે. તુરત આવવું." એ પ્રમાણે તે તારમાં લખાયલુ હતું અને તે કોઇ હોસપીટલની નર્સ તરફથી હતો. માણેકબાઇ મારકર એકદમ ગુંચવાઇ ગયા તેમનો ભત્રીજો મરણ તોલ બીમાર હતો અને પોતાની બેરી માટે અહીં પુછાવતો હતો. એ શું કહેવાય ? પહેલે તો તેમને કાંઇ સમજ પડયું નહી પણ પછી આખરે એકદમ એક યાદ થઇ. આહ લુચ્ચી મનીજ તેની સાથે છુપાછુપ પરણેલી હોવી જોઇએ. કેવી બરાબ, કેવી લુચ્ચી છોકરી ? તેઓએ બાયાને મોકલી પોતાની બન્ને દીકરીઓને તેડાવી મંગાવી.

"લે ઘર વાચ" તેવણે મની જેવી ત્યાં દાખલ થઇ એટલે તેણી ઉપર તે તાર ફેંકી કહયું. "આય કેવી લુચ્ચાઇ, કેવી ધીકકારભરી ચાલ. જો વાચ અને વીચાર એમાં લખ્યું છ કે તારો ધણી જેહાંગીર ધરતીભરી રીતે બીમાર છે ને તુને બોલાવેછ. તો જા કહરા બહીથી. ફરીથી તારી સીકલણી મને જોવા દેતી નાં. શું કામની એવી દુકતી ? જો આય મારી મેહર ? એ તે છોકરી. ચાલ નીકલ મારી પાસથી."

આહ ! અંતે જહાંગીરનાં નહી આવવાનું કારણ જણાયું. થોડીવાર પછી ધ્રુજી. ધ્રુજતી મહેરના હાથમાં તે તાર મનીએ મુકયો.

"કેમ હવે શું કરીએ મહેર ?" તેણીએ ઇંતેજારીથી પુછયું. "તુ તેની પાસે જશે કેની ?"

"નહી," તે હીંચકારી છોકરીએ જવાબ વાળ્યો, "હું એકલી મુંબઇ જેવાં શહેરમાં કયાં જાઉં. જો જેહાંગીર સારો હતે અને મને બોલાવતો હતે તો જુદી વાત છે પણ હવે તો મની દીકરા મારે બદલે તુંજ તેની પાસે જા."

તે નાની છોકરીએ હેબતાઇને પોતાની વડી બ્હેન તરફ જોયું. તે શું કહેવા માગતી હતી ? શું દુઃખથી તેનું મગજ બસી ગયું હતું કે શું ?

"તું સમજતી મની," તેણીએ પાછું બોલવા માડયું, "મમાનો ખ્યાલ કર. તેવણ જો જાણે કે તેવણની માનીતી વહાલી દીકરીએ આવું કીધું છે તો તુરતજ શોકથી એવણનું હાર્ટ

બેસી જાય. માટે વિચાર કર મારી બ્હેન, કે કોઈને ખાતર નહી તો મમાને ખાતર તો મને મદદ કર. તું મુંબઇ કોઇ બોરડીંગ હાઉસમાં રહેજે ને રોજ જેહાંગીર સારો થાય તેટલાં એક ફેરો હોસ્પીટલમાં જવા કરજે ને એને સમજાવજે કે મમા કેવાં બીમાર છે ને કેવી ક્રીટીકલ હાલતમાં છે તેથી હું મુકીને આવી શકતી નહી હોવાથી તુંને મારે બદલે મોકલીયે. બોલતની મની તું એમ કરતો કેની દીકરા ?"

અને હમેશ મુજબ તે વહાલી મીઠી દીકરી કે જેની તો તે માતાને જરા બી કાળજી કે પ્યાર હતો નહી તેને જવાબ કર્યો. "હા હું કરશ. મમા ખાતર હું બધું કરશ."

અને તે જવા તઇયાર થઇ. તે જવા તઇયાર થઇ અને બ્હેરને બળી હોલમાંથી પસાર થતી હતી તેટલાંજ સામેથી તેને જીમી ખબાતા મલ્યો.

"હલ્લો કયાં ચાલ્યાં, મીસ મની ?" તેણે હસીને પુછ્યું "તમારાં મમા કેમ છે ?"

"હાલમાં જરા ઠીક છેજી." તેણીએ ધીમે સાદે જવાબ કરતાં કહ્યું અને પછી પોતાનો હાથ શેકહેન્ડમાં લંબાવ્યો.

"ગુડબાઇ," તેણીએ કહ્યું. "હું જાઉંછ અને પાછી ફરશ તેટલાં તો કદાચ તમે પાછા શેંગાહી ચાલી બી ગયા હોશો તો આપણે મળશુ નહીં."

"પણ તમે કયાં જાઓછ?" તેણે પુછ્યુ.

તે બોલી શકી નહીં. તે જવાબ દઇ શકી નહીં. ખરૂં કારણ તે જણાવી શકી નહીં અને અસંખ્ય લાગણીઓ તેણીને વળી ગુંગળાવી નાખતી હતી.

તે પસે ગયો અને બાથથી તેણીનો હાથ પોતાનાં જોરાવર હાથમા લીધો.

"મની," તેણે લાગણીથી કહ્યું. "તમોને શું છે મને નહી કેહો ? મને જણાવો કે તમે કાંઇ એટલાં દીલગીર દેખાઓછ અને તમે કયાં જાઓછ ?"

તેણી વધારે ખમી શકી નહીં. આવી બાયા, આવું હેત તેણીને કદી કોઇએ બતાવ્યું હતું નહીં, એકદમ તે ગરીબ સ્વભોગી છોકરીની આંખો આસુંઓથી ભરાઇ ગઇ.

"જીમી." તેણીએ કહ્યું. "હું બહું દુખી છેઉં. હું અહીથી જાઉંછ પણ જવા પહેલાં તમોને એટલુંજ કેહું છ કે મારા બાય બહેન તમોને જે બી મારે માટે કહે તે સાંભળી મારે વાસ્તે બુરૂં વિચારતા નાં અને હવે સાહેબજી, તમારી લાગણી માટે હું ઉપકારી છેઉં."

તેને તેણીની ઘણી દયા આવી. તેનાં દીલમાં છુપાયલી લાગણી તે અંતે સમજી શકયો. આ એક ખરાં બેમુલ રત્નને તેનાં ઘરમાં જે રીતે હાડમાર કરી હીણતાં હતાં તેથી તેનો ગુસ્સાથી દમ ગુંગળાઇ આવ્યો.

"મની," તેણે એકદમ કહ્યું "તું વધુ વખત દુખી થશે નહીં. મારૂ માન અને મને વચન આપ કે તું મને પરણી સુખી કરશે અને તુંને મારી સાથે શેંગાહી લઇ જવાની રજા આપશે, બોલ મની ?"

"નહીં." તેણીએ ઘણીજ નરમાશથી કહ્યું. "જીમી મને માફ કરો. પણ તમે ખુલી કેમ જાઓછ કે તમે તો ભવીસ્યમાં મારા બનેવી થનારૂં હતા ત્યારે મારી આગળ કેમ એવી વાતો કરો છો ?"

"તાહારો બનેવી," તેણે હસીને કહ્યું "નહીં વાહાલી મની. હું હવે જોઉંછ કે મને આખી દુન્યામાં તાહારા સીવાય કોઇની દરકાર છેજ નહી અને તેથી હું તાહારા ધણી સિવાય બીજો કોઇણી તાહારો સગો થઇ શકનાર નથી. બોલ, તું મને કબુલ કરેછ ? મને સુખી કરેછ?"

પણ તેણી તો એમજ માની બેઠી કે દયાથી ઉશ્કેરાઇ જઇ તે આ માંગણી કરતો હતો અને તેણી ફરી ફરીયા તેનો ઉપકાર માની ત્યાંથી ઉતાવળે ચાલી ગઇ.

પ્રકરણ ૪.

મહેર મારફત મુબઇ પુગી ગઇ. પોતાની માતા અને બેહનને ખાતર તેણી હીમતથી કાંઇણી ખમવા અને તેમને દુઃખથી બચાવા તૈયાર થઇ ગઇ હતી.

જ્યારે જેહાંગીર જગબારવાલાને તે જઇ મળી ત્યારે તે બીચારો એકદમ સુધ્ધી વગર એક જીવલેણ એકસીડંટનો ભોગ થઇ પડેલો મહોત જીવત વચ્ચે ડોળા ખાતો પડયો હતો. પંદર દીવસ તેણીને અત્રે આવ્યાને પસાર થઇ ગયા હતા જે દરમ્યાન તેણીના કાગળોનાં જવાબમાં ફકત એકજ નાહાનુ ટુકડ કાગળ તેણીને પોતાની સંગદીલ બેહન તરફથી મલ્યું હતું કે જેહાંગીર કેમ હતો તે લખવું. વળી તે વધારામા લખતી હતી કે તેઓનો શ્રીમત પરોણો તેણીનાં ગયા પછી બીજેજ દીવસ પુના છોડી મુંબઇ કાંઇ કામસર ચાલી ગયો હતો.

આજે જેહાંગીર લગાર બેટર હતો. તેણે સુદર મનીનો ઘણો ઘણો ઉપકાર માન્યો પણ તેને તો તેની જુવાન પરણેતરજ પાસે જોઇતી હતી તે ખુબ છેડાયો અને ગુસ્સે થયો અને તે એટલો વધારે બીમાર થયો કે તેણીએ પાછી પુને જઇ ઘણી સંભાળથી પોતાના માતાને એ વાત જણાવી મહેરને અત્રે મોકલી આપ્યા વગર ચાલેજ નહી તેમ હતું.

"તુ એકદમ મહેરને જઇને મોકલી આપ." બીમાર જેહાંગીર ઝેહમતે બોલતો "નહી તો માણેકબાઇ ઉપરજ હું ખુલાસાવાર તાર કરી બરો ખુશામો જણાવી દેવશ તો ઓચીંતા શોકથી તેવણને વધારે નુકશાન થશે. તું જા અને બધુ સમજાવીને તેવણને કહેજે. બાહારી મહેરને બાહારી પાસે મોકલી આપ."

અતે ઉપાય નહીજ હોવાથી તેણી કબુલ થઇ અને તેજ દીવસે રાત્રે પુનાં પાછું ફરવાનુ તેને વચન આપી તે હોસપીટલમાથી બાહેર પડી. મગર શું સંજોગ ? સામેથી આવતો જે એક માણસ તેને મળ્યો તે કોઇજ નહી પણ જીમી ખંભાતો હતો.

"હલ્લો કેમ છે મની ?" તેણે હરખથી પોકાર્યું. પણ બીજીજ પળે તેનાં ફીકકા ચહેરા ઉપર નજર પડતાં તેને કાઇ એક ઝટકે યાદ આવ્યું.

"તમારા ધણી કેમ છે મીસ–આઇમીન મીસીસ જંગબારવાલા ?" તેણે પુછ્યું. "બાહરા લાએક કાંઇ કામકાજ હોય તો મને જરૂર જણાવજો."

તેણીએ સભ્યતાથી તેનાં જવાબો આપ્યા. અને તેજ રાત્રે તેણી પાછી પુનાં ફરી. તેણી જ્યારે પોતાની માતાના રૂમમાં ગઇ ત્યારે વાહાલથી વીહવે પડને હસતે ચેહરે તે માતા પોતાની લાડકી બેટી સાથે વાતો કરતી બેઠી હતી. મનીને દાખલ થતી જોઇ તેઓ મને જોરથી ચમકી ઉઠયાં.

"હાઐરે મની પાછુ અહીં આવવાનું શું કારણ ?" તેવરો થથડાવીને કહયું. "તાદરા શોભતા ધણીને ઘેર જની. મુઇ તું એમ લગામણી. તુંને ગામમાં કોઇ બીજા ધણીઓ નહી મળતા હતા કે આવા એક ભુખરી બારસને પમંદ કીધો."

"મમાં." તેણીએ કહયું. "હીમત રાખો. વાહાલાં મમાં, અને હું કેહું છ તે ધ્યાનથી સાંભળો." અને તેણીએ બન્યું ઓટલી નરમીથી અસરકારક રવેશે બધું ખરૂં કહયું.

અને ત્યારે શું માણેકબાઇનો હાલ ? પોતાની ખુબસુરત વાહાલી બેટીમાં આ રીતે નીરાશી પામવાથી તેવણના ગુસ્સાનો પાર રહયો નહી મગર દયાળુ ખુદાનાં હુકમથી તેવણને કાંઇબી અલવલ આવી નહી કે બીમાર થયાં નહી. અંતે તેવણ શાત પડયાં ત્યારે મેહરને માફ કરી તેણીને જેહાંગીર પાસે મોકલી દીધી.

તે રાતે જાણે પોતાના દીલ પરથી એક પત્થર ઉંચકાઇ ગયો હોય તેવા શાંત ચહેરાએ મની પોતાના ઓરડામાં બેઠી હતી. હજી તો આઠ હમણાજ વાગ્યા હતા, અને તે તુરતની પરવારેલી માણેકબાઇને શાંત ઉંઘમાં સુતેલાં જોઈ હાલ અહીં આવી હતી. જોવામાં બારણું ઠોકાયું કે તેણી તુરત ચમકી ઉઠી. ત્યાર પછી જે અંદર આવ્યું તેને જોઇ તો વળી તેણી બમણી ચોંકી. તે કોઇજ નહીં પણ જીમી ગંજાતા હતો. તે અંદર આવ્યો અને હેતથી તેણીને મળ્યો.

"મની." તેણે એકદમ કહયું, "કાલે બપોરે મુંબઇ આપણે મળી ગયા પછી મને એકદમ મન થયું કે તાહરા કહેવાત ભરથાર આગળ જવું અને તેને મળી તેની ખબર પુછવી પણ ત્યાં જઇને તો મેં કાંઇ જુદુંજ જોયું. તે તાહરો નહી પણ તાહરી લુચ્ચી મહેરનોજ ભરથાર થતો હતો અને તું તો માહરી વહાલી બહાદુર મની તાહારા માતા તેમજ તાહારી બેહનને ખાતર સઘળો બોજ તાહારે માથે ઉપાડી લેતી હતી એમ મને એવરો પોતે કહયું કે તુરતજ મેં માહારી જુલ જોઇ અને અહી દોડતો આવ્યો. મની, માહારી મીઠી સ્વભોગી મની, હવે તું શું કહેછ ? હજીબી મને સુખી કરવોછ કે નહી ?"

"પણ-પણ-જીમી" તેણીએ અચકાતાં અચકાતાં કહયું. "માહારી મેહરાનાં સધાવ્યા પછી માહારા મમાં બિચારાં તદન એકલાં પડી જશે, ત્યારે હું જો પરણીને શેંગાહી જાઉં તો કેમ બને ?"

તે હસ્યો. ખુશાળ ખરાં દીલનું હસ્યું તે હસ્યો.

"વળી બીજાનાં ભલાંનોજ વિચાર, મની," તેણે કહયું. "મમાંને ફીકર કરવાની હવે કશી જરૂર નથી. તું કહેશે તેટલો વખત આપણે અહીં મમા પાસેજ રહીશું અને થોડો વખત મહેર અહીં આવી રહેશે તેટલો વાર આપણે એકાદ ઉડતી વીઝીટ શેંગાહી લઇ શકશું હું તુંને દરેક જાતે પ્લીઝ કરવા તૈયાર છેઉં. માહારાં એમુલ ઝવેર, હવે તું શું કહેછ ?"

અને સુંદર ભમી મનીએ તેનાં જોરાવર હાથોમાં પોતાનાં નાહાંનાં હાથો મુકી જે જવાબ આપ્યો તે શું લખવાની જરૂર છે ? સહુ સારૂં તેનું સેવટ સારૂં. હાલ તેઓ બધાં. મહેર અને જેહાંગીર, મની અને જીમી તેમજ ઘરડાં માણેકબાઇ, પોતાની બેટીઓનાં નાહાનાં ગુલાબ જેવાં ખુલકાંઓને રમાડતાં સુખી છે.

વિજયનો વાવટો

શક્તિની અનેક દવાઓમાં આજે

આંતકનિગ્રહ ગોળીઓ

એ પોતાના ઘણા હરીફોને હઠાવી લગભગ દુનિયાના તમામ મુલકોમા પોતાના નામ અને ગુણોનો વિજય વાવટો ફરકાવ્યો છે. એ વિજય તેનામા—પાચનશક્તિ, હૃદય, મગજ એ સરવે મજબુત તથા બળવાન બનાવી રક્ત વીર્યમાં સુધારો વધારો કરવાના તથા વધારેના દરેક અવયવોને પુષ્ટ બનાવવાના ગુણો હોવાથીજ હજુ પણ હમેશા એ ગોળીઓ પોતાનો વિજય વાવટો ફરકાવેજ જાય છે.

શરીર વીગત જાણવા મફત મળતું પ્રાઇસ લીસ્ટ મંગાવો, વાંચો અને વાકેફ થાઓ.

વૈદ્યશાસ્ત્રી મણિશંકર ગોવિંદજી.

મુબઇ—ધ્રાંચ, કાલબાદેવી રોડ. } આંતકનિગ્રહ ઔષધાલય. જામનગર—કાઠિયાવાડ.

જસમાઈનનો આયોડાઈઝડ

સારસાપરેલા.

લોહી સુધારી નિરોગી અને જીંદગીની મઝા ભોગવવાને શક્તિવાન બનાવવા માટે આ જસમાઇનનો સારસા પરેલા જરૂર વાપરજો પ્રમેહ, ચાંદી, વિસ્ફોટીક, અને બીજાં ગરમીનાં દરદોમાં પેહેલા નંબરની દવા છે. સંધીવા ઉપર તેનો ગુણ અજબ જેવો છે. બરડ, ભુખડ, દરાજ, બરજવાં ગડગુમડ, કંઠમાળ, કોઢ, અને એવાં અનેક દરદો ઉપર આ જસમાઇનનો સારસા પરેલા ખાસ કરીને વાપરવા લાયક દવા છે. દમ, બાંસી, અને છાતીનાં દરદોમાં ઘણોજ ફાયદાકારક છે. કીંમત રૂ ૧।। વી. પી થી રૂ. ૧।।।= ત્રણ શીશીના રૂ ૫)= અને ૬ શીશીના રૂ ૯)= વી. પી. સહીત.

દરેક દવાના વેપારી પણ તે વેચે છે.

લખો—અમૃતબિંદુ ઓફીસ—નડીઆદ.

નાળીએરના ઝાડ (નાળીએરી)નો બહોળો ઉપયોગ.

લખનાર:-દીનશાહ દાદાભાઈ દારડી.

નાળીએરીના ઝાડો ગરમ મુલકોમાં,-રેતાળ જગ્યાઓએ, ચુના-પથરના કાંકરા વાળી જગ્યાઓએ, બાગ બગીચાઓમાં, હીન્દુસ્થાનમાં મલબાર અને સીલોન જેવા પરદેશોમાં પુષ્કળ ઉગે છે. એવું કહેવાય છે કે નાળીએરી ની બાસ બેતિ કરેલી જગ્યાઓ જોશો તો ભાવનગરના રાજ્યના બગીચાઓ છે. જેમા હજારો હજાર નાળીએરી બાસ પાણી પાઇને ઉગાડેલી કહેવાય છે. કારણ કે તેથી મોટી પેદાયશ થવાનો સંભવ રહે છે. આજને કાલતો તેના નાળીએરના તાજા રસ અથવા દુધ, નહી તો સુકા કોપરામાંથી માખણ બનાવવામા આવે છે, જેને vegetably butter અથવા margarine મા કહે છે તેને લીધે તેનો બહુ યુરોપ અને અમેરીકામા ઘણો બોહોળો વધી ગયો છે. મલબાર કોસ્ટના લોકોનો મુખ્ય બોરાક એ ફળ ને તેમાંથી નીકળતું દુધ છે. દુધના સાંધના બનાવી તેઓ બજારમાં વેચવા મુકે છે; ને તાજા દુધને ઉકાળી પાણી બાળી નાખીને તેલ જેવો ભાગ રહે છે તે તેઓ સરવે જાતની વાણી બનાવવામાં વાપરે છે. તેઓ તેમાંથી ગોળ બનાવે છે, જે ચોકોલેટ જેવા રંગનો અને આસપાસ નાળીએરીના પાતરાની પટ્ટીઓ વીટાળેથી ચાકીઓમા બજારમાં વેચાય છે.

આપણા ગુજરાત તરફ તો કોપરાપાક નામની મીઠાઇ બનાવવામાં, કોપરેલનો માલીશનો હલવો બનાવવા તેનો સાધારણ રીતે ઉપયોગ થતો લાગે છે.

વળી તેના તેલને નીર્મળ બનાવી બાલના તેલ તરીકે વાપરવામા આવે છે.

મલબાર કોસ્ટના લોકો તેને માથે લગાડવા ઉપરાંત સારા અંગ પર ચોપડે છે.

આપણા વૈદો જેને બીવામુ ઉડયુ હોય તો કોપરાં (સુકા નાળીએર) ને ચાવી છુછા કરી તે જે જગ્યાએ બીવામું ઉડેલું હોય તે ઉપર ચોપડાવે છે. એ તેનો રામબાણ ઇલાજ ગણાય છે.

બીજી રીતે દેશી વધદો તેને વાના દરદોમાં, સાધા અકડી જવાના વ્યાધીઓમાં ગોલીવા સાથે વાપરે છે. તે માટે એક નાળીએર પાણીવાળુ લઇને તેની માથા પરની ત્રણ આંખો જેવા ડાધાઓમાંથી એકને ફોરીને તે વાટે એલીઓ ગુંગળ તેમા ભરે છે પછી પેલી આંખને કપડે છાંણ કરીને બંધ કરે છે, ને સુકુલાની બેમતમાં ૧૫) દાહાડા રાખી ને પછી કાઢીને પેલું નાળીએર ગુંગળ સાથે પીસી નાખે છે ને તેમાથી વાના દરદના વ્યાધીવાળાને ખવાડે છે.

વળી એ તેલને મલમ બનાવવામાંથી કામમા લેવામાં આવે છે.

આપણા લોકો નાળીએરનું દુધ સાંધના બનાવવા વાપરીએ છીએ તે ઉપરાંત તે કોઇ જોવી તરકારીમાં પડે છે. વળી 'કરી' બનાવવામાં નાળીએર વપરાય છે.

આસલના વખતમા કોઇને ત્યાં વરસ ઉગે તો નાળીએરને ગોળ વહેંચવામા આવતાં હતાં.

જો તાજુ નાળીએર તથા સુદ્ધ શાકર માથે લઈ ખાવામાં આવે છે તો તેથી શરીરમાં તાકાત આવે છે.

નાળીએર એ શ્રીફળ ગણાતું હોવાથી આદેણી, વીહવા-વાજન, અમરણી, ઘેરના મુહુરત, પરદેશ જતા સગા-સ્નેહીને સાર પરણતા છોકરાના હાથ વીગેરે વીગેરેમાં તેનો પહેલો ઉપયોગ થાય છે.

લેગન વખતે તેનો છુટથી ઉપયોગ થાય છે. નાવર, નવજોતમાં તેમ સેસપાત્રીમાં, અખીઆનાખોમાં કોઇ ચીજ વાપરવા લીધી હોય તો તે પાછી આપવા સાથે, બીજા લગનની પાછલી રાતે હાજર રહેલાઓને તે અરપણ કરી સગન પચ્છવામાં વીગેરે કાંઇ સેંકડો રીતે આપણે તેનો વાપડવેસ કરીએ છીએ.

ખરેખર સગન, લગન ને મુહરતનું શુભ ચીન્હ તે નાળીએરજ ગણાય છે, તેના વગર કોઇપણ શુભ તેહેવારોની બીજલસ શોભતી નથીજ.

નાના છોકરાંઓને નવુ વરસ માય મભાઇઓ ઉગાડે છે, ત્યારે હાથમાં નાળીએર આપવા અગાડી તેને પેલા બાળકના કપાલ સાથે લગાડે છે એવું તે શુભ ચીન્હ છે. એટલાં મોટે જ્યાં આપણે નાળીએર લેઇએ છે, ત્યાં કોઇ સગન સરેવ થવાની ખબર આપણને મળી જણાય છે.

હીન્દુઓમાં દશેરાને દીવસે ઘરોમાં નાળીએર લાવી રાખે છે, તે પાકાં જોઇને લાવવામાં આવે છે. તેઓ એવું માને છે કે જો એ નાળીએર વરસ દાહાડા પુરી ભાંગવામાં આવતાં તે સારૂ નીકળ્યું તો બેસતું નવું વરસ હસી ખુશીનું જાય છે, નહી તો પછી સડેલું નીકળ્યું તો તેઓ અપસુકન માને છે. નદીએ કે દરીઆમાં નાળીએર નાખી તે રમતું (તરતુ) છોડી દેય છે. ઘણા જણ તેને ત્યાં પાણીમાં નાખ્યા વગર ફોડી તેનુ પાણી ને થોડા નાળીએરના ટુકડાં પાણીમાં નાખી બાકીનુ પરસાદ તરીકે ઘરે લાવે છે. ગરમીની મોહોસમમાં 'કવા નાળીએર' 'પાણીવાળા નાળીએર' પોકારતા ભંડારીઓ પાસેથી કુમળા નાળીએરના કાતરા લઇને તેનુ પાણી પીએ છે. તે ઠંદક આપનારૂ પીનુ છે. એ આપણી રીત પુરાણી છે. પણ હાલ યુરોપ્યન વૈદુ તેની કદર કરતાં શીખ્યુ છે, ને પીશાબના દરદોમાં તેનો છુટથી ઉપયોગ કરવાની ભલામણ કરે છે.

આફ્રીકાનાં સીધી ભાઇઓ તેના પરનુ ઉપલું છોડ કાઢી નાખી નાળીએરની કોટલી સોયે ભડી અથવા અંગારમાં મુકી જ્યારે તેનો રસ ઉકળતો થાય છે, નહી તો તેમાંથી બ્લેશમય વરાળ નીકળે છે ત્યારે વાસણ અથવા પ્યાલામા રેડીને કોકોની માફક ગરમાં ગરમ પીએ છે. આવી રીતની મોજ ચાખી આવેલો એક યુરોપ્યન તેની અતીશ્ય વખાણ કરે છે,

જ્યારે કોઇ આદમી ઉપરથી પડી જઇને હાથ પગ ભાગી 'ગુણ-રોતલો' થઇ જાય છે, ત્યારે હકીમો મરઘીના પીલાને નાળીએરના દુધમાં ઉકાળીને પકાવી તેમાં જરા જાયફળ તજ કે બીજો જરાક બોટલો મસાલો નાખી પેલા પીવાનો રસ નીચોવી સાત દાહાડા પાય છે. મહારાષ્ટ્ર તરફના કેટલાક લોકો તેમા સાથ રૂખીના જાડનાં મુળ નાખી પાય છે એમ જણાય છે. હવે ઉપર ટપકેથી આપણે તેના વીશે વાત કરી; પણ તેના પંચાગના ઉપયોગો વીશે જરા વધારે વીગતવાર સમજીશું.—

(૧) તેના પાંદડાં છાપરાં છાવાંગા, સાદડીઓ બનાવવામાં, તોપથી અથવા જેને આપણે 'જમીન' અથવા જંબીય કરી કહે છે તે બનાવવામાં કામે લાગે છે. તેની મસાળો અથવા ચુહુથો બનાવવામાં આવે છે. તે બળતણ તરીકે વપરાય છે, તેની ઝાડુઓ તૈયાર કરવામાં આવે છે, ઢોરને ખવાડવાનો ચારો થાય છે, અને છેવટે તેનું ખાતર થાય છે.

(૨) તેના પાતરાના દાંડા વાડ બનાવવામાં, ગાડીની જુસરીઓ માટે, અથવા ખાંધપર બોજો ઉંચકવાની કાવર તરીકે, માછલી પકડવાની લાકડી તરીકે, અને તે ઉપરાંત ઘરસંસારના અસંખ્ય વાસણો બનાવવામાં તે કામે લાગે છે.

(૩) તેના પાંદડાંના કુમળા પીલા અચાર અથવા મુરબ્બા કે ચટણી બનાવવામાં કામે લાગેછે.

(૪) તેનો રસ તાડી તરીકે વપરાય છે. તાડીમાંથી એક જાતનો દારૂ જેને 'ફેની' કહે છે તે બનાવવામાં આવે છે. તે તાડીમાંથી સરકો ને વળી ખાંડ કે ગોળ બને છે.

(૫) સુગાત્રા જાવા વીગેરે જગ્યાઓએ ઉગતા નાળીએરોમાંથી કોઇ કોઇ વાર મોતી તૈયાર થયલા જણાયાં છે.

(૬) તેના સુકા કોપરામાંથી જે તેલ નીકળે છે તેને કોપરેલ કરી કહે છે.

(૭) જે નાળીએરમાં ગોટા અથવા ગર બંધાતો નથી, તેવા વાંજણીયા નાળીએરનો દવા તરીકે ઉપયોગ થાય છે, અને તેની મીઠાઇઓ બને છે.

કોઇ કોઇ વાર નીળીએરનો ગર ન બંધાતા ખાલી કુમળા ગાભ બને છે તે સફેદ ભાવા જેવા હોય છે તેને કોતરી કાઢીને હકીમો ગળસુનાના દરદોમાં આપે છે; તે જાતે ઠંડા હોય છે. તેજ પીલાના અચાર કરો, કે મીઠાઇ બનાવો તે સૌની મન પસંદગી છે.

કુમળાં નાળીએરનું દુધ એક પીના તરીકે કે પછી કાંઇક સ્વાદીષ્ટ વાણુની ગરજ સારે છે.

(૮) નાળીએરના તાજા છોળતાં અથવા લીલાં છોળતા ચટણી મુરબ્બા બનાવવામાં વપરાય છે,

(૯) નાળીએરનુ કોપરૂ બાવા માટે કરી બનાવવામાં, દુધ કાઢવા સારૂ અને રાંધવામાં વપરાય છે.

(૧૦) તેનું તેલ (કોપરેલ) વનસ્પતીનુ ઘી બનાવવા માટે, સાબુ અને મીનબતીઓ સારૂ કામ આવે છે. વળી તે સંધીવાના દરદીઓ માટે, બાળોને ચોપડવા સારૂ કે દીવા તરીકે કામે લાગે છે. કેટલીક જગ્યાઓએ મોટા સાંચા કામોમા અને ઘડીયાલોના ઉંચા તેલ બનાવવામાં તે વપરાય છે. સાંચાકામના ભાગો તેથી લીસા ને ચલકતા રહે છે.

કોપરેલના દીવા ધર્મ સ્થળો, ધર્મ ક્રીયાઓ, સાદી રોશણીમાં વપરાય છે, તે એરંડીયા તેલની રોશની કરતાં ઘણી ઉજ્જવળ રોશની આપે છે.

(૧૧) સુકા કોપરાં **મારગેરીનની** બનાવટમાં અથવા વનસપતીનું માખણ કે ઘી બનાવવામાં કામ લાગે છે.

(૧૨) તેનો ખેળ ઢોરો અને મરઘા બટકાઓને ખવાડવા કામ લાગે છે,

(૧૩) નાળીએરની કાતલી તેલ રાખવાની બાટલી તરીકે, પીવાના કપો તરીકે, ચારકોલ બનાવવામાં જાત જાતજાતના માપના ચમચા કછોઓ, હુકકાઓ, મણકા, બટનો, બાટલીઓ, છરીના હાથા અને લીનોલીયમ તરીકે કામ આવે છે.

(૧૪) નાળીએરની કતલીનો ચારકોલ બનાવવા ઉપરાંત તેમાંથી જે તેલ નીકળે છે, તેનો ઉપયોગ દુખતાં અથવા સોજેલા દાતોને નરમ પાડવામાં વપરાય છે.

(૧૫) નાળીએરના કાચો સાદડીઓ, વાહાણની રસીઓ માટે, ચટાઇઓ, રસી, દોરડાં, બીછાનાની ટોળ ઇઓ ભરવામાં, કેનવાસ બનાવવામાં, માછલી પકડવાની જાળો બનાવવામાં, બળતણ તરીકે, બ્રશો બનાવવામાં, વણવા વગરના કાચા રેસા તૈયાર કરવામાં, દરવાજા આગળની પગના બુટો સાફ કરવાની સાદડીઓ તરીકે અને ભોંય તલીઆપર બીછાવવાની સાંદડીઓની બનાવટમાં વપરાય છે.

(૧૬) નાળીએરના થડો પકવાસા તરીકે, હંકારવાની બોટો તરીકે, પાણીના વાસણો તરીકે, પાણી જવાની પરનાળ કે ગટરો તરીકે, ફરનીચર બનાવવામા, બળતણ તરીકે, પટ્ટી અથવા ચીપો બનાવવામા અને બીજી ઘણામા કામ લાગે છે.

(૧૭) નાળીએરના કુમળા રોપા જે ઘણા કુમળા હોય છે, તે તેજનની વાણી તરીકે વપરાય છે

(૧૮) તેનો ગર મીઠાઇ બનાવવામા, તેનું ખમણ લાડવા, પોળી ધારી વીગેરે ઘણી જાતની વાણીઓમા કામ આવે છે.

(૧૯) નાળીએરીમા જાળા હોય છે તે કુમલી ડાળીઓને ટેકાવી રાખે છે.

(૨૦) એજ જાળા વખત જતા ખરી પડે છે તે ઘર બાંધવા માટેના કોલસાઓ હેઠળની સીલીંગપર પાંથરી ઉપર ચુનો કોમ વીગેરે પાડે છે

(૨૧) એજ જાગાં તાડી પીવા માટે જાણે રીનતર તરીકે કામ લાગે છે.

(૨૨) નાળીએરીના લીલાં પાતરા સાથની ડાળીઓને લગન વીવાહ, મેળાવડા વીગેરેના વખતે શોભા ખાતર હારબંધ દાટવામા આવે છે.

ઈશ્કે હકીકી.

ગજલ—કવ્વાલી.

ઘડી હસવું ઘડી રડવું, રહી રહીને રીસાવાનું;
લખ્યું શું ઇશ્ક નીતિમાં, અહા! માશુક મનાવાનું?
રીસાયા ત્યા મનાવું શું? રીસાયા ને રીસાઇ રે';
મનાયા ત્યાં રીસાવું શું? મનાયા તે મનાઈ રે'.
કહે છે એમ કઈ લોકો; દીલાસા દેઈ મન માન્યા;
અમે તો વ્હાલીને વાસે, રીસાવાના મનાવાના.
અમારો દેવ માશુક છે, અને માશુક તણા આશક;
અમોને રાત દા'ડાની, નથી ગમ કંઇ પડી બેશક.
અમે માશુકના બાંધ્યા; ન માશુક અમ થકી બાંધી;
ન માલુમ આ નવાઈનું, પડયું બંધન અરે સાથી?
અમોને કોઇ શું કરશે? અમો કોથી ન ડરવાના;
અમો માશુક મનાવીને, મને ધારેલું કરવાના.
અમારા પ્રેમની લજ્જત, વિયોગોમાં વસેલી છે;
અમોને કષ્ટ દરીઆમાં, સદા આનંદ હેલી છે.
મરણ છે પ્રેમની મસ્તી, અમે એ મસ્તીના રાગી,
'ઇશક અહુલેક' ની જ્યોતી, રગેરગમાં રહી જાગી.

ચિમનલાલજી ભાઇશંકરજી પંડીત.

નવરંગ

પુસ્તક ૮ મુ. ઓકટોબર ૧૯૦૨. અંક ૨ જો.

ડયુક એન્ડ સન્સ.

સોડાવૉટર બનાવનારાઓ.

માલેક.

જમશેદજી ભીખાજી પંથકી.

નં. ૩૧–૩૩, બ્રીટીશ હૉટલ લેન,

એપોલો સ્ટ્રીટ.

ફોર્ટ મુંબઇ.

નકલ માટે સાવચેત રહો !

ડેંગરેનું બાલામૃત

મધુર હોવાથી
છોકરાંઓ ખુશીથી પીએ છે.
અને આ પીવાથી
છોકરાંઓની તાકાદ વધી
તેઓ રૂષ્ટપુષ્ટ થાય છે.

શીશીની કીં. ૧૨ આના. ટ..ખ. ૬ આના.

કે. ટી. ડેંગરેની કં૦,
ગીરગામ–મુંબઇ.

નકલ માટે સાવચેત રહો !

બાનુઓને ખરેખર

લશીશ, ઇનસરસન, રીબન્સ, ત્રીમીંગ્સ, ભરત કામના ઉંચા નમુનાઓ,
સાડીની કોરો ફ્રેંચ કેનવાસ, ઇત્યાદી અમારી દુકાને એક ફેરો
મારી જોઈ જશોજી. બધુ એ–વન છે.

અાદમજી નુરભાઈની કું.

૪૪૬, ઉનવાલા બિલ્ડીંગ, ગ્રાંટ રોડ, મુંબઇ.

ભરત કામ માટે રેજીસ્ટર્ડ નં. ૧૦૩૯

રેશમોનો રાજા

રેશમ સર્વોત્તમ છે.

ટ્રેડ માર્ક જુઓ જોજો.

ગુલનુર

GULE NOOR SILK

Cheaper than solder

Not affected by extreme heat

એક વાર
રોજના ઉપયોગી ને કીમતી
વાસણો ગળતાં થાય ત્યારે નકામા
જાણી નાખતા ના.
કારણ

MENDETS

TRADE MARK REGD. USE & LUTE

MEND ALL LEAKS INSTANTLY

રૂ. ૦॥ ચારની ડબીનો ને રૂ. ૧ બારની ડબીનો.

ટીન, ત્રાંબુ, લોઢું, કાચ ને ઝીણી કામ, પીત ળ, કાસુ, રબરનાં વાસણો વગેરે.

ઘરમાં વપરાતાં સ્ટેકાતાં વાસણો

લોખંડ, પોલાદ, ગેલ્વેનાઈઝ્ડ આયર્ન, એનેમલ્ડ વેર્સ, ટાંકીઓ, બોઇલર, બાલદી, તાંબરી ગીન્ની (વોશ બેસીન) તપેલી, લોટા, હાંડી, નાહવાના ટબો, દેગડી, વાટી, લંગડી વગેરે વપરાસના વાસણો,

વાપરવાની બીગત સાથેજ છે.

એજન્ટો જોઈએ છે.

મેનડેટ્સ એજન્સી.

૩૪, નાનાભાઈ લેન, હોર્નબીગેટ, ફોર્ટ મુંબઈ.

નીચલે ઠેકાણે વેચાય છે.

Will fit any Surface

નશરવાનજી ન. નવા, આ૦ પી૦ મારફીટ સામે ધોબીતળાવ ૧૪,
જેહાંગીર મીરઝાંની કું૦,
૧૬૪, હોર્નબી રોડ—ફોર્ટ
XL સ્ટેશનરી માર્ટ–પારસી બજાર
યુનીયન પ્રેસ, ગીરગામરોડ, ધોબીતળાવ

Can be applied by a child

નવરંગ પ્રેસ, બજારગેટ, ફોર્ટ આર. એન. નવાની કું૦ ફોર્બસમાર્ગ ઘેટ.

ડા૦ વામન ગોપાળનું

આયોડાઈઝડ

સાર્સા પરિલા.

સાર્સાપરિલા આજ સાઠ વર્ષથી પ્રખ્યાત અને લાખો દરદીઓએ એનો ઉપયોગ કરી પોતાની નીરશા દુર કરી છે.

લોહી એ મનુષ્ય જીવન છે. તે બગડયું હોય તો અનેક રોગ ઉત્પન થાય છે માટે તે સુધારવા દરેક માણુસને કાળજી લેવી જોઈએ, તેને માટે આ સાર્સાપરિલા વીના બીજી એક પણ દવા લેવાની જરૂર નથી. વળી આ દવા પીવાથી ઉપદંસ એટલે ગરમી અને તેના વડે થતા રોગો—તેમજ લકવા, સંધીવા, ચામડીપર કાળા ડાઘા પડવા, આંગતું સુજી આવવું, શરીરમાં બળતરા થવી, શરીરની ઉપર દેખી સરખા ફોલ્લા થઇ આવવા વીગેરે વીકારો ઉપર આ દવા અકસીર થઇ પડી છે.

શીશી ૧ ના રૂ. ૧॥ ચાર શીશી પીવાથી સારો ગુણ આવે છે પો. જુદું. ચાર શીશી એકદમ મંગાવનારને અર્ધા સહીત રૂ. ૪-૧૩-૦ પડશે.

ડા. ગૌતમરાવ કેશવ એંડ સન ઠાકુરદ્વાર-મુંબઈ.

નવરંગ.

વાંચવાલાયક વાર્તાઓ ને વિષયોથી ભરપુર માસિક.

માલેક અને અધિપતિ—અરદેશર ખરશેદજી કેશાઇ.
ઑફિસ—૨૩૭, ખન્નરગેટ સ્ત્રીટ, કોટ, મુંબઇ.
વાર્ષિક લવાજમ હિન્દુસ્તાનમાં રૂ. ૪. છુટક નકલ ૮ આના.
પ્રદેશમાં રૂ. ૫.
૮ માં સાલના ગ્રાહકોને મી૦ કાબરાજીની 'દલજગ દલેર'ની વારતાનુ પુસ્તક ભેટ

પુસ્તક ૮ મું. ઓકટોબર, ૧૯૨૨. અંક ૨ જો

અનુક્રમણિકા.

મોતનો કાપ। (ચાલુ વાર્તા)	અધીપતી.
ભારતની પૂજા (કવિતા)	અરદેશર ફરામજી ખબરદાર.
વીરાના લગન (ટુંકી વાર્તા)	"MAVIS.'
પાખંડ પ્રચાર (કવિતા)	ધીરજલાલ મગનલાલ.
ઓલકોહોલ	ધીરજ.
કુમુદનાથ (ટુંકી વાર્તા)	સીતારામ જે. શર્મા.
એક આશંકા (કવિતા)	કાણીદાસ ગીગાભાઈ રાજગોર.
સંસારનો ફાસો. (ચાલુ વાર્તા)	દારાં કાપડીયા.
ઘોડાક જ્વાળામુખી પર્વતો.	J. F. M.
સુબોધ વચન.	મીસીસ ખુરશેદ ફીરોઝ કોટવાલ
રમજે "નવરંગ."	'સમન.'

તૈયાર છે

બાપના શ્રાધ

'નવરંગ'મા બે વર્ષ સુધી એક સરખા ઉમગ ને હોંશથી વંચાયલી અધિપતીન કલમથી લખાયલી સુંદર વારતા. ઉભી આઠ પેજી (મોટી) સાઈઝમાં સુદર ગ્લેઝ પેપરો ઉપર છાપેલાં ૨૨૫ પુષ્ઠો અને કપડાંનું સુશોભીત પાકું બાયન્ડીંગ.
કીંમત રૂ. ૨॥. પોસ્ટેજ આના પાંચ વધુ.
મળવાનું ઠેકાણું:-
નવરંગ પ્રેસ, ખન્નરગેટ, કોટ, મુંબઇ.
જેહાંગીર બી૦ કરાણીના છોકરાઓ,
પારસી બન્નર, કોટ, મુંબઇ.

લશ્કરી નોકરી ઉપરથી ફારેગ થઇ પોતાને વતન આવી રહેલો હતો. તેની ઉપર વરસાવવામાં આવેલાં માનપાનથી તે નહાસી છુટેલો પોતાનાં ગામડાંના સુંદર પણ એકાંત મકાનમાં ભરાઇ રહ્યો હતો. તેની એ વિચિત્ર વર્તણુકથી બરાકે તેના એ નમાલાપણાથી તેના અંગત મિત્રો દિલગીર થયા હતા. તેના રમુજી મતકઓલા સ્વભાવમા એટલો મોટો ફેરફાર થયલો જોઇ તેઓ બચ્ચીતીજ ખરે મને બેદ પામ્યા હતા. તેના સ્વભાવમાં થયલા એ ફેરફારની વાત તેને કોઇ આપતું હતું ત્યારે તે બીજવાઇ જતો હતો.

પણ તેના મિત્રો માટે એક બીજી અજમાયશી તેને માટે અનુભવવાની હજી બાકી રહી હતી. એક નવેમ્બર માસની સહવારે એક હિન્દુસ્તાની બાયા એક નહાના બાળક સાથ ઓચીંતી તે પાર્કમાં આવી ચઢી અને થોડાજ વખતમાં વાત ફાટી નીકળી કે તે સર જોનની પુત્રી હતી.

સર જોને તે વાત ખોટી પાડવાની કે સાચી તરીકે કબુલવાની કશીજ કોશીશ કરી નહીં અને, તેથી, બ્લેરઉડના, તે નહાના ગામડાના લોકોમાં ભારે ચરચા ઉપસ્થિત થઇ. તે બાળકી ની માપને માટે કશુંજ સમજાયુ નહી અને નિંદાખોરોની બારીકમાં બારીક જુસ્તેજ્જે છતાં કશી બાતમી તે વીશે મળી શકી નહીં.

છેવટે બ્લેરઉડનાં રેકટરને એ વિશે સર જોનને મળી કશો ખરો ખુલાસો લાવવા માટે નિંદાખોરો તરફથી ઉશકેરવામાં આવ્યો અને તે બાપડો એક દિવસ બીહીતો ડરતો સર જોનની મુલાકાતે ગયો. તેણે ભારે નાખુશી સાથજ ઉપલુ કામ કરવા માથે લીધું કેમકે ગામડાંના વગવાલા લોકોના મનને રાજી રાખ્યા વિના તેનું ચાલે એમ નહોતું.

"હું એ વીશે આશા રાખતોજ હતો, મી૦ વેસન્સ," રેકટરની આમદનું કારણ તેની મારફતે જાણી લઇ તે બેરોનેટે ઠંડાઇથી કહયુ.

"ત્યારે તો, સાહેબ, મારી કેટલીક મુશકેલી હું દુર થયલી માની લેવું?" તે રેકટરે હીમત પકડી કહ્યું

"મારે કંઇજ કહેવું નથી," સર જોને કહ્યું, "કંઇજ નથી."

"પણ-પણ સાહેબ, તમે જરા તમારા આલા મરતબાનો વિચાર કરી જુઓ, તમારે કેવી વતર્ણુક ચલાવી ગામડાંના સામાન્ય વર્ગમાં સારો છાપ—"

"હા-હા તે હું બધુ સમજું છું," સર જોને તેને ટુંકામાજ ડારહ્યો, "પણ થોડીક નિંદાખોર જીભલીઓની જીજ્ઞાસાઓને તૃપ્ત કરવાની મારી ઇચ્છા નથી. અને હું ધારું છું મી૦ વેસન્સ કે એ બાબત તમો ફરીથી મારી સાથ વાતજ ન કરશો."

"એ બચ્ચાને બાતર પણ નહી?" તે પાદરીએ બીજી રી। વાત કઢાવવાની પેરવી કરી, "તે એક દિવસે મોટી થશે, અને—અને—"

"હું ફકટ એટલુંજ કહીશ." સર જોને જરા ગુસ્સે થઇ જણાવ્યું, "હું ફકટ એટલુંજ કહીશ, મી૦ વેસન્સ કે એ મારી દીકરી છે અને એ મારી તમામ મીલકતની દાવાદાર વારસ છે. હવે મેહેરબાની કરી એ વિષય ઉપર એક શબ્દ પણ ન બોલશો. તમો જુવાન છો અને મારી તમને સલ્લાહ છે કે જો તમો ઇજ્જત પ્રાપ્ત કરવા ચાહતા હોવ તો નિંદાખોરોને મચક ન આપશો. અડગ રહો, અક્ષયતાં પૂરતા વિવેક સાથ અને તમારા અંતઃકરણના

પડધાનેજ પ્રધાનપદ આપી તેના હુકમ અનુસારજ વર્તજો. મી૦ વેલન્સ આજે અત્રે આ બાબ વાત છેડવા આવવામાં તમોએ ખોટું પગલું ભર્યું છે."

"ઠેંક યુ, સર જોન," તે જવાન પાદરીએ લગરીક લજવાઇને ઉત્તર આપ્યો, "હું તમા શીખામણ માથે ચઢાવું છું. હું એ ઉંડી નશીયતના શબ્દો કદાપી ભુલનાર નથી. પણ ત તેમ કરવા ને રહેવા માટે ઘણું ખમવું પડશે."

"તમારી મુશકેલીઓમાં હું સદા તમારી સાથેજ રહીશ, મી૦ વેલન્સ," સર જોને બાત આપી અને તે પછી તે જવાન પાદરી ત્યાંથી વિદાય થયો.

એ મુલાકાત બાદ તેઓ ઘણા ગાઢ મિત્રો બન્યા, અને કદી ફરીથી તેઓ વચ્ચે બાળકની માતા સંબંધી વાત અનાયાસે ઉભી થવા પામીજ નહીં

વર્ષોના વિટવા સાથ તે બાળકી મોટી થઇ. બાર વર્ષની વયની થતાં તેણીને બ્લેરવુડ તેણીની લશકરાસુ દાવા સાથ કેઠે મોકલી આપવામાં આવી અને છ લાંબા વર્ષો લગીક એ ઉડમાં તેણીને કોઇ જોવા પામ્યું જ નહી. એ વરસો દરમ્યાન તેણીને ફ્રાંસ, ઇટાલી અને જર્મ મધે કેળવવામાં આવતી હતી એવી બ્લેરવુડના લોકોમા વાતો ચાલતી હતી અને એ બ વખત મર જોન પણ બ્લેરવુડનો પોતાનો બાદશાહી બ્લેરવુડ પાર્ક બંધ કરી દુનિયા મુસાફરીએ નીકલી પડયો હતો.

પણ અંતે પાછા બ્લેરવુડ પાર્કમાં વસ્તીનાં ચિન્હો દીસવા લાગ્યાં. તે આખા મહેલ નવેસરથી રંગ અને ચુનાથી સાફસુફ કરી સુશોભીત બનાવવામા આવ્યો અને એક દિવસે સ જોન રટર્ન પોતા સાથ એક પરિસુરત છોકરી લઇ તે ભવ્ય મકાનમાં પાછો ફર્યો. તે છોકરી ગજબ્બ ફેરફાર થઇ ગયો હતો. તે મહાલયના નોકર ચાકરો વડીક તે ફેરફાર જોઇ ચકિત ૪ ગયાં. શું આજ મીસ એલઝી હતી? સર જોનની દીકરી! હા, તેઓએ અંતે તેણીને પીછાણ તે ખુબસુરત બાળા વર્ષો ઉપર હિન્દુસ્તાની દાયા સાથ એકાએક આવી ચઢેલી સર જોન દીકરી હતી.

પ્રકરણ ૨.

મીસ એલઝો, સર જોન રટર્નની ખુબસુરત પુત્રી, પોતાની આમદની ઘડીકાથીજ બ્લેરવુડ લોકો વચ્ચે માનીની થઇ પડી હતી. તેણીની અનુપમ સુંદરતાએ, તેણીના પ્રભાવશાળી મુ ડાએ અને ઉમદા વિનયે દરેકના મન જીતી લીધાં હતાં. બ્લેરવુડ આવ્યાને વર્ષ થઇ ચુકયાં હતાં. હાલમાં તેણીનો પીતા લાંબી મુદતથી તબીબોને ગુચવાવનારી એક હઠી બિમારીથી પટકાઇને પોતાના રૂમમાં પડયો હતો. ડોકટરો તેને શું હતું તે પારખ શકતા હતા નહીં. તે દિવસે દિવસે નબળો ને કાહેલી થતો ચાલ્યો હતો. અને હમણા બાસલથી અધો ઉપર ટચાક થયેલો જણાતો હતો.

"મને બીહીક છે કે હવે માહરો અંત નજદીક આવ્યો છે." તેણે એક વેળા ડોકટરને કહયુ, "હું તો મરવા ઘણો ખુશી છું, ડાકટર, પણ માહરી વ્હાલી ઔલઝીનું શું થશે તે વિચાર મને સંતાપે છે."

"એ શું ધેલુંગાંડુ બકો છો, સર જોન," ડોકટરે તેના મનનુ સમાધાન કરવા દિલાસો દીધો, "એ તો માત્ર તમારા મનનો ધખારો છે. તમારે વીષે મેં ઘણા નામાંકીત તબીબોના અભીપ્રાયો મેળવ્યા છે અને તેઓમાંનો એક બી કશા પણ માઠા બનાવની સહજ પણ ધાસ્તી રાખતો નથી."

સર જોન તે સમજી હસ્યો.

"જો હું તમને તમારા બચપણથીજ પીછાણતો ન હતે," તે ડોકટરે આગળ ચલાવ્યું, "જો તમારા સ્વભાવ ને ખાસપતથી હુ બીનવાકેફ હતે અને જો તમે કશું બી ગલીચ કે નાલાયક કામ કરવા કદી પણ ન પ્રેરાવો એવા છો એ હું અધ્ધાપુર્વક જાણતો ન હતે તો હું એમજ ધારતે કે પલતાવાના ફીકરથી તમારૂં જીગર ખવાઇ જઇને તમારી જીંદગીની જોત બુજાય છે."

સર જોન તે સમજી ચોંકી ઉઠયો. તેની આંખોમાં હેબત વ્યાપી રહી.

"પસતાવાનો ફીકર!" તે બબડને સાદે ધીમેથી બોલ્યો, "શું તમે મને કોઇ પાટકી કર્મ માટે દોષીત માનો છો?"

"હું તમને કોઇ પાટકી કર્મ માટે દોષીત માનુ?" તે ડાકટરે સર જોનની વર્તણુકથી આશ્ચર્ય પામી ધીમેથી કહયું, "એ શું ગાડીયેની વાતો કરી રહયા છો, માહરા પુરાણા રફીક?"

તે ડાકટરે તેનું ઉશકેરાઇને ઉચું થયલું માથું તકયા ઉપર સરખું કર્યું.

"ડેનવર, મને એકજ ચીઝથી રાહત મળી શકશે એમ હું માનું છું." સર જોને થોડી વારે કહયું, "હું જુની જગ્યાઓ ફરી જોવા આતુર છુ. મને તેમાંથી જરૂર રાહત મળશે."

તે ડાકટરે પોતાના દરદી તરફ વિચિત્રતાથી જોયું.

"એ એક બીજો ધખારો છે." તે બબડયો અને પછી મોટેથી વધાર્યું, "તમારી હાલની નબળી સ્થિતિમાં એ વિચાર કરવો પણ હાનીકારક છે. મીસ રટર્ન તરફની તમારી ફરજો શું તમે તમામ વિસરી ગયા છો? અને શું તમે તેને તમારી સાથ દુનિયાના તે ઉજ્જડ ભાગમાં રઝડાવશો?"

"નહી. જો જવા જેટલી માહરામાં શકિત આવશે તો હું માહરા વૅસેટ મારકહામ સાથ એકલોજ જઇશ," સર જોને કહયું, "તે માહરો વિશ્વાસુ ને પ્રમાણીક નોકર તેમજ સાથી છે તે આજે બેતાલીસ વર્ષો થયા માહરી તહેનાતમા છે."

થોડો વખત પછી ડો૦ ડેનવર ગયો, અને સર જોન વિચારોમાં પડયો. તેની આંખો વિચિત્ર ચમકારા મારી રહી હતી, તેના અવયવો કડકડી રહયાં હતા.

"હા," તે બબડયો, "પાક ખુદા? તેં એ ખ્યાલ મને થોડોક પહેલો, હું જરાક શકિત ધરાવતો હતો ત્યારે કાં ન સુઝાડયો. અહીં આમ પડી રહીને સડવા કરતાં તેમ થવા પછી

કદાચ ભવિષ્યના વર્ષોમાં સુખ માહરે માટે નિર્માણ થી હશે. એલઝી હવે તો સમજની ને પુરતી ઉમરની થયલી છે. એકકલ હોંશીયારી ને ચાલાકીમાં તેની મરનાર મા કરતાં પણ તે વધું ચંચલ છે. અનેક મરતબા મને અજાયબી લાગે છે કે એને માટે મને ધીકકાર ઉપજતો કેમ નથી ? એ મને પ્રાણથી થી પ્યારી કેમ લાગે છે ? જો હું એને માટે માહરો બેતાબ નહી કાઢત પાડી શકશ તો માહરી પૈકે પૈ તો એનીજ થશે." તેજ વેળા તે બેરોનેટના છાગરમાં એક ચમકો તુટ્યો હોય એવો અકડવકડનો દેખાવ તેણે રપષ્ટ કર્યો.

"શું એ બ્યાજ થી થશે ?" તેણે પોતાના મન સાથ તકરાર કીધી, બસ્કીનજ ! હું એ માહરા સગા માટે જાણું છું થી શુ ? એક બેરીસ્ટર, અથવા એવું કંઇ શીખેલો એક લુચ્ચો, જો તે પોતાના મરનાર બાપના જેવોજ હોય તો ! માહરી નબલાં મગજની બહેનને ફોસલાવવા ને ફસાવવા માટે હું એને માહરા અંતઃકરણથી ધીકકાર છું. અને તેણીનું શું ? તેણીને કદી ન માફ કરવાની મેં પ્રતીજ્ઞા લીધી છે. અને તે પ્રતીજ્ઞા હું માહરા મોત તુલીક પાલશ. એલઝીજ માહરો એકલો વિચાર છે અને રહેશે, અને જો માહરૂ છગર તે લોહીના-રાતા ડાઘથી રંગાયલું ન હોતે તો-ઓ !" તેણે દહેશતથી પોતાના હાથો જોડી, પોતાની નશમો અદ્ધર હવામાં ટાંકી મુકી. તેની નશમોમાં કોઇની માફીની તલબગારીનો આજીબ પ્રકાશ પ્રકટી રહ્યો.

તેજ સમયે તેની પુત્રી એલઝી ત્યાં આવી ચઢી અને પોતાના પીતાનો એવો બેબાકલો અવતાર જોઇ ચોંકીને તેની નજીક દોડી.

"પપા ! ઓ પપા !" તેણીએ પોતાના નાજુક કરો તેના ગળાં આસપાસ હેતથી વીટાળ્યા અને તેના ગાલો ગરમ ચુમ્બનોથી ભરી મુકયા

"માહરી બ્હાલી," તે બોલ્યો, "તું શાથી એટલી બીહીધી ?"

"તમારો ચહેરો એવો તો ફેરવાઇ ગયલો ને વિચિત્ર લાગ્યો કે મને ધસક પડી. જાણે તમો દુશમન મરવા પડયા હોય તેવો ભયાનક દેખાવ હતો. ઓ ! તે કેટલો ભયકર હતો ?" તેણી તેને પાછી વળગી પડી. સર જોને હેતથી તેણીને છાતી સરસી ચાપી દિલાસો દીધો.

"માહરી બ્હાલી," તે બોલ્યો, "મને કંઇ નથી. તું કે ડો૦ ડેનવર ધારે છે તેથી હું અર્ધો થી બિમાર નથી. મને ઉમીદ—ખાતરી છે કે હું ચંદ રોજમાં બીલ્કુલ રાઇટ થઇ જાવશ. જો હું લેહનું પાણી પી શકશ તો."

"ઓ તમે બધું શું 'ફની' બોલો છો, પપા ?" એલઝીએ અધીરાઇથી કહ્યું. તે તેને આતુરતાથી જોઇ રહી કેમકે ડો૦ ડેનવરે તેણીને ચેતવણી આપી મુકી હતી કે જો સર જોન કંઇ વિચિત્ર પ્રકારની વાતો કરે તો તેણીએ આશ્ચર્ય ચકીત થવું નહી.

"ફની ! જરા થી નહીં. એ તો હીચકારી વાત છે-ઉલટી હીચકારી. માહરી દીકરી, એ બોલો વીસરી જાજે. માહરી ડારલીંગ, અહીં આવ, જરા ઓરડાનું બારણું બંધ કરીને માહરી નજીક આવ માહરે તુને કંઇ કહેવું છે."

એલઝીએ ધડકતાં હૃદયે તેનો હુકમ બજાવ્યો.

—:o:—

પ્રકરણ ૩.

—:o:—

"માહરી ડારલીંગ," સર જોને એલઝીને પોતાની બાજુમાં બેસાડી કહ્યું, "હું બીસ વરસ ઉપર થયાનો બિમાર છું. શરીરે નહી પણ આત્માએ. અને હવે તે બિમારીની અસર માહરી ઉપર થવા લાગી છે; અને તે મને અંતે મારી નાખશે, જો તેમાંથી હું બચવાનો કારગત પ્રયત્ન ન કરીશ તો. મેં માહરી શુરૂઆતની જીંદગી માટે કદી કોઇ સાથ વાત કરી નથી તે વખો વાસ્તેની કે જે દરમ્યાનમાં મેં હિન્દુસ્તાનમાં પગ મુકયો હતો અને માનચાંદોની જબરદસ્ત લડાણી સાથ માહરે વતન પાછો ફર્યો હતો. મને શુરવિરો માહેલા શુરવિરની પદવી મળી હતી પણ અંત કરણે તો હું એક તમામ હીચકારો નામર્દ છું."

"ઓ, નહી પપા, એમ હોય નહીં. એવી મને અણગમતી વાત ના કરો."

"ચુપ !" તે બેરોનેટ કડકાઇથી બોલ્યો, "તું શું વિચારી રહી છે તો હું સમજી ગયો છું. પણ ડેનવર, તેની આંતરીક ભલી ઇચ્છા છતાં, તો મહા મુર્ખ છે. હું માહરી પુરી શુદ્ધીમાં છું. હુ માહરા અંતરની તમામ ભાવના આજે, ઓખલી તાહરી સમક્ષ ખુલ્લી કરૂં છું અને તેમ કરી જાણવા પણ ઇચ્છું છું કે તેમ કર્યાથી માહરી પાછળ ભગતો આકાર કે અર્થ વિનાનો એ ધખારો કે શાપ–તે જે હોય તે ખરો છે યા ખોટો. હું મારફ–હામ સાથ તુરતમાંજ હિન્દુસ્તાનની સફરે જવા માગું છું અને ત્યાં માહરી શોધખોળોનું જે પરીણામ આવશે તે ઉપર માહરાં ભાવી સુખદુઃખનો આધાર રહેલો છે."

,'પણ, પપા તમે ઘણા બિમાર છો," એલઝી પોતાના પીતાના દુઃખથી દાઝી જઇ ભાષાથી બોની ઉઠી, "તમે મુસાફરી કરવા લાયક સ્થિતિમા નથી ! પણ જો તમારે જવું જ હોય તો મને સાથે લેજો."

"નોનસન્સ !" તેણે પુનઃ બીજવારને ચલાવ્યું, "એ તો ડેનવેર કહે છે કે હું બિમાર છું. મને નબળાઇ સિવાય કંઇજ દરદ નથી. હું મરવા પડયો છું કેમકે માહરા એક ઘાટકી કામની સામે માથું ઉંચકી જોવા જેટલી હીમત હું એકઠી કરી શકતો નથી. માહરૂં એ મોટું હીચકારાપણું માહરી બિમારીનું મંડાણ અને મુલ છે. પસતાવાનો કાટીલ કીડો માહરી જીંદગીને કોરી ખાઇ રહ્યો છે. ઓલઝી, માહરી લાડલી, મને સમજી લે. માહરો નિશ્ચય કશાથી પણ ડગનાર નથી. હું ખુદા પાસ માંગી લઉં છું કે મને ઝાઝો વિલંબ ને લાગે. પણ–પણ–જો કદાપી હું પાછો નજ ફરૂં તો–તો–"

"નહીં ! નહીં !. એવી ભયંકર વાતોજ તમે ના કરો, વહાલા પપા," એલઝી દુઃખથી પુકારી.

"ઘેલી છોકરી ! મહરે દરેક બનવાકાળની કાળજી રાખવી જોઇએ. કદાચ વહાણ હુંબે યા ત્રેનને પ્રાણઘાતક અકસમાત નડે કે જેમ ઘણી વાર ઘણાઓના બાબમાં બની ચુકયું છે. તેથી હું ફરીથી કહું છું કે જો હું પાછો ન ફરૂં અને મહરા મરણના સમાચાર તને સતાવાર મળે તો તે વેગા એક કાગળોનું બંડલ જે હું તાહરી સંભાળમાં આપી જાઉં છું તે ઉઘાડી વાંચવાની માહરી તુને રજા છે. તે બંદબ માહેલાં પત્રોમાં માહરી તે જીંદગીનો તગામ હેવાલ

છે કે જે બીજાઓની જાણમાં સહજ પણ નથી. તેમાં તાહરી મરનાર નેક મા ભાંટે પણ લખેલું છે અને એક નીચ માણસના દગા અને ઉપકારના બદલામાં કરેલા મહા• અપકારના ભયંકર પ્યાસો પણ આપેલા છે."

"ઓ પપા, તમારે લગની એવી બધી ભયંકર બાબતો ન કહો, ન બોલો હું તમને એટલા ચાહું છું કે એ વાતોની માત્ર યાદજ મારૂં જીગર વિંધી નાખે છે !"

"હા !માં મારે માત્ર એટલુંજ કહેવાનું છે," તેણે માયાથી આગળ ચલાવ્યું, " કાલથી બેાર દિવસો હું ધરબતલાને લગતા આગતપના કામોમાં બાસ રોકાવશ. એલઝી, હું તારે માટે ઘણો સા"ા અને સલામત બંદોબસ્ત કરી જવશ. કેડી હેલીના ફીમેન તું ધરબતલો ચલાવવાને લાયક થાય તેટલો વખત બુશી સાથ બધુ સંભાલી લેશે. એ બાબતમાં મને કશી વાતની ચિંતા નથી સિવાય કે તારેા નીમકહરામ કઝીન નોએલ ફ્રેમ્બેલ પેાતા ી બુંડી મતલબને ખાતર તુંને ફોસલાવે."

"નોએલ ફ્રેમ્બેલ !" એલઝી બોલી, "પપા, એનેા કંઈ તમારી ઉપર બાસ હક છે ?"

"એનેા હક તે શું હેાય ?" તેણે કડવાસથી જાણવા ઇચ્છીયું; "તે આપણેા એક ભીખારી સગેા છે ! એલઝી, હું એને ધીકકાર છું, જો કે તે મારેા એક પુરેાજ જીવતો સ્નેહી છે."

"પણ તમે તેા તેને કદી જોયેા બી નથી, પપા !"

"શા માટે જોવું ? શું તે મારા પાકા મુદ્દાઇનેા દીકરેા નથી ? શું એ મારી તે બહેનનેા દીકરેા નથી કે જેણીએ પેાતાના અવિચારી ને નબાજબતા કૃત્યથી મને જીંદગી ભર દુ:બી કર્યેા છે. તેને લીધે તેા મેં એક ચીજ છોડી દીધી છે કે જે મારી જીંદગીને ઉજવળ તે જીવવા લાયક બનાવતે.

મેં કસમ લીધા છે કે હું તેણીને કદી માફ ન કરશ, તેણીના ચહેરા સામુ કદી ન જોવશ તેમજ તેણીનાં બચ્ચાં સાથ પણ તેણીની મુબાફેકજ બવિષ્યમાં વર્તેશ. બીસ વરસની વાત ઉપર મારી બાતરી થઇ હતી કે તેણીનેા હુબ્બેા બરબાર પેાતાના કરતુકને ફેજે પુગવા ટૈનજબ મણી ચાલતેા થયેા છે, ત્યારથી મેં તેણીને વાર્ષિક બે હજાર પાઉન્ડની રકમ બાપતી કરી છે. તે જીવતે ત્યાં તુબીફ તે તેણીને મળશે. જ્યારે આ તેણીના દિકરાને તેની માતાના મરણ પછી એક ફૂટી કદામ પણ મળશે નહી ! એ તેા શક વિનાની વાત છે કે એ છોકરાને મારે પૈસે કેળવણી મળી છે, વેલ, હવે તે કેળવણીનેા ગમે તેવેા બબેા બુંડેા ઉપયેાગ કરી તે પેાતાનું ફેાડી લેશે. તેને મારી ઉપર તે સિવાય કેાઇજ હક નથી."

સર જોનની આખમાં તે બોલતાં ગુસ્સાના જવાળા જળી રહયા. એલઝી તે જોઇ થરથરી ગઇ.

"પપા," તેણી જરાવાર રહી બોલી, "હું બુશી છું કે એ બધું તમે મને કહયું. મારી બેાજ બધા બંતરની ઇચ્છા છે કે એ સર્વ બિપત્તીનાં વાદળેા બિખરાઇ જાય અને તમે આગળ જેવાજ તંદરેાસ્ત અને બુશહાલ બનેા. તમે સમજી શકશેા નહી કે તમારી બા બિચિત્ર બંદગીથી મને કેટલું દુ:બ ઉપજે છે. તેણે મારી જીંદગી ની બધી મેાજ બુંચવી લીધી છે. બીજી મારી ઉમરની છોકરીઓ માફક મને કશામાં મજહ કે આનંદનેા અનુભવ, તેથી, થતેા નથી. હું-"

"ચટ ! ચટ !" તેણે હસીને એલઝીને પેટમાં ઘાંપી સમજાવી, "મારી વ્હાલી દીકરીએ એવા નાખુશ મુડમાં વાતચી કરવી ન જોઇએ. તું મારી વ્હાલી દીકરી તો લાખમાં એક મળે એવી રૂપસુંદર છે. ઇંગ્લાંડની ખુબસુરત કન્યાઓ તારી ખુબસુરતીની અદેખાઇ કરે છે. તારો મેળો તું શુ ભુલી ગઇ ? લુચ્ચી છોકરી, શું તું એ થી વિસરી ગઇ કે એક સો ગાડાં ભરાય એટલા જવાંનો તારી ઉપર લટકુ છે."

"પપા, તમે અસુખી હોવાથી મને જીંદગીમાં મઝાહજ લાગતી નથી," એલઝીએ ગરમ દીલસોઝીથી વધુ ભાર મેલીને કહયું.

"શું તું મને દુનિયામાં સર્વથી વધારે ચાહે છે?"

"ઓ, બચ્ચીતજ !"

થોડીક ક્ષણ તે રૂમમાં ચુપકીદી ફેલાઇ. પછી સર જોને એકાએક પુછયું. "કંઇ મારા ખાનગી કાગળો આવ્યાં છે, એલઝી ? મારા બીઝનેસને લગતાં કોઇજ નહીં હું; તે બધાંનું તો જેફરીઝ ફોડી લેશે. હું જાણું છું કે ડો૦ ડેનવરે મને એ વીશે પણ ત્રબલ ન આપવા તમને શીખવી રાખ્યાં હશે. પણ ડોકટર બાપડો શું સમજે ? ના, હવે તું મારૂં દરદ ડાકટર કરતાં જાસ્તી જાણી ગયલી હોવાથી મારાં કંઇ ખાસ અગત્યના કાગળો હોય તો લઇ આવ."

"હું તપાસ કરૂ છું" એલઝી બોલી, "પણ મને બીહીક છે કે ડોકટર જાણશે તો મને બરાર ઠપકો આપશે "

તેણી તે રૂમ છોડી ગઇ, પણ થોડીક પળોમાંજ હાથમાં બે કાગળો સાથ પાછી ફરી. તેણીની પાછળ એક નોકર બતીઓ લઇને આવ્યો. તે પોતાના શેઠના સુધરેલા અવતારને જોઇ થોડો વિસમ્ય ન પામ્યો, કેમકે સર જોનના ચહેરામાં એલઝી જોડેની વાતચીત પછી ઘણો આવકારદાયક સુધારો ખુલ્લો થયો હતો.

"શું મારાં ઘરમા હું કંઇ છેકજ બચ્ચુ છું." તેણે તે કાગળો ઉપરની તારીખ જોઇ છેડાઇને કહ્યું. "આજે આઠ આઠ દિવસો થયાતુ આ કાગળ આવ્યું છે ને મને દોઇ દેખાડતું બી નથી."

"ડાકટરની મનાઇ હતી, પપા." એલઝી એ ટુંકમાં પતાવ્યું.

તેણે એક કાગળ ફેંકયું અને વાંચ્યું, તે વાચતાં તેના ચહેરા ઉપર બીજવાત ને ગુસ્સાના ચિન્હો ભભડી ઉઠયાં.

"વ્હાલા મામાજી,

તમે મારા છેલ્લા પત્રનો કશો પણ ઉતર આપેલો ન હોવાથી હું ફરીથી લખું છું. હું બાર મેલીને જણાવવા ઇન્તેજાર છું કે મારી મુલાકાત તમારે થોડીક પળો માત્ર બી લેવીજ પડશે. હુ જે કહેવા માગું છું તે લખી મોકલાય એવું નથી. મામાજી, થોડોક વખત મારા મરહુમ પપા ને કમનસીબ મામાજીને હાથે બનવું પડેલું દુઃખ વીસરી જાઓ. તમારો હુ મોટો ઋણી છું અને તે ઋણ હું કોઇ દિવસ અદા કરવા આતુર છું. જો મને આઠ દસ દિવસમાં આ પત્રનો જવાબ ન મળશે તો તમારા ગુસ્સાની જોખમદારીએ પણ હુ જાતે તમને બ્લેરઉડ પાર્કમાં

મળવા આવશ. મારી કઝીન એલઝી અંદર પણ એ વેઠ ઉઠાવવાની. હું મારી ફરજ સમજું છું, કે જેણીને મેં આજ તુલીકમાં કદી જોઇ પણ નથી.

તમારો ભાણેજ;
નાઝેલ કેમ્બેલ."

"લુચ્ચો!" સર જોને તે કાગળ ગુસ્સાથી ફેંકી દઈ પુકાર્યું, "મારી સખાવત ઉપર જીવીને મુંગો મરી બી નથી રહેતો, પણ કંઈ નજરે બહાણે મને રૂબરૂમાં મળવા ઉપરથી દબાણ કરે છે. એનો બાપ તમામ ઠગારો હતો—પીકચરો વેચીને તે ગાનુ બજાણું કરીને પોતાનું પેટ ભરતો હતો અને તેનો આ બેબહબ દુકનો તેના કરતાં ચાર ચાસણી જસ્તીજ ઠગારો દીસે છે. કસમ પરવરદીગારના! જો એ કમબખ્તને હું બ્લેરઉડ પાર્કના દરવાજાની બહાર ઉપાડીને નહીં ફેંકી દેવાડું તો!"

એલઝી પોતાના બાપનો ગુસ્સો જોઇ તરખાટ ગઇ.

"મારકહામને મોકલ," સર જોને ગુસ્સાથીજ કહયું, "એ નોએલ કેમ્બેલને કેમ આદર દેવો તે હું તેને સુચવી મુકું." તે મોટા તુચ્છકારનું એટલું તીખાશથી બોલી હસ્યો.

"એલઝી, આ કાગળ જોઇએ તો ઉપાડીને વાંચ, કે તું બી એ તાહરા નમુનેદાર કઝીનના અક્ષરો જોઇને પીછાણે. આવ મુડ નાબટ, મને કીસ કરીને જા" તેણે માયાળુ અવાજે કહયું, "અને સવારે તું મને હમણા કરતા ઘણી તંદરોસ્ત સ્થિતિમા જોશે. ઉભી રહે, મને એક ગીત ગાઇ સંભળાવ. મારી આગળ એક લડાઇને લગતુ દીલઉશકેરનારૂ ગાયન ગા. જાણે લશકર કુચ કરે છે, આંધળો ઘસારો કરી, દુશ્મનને શીકસ્ત આપે છે કે જે સાંભળી મને મારી જવાનીના કીર્તિવાન બનાવેાની યાદ કરી મજીવન થાય."

એલઝીએ પોતાના વૃદ્ધ પીતાને ખુશી કરવા તેવું એક લડાઇને લગતું દિલઉશકેરનારૂ ગાયન ગાયું. તે સાંભળી સર જોન લડાઇને લગતા સ્વપ્નાઓ, જોવામાં નિમગ્ન થઇ ગયો. વિજયપંત લશકરના હુરરેના પુકારો અને બેન્ડના શરૈદોથી તેનું મગજ બત્રીત બની આવ્યું. તે બધા બનાવોનો જાતી અનુભવ તે વૃદ્ધ સીપાહ બન્યાને પોતાની જવાનીની કારકીર્દિમાં થયો હતો.

સ્વપ્નાઓ—ખુશામ સ્વપ્નાઓ તે જોઇ રહયો હતો, તેટલા સીન ફેરવાયો. સુર્ય અસ્ત પામી રહયો હતો. એક ભયંકર યુદ્ધ તુરતનુંજ બનવા થયું હતું. સુર્યના અસ્ત પામતા રાતાં કીરણો રણમેદાનમાં પડી રહ્યાં હતાં. તે સમયે એક લશકરી અમલદાર મુવેલાઓ ને ઘાયલ થયલાઓ વચ્ચે ફરતો હતો. તે સીપાહ એક પોતાના ગોઠ્યા આગળ થોભ્યો કે જેણે ઘણીક મહાભારત લડાઇઓમાં તેની સાથ અગ્ર ભાગ લીધો હતો. તે અમલદારે તેના ગમ તીરસકારથી જોયુ। તેણે લાત મારીને પોતાની નજીકથી દુર કર્યો અને તે બાપડાના 'મદદ' અને 'પાણી'ની માંગણી માટેના કરગરતા પોકારને ન ગણકારી તે આગળ ચાલતો થયો.

સર જોને તે દેખાવ જોઇ પોતાની આંખો પોતાના હાથોથી બંધ કરી દીધી. અને એક સાદ હાક મારી. તે ઘાટકી અમલદાર કોઇજ નહીં પણ તે પોતે હતો!

એલઝી ગાયન પુરૂં થતાં તે રૂમ ધીમેથી છોડી ગઇ, તે પોતાના પીતાને નિદ્રાવશ થયેલો માની ગઇ હતી. તે મારકહામના રૂમનુ બટન દાબી, નોએલ કેમ્બેલનું કાગળ વાંચવા પોતાના રૂમમાં ગઇ.

તેણીએ હોલમાં ડો૦ ડેનવરનો વાત કરવાનો અવાજ સાંભળ્યો, તે ઉશ્કેરાયલો બોલતો હતો. લેડી હેલીના ફ્રીમેન સાથ તે વાત કરતો હતો.

"એ કંઈ ચાલશે નહીં." ડો૦ ડેનવર ગુસ્સામાં બબડ્યો, "જો હું સર જોનને બચપણથી પીછાણતો ન હતે તો હું એક ઘડી બી આ ઘરમાં ન થોભતે. મારા ધંધાની નોકજ એમાં શું રહી?"

"શું કરવું તે હું સમજી શકતી નથી?" લેડી હેલીના ફ્રીમેન બોલી, "તેનો ચોખ્ખો હુકમ છે કે મારકહામે કોઇને પણ તેના રૂમમાં આવવા દેવું નહી. તે કહે છે કે તે સારી કાંની છે પણ થોડા દિવસ કોઇ સાથ વાત કરવા કે મળવા રાજી નથી."

"એમ મને પણ?" ડોકટર ગુસ્સાથી ઉછળ્યો, પણ દૂરથી એલઝીને આવતી જોઇ તે બામોશ થઇ ગયો. અને થોડીક એસાર પેસાર બાતો કરી તે ચાલતો થયો.

"પપા, હોલમાં સારા મુડમાં ને કનડીશનમાં છે, લેડી હેલીના," એલઝીએ કહ્યું, "તેવણ હસીને કહે છે કે ડોકટર ડેનવર તેવણની એવાં દરદ માટે દવા કરે છે કે જે દરદજ એવણને નથી એવણનો વિચાર કુકે મુંદતમાં લાંબી દરયાઇ મુસાફરીએ જવાનો છે, જો કે ડોકટર તો તેવણના એ મતની વીરૂધ છે. હું ધારૂં છું કે પપા રાઇટ છે."

"ઓ! ત્યારે આપણને સીઝન લંડનમાં ગાળવાની તક મળશે," લેડી હેલીનાએ તે સાંભળી કહ્યું. પણ એલઝીને મનશે તેના બાપની બિમારી વચ્ચે કોઇ પણ પ્રકારની મોજ બાલીજ હતી એટલે તે ચુપ રહી.

તેજ વખતે એક પુટમેને આવી તેણીનો સમક્ષ એક ટ્રે ધરી કે જેમાં એક વિઝીટીંગ કાર્ડ મુકેલો હતો.

"આ ગ્રહસ્થ, ગ્રીન ડ્રોઇંગ રૂમમાં બેઠેલા છે, મીસ સ્ટર્ન. મેં કહયું કે સર જોન બિમાર છે ત્યારે એવણે તમને મળવા માંગ્યું"

એલઝીએ તે કાર્ડ વાંચ્યો--"નોએલ ફ્રેમ્બેલ."

(સાંધણ છે.)

તાકીદે જોઇએ છે.

'નવરંગ' માસિકના માસ સપટેમ્બર, ૧૯૨૨ ના અંકો. જેટલા આવશે તેટલા રાખીશું. આના આઠ રોકડા આપીશું. માસ સપટેમ્બરના અંકો મોટી સંખ્યામાં વધારે છપાવેલા હોવા છતાં નવા ગ્રાહકોના મોટા ધસારાને તે પુગી શકેલા ન હોવાથી આ માંગણી કરવામાં આવે છે, માટે જે મેહેરબાન ગ્રાહકો ફાઇલો ન રાખતા હોય તેવાઓએ આ માસિકની ઑફીસમાં તુરત મોકલી આપવા મેહેરબાની કરવી.

એક હજાર ભઠ્ઠી દઈ પ્રકાવેલી ઉમદા

અભ્રક ભસ્મ

શક્તિ આપનારો સરવોપરિ સિદ્ધ ઉપાય.

ક્ષય જેવા મહા ભયંકર જીવલેણ વ્યાધિને દુર કરવામાં પણ પોતાનું મોહોટું પરાક્રમ દેખાડે છે. ત્યારે સાધારણ દરદોને મારી હઠાવે તેમાં નવાઇજ શું? અનેક દરદોનો નાશ કરે છે અને અખુટ કૈવત આપે છે તથા શરીરને તેજસ્વી અને મજબુત કરે છે.

કિંમતઃ—તોલા ૧ એકના રૂપિયા ૫૦ પચ્ચાસ.

વિશેષ વિગત માટે પ્રાઇસલિસ્ટ મંગાવો.

વૈદ્યશાસ્ત્રી **મણીશંકર ગોવીંદજી.**

આતંકનિગ્રહ ઓષધાલય—જામનગર (કાઠીયાવાડ.)

આતરનું અમૃતબિંદુ

રજીસ્ટર્ડ નં. ૮૪૧૭-૧૦

સખતમાં સખત માથાનો દુખાવો માત્ર એકજ મીનીટમાં દુર થઇ જાય છે. માત્ર પેટની ઉપર ચોળવાથી પણ પેટમાંનો દુઃખાવો મટી જાય છે. પવન છુટવા માંડે છે. અને બાદી-બદહજમી દુર થાય છે. દાંત અને દાઢનું કળતર એકજ મીનીટમાં શાંત પડી જાય છે. વીંછીના ડંખ ઉપર તો તેનો ચમત્કાર એલોકીકજ છે. ઉંચામાં ઉંચી જાતના કોઈ પણ પેનકીલર કરતાં **અમૃતબિન્દુ** ઘણી ઉંચી જાતની દવા છે. વિલાયતી દવાની દરેક દુકાન ઉપર તે વેચાય છે. હાલમાં તેની કિંમત ૧ સીસી રૂ. ૧॥= ત્રણ સીસીના રૂ. ૪॥= ત્યા ૬ સીસીના રૂ. ૭॥= છે. પોસ્ટેજ અમારે માથે છે બધા દવાવાળા વેચે છેઃ—કેટલોગ મફત મળે છેઃ

પત્રોઃ—"અમૃતબિંદુ" ઓફીસ મુકામ પોષ્ટ-નડીઆદ (ગુજરાત.)

રક્ત શુદ્ધ માટે.

બાદશાહી આયોડાઈઝડ.

સારસા પરેલા.

આ સારસા પરેલાનું સેવન કરવાથી લોહીના વિકાર જેવા કે ચીત્ર પ્રમેહ, ગરમીથી શરીર ઉપર ફુટી નીકળવું, સંધીવા, ખસ ખરજવું, દરાજ, હાડકાંમાં કળતરો, દુખાવો વિગેરે જલ્દી મટાડી લોહી સ્વચ્છ કરી શકિત વધારે છે, ખોરાક પચાવે છે, પારાનું સીસાનું ઝેર, કંઠમાળ, હાડ ગંભીર, જુની ખાંસી, શરીરની ફીકાશ, ધાતુની નબળાઈ વિગેરે ઉપર ઘણો સારો ફાયદો કરે છે. તમોએ બીજા ઘણી જાતના સારસા પરેલા જોયા હશે અને વાપર્યા હશે પણ એક વખત આનું સેવન કરી જુઓ ને ખાત્રી કરો કે બાદશાહી સારસા પરેલા કેવી શરીરને બાદશાહી આપે છે. મળવાનું ઠેકાણું નીચે જણાવ્યું છે.

મહાજનનું વનસ્પતીમાંથી તઇયાર કરેલું

બાદશાહી પેનકુચુરર.

રજીસ્ટર્ડ નંબર ૬૬૫.

(બાદશાહી પેનકયુરર શબ્દ અમારા વેપારીનો મારકો સરકારમાં રજીસ્ટર કરાવ્યો છે.)

આ દવા પીવાથી અને અહાર લગાડવાથી સર્વ રોગ મટી જાય છે. જેવાં કે સાધારણ ઝેરી જંતુઓ તથા વીંછીના ડંખ, છાતીમાંનો દુખાવો, કંઠ વિકાર, કફ, દમ, સળેખમ, સરદી, ગળાની નળી ઉપર આવતો સોજો, બધી જાતના પેટના દુખાવા મટે. અગ્નિનો ડામ અને ચાંદા મટે, પ્રમેહ, આંટણ, ઠેસ, ચામડી છોલાઇ હોય તે મટે, બલમગવાલી ખાંસી, ચાકુ છરીના ઘાવ, અંડવૃદ્ધિ, સંગ્રહણી, કોલેરા, મરડો, અતિસાર, શરીરનો કોઇપણ ભાગ મરડાઇ જાય, હાડકું ઉતરી જાય તે મટે. સાધારણ ગળાનો દુખાવો, કાકડાનું આવી જવું. માથાનો દુખાવો, આંધા શીશી, છાતીમાં દાહ બળતી, તાવ, તાઢીઓ તાવ, અજીર્ણ, વાયો અટકી જાવું, ગળું તથા પેટ એમાં પડતો સોજો, બદહજમી, હાંફણ, ગુરદાના રોગ, હરસ, દરીયામાં પ્રવાસ કીધાથી લાગુ પડતો ઉલટીનો મરજ, કરમ, દાઝવું, બળવું, ટાઢથી શરીરનું ફાટવું, વાળતોડ, ફોલ્લા ગજકરણ, નબ્બર, ગોવર, જુની ગાંઠો, દંતશુળ, માથું દુખવું, માથા તથા મોઢાંના તંતુઓનો દુખાવો, સંધીવા, પ્રદર નહાર, ભાકડ, નપુશકતા, પીલ્હાઃ બરોળ વગેરે તમામ રોગ મટે છે.

સી. સી. મહાજન એન્ડ કંપની.

માલીક એ. સી. ગાંધી,

શેખ મેમણ સ્ટ્રીટ—મુંબઇ નં૦ ૨.

ભારતની પૂજા.

(અભય છંદ.)

૧.

કોણે ના તુજને ચાહી,
ભારત, ઓ ભારત?
કોણ રહ્યું ચાહ્યા વિણ આંહિં,
ભારત, મુજ માત?
રત્ન ઉદર પાકયાં કંઈ કોડ,
જગમાં ન મળે જેની જોડ,
પ્રાણતણા પુર્યા સહુ કોડ
જેણે દિનરાત:
તે તુજ જેવી મળશે કયાંહિં,
ભારત, મુજ માત?

૨

વ્હાલી દેવોની ભુમિ,
ભારત, ઓ ભારત,
નન્દનવનશી દિવ્ય ઝમૂમી,
ભારત, મુજ માત!
માનવભાગ્યતણા હિંડોળ
ઝૂલાવ્યા જેણે રસબોળ;
જેની છાય વિશે ભૂગોળ
સમજ્યો જગતાત:
તે તુજ પાય સદા રહું ચુમી,
ભારત, મુજ માત!

૩

કોઇ કહે તું સ્વપ્ને દીઠી,
ભારત, ઓ ભારત,
સ્થુળ પ્રકૃતિ તજ્યે સ્થિર ઊભી
ભારત, મુજ માત!—
પણ તું પ્રથમજ પામી પાર,
આત્મપ્રકાશ જ જગનો સાર
કરવા દુનિયાનો ઉદ્ધાર
પીઠી નિજ જાત:
તે નગુણી જગ રહે શું ભૂલી
ભારત, મુજ માત?

૪

આસ્થા છે તુજમાં ઉંડી,
ભારત, ઓ ભારત:
તુજ પ્રીતિજ અમ જીવનમૂડી
ભારત, મુજ માત!
તું મારે, જીવાડે તું જ,
સુખદુઃખકેરી તું ગુલકુંજ:
અગવો મરતાં અમ શબપુંજ
તુહારી મ્હોલાત;—
એ ઢગ પર તુજ ધ્વજ રહો ઉડી
ભારત, મુજ માત!

૫

કીધું મેં શું તુજ કાજે,
ભારત, ઓ ભારત?
શું છે જે ન કરું હું આજે,
ભારત, મુજ માત?
સો સ્હામે ભીડે જઈ એક,
જે અહિ રાખે તુહારો ટેક:
જુગજુગમાં લઉં જન્મ અનેક
કરવા તુજ ખ્યાત;
જ્યાં તું ત્યાં પ્રભુ સત્ય વિરાજે,
ભારત, મુજ માત!

૬

સેવા કરિયે તો તુહારી,—
ભારત, ઓ ભારત,
તુ જેણે સેવી જગ સારી,
ભારત, મુજ માત!
જીવન ટુકું, કાળ અનંત;
ધર્મતણો દુર્ઘટ છે પંથ:
તો તુજ સેવામાં અમ અંત
આવો રળિયાત!
શ્વાસ જને જય તુજ ઉચ્ચારી,
—ઓ પ્રભુની, દેવોની પ્યારી!—
ભારત, મુજ માત!

અરદેશર ફરામજી ખબરદાર.

અમારા સાબુના ઉપરથી નીકળેલી નકલોથી ઠગાતા નહિ.

કંઈ પણ મહેનત વગર વાળ કાઢવા માટે

બાદશાહી સાબુ.

બાદશાહી સાબુ રજીસ્ટર નંબર ૫૨૯.

બાદશાહી સાબુ—અઠવાડીયે વાળ દુર કરવા માટેજ છે.
બાદશાહી સાબુ—ચામડીનો અસલી રંગ રાખે છે, કાળી પડતી નથી.
બાદશાહી સાબુ—હીંદુસ્તાનના હજારો દુકાનોપર મળે છે.
બાદશાહી સાબુ—વાપરનારાઓ સંપુર્ણ સંતોષ પામ્યા છે.
બાદશાહી સાબુ—ચામડીના તમામ દરદો નાબુદ કરે છે.
બાદશાહી સાબુ—હર વખતે વાપરવાથી નુકશાન થતું જ નથી.
બાદશાહી સાબુ—ગુપ્ત ભાગોના વાળ સારી રીતે કાઢે છે.
બાદશાહી સાબુ—ત્રણ સાબુના બાકમ એકનો ૩. પી પોસ્ટ આર આના.
હિંદુસ્તાનમાં જગેજગ બાદશાહી સાબુ વેચવા માટે એજન્ટો જોઇએ છે.

સી. સી. મહાજન એન્ડ કુંપની,

પ્રોપરાઇટર એ. સી. ગાંધી.

સ્વતંત્ર વેપાર—હજારોની કમાઈ.

કાર્ડ પોસ્ટ સાઈઝ—કીંમત માત્ર રૂ. ૧૫.

ફોટોગ્રાફ ઉતારવાના

છુપા કેમેરા.

કેમરોથી નાનુ બચ્ચુ પણ મહેનતાણાથી ફોટોગ્રાફ ઉતારી શકે છે. દોડતી રેલ્વે, ઉડતું પક્ષી, દશ વીશ, પચીસ માણસોનો ગ્રુપ વીગેરેનો ફોટો મહેનતાણાથી ઉતારી શકાય છે. દરેકને ફોટોગ્રાફ ઉતારવાનું કામ ઘેર બેઠા શીખાવી શકીએ છીએ. કેમેરા લાકડાની પેટીના બે બ્યુકાઇડર, ૭ ડાર્કરમાઇટ, લેન્સ, સટર, ડાયાફ્રામ, ટ્રાન્સપેરેટ રીકારડીંગ, સંપુર્ણ ગાહીતી મહ કીંમત રૂ ૧૫) પોસ્ટેજ પંદર આના, દરરોજ દશ રૂપીઆ સહેલાઇથી કમાઇ કરી શકાય છે.

સી. સી. મહાજન એન્ડ કુંપની,

પ્રોપરાયટર એ. સી. ગાંધી.

શેખ મેમણ સ્ટ્રીટ—મુંબઈ નં૦ ૨.


WHY LOOK
"OLD?"
Persian
Hair Dye
RESTORES
"GREY HAIR'
To be had from the Army and Navy, Kemps, Phillips Thomson and Taylor, Leach and Weborny, Treacher. and also from all known Chemist & Druggists SOLE AGENTS
HORMUSJI DOSABHOY & Co.
BOMBAY NO. 4 TEL. NO 511

વીરાનાં લગ્ન.

હોમી કાંગા મેરીસ્તરે પુને જતી ટ્રેનનાં ફર્સ્ટ કલાસમાં ગોઠવાઇને બેસતાં પેપર કહાડ્યું. તેની એક ફ્રેન્ડ આઇમાય વહાડયાએ તેને પોતાને ઘેર મહાબ્લેશ્વર એકાદ બે અઠવાડયાં ગુજારવા તેડયો હતો જ્યાં તે હાલમાં જતો હતો.

ટ્રેન ઉપડવાની તૈયારીમાં હતી તેટલાં તેના કમ્પાર્ટમેન્ટમાં એક છોકરી દાખલ થઇ ને બેઠી, કે ટ્રેને ચાલુ મુકયું. જરાવારે ઉભી થતાં તે ગભરાતમાં પૂકારીઃ-

"ઓ, ઓ તો રમોકીંગ કરીએજ છે! માણસોની કેવી બેદરકારી! મેં ખુલ્લું કહેલું કે બેડીઝમાં મુકજો."

"નાં બીહો, હું રમોક નહી કરશ," હોમીએ બહુજ લાયકીથી સમજાવ્યું.

તે છોકરી તેની તરફ જોતાં કંઇક ધીરજ પામીને પાછી બેઠી. હોમીએ બાડી આંખે તેની તપાસ લેવા માંડી. તે ઉંચી ને પડલી હતી, તેના બાલ બુરા બલકે લગભગ સુનેરી જેવા હતા, અને આંખો નિરમલ ભુરી હતી. હમણાં તેમાં ગુસ્સાનો ધુમરાતો હતો, મગર સામટી રીતે કોઇને પણ ગમે તેવીજ તે એક સુંદર બાલા હતી. ખુશાલીમાં તે ચહેરો કેવો લાગતો હોશે એ વિચારથી તેણે તે બાલકીને હસાવાનો વિચાર કીધો.

"તમોને કોમીક પેપર જોવા ગમશે?" તેણે લાયકીથી પુછ્યું.

"નહી, ટેંકસ! મને ટ્રેનમાં વાંચવા નથી ગમતું."

તે સાબુત કડક હતી. તે દેખાઇતી બાઇ જેમ કાટેલ પોરી હતી. તેણે તેથી આંખ વાંચીને બેઠાં બેઠાંજ ઉંઘાવાનો વિચાર કીધો. પણ એમ કંઇ ઉંઘ આવે! જરાવારે તેને એક આંખ બોલી ને મોટી અચરતી વચ્ચે જોયું, તો તે છોકરી રડતી હતી.

તેણે તરત આંખ બંધ કરી દીધી, ને હવે શું કરવું તેનો વીચાર કરવા પડયો. બેશક તેણે ઉંઘઇ રહેવું જોઇએ, મગર એમ તે કાંઇ સુધી કરી શકે?

"હું ધારૂંછ કે તમે કંઇ ત્રાસલમાં છેવ, હું તમોને કંઇ મદદ કરી શકું?"

તે બાલાએ આંસુથી ભીંજાયલો ચહેરો તેની તરફ ફેરવ્યો. તેનો મરદાનગી ભરેલો અવાજ ને બાપાલુ રીતભાતે તેને ઘણી હીંમત આપી. તેને ઉતાવલે આંસું લુંછી નાખ્યા અને બાયું હીલવ્યું. હોમીએ પોતાની સાયની બારકીટ ખોલીને તેમાંથી ચોકલેટનો દાબડો બેંચી કહાડયો.

"જરા બાવ!" તેણે કાલાવાલા કીધા.

વીરા મોટી, ફકટ અઢાર ઉન્હાળા જોઇ ચુકેલી એક બાલા હતી. અને વળી કઇ છોકરીને ચોકલેટ નહી ગમે વારૂ! તેણી તરત તાબે થઇ. અને તેની તરફ જોતાં બલકાઇ, તે એક ખુલ્લાં દીલનો કુદરતી બલકાટ હતો, જે હોમીને ઘણોજ ધ્યાન બેંચનારો લાગ્યો.

"મને માઠો પડતો બચાવવા આગતા હોવ તો મને તેટલી ખાત્રી," તેણે માંગી લીધુ.

"મને ચોકલેટ ઘણીજ ગમેછ." તેણીએ અરધોક દાબડો પુરો કરતાં હસીને એકરાર કીધો.

તેને ઘંભીરાઇથી ડોકુ ધુનાવ્યું. તેના ચહેરામાં કંઇ_એવું હતુ જેથી તેણીને તેનામાં વિશ્વાસ મુકવાની લાલચ થઇ.

"તમોને નહી ગમતે ઠેકાણે પરણાવવાની કોઇએ વારૂં જબરી કીધીછ ?" તેની તરફ જરા વાકી વળીને, પ્રતેન્દરીથી પોતાની ભુરી આંખો તેના મોહનાપર ઢાંકી રાખીને તે બાલાએ પુછ્યું.

"નકી, હું નથી ધારતો. ઘણોજ કટાળો ઉપજાવનારૂ હું તો ધારૂ ! મગર બરેખર—" રખે વળી પેલી બીચકે એવી બીહકે તે આગળ બોલતા અટકી ગીયો.

"ઓ, નહી," તેનો મીનીંગ સમજી જઇને તે છોકરી બોલી ઉઠી. "હજુન કંઇ હું પરણી નથી."

તેણે છુટકારાનો દમ ખેચ્યો—તે એટલી નાલ્લી બાલકી લાગતી હતી.

"હું શું કરવા માગુછ તે તમે કલ્પિ શકોછ ? હુ નાહસી જવાની છેઉ !"

"નોન્સેન્સ ! તમારા માય શું કહેશે ?"

'એ બધાં માત્ર માયજીનાજ કારસ્તાન છે. તેવણ આઇમાય માસી સાથ મલી ગીયાંછ. હું હમણા માહરા માસી જેવણ મહાબ્લેશ્વરમા છે તેવણ આગલજ જાઉછ. વેલ, એક કોઇ માટીડા, જેની સાથ તેવણ મને પરણાવવા માગેછ તેનેબી તેવણે તેડેલા છે. તે કોઇ બુઢો કદરૂ પો ને પૈસાવાળો છે. ઘણોજ પૈસાવાલો, વલી તે બેરીસ્તર છે ને સાથે લાગો કોરપોરેશનનો મેમ્બરબી છે. જાહેરમાં ઘણો આવેલો ને માનીતો છે તેથીજ તો માસી તેનીપર મોહી પડયાછ."

"ગરીબ બીચારો !" હોમીએ પાપણુબી હીલવ્યા વગર કહ્યુ, "મગર તમે એ બધુ તેને લગતુ કાંઇથી જાણ્યું ?'

"દીનાએ પકડી કહાડયુ-તે માહરી બેહન થાયછ." સુદર વીરાએ સમજાવ્યુ. "ઘણી બાહોશ છે. બધુ પકડી કહાડેછ આઇમાય માસીનુ કોંગલ મમાએ પથા આગલ વાચ્યું તે એને બારઇને સમજ્યુ."

"ઓમ ! અને તમે ત્યારે કેમ નાહસી જવા માગોછ ?"

"જોવની, હમારા કારભારણ બંડાલામા કેઠે રહેછ તેથી પુને જવાને બદલે હું ત્યાંજ ઉતરી પડશ. ને પછી થોડા દહાડા ત્યાં રહીને હું માહરે ઘેર કાગળ લખશ કે "મને અણ ગમતે ઠેકાણે પરણાવવાની જબરી કરશો નહી, એવું વચન આપશો નહી ત્યાં સુધી હું ઘેર નથી આવવાની."

"મગર તમે તેને જોયો નથી એટલે તે તમોને અણગમતો. કેમ થઇ પડે ?" હોમીએ પુછ્યું.

"અનબત તે મને અણગમતોજ છે, કેમકે બધાં મને તેની સાથ પરણાવવા માંગેછ !" હસીને જવાબ ગલ્યો.

આય બૈરાંની લોળકથી હેમી મોહન થયો, મગર તે તારૂણીની ભુરી આંખોમાં જોતાં તેને લાગ્યું કે તેણીની આખો ઘણીજ સુંદર હતી.

"અને છેવટ તમે કયારે તમારા એ કારભારણ તરફથી સમજેલુ?" તેણે સવાલ કીધો.

"હું ધારૂંછ કે-કે લગભગ બે વરસ થયાં ટોરો"

"એવન બંડાબેન્જ છે એમ તમે ખાતરીથી કેમ જાણી શકો? કાય નહી પ્રેમ બહરગમ ગીયાં હોય?"

"ન-નહી! ખરેખર તો મને એવો કઈ ખ્યાલજ નહી થયેલો!" ગભરાતમા તેણીની આખમા બેહરામસા પાઠા ધસી આવ્યા હતા, અને હેમીએ ફીકરમંદ થયો. આખર કરે ને દુન્યાદારીથી બેખબર, ભોયમાથી ફુટતી, હજુત તો એક નાદની બાલકી હતી!

"એક રીતે, જોવની," તેણે જરા વારે સમજાવ્યુ. "તમે એ કંઈ ઠીક નહીં કરતા કહેવાવ."

"ઠીક નહી?"

"નહીજ તો, તમે તો હીચકારૂં પગલું ભરોછ હીંમતથી કેમ નહી સામ્મે થતા? તમારાં મારીને ત્યા જાવ, લગ્નની મજા રાખતા આય બુઢા બુઢાણને ગસો અને બધાંને બુંબુ દેખાડી આપજો કે તમે કંઈ એના પૈસાથી ચંજસો નહી." તેણે સમજાવ્યુ.

"મગર તેને કેમ ત્રીટ કરૂં—આય બેરીસ્ટર કાકાને. દીના કહેછ કે એ બુઢો જબરો છે. પોતાના મનસે પોતાને રાજથી ઉતરતો સમજવાનો ફાકો રાખેછ?" તે બાયકાએ તકરાર લીધી.

"દોરી તરીકેની વલણ અખત્યાર કરજો. જાણે કે તે તમારા બાવા હોય," હેમીએ પકકથી સમજાવ્યુ. "કે ધારો કે બુઢા કાકા મામા હોય તેવી રીતભાત વાપરજો માનભરેથી ને કાયજવાલી વર્તણુંક બાહરા ધારવા મુજબ તો સહુથી સરસ પુરવાર થશે."

"ઓ, કેવી ગમત," તે વીચારથી ખુશી થતાં તેણીએ તાલી પાડી, તેની આખમા મસ્તી રમતી હતી. "એ મજાહ જોવા તમે ત્યા હાતે એવુ તમે નહી ઇચ્છતા?"

અહી કાગા કે ભાંગનો હતો તે ચાન્સ તેને મલ્યો

"ખરેખર તો અજબ જેવી રીતે આપણે એકજ ઠેકાણે જઇએછ." તેણે કહ્યું 'તમારા ગાસી આઇમાય વ્હાડયા ગ્રહાસ્પેશ્વરમા રહેછ, જીવણને ઘેરજ હુ બી જાઉંછ બાહરૂં નામ હેમી કાગા છે" તેને તે કહેતાં બારીકાથી જોયુ, મગર તેને મોટા સંતોસ સાથ જોયુ કે દેખાવતુ તે તેને અજાણ્યું હતુ.

"બાહરૂં નામ વીરા મોદી છે" તે બાયાએ વનો ખુલાસો કીધો "તમેમી બાહરા બારીને ત્યાંજ આવોછ તેથી હુ ઘણીજ ખુશી છેઉ! તમે મને મદદ કરશોકેની?" ખુલ્લાં દિલની તે બાયાની આર્જુશી તે ઘણો ચોંકેલો લાગો

"ઓ, બેશક! મોટી ખુશી સાથ હું તમોને મદદ કરશ! આપણે બે સાથે મલીને એ તમારા બુઢા બેરીસ્તર બાહેણનું બોકુક ચોલીશ ઓછું કરશું."

"કદાચ તમે એ ઘરડા ધુવાને ઓળખતા હોગો?"

"નહી; હું એ કોઇ તમારા ધરડા બેરીસ્તરને ઓળખતો નથી. હવે મારો એને ગોલી. નિરાતે આપરે આય ચોકલેટ હવે પુરી કર્યે !"

બાકીની મુસાફરી તે બે જુવાન જીવોએ ઘણી મજ્હમાં પુરી કીધી. આઇમાય વહાડયાની મોટરમાં પુનેથી તે બેઉ સાયેજ મહાબ્લેશ્વર ગીયાં અને ઘેર પુગાં તેટલાં તો તે બેઉ જુનાં દોસ્તો થઇ ગયાં હતાં. બીજાં કોઇ પરોણા ગ્રેજમાં આવેલા નહી જાણતા, હોમી તે આઇમાયનું કાવતરૂં સમજી ગીયો. અને તેને તે બાઇને એકાંતમાં પકડી.

"આઇમાય, હું તારી પાસ એક ફેવર માંગી લેઉંછ," તેણે કહયું.

"મારી અરધી દોલતની માગે તો આપી દેઉ!" આઇમાયે રમુજ કીધી.

"છોડ એ પતરાજી. હું તુંને બીસ મોદીને વસ્તે કહેવા માંગુંછ.'

"વેલ, તેણીનું શું ?"

તેણે ખુલાસાથી ત્રેનમાં જે બન્યું હતુ તે બધું સમજાવીને કહયું. તેની આંખમાં મસ્તીનો ચળકાટ હતો, મગર તેનો અવાજ કરડો હતો.

"તારી ને પેસતનજી પાસથી હુ એટલુંજ માંગી લેઉંછ કે હુંજ તેનો હાથનો ઉમેદવાર ને બેરીસ્તર છેઉ કે કોરપોરેશનનો મેમ્બર ને સતર પતર છેઉ તે એ તારી ભાણજીથી છુપુ રાખજો. કોઇની છોકરીને જબરીથી મારી સાથ પરણવાનું છે એમ તે વીચારે એ હું નથી ઇચ્છતો."

"મારા બોદા, હોમી, કોઇ કોઇપર જબરી કરતુંજ નથી ! વળી સાચ્ચું બોલું તો એ છોકરીમાં હું ઘણી નાસીપાસ થઇછ. કોઇ એને ખુબસુરત તો કહેજ નહી. બેશક, એ સારી કેલવાયલી ને તંદરોસ્ત છે, ને ઘાટઘટમ મજ્હનો કહેવાય, પણ હવે સામરી થઇછ અને હોડની દાબરી ઘણી ચોહરી છે અને–"

"ચાલ, આઇમાય બસ કર !" હોમાએ કચવઇને ચાટકાવતાં કહયું. "એ ઘણીજ મજ્હની છોકરી છે."

"કામાની તેહમી તદન તારે લાયકનીજ બૈરી છે," આઇમાયે વીચારવંત ઢબે ચલાવ્યું. "સતાવીસ વરસની છે, વલી રીતમાં પચ્ચીસેક હજાર રૂપ્યા લાવશે, અને માયણાપની એકપુરી છે તે પાછલે દહાડે જે હોશે તે એનેજ મલશે. કેમણા અહીં હવા ખાવા આવેલી છે તે હું ડીનર પર અવાર નવાર બોલાવ્યા કરશ. આબો દહાડોબી બોલાવશું કે તમે એક બીજાને બરોબર ઓળખતાં થાવ."

"આઇમાય, બોદાને વાસ્તે મને પરણાવી નાંખવાનાં ધખારામાંથી બાઝ આવ !" હોમી ગુસ્સામાં બબાળ્યો. "તમે બૈરાંઓથી તો હાથ જોડયા ! બસ જોને તેને પરણાવવાનીજ વાત. કંઇ બીજું તીજું તમુ લોકને કામકાજ છે કે નહી ?"

"હમે પરણીને સુખી થયાંછ. ત્યારેજ બીજાને ભલામણ કરીયેછ કેની ! એથી તો ઉલટી તમો બાટીડાઓની ક્રેડીટ ઘટેછ." અને એમ બોલતી તે હસતી હસતી તેને એબલો મુકીને ચાલી ગઇ, કે હોમી બી તૈયાર થવા પોતાને આપવામાં આવેલા ઓરડામાં ગયો.

તે સાંજના વીરા મોદીએ ખુલ્લા બ્લુ રંગની સાડી ને સફેદ લેયન્ટેનું બદીઆન પહેરયું હતું. ડીની ચેનમાં મોતીનું પેન્ડેનટ તેણીએ ગલાંમાં પહેરયુ હતુ, અને આડો સૈટો પાડીને આગલથી બાલ ધીલા રાખેલા હતા. એટલે ધઉં વરણના ખુલ્લા રંગ છતાંથી તે ઘણી સુંદર લાગતી હતી. અને હોમી કાંગાણી તેણી તરફ જોતાં એમજ વીચારવા લાગેા.

"તમે સમજ્યું કે ? પેલા ધરડા ઘુવડ બેરીસ્ટર ને કોરપોરેશનનાં મેમ્બર સાહેબ તો નથી આવી શકતા જે. ગાઉટથી પટકઇ પડયાછ." ડીનર પછી બોબી વીરાએ પોતાના નવા બનેવા ફ્રેન્ડના કાનમાં હરમે કહયું. "અને આઇમાય મારી તો તેથી ઘણા દલગીર થઇ ગીયાંછ. મારી કહેછ કે તેવણ ઘણાજ બાહોશ છે. કદાચ કોઇ મોટે ઘેરની છોકરી સાથ પરણે જે."

"કદાચ, ને પછી જનમનેા પસ્તાય ! આપરે એવું જ ઇચ્છશું." તે બાલાની નિરદોષ આંખેામાં જોઇને મલકાતાં હોમીએ જવાબ કર્યો.

ગ્રેન્જમાં પહેવા થેાડા દહાડા તેા ઘણાજ ખુશનુંમા પસાર થઈ ગયા. હોમી કાગા સુદર વીરાની મોડી રીમાં દીન ઉગે વંડુજ એચાતેા ગીયેા. એક બચ્ચાં જેવી મસ્તાનને તેાફાની તે છોકરી હજુન હતી, રેનીમગાં કે દરેક રમત ગમતમાં તે હોમીને હરાવી નાંખતી. હોમીએ પોતાનેાં બેદ અત્યાર સુધી તેા સાચવી રાખવાની ખુબ સંભાળ લીધી હતી, મગર તેટલા એક દહાડેા તેઓની દોરતીમાં ફેરફાર જણાયેા, જેથી હોમી બીચારેા કંઇ મનમાં ને મનમાં થેાડેા અજબ થયેા નહી.

એક દહાડેા વીરાને તેની બેહન દીના તરફથી એક કાગલ મલ્યુ, જેથી પાસેાજ ઉથલાઇ ગીયેા. એ દીના વરસ બારની કોઇ જબરી બાગડ પેારી હતી તે બધાંના બેદ ભરમ શેાધી કહાડવામા ને તે કહી આપીને બધાને ખુબ કાયર કરતી ને તેાબા પેાકરાવતી હતી. તે—મસ્તાન તરફનું કાગલ નીચે મુજબ હતું.—

"મારી વ્હાલી બેહન વીરા—મેં ને જાગુએ એક તરકટ પકડી કહાડયું છે, જેમ જે નહી થતે તેા તુ બીચારી ફરી જઇને તારા છુટાપણું ને જુવાની ગુમાની બેસતે. કાલે આપરાં મમાને આઇમાય મારી તરફથી એક કાગલ મલ્યું, અને તે એવણે પપાને વાચી સમજાવ્યું. જાંગુને હું કરટનની પછવાડેજ હતાં. પણ તે કંઇ એ લેાક જાણતાતાં નહી. જાગુ તેા ગધેડા જેવેા મોટે મોટે હસી પડનેા'તેા, અને મેં એનું મેાહનું ડાબીને પકડયું નહી હેાતે તેા હસી પડતે. એ કાફર મને કોઈ દહાડેા ફસાવરો ખરેા ! ડીયર સીસ, આઇમાય મામી તેા જબરાં છે. પેલેા બેરીસ્તર તેા આવેલેા છે, અને તેને તું બધે સાથે જાવેાછ ને મેાટાં દોરત છેવ. તારેથી એ લેાકે છુપાવ્યુંછ, અને થેાડા વખતમાંજ તું તેની માથ અદરારો. તે પૈસાવાલેા, બેરીસ્તર ને મરપોરેશનનેા મેમ્બર છે, એ હોમી કાંગા. પપા તેા ખુબ ગમત પામીને હસ્યા એ કાગલ સગળને, અને મમાણી ખુબ ખુશી થઇ ગીયાંછ. કોઇ રીતે ચેનમાંજ એની શરૂઆત થઇ. પહેલે તેા એ બેરીસ્તર કાકા—મારી લખેછ કે—ખુબ એવણપર છેડઇ પડેલા પણ હવે બી કેરાં થઇ ગીયાંછ, કેમકે તુને પરણવા માંગેછ. કોઇ જબરેા લુચ્ચેા મને તેા લાગેછ, અને તેથીજ આં। લખીને તુને ચેતાવવાની જરૂર જોઉછ કે તું તારી સંભાલમાં રહે ને એવા એક લુચ્ચા આદમીના બસમા ફસી પડતી બચે ઘણા ઘણા પ્યાર સાથે,

લી૦ તારી વ્હાલી બેહન દીના."

અને હસવાની વ્યર્થ કોશેશ કરતાં ઉમેર્યું. "ઓ, એ મારૂં કાવતરૂં હતું. હવે તે છુપાવામાં શું સાર ? હું તેજ બુઢ્ઢો બેરીસ્ટર છેઉં જેનેથી તમે નાહસવા માંગતા હતાં."

"હું આ બધુંતે તો જાણું છ ! છેલ્લું બધવાડીયું થયું તમે કોણ છેવ તેની મને ખબર પડેલી, અને તેથીજ તમારી સાથ હું એમ વર્તતી. દીનાએ એ શોધ કાઢી ને મને લખી જણાવેલું," વીરાએ શરમથી લાલ બનેલે ચહેરે ખુલાસો કીધો.-

"બાય જોવ જબરી બીલાડી ! તમે મને કેવો બીકકાર્યો, હોશે ! " તેણે કડવાસથી કહયું. "પણ હવે બધુ ભુલી જઈને મને ગુડબાય વીશ કરો ! ભવિષ્યમાં જો આપરે પાછાં મલશુ તો, એ બાબદ યાદ કરીને-અલબત તમારા વર સાથે-ખુબ ગમત મેલવશુ, કેમ ?"

"પણ—પણ તમે કાંઇ જાણોછ ?" તેની ખુવારીની ખબર સમજીને તે હેતવંતી બાલાનું કોમલ છગર કટકા ટુકડા થઇ ગીયું. ઓય રડી પડે તેવા દેખાવ સાથ તેની તરફ જોતાં તે ણીએ હલવેથી પુછયુ.

હોમીને પોતાપર કાબુ રાખવાની જબરી જેહમત પડી. તે મધુરીને હાથમાં લઈને તે વ્હાલો ચહેરો ચુમીઓથી ભરી નાખવાનું તેને કેવું મન થતું હતું !

"ના એટલી ફીકર કરો "ગમે એટલી કોશેશ કરવા છતાંણી તેનો અવાજ ગગલી પડયો. "બધું સેટલ કરવા હું મુંબઇ જરૂર હું કંઇ છેક ભીખારી નથી થયો ! પ્યારે—"

એક ખુરશીમાં ફસડઇ પડીને તે રડવા લાગી કે તે આગલ બોલતાં અટકી ગયો. એકાદ પલ દીગમુઢ બનીને તે તેણીને જોતો ઉભો. ઓ, કેવો તે તેણીને ચાહતો હતો ! પછી તેણી આગલ જઇને બેસી જતાં તેણે તે મહામુલ્યને પોતાની બાથમાં લીધી.

"વીરા, વીરા ! મારી વ્હાલી, ના રડ" તેણે હેતથી તે મધુરીને કહ્યું "ખુવારી થવાનો મને જરાણી મુંજારો નથી, પણ તુને એમ રડતી મારેથી જોવાતું નથી ! તું મને એક હીચકારા બાદક બનેવાની ફરજ પાડેછ. હું કદીણી—"

મગર પોતાના કોમલ કર તેની ગરદન આસપાસ વિંટાલીને આંસુઓ વચ્ચેથી હસતાં તે છોકરીએ એક કિસ કરીને તેને આગલ બોલતાં અટકાવ્યો.

"હું તમારી સાથ ઘણીજ ખરાબ રીતે વર્તીછ !" તે મીઠી છોકરીએ શરમથી રાતા બનેલા ચહેરાએ એકરાર કીધો. "મને ફીનો લેવા ગમ્યું. પણ બધો વખત હું તમોને કેવા ચાહતી હતી. ઓ !"

અત્રે આઇમાય ઓરડામાં આવાં કે લાલ ટુકી જેવા ચહેરાએ આગલ બોલતી અટકી જતાં તે ઉઠીને દુર હડી ગઇ.

"એ તમે બે એખલાં એખલાં અહીં શું કરોછ ?" તે કાજકરૂં માસીએ શકમંદ ઢબે જણવા માંગ્યું.

"હું હોમી માય પરણવાની છેઉં, મારીબ્બ." સુંદર વીરાએ બચ્ચાં જેવી નિરદોષતાથી હરખાયલે બ્બવે જાહેર કીધું. "તમે મને હોમી સાથેજ પરણાવવા માંગતાંતાં'ની." એમ બોલતી તે બાલા જઇને આઇમાય માસીને કોટી કરી પડી.

"MAVIS."

પાખંડ પ્રચાર.

ગજલ

અહા ! સંસારમાં આ શો, જમાને જગ મચ્યો છે;
કડક બંગાળી કોમો એ, બેહેસ્તી ચગ બન્યો છે.

હતો જે વિપ્રના વંશે, ઇજારો ઇલમનો લીધો;
પખોડી તેમનો ચોથો, છીંપાંને છાપવા દીધો.

સનાતન ધર્મથી સટકી, પુરૂષ પાખંડમાં પેઠા;
વિવેકી વ્યંડળો પેઠૈં, બજવા તાળીયો બેઠા.

મુકીને યજ્ઞ યાગાદિ, ચલમમા ચેતના દાખી;
મુમન થઇ માંહલે ગાળે, ઉપરની હિંદુતા રાખી.

ત્રિમુર્તિ વિષ્ણુની તેને, નકામી દફતરે નોંધી;
બળે જઇ ઔધિકો ઔધે, પુરાણી પુણિયો સાંધી.

બદનમાં બુંદનું લોહી, વહેતું સૌ વખોડીને;
ચરામાં ચારવા કાઢી, ગધેડાં સાથ ઘોડીને.

ખુમારી ખાનદાનીની, ભજનને રાગડે ભિડી;
ન જાણે આત્મની આજે, હતી તે હિંદુતા હિંડી.

પુરાણે પાઠવ્યા મતો, બધાંને લેખવી લાંઘા;
મુલકમાં માનુષિ દ્રષ્ટે, થયા સૌ તૃર્ણથી સાંધા.

મિચીને આંખ મડયા ત્યાં, સુણાળો માર્ગ શું સુઝે,
મનુકુળ પામરો પાકયા, 'ધીરજ' એ જોઇને ઝુઝે.

વૈદ્યશાસ્ત્રી ધીરજલાલ મગનલાલ.

ઝાડપાન.

ઘરની અંદર શેડમાં મુકવાના શોભાયમાન પામસ ઘણા કીફાયતે મલી શકશે.

સોહરાબ શહેરિયાર ઈરાની,

માલેક, "શહેરિયાર ઈરાની ગારડન,"

કાફર્ડ માર્કીટની અંદર, મુંબઈ.

બિછાવેલો હતો. દીવાલની એક બાજુએ વિદ્યુત ઘંટડીનું બટન હતું તેનો ઉપયોગ બહારથી કોઇને બોલાવવા માટે થતો.

કુમુદે ઉઠીને બટન દાબ્યું. એક ક્ષણમાંજ ગૃહદાસી આવીને ઉભી થઇ અને પૂછ્યું:

"કેમ મહાશય?"

"ટપાલ આવી છે?"

"નાજી; હજી આવી નથી"

"ગરમ પાણી લઇ આવ."

ઉનું પાણી આવ્યા પછી મુખ ધોઇને કુમુદ વસ્ત્રો પહેરવા લાગ્યો. પહેરી રહ્યા પછી ખીસામાંથી સીગારેટ મુકવાની સોનાની પેટી કાઢીને ઉઘાડી તો તેમાં એક પણ સીગારેટ ન દેખાઇ. આગલે દીવસેજ બધી સીગારેટો ખલાસ થઇ ગઇ હતી, પરંતુ પઇસાની તંગીને લીધે તે નવી પેટી ખરીદી શકયો ન હોતો. મ્લાન મુખે પાટલુનનાં બે ખીસામાં બે હાથ નાખીને તે ઉઘાડેલી બારી પાસે ઉભો રહ્યો.

મે મહિનો ચાલે છે. લંડન શહેરમાં પણ બહાર ભારે ઉકળાટ થઇ રહ્યો છે. દુધવાળાઓની તથા ડબલ રોટીવાળાઓની ગાડીઓ ઘેર ઘેર માલ પુરો પાડવા ધડધડ અવાજ કરતી ફરી રહી છે.

દુરથી ટપાલવાળો આવતો જણાયો. થોડીવારમાં તે મકાનની નજીક આવી પહોંચ્યો. કુમુદ ઉતાવળથી નીચે તેની સામે ગયો.

કાગળ તો આવ્યો, પણ પરબીડીયા ઉપર સોમ કંપનીની છાપ નથી. મેનેજરનો પત્ર ન આવ્યો. રૂપીયા પણ ન આવ્યા. કુમુદનું મગજ હવે ફરવા લાગ્યું.

પત્રો લઇને ધીરે ધીરે તે પોતાના ખંડમાં ગયો. ટપાલ વાંચતાં વાંચતાં એક પત્ર ઉપર તેની નજર ખાસ ઠરી.

તે પત્ર આ હતો:

"કલકત્તા, એપ્રીલ–૨૪–૯ ૭.

પ્રિય કુમુદ!

તારો પત્ર ગયે રવિવારે મળ્યો. તારા ઉપર રૂપિયા કેમ મોકલવામાં આવતા નથી, તે વિષે તપાસ કરવા હું તારી પેઢી ઉપર ગયો હતો, પણ મેનેજર મળી શકયો નહિં. દુકાનમાં એક માણસ હતો, તેણે કહ્યું કે; મેનેજર આજકાલ ઘણું ખરૂં દુકાન ઉપર આવતોજ નથી. 'સોમ કંપની દેવાળું કાઢશે' એવી બજારમાં અફવા ઉડી છે. તારા પૂજ્ય પિતાશ્રીના મરણ પછી, તારા કુટુંબીઓ અને મેનેજરે એકસંપ કરીને રૂપીઆ ઉચાપત કરવા માંડયા, એટલે પેઢી ઉપર કરજ ચડી ગયું તે પેટે તારા મકાનનું તો લીલામ પણ થઇ ગયું છે. બજારથી તો લોકોમાં એવો ભાષ થયો છે, પરંતુ ઉંડી તપાસ કરતાં મેં તો સાંભળ્યું છે કે, ખુદ તારા કુટુંબીજ તારૂં મકાન બીજાના નામે ખરીદી લીધું છે. દુકાનનો મેનેજર આવતી તા૦ ૧ લી જુનના દિવસે પેઢીનું નામ નાદારીમાં નોંધાવવાનો છે, એ વાતની પણ મને પાકે પાયે ખબર

મળી છે. દુકાનનો સામાન તેજી ધીરેધીરે લઇ જાય છે અને બનાવટી ચોપડા પણ તૈયાર કરી રહયા છે.

જો તું તા૦ ૧ લી જુન અગાઉ અહીં આવીને પેઢીનું નામ નાદારીમાં-જતું અટકાવી શકે તોજ ઘણા વખતની તારી નામીચી દુકાન બચે, નહિં તો સર્વસ્વનો નાશ થશે. એક વકીલ મિત્ર પાસેથી બધી વીગત જાણ્યા પછીજ મેં આ પત્ર લખ્યો છે.

મારી તબિયત સારી છે, તું પણ મજામાં હોઇશેજ. તારે અહિં જલદી આવવું તે ઠીક છે; એવી મારી તો સલાહ છે.

લી૦ તારોજ હુરીપદ."

પત્ર વાંચીને માથા ઉપર હાથ મુકીને કુમુદ બેસી ગયો. તેના મનમાં વિચારમાળા શરૂ થઇ ચુકી હતીઃ "આજે ૧૩ મી મે-૧૭ મી મેને શુક્રવારે માર્સેલ્સથી પી. એંડ. ઓ. કંપનીની સ્ટીમર ઉપડશે-તે દીવસેજ જઇ શકું તોજ ૩૧ મી મેના રોજ મુંબાઇ અને ૨ જી જુનના દીવસે-કલકત્તે પહોંચી શકાય-નહિં તો બધા પ્રયાસ વ્યર્થ જાય."

વિચારમાળા ક્ષણભર આપોઆપ અટકીને વળી શરૂ થઇ. "વખતસર પહોંચાય એવી કોઇ ફ્રેંચ કે ઈટાલીઅન સ્ટીમર મળે તો ઠીક-પણ ભાડાના પઇસા કયાં છે? હાથમાં તો માત્ર પાંચ છ પૈનીજ છે."

એ વિચારે કુમુદથી દીર્ઘ નિશ્વાસ મુકાઇ ગયો. ફ્રેંચ તથા ઇટાલીઅન સ્ટીમરમાં ત્રીજો વર્ગ હોય છે એ વાતની કુમુદને ખબર હતી, એ કંપનીઓનું ભાડુ પણ પ્રમાણમાં ઓછું હતું, પણ નાણાં વિનાં શું કરવું?

"કયાંકથી ઉછીના પૈસા મળે તો કામ થાય." એ નવા વિચારે તેના દિલમાં નવું જોશ આવ્યું. ઘંટડી વગાડી તેણે દાસીને બોલાવી "મને જલદી જલદી એક પ્યાલો ચહા અને કંઇક ખાવાનું લાવી આપ. મારે હમણાંજ બહાર જવું છે." દાસી આવી કે તેણે હુકમ કર્યો.

પંદર મિનિટની અંદર તો દાસી બે બાફેલા ઇંડા, પાઉંના 'રોસ્ટ' કરેના થોડાક ટુકડા, માખણ અને મુરબ્બો તથા ચહા આપી ગઇ. ઉતાવળથી એ બધું પેટમાં ઉતારી દઇને, ફરવા જવાની સોટી પકડી તે બહાર જવા નીકળ્યો.

લાગેટ સર્કલમાં થોમસ કુક કંપનીની મુખ્ય ઓફીસમાં જઇને તપાસ કરવાથી કુમુદ જાણી શકયો કે, આવતી કાલેજ જે તે લંડનથી નીકળે તો માર્સેલ્સમાં ફ્રેન્ચ સ્ટીમર પકડી શકાય, અને માત્ર એજ સ્ટીમર એને યોગ્ય સમયે મુંબાઈ પહોંચાડે.

કુમુદે વધુ ખાત્રી કરવા કંપનીના કર્મચારીને પુછ્યું: "છેક છેલ્લે દિવસે ટીકીટ લેવાથી સ્ટીમરમાં જગા મળી શકશે ખરી?"

કર્મચારીએ કહ્યું. "હમણાં ગ્રીષ્મકાય હોવાથી, હિન્દુસ્થાન તરફ જતી સ્ટીમરોમા ઘણાજ ઓછા ઉતારુઓ જાય છે; પણ રવાની આવની એકેએક સ્ટીમર બીચોબીચ ભરાયલી હોય છે. તમને જેટલી જોઇશે તેટલી જગા મળી રહેશે."

"પરંતુ હું તો ત્રીજા વર્ગમાં મુસાફરી કરનાર છું."

"તેમાં પણ જોઇતી જગા મળશેજ."

કુમુદે ત્રીજા વર્ગનું ભાડું પણ પુછી લીધું. અને હિસાબ કરી જોતાં જણાયું કે, બધા મળીને ૨૫ પાઉન્ડ જોઇએ.

"એટલા પાઉન્ડ મેળવી શકું તો કોઇ પણ રીતે બરાબર વખતેજ કલકત્તે પહોંચી શકું." એવો નિર્ણય કરીને તે મિત્રવર્ગ પાસે ઋણ પ્રાર્થના માટે બહાર નીકળ્યો.

(૨)

સાંજના પાંચ વાગે હાઇગેટની ઓમ્નીબસમાંથી કુમુદ પીકાડીલીના નાકા ઉપર ઉતર્યો. તે વખતે તેનું મુખ સુકાઇ ગયું હતું, આંખો ઉંડી ઉતરી ગઇ હતી, મુખ વાટે ઉંડા નિશ્વાસ નીકળતા હતા.

આખો દિવસ મિત્રવર્ગને બારણે બારણે ભટક્યો ત્યારે હજી માત્ર સાત પાઉન્ડજ મળ્યા હતા; હજી અઢાર પાઉન્ડ ખુટતા હતા.

જો બધાય મીત્રો લંડનમા હોત તો કંઇક બની શકત પરંતુ ઉન્હાળો ગાળવા ઘણા સમુદ્ર કાંઠે ઉપડી ગયા હતા. આગલાં વર્ષોમાં કુમુદ પણ જતો હતો, પરંતુ પૈસાના અભાવે તે આ વર્ષે જઈ શકયો નહોતો. જેઓ લંડનમાં પડી રહયા હતા તે બધાય આર્થિક તંગીમાં હતા.

કુમુદ ઘણો મગરૂર હતો, છતાં આજે ઉઘરાણાના પૈસા માગવા જતાં બે ઠેકાણેથી તો તેનું અપમાન થયું તે પણ ગળી ગયો હતો.

હજી સુધી તે માત્ર સવારના નાસ્તા ઉપરજ હતો. માનસિક ઉદ્વેગને લીધે તે ભુખની તો વાતજ વિસરી ગયો હતો, પરંતુ તૃષાથી તેની છાતી હમણાં ફાટી જાય તેમ થઇ રહયું હતું.

ઓમ્નીબસમાંથી ઉતરીને નાકા ઉપર ઉભો ઉભો તે વિચારમાં પડી ગયો. "જેમની પાસે જવા જેવું હતું ત્યાં તો હું જઇ ચુકયો–બીજા બેચાર પરિચિત મિત્રો છે ખરા, પણ તેમની સાથે જોઇએ તેવી મિત્રતા નથી–તેમની પાસે માગતાં ફરીથી અપમાનીત થવાય તો?–તેમ છતાંએ તેમની પાસેથી અઢાર પાઉન્ડ મેળવવા એ તો અસંભવિતજ છે–ત્યારે શું કરૂં? ઘેર પાછો જાઉં?–પાછો જઇશ તો ઘરવાળી Land lady તેનું મોટું બીજા લાવીને રજુ કરશે!"

ત્યાંથી થોડેજ દુર એક ઉચ્ચ પંક્તિની પેયશાળા Drinking place નું પાટીયું દેખાતું હતું. કુમુદના શ્રાન્ત પદદ્વય ધીરે ધીરે તે તરફ વળ્યા.

વાંચક! કોઇક અજાણ્યા સ્થળમા મુંસાફરી કરતાં ખીસામાં પૈસા ન હોય ત્યારે શી દશા થાય છે, એનો અનુભવ છે? એ અનુભવ વિના બ્રિટીશ મહારાજ્યની પાટનગરીમાં કુમુદની આજે કેવી મનોદશા હશે તે સમજવું મુશકેલ છે.

કુમુદે 'સલુનબાર'ની અંદર પ્રવેશ કરીને ટેબલ આગળ બેસતાંજ એક ગ્લાસ વીસ્કી અને સોડા લાવવાનો હુકમ કર્યો.

પરિચારકે યથા સમયે તે લાવી આપ્યુ.

એક શ્વાસે તેમાંથી અડધું કુમુદ ગટગટાવી ગયો, તે પછી ટેબલપર હાથ મુકી, હાથ ઉપર માથું ટેકવી, બે હાથના પંજાઓમાં મુખ ઢાંકી ને પોતાના ભવિષ્યની ચિંતામાં પડયો.

"વખતસર દેશમા પહોંચવું અશકય છે. એટલે બધી બાજી બગડી-હવે મારે રસ્તાના ભિખારી બનવું પડશે-દેશમાંથી હવે પૈસા આવે તેમ નથી-જેમની પાસેથી આજ સુધી ઉછીના પૈસા લીધા છે તેમનું ઋણ શી રીતે વાળીશ?-તે બધા કહેશે કુમુદ દગલબાજ છે!-લેન્ડલેડી તો ચાલીજ જવાની નોટીશ આપ્યા વિના નહિંજ રહે, એટલુંજ નહિ પણ એનાં ચડેલાં નાણાં પેટે મામાન પણ લઇ લેશે.-અને કુમુદ આવતીજ કાલે એક ટુકડા રોટી માટે ભિક્ષુક બનીને તારે કોઇના દ્વાર પાસે ઉભું રહેવું પડશે."

વિચારમાળા અટકી, તેણે માથું ઉન્નત કરયું. ગ્લાસમાં જે હતુ તે પી ગયો. પરિચારકે સાંજનું વર્તમાનપત્ર મુકયું અને વિનયથી પુછયુ "બીજો એક ગ્લાસ લાવું?"

"માત્ર અધું લાવો." કહીને કુમુદ વર્તમાનપત્ર વાંચવા લાગ્યો. નિરૂત્સાહથી ચારે બાજુ આંખ ફેરવતાં અચાનક, મોટા મોટા કાળા અક્ષરે મથાળાં કરેલી, અડધા કોલમ જેટલી એક ખબર જોઇ. વાંચવાથી તે જાણી શકયો કે લીવરપુલ નિવાસી એક સંભ્રાન્ત વ્યાપારી, સટ્ટામાં મુબલખ રૂપીયા ગુમાવી બેઠો અને કોઇ ઠેકાણેથી નાણાં મળી શકે તેમ ન દેખાતાં, તેણે ગત રાત્રે પોતાની ઓફીસમાં પેસીને રિવોલ્વર વડે તેણે આત્મહત્યા કરી છે.

એ ખબર વાંચતાજ કુમુદના ચહેરા ઉપરના ભાવમાં પરિવર્તન થયું. સ્વગત તે બબડયોઃ "ઠીક છે!-માર્ગ શોધી રહ્યો હતો-આજ માર્ગ ઠીક છે!"

પરિચારક બીજું ગ્લાસ દારૂ અને બીલ લાવ્યો. બીલના પૈસા ચુકવી આપી, આપેલ વીસ્કી પીતાં પીતાં વળી વિચારમાળા કરવા માંડી.

"કોણ રોશે? પિતા નથી, માતા નથી, ભાઇ નથી, બહેનો છે.-તેઓ રડશે, -મિત્ર વર્ગમાંથી કોઇ કોઇ રડશે-હવે કોઇ નથી તે? ના, ના. મને લાગે છે તે નહિંજ રડે—ગોરી ચામડીવાળા બહુવર્ગીઓ માટે કરી રડે બસ?"

ગ્લાસમાં જે દારૂ હતો તે પુરી કરી ગયો. વિચારમાળાનું અનુસંધાન ચાલુજ હતું.

"જો જીવતો રહું તો બહેનોજ દગલબાજની ઉપાધિ અવનત શિરે લેવી પડશે-પછી નિભાવવાના પ્રયત્નો માટે આ દેશમા કેટલાંય લાંછન ભોગવવાં પડશે—બીજો શો ઉપાય? જીવવાથી શું સુખ પ્રાપ્તિ થવાની છે?—મારા એવા વર્તનથી ગોરાંગો માતૃભુમિની નિંદા કરશે-મારા દુષ્કૃત્યનો બદલો જન્મભુમિને આપશે-નહિં એમ થવા નહિં પામે!-એના કરતાં તો સંધ્યા પછી હાઇડપાર્કમા જઈને, ગુડુમ કરીને એક અવાજ-અને સાથે સાથે એકદમ સઘળાં દુઃખોનો અંત!"

કુમુદ કલ્પના સૃષ્ટિમાં વિહરવા માંડયોઃ લંડનનાં સવારના વર્તમાનપત્રોમાં જાણે મોટા મથાળાંથી છાપવામાં આવ્યું છે કેઃ

HYDEPARK TRAGEDY!

An Indian Student shoots himself with a revolver!

થોડીક ક્ષણો પછી ટેબલનો આધાર લઇને ઉભો થયો. તેનાં નેત્રો તપાવેલા લોખંડની માફક લાલચોળ બની ગયાં હતાં. તેને આ દશામાં કોઇ સ્નેહીએ જોયો હોત તો, તેની કરુણ કથાથી અપરિચિત હોવા છતાંએ તે દુઃખી થવા સિવાય રહ્યો નહોત. પેયશાળામાંથી નીકળીને તે ઓમ્નીબસમાં બેઠો. બંદુકવાળાની દુકાન આગળ ઉતરી એક રિવોલ્વર ખરીદ કરી, કોટના મોટા ખીસામાં છુપાવીને, પોતાની કોલેજના સામાન્ય ખંડમાં જઇને તે કેટલાંક પત્રો લખવા લાગ્યો.

(૩)

મુદ્દે પુષ્કળ પત્રો લખ્યા. ભારત વર્ષ માટે માત્ર બેજ; બાકી બધા લંડનના મિત્રોને. જેમની પાસેથી ઉછીના રૂપીઆ લીધા હતા તેમને લખ્યું: "હું દેશમાં પણ પત્ર લખું છું. જો મારી દુકાનમાં કંઇ અવશિષ્ટ રહયું હશે, તો તમારા રૂપીઆ તમને ત્યાંથી મળશે. પરંતુ જો કશુંએ ન રહે તો ભાઇઓ! તે રૂપીઆ મને ઋણ તરીકે આપ્યા હતા એવું મનમાં ન લાવતાં, તમારા હતભાગ્ય મિત્રને સંકટ સમયે દાન કર્યા હતા એમ ધારી લેજો."

જેના મકાનમાં પોતે રહેતો હતો તે 'લેન્ડલેડી'ને લખ્યું. "મારાં પુસ્તકો, સામાન વગેરે વેચીને તમારા રૂપીઆ વસુલ કરજો. ને બાકી જો કંઇ વધે તો તે ભિક્ષુક વર્ગને દાન તરીકે આપી દેજો."

હવે એક પત્ર લખવાનો રહ્યો, પરંતુ કલમ હાથમાં લઇ કુમુદ વિચાર કરવા લાગ્યો, અનેક ક્ષણ એમજ બેસી રહ્યો, અંતે કશું ન લખવું એવા નિશ્ચય ઉપર આવ્યો.

લખેલા કાગળો ખીસામાં મુકી તે ઉઠ્યો; એ વખતે રાતના આઠ વાગ્યા હતા. પરંતુ ગ્રીષ્મકાળમાં એવે સમયે લંડન સુરપટ દિવસ જેવું દેખાય છે. કોલેજમાંથી નીકળી તે ટપાલ ઓફિસમાં ગયો, ભારતવર્ષના પત્રો માટે બે ટીકીટો લીધી, પત્રો ઉપર ચોંટાડી. તે બંને પત્રોને ટપાલની પેટીમાં નાખવા જતો હતો, એવામાં વળી વિચાર થયો: 'ના બીજા પત્રો સાથે આ બે પત્રો પણ ભલે ખીસામાં રહ્યા કાલે પોલિસજ એ બધાની વ્યવસ્થા કરશે." કાગળો ખીસામાં મુકયા પછી પોકીટમાં જોયું તો રિવોલ્વર તથા ટપાલની ટીકીટો ખરીદ્યા પછી, હવે માત્ર ચારજ પેની બાકી રહેલ છે.—"હવે અહીંથી હાઇડપાર્કમાં જવા માટે ઓમ્નીબસના ભાડાનો એક પેની—ત્યાં જે બુરશી ઉપર બેસીને અંધારૂ અને નિર્જનતાની પ્રતિક્ષા કરીશ તેના ભાડાનો એક પેની—બાકી રહ્યા બે પેની. મારે દુનિયામાં હવે એ બે સિક્કાની શી દરકાર?" કુમુદ આમ વિચાર તરંગે ઝોલા ખાતો હતો ત્યાંજ કમરમાં બબ્બુ લઇને એક ભિખારણ નીકળી તેને ઉભી રાખીને કુમુદે બે પેની તેના હાથમાં મુકી દીધા. "God bless you, Sir!" (પ્રભુ તમારૂં કલ્યાણ કરો, મહેરબાન!) કહીને તે ભિક્ષુક રમણી ચાલી ગઇ.

ઓમ્નીબસ આવી; તેમાં બેસી હાઇડપાર્કના માર્બલ આર્ચ નામના દરવાજા સામે જ્યારે કુમુદ ઉતર્યો ત્યારે ઘડિયાળમાં સાડાઆઠ વાગ્યા હતા. કુમુદના મગજમાં વિચારમાળાનું યંત્ર આજે ઘણુંજ કામ કરી રહયું હતું. પાર્કમાં પ્રવેશતાંની સાથેજ તેણે આફતમાંથી છુટા થવાથી થનાર શાંતિ માટે વિચાર કરતાં સ્વગત કહયું. "હવે અર્ધો કલાક! એટલામાં તો અંધારૂં થઇ જશે."

હજી સુધી ઘણું નર-નારીઓ પાર્કમાં હરેફરે છે. સ્થળે સ્થળે ઘાસ ઉપર મોટે ભાગે બબ્બે ખુરશીઓ ગોઠવી તેમા યુગલ મૂર્તિ વિરાજીત થયેલ દેખાય છે. કોઇ કોઇ બાંસની ઉપર આમતેમ બેસીને અથવા તો આડા થઇને વાર્તાલાપ કરી રહેલા છે. જ્યાં જ્યાં વધારે માણસો હતાં તે સ્થળ છોડીને એકાંત સ્થળની તપાસમાં કુમુદ આમ તેમ ફરવા લાગ્યો. દિવસનો પ્રકાશ પૂરો થવા આવ્યો છે, શૂન્ય મને કુમુદ એક સ્થાને ઉભો રહયો છે, એવે સમયે અચાનક પાછળથી કોઇએ તેના બાહુને સ્પર્શ કર્યો. ચકિત થઇને પાછા ફરીને તેણે જોયું અને એકદમ ટોપી ઉંચકીને તેણે કહયું "એથેલ! કેવો ભાગ્યશાળી!"

કુમુદ જેની સાથે વાત કરતો હતો, તે અનુમાન વીસ વર્ષની અંગ્રેજ યુવતિ હતી. તેના પહેરવેશમાં વધુ ભપકો નહોતો, તેની વાતચિતની ઢબ શિક્ષિતા મહિલા ની નહોતી, ઈંગ્લીશમાં જેને Lady-ઉચ્ચ ખાનદાનની સન્નારી-કહે તેવી તે નહોતી. એથેલ એકાદ હોટેલની ભોજન ગૃહની કેવળ પરિચારિકા છે. તે ભોજનશાળામાજ લગભગ એક વર્ષ પહેલાં એની સાથે કુમુદનો પ્રથમ પરિચય થયો હતો.

યુવતીએ કહયું "જાઓ, જાઓ, વધુ બોલશો નહિં 'કેવો ભાગ્યશાળી!' જાણે મને જોઇને બહુજ ખુશી થઇ ગયા ન હો! ધારું છું કે, પુરા એક મહીના પછી તમારાં દર્શન થાય છે, બોલે કુમી! Oh my goodness! તારો ચહેરો આવો કેમ થઇ ગયો છે! શું વચ્ચે માંદગી આવી ગઇ?"

"ના."

ટુંકો પ્રત્યુત્તર આપી વળી કુમુદ વીચારમા પડી ગયો. "બીજા કોઇનો જાણી જુજીને મેં અપરાધ કર્યો નથી..પણ એથેલનો મે અપરાધ કર્યો છે. તે ગુન્હા માટે તેની પાસે ક્ષમા પ્રાર્થના કરીશ-પ્રભુએ મને છેલ્લી વખત એ તક આપવાજ એને આજે આ વખતેજ અહિં કેમ મોકલી ન હોય?"

એથેલે કહયું. "ચાલો આમ તેમ ટહેલીએ કુમી! સાચેજ તમે છેલ્લો મહિનો સુખરૂપ હતા? મને છેતરતા તો નથીને? પણ જો તબિયત સારીજ હતી તો પછી આખા મહિના સુધી મારી ઑફિસમા કેમ ન આવ્યા?"

"પૈસા નહોતા માટે."

"સાવ નિરાધાર! પૈસા નહોતા માટે તમે અમારી હોટેલમાં જમવા આવ્યા નહિં? કેમ તમારા પૈસા ક્યાં ગયા વારૂ?"

"બધુ મહિના થયાં દેશમાંથી કશું આવ્યુંજ નથી."

"એમ કેમ!"

"ત્યા મારો વ્યાપાર તૂટી ગયો છે."

"શું કહો છો?" કહીને એથેલે શંકાશિલ ચીને કુમુદ તરફ નીહાળ્યું.

હાઇડપાર્કની વચ્ચે સર્પેન્ટાઇન નામનું એક તળાવ છે. આ વખતે તેઓ વાતો કરતાં કરતાં તે તળાવ પાસે આવી પહોચ્યા. સર્પેન્ટાઇનમા નાનાં નાના પુષ્કળ હોડકા છે. તે ભાડે લઇને તેમાં સહેલાણીઓ જલવીહાર કરે છે.

એથેલે કહ્યું. "વહાલા કુમી! ચાલો હોડકું લઇને આપણે જરીક ફરીએ. અંધારામાં પાણી ઉપર તરતાં તરતાં ફરવામાં બહુજ મઝા પડશે."

"એ ખરૂં, પરંતુ કહેવાને ધણોજ દીલગીર છું કે મારી પાસે ભાડાના પૈસા નથી. માત્ર એકજ પેની રહી છે અને આ દુનીયામા એ મારી છેલ્લી પુરાંત છે!"

"એટલે? દુનીયામાં છેલ્લી પેની એનો અર્થ શું? તમે ખુલાસાવાર કહો."

"અર્થાત આ પેની શીવાય બીજું કશું મારી પાસે રહ્યું નથી."

આ વખતે સંદીગ્ધભાવથી એથેલ, કુમુદ તરફ જોઇ રહી.

ધીરે રહીને કુમુદે કહ્યું. "એથેલ, તળાવને સામે કીનારે ઓછાં માણસો છે—ચાલ આપણે ત્યાં જઇને બેશીએ. તારી સાથે મારે ખાસ વાત કરવી છે.'

"ચાલો."

સર્પેન્ટાઇનનો તટપ્રાન્ત ફરીને તેઓ જયારે બીજે કાંઠે પહોંચ્યાં તે વખતે રાત્રિનો અંધકાર પૃથ્વી ઉપર ફરી વળ્યો હતો, તે અંધકારની ભયંકરતા નીવારવા પાર્કના વીંધવીંધ સ્થળે સળગતા વીધુતના દીપકો મથી રહ્યા હતા. એવા એક દીપકથી દુર એક ચેસ્ટનટના ઝાડની નીચે, તળાવન કીનારાથી થોડેકજ છેટે હરીયાળા ઘાસની ઉપર બંન્ને બેઠાં.

(૪)

એથેલ, એટલું તો સમજી શકી હતી કે, એના વહાલા કુમીનું ચીત્ત આજે વ્યગ્ર છે. એટલે તેના ચીત્તવિનોદનાર્થે, તે રમણી જન સુલભ નાના પ્રકારની કથા કહાણીઓ કહેવા લાગી. પરંતુ જોયું તો કુમુદ તે બરાબર સાંભળી શકતો નહોતો. બે ત્રણ વખત પુનરૂક્તી કરતાં જાણે ઉંઘમાંથી જાગ્યો હોય તેની માફક તે પુછતો "શું કહેતી હતી?"

ધીરે ધીરે ગાઢ અંધાર જામી રહ્યો છે. નભમંડળમાં અનંત તારાઓનાં ઝુમખાં ને ઝુમખાં દીપી રહ્યાં છે. મૃદુસમીર લહેરોથી સર્પેન્ટાઇનના નૃત્યશીલ વક્ષસ્થલ ઉપર-તે ભવ્ય તારક રાજીનું પ્રતિબિમ્બ પડી રહ્યું છે. અર્ધશયન અવસ્થામાં, હાથ ઉપર માથું ટેકવી, ઘાસ ઉપર પડેલો કુમુદ સર્પેન્ટાઇનના ઉછળતા જલતરંગો પ્રતિ સ્થિર નયને જોઇ રહ્યો છે.

એથેલે એ શાંતિનો ભંગ કરતાં પુછ્યું: "કોનો શું ચિંતન કરી રહ્યો છે, વહાલા કુમી?"

નિદ્રામાંથી સફાળો જાગૃત થયો હોય તેમ કુમુદ બોલ્યો: "એથેલ, તેં શેલીનું નામ સાંભળ્યું છે?"

"કોણ? બારૂં છું તમારો કોઇ મિત્ર હશે?"

"મુર્ખી! તે તો ગઇ શતાબ્દિના મહા કવિ-હતા."

"એમકે? હું તે જાણતી નહોતી." ભોળી એથેલે પોતાની અજ્ઞાનતા સ્વીકારી લીધી.

"એ કવિ પહેલાં હેનરીએટા નામની એક યુવતિને પરણ્યા હતા. ધીરે ધીરે ઉભયની વચ્ચે પ્રણય ભંગ થયો હતો. તે પછી, એક દિવસ રાત્રિને સમયે, એ કવિપત્ની આવીને આજ સર્પેન્ટાઇનનાં જળમાં ડુબી મુઇ હતી."

વાત સાંભળતાજ ઓથેલને રોમાંચ થયો. તે બોલ્યા ઉઠી "આહ! શો ભૈયાનક બનાવ! તમે તે શી રીતે જાણ્યુ?"

"શેતીના જીવનચરિત્રમા મે તે કથા વાચી છે." પહેલા તો ઓથેલ એ સાંભળીને નિસ્તબ્ધ થઇ ગયા, પછી શંકીત ચિત્તે તે કુમુદ તરફ જોઇ રહી-પરતુ અધમારને લીધે તેના મુખ ભાવ દ્રષ્ટિગોચર ન થયા એટલે એણે રમણીજનસુલભ ભીરુ યુકિત કરી પ્રેમભર્યા સ્વરે તેણે કહ્યું "કુમી! હુ પણે જો એ હેનરીએટાની માફક આ તળાવમા પડીને દુબી મરૂં તો તું શુ કરે પારૂ?'

"હુ? હુ તો પાણીમા કુદી પડી તને બચાવી લાવુ"

"તને તરતા આવડે છે?"

'ઠીક ઠીક! હીંદુસ્થાનમાં હતો ત્યારે જો હોડ બકાને કટકીએ વખત ગંગાજી નદી તરી પાર ઉતર્યો હતો.'

ઓથેલના હૃદયને કમ્પાવીને એક સ્વરચ નિશ્વાસ નીકળ્યો સાથે સાથે તેના મુખમાથી 'પ્રભુનો ઉપકાર!' એટલા શબ્દો પણ સરી પડ્યા

કુમુદે એ ઉપરથી પુછ્યું "ઓથેલ! પ્રભુનો ઉપકાર એમ શા માટે કહ્યુ?"

ઓથેલ મૌન રહી

ફરીથી કુમુદે પૂછ્યુ 'તુ શુ એવુ ધારે છે કે, હુ આજે સર્વેન્ટાઇનમાં કુણીને આત્મ-હત્યા કરીશ?"

રડમસ સુરે ઓથેલ બોલી 'જાઓ, હુ મોનીત નહિ' કુમુદ સ્વગત બોલ્યો "આશ્ચર્ય! આશ્ચર્ય! જગતમાંથી હમીરવિદાય લેવાના સમયે, આ કયાંથી મારા માર્ગને અશ્રુપૂરીત નયને રોકીને ઉભી રહી? તે નથી તો મારી સ્વદેશીય કે સ્વજાતિય, અરે તે મારી સવર્ણા પણ નથી મારી કોઇ નથી, છતા એને આટલુ બધુ દુ:ખ શા માટે થતું હશે? આ વીચારે બેના ઉભય નેત્રોમાંથી અશ્રુબિંદુ ટપકી પડ્યા

વિહવળ ચિત્તને લીધે આજ કુમુદ એટલુ પણ સમજી ન શકયો કે, સ્નેહ જાત, ભાત, કે દેશના સગપણ જોવા બેસતો નથી સ્નેહી હૃદયો એ બધાના સબધ વિનાયે પરસ્પરને માટે જીવે છે અને પરસ્પરને માટે મરી શકે છે.

બીજી બે ચાર આડી અવળી વાતો પછી કુમુદે કહ્યુ "ઓથેલ હુ તારો અપરાધી છું, મારા અપરાધની ક્ષમા કરીશ ને?"

'શો અપરાધ?"

"મનમાજ વીચારી જોને? શું તારી તરફ મે કશોયે અન્યાય નથી કર્યો શુ?"

મમતાથી કુમુદના બને હાથ પકડીને ઓથેલે કહ્યુ "કુમી, આજે તું આવી આવી વાતો શાને કાજે કરી રહ્યો છે, બતા?"

તેના મુખમડળ ઉપર કરૂણ ભાવો તરવરી રહ્યા હતા, તેના સ્વરમાં રૂદનનો ભાસ થતો હતો માત્ર કુશળ ચિત્રકાર ઓથેલ અને કુમુદનુ એ સ્થિતિમા ચિત્ર દોરે તોજ જગતના માનવીને એ દશા યથાર્થ સમજાવી શકાય

"જો કોઈ માણસ કોઇનો કંઇપણ અપરાધ કરી બેઠો હોય તો તે તેની ક્ષમાયાચના કરે કે નહિ? ઓથેલ્લ તે પ્રમાણે હું તને કહી રહ્યો છું કે મારા અપરાધની મને ક્ષમા આપ." કુમુદ ભીક્ષા પ્રાર્થતો હોય તેવે ભાવે બોલ્યો.

કુમુદના હાથ દુર ખસેડી દેતાં ઓથેલ્લે કહ્યું: "જા. જો હવે એવી વાત કરીશ તો હું રડીશ. કુમી, વહાલા આજે તને આ શું થયું છે?"

તેના મનની સ્થિતિ સમજી જવાથી કુમુદ તેને આશ્વાસન આપવા લાગ્યો. હવે વધુ બોલવા જતાં ઓથેલ્લના હૃદય ઉપર પ્રબળ આઘાત થશે એમ તે સમજી ગયો.

કુમુદ અડધો સુતો હોય તેમ જમીન ઉપર પડ્યો હતો, ઓથેલ્લ તેની બાજુમાં બેઠી હતી. તે પછી કેટલીક સામાન્ય વાતચિત થવા લાગી, એવામાં ઓથેલ્લ રમત કરતાં કરતાં કુમુદના કોટનાં બટન પકડીને ખેંચવા લાગી. અચાનક એક સ્થળે કંઈક વજનદાર ચીજ છે એવો એને ભાસ થયો. ત્વરિત ગતીથી તેણે કુમુદના ખીસામાં હાથ નાંખી એ વજનદાર વસ્તુ બહાર કાઢી. તે જોઇ તેનો શ્વાસ રૂંધાઇ જવા લાગ્યો. એજ મનોદશામાં તેણે પુછ્યું: "કુમી! આ શું?"

"રિવોલ્વર."

"રિવોલ્વર ખીસામાં શા માટે?"

"રાતે રસ્તામાં એકલો ફરું છું માટે પાસે રાખવી તે સારી. આપો, સતાવશો નહીં."

એજ પળે વિદ્યુત વેગે ઓથેલ્લ ઉભી થઇ ગઇ અને કુમુદની વાત સમાપ્ત થતાં ન થતાંમાં તો તે ત્વરીત વેગે પાણી તરફ દોડી.

"શું કરે છે, શું કરે છે?" કરતો કુમુદ તેની પાછળ દોડ્યો.

પાણીની પાસે જતાં જતાં તેણે ઓથેલ્લના 'બ્લાઉઝ'નો પાછલો ભાગ પકડી લીધો.

તેટલામાં તો ઓથેલ્લે સર્પેન્ટાઇનના મધ્ય ભાગ તરફ તાકીને જોરથી રિવોલ્વર નાખી દીધી.

પાણીના કોઇ અદ્રશ્ય અંશમાંથી 'ફસ' કરતો અવાજ સંભળાયો. નરશોણિતને બદલે તે શિશુ-રાક્ષસને પોતાની અગ્નિમયી તૃષ્ણા પાણીમાંજ છીપાવવાની ફરજ પડી.

(૫)

કુમુદને રીસ ચડી, ઓથેલ્લના હસ્તને જોરથી પકડી તે બોલી ઉઠ્યો "શૈતાની! આ શું કર્યું?"

"શૈતાન! સારૂં કર્યું છે. સારૂં કર્યું છે. મારી ખુશી. મારો હાથ છોડ, કુમી, મારો હાથ દુઃખે છે છોડી દે!"

"પણ તને ખબર છે? રિવોલ્વર શિવાય મારે માટે બીજો માર્ગ રહ્યો નથી."

"અહોહોહો! મારો હાથ કપાઇ ગયો. અરે. અરે! કળતર થઇ રહ્યું છે. છોડ, છોડ ઓ જંગલી--" ઓથેલ્લ ઉપરાઉપરી બુમ પાડવા લાગી.

કુમુદે તેનો હાથ છોડી દીધો. ધીરે ધીરે પુર્વસ્થળે આવીને બેઠો. આ વખતે તેણે શયન ન કરયું.

એની વાંસે વાંસે એથેલ આવતી હતી, તેની પાસે આવીને તે બોલી, "જોયું શું કરયું આ ? મારી બંગડી ભાંગીને કાંડાના માંસમાં પેસી ગઇ છે. અહાહાહા !" એમ દુઃખના ચીત્કાર કરતી તે પોતાના પીડાતા કાંડાને પંપાળવા લાગી.

ઓસામાં દીવાસળી હતી, તે સળગાવીને કુમુદે જોયું તો જણાયું કે એથેલ સાચું જ કહી રહી છે. એનેમલની બંગડી ભાંગી ગઇ છે, તેનો થોડોક ભાગ એથેલના કાંડામાં પેસી ગયો છે. લોહી નીકળી રહ્યું છે.

જલદી જલદી તે એથેલને તળાવને આરે લઇ ગયો. ભાંગેલી બંગડી કાઢી નાખી પોતાના રૂમાલને પાણીમાં ભીંજવીને તેણે ઘા ધોઇ નાખ્યો. તે પછી કેટલુંક ઘાસ તોડી, સારી રીતે ચાવી લગદી કરી ઘા ઉપર મુકી અને રૂમાલ ફાડીને તેની ઉપર પાટો બાંધી દીધો. ત્યાર બાદ શરમતો હોય તેવી રીતે, સ્નેહપુર્ણ સ્વરે પુછ્યું. "એથેલ ! હજીયે દર્દ થાય છે ?" "ના જરાક ધીમું પડયું છે," ઉત્તર આવ્યે એથેલે કહ્યું. ઉઠતાં ઉઠતાં કુમુદે પસ્તાવો કરતાં કહ્યું "સાચું કહું છું એથેલ, હું જનાવર જેવો છું. આવો આવો," એમ કહીને બન્ને જણ પાછા બેઠાં હતાં ત્યાં આવ્યાં.

પોતે એથેલને પીડા કરી છે એ વાત કુમુદના આર્ય હૃદયને ડંખી રહી હતી. બેઠા પછી તેણે વીનીત ભાવે પુછ્યું "બહુ જોરથી વાગ્યું ? ચાલો, આલો, કોઇક દવાખાનામાં જઇને સારી રીતે પાટો બંધાવી લઇએ.

એથેલ ઉભી થઇ, પણ તેણે કંઇક યાદ આવ્યુ હોય તેમ કહ્યું. "એક વેનીમાં શું બાટો બંધાવશો, કુમી ?"

કુમુદને પોતાની નિર્ધનતાનું ભાન થયું દીર્ઘ નિશ્વાસ નાખતાં તેણે કહ્યું: "બરાબર છે, હું એ વાતજ વીસરી ગયો હતો."

"છતાં હવે ચાલો બહાર તો જઇએજ" દવાખાનામાં નહીં પણ કોઇક 'રેસ્ટોરાં'મા ચાલો મારી પાસે પઇસા છે. મને ભુખ બહુ લાગી છે."

"એથેલ, રાતનું ભોજન જમ્યા વિના આવી છે ?"

"તે તો સાત વાગે જમી હતી, પરંતુ પછી ત્રણ-ચાર કલાકમાં ફરી ભુખ લાગે કે નહિં ? કુમી ! તમે રાતનું ભોજન કયારે લીધું ?"

"હું તો જમ્યોજ નથી."

"જમ્યો નથી ? ખ્હા ?"

"ખ્હા પણ નહિં."

"બીજા પહોરનું જમણ ?"

"એ પણ નહિં. માત્ર સવારે આઠ વાગે ઘેરથી નાસ્તો કરીને બહાર નીકળ્યો, તે પછી કશું લીધું નથી."

"Poor dear ! આખા દીવસનુ તે કશુંએ ખાધુ નથી ?" કુમુદના દુઃખથી અપરિમિત ભોળા આંતરમણી એકદમ ચમકીને બોલી ઉઠી. તેના સ્નેહી હૃદયને જોયો દુઃખ થયું. તેણે કહ્યું: "ચાલો, ચાલો હવે એક પળનો પણ વિલંબ કરશો નહિં."

તેઓ બગીચાની બહાર નીકળ્યાં અને નજીકની એક ભોજનશાળામાં પ્રવેશ કરતાંજ એક પરિચારિકાને પુછયું: "કોઈ બાનગી ખંડ ખાલી છે?"

દાસીએ સ્મિત વદને પ્રત્યુત્તર આપ્યોઃ "છે મહાશય! પધારો."

બાનગી ખંડમાં ઉભાને માટે તેમણે મંગાવ્યા તે તે બાદ્ય પદાર્થો આવ્યા. એ ખંડમાં કોઇ નહીં જઇ શકે, વધારે તો શું પણ બોલાવ્યા શીવાય દાસી સુદ્ધાં ત્યાં જઈ શકે નહીં. બોરાક પેટમાં જતાંજ કુમુદના દેહમાં જાણે નવા પ્રાણનો સંચાર થયો. ધીમે ધીમે, આનંદ ગોઠડીઓ કરતાં કરતાં જમણ પુરૂં થયું, અને પરીચારીકા આવીને ટેબલ સાફ કરી ગઇ.

વીશ્રાન્તી માટે બન્ને જણ વીરામાસન ઉપર બેઠાં. ઓથેલે એ વખતે ધીરે રહીને વાત છેડીઃ "પણ કુમી! આજ આવી ગાંડાઇ શા માટે કરવી પડી તે તો કહો?"

પહેલાં તો કુમુદ કશું ન બોલ્યો, ઓથેલને પોતાની દુઃખદવાર્તા કહી દુઃખી કરવાનું તેને ન રૂચ્યું, પણ ઓથેલની ઘણી જીદ પછી તેણે પોતાની સ્થીતીની વાત કરવા માંડી. આદીથી અંત સુધી સઘળું વર્ણન કરી રહ્યા પછી તેણે કહ્યું. "ઓથેલ, આવી હાલતમાં આત્મહત્યા શીવાય બીજું શું કરી શકાય? બીજો ઉપાયે શો છે? આજે તો અટકાવ્યો છે પરંતુ કાલે-પરમે એ માર્ગ શીવાય મારો બીજો આરોજ નથી! જો તેમ ન કરૂં તો ભુખે મરવું પડે, તે કરતાં——"

ઓથેલ વચ્ચેજ બોલી ઉઠીઃ "કેટલા પાઉન્ડ હોય તો તારાથી દેશમાં પહોંચી શકાય?"

"પચ્ચીસ."

"કાલ સાંજની ગાડી તે છેલ્લીજ ગાડી છે?"

"હા."

"કાલે કયાં સુધી પૈસા મળી જાય તો તારૂં કામ થઇ શકે વારૂ?"

"સાંજના ત્રણ વાગ્યા સુધી."

"ઠીક, હું પ્રયત્ન કરી જોઇશ."

આશ્ચર્યચકિત થઇને કુમુદે કહ્યું. "તું! પચ્ચીસ પાઉન્ડ તું કયાંથી લાવીશ, ઓથેલ?"

"દશ પાઉન્ડ તો પોષ્ટ ઓફીસની 'સેવીંગ બેન્ક'માં મારા જમે છે, એતો જ્યારે મરજી પડે ત્યારે લાવી શકાશે. બાકી રહ્યા પંદર પાઉન્ડ. તે મેળવવા હું યત્ન કરીશ. હું, પણ કુમી! એ તો કહે? જો હું એટલા પૈસા મેળવી શકું તો તું આ બધી દુર્વાંચ્છનાઓનો પરિત્યાગ કરીશ કે નહીં?"

"જરૂર કરીશ."

"Honour bright!" ઓથેલે આશીષ આપી.

"Honour bright." કુમુદે પ્રતીઘોષ કર્યો.

"ઠીક ત્યારે, કાયે ત્રણ વાગ્યાના શુમારે ચાન્સેરી લેઇન અને કલીટ સ્ટ્રીટનો નાકાં આગળ ગારી વાટજ જોજો, હું ત્યાં આવીશ. જો રૂપીઆ મેળવી શકી હોઇશ તો ત્યાંજ તમને આપીશ."

"સારૂં." એ બે ટુંકા અક્ષરો બોલતાં કુમુદના હૃદયમાં આનંદનો જે ઉછાળો મારી રહ્યો હતો, તેનું માપ કરનાર યંત્ર હજી જગતમાં શોધવાનું બાકી છે.

રાત્રીના સાડા અગીયાર થવાની ચેતવણી દીવાલ ઉપરના ઘડીયાળે આપી. બન્ને જણ ભોજનશાળામાંથી તે વખતે ઉઠયાં. ઓથેલના રહેવાના સ્થળ તરફ તેઓ 'બસ' માં બેસીને ઉપડી ગયા તેમને બે માઇલ દુર જવાનું હતું. મકાનના દરવાજાની બહાર જ્યારે તેઓ રાત્રિને માટે એક બીજાની આશિષ સાથે વીદાય માગી છુટાં થયાં ત્યારે અગ્રેજી તિથી બારોબાર ગઇ હતી–મધરાત્રિ વીતિ ગઇ હતી.

(૬)

બીજે દિવસે મુકરર કરેલે સ્થળે જતાં સામે કુમુદે ઓથેલને આવતાં જોયો. હર્ષ–શોકની મિશ્ર લાગણીથી ઉંધાતા કરી તેણે પુછયું: "શું થયું?"

"પ્રયત્નમાં વિજય મેળવી આવી છું." ઓથેલે વધામણી આપી. કુમુદના પગ તળેથી પૃથ્વી સરી જતી દેખાઇ તેના આશાના મહેલો ધુળમાંથી ઉભા થતા જણાયા, પોતે સ્વર્ગ ભુમિમાં વિહરતો હોય અને કોઇ દેવિ રૂપે ઓથેલ તેની ઉપર આશિષોના અભિષેક ઢોળી રહી હોય તેવો તેને ભાસ થયો.

અતિશય આનદથી રતબ્ધ બની ગયેલા કુમુદને ઓથેલે સચેત કરતા કહ્યું. "આપો કુકની ઓફિસમાં, તમારા માટે ટિકીટ ખરીદ કરીએ."

"તું મારી સાથે આવીશ? અને તારૂ કામ—"

હસીને ઓથેલ બોલી ઉઠી "મારે તો હમણા રજા છે. આવા પટ્ટી બાંધેલા હાથથી પીરસેલું કોણ ખાય? એટલે જ્યાસુધી હાથ સારો ન થાય ત્યા સુધીની મને મેનેજરે રજા આપી છે અને એક રીતે એ ઠીકજ થયું છે, નહી તો પૈસા એકઠા કરવા સારૂ ફરવાનો વખત કયાથી મળત?"

બન્ને કુકની ઓફિસમાં ગયાં અને કલકત્તા માટેની ટીકીટ ખરીદી. તપાસ કરતાં જણાયું કે રાતના આઠ વાગે કુમુદની ગાડી વિકટોરીઆ સ્ટેશનથી ઉપડશે.

ઓથેલ, કુમુદની સાથે હતી. સ્વદેશ જવાની તૈયારી કુમુદે કરી લીધી, રાતનું ભોજન બને જણે સાથેજ લીધુ અને થયા સમયે તેઓ સ્ટેશન ઉપર જઇ પહોચ્યા.

ગાડીમાં સામાન ગોઠવ્યા પછી, આતુર નયને બહાર ઉભેલી ઓથેલ પાસે પ્યારીમતથી વાંકા નમીને કુમુદે કહ્યું. 'પ્રિય ઓથેલ, તારો આ ઉપકાર હું જીંદગી પર્યંત ભુલી શકીશ નહિ. બેર જઇને જો મારી પેઠીને બચાવી શકીશ તો બે મહિનાની અંદરજ તમારાં નાણાં મોકલાવી આપીશ.

ઓથેલ કંઇ પણ ઉત્તર આપી શકી નહિ. આસુજળે તેનાં ચળકતા નયન ઉભરાઇ જતાં હતાં, અસહ્ય વ્યથાથી તેનો કંઠ રૂંધાઇ જતો હતો.

સૈમય કોઇને માટે બેસી રહ્યો છે ? ધીમે ધીમે ગાડી ઉપડવાનો સમય થયો. બહુ ધિરજ એકઠી કરીને ઓથેલે કહ્યું: "Good bye કુમી ! ધારૂં છું કે આપણું આ છેલ્લું મિલન અને તહારાં છેલ્લાં દર્શન."

તુટતા જીગરે કુમુદે કહ્યું. "ઓથેલ, એમ શા માટે કહે છે ?"

"બન્નેની વચ્ચે સાત હજાર માઇલનું અંતર પડયા પછી તમે આ પરદેશી અબળાને ઓછીજ યાદ કરવાના હતા !"

રમણીજનસુલભ કારણ્યથી ઓથેલે કહ્યું.

"તને હું ભુલું ? ઓથેલ, આ દેહમાં પ્રાણ છે ત્યાં સુધી તો નહિજ."

"જુવો ગાર્ડ બત્તી બતાવે છે," ઓથેલે કહ્યું: "હવે બેસો. Good bye."

"Good bye નહિં ઓથેલ, માત્ર ફરીથી મળીએ ત્યાં સુધીના પ્રણામ." કુમુદે એમ કહીને ઓથેલના કોમળ હસ્ત ઉપર અતિશય મમતાથી ઓષ્ઠ દાબ્યા-ચુંબન કર્યું. એજ વખતે ગાડી ઉપડી.

મુંબઇની જાણીતી ડેરી
પેરીશીયન ડેરી કું.

વગર ભેલનું ચોખ્ખું દુધ, માખણ, સ્વચ્છ
શ્રેષ્ટ ક્રીમ, મેળવવાનું તમામ ભરૂશાપાત્ર
એકલું મથક છે. એકવાર ત્રાયલ લેશોજી ?

ટેમરીંડ લેન, ફોર્ટ મુંબઇ.

એક આશંકા.

ગરબી.

હિંદુપણું છે શામાં, ભાઈ! હિંદુપણું છે શામાં?
ચુસાય હંયું ચ્હામાં, ભાઇ હિંદુપણું છે શામાં?

૧

કુળાચારની ઠેામળ મેલી, ઘવાઈ રહી છે ઘા માં,
ઉદારતાના ઉભરા ઉડતા, આજ ઇંશાની વા માં
ભાઈ! હિંદુપણું છે શામાં?

૨

તનુજોએ સૈા તજી દીધી છે, મમતા હતિ જે મા માં;
ખરી વારતા ખેાળી જડે ના, શાસ્ત્ર તણી હા ના માં
ભાઇ! હિંદુપણું છે શામા?

૩

પ્રાપ્ત સ્થિતિનેા એક પ્રવર્તક, બીજો કહે ત્યાં જા માં;
તુનતુનિ ત્રીજો કંઇક બબડવે, સુઝય પડે શી આમાં
ભાઇ! હિંદુપણું છે શામાં?

૪

કાળીદાસનું આદ્ય કથન આ, કદી એકનેા થા માં;
પ્રભુ આશરે પડ્યા ન તે સૈા, રહયા રખડતી રા' માં
ભાઇ! હિંદુપણું છે શામાં?

કાળીદાસ ગીગાભાઇ રાજગેાર.

તઇયાર છે. તઇયાર છે.

કરણીનેા ફેજ.

નવરંગના અધીપતીની કલમથી લખાયલી ગતિ દીલપઝીર વારતા.

કીમત ૩. ૧૫. પેાસ્ટેજ આના ૪ વધુ.

પરાક્રમની પરાકાષ્ટા.

લગભગ ૪૦ વર્ષો થયાં

આખી દુનિયામાં પુણ્ય ફતેહ મેળવનારી...લાખો સર્ટીફીકેટોવાળી—તંદુરસ્તી, તાકાત અને લાંબી જીંદગી આપનારી તદન વનસ્પતિની

આંતકનિગ્રહ ગોળીઓ

નબળાં શરીરને બળવાન બનાવે છે, પાચનશકિતને સુધારી દરતની ચટકાયતને દુર કરે છે અને લોહી તથા ધાતુના વિકારોનો નાશ કરી શરીરને તેજસ્વી કરે છે. ખરેખરી જશનામી છે અને તેથી જ લાખો દરદીઓના આશીર્વાદ પામી છે.

કીંમત:—૩૨ ગોળીની ડબ્બી એકનો રૂપિયો એક વધારે વિગત જાણવા માટે પ્રાઇસ લીસ્ટ મંગાવી વાંચો અને વાકેફ થાઓ.

વૈદ્યશાસ્ત્રી મણિશંકર ગોવિંદજી.

મુંબઈ—બ્રાંચ,
કાલબાદેવી રોડ.

આંતકનિગ્રહ ઔષધાલય.
જામનગર—કાઠિયાવાડ.

જસમાઈનનો આયોડાઈઝડ

સારસાપરેલા.

લોહી સુધારી નિરોગી અને જીંદગીની મઝા લોગવવાને શકિતવાન બનાવવા માટે આ જસમાઇનનો સારસા પરેલા જરૂર વાપરજો પ્રમેહ, ચાંદી, વિસ્ફોટીક, અને બીજા ગરમીનાં દરદોમાં પેહેલા નંબરની દવા છે. સંધીવા ઉપર તેનો ગુણ અજબ જેવો છે. બરસ, લુબસ, દરાજ, બરજવાં ગડગુમડ, કંઠમાળ, કોઢ, અને એવાં અનેક દરદો ઉપર આ જસમાઇનનો સારસા પરેલા ખાસ કરીને વાપરવા લાયક દવા છે. દમ, બાંસી, અને છાતીનાં દરદોમાં ઘણોજ ફાયદાકારક છે. કીંમત રૂ. ૧।। વી. પી. થી રૂ. ૧।।= ત્રણ શીશીના રૂ. ૫)= અને ૬ શીશીના રૂ. ૯)= વી. પી. સહીત.

દરેક દવાના વેપારી પણ તે વેચે છે.

લખો:—અમૃતબિંદુ ઓફીસ—નડીઆદ.

સંસારનો ફાંસો.

લખનારઃ—દ્વારાં કાપડીયા

પ્રકરણ ૨૨.

—:૦:—

મની ગઝદરની ફતેહ થઇ. તે નીર્દોષ પુલને સાવ આસાનીથી કચડી નાખવામાં તે ખુબ-સુરત ખવીસ આયદે ફ-નેહ પામી ! તે કેટલીક મીનીટો તો કાંઇ બોલી નહી, કે હવે તેનાં બાતેનની પાર વીનાની ખુશાલી તેના અમાજમાં ઉધાડી પડી જાય, તે જેમ તેણીએ આશા રાખી હતી તેમજ હતું–જેહાંગીર વાડીયાએ પોતાનાં શોખને તૃપ્ત કરવા એક તાગરો રચ્યો હતો, જ્યારે તે તાગરો ભોળી નાજ પારખ માટે એક મોહત અને જીંદગીનો સવાલ થઇ પડયો. લગન જેવું કાંઇપણ થયું હતું નહિ; અને ને મકકારીએ પોતેપે તાને બાહોશીથી પોતાનાં ઉપજાવી કાઢેલા પ્લોટ માટે ઘણી મોટી શાબાશી અને મુબારકબાદી આપી

જો કે તેણે તેનાં પોતાને હાથે તે નીર્દોષ સુંદરીને કચડી નાંખવાનુ અને પોતાના માર્ગ-માંથી સબરદસ્ત દુર કરવાનું ચીંગદું રચ્યુ હતું, છતાં હમતથી ફાટી જતી ગુંથણ મંડીયે પડેથી તે દુલીતાની તે દયા ખાધા વીનાં રહી શકી નહિ. તે નાજ પારખ–કોઇથી રવેશે તેણી સાથે રમાયેલો દગો જાણતો તો ખરીજ, ત્યારે હવે તેણીએ તે અત્યારેજ જાણી લીધો તેમાં બોટું શું હતુ ? મની ગઝદરે તેમા કશું બોટું નજ હતું એવુ પોતાનાં મનને મનાવી સબ્યારો લીધો.

"મને તાહરે માટે ઘણું લાગેછ, નાજ" તે બોલી; "તને ઘણી બાટકી રીતે દગવામાં આવેલી છે. બાહરું માનજે–અને એમી માનજે કે એગ બોલવા વાસ્તે હુ ઘણી દબગીર છેઉં કે–જેમ હુ છેઉં તેમજ તું પણ છે, તું બાહરા કરતાં જરાબી જાસ્તી પરણેલી નથી."

"ઓહ, નહીં, નહીં ! એ સાચ્ચું નથી–એ નથી સાચ્ચું !"

"પુઅર ચાઇલ્ડ !" મનીએ સીપલાત કર્યો. "તું જેટલું જલ્દી સચ્ચાઇ જાણે તેટલું વધારે સારું. જો મને સમજ. દુન્યામાં જેહાંગીર વાડીયા જેવા બુરા માણસો ઘણાં છે, કે જેઓ જ્યાં નાજુક બાળાઓનો સંબંધ આવે છે ત્યાં બાકદામન અને ઇજ્જતનાં સવાલને છેક બેશરમ હદ સુધી બાટકી મની અમરાઇ ઉપર ઉંચો છાંડી મેજે છે. તેઓ પ્યાર કરેછ, ફસા-વેછ અને પછી એક બળાતું છગર જાણે રમવાનુ રમકડું હોય તેમ કંટાળીને મોટા તુચ્છકારથી ફેંકી દે છે. જેહાંગીર વાડીયાએ ઘણીકો સાથે પ્યાર કીધેલો છે. તું સમજી તો શકતી હોશે કે આય કાગજની સબનારી એના વીષે વધું જાણેછ હુ કાંઇ તને અપમાન

કરવા નથી માંગતી, નાજ્જ, યાદ રાખજે કે મારો ઇરાદો કાંઇ તારૂં દીલ દુઃખાવવાનો નથી પણ જ્યારે તું અહીં એની સાથે આવી હતી. અને જ્યારે તું બીચારી સાવ આંધળાંપણાંથી એનાં ઉપર જીવ પ્રાણ કાઢી આપતી હતી ત્યારેથી મેં એને કોઇની સાથે ધરાંપરાં અને તેની કોઇ ઘણી આબરૂદાર બાઇની સાથે–પરોવેલાં જાણેલાં છે."

તે બોલી, કાંઇ જવાબ મળવાના ઇરાદાથી; પણ તે ભુળકી એટલી તો પોતાનાં દુઃખથી સકમળકમ બની ગઇ હતી કે હોઠો કુપાડી તેણીથી જવાબ દઇ શકાયો નહીં.

"આય બધું મને કહેવાનું ઘણું દુઃખ લાગેછ," મનીએ ભરી રાખ્યું; "પણ એ તારે જાણવું તો જોઇએજ, એવો એક દીવસ આવશે કે જ્યારે ખુદ જેહાંગીર વાડીયો પોતે તને તજીને જતો રહેશે, અને તે તને ખમવાને વારતે ઘણું મુસ્કેલ અને ઘણું વધારે કયણ થઇ પડશે."

બાપડી નાજ્જ! તે કંગાળ કુંવારીકા નીરાશાથી તમામ લાઇલાજ બની ગઇ હોય તેમ ફસડીયાંજ ભારતી રવેશે પાસેની એક બેઠક આગળ ગઇ અને તે ઉપર પોતાનું માથું ટેકવ્યું. તેણીની જવાનીની સઘળી મગરૂરી, ખુબસુરતી, પ્યાર ને તમામ જીંદગી એક રાક્ષસી દયાહીણ હાથે તેણીમાંથી ખુંચવી લેવામાં આવી હતી. આહ! તે બધાંઓ કયાં હતાં કે જેઓએ તેને ખરાં દીલનાં નિખાલેસ પ્યારે ચાહી હતી? તેનાં કાળજીવાળા, દયાળુ બાવાજી કયાં હતા? અરે વફાદાર કુંવર ડોસાં, ભલાં હમખાઇજી દસ્તુર અને પેલાં નાનાં નિર્દોષ ભુળકાંઓ કે જેઓ હંમેશાં તેણીની પુઠેપુઠે દોડવામાં મઝાહ લેતાં હતાં તથા ગરીબ બાઇઓ! અને વૃદ્ધ મરદો કે જેઓને તે નજીવી મદદ કરતી તો સાચ્ચાં દીલનાં આશીરવાદથી તેઓ તેનાં બાળક જીગરને ધુબાવી મેલતાં હતાં–રે, તે બધાંઓ અત્યારે કયાં હતાં? તે ત્યાં માથું પટકી પડી રહી, પોતાની મોટી નામોશી અને કંગાલ્યતનાં દુઃખે બીલકુલ પત્થર જેવી થઇ ગયેલી; અને તે સઘળાંઓ કે જેઓને તેણીએ પંપાળ્યા અને સંભાળ્યા હતાં, જેઓનાં મોટાં મોટાં દુખમાં તેણીએ પોતાનાં નાજુક કરો અને કોમળ શબ્દોથી સુધ્ધારા દીધા હતા તેઓમાંનું એકબી જણ અત્યારે આ દુઃખનાં અને બરી જરૂરનાં કલાકમાં તેણીની પડખે તેણીને મદદ કરવા કે સધ્યારો દેવા અફસોસ કે બહું ઉભું હતું નહિ!

"જાણે ખુન કીધુ હોયની તેવું લાગેછ!" તે મોટા શોકનો દેખાવ જોઇ મનીએ મનથી વમાસ્યું. "પણ એ જલ્દી ખતમ થઇ જશે, અને કોઇબી વખતે એને જાણ્યું તો હતેજ, તેથી અત્યારે એને જાણી લીધેલું કાંઇ ઘણું ખોટું નહિં કેહેવાય–વળી, મેં ઘણાં નરમ અને મોણાળુ શબ્દોમાં જણાવેલું છે."

"તારે હવે હીંમત પકડવી જોઇયે, નાજ્જ," તેણીએ કહયું. "મોટાં દુઃખમાં તો હીમત અને શાંતીની મોટી જરૂર છે. જો કોઇ તુંને આવા અવતાર બેઅવતારમાં જોશે તો અમસ્થું બરાબ લાગશે. કાંઇ એકદમ કરી નાંખવુંજ જોઇયે. તું ચાંહી રહી શકવાની નથી; બારણાં પુર્ણ કે હું એ ઠગાઇ ચાલુ રેહવા દઇ શકવાનાં છૈયેજ નહિ– એ બની શકે તેમ છેજ નહિં. હજુ હું ધારૂંછ તેમ તું જેહાંગીર વાડીયાને મળીને કેહ કે બધી સચ્ચાઇ આપણે જાણેછ અને તું હવે વધુવાર એની સાથે રહી શકવાની નથી."

એક જખમ પામેલું જનાવર જે મીસાલ સાવ જીવ ઉપર આવી જઇ એકે છેવટની લડાઇ લડવા પોતાનાં દુશ્મનપર્દની સામે થાય છે તેજ બાઇકે-તેટલીજ ઝડપે-નાજનું પારેખ પોતાની ફસડીયાં ભારી પડેલી અવસ્થામાંથી ઉઠીને ઉભી થઇ, અને તેને બદનામ કરનારની સામે તગર તગર જોવા લાગી. મની ગઝદર ચમકી-ઝમકી-અને બીહધી.

"તમે કહોછ," તે ઇજા પામેલી મહાપુએ પૂછ્યું, "કે જેહાંગીર, માહરા જીગરોનાં જતન, માહરા ભરથાર કે જેવણને મેં વિશ્વાસથી માહરું તન અને માહરો આત્મા સોંપી દીધો હતો તેણે મને ઠગીછ અને ફસાવીછ; કે એવણે મને જુઠ્ઠું જુઠ્ઠું ભમાવી માહરી નેક હોરમતની ધુળધાણી કીધીછ; ખુદ તમે એવણને એક હડહડતા ફરેબી ફાંસા તરીકે ચીતરીયાછ, અને તમેજ મને એવા એક માણુસને રૂબરૂ પાછું મળવાની સલાહ અને સુચના કરવાની હીમ્મત કરોછ! જો જે બધું તમે મને કહોછ તે હું હોંઉ તો યાદ રાખજો કે તે માહરા તદ્દન નિર્દોષપણામાં હું થયેલી છેઉં. હું એક ભયંકર ઠગાઇલા નિર્દોષ ભોગ છેઉં."

મની ગઝદરનું જીગર ફરી પાછું ફતેહથી કુદ્યું! આતો સુન્ના થાંને પીળું હતું. તેણીએ આશા બાંધવાની હીમ્મત કીધી હતી તેનાં કરતાં તો આ ઘણું વધારે સારૂ હતું. જો નાજ કશીએ 'સીન' કીધા વગર, અથવા તો માવાચીવીને જન્મ આપ્યા વીનાં જતી રહે તો તેણી વાસ્તે મેદાન બીલકુલ સરળ થઇ જાય!

"તું એને ફરીથી જોવા કે ગણવા ના પાડેછ તે તાહરે માટે સૌથી સરસ માર્ગ છે, નાજ. તું જાણે—પણ, અલબત, એને તાહરે માટે કાંઇકી ગોઠવણ તો કરવીજ પડશે."

"માહરે માટે ગોઠવણ!" નાજએ ચૌંચવાઇને બરાડ પાડી. "શું તમે એમ ધારી શકોછ કે જહાંગીર પાસથી હવે કાંઇપી કબુલ રાખવાનું બનવાજોગ છે? શું એ મને લાજમખી છે?"

આ તો રૂપ્યાનાં સત્તર આના હતા! મનીએ વીચાર્યું, આવી બાબતની ચીજ જેમ અને તેમ જલદી આખર થાય તો ઘણું વધારે સારૂ.

"મને તાહરો 'રપીરીટ' ઘણો ગમેછ," તે ઠેંગથી બારમાં હોઠો મલમલાવી બોલી. સીપ લાટનો આર્ટ બૈરાંઓને શીખવવા જવો પડતો નથી, પરંતુ મીઠો, મકારી મની ગઝદર તે આર્ટમાં સૌથી પહેલું નંબર હતી. "પણ તાહરે પરીણામનો ખ્યાલ કરવાનો છે. તુંતેપી જીંદગી બસડવાની છે, અને કાંઇ ખાલી હવા ઉપર તાહરેથી જીવી શકવાનું નથી. શું એ તને ઠીક નથી લાગતું કે પહેલાં એને રૂબરૂ મળે અને જોય કે એ તાહરે માટે શું ગોઠવણો કરી શકેછ?"

"અરે. તમે એવી રીતે કેમ બોલી શકોછ?" નાજ કંઇ મેતી, એવા તો કરૂણ રસીક, દુઃખમય અવાજે કે ગમે તેવાં પત્થરનાં હૈયાંની બની હતી છતાં તેણીની આંખમાં અશ્રુઓ આજુઓ ધાઇ આવ્યાં અને તે તેઓને નીચે ગબડી પડતાં ઘણી મુશીબતે રોકાડી શકી. "હવે માહરે માટે રહ્યું છેજ શું? અને તમે ધારી શકોછ કે માહરી પાસે પૈસા હોય યા નહિ હોય તેની હવે હું દરકાર કરૂ? માહરે મનથી હવે બધું દુબી ગીયું. હું તો હવે માહરા ઇશ્વરથી મને મુંવેલીજ ગણુંછ. અહીંથી કેયેપી હું અરીણ ખાઇને દરીણ થવાની, માહરો અવતારજ છુરી પડેલો છે? આહ, જો તમે અથવા તો કોઇપણ જણે માહરા જેહાંગીરને ચાહો

હતે અને તેને આવો ઠગારો થયેલો માલમ પડેલો હતે—ત્યારેજ તમે સમજી શકતે. માહરે વાસ્તે હવે બીજા હજારોમાં જીવતર કાંય નહિ હોય હવે તો હું મરીજ ગઈછ," અને તે છોકરીએ એક અગાધ દુઃખનું અફસોસ છુટે તેવું ડચકું ખાધું. "હું તો હવે અડીધી ચાલી જવશ અને કેથેળી જઈને મોહતને શરણે થવશ."

મનીએ—તે દયાહીણપર ધાટકી પણું પાછું ગાલેમ થઇ આવ્યાથી તેનાં મનથી કહ્યું કે જો નાજાં ચાલી જાય તો તો ખરચીતજ સૈથી સરસ હતું. "બળા લેતી!" તે બબડી. "પાપ એમ પડતું હોય તો હજારો હઝાર શુકરાના. એનાં એવાં ગંભીર ડાંચાંગો અને રડતી ભરતી આંખો કાંઇ માહરેથી જોઇ શકાવાની નથી,"

"એક ચીજ છે," નાજાં બોલી, અને એક મીનીટ તે બાપડીના રૂની પુણી જેવા સફેદ ગાલો ઉપર કીરમજી લાલી દોડી આવી; પરંતુ તે બીજી મીનીટનેજ બેમાલુમ થઇ ગઇ, "એક ચીજ છે—કે મેં પાપ જાણી બુજીને નથી કીધું. હું જીંદગી વિષે ઘણું થોડું જાણુતી'તી અને ઘણી જવાન ને નાદાન હતી. મેં જેહાંગીરને ચાહ્યા'તા અને માહરા ખુદા એખલાને ખબર છે કે હજી પણ હું તેવાને કેટલા ચાહું છ—અને એવણે જે કહ્યું તે મેં બધું ખરાં દીલના વિશ્વાસથી માંન્યું હતું. હું મને હંમેશાં એવણની ઘણીઆણીજ માનતી આવેલી છેઉં. હવે મને માલમ પડે છે કે મેં એક ગુનેહગારીભર્યું કામ કીધું છ—કે એક ગુનેહગારની સ્થિતિમાં મેં સ્વીકારીછ. હું પાછો વાંધો ઉઠાવું છ," તે કોમળાંગી ચહેરામાં પાછી લાલ થઇ આવતાં જુસ્સાથી પુકારી ઉઠી, "હું માહરી મરજીથી એક ગુનેહગાર કદી બની નથી, અને જે બધું તમે ગલીચ માહરે વાસ્તે પેલાં કાગજમાં વાંચ્યું તે મને મુદ્દલ લાગું પડતું નથી. હું કોઇબી ખરાબ કામ વિષે તદન બેગુનાહ અને નિર્દોષ છેઉં."

"તે છતાંબી," મનીએ સમજાવ્યું, "જો કે તું તદન ખરીબી હોય તો પણ, તુંને માલમ પડશે કે દુન્યાં કાંઇપણ તકાવત રાખવાની નથી. દુન્યાં ઘણી દયાહીણ છે. દુન્યાંની જીભણી સૈથી ગંદીલી, કપટી અને ક્રાટીલ છે—તે તેનાં હાથમાં આવેલા શીકારને કદી આસાનીથી જતો મુકતી નથી. જ્યાં એક અબલાની ઇજ્જત અને નિતિનો સવાલ આવેછ ત્યાં તે ઘણું સખ્ખત ક્રાયદે અને દયાહીણ પગલે વર્તે છે; જ્યારે એજ દુન્યાં તાહરી અવરદશા વિષે જાણતી થશે ત્યારે તે કદી પણ માનવાને થોભવાની નથી કે કસુર તાહરો હતો કે નહિ. આવી એક સ્થિતિ ધરાવવાની વાત માત્રજ તને સારાં આબદાર બાનું ને ગ્રહસ્થના સંબંધમાંથી અળગી કરી નાંખશે—ઇજ્જતદાર લોકો તો તાહરી બણી નજર ઉઠાવીને જોશેબી નહીં. તેઓ તાહરી સાથે સખ્ખત થશે! તેઓ તાહરાં દીલ ઉપર ધ્યાનતથી થુક ઉડાડશે!"

"ઓહ, નહી! ઓહ, નહી!" નાજાંએ દુઃખથી બરાડ પાડી, "હું એ માંનતી નથી! મેં શું કીધું છ કે દુન્યાં માહરી સાથે એવી રીતે વર્તે?"

"હું ધારું છ," મનીએ કહ્યું, "કે તું તાહરી નિર્દોષતાની કીંમત ભરેછ. હું—" પણ તેણીએ પોતાનો વાક્ય પુરો કર્યો નહી. એક નોકરે આવી કહ્યું કે કોઇ બાઇ સાહેબ બોલાવતાં હતાં

"મને કાંઇ ઘણો વીસંબ નહી લાગશે," મનીએ કહ્યું; "માહરે માટે ગાંડી થોબજો. મને હજી બીજું તને વધારે કેહવાનું છે."

"બારૂં પણ તમો મને ચેલું કાગજ આપશો?" નાન્દાએ પૂછ્યું.

"હા," નાન્દાનાં હાથમાં તે ચપકું દેઇને મુકનાં મની બોલી, તે કાગજનો તે મધુરી શું ઉપયોગ કરવા ધારતી હતી તેનો જરા પણ ખ્યાળ કીધા વગર.

પછી, તેણીનાં ગયા પછી, નાન્દાએ ઘેરમાં અંદર જવાની કોશીશ કરી જોઇ, મની પાછી આવે ત્યાં સુધી ત્યાં રહેવાનો તેણીનો ઇરાદો હતો નહી. ઓચીંતી આફત ઘણાં માણસો ઉપર શારીરીક અસર કરે છે. નાન્દાને માથે ગગડી પડેલાં દુઃખનાં ભયાનક વાંદળાંએ તેણી ઉપર એક જાતનું ગાફીલપણું ગાલેબ થઇ આવ્યું; એક તરાંહની આંખ્યાં દીલમાં તેણીને કળતર થઇ આવી, તે કલાકોનાં કલાકો સુધી ચાલી આવી હોય તેમ તેણીની આંખો ગરમ અને ભારી હતી, તેણીનું માંથું દુખતુ અને બગજમાં જાણે જવાળા સળગી હોય તેમ લાગતું હતું. આહ, ખુદા, તે કેવે ભરાઇ છુપાઇ ખુણે ખાંટોળે જઇ પડે અને શાંતીથી અને શીઘ્રતાથી મોહતનાં દયાળુ 'ફરેસ્તાને મળે? તે ઠાક અને સુસ્તીને લીધે તે બાપડી કેટલો વખત વેદર તો પોતાનું દુઃખ શું હતું તેની ભુલી ગઇ.

તે જ્યાં જગેજગ સુગંધીદાર ફુલો મનને રાહત મળે તેવી ઘણે ઉગી નિકળેલાં હતાં-તેણીએ બધાં તરફ જાં પણ મીનીટ વગર, આખમાં અગાધ દયાનાં દેખાવે જોયું અને યાદ કરી શકી નહિં કે તે ત્યાં કેમ આવના પામી હતી. તેણીએ પોતાને એક બાઝટને બાઝીને નીચે તીણાં લીલાં ઘાસમા પડેલી જોઇ, તે બ્લુ આશમાન જોઇ શકી અને તે પોતાની ઘણી નઝદીક હોય તેમ તેણીને દીસ્યું; પવન ઘણો ધીમેથી તેણીના ચેહરાને પંખો નાખતો હતો, ઝીણાં, સુંદર પંખેરાંઓ તેણીના માથાંની બરાબર ઉપર આવી ઉંચે ઉડઉડ કર્યા જતા હતાં, એ એક મીઠી શાંતીભરેલી અસર તેણીને શું થતી હતી? એક સાનો ભયકર ખ્યાલ, શા વારતેનો ડોઇ એક ભયાનક સ્વપનો તેણીને આવી ગયો હતો? તેણીનાં ચેહરા તરફ આસમાન ઉપરથી એક ચેહરો હસીને જોતો હતો. તે તેની મરનાર ફરેસ્તાઇ માતાનો આનંદી મુખડો હતો-અને જાણે તે તેણીને આશીરવાદ દેતો હતો; પછી તેણીનાં પોપચાં વિંચાઇ ગયાં અને તે ઉંઘમાં પડી. ને-તેજ ઉંઘે-તે બાપડીનો ઉગારો કર્યો. કદાપી ઘણાં દાખલાઓમાં બને છે તેમ ઉંઘ પણ સઘળાં સાથે તેણી તરફ દયાલીયુ બનતે તો તે જીવતી રહેવા પામી હતે એ ઘણું અસંભવિત હતું!

તે બે કલાકે સજાગૃત થઇ, બધી ધરજતી, ઠંડી અને ગાંદી જેવી પહેલ્લાં તો શું બની ગયું હતું તે તે એકદમ યાદ કરી શકી નહિ. તે બાંહી ઓખવી કાંય સુતી હતી? બરેબર વાંચનાર, તેઓ કે જેઓ પોતાનું મોટું દુઃખમાં ઉંધમાં ભુલી ગયા પછી સજાગૃત થતાં રહેતે રહેતે તે સઘળાંનો ખ્યાલ કરી શકે છે તેમને તો જુદાજ મદદ કરે.

ધીમે ધીમે સઘળું તે બાપડીનાં બગજ ઉપર ધસ્તું આવતું થયું. તેણીને તે જીવનેલુ કાગજનો બોનેબોલ યાદ આવ્યો-બરચીત, તે તો તેણીનાં હાથમાંજ હજીસુધી જોવાતું તેમ પડ્યું હતું.

તે અંદર ઘરમાં ગઇ. તે સાફંજ હતું કે તે કોઇનાં જોવામાં આવી નહિ, કેમજે તેનાં ચેહરાએ હજી સુધી રંગ પકડયો હતો નહિં અને ગગડી પડેવા રીતમની મોહકાણે તેણીની

આંખો બધી બીહક લાગે તેવી ફાટી ગયેલી જેવી હતી. તે પોતાનાં રૂમમાં ગઇ; અને જે ચીજ ઉપર સૌથી પહલ્લી તે રૂપસુંદરીની નજરો પડી તે જેહાંગીરે તેને આપાવેલો એક રાઇટીંગ કેસ હતો. તેને નિરખતાં તેણીએ તેનાં ઉપર એક કાગજ લખી અને ત્યાંજ બીડીને રહેવા દેવાનો ઇરાદો કીધો; પછીજ તે જાણશે કે તેણી તેને શા વાસ્તે છોડી ગઇ હતી અને જ્યારે ભવિષ્યમાં તેણીનો તે વીચાર કરશે ત્યારે તેને યાદ આવશે કે જો કે તે તેને દુન્યાંનાં સૌથી બુલંદ પ્યારે ચાહતી હતી તોબી તેણી તેને તે અને તેજ કલાકે છોડીને જતી રહી હતી, કે જ્યારે તેણે કીધેલી દગાબાજનો તેણી આગળ સ્ફોટ થઇ ગયો હતો.

તે કમનશીબ છોકરીએ પેન અને પેપર લીધાં. તેણીની આંખો, તે લખતાં—તેના ઉપરનું તે છેલ્લું કાગજ, સુકકી અને આંજુઓ વિનાની હતી; ખુદ સહન કરવાની શકતી વડીક તેણીમાં સુન મારી ગયેલી અને સુકાઇ જવા જેવી થઇ ગઇ હતી.

પ્રકરણ ૨૩.

દુઃખી નાજાં! કમનશીબ નાજાં! તેનાં શોકનો કાંઇ સુમારજ ન હતો, અને તેણે સીસાં જેવી ભારી છાતીએ તે કમબખત મુઝ કે જેણે તેની જીંદગીની જડમુળથી ખુળબાણી અને બરબાદી કરી નાંખી હતી તેની ઉપર આ પ્રમાણે લખ્યું:—

"મેં બધું જાણ્યું છ, જેહાંગીર," તે હીણભાગણીએ શરૂ કર્યું, "હું આય કાગજ બીડું છ કે જેથી તમને માલમ પડી શકે કે જે સબળું કેમ જાણી લીધું. તમે થોડા કલાકો વાસ્તે મારી આગળથી જતા રહેલા છેઓ, અને તે ટુંક અરસામાં મારૂં જીગર તુટી ગયું છ. ઓહ, જેહાંગીર! તમે મારી તરફ એટલાં બધા નિર્દય કેમ થઇ શકયા, કે જેને તમે ચાહતા હતા? હું મારાં સાદામાંદાં નાનાં ઘેરમાં કેવી સુખી હતી, અને હવે હું સુખી કદી થઇ શકવાની નથી; હું તે મારાં પવિત્ર ઘરે જઇ શકવાની નથી-તે મારાં મીઠાં સુણા ગામડામાં હવે મારાથી એક ઘડીબી પગ મુકી શકાવાનો નથી. અરે, જેહાંગીર, જો હું તમારી ધણીઆણી થવાને વાસ્તે બરાબર હતી નહિ તો તમે મને જેમની તેમ છોડી કાંય નહિ દીધી અને તમારે રસ્તે જતા કાંય નહિ રહ્યા? હું તમારા વગરણી—જો મારાથી બની શકતે તો એક સાદાં સંતોષી જીવતરે મારા બાકીનાં કલાકો પુરા કરતે. તમે મને નાંમોશી અને શરમીંદગીથી ભરી નાંખેલી છે; તમે મને સારી આબરૂદાર બાનુંઓની હરોળમાંથી સદાને માટે દુર કરી નાંખેલી છે. હું તમે મને જે બનાવીછ તે લખી શકતી નથી. મનીમાયે મને હમણાં આય બપોરે આ કાગજ વંચાવ્યું છ, ને તે મેં તમારે વાસ્તે પણ અંહી બીડયું છ. હમેશાં યાદ રાખજો કે જેવી મેં સચ્ચાઈ જાણી લીધીછ તેવીજ હું તરત તમારો પલ્લો છોડીને જતી રહેલી છેઉં. તમુને હું મારાં જીવતાં જીવથી ચાહું છ, તમુને જોવા વગર જતી રહેતાં મારાં કલેજાંમાં કેવી આગ બળેછ તે તો મારો પરવરદીગાર એબલો જાણેછ છતાં પણ તમને સેવટની સલામ કરવા વડીક થોભ્યા વિનાં હું ચાલી જાઉં છ. ગુડ બાય!

"હું હવે ફરીથી તમારો ચેહરો કદી જોવાની નથી, જેહાંગીર. ઓહ, ગુમાવેલાં પ્યાર, મારા ગરીબનાં ખોહવાયેલા બ્રહ્મના, તને, સેવટની સલામ! મારી જવાન જીંદગીની સઘળી પાયમાલી થઇ ગયેલી છે, તોપણ હું તમારી સાથે ગુસ્સો કરી છુટી પડી શકતી નથી; મેં તમને મારી જીંદગીથીપણ જ્યાદા ચાહેલા છે અને તેમ હું અહી છેલ્લામાં છેલ્લો દમ ભરશ ત્યાં સુધી અને પછી પેલી મીનીટ જેહાંનમાં પણ ચાહતી રેહવશ.

"તમે મને ઘણી ખોહી દેશો, તમે મારી સાથે ઘણી ધાટકી અને ન છાજતી રીતે વર્તેલા છો. તે છતાં પણ તમારામાં-મારે વાસ્તે થોડોક પ્યાર છે, ગુડ બાય. યાદ રાખજો કે જે સેવટનાં શબ્દો હંમેશાં આપણાં બનેનાં હોઠો વાટેથી પસાર થતા રહેશે તે આ છે-

"'હું તને માફ કરૂંછ!'"

તે કાગજની સાથે નાજાંએ પેલાં નનામાં કાગજને પણ ઘડી વાળી મેળવું અને તે બંને કાગજોને એક નાનાં એનવલપમાં મુકી બંધ કર્યા અને તે ઉપર જેહાંગીર વાડીયાનું નામ લખી આગળજ એક ટેબલ ઉપર મુકયું, કે જેથી જેવો તે તે ઓરડામાં દાખલ થાય કે તરત તેની નજર તે ઉપર પડે. તે રૂપસુંદરીએ તે જીવ વગરના એનવેલપને ધ્રુજતા હોઠોએ કીસીઓ કીધી. જ્યાંસુધી તેણી જીવતી હતી અને જ્યાંસુધી તે જીવતો હતો ત્યાંસુધી તેઓ વચ્ચેનો આ મકથી છેલ્લો સંદેશો હતો. કાંઇ પણ વધારે શબ્દો, હસવાંઓ, ચુંબીઓ અને આંજુઓ હવે રહ્યાં હતાં નહિ; પ્યાર ભરેલી બગલગીરી કે ગુસ્સાભર્યા ઠપકાઓ હવે જરતીવાર રહેવાનાં હતા નહી-સદા માટેની અને સેવટ સુધીની હવે તો ચપ્પટ ચુપકીદી હતી. તેણીએ એક વાર ફરી તે નાનાં શોભધતા ઓરડાની ચોતરફ દીઠું, કે જ્યા તેઓએ સુખનાં અગણીત કલાકો સાથે પસાર કર્યા હતા.

"અને એ બધો વખત," તે તેનાં મનથી બબડી, "જેહાંગીર મને ઠગતા હતા; જ્યારે તેવણે મને કીસીસો કીધી હતી, જ્યારે તેવણે મ હરી સાથે સૌથી ઘણી પ્યાર ભરેની વાતો કીધી હતી ત્યારે તો તેવણ સૌથી વધારે ધાટકી અને જુઠ્ઠા હતા."

તે પછી સ્તબ્ધ થઇ ગઇ. દરેક થોડી થોડી મીનીટોએ તે સઘળું ભયંકર બરાપણું તેણી ઉપર નવેસરથી ત્રાજ આસરો લેતું-હતું, તેણીને ભાણુજુલી કરતું હતું અને ગુંચ વાવતું ગુંગળાવતું હતું. ફકટ એકજ ખ્યાલ તેનાં મગજમાં સીધ્યો અને ચોકખો હતો-તેણીને તે આવે તેની પેહલ્લાં જતાં રહેવુંજ જોઇયે. અને તે પણ જલ્દી ને તરતજ.

તેણે કયાં જવું અને પોતાનાં કોમળ પગને કઇ દીશાએ રસ્તો આપવો તે તો વિચાર કરી જોવાની દરકાર પણ કીધી નહિ. તે જ્યાં ઉભી હતી તેની બાજુની એક ટેબલના બારીગામા એક નોટનું ઝોક પડીકું પડયું હતું; પણ તે તેની સાથે લેવાનો ખ્યાલ બરોબર તે કરી શકી નહિ. તે તદન બરબાદ કરવાનાં કપડાંમાં હતી. અને તેને બદલીને કાંઇ સારાં પણ બહાર નિકળવા લાયક કપડાં પેહેરવાનોપણ તેણીને ખ્યાલ આવ્યો નહિ. કયાંથી આવે? જ્યારે મગજ ઘુમતું હોય અને ચીત ચકબમ થતું હોય ત્યારે કશુ સુઝ પડી શકેજ કેમ? તે બિચારીએ તો ફકટ એક સાથ લઇ લીધી અને તેને ઉનાવળથી જેમ ગમે તેમ પોતાનાં મોંઢની આજુબાજુ વીંટાળી દીધી.

પછી તે બાહાર પડી–બાહાર બગીચામાં. જ્યાં થોડો વખત એક છાકટા મનુષ્ય માફક કાંઇ પણ વિચાર કે આધાર વગર ભમ્યાં કીધી અને પછી ત્યાંથી પણ બાહાર નિકળી નદીનાં કાંઠે આવી. તે ત્યાં ઘણી થોડો વખત બેઠી–અને પછી પોતાની જંજાલીભરેલો ભટકવાયો શરૂ કર્યો, તે ભટકી– લાંબો, શાંતીભર્યો, બપોરનો તડકાંયોયો તેજ કમી થયો, સુરજ આથમ્યો અને ચંદ્રમાં પણ ઉગ્યો ત્યાં સુધી તે હૃદયહારણી એક ભમરડા માફક ભમતાં ભસ્તકે રખડી. તે કયાં કયાં રખડી અને કાંય રખડી તેનો પોતે પોતાને પણ ઉત્તર દઇ શકી નહિ. તે ગલીઓ, મોહલ્લાઓ, પરાંઓ વટાવી આગળની આગળ બાહોમ ચાલતીજ ગઇ. પછી તે ચમકી. ઘડીયાળમાં વાગતા થોકાબોક્યે તેણીને કાંઇ ભાંન કરાવ્યું અને તે ચમકીને જરા દમ ખાવા અને વિચાર કરવા બટકી ગઇ. તે કયાં હતી–શું કરતી હતી–કયાં જતી હતી ? સુરત તેણીને તદ્દન અંજાણ્યું હતું, અને એક મોટાં, અંજાણ્યાં શહેરમાં મધ્ય રાતે તે તદ્દન એખલી ભમતી અને ભટકતી હતી. તે બાપડી જીંદગી વિષે એટલું થોડું જાણતી હતી કે રાતવાસો એકાદ હોટેલમા કે કોઇ મુસાફરખાનામાં પસાર કરવાનું તેને ભાન આવી શકયું નહિ. જે પહેલ્લું મથક તેણીને આશરો લેવાને વાસ્તે મળ્યું તે સુરતનું રેલ્વે સ્ટેશન હતું અને તેને જોતાં તે ત્યાં અંદર ધસી ગઇ.

તે ત્યાં હાંફતી હાંફતી, ઠાકથી અર્ધી બેસુદ્ધ જેવી થયેલી, એક લોખંડનાં બાજત ઉપર જઇને પછડાઇ પડી. તે કેટલાકોનાં કલાકો સુધી ચાલી હતી અને તેણીને લાગ્યું કે હવે તેણી વાસ્તે દમ ખાવાની ઘણી જરૂર હતી. તે ત્યાં ઠાક અને હાંફથી બેસુદ્ધ થઇ જતે ત્યાંસુધી બેસતે; કીતું એક કોઇ અતપત્યો પોરટર તેણીની આગળ પોતાને કાંઇ વિચિત્ર લાગવાથી આવ્યો અને પુછયું, કે તે મુંબાઇ જવાની હતી કે કેમ ? મુંબાઇ ! નાજ્જં પારેખે ચમકીને ઉપર જોયું. હા, મુંબાઇ તો શું પણ કોઇ જે તેને ભસ્તે લઇ જઇ શકતું હોય તો ત્યાં પણ જવા તે ખુશી હતી. તેણીને કેયેણી તો જવાનું હતુંજ તેથી ભલે તે મુંબાઇ જાય. પછી તેણીને ટીકીટ ખરીદ કરવી પડવાની હતી તેનો ખ્યાલ આવ્યો અને તે માટેનાં પૈસાનાં વગાસણમાં તે બાપડી પડી. પણ સારે નસીબે પોતાની એક નાંની પાકીટમાં હાથ ઘાલતાં તે જાણી શકી કે તેણી પાસે થોડા પઇસા હતા, જે જેહાંગીરેજ તેને આજે સદવારે આપ્યા હતા. હવે ત્યારે મુંબાઇ જતાં તેને કાંઇ હરકત નડવાની હતી નહિ.

તે એક લાંબી, થાકવી નાંખનારી, કંટાળા ભરેલી મુસાફરી હતી, પણ તે કંટાળી કે કાયર થઇ શકી નહિ; તેણીની પોતાનીજ મુશીબત એવડી મોટી હતી અને તે વિષેજ તે બાપડીને એટલું બધુ વિચારવાનું હતું કે મુસાફરીની થાક કે રંજ તે પામી શકી નહિ. વળી તે કાંઇ હાલની તેની મુશીબતનાં બોજાનો વિચાર કરતી હતી નહિ–પણ તેણીનું બાળક મગજ તો બધી ગઇ ગુજરીના ખ્યાલે કરી ઘુમતું ને ભમતુ હતું.

તે હાલમાં જેહાંગીર વાડીયા સાથે ઉદવાડે હતી, કે જ્યાં બેતરો અને લીલા રસ્તાઓ ઉપર, દરીએ કીનારે અને ગલીગુચીઓમાં ઉભી રહી તેનાં પ્યાર ભરેલા જુસ્સાદાર બોલો તે સમજતી હતી–કે જ્યાં તેણે તેની સાથે પ્યાર કર્યો હતો, તેને ભમાવી અને ભોળવી હતી– કે જ્યાં તેણે લગનનાં નવા કાયદાઓ વીષે સમજાવ્યું હતું અને લગનની પવિત્ર કિયાને ઠોકરે મારવા જણાવ્યું હતું. પછી તે તેની સાથે મુંબાઇ આવી અને ત્યાંથી બાયેરાન બાહબલેશ્વરની ગોજ. આવા આવા તેનાં ખ્યાલો એક ધોધનાં પાણી માફક તેણીનાં કોમળ મસ્તકમાં ધસી

આવ્યા. તેણીને લાગ્યું કે હવે તો ખરાંપણાં અને બનાવટીપણા વચ્ચેનાં ફરક ઉપર વિચાર કર્યા કરવા સીવાય તેણી કને બીજું કશું હતું નહિ–તેને માટે તેણીનાં વિચારો કેવા હતા અને ભુતકાળમાં કેવા થઇ ગયા હતા તે અને તેનો ખ્યાલ કર્યા વગર, તેણીને લાગ્યું કે, તેણી કને બીજું વીચારવાનું કશું હતું નહિ.

સઘળો વખત તે જુહરો અને ઠગારો હતો! અને તેણીએ એટલી તો સંપુર્ણતાથી માન્યું હતું કે તેનો પેહરવેશ ને એખલેા ખાર તેજ હતી; તે બીજી બધી બનાવોએ તરફ કેરલેા બધો બેદરકાર અને કંડેા હતો, છતાં ગનીએ તો કહયું હતું કે ખુદ શારતમાં તેણીની હાજરી છતાં તેણે કોઇ બીજીની દરકાર કીધી હતી! તેનામાં સભ્યાઇ, વફાદારી કે ઇજ્જત જેવું કશું હતું નહિ; તે સઘળું એક હડહડતું કાવતરૂ હતું–એક બેશરમી ભર્યો દગો હતો!

તે મુસાફરીનો એક ભાગ તેણીએ ઝોલો પસાર કર્યો, કે જે દરમ્યાન તે બંધ આંખોએ પડી રહી અને પોતાને તે વહાલાં નાનાં ગામડાંનાં પવિત્ર આતશબેહરામમાં જઇ ખુશનુદી ભર્યા નુરી કેબળા આગળ ઉભી ઉભી પોતાનાથી સાવ અજ્ઞાનપણામાં થઇ ગયેલા ગુનાહની તોજેશ કરતી હતી એવું માનવાને કલ્પવા લાગી. તે રડતી હતી, બદગી કરતી હતી અને તે પાપનો એકરાર કરી તોજેશ કરતી હતી–અને પછી આંખ ઉંઘડી જતાં તેણીએ, પોતાને બળો દાવાનળ દુઃખ સાથે, એક ત્રેનનાં કમપાર્ટમેન્ટમાં એખલી બેઠેલી જોઇ.

બાકીની મુસાફરી એક સ્વપનો હતી. રાત અંધારી અને કાળી હતી; "બાહાર દેખાવતું કશું જોઇ શકાતું હતું નહિ. અંદર મથાળે બળતી લાઇટનું અંધુ તેજ હતુ, જે તેણીના દુઃખને આ કીસ્સાણુ જેવી રાતે વધારે બીહામણું અને બીહધરાવનારૂ કરતું હતું. તે તદન સ્થિર બેઠી હતી, એક શબ્દ વગરનાં પુટળાં મારૂક, કલાકેાના કલાકેા સુધી જ્યારે તે રાક્ષસી વરાળયંત્ર તેણીને માઇલેાનાં માઇલેા દુર ખેંચી જતું હતું.

આખ્ખેા વખત તે એખલી હતી, પણ સહવારનું સેલ્ડન પરોઢયું ફાટતાં જ્યારે ત્રેન બાંદરાંનાં સ્ટેશન ઉપર આવી ઉભી રહી ત્યારે તે દરમ્યાનમાં કોઇ ત્રણ ચાર બાઇઓ દાખલ થઇ. તે ચમકી અને કમકમી. હાલમાં પોતાની શું સ્થિતિ હતી તેનો કંપારી મારે તે નિર્દોષને ખ્યાલ આવ્યેા અને પછી કાંઇ પણ વિચાર વગર, આજુબાજુ જોવાની દરકાર કીધા વિનાં તે ગાડીની બેઠકમાંથી ઉઠીને ઉભી થઇ ને ત્રેનનાં કમપાર્ટમેન્ટમાંથી બાહાર પડી.

તે એક પળનો માત્ર જુસ્સેા હતેા; બીજી પળે તો ત્રેન ઉપડી ગઇ અને તે સ્ટેશન પર એખલી અટુલી એક થાંભલાં માફક ઉભી રહી. તેણી ત્યાં શા વાસ્તે ઉતરી પડી? તે સ્ટેશન તો તેને તદન નવું અને પરાયું હતું. તે હવે બન્ન કાંઇ? હવે કરે શું? તે એમ ઉતરી કાંઇ પડી? અને વળી પાછા કોઇ આવેને તેણી ઉપર હલ્લેા કરવાથી તે સ્ટેશનમાંથી નિકળવાનાં દરવાજા ભણી ગઇ અને ત્યાંથી બાહાર પડી. તે બાબારે તો પોતાનાં જુરસાઓ જેમ દોરવતા હતા તેમ દોરવાતી હતી.

તે આગળ ને આગળ વધી માંડેડી ગલીઓ અને નીકડા રસ્તાઓ વાટેથી તે પોતાનો માર્ગ લેવા લાગી; અને પાછી તેજ એકદમ ધણી ઢાકની લાગણી તેણી ઉપર આવેજ થઇ આવી, તે ગીને લાગ્યા

કે હવે તેની આંખો બંધ થવીજ જોઇયે. તે એક એકાંત ગલીમાં બેઠકી હતી. ઉંચા સફેદ ઘરો તેણીની એક બાજુએ ઉભાં હતાં; જ્યારે બીજી બાજુએ એક મોટી બીલડીંગ હતી. તે તે બીલડીંગ આગળ આવી–તે કોઇનું બાનગી ઘેર હોઇ શકે તેમ ન હતું, તે ઘણું મોટું મકાન હતું. ત્યાં એક મોટો પોર્ચ હતો, ઘણાં ગંજાવર અને રોકનદાર થાંભળાંઓનાં આધારે ઉભેલો હતો; વળી તેનાં પોહળા દાદરો આગળ બેસવા માટે થોડીક સગવડ ભરેલી બેઠકો પણ હતી અને અંદર દાખલ થવાનાં દરવાજા આગળ એક મોટું ફાનુસ બળતું હતું, તેનો ઉજાસ ઘણો દુર બહેર ફેંકાતો હતો.

તે તે શાંત પોરચમાં અંદર ઘુસી અને તે મોટાં ફાનુસનાં ઉજાસમાં તે જોઇ શકી કે તે પોતે કોઇ એક સભાવતી છાપડાં હેથળ ઉભેલી હતી.

તે એક ઠેકાણે ઓથામાં બેઠી, પણ તે કાંઇ પુરતી આશાયેશ ના હતી; તે જમીન ઉપર ત્યાંની એકાદ પગથી આગળ સુઇ ગઇ–તે લાંબી છર થઇ ઘણી પુરતી ફરાગાતીથી સુઇ ગઇ. આહ તે આરામ હતો! તે શાંતી ને આસાયેશી હતી! તેની ભરનાર ભાવીતરનો ચેહરો તેણીની નજર સામે આવી ઉભો; બધો ધોંધાટ, સઘળી ગરબડ તેણીની ચક્ષુઓ કનેથી ખસી ગયું; તેણીનાં આંખનાં પોપચાં સીવાઇ ગયાં. તેણીએ પાછી જાગવાનો વિચાર કર્યો નહિ. સહવાર પડશે ત્યારે શું કરશે તે વાસ્તેની તે અજાયબ થઈ નહિ જમીન કઠણ અને સરદ હતી; પણ તે સખતાઇ તેણીને જરાએ માલમ પડી નહિ. એક ઘણું રડી રડીને ઠાકી ગયેલું બાળક જેમ પોતાની કદરદાન માતાની હુંફાળી નરમ છાતીમાં શાંતીથી બર ઉંઘમાં પડે છે તે માફક તે એક ધાડી, ગાઢ ઉંઘમાં પડી.

ઓહ, ખુદા! જો તું દયા કરી એવાં અનેક દુઃખી, મુશીબતમાં આવી પડેલાં માણસોને ભારી શાંતી ભરેલી કલાકોનાં કલાકો સુધીની ઉંઘમાંથી કહીએ તેઓની આફતને સામે થવા જગાડતો નહિ હતે તો કેવું સારું. ઉંઘ, મુશીબત ભુલાવવાનું તું એક કેવું અનમુળ સાધન છે! જાગૃતી—એક કાતીલ ખંજર પેરે છાતી ઉપર ધસી આવી ભુલાયેલાં દુઃખને યાદ દેવાડતી તું એક કેવી સેહતાન જેવી શકતી છે! (સાધણ છે.)

બહાર પડી ચુકી છે.

કાળો નાગ

જાણીતા રમુજી લેખક "ગુલફામ" ની સુંદર પારસી સંસારી વારતાની ફાંકડી ચોપડી. કીંમત રૂ. ૨॥, પોસ્ટેજ આના ૭ વધુ.

લખો:—

નવરંગ પ્રેસ, બજારગેટ, કોટ, મુંબઇ.

જેહાંગીર બી૦ કરાણીના છોકરાઓ,

પારસી બજાર, કોટ, મુંબઇ.

થોડાક જ્વાળામુખી પર્વતો.

લખનાર–J. F. M.

દુનીયામાં બળતા પહાડો તો ઘણા છે પણ આજે આપણે તેમાના પ્રખ્યાત જ્વાળા મુખી ડુંગરો વિષે વિચાર કરીશું.

વીસુવીઅસઃ–બે હજાર વર્ષની વાત ઉપર આ બળતો ડુંગર તદન ઠંડો હતો. બદીઓ થઇ તેમાંથી ધુમાડો, લાવા વગેરે બધ હતું. બધા તેને સાધારણ પર્વત તરીકે માનતા હતા. તે વખતે તે મોટ સોભા તરીકે ઓળખાતો તેની આસપાસ શહેરો ને ગામડાઓ વસ્યા તેમાં મુખ્ય પોમ્પીઆઇ ને હરકયુલેનીઅમ શહેરો હતા

સને ૭૯ મા આ જ્વાળામુખી ફાટ્યો ફાટવાની અગળ ધરતીકંપો થયા હતા. પોમ્પી આખનો થોડોક ભાગ એવા એક આંચકાથી નાશ પામ્યો હતો. આખરે એક ભયકર ધડાકા સાથ પર્વતનું શીખર ઉડી ગયુ હજારો ફુટ હવામા રાખ ઉડી અને આજુબાજુના પ્રદેશોમાં જમી ગઇ. રોમન નૌકાસૈન્યનો વડો, એડમીરલ પ્લીની, તે વખતે માઇઝનમ નામના ગામડામાં હતો ત્યાથી પર્વત તરફ શું બનતું હતુ તે જોવા ચાલ્યો પણ રસ્તામા તે દટાઇ ગયો. પ્લીનીના એક ભત્રીજાએ ટેસીટસ (Tacitus) પર લખેલા કાગળો, એજ ફકત આ ભયાનક બનાવનો ખ્યાલ આપે છે.

દિવસ અધકારમા ફેરવાઇ ગયો, બળતી રાખ અને ગરમ પથરા પડવા માડયા, હવામાં ગધક ફેલાઇ ગયો, જમીન જોરમાં હાલવા લાગી, ગર્જના ને વીજળી થવા મંડી; અને આ બધા ઘોવાટમાં આસપાસના લોકોની મદદની ચીચ્યારી ભેળાવાથી કેવો ભયાનક દેખાવ થયો હશે તે કલ્પી શકાય. સેંકડોની સખ્યામાં મનુષ્યો મરી ગયા, દટાઇ ગયા, પણ કેટલા તે જાણી શકાતું નથી,

પોમ્પીઅ ઇ ને હરકયુલેનીઅમ જડી આવ્યાં છે, ખોદકામ ચાલુ રાખી શેહરો ખોદવામાં આવે છે. આ પરથી લગભગ ઓગણીસ સદી પર રોમન લોકો કેવા હતા તેનો ખ્યાલ થાય છે. કેટલીક ભીતો પર ચિત્રો પણ જોવાને તેવા છે.

સને ૭૯ ના ફાટવા પછી વીસુવીઅસ ઠંડો થઇ ન ગયો પણ ત્યાર પછી ઘણીવેળા ફાટ્યો છે. મોટ સોભાનો થોડો ભાગ હજી છે પણ તેની પાસે એક બીજું શીખર છે તે હાલનો વિસુવીઅસ તરીકે ઓળખાય છે. નેપલ્સના ઉપસાગર આગળ, દરીઆની સપાટીથી લગભગ ૪૨,૦૦ ફુટ ઉંચો આ જ્વાળામુખી આવેલો છે. જે સાઇડેથી પવન વાય છે તે બાજુએ ઉભા રહી તે ઉંડા ગારમાંથી નીકળતી વરાળ અને ગંધકી પદાર્થો જોવાથી આપણને

કંઈ પણ ખુશી ઉપજે એમ નથી. થોડી થોડી મીનીટે ધડાકા થાય છે અને લાવા વહ્યાં કરે છે. રાત્રે પર્વત ઉપરનાં વાદળાંઓ લાલ દેખાય છે કારણે કે ગારની અંદર બળતું બળ્યાં કરે છે. કોઇ કોઇ વાર પત્થરો ઉંચે ઉડી આસપાસ પથરાઇ જાય છે, અને લાવો કવચિત દરીઆને નાના વહેળારૂપે મળે છે, બાજુમાંજ એક વેધશાળા બાંધી છે, કે જેથી પર્વત કયારે ફાટશે એ જાણી શકાય. એ ડુંગરની આસપાસ બીજા નાના ડુંગરો છે જે આગળ બળતા હતા અને હાલ ઠંડા પડી ગયા છે.

એટનાઃ–ભુમધ્ય સમુદ્રમાં ઘણા જવાળા મુખી ડુંગરો છે પણ તેમાં સૌથી મોટો સીસીલી (Sicily) ટાપુની પુર્વ કોણે આવેલો એટના પર્વત છે (Etna). વરાળ હંમેશ એમાંથી નીકળતી રહે છે, ધડાકા વારંવાર થયાં કરે છે, ને થોડાં થોડાં વર્ષે ફાટે છે. લાવા દરીઆમાં વહી જાય છે અને માર્ગમાં ગામો, ખેતરો ઉજ્જડ કરે છે. પણ કોઇવાર દરીઆને મળવા અગાઉ લાવા ઠંડો પડે છે અને બસોથી ત્રણસો ફીટ ઉંચી ડુંગરીઓ બને છે. એટના સમુદ્રની સપાટીથી ૧૦,૮૭૦ ફુટ ઉંચો છે, અને જમીનની ટલેટી આગળ ૬૦ માઇલ ઘેરાવામાં છે. તે શીખર પર બરફ પડેલું રહે છે અને જયારે અંદર ગરમ થાય છે તયારે નદી થઈ વહે છે. લાવા થડો પડે છે પણ થોડાં વર્ષ પછી ખેતી થાય એવો ફળદ્રુપ થઇ જાય છે.

સ્ટ્રૉમ્બોલીઃ—સીસીલી અને વીસુવીઅસની વચ્ચેની સામુદ્રધુનીમાં લીપારી ટાપુઓ (Lipari Islands) આવેલા છે. એમાંના એક ટાપુમાં સ્ટ્રૉમ્બોલી (Stromboli) નામનો બળતો પહાડ છે. દરીઆની સપાટીથી લગભગ ૩,૦૦૦ ફુટ ઉંચો છે પણ પહાડની તળેટી બીજા ૩,૦૦૦ ફુટ, સપાટીથી નીચે ગયલી છે. આ પહાડ હંમેશા બળ્યા કરે છે, પણ એમાંનો લાવા બહાર નીકળતી વરાળને પ્રકાસીત કરે છે. કોઇ વાર ધડાકો થાય છે, અને પત્થરો બહાર ફેંકે છે. હીંદુસ્તાનથી ઇંગ્લંડ જતાં મેસીના (Massena) ની સામુદ્રધુની આગળથી બળતો પહાડ દેખાયા કરે છે.

ગ્રેહામ ટાપુઃ– સને ૧૮૩૧ માં સીસીલીની દક્ષિણમાં એક ટાપુ ફાટયો. ત્યારથી આ ટાપુ ગ્રેહામ ટાપુ (Graham) નામે ઓળખાય છે. ગંધકી વરાળથી આજુબાજુની હવા ખરાબ થઇ ગઇ, અને લાવા ને ખડકો અંદરથી ઉડી પાસે પડયા. રાખથી વાદળ થઈ ગયું. ગરમીથી વરાળ વધીને પત્થરો ભાંગી ગયા. આ ખડકોનો જુના પહાડની બાજુએ બસો ફુટ ઉંચો ને ત્રણ માઇલના ઘેરાવા સાથેનો બીજો પહાડ બન્યો. આ પછી એ જવાળામુખી ટાપુની હૈયાતી ખતમ થઇ હોય એમ લાગે છે કારણકે જરાપણ વરાળની કે બળતા લાવાની નીશાન માલુમ પડતી નથી. મોંજાઓ આસપાસની રાખ ખોદી કાઢે છે અને નવા ડુંગરની તળેટીને અથડે છે.

પશ્ચિમ હીંદી ટાપુઓઃ— સને ૧૯૦૨ ના મે માસની આઠમી તારીખે, મોંટ પીલે (Mont Pele) નામના બળતા પહાડના ફાટવાથી, માર્ટીનીક (Martinique) ટાપુમાંનું સેંટ પીએરી (St. Pierre) નામનું શહેર ગરક થયું. થોડીક મીનીટમાં ૨૫,૦૦૦ થી ૩૦,૦૦૦ માણસો મરી ગયાં. ફકત એક માણસ, અને તે પણ જેલનો કેદી, નાસવા પામ્યો હતો. સાતમી તારીખે લા સુફરાએરી (La Soufriere) નામનો પર્વત સેંટ વીન્સેન્ટના ટાપુમાં ફાટયો હતો.

સને ૧૮૫૧ માં મોંટ પીલે છેલ્લો ફાટયો હતો; ૧૮૧૨ માં બીજો પર્વત લા સુફરાએરી ફાટયો હતો. સેંટ પીએરી એક સુંદર, વેપારી શહેર હતું. લોકો આ પર્વત વીશે લગભગ

ચૂકી ગયાં હતાં; અને જોકે ૧૯૦૨ માં ફાટવા આગળ ચેતવણીઓ મળી છતાં લોકોએ તેપર ધ્યાન આપ્યું નહી. એપ્રીલની ૨૫ મીએ ગરમ પાણી નીકળ્યું; પછી રાખ સાથની વરાળ નીકળી; પણ લોકોએ એ પર ધ્યાન આપ્યુંજ નહી; જ્યારે મેની ૫ મીએ ઉકળતું પાણી ને પીગળેલો લાવા નીકળ્યો ત્યારે આંખ ઉઘડી; પણ હવે શું બનનાર હતું? આઠમીએ એક જબરદસ્ત ધડાકો થયો. વરાળ, રાખ, ધુળ, પત્થર જોરમાં નીકળવા મંડયાં. આ પર્વત બીજાઓની માફક ઘણો જોરમાં ફાટયો ન હતો; પણ જ્યાં કુદરતેજ ફટકો મારવા ધાર્યો હોય ત્યાં માણસ શું કરે? જે બાજુએ સેંટ પીએરી આવ્યું હતું તે બાજુએ પહાડમાં મોટી ફાટ હતી. એક બીજુ આ ફાટની બરાબર નીચે હતી અને તે સેંટ પીએરી સુધી ફેલાયલી હતી. ફાટમાંથી એક વરાળનો મોટો જથો પત્થરો, રાખ વગેરેનો ભરેલો, કલાકના ત્રણસો માઇલની ઝડપે, જે વચ્ચે મળે તેને ઉજડ કરતો, બીજુ તરફ ચાલ્યો. ઘરો અને ઝાડો ભાંગી નાખ્યા, અને એક લોખંડનું પોકળ પુતળું અગીઆર ફુટ ઉચું હતું તેને ભાંગી નાખી પચાસ ફુટ દુર નાખી દીધું. ઘણાં ખરાં મરેલા ગરમ હવા દમમાં જવાથી નીપજ્યાં હતાં. ત્યાર પછી વારંવાર મોટ પીલે ફાટે છે. એક વખત સો માઇલ દુરના વહાણ પર એક ઉંચ ઝાડો રાખનો થર (આ પર્વતમાંનો) બાઝયો હતો. પહાડની પાસે રાખનો ઢગ કેટલીક વાર જેટલો ઉંડો છે. જાણે તરતનું બરફ પડયું હોય તેવું દેખાય છે. દરેક ધડાકા પછી વરાળ ઘટ થઇ વરસાદ વરસે છે ને નાશકારક વહેળાઓ વહે છે.

હવાઇ ટાપુઓઃ–હવાઇ ટાપુઓમાં (Hawaiian) ઘણા જ્વાળા મુખી પર્વતો છે જેમાં (૧) મોના લોઆ (Mauna Loa) (૨) મોના કી (૧) Mauna Kea (૩) કીલોયા (Kilauea) છે. મોના લોઆ આખી દુનીઆમાં સૌથી ઉંચો જ્વાળામુખી પર્વત કહી શકાય. એની ઉંચાઇ દરીઆની તળેટીથી ૩૦,૦૦૦ ફુટ અને સપાટીથી ૧૪,૦૦૦ ફુટ છે.

મોના લોઆનું મુખ સાત આઠ માઇલ ઘેરાવામાં છે. ઘણું ઉંચું હોવાથી બરફ પડે છે પણ કેહવાની જરૂર નથી કે આ બરફ કોઈ વાર પર્વતની અંદરની ગરમીને લીધે પીગળી જાય છે. એના એક ભાગમાં લાવાનું સરોવર છે. એમાંથી થોડે થોડે કલાકે ફુવારો ઉડતો હોય તેમ બસો ચારસો ફુટ ઉંચે લાવા ઉડે છે. કીલોયા પર્વતમાં પણ એજ માફક છે. પણ મોના કી ઠંડો પડી ગયો છે.

જેમ તળાવમાંનું પણી બરફ થઇ જાય છે તેમ અહીં લાવા બહાર નીકળી ઠંડાને લીધે ઘટ થઇ જાય છે. જ્યારે લાવા બહાર આવવાનો હોય છે ત્યારે તેના ભારને લીધે તેમજ વરાળના દબાણથી પર્વતની બાજુમાં નાની ફાટ પડે છે, એમાંથી લાવા બહાર નીકળે છે. એથી ફાયદો એ થાય છે કે વારંવાર લાવા બહાર આવવાથી તેનું દબાણ ઓછું થાય છે અને જેમ બીજા પર્વતોમાં બને છે તેમ રાખ બહાર આવતી નથી. જો કે લોઆ ૧૩,૬૭૫ ફુટ, કી ૧૩,૮૦૫ ફુટ અને કી લોયા ૪,૦૦૦ ફુટ ઉંચા ભયાનક પર્વતો છે પણ અહીં ધડાકા થતા નથી કારણ દબાણ ઓછું છે. કેટલીક વખત લાવાના વહેવાની ઝંપાટ ૪૦ માઇલ અને પહોલાઇ ૨ થી ૩ માઇલ હોય છે. જ્યારે દબાણથી ફાટ પડે છે ત્યારે ધરતીકંપનો નાનો આંચકો લાગે છે અને વરાળ નીકળે છે. લાવા ઉકળતો હોઇ ડુંગરની ઢાળ પડતી જગાએ વહે છે, પણ તરતજ ઠંડીની અસરથી ઉપર પડ બંધાઇ જાય છે. ત્યારથી લાવાનો પ્રવાહ

ધીમો પડે છે પણ ફક્ત પડજ ધટ હોવાથી તે ફાટી અંદરથી ગરમ લાવા કયારે નીકળે તે કહી શકાય નહીં. અઠવાડીઆંઓ સુધી આ વહેળો તદન ધીમો વહે છે અને વરસો પછી તદન ઠંડો પડે છે.

માઉન્ટ શાસ્તા અને લાસેન પીકઃ-

માઉન્ટ શાસ્તા (Mt. Shasta) તદન ઠંડો પડી ગયલો પર્વત છે. એની ઉંચાઇ ૧૪,૦૦૦ ફુટ કરતાં વધારે છે. એટના (Etna) પર્વતની માફકજ આ જવાળામુખી છે, અને જે તેનું વર્ણન કીધું તે એને પણ લેાગુ પડે છે.

શાસ્તાની દક્ષિણે લાસેન શીખર (Lassen) આવ્યું છે. એ પણ ઠંડો જવાળામુખી પર્વત છે. એના મુખ પર ઝાડો ઉગેલાં છે. તે ઝાડો લગભગ ૨૦૦ વર્ષના છે. ત્યાર પછી એક બે વખત લાવા વહયેા હતેા પણ એટલા થેાડા જથામાં કે તેની દરકાર કેાઇ કરે એમ નથી. માઉન્ટ શાસ્તા અને લાસેન શીખર બન્ને રેાકી પર્વતેામાં આવેલાં છે.

રેાકી પર્વતેામાં એક બીજો થડેા પડેલેા બળતેા પહાડ છે. બરફ જોતાં પહાડ નથી પણ લાવાનું સરેાવર છે. એના મુખનેા ઘેરાવેા લગભગ સેાળ માઇલ છે. એ સરેાવર ૨,૦૦૦ ફુટ ઉંડુ છે અને તેની આસપાસની જમીન દરીઆની સપાટીથી ૩,૫૦૦ ફુટ ઉંચી છે. એ સરેાવરને ક્રેટર લેક (Crater Lake) કહે છે. એ સરેાવરની ઉપર એક પર્વત હતેા. પણ લાવા બહાર નીકળવાથી તે પડી ગયેા હતેા. દુન્યામાં હજારેા બળતા પહાડેા છે પણ તેમાંનાં ફક્ત ૩૦૦ ખરેખરા જવાળામુખી પર્વતેા કહી શકાય. ઘણા ખરા પહાડેા દરીઆની નજદીક હેાય છે. લગભગ ૨૨૫ બળતા પહાડેા પેસીફીક મહાસાગરમાં છે. એ એક વિચિત્ર ચીજ છે કે બળતા પહાડેાની લાઇનેા પાડી શકાય છે. તે છુટા નથી, એક એશીઆમાં તેા બીજો યુરેાપમાં એમ નથી પણ લાઇનબંધ આવેલા છે.

એમાં બે મુખ્ય ફાંટા છે. એક ફાંટેા ઓનીઓ ટાપુની અગ્નિ દીશામાં છે. તે ઓનીઓ, ન્યુગીની, ન્યુઝીલંડ અને ઓસ્ત્રેલીઆમાં લંબાયેા છે. એનીજ ઉલટી દીશાએ એટલે ઓનીઓની વાયવ્ય કેાણમાં, મલકકાની સામુદ્રધુની, બહદેશ અને મલાયા દ્વિપકલ્પમાં, પણ જવાળામુખી ડુંગરેા છે. બીજો અને વધારે મેાટેા ફાંટેા ઇશાનકેાણમાં જઇ ત્યાંથી દક્ષિણમાં વળે છે. એમાં ફીલીપાઇન, ફેાર્મોસા, જાપાન, એલ્યુશીઅન (Aleutian) વગેરે ટાપુઓમાંના બળતા પહાડેાનેા સમાવેશ થાય છે. ત્યાંથી બેરીંગની સામુદ્રધુની બાદ કરતાં પાછી અમેરીકાના અલાસ્કા પ્રાંતમાં શરૂ થઇ, કેનેડા, યુનાઇટેડ સ્ટેટસ, મેક્સિકેા, મધ્ય અમેરીકા, અને એન્ડીઝ પર્વતેામાંથી પસાર થઇ એ ફાંટેા છેક લગભગ દક્ષિણ ધ્રુવને મળે છે. એન્ડીઝ, અને મેક્સિકેાના ઉંચા જવાળામુખી પર્વતેા ઘણા ભયાનક છે. એક બીજો ફાંટેા પશ્ચિમ હીંદી ટાપુઓમાં જાય છે, આ પટેા લગભગ ૫૦૦ માઇલ લાંબેા છે. અને આગળ જણાવેલા મેાટપીયે અને લાસુકાઇરિ એમાં આવી જાય છે. ઉત્તર અમેરીકામાં જોે કે ઉંચા પર્વતેા છે પણ તે ઠંડા પડેલા હેાવાથી ફીકર નથી. એમાં મુખ્ય માઉન્ટ રેનીઅર (Ranier), શાસ્તા, સેંટ હેલન્સ, અને હુ છે. એલ્યુશીઅન ટાપુઓ લગભગ બધા બળતા પહાડેાનાજ બનેલા છે. એમાં પણ બળતા પહાડા છે. કેટલાક ઘણાં ઉંચા છે, ત્યાંથી કામસ્ચાટકા અને કયુરાઇલ ટાપુઓમાં જવાળામુખી પર્વતેા

છે. જપાનમા ફ્યુજીસાન (Fugi San) ૧૨,૦૦૦ ફુટ ઉચો છે. પેસીફીક અને હીંદી મહા સાગરમા બળતા પહાડો પુષ્કળ છે.મધ્ય આફ્રીકામાથી એક હાર છેક એશીઆ માઇનોર સુધી લંબાય છે, આરારાટનો પર્વત જ્વાળામુખી છે એમ થોડાજ જાણતા હશે. વળી ,કોકેસસ અને એલબુર્ઝ પર્વતોમા પણ જ્વાળામુખી ડુંગરો છે. ભુમધ્ય સમુદ્રમા, એટના, વીસુવીઅસ, સ્ત્રં બોલી અને ગ્રીસની પાસેના ટાપુઓ બળતા પહાડો છે આઇસલનડ ટાપુમા કેટલાક બળતા પર્વતો છે જેમા મુખ્ય હેકલા છે. કેટલા ટાપુઓ અને બ્રીટીશ બેટો આગળ જ્વાળામુખીઓથી ભરપુર હતા એઝોર્સમા સેંકડો જ્વાળામુખી ટાપુઓ છે. બરમ્યુડા, કેપ વર્ડ, કેનેરી, સેંટ હેલીના કે જ્યા મહાન નેપોલીયનને કેદ કરવામા આવ્યો હતો તે બધા આગળ જ્વાળામુખી પર્વતો હતા કેનેરી ટાપુમાનો ટેનરીફ (Tannerife) પહાડ ૧૨,૦૦૦ ફુટ ઉંચો હતો પણ એક વખત અર્ધો ભાગ પડી ગયો હતો.

એંડીઝમાનો ચીમ્બોરાઝો (Chimborazo) જે ઇકવેડોર (Equador) પ્રાતમાં આવેલો છે તે આખી દુન્યામા સૌથી ઉંચો અને ભયાનક જ્વાળામુખી પર્વત છે. એની ઉચાઇ ૨૦,૫૦૦ ફુટ છે અને વિષુવવૃત યાને ભુમધ્ય રેખા પર આવેલો છતા અને અંદરથી બળતો હોવા છતા તેના ઉંચા શીખર પર બરફ પડયું રહે છે. જાણે સફેદ બરફનો ખાડપડો કર્યો હોય એવો દેખાય છે

ફેશનેબલ બાનુઓ કાજે ફાંકડું પ્રદરશન.

ફાઇન આર્ટ નીડળવર્ક ડીપાર્ટમેન્ટ

અલબેલી મુબઇ નગરીની તમામ ફેશનેબલ બાનુઓ અને
ભારતની અનેક રાણીઓમા બેહદ પકાયલુ બાતુ.

ઝીક કસબ, રેશમ, સીકવન્સ, જલી તથા આરીના કામમા બીનહરીફ છે.
અમારા બાતાંમાથી ભરાયલી સાડીઓ, અને બ્લાઉઝોનું ઉમદા કામ, તેની
મનમુગ્ધ કરનારી ઓરીજીનલ ડીઝાઇનો એક બાસ સ્પેશીયાલીટી છે.
બીજાઓ અમારી ડીઝાઇનોની નકલ કરવાની ફોકટની કોશેશ કરે
છે એજ હમારા ઉત્તમ કામની સાબેતી છે. અમારા ભાવો અમારી
નાદર કારીગીરી તરફ જોતા કીફાયત છે. અમારા બાતામાં થયલું
ભરત કામ નીચલા ઠેકાણા સીવાય બીજા કોઇની
દુકાને મલશે નહીં

સ્વદેશી બાવી ઉપર બહુજ ઉમદા ભરતકામ કરી આપવામાં આવે છે.
જોવાથી બાત્રી થશે. નમુનાઓ તઇયાર છે

ધનબાઈ ફરદુનજી બનાજી,

ના૦ ૫, આલનામોંટ રોડ, ખંભાલા હીલ, મુબઇ.

ટેલીફોન ના૦ ૪૩૧૪.

સુબોધ વચનો.

લખનારઃ–મીસીસ ખુરશેદ ફીરોઝ કોટવાલ.

દુન્યાઇ તકલીદી ચીજનો લોભ રાખવો, એ ખુદ આપણે માથે આફતનો બોઝો હોરી લેવા સમાન છે. માનોઇ જ્ઞાન અને દહાપણ મેળવવાનો લોભ રાખવો તેજ પ્રમાણીક લોભ છે. પણ આપણ-ઇન્સાનોની આંખ આગળ એક એવો સિહા પડદો છે, કે જેથી જે સારૂં છે, અને જે મેળવવું જોઇએ તેનાથી કેવળ આપણ અજ્ઞાન છીએ. આપણ આટલું તો સારી રવેશે જાણ્યે છીએ કે વાધણની પેઠે ચોમેરથી તીરસ્કાર કરતું ધડપણ ઉભું છે, શત્રુની પેઠે રોગરાઈ દેહને હીણે છે, ભાંગેલા ઘડામાંથી પાણીની પેઠે આયુષ્ય ઝરપી જાય છે. તોપણ મનુષ્ય બોટાં કામ કરવામાં પાછળ હઠતું નથી. એથી વધારે આશ્ચર્ય જેવું બીજું શું હોય ! કહેવત છે કે, જોગીને વહાલાં તુમડાં ને ભોગીને વહાલો ભોગ. કોઇ દહાડોણી ભોગની ઇચ્છા ઓછીજ નહિં થાય.

બંદગી એ એક ઉત્તમ હથ્યાર સમાન છે જો આપણ પાક પરવરદેગારના ખરેખરા આશીર્વાદ મેળવવા માંગતા હોઇએ તો બંદગી ખરા દીલની બંદગીને આપણી જીંદગીનો મુખ્ય રહેબર બનાવવો જોઇએ. ખરી બંદગી આપણને ગુનાહ કરતાં અટકાવે છે. અને ખરો ગુનાહ આપણને બંદગી કરતાં અટકાવે છે. બંદગીથી બરચીત આપણ ખુદાતાળાને મળવા નશીબદાર બનશું. લોભ લાલચોથી ભરપુર અને કામ ધંધાની બ્હોળી રોકાંણવાળી જીંદગીની લડત દરમ્યાન ઘડી ચપકો પુરસદ મળતા જો આપણ ઇશ્વરને યાદ કરીશું, તો જરૂર તે પોતાના મીનોષ આશીર્વાદોથી આપણને વધાવી લેશે. જેટલો વખત ચીંતાતુર ચહેરે આપણે આપણા દુઃખના ગમનો ઉભરો એક ખુણામાં બેસીને કાઢશું, તેટલોજ વખત જો ખુદાતાળાની બંદગીમાં ગુજારશું, તો અલબત પહેલેના પાપ કરતાં બેવડો સવાબનો લાભ થયા વગર રહેશે નહિજ. બંદગીની એ શાંત પળો દરમ્યાન આપણ વૃદ્ધિના માર્ગમાં પણ જરૂર આગળ વધશું. કામકાજની આખા દિવસની ભારે ધમાલ દરમ્યાન બંદગી માટે બચાવેલી થોડીક શાંત પળો બંદગી કરનાર માટે ખરેખર સોનાને મુલની થઇ પડે છે. વખત કવખતની એવી બંદગી બ્હેસ્તના બુલંદ સુખને બંદગી કરનારનાં અંતકરણ ભણી ખેંચી લાવે છે, અને ઇન્સાન જાતની સેવા માટે તેને વધારે બળવાંન બનાવે છે.

દીલગીરીને મારવાને માટે, અને આ દુન્યામાં આપણે માથે લટકતી દરેક આફતમાંથી આપણો બચાવ કરવા માટે બંદગીથી ઉત્તમ બીજું કાંઇજ હથ્યાર નથી. વિપત્તિ અને જંજાળથી ભરેલી લડાઇમાં લડવા જવાને માટે શું કરવું ? તો કહેઃ–

"રાગ નામ સમશેર પકડકે,
કૃષ્ણ કટારી બાંધ લીઆ;
દયા ધર્મકી ઢાળ બનાવે,
જમકા દ્વાર જીત લીઆ."

રમુજે નવરંગ.

લખનાર—સમન.

બાપા—દીકરા ફ્રેલી, તારો માસ્તર તું દરેક લેશનમાં હુશીયાર છે તે જાણીને ખુશી છે કે?

દીકરો—હા બાવાજી.

બાપા—તેવશે તુંને એમજ કહયુ કે?

દીકરો—હા, ફકત બીજીજ દીવસે તેવણે મને કહયું હતુ કે "જો સઘળા છોકરાઓ તારા જેવા હોય કેની તો પછી મારે મારો કલાસ બધ કરીને નઠારી જવુ પડે" તે દેખાડેજ બાવાજી, કે હું લેશનમા પુરતો હુશીયાર છઉં.

\+ × × ×

ઓટરોડ પર એક કુશાદે બીલ્ડીંગમાં મેડમ સાહરા નામની એક ભવિષ્ય ભાખનારીએ એક ઓરડો પોતાના ધંધાને માટે ભાડે રાખ્યો હતો. એક દીવસ એક શખશ તેણીના મકાનમાં ગયો અને બોલ્યો,

"મેડમ, હું તમારી પાસે—"

"ખચીત" પેલી મેડમ બોલી ઉઠી, "હું તે વિશે સઘળું જાણું છઉં, મને તમારો હાથ દેખાડો, જોઉ. આહા! આહ સી. યોકુક થયું તમોને તમારા દરેક કામમાં નાઉમેદી મળીછ,"

"તદન રાસ્ત"

"જે કામ પડવાડે તમો મંડેલા છેઓ તે તમારા હાથમાથી વખતો વખત જતું રહેછ."

"તમો તદન ખરૂં બોલોછ."

"ધીરજ પકડો, નજદીકના ભવીષ્યમા તમારૂ કામ પાર પડી જશે."

"હું સાંભળીને ઘણોજ ખુશી છેઉં, મેડમ" એક પીવા રંગના નાગજતુ ચીડકું તેણી આગળ હાજર કરીને પેલો શખશ બોલ્યો "હુ તમારી આગળ આવ ગેસ ની લાઇટના બીલને માટે આવ્યોછ, જે આશા છે કે તમો ચુકવી આપશો."

× \+ × ×

"તમારા પણી સાથે તમારી પહેલી ઓળખાણ કયારે થઇ?"

"પરણ્યા પછી તેની પાસે મેં પહેલવહેલી વખત પૈસા માગ્યા ત્યારે."

× × × ×

એક શખસ એક ગાધીની દુકાને ગયો. અને તેના હાથમા સફેદ પાઉડરનું એક પડીકું આપીને બોલ્યો,

તેમુલને આખરે એક ઓફીસમાં કલાર્ક તરીકે નોકરી મળી. સાંજે પોતાના કામપરથી ઘરે આવીને તે પોતાની માશુકને કહેવા લાગ્યો.

"હવે શીલ્લા જો આપણે પરણ્યે તો પછી તું શું ધારેછ તું મારા આય ૧૦૦) ૩૫ીઆના પગાર પર ઘેર ચલાવી શકશે કે?"

"હું તો તેમ ચલાવવાની કોશેષ કરશ, વહાલાં તેણી બોલી "પણ તમો શું કરશો?"

* × × +

એક સુંદર પોશાકમાં સજ્જ થયલો ગ્રહસ્થ એક ત્રીજા વર્ગના આગગાડીના ડબામાં મુસાફરી કરતો હતો તે ડબામાં દાખલ થતાં સાથે ઝપાટામાં એક જવાન ચહેરેનુમન છોકરીની પાસે બેસી ગયો. એકાએક તેને માલમ પડયું કે તે પેલી છોકરીના ન્યુસપેપર પર બેસી ગયો હતો.

"લેલોજી, આય તમારૂં ન્યુસપેપર!" પોતાની બેઠકપરથી પેલું ન્યુસપેપર બેચીં કાઢીને અને તેણીને આપતાં બોલ્યો. "હું દલગીર છેઉં."

પેલી છોકરીને આથી સંતોષ થયો નહીં, પણ થોડી મીનીટ સુધી તેણી કાંઇબી બોલી નહીં. પણ જ્યારે તે ત્રેન સ્ટેશન પર આવી લાગી કે તેણી બોલી.

"સાહેબ," તેણીએ નરમાશથી તેને કહયું, "હું મારી તબેલી મછી જે આય ન્યુસપેપરમાં લાવી હતી અને જે તમારી બેઠકપરજ રહી ગઇછિ તે લઇ શકું?"

—:o:—

વાંચણના શોખીનોએ

દીલે આરામ.

વાંચવા તો બીલકુલ ચુકવું જ નહીં. વાર્ષીક લવાજમ માત્ર ૩. ૪) (વી. પી. થી. ૪॥) નાં લવાજમમાં બારે માસ નિયમીત ચોપાન્યું મોકલવા ઉપરાંત પટેટી ડબલ અંક તથા નીચલાં પુસ્તકોમાંથી કોઇબી એક ભેટ તરીકે વહેંચવામાં આવે છે.

અમારાં શોખીન વાંચકોનાં જુદા જુદા ટેસ્ટને અનુસરતી જુદી જુદી પ] નોવેલો રાખવામાં આવી છે, જેથી જેને ગમે એવી પેશ પડતી ભેટની ચોપડી મળી શકશે.

ઓછામાં ઓછી ત્રણની પસંદગી કરી મોકલવે એક બ્લાસ થઇ હશે તો બીજી યા ત્રીજી ભેટ તરીકે મોકલી શકાશે.

૧. "ખુરીઆ બંજર" (હા૦ બ૦ માદન કૃત પારસી સંસારી ૨૦૦ પેજની નોવેલ.)

૨. "રજપુત વીરરસ કથા" મરહુમ કવી રૂસ્તમ ધરાનીની ૨૫૦ પેજી પોકેટ નોવેલ.

૩. "બાપ કે સોપ"—મી૦ મેહરવાન બી. ધડયાલીની લખેલી પાકાં પુઠાંની ૨૨૫ પેજની પારસી સંસારી નવલકથા.

૪. "અકકલનો બજનો"—મી૦ મશરેકની લખાયલી ૧૫૦ પેજી ટુકી વાર્તાઓની ચોપડી.

૫. "સરોદે-ઇ-તેફાક"—મી૦ બેહરામજી મે. મલબારી કૃત પાકાં પુઠાંની ૭૫ પેજી કવીતાની ચોપડી—બાસ બગેતનાં શોખીનો માટે ઉત્તમ ચવચવ.

આજેજ લખોઃ—મેનેજર, દીલે આરામ, કાઉ બારકિટ, મુંબઇ.

હવે હરખાઓ સાહેબો!!!

તમારા શરીરમાં સોયા ભોંકાવી 'ઇન્જેકશન' મુકાવી શા માટે નાણાંની બરબાદી કરી રહ્યા છો?

નિરાશ થયેલાઓ માટે એકજ આશાવંત ઇલાજ

શોણિત શોધક

આ રામબાણ દવાથી—Blood Purifier. (૧) રકતપીત્ત. (૨) ચાઠાં. (૩) ઉપદંશ અને એવા બીજા અનેક ચામડીના તથા લોહીવિકારના ભયંકર દરદો ફકત સાત દિવસમાં નાબુદ થાય છે.

આ દવાની અમે જાતે તારીફ નહિ કરતાં નીચેના સરટીફીકેટ તરફજ આપ સાહેબોની નજર ખેંચીએ છીએ:—

"એકવીસ વર્ષથી મને લોહીવિકારનું દરદ હતું. હાથપગમાં ચાઠાં હતાં અને રસી નીકળતી હતી. મેં અનેક ડોકટરોની દવા કરી પણ દરદ મટયું નહિ. આખરે "શોણિત શોધક" નો મેં ઉપયોગ કરવા માંડયો છે અને ચૌદ દિવસમાં મારૂં દરદ નાબુદ થઈ ગયું અને અત્યારે હું તદન આરામ ભોગવી રહ્યો છું."

(સહી) એમ. પી. મહેતા.

સાત દિવસ ચાલે એટલી ૧ બાટલીની કીંમત રૂ. ૨૦.

તા૦ ક૦—બહારગામવાળાઓએ અડધી કીંમત એડવાન્સ મોકલી આપવી. ટપાલ ખર્ચ ફ્રી.

મળવાનું ઠેકાણું:—

ટેલીગ્રાફીક અડ્રેસ:— "શોધક" મુંબઈ.

ધી 'શોણિત શોધક' ઓફીસ.

૩૭, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ.

મુંબઈમાં આજે ઘેર ઘેર અને ઓફીસે ઓફીસ

આ નામ ઘરગતું થઈ પડયું છે.

ધી ડાયમંડ જુબીલી વોશીંગ કું૰.

હમમ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ.

જરીના, અને કસબના કપડાં ધોવામાં આજે વરસો થયાં અમારો અનુભવ છે. હિંદુસ્તાનમાં આ એકજ ખાતુ છે જે લુગડાં ધોવામાં, સફાઇમાં, અને નવા જેવા બનાવવામાં એકે અવાજે વખણાય છે.

ટ્રાય કરવા ભલામણ છે.

એક સટ અથવા જરીના ઝભલો, સાડી કે પાઘડી ધોવડાવી ખાત્રી કરશો.

આ "નારંજી" ગાર્સિઅ અન્ડરહેઇ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ મધે આવેલા "નવરંગ પ્રીન્ટીંગ પ્રેસ" માં તેના માલેક અને અધીપતી અરદેશર ખરશેદજી દેશાઇએ છાપ્યું છે અને ત્યાંથીજ પ્રગટ કર્યું છે.

નકકલ માટે સાવચેત રહો!

ડૉંગરેનું

બાલામૃત

મધુર હોવાથી
છોકરાંઓ ખુશીથી પીએ છે.
અને આ પીવાથી
છોકરાંઓની તાકાદ વધી
તેઓ રૂષ્ટપુષ્ટ થાય છે.

શીશીની કી. ૧૪ આના. ટ. ખ. ૬ આના.

કે. ટી. ડૉંગરેની કં૦,

ગીરગામ–મુંબઇ.

નકકલ માટે સાવચેત રહો!

બાનુઓને બરનું.

લેશીશ, ઇનસરસન, રીબન્સ, ત્રીમીંગ્સ, ભરત કામના ઉંચા નમુનાઓ,
સાડીની કોરે કોરેસ કેનવાસ, ઇત્યાદી અમારી દુકાને એક ફેરો
મારી જોઈ જશોજી. બધુ એ–વન છે.

આદમજી નુરભાઇની કું.

૩૪૬, ઉનવાલા બિલ્ડીંગ, ગ્રાંટ રોડ, મુંબઇ.

ભરત કામ માટે રેજીસ્ટર્ડ નં. ૧૦૩૯

રેશમનો રાજા

રેશમ સર્વોત્તમ છે.
ત્રેડ માર્ક જરૂર જોજો.

ગુલેનુર

ડા૦ વામન ગોપાળનું

આયોડાઈઝ્ડ

સાર્સી પરિલા.

સાર્સાપરિલા આજ સાડ વર્ષથી પ્રખ્યાત અને લાખો દરદી-ઓએ એનો ઉપયોગ કરી પોતાની નીરાશા દુર કરી છે.

ખોડી એ મનુષ્ય જીવન છે તે બગડયુ—સેય તો અનેક રોગ ઉપન થાય છે માટે તે સુધા રવા દરેક માણુમને કાળજી લેવી જોઇએ, તેને માટે આ સાર્સાપરિલા વીના બીજી એક પણ દવા લેવાની જરૂર નથી વળી આ દવા પીવાથી ઉપદંસ ઓરને ગરમી અને તેના વડે થતા રોગો—તેમજ લકવા મધીવા, ચામડીપર કાળા ડાધા પડવા, આગનુ સુજી આવવુ, શરીરમા બળતરા થવી, શરીરની ઉપર દેવી સરખા ફોલ્લા થઇ આવવા વીગેરે બીમારો ઉપર આ દવા અક્સીર થઇ પડી છે

શીશી ૧ ના રૂા. ચાર શીશી

પીવાથી સારો ગુણ આવે છે પો જીદ્દ ચાર શીશી એકદમ મગાવનારને બધાં સહીત રૂ. ૪-૧૩-૦ પડશે.

અમદાવાદ ઓફીસ—ગોકળદાસ મોતીચંદ પારેખ

મદારી અમદાવાદ ધાબીની પોળ

સુરત ઓફીસ—ન્યુ ૦ મ્યુનીસીપાલ માર્કેટ સામે

૬૦—બુરાનપુર લાગણ

ડા. ગૌતમરાવ કેશવ એંડ સન ઠાકુરદ્વાર-મુંબઈ.

Cheaper than solder

એક વાર
રોજના ઉપયોગી ને કીમતી
વાસણો ગળતા થાય ત્યારે નકામા
જાણી ના ખતા ના.
કારણ

Not affected by extreme heat.

MENDETS

TRADE MARK REG US PAT OFF

MEND ALL LEAKS INSTANTLY.

રૂા. ૦॥ ચારની ડબીનો ને રૂા. ૧ બારની ડબીનો.

હોતવેાટર બેગ્સ, ટાંકાઓ, બેાઇલર, બાલદી, તાંબરી ગીન્ની (વેાશ બેશીન) તપેલી, લેાટા, હાંડી, નાહવાના ટબેા, ટ્રેગડી, વાટી, લંગડી વગેરે વપરાસના વાસણેા,

ટીન, તાંબુ, લેાઢું, કાચ ને કેાડી કામ, પીતળ, કાંસુ, રબરનાં વાસણેા વગેરે.

વાપરવાની વીગત સાથેજ છે.

એજન્ટો જોઈએ છે.

મેનડેટ્સ એજન્સી.

૩૪, નાનાભાઈ લેન, હોર્નબીરેાડ, ફેાર્ટ મુબાઇ

નીચલે ઠેકાણે વેચાય છે.

નશરવાનજી ન. નવા, આ૦ પી૦
બારકેાટ સામે ધેાબીતળાવ,
જેહાંગીર મીરઝાંની કું૦,
૧૬૪, હોર્નબી રેાડ—ફેાર્ટ
XL સ્ટેશનરી માર્ટ-પારસી બજાર
યુનીયન પ્રેસ, ગીરગાંવરેાડ, ધેાબીતળાવ
નવરંગ પ્રેસ, બજારગેટ, ફેાર્ટ. આર. એન. નવાની કું૦ કાલબાદેવી રેાડ.

Will fit any Surface

Can be applied by a child.

નવરંગ.

વાંચવાલાયક વાર્તાઓ ને વિષયોથી ભરપુર માસિક.

માલેક અને અધિપતિ—અરદેશર ખરશેદજી દેશાઇ.

ઑફિસ—૨૩૭, ખન્નરગેટ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ.

વાર્ષિક લવાજમ હિન્દુસ્તાનમાં રૂ. ૪. છુટક નકલ ૮ આના.

" " પ્રદેશમાં રૂ. ૫.

૮ માં સાલના ગ્રાહકોને મી૦ કાબરાજીની, 'દલજંગ દલેર'ની વારતાનું પુસ્તક ભેટ.

પુસ્તક ૮ મુ. નવેમ્બર, ૧૯૨૨. અંક ૩ જો.

અનુક્રમણિકા.

મોતનો કાયદો (ચાલુ વાર્તા)	અધીપતી.
દેવીનું ખપ્પર (કવિતા)	અરદેશર ફરામજી ખબરદાર.
પૈસાના ખેલ! (ટુંકી વાર્તા)	સોરાબ બી. તાતા.
પરસ્તીસે પરવરદેગાર (કવિતા.)	અરદુરા કવિ દા. એ. તારાપોરવાળા.
અધિરાની આપદા. (ટુંકી વારતા)	મહેરબાનુ ફી. ઓઝવાળા.
હોરી (કવિતા.)	પાદરાકર.
સંસારનો ફાસો. (ચાલુ વાર્તા)	દારાં કાપડીયા.
કરનાયજીના વચનામૃતે.	રમણલાલ નાનાલાલ શાહ.
સ્થાપિ સ્વરાજ સૂત્ર.	ભાઈશંકર વિદ્યારામ પંડિત.
નાટક નુકતેચીની.	મશરેક.
મસ્તાની મોત. (કવિતા)	B. V. M.
ઉપેલું જીગર (ટુંકી વાર્તા)	પાદરાકર.
"નવરંગ" મ્યુઝીક ગ્રુપ.	દીનશાહ એ. સંજાણા.
ધર્મ.	ધીરજ.
સંસારનો રંગ.	દીલખુશ.

તાકીદે જોઇએ છે.

'નવરંગ' માસિકના માસ સપટેમ્બર, ૧૯૨૨ ના અંકો જેટલા આવશે તેટલા રાખીશું. ચાના આઠ રોકડા આપીશું. માસ સપટેમ્બરના અંકો મોટી સંખ્યામાં વધારે છપાવેલા હોવા છતાં નવા ગ્રાહકોના મોટા ધસારાને તે પુગી શકેલા ન હોવાથી આ માંગણી કરવામાં આવે છે, માટે જે મેહેરબાન ગ્રાહકો ફાઈલો ન રાખતા હોય તેવાઓએ આ માસિકની ઓફીસમાં તુરત મોકલી આપવા મેહેરબાની કરવી.

દર મહીને કેટલું ખરચશો ?



કેટલું બચાવશો ?

સેંટ્રલ બેંક તરફનો ઉપલો નકસો ઘરસંસારમાં
તમોને ઉપયોગી થઈ પડશે.

———:o:———

તે પ્રમાણે તમારા ખરચો નીભાવી ખરાબ વખત માટે, દુઃખસુખના
દીવસો માટે નાણું સંઘરવાની ટેવ પાડો અને તે નાણું

સેંટ્રલ બેંક ઓફ ઈન્ડીયા

ના સેવીંગ બેંક ખાતામાં મુકો, કે જ્યાં તમારૂં
નાણું સચવાય અને તમોને બીજી સેવીંગ બેંકો
કરતાં વધુ વ્યાજ તથા લાભ મળે.

વધુ માટે લખો યા મળો.

(સોરાબ ન. પોંચખાનાવાલા,)
મેનેજીંગ ડીરેક્ટર.

નવરંગ.

પુસ્તક ૮ મું. નવેમ્બર, ૧૯૨૨. અંક ૩ જો.

મોતનો ડાઘ!

પ્રકરણ ૪.

એલઝી તે વિઝીટીંગ કાર્ડ ઉપરનું નામ વાંચી ગુચવાડામાં પડી. ગુસ્સાનો મોજો તેણીના સોહામણા મુખડા ઉપર તત્કાળ ફરી વળ્યો, કિંતુ બીજી જ પળે તે મક્કમ પગલે નોએલ કેમ્બેલ બેઠો હતો તે રૂમ તરફ ગઇ અને તેનું બારણું ઉઘાડ્યું. તેણીને પ્રવેશ કરતાં જોઇ તે રૂમમાં એક કોચ ઉપર બેઠેલો એક ઉંચો અને સારા વસ્ત્રોમા સજ્જ થયલો જવાંન ઉઠી ઉભો થયો.

પોતાના પિતા પ્રત્યે કુમારિકા તે જવાન માટે જીગરમા તિરસ્કારની લાગણીઓ સહીત જ તે રૂમમાં આવી હતી. તેણીએ એક દેખાવના, હસ્તા પણ લુચ્ચા દેખાવના જવાનને પોતા સામે આવી ઉભેલો જોવા વધારે રાણી હતી, પણ, તેથી, તમામ ઉનદુંજ તેણી સામે ઉઠી ,ઉભો થયલો જવાન હસ્તો ન હતો, કે એકાદ લુચ્ચા જેવો તેનો સહજ પણ આવભાવ કે દેખાવ ન હતો.

તે સોહામણો હતો—ઘણોજ સોહામણો. તેણે પહેરેલાં વસ્ત્રો સારાં અને ટેસ્ટફુલ હતાં, અને તેની રીતભાત એક લાયક સભ્યહસ્થના જેવીજ તમામ હતી.

તેણે એલઝી તરફ પ્રશ્ન કરતી કીમ્મે જોયું, અને તુરત પામી ગયો કે ' તેણીની વર્તણુક ભિન્નતા વેગની હતી.' તેણીની મનમોહક સુંદરતાથી પ્રથમમા તો તે અંજાઇ ગયો હતો, પણ તુરતજ તે હસ્તો જણાયો. તેને હસ્તો નિહાળી, તે ગુસ્સાથી રાતી બની.

"મેં બાહરો કાર્ડ સર જેન સ્ટર્ન માટે મોકલ્યો હતો," તેણે હળવેથી બચાવ કર્યો. એલઝીને લાગ્યું કે આવો સુંદર સાદ તેણીએ કદાપી સાભળ્યોજ ન હતો.

ખચ્ચીતજ આવો દેખાવડો જવાન, આટલી ઉંચી વર્તણુક અને સભ્યતાથી ભરેલો, એક નિચ કે તેવીજ કોઇ નાલાયક તરસયનનો કેમ હોઇ શકે? એલઝીએ મનમાં એમ વગાસ્યું; પણ બીજી જ પળે તે જવાન તરફ પોતાના અંતઃકરણને આપ્ત કર્યું, અને મગરૂરીથી પોતાનું નાજુક સર ઉઠાવી તેણીએ દમામભાર્યું જવાબ કર્યો.

"સર્જેન્ટ, માહરા પપા તમને મળવા સાફ ના પાડે છે તમને તે કેટલા ધીક્કારે છે તેનું પ્રમાણ જો તમો અર્ધે ભાગે પણ જાણો, અને તમારામાં સ્વમાન જેવું સહજ પણ હોય તો હું કહું છું કે તમે ફરી કદી પણ તેને મળવા માંગોજ નહીં!" તેણી ઝડપથી ઉપલું બોલી ગઇ કે રખે તે જવાંનની આકર્ષક આંખો તેણીને તે બોલતાં અધવચ્ચેજ નરમ પાડે.

"હું તમને સમજી શકતો નથી," તેણે દુઃખનો દેખાવ કરી કહયું, "તમારા આ કડક આવકારનો શો અર્થ કરવો તે માહરી સમજની બાહર છે. હું ધારૂં છું કે તમે મીસ સ્ટર્ન છેવ?" તેણે ટાંકીને એલઝી તરફ જોયું અને પુનઃ વધાર્યું, "અને કંઇ, ભુલ થએલી છે, કંઈ ઘણીજ કમનશીબ ભુલ."

"માહરા પપા બિમાર છે," એલઝીએ જરા નરમ અવાજે કહયું કેમકે તેનો કઠીન ઘણો ગભરાયલો ને ગુચવાયલો દિસ્યો, "તેવણ અઠવાડયાંથી થયાં પોતાના રૂમમાંથી બહાર નિકળ્યા નથી. તમારૂં કાગળ વાંચીને તેવણ ઘણુંજ ખીજવાયા હતા અને એમની તબ્યત ઉપર પણ તેની ઘણી માઠી અસર થવા પામી હતી, તમને મળવા માટે મેં તેવણની રજા પણ લીધી નથી. તમે અત્રે આવ્યા છો તે તેવણ જાણતા પણ નથી. હું તમને હરકત કરવામાં આવે કે અપમાન કરવામાં આવે તેમાંથી બચાવવાના ખ્યાલથી અત્રે આવી છું, કેમકે પપાનો વિચાર તમને અત્રેથી હાંકી કઢાવવાનો છે."

"ઓ!" તે પહરોણો તે સમજી દિલગીરીથી બોલ્યો, "ત્યારે તો મીસ સ્ટર્ન, માહરે તમારો ઉપકાર માનવો સજ્જવાર છે. એકાદ નોકરને હાથે હંકરાઇ જવા બદલ આ ખચ્ચીતજ માહરે માટે શુભ બન્યું છે. પણ મીસ સ્ટર્ન, હું તમને ખાતરી આપવા માગું છું કે માઇકોની મુલાકાતની કરીને સિંહને હું તેના પાંજરામાંજ મળવા ને નમાવવા આવ્યો છું. માહરી મુલાકાતનો લાભ સર જોનને જરતી છે. હું સમજીજ નથી શકતો કે સર જોનને માહરી વિરૂધ થવાનું શું કારણ છે?"

"ઓ, એવા અજ્ઞાનપણાનું ખાલી ડોળ શા માટે ધારો છો?" એલઝીએ ધ્રૂજતાં સાદે કહયું, "જાઓ, હું તમારી પાસ માંગી લઉ છું કે હમણા તો જાઓ. માહરા પપા તમને મળવા સારી તંદરોસ્તીમાં આવે તેટલાં થોભો."

તેણે પોતાના હોઠો કરડયા ને જરા વિચારમાં પડયો.

"મીસ સ્ટર્ન, એક પ્રશ્ન, પ્લીઇઝ. તમે અત્રે કોને જોવાની આશા રાખતાં હતાં?"

"તમે તમારો કાર્ડ મોકલ્યો તેને," એલઝીએ તે વિચિત્ર પ્રશ્નથી ખીજવાઇ તિખાશથી કહયું.

"અને તે ઉપરનું નામ?"

તે નવો વિચિત્ર પ્રશ્ન સાંભળી એલઝીના જીગરમાં કંઇ અવનવી લાગણી થવા લાગી. કાંય તે તેણી સમજી શકી નહી. તેણીનું શરીર તે લાગણીથી કંપી રહયું.

"ઓ કેવો હરામજોગ સવાલ," તેણી બોલી, "વળી કોનુ નામ? તમારૂં પોતાનું—નોએલ કેમ્બેલ!"

"ઓહસર્ડ !" તે પુકારી ઉઠ્યો, "હું કેટલો મુર્ખો બન્યો. મીસ સ્ટન, તમે મને એ માહરી મુર્ખાઈ ભરી ગફલતી માટે માફ કરી શકશો ? મેં એથી જે ખરાબ છાપ માહરે વિષે તમો ઉપર પાડયો છે તે શું કદી બિસરાશે ?"

તે એક ખુરશી ઉપર બેસી ગયો. દમ બાંધીને હસ્યો ને પછી પાછો એલઝીની માફી માગવા પડયો.

"મેં માહરા મિત્રનો કાર્ડ તમને ભુલમાં મોકલ્યો હતો, તેની વતી તેના મામાને મળવા હું અંહી આવ્યો છું. તેનું કાગળ હમણા માહરાં ખીસામાં છે, એ કાગળ સાથ તેના પાંચ છ કાર્ડો ભુલમાં આવી ગયા હતા અને તેમાંનો એક મેં ધ્યાનમાં ને ધ્યાનમાં તમને મોકલાવવાની મુર્ખાઈભરી ભુલ કરી હતી. માહરૂં નામ કેાલીન રેડકલીફ છે, અને હું નોએલ ક્રેમ્બેલનો એક ખાસ મિત્ર છું. ને ઘણો રોકાયલો હોવાથી બ્લેરહ્ડ આવી શકયો નથી."

કેાલીન રેડકલીફ ! તે જવાનનું નામ સાંભળી એલઝી વધારે અજાયબ થઇ. તે નામ તેણીને જાણીતું હતું. તે નામની તે એક વખાણનાર હતી. તે નામ તે ઘણું પીછાણતી હતી, ઘણા આગેવાન પત્રો ને માસિકોમાં આવતા ચુનંદા પીકચરો તળે તે નામ તે હંમેશ વાંચતી હતી. એકેડેમીમાં મુકાયલા પીકચરો માટે લાગલગાત બે વર્ષ તેનું નામ બહુ વખણાયલું તેણીને યાદ હતું; તે પોતે આર્ટની શોખીન હોવાથી કેાલીન રેડકલીફની હુન્નરમંદીની પૂજારી હતી.

અને તેજ તેણીનો માનીતો જવાંન આર્ટીસ્ટ તેણીની મોટી ઇચ્છતો તેણીની સામે ખડો હતો.

"હું તમને જોઇ ખુશી છું, મી૦ રેડકલીફ," એલઝી બોલી. "હું તમને નામે વર્ષો થયાં ઓલખું છું, મને ઉમીદ છે કે માહરી તુમાખી વર્તણુક માટે તમે મને દરગુજર કરશો."

"જે છબરડો થઇ ગયો છે તે માટે હું મને પોતાને કદી માફ કરી શકવાનો નથી. નોએલ ક્રેમ્બેલ હું નથી એ માહરે માટે કેવી મોટી ખુશનશીબી છે ?" તે ખુશહાલીથી હસતા વદને બોલ્યો, "સર જોન બિમાર હોવાથી તમારા કઝીને મોકલેલું લેટર થોડા દાહાડા દાબીજ રાખવાનું ઇચ્છવા જોગ થઇ પડશે," કેાલીન રેડકલીફ એટલું બોલી ખંચાયો, પછી પાછું વધાર્યું; "અને હુંજ પાછો નોએલને સમજાવીને તેના એલચી તરીકે અહીં પાછો આવશ."

"તેજ ઠીક થઇ પડશે, મી૦ રેડકલીફ, કેમકે પપા તો નોએલને એક તમામ નકામો ને લુચ્ચો બાંગડજ ધારી બેઠેલા છે. હું ધારૂં છું, કે પપાની તેમ માની લેવામાં ભુલ છે, ખાસ કરીને મી૦ ક્રેમ્બેલ તમારા જોવાના એક મિત્ર છે ત્યારે."

"સર જોનની, અવચીતજ, એમ માની કે ધારી લેવામાં ભુલ છે," કેાલીને ચહેરાનાં લાલ થતાં જવાબ કર્યો, "ક્રેમ્બેલ લંડનમાં એક સૈાથી મોટી માણસ છે ને પૂરતો બનકે જોઇતો આબરૂદાર છે. તે એક બેરીસ્ટર છે અને તેનું ગાડું ઠીક ઠીક ચાલે છે. સર જોન તેને વિશે નાહકનું બુરૂ અનુમાન ધરાવી બેઠા છે."

"હું એ જાણી દીલગીર છું," એલઝી બોલી, "પણ પપા કંમેશા વર્ષોની વાત ઉપર પોતાને થયવાં કંઇ ગંભીર નુકશાન માટે ભડકે થયને બડબડે છે. પણ એ વાત આપણે શા

માટે કર્યું છે મી૦ રેડકલીફ, જો તમને ઠીક લાગે તો આહેરા કઝીનનો પત્ર મને આપી જાઓ, અને તે હું પપાને એવણને ઠીક હોશે ત્યારે આપશ. તેવણનો માહરામાં પૂર્ણ વિશવાશ છે."

કોલીન રેડકલીફ સહજ દરવાફતમાં પડયો.

"હું તેમ કરી શકતો નથી. કેમ્બેલનો તેવો મને હુકમ નથી. એના મામાને હાયોહાયજ આપવાનો તેનો મને ભારપુર્વક આગ્રહ છે, તેની અવગણના હું કરી શકતો નથી, તેથી હું અત્રે પાછો આવીશ? કયારે આઉં? એ બાબત ખાસ અગત્યની છે તેમાં તમારો પણ મીસ રટર્ન તમારા પપાના જેટલોજ લાભ સમાયલો છે."

"પપા, હું ધારૂં છું કે એકાદ વિક પછી ઠીક થશે," એલઝી બોલી.

"ત્યારે હું આવતાં અઠવાડયામાં ગુરવારે સાંજે અત્રે આવીશ, મીસ રટર્ન, અને તે વેળા મને ઉમીદ છે કે તમે મને પપાને મળવાની દરેક જોગવાઇ કરી આપવામાં સહાય થશો."

"તે માટે ખાતરી રાખજો," એલઝીએ કહયું. "આવો, મી૦ રેડકલીફ, જરાક રીફ્રેશમેટ લેતા જાઓ", તેણી શરમથી રાતી બનતાં બોલી, "હું તમને લેડી હેલીના ફીમેન. સાથ ઇનટ્રોડયુસ કરાઉં. આ મોટા ઘરખતલાનો કારોબાર તેવણ ચલાવે છે. હું તેને માટે હજી પુરતી લાયક થયલા મનાતી નથી." તેણી એટલું કહી મીઠાસથી હસી, અને તે હસવાંએ કોલીન રેડકલીફનું મન હરી લીધું. દેખાવાન આર્ટીસ્ટને લાગ્યું કે આવી સુંદર છોકરી તેણે કદી જોઇ કે જાણી ન હતી.

"મને માફ કરો, મીસ રટન," તે બોલ્યો "માહરી ફ્રેંચ બહાર બોટી છે અને બ્લેક-ઉડથી લંડન જતી છેલ્લી ટ્રેન નવ વાગે ઉપડે છે," તેણે પોતાના હાથ ઉપરના ઘડિયાલમાં જોયું અને નાશીપાશીની લાગણી તેના ચહેરા ઉપર છવાઇ રહી, "અરે! નવમાં પાંચજ મીનીટ બોકી છે. વખત કેમ વહેતો ગયો? માહરે ત્રણ માઇલ જવું છે તે કેમ જવાશે?"

"હવે બનેજ કેમ? હવે તો આજની રાતે જવાયજ નહીં," એલઝી હસીને બોલી, "હું લેડી હેલીનાને અહીં બોલાવી લાઉં છું અને તેવણની મોટી તકેદારીને તાબે થવામાંજ હવે તમારો છુટકો રહેશે."

'હોટેલ' એવું કંઇ તે તરત બોલવા જતો હતો. પણ અતે મીસ રટર્નની માંગણીને વશ થવામાંજ તેણે સુખ માન્યું.

તે અણધાર્યા પહોરાણાની સંગવડને સારૂ લેડી હેલીનાએ તાબડતોબ બંદોબસ્ત કર્યો. અલબતાં, તેની આમદ અને તે રાતના તેના ત્યાંના રહેવાસને લગતી સર્વે વાત સર જોનથી બહુજ ચોકસાઇથી ગુપ્ત રાખવામાં આવી.

બીજી સવારે નાસ્તો લઇ તે પહોરાણાએ વિદાય થવા આગમચ સર જોનની તબ્યત વિશે કાળજીભરી પુછપરછ કરી.

"કેમ્બેલ જાણીને ખુશી થશે એવું કંઇ કહેવા જેટલો હું સામર્થવાન થયો છું એ માહરી ખુશનશીબી છે," તે જતાં જતાં બોલ્યો, "હું આવતા વિકમાં ગુરવારે પાછો આવશ."

તો બન્ને બાનુઓને સેડહેન્ડસ કરી ચાલતો થયો.

એલઝી તેને જતો જોઇ ઘારીએ આવી ઉભી. અધી ખુશહાલી, અધી દીલગીરીથી તેનું જીગર ઉભરાતું હતું. આ અણધારી મુલાકાત તેણી માટે શું ભવિષ્યમાં સુખ લાવનાર હતી યા દુઃખ ?

કોલીન રેડકલીફને લઈ ઉપડી ગયલી મોટરકાર તરફ તેણી જોતી ઉભી હતી. તે નજર બંધ જતાં તેણી એક નીચી ખુરશી ઉપર બેસી પડી અને પોતાનો ચહેરો પોતાના હસ્તોમાં છુપાવ્યો; નહી કે વિલાપ કરવા, પણ તેણી આસપાસ ઉત્પન્ન થતા નવા ભેદ ને ગુચવાંડાનો વિચાર કરવા.

પ્રકરણ ૫.

સર જોન રટર્નની તબ્યતના સમાચાર જાણવા કેટલાંક પહરેાણાઓ તે સહવારે આવ્યાં અને ગયાં. સર જોનની વિચિત્ર રીતભાત અને એકાંત પસંદ કરવાની ટેવ છતાં તેના મોભા અને પૈસાના બળની કોઇ અવગણના કરી શકે એમ ન હતું. તે તે પરગણામાં સૈાથી તવંગર આસામી હતો. અને વળી તે છેકજ સોસાયટીથી નાહસતો ફરતો ન હતો; છેલ્લાં બે વર્ષ દરમ્યાન તેનો બ્લેરઉડ પાર્ક ઘણાં પહરેાણાઓથી અવાર નવાર વાજી ગાજી રહયો હતો. તે વૃદ્ધ બેરોનેટને પોતાની વ્હાલી પુત્રી એલઝીને ખાતર સોસાયટીની સંગતમાં રહેવું પડતું હતું. તે પોતે ગમે તેવો એકાંત સેાધતો ને બરીયલ બન્યો હતો પણ એલઝીની તરબ્યત માટે તેને અથાગ કાળજી હતી. તેણે તેણીની દરબારમાં લઇ જવાની પણ ખાસ સંભાળ લીધી હતી; અને લંડનની હાઇ કલાસ સોસાયટીઓનાં કેટલાક વગવાળા મેલાવડાઓમાં પણ એલઝીને ખાતર પોતે હાજરી આપી હતી. દરબારમા તેમજ એવા મોટે ખાંચરેના મેલાવડાઓમાં એલઝીએ પોતાની મનમોહક સુંદરતાથી ઘણી સુંદર અસર નિપજાવી હતી. ઘણા જવાન્યાઓના ચિત તે ચાતુરીએ ચોરી લીધાં હતાં. ઘણાંઓ તેણીનું દિલ છતવાના વયર્થ વલખાં મારી પાછા હઠયા હતા; પંણ તેઓમાનો એક જબરો જકડી નિવડયો હતો. એલઝીને તે ઉમરાવ લેાર્ડ જયોર્જ સોમરટન સાથ એક મોટે ખાંચરેના બૉલમાં મેલાપ થયો; અને પહેલીજ નજરે તે ઉમરાવ એલઝીના પ્યારમાં પગથી માથા તુલીક પડયો. તે કોઇ પણ રીતે દેખાવડો ન હતો, બટકો ભરેલા બાંધાનો અને લગાર સામલા ચહેરાનો હતો એ લેાર્ડ જયોર્જ સોમરટન. તે રીતભાતે ઉતાવળ્યો અને અચોકકસ હતો. તેને વિશે કોઇ ચોકકસ કશી બી પોતીએ કહી શકતું ન હતું, પરંતુ એ બધી બાબીઓ છતાં તે પૈસા પાત્ર હોવાથી તેનો વગ વસીલો મોટો હતો, તેમજ તેનું ખાનદાન પણ સદીઓનું માન પામેલું ને પુરાણું હતું.

તે, અમોએ ઉપર કહયું છે તેમ, પ્રથમ દ્રષ્ટિએજ એલઝી ઉપર પ્યાર ધરેલો બન્યો હતો અને વખતના વહેવા સાથ તેનો તે પ્રેમ વધતોજ ગયો. તેણે પોતાના અંતરની તે ભાવનાનો ઉભરો એક દિવસ એલઝીના કાનોમાં ખાલી કર્યો. તેણે ઘણા જુસ્સાદાર શબ્દોમાં પોતાના પ્યારનો ભેદ તેણી કને રજુ કર્યો. તે શબ્દોનો ઘોષ એલઝી અધી બીહીધીલી, અધી કચવાયલી સમજી રહી.

"બસ કરો," તેણી તે વેળા વચમાં બોલી "હું તમારી પરણેતર થઇ શકશ નહી, લોર્ડ સોમરટન: તમારો જુસ્સો મને બીહીધરાવે છે."

તે શબ્દો સાંભળી તેની આંખોમાં ગુસ્સાના જ્વાળા જાગી રહયા.

"'ના' નો જવાબ હું લઇ ચલાવનાર નથી. 'ના' મને કબુલજ નથી. મીસ સ્ટર્ન, 'ના' કહીને તમે તમારાં અંતઃકરણને ઠગો છો. મારો પ્રબળ પ્યાર-મારો મજબુત સ્વભાવ તમને નમાવશે—તમારો પ્યાર મેલવશે."

"તમારા મજબુત સ્વભાવ માટે તમે જોઇયે તે કરતાં ઘણું જાસ્તી માની લેતા જણાવ છો." એલઝીએ તીરસકારથી જવાબ કર્યો, "તમારે માટે પ્યાર જેવી ચીજ મારી સોડે કાંઇજ નથી."

"વેલ, વખત એ કામ બજાવશે, મીસ સ્ટર્ન. તમે મારા અંતરમાં એવો જુસ્સો ઉત્પન્ન કર્યો છે કે તે કદી ઠરો થનાર નથી. દર્યાના ધસ્યા આવતા મોજા જેવો તે સમર્થ છે. મેં તમને જીતવાનો નિશ્ચય કર્યો છે. મેં ઠરાવ કર્યો છે, મીસ સ્ટર્ન, કે તમને મારાં મોહરદાર બનાવવાં.

એ વાતને-એ તકરારને મહીનાઓ વીતી ગયા હતા. તે પછી લોર્ડ સોમરટનને તેણીએ જોયો પણ ન હતો, પણ તેણીને ખબર હતી કે તેની અને તેણીના પિતાશ્રી વચ્ચે અવાર નવાર પત્ર વહેવાર ચાલતો હતો. તેણીએ કદી તે પત્રો જોયાં ન હતાં, પણ મનશે તો તે સખ્ત હયરત રહેતી હતી, કે તેના પીતા જેવા એક રીટાયર્ડ થયલા આસામીને એ લોર્ડ સોમરટન સાથ શો સંબંધ હતો?

કોલીન રેડકલીફના વિદાય થવા બાદ એલઝી વિચારોમાં નિમગ્ન બની હતી. તેણીનું મગજ ભમતું હતું; આઇસ જેવાં ઠંડા આંગલાંએ જાણે કોઇએ તેનું નાજુક જીગર ઝાલી લીધું હોય એવી અસર તેણી ઉપર નિપજી હતી.

"હું કેટલી મુર્ખી બનું છું? શા સારૂ હું એટલી 'નરવેસ' બનતી હોવશ?" તે મનશે વિચારતી, "પપાની બિમારીને લીધે યા પપા પ્રવાસે જવા ચાહે છે તેની ધાસ્તીએ એમ હશે? છટ, મારે શા સારૂ બીહીવું જોઇએ? જે થશે તે સારૂજ થશે. મારે ખુદા પર વિશ્વાશ રાખી રહેવું જોઇએ." તે એમ વિચારી ઉઠી અને બહાર બાગમાં ઉતરી. તેણીનો વિચાર પોતાની હિન્દુસ્તાની આયાની મુલાકાત લેવાનો હતો. તેણી મારફતે તે તારૂણી પોતાની મરનાર માતાને લગતું કંઇ જાણવા ઇન્તેજાર બની હતી. તે વૃધ્ધ આયા હાલમાં તે પાર્કના ગંજાવર બાગને ઓક છેડે આવેલા એક નહાના કોટેજમાં રહેતી હતી.

જોયા, તે આયા, હવે તો ઘણી જૈફ થઇ ગઇ હતી; અને તે કોટેજમાં સારો દિવસ પડી રહેતી હતી. ભવિષ્ય ભાખવાનું તેણીને ચેતક પડયું હતું, જોકે તે તે વિદ્યા કેટલી ને કયાંથી શીખી યા જાણતી થઇ હતી તે કોઇ કહી કે કળી શકે એમ ન હતું. તે પાર્કનું દરેક નોકર તેણી આગળ અવારનવાર જઇ બેસતું અને પોતાનું ભવિષ્ય ભખાવતું, અને બદલામાં તેણીને થોડું કે રૂપાનાણું આપતું, જે તે ડોસી બહુ સંભાળથી ઓકહું કરતી હતી. તે વૃધ્ધ હિન્દવાણી દીન ઉગ્યે લોભી થતી જતી હતી, અને પોતા પાસ આવતા જતા પાસ વધુ ને વધુ ઓકાવતી હતી.

એવજી તે કૉટેજ નજીક આવી પોહોંચ્યો. તે તે વેળા પોતાના પિતા ને માર્ન્ં લગભગ વિચારોમાં તલ્લીન હતી. કોલીન રેડકલીફનો ખ્યાલ તે વેળા તેણીના મનમાં સહજ પણ રહ્યો ન હતો.

"એ મને કહેશે,' તે બબડી. "પપા હિન્દુસ્તાનમાં કેમ ને કયાં રહયા હતા ને એ બધું જાણતી હશે ને ત્યાં જવાથી એવણ તબ્બત સુધારવાની વાતો કરે છે તે શા ઉપરથી, તે વિશે પણ એ મને કંઇ ઉપયોગી ખબર આપી શકશે."

એબનું કૉટેજ એક ઘણીજ ગીચ ઝાડોની મોટી ઘટાઓ વચ્ચે આવેલું હતું. તે ઝાડોની ગીચ ઘટાઓને લીધે તે કૉટેજમાં આખો દિવસ અંધકારજ રહેતો હતો. એબને દિવસનાં પણ પહરોણાઓ આવતા ત્યારે મીનબત્તીઓ સળગાવી ઉજાશ કરવો પડતો હતો.

એલઝીએ તે કૉટેજનું બારણું ઘોયું અને અંદરથી ચીયવાતો અવાજ આવ્યો

"મીમ એલઝી બારણું ઘોકે છે. બાહરી બ્હાલી દીકરીના ઘોકવાનો એ અવાજ છે. અંદર આવ, બાહરી પ્યારી, અંદર આવ."

એલઝી બારણું ઉઘાડી અંદર ગઇ બહારના પ્રકાશમાંથી અંદરના ગભરાવનારા અંધકારમાં પ્રવેશ કરતાં તેણી કમકમી.

"તું કાંહાં છે, એમા?" તેણી બોલી, "તું આવા કારાગ્રહમાં જીંદગી કેમ શકતી હોશે. રોજ રોજ અહીં વધારે અને વધારે અંધાર' ને બીહીવરાવનારૂ દૃશ્ય મને નજરે આવે છે."

એમા તે સાંભળી હસી પડી.

"મને પ્રકાશ સામે ધીક્કાર છે," તેણી ઝનુનથી બોલી, "જીજ્ઞાસુઓને તેથી ઘણું જાણી લેવાનું મળે છે. ભવિષ્ય ભાખી શકવાની દૈવી શક્તિ ધરાવનારાઓને પ્રકાશની કાંઇ જરૂર નથી. એલઝી, બારકદામને જઇને કહેજે કે માહરો તંબાકું તમામ થવા આવ્યો છે. તે લાવતાં ભુલે નહીં. જરૂર કહેજે, ભુલતી ના.—એ બારકદામ માટે મેં ઘણું કરેલું છે ને તે મને એમ સમજતી ભુકે એ તેને માટે ઠીક નથી. મેં સર જોનની પણ ઘણી સેવા ઉઠાવી છે. હાલમાં સર જોન બિમાર છે, પણ એવણની એ બિમારી શારિરીક નથી; માનસીક છે."

"હા, એમા પપા બિમાર છે. છેલ્લા બોર્ડાક અઠવાડયા થયાં તેવણમાં ગજબ ફેરફાર થઇ ગયો છે. તું કદાચ જોય તો તેવણને ઓળખે પણ નહીં, એવો તેવણનો અવતાર બેગવતાર થયો છે" એલઝીએ કહયું.

"હું તે જાણું છું, મને તે વિશે ખબર છે. બિમારની ચાલ પ્રમાણે એવણ લાંબી મુસાફરીએ નિકળવા માંગતા હશે; પણ હું કદાચ કહી શકતી નથી કે, તેથી એવણને કેટલો લાભ થશે કે નહીં. એવણનો એક મોટા જીવલેણ રોગ છે. એવણની જીંદગી જોખમમાં છે."

"એમા," એલઝીએ તે ધરડી દાયાની નર્ઇક જરા કહયું, "પપાએ મારામા વિશ્વાસ મુકીને મને ઘોડું ઘણું કહયું છે; પણ તેવણે પોતાની આગળી જીંદગી સબંધી કે મારી મરનાર માવતર વિશેની કશી પણ વાત ન છેડવાની ખાસ સંભાળ લીધેલી છે. એમા, જો તું કહે છે તેમ તું મને ખરેખર ચાહતીજ હોય તો મને ભરોસો છે કે તે વિશે તું મને કંઇ કહી મારી જીજ્ઞાસા તૃપ્ત કરી શકશે."

"બસ કરો," તેણી તે વેળા વચમાં બોલી "હું તમારી પરણેતર થઇ શકશ નહી, લોર્ડ સોમરટન તમારો જુસ્સો મને બીહીવરાવે છે."

તે શબ્દો સાંભળી તેની આંખોમાં ગુસ્સાના જવાળા જળી રહયા.

" 'ના' નો જવાબ હું લઇ ચલાવનાર નથી. 'ના' મને કબુલજ નથી. મીસ સ્ટર્ન, 'ના' કહીને તમે તમારાં અંતઃકરણને ઠગો છો. માહરો પ્રબળ પ્યાર-માહરો મજબુત સ્વભાવ તમને નમાવશે—તમારો પ્યાર મેલવશે."

"તમારા મજબુત સ્વભાવ માટે તમે જોઇયે તે કરતાં ઘણું જાસ્તી માની લેતા જણાવ છો." ઓલઝીએ તીરસકારથી જવાબ કર્યો, "તમારે માટે પ્યાર જેવી ચીજ માહરી સોડે ફાજલ નથી."

"વેલ, વખત એ કામ બજાવશે, મીસ સ્ટર્ન. તમે માહરા અંતરમાં એવો જુસ્સો ઉત્પન્ન કર્યો છે કે તે કદી ઠરો થનાર નથી. દર્યાના ધસ્યા આવતા મોજા જેવો તે સમર્થ છે. મેં તમને જીતવાનો નિશ્ચય કર્યો છે. મેં ઠરાવ કર્યો છે, મીસ સ્ટર્ન, કે તમને માહરાં મોહરદાર બનાવવાં.

એ વાતને-એ તકરારને મહીનાઓ વીતી ગયા હતા. તે પછી લોર્ડ સોમરટનને તેણીએ જોયો પણ ન હતો, પણ તેણીને ખબર હતી કે તેની અને તેણીના પિતાશ્રી વચ્ચે અવાર નવાર પત્ર વહેવાર ચાલતો હતો. તેણીએ કદી તે પત્રો જોયાં ન હતાં, પણ મનશે તો તે સપ્ત હયરત રહેતી હતી, કે તેના પીતા જેવા એક રીટાયર્ડ થયલા આસામીને એ લોર્ડ સોમરટન સાથ શો સંબંધ હતો?

કોલીન રેડકલીફના વિદાય થવા બાદ ઓલઝી વિચારોમાં નિમગ્ન બની હતી. તેણીનું મગજ ભમતું હતું; આઇસ જેવાં ઠંડા આંગલાંએ જાણે કોઇએ તેનું નાજુક જીગર ઝાલી લીધું હોય એવી અસર તેણી ઉપર નિપજી હતી.

"હું કેટલી મુર્ખી બનું છું? શા સારૂ હું એટલી 'નરવેસ' બનતી હોવશ?" તે મનશે વિચારતી, "પપાની બિમારીને લીધે મા પપા પ્રવાસે જવા ચાહે છે તેની ધાસ્તીએ એમ હશે! છટ, માહરે શા સારૂ બીહીવું જોઇએ? જે થશે તે સારૂજ થશે. માહરે ખુદા પર વિશ્વવાશ રાખી રહેવું જોઇએ." તે એમ વિચારી ઉઠી અને બહાર બાગમાં ઉતરી. તેણીનો વિચાર પોતાની હિન્દુસ્તાની આયાની મુલાકાત લેવાનો હતો. તેણી મારફતે તે તારૂણી પોતાની ભરનાર માતાને લગતું કંઇ જાણવા ઇન્તેજાર બની હતી. તે વૃધ્ધ ઓયા હાલમાં તે પાર્કના ગંજાવર બાગને એક છેડે આવેલા એક નહાના કોટેજમાં રહેતી હતી.

ઓયા, તે આયા, હવે તો ઘણી જૈફ થઇ ગઈ હતી; અને તે કોટેજમાં સારો હિવસ પડી રહેતી હતી. ભવિષ્ય ભાખવાનું તેણીને ચેતક પડયું હતું, જોકે તે તે વિદ્યા કેટલી ને ક્યાંથી શીખી યા જાણતી થઇ હતી તે કોઇ કહી કે કળી શકે એમ ન હતું. તે પાર્કનું દરેક નોકર તેણી આગળ અવારનવાર જઇ બેસતું અને પોતાનું ભવિષ્ય ભણાવતું, અને બદલામાં તેણીને થોડું કે રૂપાનાણું આપતું, જે તે ડોસી બહુ સંભાળથી એકઠું કરતી હતી. તે વૃધ્ધ હિન્દવાણી દીન ઉગ્રે લોભી થતી જતી હતી, અને પોતા પાસ આવતા જતા પાસ વધુ ને વધુ ઓકાવતી હતી.

એલઝી તે કોટેજ નજીક [illegible] હતો.
વિચારોમાં તલ્લીન હતી. કોણ [illegible] ?" તે નજીક આવતાં બોલ્યો, "હું આશા રાખું છું, કે મેં
ન હતો.
મને ઘણીજ ચમકારી લોર્ડ સોમરટન," એલઝીએ કડક અવાજે કહયું.
"એ મને કહેશે," તજ તે તારણીને લંડનમાં તેની સાથ થએલી તકરારની યાદ થઈ.
જાણતી હશે ને ત્યાં જઉં," તેણે મારી ઇચ્છતાં કહયું, તેણે પોતાની ચશમો એલઝીનાં મધુરા
પણ એ મને કંઇ ઉંએઅદબ કીસમે ટાંકી રાખી.
જેમનું કોટેજ ચમકાવી તે અગાઉ એક બીજી દખલગીરીથી હું ચમકી હતી. મને લાગ્યું
ગીય ઘટાઓને લીધે દાયાની કોઇ જાસુસી કરી રહયું છે કેમકે હું તેણીના કોટેજમાંથી બહાર
પહેરાણાઓ આવતાહાર સુકાં ઘાસમાં કોઇના ચાલવાનો નરમ ખડખડાટ થતો મેં સાંભળ્યો."
એલઝીએ કમણુતો અત્રે કોઇજ નથી" લોર્ડ સોમરટને આજુબાજુ ચોકાશીથી નજર ફેંકી
"બીમ [illegible] કોઇ તમારેજ ત્યાંનું નોકર નફર હશે કે જે તમને અત્રે જોઇ ગભરાઇને દાંયબાય
અંદર આવ, [illegible] કે રખે તેને તેની ફરજ મુકી અત્રે ભટકવા માટે તમો કપકો આપો."
[illegible] ય એમ પણ હોય ?" એલઝીએ અર્ધા શંકાથી કહયું.
એલઝી [illegible] મને જોઇને ખુશી તો છેજની, મીસ સ્ટર્ન ?" તેણે પુછયુ.
અંધકારમાં [illegible] બાહરા પપાના કોઇ પણ મિત્રને મળતાં મને ખુશહાલી ઉપજે છે." એલઝીએ જવાબ
"તું પણ તમે આ બાજુ કેમ આવી ચઢયા ?"
રોજ રોજ હું તમનેજ શોધતો આવ્યો." તે ઉમરાવ બોલ્યો, "હું સર જોનને મળ્યો. પછી
જમણવા માંગતો હતો તેટલાં એક નોકરે કહયું કે તમે બાગમાં છેવ, એટલે હું બાગમાં
[illegible] ને ફરતો ફરતો અનાયાસે આ બાજુ આવ્યો," તેણે પોતાનો હાથ આંખ ઉપર ઉંચો
વાનું પ્રકાશ દુર કરવાની કોશેશ કરી અને ત્યારે એલઝી સ્પષ્ટ જોઇ શકી કે તેના
એલઝી, ઉપર ઘાસના તણખલાંઓ પડયાં હતા તેમજ તે કેટલેક ઠેકાણેથી કાંટાઓમાં ભેરવાવાને
[illegible] કાંટા પણ હતાં, તેના હાથો અને ચહેરા ઉપર પણ ઘસારા માલમ પડતા હતા.
"અને હવે તમે મને મળ્યા ?" એલઝીના મુખમાંથી તે શબ્દો જાણુઅજાણુ નીકળી ગયા.
[illegible] પણે તે તે શબ્દો માટે પોતાના મન સાથ પસતાવા પડી.
"અને હવે તમે મને મળ્યાં," તેણે જુરમાબોર તે શબ્દોનો પડઘો કર્યો, "એટલે હું
તમારી પાસથી જાણવા ઈતેજાર છું કે મહીનાઓની વાત ઉપર મેં લંડનમાં તમો પાસે જે
યાચના કરી હતી તે ઉપર તમે વિચાર કરી જોયો છે કે ? હું તમને માહરાં મોહરદાર બના-
વવા માંગું છું. હું આટલો વખત ચુપ હતો કેમકે એ વાસ્તેજ ચોકકસ પ્લાનોમાં હું
ગુંટાયેલો હતો. તમારો ચોકકસ જવાબ હું અત્યારેજ માંગતો નથી. મીસ સ્ટર્ન. એક અઠવાડીયા
પછી બી આપશો તો ચાલશે. સર જોન સાથ મસલત કરીને જોઇએ તો જવાબ આપજો.
મને તેમાં હરકત નથી."
"લોર્ડ સોમરટન" એલઝીએ ગુસ્સાભર્યા અકુળભાથી કહયું, "હું તો ધારતી હતી કે
તમો માટે માહરી લાગણી કેવી છે તે તમે જાણી ગયલા હોવાથી એ સવાલ ફરીથી કરવા-
ની હીમતજ ન કરશો." તેણીએ ગુસ્સાથી પોતાનો નાજુક પગ તે સુકકાં ઘાસમાં અફાળી
બોલાયું "હું ફરીથી કહું છું કે હું તમારી મોહરદાર થઇ શકતી નથી કેમકે હું તમને
ધીક્કાર છું."

(સાંધણુ છે.)

દેવીનું ખપ્પર.

(લાવણી)

ભર ભર મારૂં ખપ્પર, લૈયા! ઓ ભારતના વાંસી!
ઘર ઘર ભીખું હરનિશ ફરતી, હું જુગજુગની પ્યાસી:
ખપ્પર ભરો ભરો હો!—(ધ્રુવ)

ક્ષણ ક્ષણ ગણતાં મન શોષાયું, શોષાયું તન ત્રાસી,
બાર બાર સૈકાથી ભટકું અરે અરે ઉપવાસી:
ખપ્પર ભરો ભરો હો! ૧

અંજલિ નાખે, ખોબો નાંખે, નાંખે કો ભર પ્યાલી,
જુગસૂકું તળિયું દે શોષી, ખપ્પર તો રહે ખાલી:
ખપ્પર ભરો ભરો હો! ૨

ઓ લૈયા! જુગના જુગ વીત્યા, હવે નહીં એ ચાલે,
નદ ઉલટાવો, સિંધુ ભરાવો—છલછલ ભરો ઉછાળે!
ખપ્પર ભરો ભરો હો! ૩

ગાજ વીજ ને મૂશળધારે રેલ રેલ જગ છાતી,
એક આપટે નવ ચોમાસું: વીર! તૃષા ન છિપાતી:
ખપ્પર ભરો ભરો હો! ૪

જ્યોતિ જ્યોતિ ઘરઘર જે સળગ્યો, રોતી રોતી શું માગું?
શિર કાપી ખપ્પરમાં નાંખો, કરો કાળજું આધું!
ખપ્પર ભરો ભરો હો! ૫

એક કેસરીની ત્રાડે તો ભરી દિસે વનવસ્તી,
એક વીરરસની મસ્તીમાં કરુણતણી કયાં હસ્તી?
ખપ્પર ભરો ભરો હો! ૬

બધ ઉઘડ્યાં છે દ્વાર પ્રભાનાં: ઓ લૈયા! ઝટ આવો!
ખપ્પર મારૂં ભરો વીરત્વે! પૂર્ણ પ્રભા રેલાવો!
ખપ્પર ભરો ભરો હો! ૭

અરદેશર ફરામજી ખબરદાર.

પૈસાના ખેલ !

લખનારઃ-સોરાબ બી. તાતા.

"તારે હવે મોતીનાં પેહેરવાં જોઇએ, હીલ્લાં, હીરા પેહેરેછ ત્યારે તારો આખ હવે ઝાંખો મારેછ," ધનમાય મેહેટાએ પોતાની સાંમે ઉભેલી દીલબ્ટ છોકરી હીલ્લાંને કહયું.-"તું એમ દહાડે દહાડે ફીકકી કેમ પડતી જાએછ ?"

પોતાની મોહોરદારનો ખુલ્લો અવાજ બેહેરામશાહને કાને પડયો, કે જે બાહારથી આવેલો તે ઓરડામાં બારણું ઉંઘાડી આવતોજ હતો; તે બારણાંની બાહાર એકદમ અટકીને ઉભો, અને થોડીક પલ પછી બારણું ઉંઘાડી ગંભીર અદાથી અંદર આવ્યો.

તેની મોહોરદાર ધનમાયની મોજ બધી બપકા સપકા જેવી હતી; મોટે ખાંચરે બેલાવાના પછાડામાં અને મેલાવડાઓમાં પોતાનો ટેક ટેકાવ, પોતાની ફેશન અને રોબ દેખાડવામાંજ તેનો વખત જતો હતો. અને તેના ભરથારના બીસાં ઉપર કેવો બબંકાર કાપ પડતો તેનો તો તે ભોળક અબળાને કશોબી ખ્યાલ થતો હતો નહીં. તેઓની છોકરી હીલ્લાં ગોલ ભરેલા રૂખસારા, લીલી જીણી સોહામણી આંખો અને રોનકદાર ઘાટઘટની એક મીઠી છોકરી હતી, અને પોતાના બાપના જેવીજ તે બોલી, માયાલુ અને દીલસોઝ હતી. પોતાના બાપ ઉપર હીલ્લાંને મેહદ વાહાલ હતું, અને બાપ જેવીજ જાતી ભોગ આપવામાં માયાલુ હતી.

પોતાના બાપને હીલ્લાં હર્ષથી ભેટી, અને બેહેરામશાહા ધીમેથી પુછવા લાગેા; "મોતી ! હું આવ્યો ત્યારે મોતીની વાત કરતાં મે સાંભલી."

"હા ! હીલ્લાંને હીરા સોભતા નથી, ને મોતીની બધી જણસ પેહેરાવવા માંગુંછ," ધનમાય બોલી, "એને કોઇ મોટે ખાંચરે પરણાવવાનીજ હું વેતરણમાં છઉ. દહાડે વારેની થઇ હવે એનું માયું ધોઇ નાખવું તો જોઇએ. દહાડે દહાડે એ બધી કાણુ જાણે શું છે જે કજરાતી આલેછ. તમુને ખબર છે કે, બેહેરામશાહ, કે આવને અઠવાડયે સર સોરાબશાહા દાવરની પાર્ટી છે. જેમાં આપુને તેડું આવ્યુંછ; તેમાં બધા ધપધપ્પા જુવાનો. આવશે તેથી મારી દીકરીનેબી તેવી ફેશનેબલ બનાવવા માંગુછ. એને વાસ્તે મોતીની નેકલેસ અને બ્રેસલેટ તમે જહવેરીને ત્યાંથી લાવો. નવી સાડી ને બ્લાઉઝ તો મેં મેાંઘે ખર્ચે મેડમ વીલ્યમને ત્યાંથી ખરીદ કીધાંછ, પણ મોતીની જણસ જોઇયે. હીલ્લાંને શું થયુંછ તે મને સમજ પડતી નથી; ચેહરાનું રંગરૂપ એવું તો સરસ હતું. અને આંખમી કેવી ઝલકતી હતી-પણ હવે, તમેજ એને જોવની, બેહેરામશાહા !"

તેની દીકરીના ફીકકા રૂખસારા સાથનો ચેહેરો તે ભલા બાપેની ચોડી વખતનો અનુભવ્યો

"મને ફકર છે, ધન, કે આપરી હીલ્લાંને માટે મોતી કાંઇ ફાજલ પડવાનાં નહીં. તારે વાતે કાંઇ ખરાબ સમાચાર મારી પાસે છે."

"ખરાબ સમાચાર?" ધનમાય ધાસ્તીથી પુકારી ઉઠી, "ઓ, ખોદા! તમે મને એમ બીહવરાવોછ કાંય? મારા નબલાં હાર્ટ માટે તેવા સમાચાર ધાસ્તીભર્યા છે એમ તમે જાણોછ. શું થયું'છ, બેહેરામશાહ?"

"ત—મારી સાથે ખફા ના થતી, ધન," તે અભાગ્યો ભરથાર ગગલતે સાહાદે બોલ્યો. "એમાં મારો વાંક નથી. હું પાયમાલ થયોછ. રાયપુરની ખાણમાં અને રંગુનની તેલની કંપનીએ બધાં દીવાલાં કાઢયાં. કોઇને જરાબી શક પેઠો હતો નહીં, ને ઓચીંત બંનેએ દીવાલાં કાઢયાં, ને હું તદનજ મરી ગીયોછ."

તેની મોહોરદાર ધાસ્તીથી જીગર ઉપર હાથ મુકી ખુરસીની બેઠક ઉપર ફાટેલે દોળે અઢેલાઈ પડી. દહેસતથી ફગલાએલે ચેહેરે મનોહર હીલ્લાં પોતાના દુઃખથી અફસોસ કરતા બાપ આગલ દોડી ગેઇ અને તેના હાથો દીલસોજી અને વાહાલથી પસવાડવા પડી.

"પણ," દસકલાંથી ગુંગલાતી છાટીથી ધનમાય બોલી, "પણ—ખચીટ, તમે કાંઈ બોહુંધણું સાચવ્યું તો હોસેની?"

"બધું કરજ ફીટાડયા પછી વર્ષ દહાડે ચારેક હજાર બનચસે," હાય મારી બેહેરામ-સાહા બોલ્યો.

"બઅબસ! મરેરે, વર્ષ દહાડે ચાર હજાર રૂપરડીમાં આપરે કરશું શું? તમેબી શું દોહોરૂં દોહોની મુકયું? જરા સુધલોબી રાખ્યો નહીં?" ધનમાય પોતાના ધણીને દુઃખ પર ડાહમ દેવા પડી.

"આબે બંગલો આપુને ખાલી કરી જવો પડશે," દુઃખ સાથે તે વધુ બોલ્યો. "અને કોઇ નાનાં ઘેરમાં જવું પડસે. બોય અને આયાઓને બી રજા આપવી પડશે."

"એવી મુર્ખ જેવી શું વાત કરોછ?" ફેશનમાં લીચકાઇ ગએલી ધનમાય, પોતાનાં ભરથારની આફટમાં દીલસોજી બતાવવાને બદલે ફફડી પડી ચોળા મુકવા પડી. "બોય આયાને કાઢસો તો કોણ આપરૂં સંગુંવાહાલું આપીને રાંધવાનું ને હાલ્લાં ઉજારવાનું? તમે એમ સમજોછ કે હું રાંધણીમાં જઇને રાંધું? મારી પરથી ઓવાયું. હું તો જરાબી કામ કરવાની નહીં. તમારા બોલવાપરથી કોઇબી ધારે કે તમારૂં ભેજું પોચું થયું'છ, તમારી આંગરી ખરી ગેઇછ. પણ તમારા ધંધાનું શું? તમે સોલીસીટર થયા તો તમે——"

"આજે સહવારે મેં ડોકટર ચાર્લીને કનસલ્ટ કીધો, જેને કહ્યું કે ભેજાં ને હાર્ટપર હદ બહાર બોજો છે, માટે ઓછામાં ઓછા છ મહીના આસાએસ નહીં લેસે તો હાર્ટ કોઇબી વખતે બંધ થશે." નિશ્વાસ ફેંકી બેહેરામશાહ બોલ્યો.

આ વેલા ગીડી હીલ્લાંએ પોતાના નાજુક હાથો પોતાના દુઃખી બાપનાં ગળાં આસપાસ વીંટાળ્યા, અને તેના મોત જેવા ફીક્કા ચેહેરા ઉપર હેત અને દીલસોજીથી ચુમીઓ લીધી.

"પપા, તમે ફિકર ના કરો," તે વાહાલી દીકરી બોલી, "હું રાંધસ રીંધસ, મારૂ દાગીના છે જે બેલાસક તમે વેચી નાખજો. કનીબી ફિકર ના કરતા; દહાડો પાછો ફેરવાસે માટે ધીરજ ધરો" અને તે હુનવંતી દીકરીએ પોતાના બાપને પોતાની વાહાલી ગોદમાં દાબી રાખ્યો.

ધનભાય કાંઇબી વધુ બોલી શકી નહી. તે હુમક મોહોરબારને પોતાની છવીસ વર્ષની પરણી જીંદગીનો ચિતાર આંખનાં પલકારામાં રજુ થયો; તે વાહાલા ભરથારે કેવી વફાદારી, વાહાલ અને સુખથી તેને સુખી રાખી હતી, તેને કશાની આપદા કે દુઃખ ન હતાં, તે બધું યાદ આવતાં પોતાના ધણી ઉપરની આફતથી હવે તેને બચીત અફસોસ લાગો, અને બે અખત્યાર રડી પડીઃ "ઓ, બેહેરામ! તમે બીચારા કેવા આફત અને દુઃખમાં વીંટલાયાછ? બધું આપરૂં નબોદ વલ્યુંછ."

"સબુરાથી સહણ કરવા સીવાય છુટકોજ નથી." બેહેરામશાહે આંસુથી દુબી જતી આંખોથી બોખરા અવાજે કહ્યું.

"મમા, કોઇબી રીતે આપણે. મેનેજ કરી શકશું," તે દાહી દીકરીએ દીલાસો દીધો. "હું પુષ્કળ કામકાંજ કરશ; ને જલદીથી રાંધતાંબી શીખસ. કાઇબી બને, તે પેહેલા આપુને વાહાલા પણાનોજ વિચાર કરવો જોઇએ, અને એવણને કોઇબી ચીજ માટે દુઃખ પડવા દઇશું નહીંજ."

પોતાની હુનવંતી દીકરીના ચેહેરા તરફ નજર નાખી તે દુઃખી બાપ બોલ્યો. "તારા જેવી ભલી દીકરીથી હું ખરેખર સુખી છેઉં. હું કરંબી શું? મને શું ખબર કે બેઉ કંપની દીવાળાં કાઢશે? એમાં મારો શું વાંક?" અને તે બાપ બેઅખત્યાર રડી પડયોઃ તેની મોહોરબારબી ઉઠીને રડતી ચસ્મોએ તેની આગળ આવી, અને બંને મા-દીકરી તે દુઃખી શખ્સને દીલાસો દેવા પડયા.

"મારે એક બીજી બાબતબી તમારી આગલ રજુ કરવીજ જોઇએ;" બેહેરામશાહા આંખો લુછી બોલ્યો, "હું તે ભાગ્યેજ પસંદ કરૂછ; તોબી તે પર આંખમિચાંમણાં થઇ શકતાં નથી. ધન, કેટલે વર્ષે આજે સહબારે ફરામ તરફથી મેં સાંભલ્યું."

"ફરામ! કોણ, પેલો રદબાતલ, લફંગો અને રમતાપંચી તમારો ભાઇ કે જે આફ્રીકા ગીયો'તો અને ફરીથી તેને માટે કાંઇ માલમ પડયુતુજ નહીં? એ વરી કયાંથી આવી બબને ટપકી નીકલ્યો? કાંઇ નાંણાંની માંગણી કરતો હોસે એમ ધારૂંછ?" ધનભાય ધોબારી સાહાદે બોલી.

"એવુંજ કાંઇ છે, ડીયર." ચોકકમ લાગણી છુપાવવાની કોશેશમાં તાણી તોડીને તે હસ્યો "ગરીબ બચારો ફરામ! મને તે હંમેશ ઘણો ગમતો'તો ધન, એ મારો માનીતો ભાઇ હતો."

"અને હવે એ માંગવા નીકલ્યોછ," કડવાસથી ધને જવાબ વાલ્યો. "અલબત હવે તેને મદદ કરવાનું તમારા માટે બની શકવાનુંજ નહીં. કેટલા રૂપ્યા એ માંગેછ?"

"ફરામ પોતાને માટે કાંઇબી માંગણી કરતો નથી, ધન," તે બરથારે ખુલાસો કીધો. "તે બીચારો ભરવા પડયો'તો અને મને કાકલુદી કરી પુછાવ્યું કે હું એની એક પુરી ગરીબ કોઇબી દોકત આસનાજ વિનાની દીકરી જાસુને મારે આસરે-મેક્સ કે નહીં."

"એ કેવું તદ્દનજ ન બને તેવું છે," ગુસ્સાથી ધનમાય બોલી. "અને કોઇની સંગે ગોમાં કેવું વાંધા ભયું છે! એક છોકરી આફ્રીકાનાં કીયાં જંગલમાં કે ખુણામાં અવતરેલી ને ઉધરેલી, તેવી સીધન જેવી પોરીને અહીં કાંઢા લાવી રાખે? તમુને તે કેવી તાપડની હોસે તે આઇડ્યા નહીં આવતો, બેહેરામ? તમારી આગે જીભરૂં સોહામણી દીકરીની મજેની સાથી કેહેવાય! તેવો વીચાર આપનાથી થાયજ નહીં. કાંઇ સારૂં બાંહાંણું કાંઢી ના પાડો."

"ના પાડવાનો મુદ્દલ ચાનસ નથી, ધન," બેહેરામશાહે ખુલાસો કીધો, "ફરામનાં કાગજ સાથે એના કોઇ દોસ્તગરે કે કોઇએ ચીડી બીડેલી કે તે તો બીચારો ગુજરીબી ગીયેા, અને તેની દીકરી જલુને સ્તીમરપર ચઢાવીબી આપી. એ બીચારી જલદીથી અહીં આવી પુગશે. વળી એક બીજીબી ચીજ છે. જો હું બેહેસ્તી ફરામની છોકરીની પરવરસી કરવા માથે નહીં લઉં, ને ઘેરગાં નહીં સપોઉં, તો એને દોરાબ ભઇ પરબી તેજ માફક લખ્યું છ, પણ દોરાબ રાખે તેનાં કરતાં હું રાખું છું તે એને વધારે ગમસે બ્રીમ એને છેવટે કાકલુદી કીધીછ; હમો બેઉ ભાઇ વચે ગોઠવણ કરવા હમારી ઉપર સોંપી ગીયેાછ."

"હા, તે દોરાબ એ છોકરીને રાખસે," ધનમાયે મત આપ્યું. "તે સકતો ને માલેતુજર છે, ને વલી હોટેલમાં જબરી કમાણી કરેછ; બાપરી કાંની એ કાંઇ નાગો ભુખો થઈ ગીયેાછ."

"ઓ, મમા," પેહેલીજ વાર આ વાતમાં દીલબટ હીલ્લાં વચે બોલી. "આવી બીચારી ધરબાર વગરની નિરાધાર છોકરીને કુંવરકાકીને આસરે નહીં જવા દેવી જોઇએ. કાકી ને બેઉ છોકરીઓ આલાં અને પીલાં એવી તચાક, મગરૂર અને ફેશનેબલ છે, જે તેઓ આગલ આગે બીચારી છોકરી રીબાઇને હાડમાર થવાની. કાંઇ નહીં એ જંગલી હોસે તો હું સીખવીને હુશ્યાર કરસ; આફ્રીકાના સખ્ત તાપથી તે કાલી હોસે તેમાં આપણે સું કરસું? જો, મમા, અહીંજ રાખો, મનેબી સોહોવાઇ જસે."

"એ લીચકાઇ ગએલી તુમાખી દુકતીઓ સાથે તે જંગલી પોરીનો પાટલો તો ફાવવાનોજ નહીં; તેને બીચારીને આયા દાયા દાખલ રાખીને વહીવટું કરાવસે તેમા કાંઇ શક નહીં," ધનમાયે ભવાં ચઢાવ્યાં. "પણ ફરામની છોકરીની ઉમર સું બેહેરામ?"

વિચાર કરી તેને જવાબ વાળ્યો, "લગભગ અઢાર હોસે."

"ઓ, ત્યારે તો તે પોતાને હાથે ગુજરાંણ કરવા જોટલી મોટી છે," ધનમાયે મત આપ્યું. "પણ તે જંગલીજ હોસે, કે કાંઇ શીએલી હોસે? કાંઇ ધંધો હુન્નર શીખ્યો હોસે કે નહીં? બચીટ, એવી છોકરી તો દોરાબને ત્યાંજ જવી જોઇએ, તે કાંઇબી તેને માટે કરસેજ."

મોટરનાં જણીતાં ભુંગલાંનો અવાજ કાને પડતાં દીલબટ હીલ્લાં બારી આગલ દોડી ગઇ; તે પાછળ ફરી અને પપા-મમાને કેહેવા પડી; "જોઓ, દોરાબકાકા, કુંવર કાકી ને આલાં ને પીલાં આવેછ."

"ઓ, બોદા! આવી બખતે એ સોક કાંહાંથી ફુટી નીકલ્યાં હોસે!" ધનમાય બોલી; અને ઝડપથી પાસેના ઓરડામાં જઇ પોતાનો રડમસ ચેહેરો સાફ કરી બાલ હોરી સાડી સરખી કરી સોફા ઉપર આવીને બેઠી. હીલ્લાં બારી આગલજ ઉભી રેહી જ્યારે તેનો બાપબી પોતાનું મોહ લુંછી નાંખી ખુરસી ઉપર બેઠો.

થોડીક મીનિટ પછી હાઉસન જાઉસન અંદર આવ્યું, અને તે ઓરડો બધો તરેહવાર સેંટના પમરાટથી બધો મઘમઘી રહ્યો. બેઉ ચીમાવલી દીકરી આલાં પીયાંએ પોતાના રૂમાલો ઉપર કેડી સેંટની બાટલીજ ઉંધી વાલેલી લાગતી હતી, અને તેઓની ફેશનેબલ માય કુંવરબી ખુબ છંટકાવ કરીયો હતો. કુંવરબાઇ તાપરતોબ ધનમાય આગલ ગઇ અને કોટી કરીધી.

"તમારી પર જે આફટ આવીછ તે સાંભળી હમે બધાં ઘણાં દલગીર છીયે, ધન" કુંવર બાઇએ દીલસોજી બતાવી. "સહવારથી આખાં શેહેરમાં દીવાલાની ખુબ ફેલાઇ તેમાં બીચારા બેહેરામશાહાની મોટી દોલત ધસડાઇ ગેઇ. તમો બધાં પર કેવી પડતી આવી પડી!"

બને છોકરીઓ મનોહર હીલ્લાં તરફ ફરી પુછવા લાગી. "હવે આ બંગલો તમુને ખાલી કરવો પડસે કે? મરે, કેવો સરસ રમકડાં જેવો બંગલો!"

"નહીંરે; એ લોક અખડ થઇને અહીંજ રેહેસે," તેઓની માતાએ વચે જવાબ વાલ્યો. "બેહેરામ કાકા પંઢાએવા સોલીસીતર છે; એવન બીજી રીતે પાછો પઇસાનો ઢગ જમાવ કરશે.'

"તેજ હવે બની શકતુ નથી તો," બેહેરામશાહે જવાબ વાલ્યો. "મારાં હાર્ટપર અસર થઇછ, ને બ્રેન પરબી ઇફેકટ થવાથી, ડોકટરે બીલકુલ આસાએસ લેવા કહયુ છ. આએ બંગલો ખાલી કરી નાનાં ઘેરમાં જવુંજ પડશે."

"તે તો વધારે દુઃખપર દાહામ," કુંવર બોલી. "હમે બહુ ગરીબ છઇયે. મરેરે, ધનને ઘણું નરસ લાગશે. ને બીચારી હીલ્લાંએ આએ આફતની આગમજ માંથું ધોઇ નાખ્યું હોતે તો કાંઇ નહીં-હવે કોઇ હાયનો ધરતો મલવોબી મુસકેલ! એને ગરીબ થએલી જોઇ બધાએ હરવામા મોહું ફેરશે."

"મારી હીલ્લાં તે માટે જરાબી બલાપો કરશે નહીંજ," નરમાસથી ધનગાયે જવાબ વાલ્યો. "ધણીને સોહોધવા જવાનો એને જરાબી લોભ કે ગમખરો નથી; અને બેહેરામશાહ અને હુબી અફસોસ કરવાનાં નથીજ; હમે હમારાંમાંજ બધું સુજી સમજી લઇશું."

"ઓ, હુ ધારતીતી તેનાં કરતાં જુદી રીતે તમે આ આફત ખમીછ," કુંવરબાઇ બોલી. "હમે તો જાણ્યે કે તુ ધાસ્તીથી સુતેલી હોસે, ને હીલ્લાંને દુશમન ઇસતીર્યો થઇ આયો હોસે."

"મમા, જોવની હીલ્લાં બીલકુલ પીકકી ને દંગાલ દીસેછ," તુમાબી આલાં બોલી પડી. "એને જો આવો સરસ ડ્રેસ નહીં કરીયો હોતે તો ખાખાવરબી દેખાએ."

"એમ ના બોલ, દીકરી" તેની માતાએ ઠપકો આપ્યો. "તું ઘણી અસભ્ય છે."

"વેલ, ઘણું બોહું થયું, બેહરામ," દોરાબ જે આટલો વખત ચુપ બેઠો હતો તેને પેહેલીજ વાર જીભ હવાવી. "હમે કાંઇ ખરેખર તો દીનસોજીને માટે નથી આવેલાં; તમે લોકો હમેશા મુસતાક ને મગરૂરજ રેહો, અને તમારી લડાઇ તમેજ હાથે જાને લડો એ બેહેતર કેહેવાએ. તમારાં બોડામાં જરા રતી ધુલની રજકણ આવી તેમાં તમુ લોકને કાંઇ નુકસાન થવાનું નથી. વાત તો એમ છે, બેહેરામ કે પેલા કરામની કોઇ દુકતી થતીતી વાસ્તે હું અહીં આયોઇ. મને મલ્યુંછ, તેનુંજ તુંનેબી તેનું કાગજ મલ્યું હોસે એમ ધારૂછ."

બેહેરામશાહે હા કેહેવાથી દોરાબ મિનજયી બોલ્યો. "દુકતીમી કમબખત બાપની કોપી હોસે; બાપ જેવીજ આકલી, રહ બાતલ ને ઉછાછરી હોવી જોઇએ. આવી બીખારી ચોરીને હું

કાંય રાખું ? આફ્રીકાની જંગલી ને કાલી મસોટાં જેવી પોરીને મારી દીકરીઓ સાથે રાખું તો તેઓનેયી ઝાંખ લાગે. હું જે હોય તે રોકડું પરખાઉંય કે એવી અરધી વગરની નિરાધાર પોરી મારા બંગલમાં નહીં જોઇએ; જો એ જંગલી દુકતી મારે તાંહાં ધામો નાખસે તો બીજોજ દહાડે એને પેક કરીને પાછી આફ્રિકાનાં જંગલમાં ધકેલી આપશ."

"હારે—મરે—એ વલી કાંહાં પારકી પીડા!" કુંવર હવે બિજાજયો ઉખડી, "આફ્રીકામાં જન્મેલી ને વસેલી એ જંગલી દુકતી મારી છોકરું, સીખેલી ભણેલી મડમ જેવી છોકરીઓ સાથે ભેલાવા માંગેછ-ઓવારૂં એને મારી દીકરીઓ પરથી! એવી બીખારી જંગલીને રાખેબી કોણ ? ગમે તો લુલાં લંગડાંની ધર્મશાળામાં જઇને પડે. અહીં કેઇ ભલાને! એક ઘડીબી તેની જંગલી દુકતીને રાખવાનો ભયંકાર વિચાર હું સાંબી સકું નહીં."

"ગમા, તમે જો ઘેરમાં એવી જંગલી આફ્રીકન સીચન રાખશો તો હવે વતારશું બી નહીં. આફ્રીકન જંગલી ! બૅ ! ફુ !" આલાં છઠણી પડી અને જાણે કે નાકમાં વાસ આવ્યો હોએ એમ તે તુમાખીએ સેંટનો રૂમાલ નાકપર દાબ્યો.

"હું તો એ જંગલીને મારી આયા તરીકે રાખીનેજ કામ કરાવશ જો મમા તમે રાખશો તો," નંની લીચકાઇ ગએલી, પીસાં બોલી. વૉટરૉટ ! એવી જંગલીને રાખે તો આપરાબી વસા ગુમાય, ને આપુને લોક હસે."

"તમો લોકને ચીંતા કરવાની કાંઇ અગત નથી; કસી ફકર ના કરો," ધનમાન મીઠાસથી બોલી. "એ આફ્રીકાની જંગલી છોકરીને હમારે ત્યાં રાખવાનો ઠરાવ કીધોછ. એ જો અભણ, ને જંગલી હોસે તો મારી હીલ્લાં સાથે ભેલાસે તો જલ્દીથી હુંસ્યાર અને સુધરેલી થય જસે. આએ બંગલો ખાલી કરી જય કોઇ નાનાં ઘેરમાં જઇશું, જ્યાં એકાંટમાં એ છોકરી સાથે હમુને ઘણું સોહોવાસે."

"મરેરે ! તું કાંય એવી જંગલી પોરીને રાખીને વસા ગુમાવેછ, ધન," – કુંવર ફફડાટથી બોલી "તમારો આવો ગરીબ વખત આયો, તેમાં વલી એને રાખવાનો વધારે ભારબોજ માથે સાનો કરવાનો. તમે લોક તો અજબ તરેહનાં ! હું જાણું કે હમારી નાકક નમેબી તે આફ્રીકાની જંગલી પોરીને રાખસો નહીં. હમે લોકે તો એમજ વિચાર કીધેલો, કે એ દુકતી આવે તો સીધી પારખની ધર્મસાલામાંજ ધકેલી આપવી. ધન, તું તારે તાંહાં રાખે તો ભલે. પણ હમારે ત્યાં કાંઇ પહરેણી તરીકેબી એને મોકલતી ના; હું એક ઘડીબી મારે ત્યાં ઉભી કરવાની નહીં; કેમ બોલ્યા નહીં, દોરાબજી."

અને સુકયાણાં દોરાબજીએ પોતાની મોહરદારને ટેકો આપ્યો.

"તમે લોક કસી ફકર ના કરો." ધનબાયે નરમાસથી કહ્યું. "જાવુ હમારે ત્યાંજ આવીને રહેસે."

"ત્યારે તો સત્તાનાંનુ સુન્યું," દોરાબ બોલ્યો. "ચાલો, હવે ગાડવણ થય એટલે બસ; એ દુકતીને માટેજ હમે આવેલાં" તે ઉઠયો, અને તેની મોહોરદાર દીકરીઓબી જવા માટે ઉઠી, અને મલી ભેટીને તેઓ ચાલી ગયાં.

તે લોકના જવા પછી બેહેરામશાહ પોતાની મોહોરદાર આગળ આવી બોલ્યો, "મન, હું તારે માટે ઘણો ખુશ છું. તેં તે બીચારી છોકરીને આપરે ત્યાંજ રાખવા કહીછ, તે ઘણું પુનનું કામ કીધુંછ; એને નસીબે બોદા આપરી હાલટ સુધારસે."

૭ દીવસ પછી પેલી આફ્રીકાની જંગલી છોકરી જાલુ બેહેરામશાહાને બંગલે આવી. જાલુને જોઇ તેઓ બેહદ તાજુબ થયાં; તે તદ્દન સાદી હતી; સફેદ બ્લાઉઝ ઉપર કાલી સાડી પેહેડી હતી જ સાદા પોષાકમાં તેના બીકના ગુલાબી રંગસારો અને જીણા અણવાલાં નાખ અને બ્લુ તેજસ્વી આંખો સાથનો રવરૂપમાન ચેહેરો બેહદ દીપી નીકલ્યો હતો; તે કોઇ આફ્રીકાની જંગલની જંગલી સીખણુ ન હતી, બગર ચેહેરેનમુન, અને ખુબસુરત જોઇ તેઓ અજબ થયાં. તે બીચારી બા-બાપ વીનાની હોવાથી તેઆને વધારે દિલસોજી લાગી. ધનબાયને તે એકદમ વળગી પડી, અને કેટલીક મીનીટ સુધી આંખમાં આંસુંઓ સાથે તે વાહાલી કાકીની પનોતી ગોદમાં દબાઇ રેહી.

"કાકીજી." આભારના ઉભરાથી જાલુ બોલી. "તમે મને તમારે આસરે લીધી તેથી બણીજ ખુશી છઉં. હું પેહેલાં તો દોરાણ કાકાને બંગલેજ ગેઇતી, કાયકે વાહાલા પપાની એવીજ ઇચ્છા હતી—; અને, મરે, એ લોકના સકાર બરે! એવા તો એ લોક નસાબંદા, અને ઉભાખી અને ધાટકી છે! કાકી ને કાકીની બે છોકરીઓ તો મારી પર ઉલ્ટીજ પડી ને તરેહ-વાર બોલવા લાગી કે એ લોકોનો બંગલો કાંઈ ધર્મશાલા છે કે ઇસ્કે ભીખારી, ધુતારી કેહેવા પડમાં, ને મારા પપાનેબી બધા ખરાબ સબ્દો કેહેવા લાગાં; મુવાંઓની કેળવણી પર આગ લાગે! આવી રીતનો ધીક્કારભર્યો આવકાર આપ્યો! મારા દારલીંગ પપાને ગાલો દેવાથી મેંબી મારો મિજાજ બોઢી દીધો, ને હુંબી તરેહવાર બોલીને રોકડું પરખાવી ચાલી આવી; સારું થયુ કે એ ધુલરાં પીંજરાંથી ઉલ્ટી રીતે તમે મને સારો આવકાર આપ્યો."

"દુબી નસીબની લીલી છે, જાલુ," ધનબાય ગમખ્વારીથી બોલી. "હમારી સ્થીતીબી બત'ગ થઇ ગેઇછ." અને બંને ડંપતીઓએ દીવાનાં કાઢવાથી બેહેરામશાહાની બધી દોલત તેમાં બસડાઇ હતી તેને લગતો જકાકારક ખુલાસો રડતી ચસ્મોથી તેણીઓ કીધો. "આજે બંગલો આઠેક દીવસમાં ખાલી કરી ગ્રાંટરોડ પર ચેલીનો એક નાનો ગાલો લીધોછ ત્યાં હમે જઇશું. તુંને તેવી અવસ્થામાં રેહેવા ગમસે, જાલું?

"કાકીજી, મને પેલી કુંવર કાકીની ટચાક દુકતીઓ આવાં પીલાં માફક જરાબી તેંઢકરાઇ નથી; હું તો કંગાલ કુંડાંમાબી રેહેવસ, ને બધું હાથે જાતે વહીચું કરસ; મને કાંઇ જંગલી સમજતાં નાં; મને બધી આવડ છે; તમે કશોબી બલાપો નાં કરતાં; તમે લોકને હું બધું રાંધીને ખવાડસ, કાકીજી."

જાને છોકરીઓ બણ્યા પેઢા વખતમાં ઘણી પલોટાઇ ગેઇ, તે બંને બા-દીકરીના દુઃખના વખતમાં જાલુનો તેઓને ઘણો સહ્યારો મલ્યો. આઠ દીવસ પછી તેઓને બંગલો ખાલી કરવો પડ્યો, અને ગ્રાંટરોડની ચેલી પર જઇ રહ્યાં, નોકરોને રજા આપવામાં આવી, અને જાલુએ ઘરનાં દીલની ખુશીથી બરનો બધો રાંધવા સીંધવાનો કારભાર પોતાને હાથેજ લીધો, અને દીલ્લાંને રાખતાં શીખવી.

બચમાં ત્રણ મહીના પાણીના રેલા બીસાલ પસાર થયા; એક સાંજે બને પીત્રાઇઓ બેસીને ટાઢેમાં ચમાવતી હતી. દીલ્લાં બ્રશે પોતાના બાલ ઠોરતી હતી.

"જોહાન્સબર્ગમાં એક ગૃહસ્થને હું ઓલખતી'તી; તેવણ ઓવા તો દીલસોઝ હતા ને, હીલ્લાં!" જલુ હસતે ચેહરે બોલી.

હીલ્લાં હસી અને પોતાની કઝીનને તાજુબીથી ટીકવા લાગી. જલુનું હસવું ગોયા ઉપ્યાણું જેવું હતું.

"ઓ, હમે માત્ર ફ્રેન્ડો હતાં—ઘણાં મોટાં ફ્રેન્ડો!" ઝડપથી જલુએ આગળ ચલાવ્યું "મને એવણે બધી છુપી વાત કેહીતી, એવો મારીપર ઇતબાર રાખ્યો. એક બાબતમાં એવન ઘણો ભાગ્યશાલી બન્યાતા. કોઇ ઇંગ્રેજોની ટોલી સાથે જોડાયા અને બે વર્ષ આગમજ સુનાની ખાણ હાથ લાગવાથી, હાલતો તેવણ લખોપતિ થઇ ગીયાછ; હવે એવણ પાછા મુંબઇ રેહેવા આવવાના હતા; આજેજ એવનનું કાગજ મને મલ્યું; ઓવણ ગેઇ કાલતી રતીમરમાં આવ્યાંથી."

"હું ધારૂંછ કે એવન જલ્દીથી તુને મલવા આવવાના, જલુ," હીલ્લાંએ હસીને ટકોર કીધી.

"હા- આવેખી" જલુએ જવાબ વાલ્યો. "આફ્રીકા જવા આગમજ મુંબઇમાં એક ચોકકસ છોકરીને એવન ઓલખતા'તા ને ચાહાતા'તા-ને હજીબી તેનેજ ચાહેછ તે છોકરીના માયબાપ તે છોકરી માટે કદાચ ભગરૂર અને તુમાખી છે. એમ એવનને ફકર છે. જો કે તે વેલા તે છોકરીનેબી એવડુંપ્રર્મતા'તા, પણ તેઓ વચે કાંઇબી ઠરાવ થએલો નહીં; તેથી એવણ હવે એમ ધીકર રાખેછ કે તેને કોઇ બીજા ગંદને પોતાનું જીગર સદકે કીધું બી હોએ. એવને મને તે છોકરીનો ફોટોબી બતાવ્યો' તો. કાંટાવાલી ઝાડીમાં તેની સાડી ભેલવાઇ ગેઇ તે વખતનો એવણે રનેપ શોટ લઇ લીધેલો; એવણેજ સાંડી કાંટાની વાડમાંથી કાંટા કાઢી ખેંચી કાઢી, તે વખતનીજ પેહેલી દોસ્તી થઇ. અને વલી એક વચમાં આંધરાં સાયનો એક રૂપ્યો સારાં નશીબને માટે તે છોકરીએ ભેટ કીધો હતો, અને ભેલુ ચીજ એવણ જયાંથી જાએ ત્યાં સાથેની સાથે લઇ જાએ, અને લખોપતિ થયા તેબી એ બે ભાગ્યશાલી ચીજ સાથે હોવાથીજ થયા એમ એવણ ધારેછ."

હીલ્લાં ચોંકી; તેના હાથમાંનો બ્રશ જમીન ઉપર પડયો; તે ધુજતી ખુરસી ઉપરથી ઉડી ઉભી થઇ. તેની આંખો તારા મીસાળ ઝગઝગવા લાગી, અને તેના રૂખસારો ગુલાબી થઇ ગયા.

જલુ હસીને તેની આગળ જઇ તેને પોતાની ગોદમાં દાબી ગશકેરીની પ્રેમે બોલી. "ઓ, હીલ્લાં! કેવો અદભુત ફેરફાર! તારો ધીકતા ચેહેરાપર રતાસ કેવો ધાઇ આવ્યો? સફેદ ગાલને બદલે ગોલાબી બની ગીયા, અને આંખો તો હીરાઓને શરમાવે એવી ચલકેછ! કેમ, ડીયર, મેં કેવી વાત કીધી? ત્યારે હજી તું જલેનજર માટે દરકાર કરેછની? તું ને એવન માટે હજીબી લાગણી છે એમ મેં અગાઉતું જાણ્યું'તું, કાંય કે એવને ફ્રરેગેટ બી નોટનો ભેટ કીધેલો જોય તું હમેંશ પેહેરેછ. તુને મેં ઉડાસ ને ધીકતી જોઇ ત્યારેજ હું સમજી ગેઇની."

"મારો જલ" વાહાલથી હીલ્લાં બોલી. "જલુ તારી ખાત્રી છે-તારી પકકી ખાત્રી છે?"

"તદન ખાત્રી," જલુએ કહયું. "હજીબી એવન તુનેજ ચાહી રાતદીસ યાદ કરેછ. ત્યારે હું એવનને અહીં આવવા કેહેવાડસ."

"ઓ, જાદા !" આ ઓચીંતા હુમલાથી ગોપા હીલ્લાનો દેમ વટીક રૂંધાઇ ગયો. "જો તારી ખાત્રી હોય તોજ બોલાવ. હા–પણ બરાજ જો ! હવડાં હું તદન ગરીબ થઇ ગેઇઉ, ને એવન લખોપતિ છે, તે–તે– એવણ મને ના પાડે."

"સાચી બોહોબત ગરીબની ઝુંપડીમાં વધુ બલવાન રહેઉ." જાદુએ ખાત્રી આપી.

"પણ હમે ગરીબ થઇ ગીયાઉ, તે એવનને પેહેલાં જણાવવુ પડસે." હીલ્લાંએ કહયું.

"તે હુ બધુ કહેવસ, હીલ્લાં." જાદુએ ખાત્રી આપી.

બીજે દીને સહવારે તેઓ નાસ્તો ખાતા હતાં, તેટામાં ટપાલ આવ્યાં, જેમાનું એક કાગજ જોઇ બેહેરામશાહ બોલ્યો,

"આતો જોહાન્સબર્ગ આફ્રીકાથી આવેલું છે, જાદુ. હું તાજુબ થાઉંઉ કે કોઇબી રવેરો એ કાગજ કાંઇ તારે લગતું હોસે"

જાદુ બેહદ ઉસ્કેરાએલી લાગી; તેનો રૂખસારો લાલચોલ થયા, તે ની આખો ચમકવા લાગી.

"સરસ પ્લાન તો એજ કે તમે ઉખેડીને જોવ," જાદુએ સુચના કીધી. "હું વધી રાખુઉ કે–કે–"

બગર તે બેદી છોકરી આગલ બોલતાં અચકી ગઇ. જે પછી બેહેરામશાહ જાદુના ચેહેરા ઉપરથી નજર ફેરવી પોતાની દીકરી તરફ નજર ફેરવી

"વાહા, હીલ્લાં, દીકરી, ડોકટરો કરી નહી શકે તેનાં કરતાં ઓગ્રે જાદુ તુને વધારે માર કરેઉ ! જોની, અગાઉ ફીકકી ફ્રેય ને ઉદાસ ઉતી, ને હવે જાદુ ની સોબતથી અગાઉ ગાફક ચમકતી આંખોની, ગુલાબી ગાલોની અને દમે ત્યારે બેઉ બાજુ ખાડા પડે એવી તંદરોસ્ત થઇઉ. ધન, તુને એનામા ફેરફાર લાગેઉની ?"

"હા, હુબી અજબ થઇઉ," મીઠાસથી ધનબાય હસી.

'આ આફ્રીકાનુ કાગજ નો ઉખેડો પપા, પછી બધી વાત," ઓશકથી લાલ થઇ હીલ્લાંએ વાત ફેરવી. "મને તેમા કાંઇ નવાઇ લાગેઉ."

બેહેરામશાહે તે ઉખેડયુ, તે વાચ્યા પછી તેનો ચેહેરો ઉજળો થયો. અને ખુરસીની બેઠક ઉપર અઢેલાઇ પડયો, ધનબાયને મોટી ચીંતા બરપા થઇ.

"ઓ, બેહેરામશાહા ! હું આસા રાખુંઉ કે કઇબી બીજું બન્યું નથી; વધી કાંઇ બરાબર સમચાર નથી ?"

"ઓ, ઓતો બીચારા ફરામને માટે છે." મનોહર જાદુ તરફ જોઇ બેહેરામશાહ બોલ્યો. "જાદુ, તારા પપા આવા પૈસાવાલા હતા એમ મેં સ્વપનેબી નહી ધાર્યું'તુ."

"તેવન તમુને જણાવવા માંગતા'તાજ નહી', કાકાજી," મીઠાસથી જાદુ બોલી. "તેવણ મને માત્ર માયાને ખાતરજ રાખેબી જોવા માગતા'તા."

"ઓ, એ છે શુ ? જલ્દી ખુલાસો કરોની ?" અધીરી ધનબાય ચીંતાથી બોલી, "એ બધાંની શું મતલબ છે ?"

"મતલબ એજ છે, ધન, કે ગરીબ બીચારા ફરામે વીસ લાખની દોલત એની દીકરી જાદુને જે બાઇ પોતાને ત્યાં રાખે તે બાઇને ઓ સરને આપી ગીયોઉ આતો મોબીગીનરોનું કાગજ છે, વાહારે જાદુ, તુંબી કેવી જબરી અફલાતુન છોકરી ! આવી લખોપતી ઉતી છતાબી

જાણે ગરીબ હોઈએ તેમ સાથે રહીને હાથે જાતે બધું વહીવટ કીધું ! દીકરીઓ હોઈએ તો તારા જેવીજ નમુનેદાર હોવી જોઇએ ! ગોડ બ્લેસ યુ !"

જાલુ પોતાના કાકાને હેટથી વળગી, અને મીઠાસથી હસીને ખુલાસો કીધો.

"પપાની દોલત ચાલીસેક લાખની અંકાએછે. એવને પૈસાની બધી રીતે સારી સગવડ કીધી, પણ મારાં રક્ષણને માટે કોઇનો આસરો ને ઘેર સોહાંધી કાઢવા એવને માંગ્યું, અને આખરે આવી યુકિત રચી, એવનને હૈયે નેહજ હતી કે દોરાબકાકા અસલથી તતરવીખા, એખલપેટા હતા, તે તેવન કાંઇ મને રાખે નહીંજ, હું હીર જોવા આમખા પેહેલી દોરાબ કાકાને ત્યાંજ ગેઇ, પણ બધાંએ મને ભીખારી સમજી હવારીજ આધી, ને મને આંધળાં લુલાંની ધર્મસાલામાં જવા કહયું, ને આખરે હું અંહી આવી. મારી તરફના જવાબની રાહા જોવા મેં પપાના સોલીસીટરોને જણાવેલું, અને મેં છુપાછુપ લંબાણથી તાર કીધેલો, તેથી એ લોકે તમો પર જવાબ લખી વાલ્યો. દોરાબ કાકાને એકસો ને એક રૂપ્યા મલશે. એ કાકા-કાકીને પેલી તુમાખી રદ બાતલ દુકતીઓ આલાં પીલાં આ બધું સાંભળીને શું કેહેશે ? પેટ ભરીને મને ગાળ દેશે !" અને જાલુ હસી પડી. એક વર્ષ પાણીના રેલા મીસાલ પસાર થયું. બેહેરામશાહે બંબાલાહીલ ઉપર બંગલો ખરીદ્યો, જેને 'ફરામ વીલા' નામ આપ્યું, અને જ્યાં તેઓ જઇ વસ્યાં. ફરામ વીલામાં બબે લગનની ધધુખર ચાલી રહી. મનોહર હીલ્લાંની સ્થાદી લખોપતી જાલ ખરાસ સાથે ગોઠવાઇ, જ્યારે જુલનું લગ્ન સર સોરાબશાહ વાહાડયાના દીકરા દાદી સાથ ગોઠવાયાં. જાલ જે વેળા હીલ્લાંને ઘરે આવતો થયો, ત્યારે તેની સાથે આ માલેતુજાર દાદી વાહાડયાખી આવતો હતો, અને દીલકશ જાલુને જોઇ તેની તરફ ખેંચાઇ ગયો, અને બંને અકેકને જીગરો જાનથી ચાહાવા લાગાં; તે વખતે દાદીને એવીજ ખબર હતી કે હીલ્લાં જેવી ગરીબ સ્થીતીની હતી, તેવીજ જાલુખી ગરીબ હતી, છતાંખી દાદીએ તેનેજ પરણવા માંગ્યું. જ્યારે બધો ભરમ પુટયો કે જાલુ તો વીસ લાખની વારેસ છે ત્યારે દાદી બેહદ તાજુબ થયો.

તેઓની સ્થાદી ફરામ વીલામાંજ બહુ ધામધુમથી થઇ અને તેઓ બધાં અમનચમનમાં મોજ્યાં મારે છે !

કહેવાની બાકી એક ચીજ રહીછ. આ બાજુ ઉપર બેહેરામશાહ ખુહાર થયો ત્યારે તેને પોતાના જરદાર ભાઇ ભોજાઇ પાસે પચીસ હજાર રૂપ્યા ઉછીના માગ્યા, પણ તે તુમાખીઓએ તે બીચારાને હડધુટ કરી બહાર કાઢયો. અહંકારનો બદલો બાક છે ! દોરાબનું નાણું જે બેંકમાં હતું તેને ચાંદીનો સન્તો કરવાથી દીવાળું કાઢયું, અને બાખાંવરખો થયો. પોતાનું હોટેલ બી વેચી નાખવું પડયુ, અને બંગલા અને મોટરો વેચી એકાદ નાના ઘેરમાં જઇ વસ્યાં. વળી અંધુરામાં પુરૂ જ્યારે જાલુના બાપની દોલતની વાત સાંભળી ત્યારે તેઓની ગોબા છાટી ફાટીજ ગેઇ, અને બેહદ પસતાવો કરવા પડયાં. તેઓની બંને ઇત્તર ટચાક અને કેળવણી વગરની તુમાખી દુકતીઓ આલાં પીલાંની ગરૂરી બી બાક થઇ, અને હવે ઘેરમાંજ વહીવટું કરતાં અવત્યાં મારે છે.

પૈસા હાથમાં આવ્યા કે જુહાકની સવા પોહોરની પાદશાહી ચલાવશો ના ! કાંયકે વખતના ધુરા સંજોગોથી લખોપતિઓ જોતજોતામા રાખપતિ બની જાય છે !

ડા. એચ. એલ. બાટલીવાળા સન્સ એન્ડ કું૦ લીમીટેડની

સ્વદેશી દવાઓ.

બાટલીવાલાનું એગ્યુમીક્ષચર.
બાટલીવાલાની એગ્યુની ગોળીઓ.
બાટલીવાલાનું-(ટૉનીક સીરપ) બાલામૃત.
બાટલીવાલાનું (ક્રેયોર ઓલ) બામ.
બાટલીવાલાનું ડાએરીયા (કોલેરાલ) મીક્ષચર.
બાટલીવાલાની કયુનાઇન ટીકડીઓ.
બાટલીવાલાની ટોનીક પીલ્સ.
બાટલીવાલાનું-રીંગવરમ ઓઇન્ટમેન્ટ.
બાટલીવાલાનું-દાંતનું મંજન.

જથાબંધ વેપારીઓને કીફાયત ભાવ.

ટેલીગ્રાફ એડરેસ—બાટલીવાલા વરલી મુંબઇ.

પી. ઓ. વરલી, મુંબઇ ૧૮.

ગ્રાંટરોડ વેરથી તમારે મારકીટ વેર ધકેલા બાતા જવાની કંઈજ જરૂર નથી.

જામ, જેલી, બીસ્કીટ, સારડીન, કોકો, ચૉકલેટ, ઇ. વેલાતી ખોરાકી; સેન્ટ, લવન્ડર, કોલોનવૉટર, સાબુ, તેલ, હેરઓઇલો, જાતજાતના મેકરોના; જેપાનીઝ અને ચાઇનીઝ કટલરી, તથા ભેટ સોગાટને લાયકની હમા ચીજો; પેટન્ટ મેડસીનો, અને પરફ્યુમરી. મારકીટ ભાવે અમો વેચ્યે છીએ.

ભેસાન્યાની કું.

સ્લેટર રોડ, ગ્રાંટરોડ, મુંબઈ.

પીરોજશાહ અને ખરશેદજીની કું૦

હમારે ત્યાંથી નવસારીની કસ્તી, નારાં, ઘી, બાંડ, મેવો, દરેલો મસાલો, ચાહે, કોફી, સુખડ, લોબાન, અગર, બચ્ચાંના રમકડાં, નવાં વરસનાં ત્યા બથ દે કાર્ડો, ભેટ આપવા લાયક ચીજો; ત્યા દરેક જાતનો વિલાયતી માલ, પેટંન્ટ દવાઓ, વિગેરે કીફાયત ભાવે મલશે.

હે૦—તાપ્યા બીલડીંગ, રેલ્વે હોટલની સાંબે ચર્ની રોડ જંકશન, મુંબઇ.

WHY LOOK
"OLD?"
Persian
Hair Dye
RESTORES
"GREY HAIR"
To be had from the Army and Navy, Kemps, Phillips Thomson and Taylor, Leach and Weborny, Treacher. and also from all known Chemist & Druggists. SOLE AGENTS.
HORMUSJI DOSABHOY & Co.
BOMBAY No. 4. TEL. NO 511.

પરવરદેગાર

ગેત (કલ્યાણ.)

ખુદા યા તું ખાવીંદે-બલકત અજબ,
નથી ગાવા તાકત સુનો મારે લબ.
અય આધારે-આલીમ! કરીમના કરીમ!
નથી તારી શકિતની આ જગમાં સીમ;
નથી તારી લીલાને બક્ષેશનો પાર,
ઓ માલિક-મલિકા! ન કોઈ તારો યાર.
કીધી તેંજ આ દુનિયાની હસ્તી બેમુલ,
ને આદમને શ્રેષ્ટ કીધો પેદાસપર કુલ.
ઓ કુદરતને હસ્તીમા લાવનાર ખુદા!
રહી તારા ફરમાનને તાબે સદા,
શું પશુ, શું પંખી, શું ઝાડો-જમીન—
શું નદી, શું નાલાં, શુ પાહાડો રંગીન—
શું પર્વત, શું બીરો, શું લીલી હરીયાર—
આપેછ બીજી શકિત તુંજ અદભુતનો બાહાર!
શું આફતાબ, શું માહાતાબ, શું તારા પ્રકાશ-
શું આતશ, શું પાણી, શું જીવજંતો બાશ-
શું માનવ, ને બીજી તુજ અગણીત પેદાસ-
કે નહીં જે જો હોત તો બસ થાત સૌનો નાશ-
ઓ સર્વેનો માલીક છે એકલોજ તું બસ,
ને એકલાનેજ આખી આ દુનીયા છે બસ!
નથી તારો જોડયો કે સાથી બીજો,
નથી તુંજ સીવા કોઈ બાલી ચીજો;
એકલોજ તું માલીક છે તેનો અસલ,
જે થયલો પોતા પોતેજ પેદા અવલ;
ઓ નીતિ ને નેકીનાં સાગર પુરા—
ઓ દુનીઆને પેદાના કરનાર શુરા—

ઓ કુલ આ ખલકતના માલીક ખરા—
ઓ માયા ને મમતાના વહેતા ઝરા—
ઓ શાહોના શાહોના શાહોના શાહ!
ઓ નુરમંદ પવિત્રાઇના નેક રાહનુમા!
બતાવ તું પવિત્રાઇની પાકીજગી રાહ,
બનાવ મુજને તારો ને તારોજ સદા;
બહેકાવ ના તું દોરંગી દુનિયાંથી આ—
ફસાવ ના ઓ સાહેબનાં સાહેબ પુરા!
મીટાવ મારી આફત ને દુઃખનાં ડુંગર,
રહ્યા હોય જે ટાંપીને જમ સમ મુજપર;
ચરિત્રો આ જગનાંથી હું નહીં ફસું—
ને તારીજ બસ રાહપર આદમને કસું;
શું આફત, કે સંકટથી કર મુજ છુટકાર,
આ "દીલજાન" નમાવી કરું છું પુકાર.

મરહુમ કવિ દા. એ. તારાપોરવાળા.

મુંબઇની જાણીતી જેરી પેરીશીયન જેરી કું.

વગર ભેલનું ચોખ્ખું દુધ, માખણ, સ્વચ્છ શ્રેષ્ટ ક્રીમ, મેળવવાનું તમામ ભરશાપાત્ર એકલું મથક છે. એકવાર ત્રાયલ લેશોજી?

ટેમરીંડ લેન, ફોર્ટ મુંબઇ.

અધિરાઇની આપડા.

એક ટુંકી પારસી સંસારી વાર્તા.

લખનાર:-મિસીસ મેહરબાનુ ફિરોજશાહ ગ્રેઉનવાળા.

"હાશ! મહીનાનો પહેલો શનીવાર અને આતવાર આખરે આવી લાગ્યો. અને સેવક પાસે રૂ. ૬૫ આખા માપા મહીનાનાં ગંધાઇ વહીત્રાં પછી ગજવે પડયા છે." બહુજ દુખ્યા ગજવું ૭ તી સાથે દાબતાં જેહાંગીર દમન્યા-ઝેકસો પોતાનાં દીલને ખુશી કરવા લાગ્યો. તેને તે કમાણીનાં રૂ. ૬૫ ધરાવતું પોતાનું ગજવું અતિ હોંશ અને હુતથી જીગરમાં ઘાલી જાણે પોતાનાં વહલાંને ભેટી કરતો હોય તેમ આનંદ લીધો.

તે બાપડો, આતમારામ અને જગજીવનદાસની પેઢીનો આજ પાંચ વર્ષ થયાં કલાર્ક હતો, તે ક્રમબધ્ધ ઘણી ચોંપ અને હુસ્યારીથી બજાવતો રહેતો, અને તેથીજ રૂ. ૪૦ નાં ૬૨-માપા પરથી વધીને તે આજે રૂ. ૬૫ ઉપર આવ્યો હતો. પણ હવે એ મોટી પેહડી અગાઉ કરતાં ઘણું મોટાં કામો અને વધારે ફાયદો કરી શકતી હોવાથી, અને તેમાં જેહાંગીરનો ઘણો સારો ઉનટભર્યો ભાગ-કે હાથ હોવાથી તેના શેઠો એને આવતે મહીને રૂ. ૧૦૦ નો પગાર કરી આપવાનાં વિચારમાંજ હતા પણ જેહાંગીરને તેનો કશો સંસારો તેઓએ જણાવેલો નહીં.

જેહાંગીરની તબેહજ હતી કે મહીનાનો પેહલો શનીવાર આતવાર એક તેહવાર તરીકે પાળવો અને તેદી ખર્ચી નાખવાને રૂ. પાંચ તે મટા ખુલ્લાજ રાખતો. તે ગરીબડાને કોઇનો ઓથબારો ન હતો, અને આજ ત્રણ વર્ષ થયાં તે પરણીને એક સમજુ નારી મેળવવા પામ્યો હતો, વળી તેને બોદાએજીએ એક બાળક બેટાની નવાજેસ કરેલી જે અત્યારે સવા વર્ષની ઉમરે બાતપીતાનાં અત્યત વાહાલ-સાથે ઉમરી રહેલો.

શનીવારનો બડધો દીવસ અને રવીવારનો આખો દીવસ તેને રજા મળતી તેમાંથી તે અને તેની બાયડી સીનેમા નાટક કે કોઇકની 'શો'માં જઇને કરીહરીને એ રજા ભોગવી સોડી પાણી મેળવતાં.

અને આજે પગાર મળેલો હોવાથી નવા શનીવાર આવી લાગેલો જોઇને જેહાંગીરનાં જીગરમાં હર્ષ માયો સમાયો જતો ન હતો.

જેહાંગીર ઘણી દાદેસરી કરી જાણનારો પ્રમાણીક જવાન હતો. વળી તે ખવાસે ઘણો રાંક અને સમજુ હતો.

ઉપલું વમારતો અને હવે શનીવારની અડધા દીનની રજાની શરૂઆતનો વખત થયલો જોઇ તે આજે ઉતાવળે પોતાનું કામ ઉંચું મુકી દફ્તરને કાગલપાંઓના ખાનાંને તાળાં ચાવી કરતો હતો તેટલાં પહેડીનાં વડા ગાસેક મી૦ આત્મારામ આવી ચડી પુછવા પેાગ્યા.

"ગઇ-કાલે કલકત્તે તમે પેલું 'શાન્તી જીવન'ની પેહડીનું ટેંડર રજીસ્ટર કરાવ્યું ખરૂંની?

"ગઇ કાલેજી! હં! હા!" જેહાંગીરે વિચારીને જવાબ દીધો.

"રેજીસ્ટર કરાવ્યું કેની? પોસ્ટમાં અમચું તો નથી નાંખ્યું?"

"નારેજી! રેજીસ્ટર કરાવ્યું'છેજી!" જેહાંગીરે જવાબ કર્યો.

આત્મારામ શેઠે ટેબલ ઉપરની બુક ઉપાડી તેનાં પાણાં ઉકલાવી જોઇ પાછું પુછ્યું.

"તો તમે રીસીટ એકઠી કરોછોની" કયાં છે અહીં તેની રીસીટ જણાતી નથી?"

"નથી કે ત્યારે? ગઇ કાલનાં કોટમાંનાં ગજવામાંજ રહી ગઈ હશે. સોમવારે આવતી વખતે લેતો આવીશ."

"જરૂર લાવજો હં! ભુલશો નાં, એ રીસીટો મારા ભાગ્યાઓના મનપતીજ, વાસ્તે આપણી પાસે રહેવીજ જોઇએ. તેઓની ખાત્રી તો થાએ કે આપણે એ ટેંડર મોકલ્યું છે."

એટલું કહી તે ત્યાંથી ખસી ગયો અને જેહાંગીર કે જેને તે વાત કરતાં દરમ્યાન હવેજ પેલું 'ટેંડર' ઘર આગળ ગઇ કાલનાં કોટમાંજ પડી રહેલું યાદ આવ્યું તે હદબાહાર ફગલાઇ બીહને ધ્રુજી પડતો ચમાર ફાંડયે છલાંગ ભરતો આત્મારામને સાહેબ સલામ પણ નહીં કરવા પેાગ્યતાં તે ઘરભણી દોડયો.

તે બધો વખત મનથી અફસોસ કરતો કે તેનું કામ આટલું બધું ચોકસ હતું તે છતાં ખાસ અગત્યનું કાગલ્યું કેમ રેજીસ્ટર કરાવવા કે પોસ્ટ કરાવવાનું ભુલી જવા જેટલી હદ સુધીનો વીસરભોમ થઇ શકયો.

તે એ એકજ વીચારમાં અત્યારે પોતાની આબરૂ પાછું શુંબી બની જતું હોય તે જોવા પેાગ્યા વતાં એક પવનને સપાતે ઘર ભણી વળેલો બાળ ઉપર ચઢી ગયો.

એ કાગલ્યામાં કલકત્તાની મેસર્સ 'શાંન્તી જીવન'ની પેહડી માટેનું ટેંડર કબુલવાનું કાગલ્યું હતું. અને તે જો સ્વિકારાય તો લગભગ દોઢ લાખ રૂપ્યાનું કામ જેહાંગીરની પેહઢીને મલે એમને જણતો હતો અને તેથી એ પોતાના બુક માટે તે હાવરો બાહવરો બની ગયો હોય તો કંઇ ઝાઝી નવાઇ નહી.

તે જેવો ઘરમાં દાખલ થયો કે તેની બાયડી આત્રાંએ બાણું તૈયાર હોવાની ખબર હસ્તે મુખડે આપી, પણ ઓય આવ્યો, એટલા શબ્દનો સાંભે તે પોતાના ઓરડામાં ઘુસી ગયો.

ગઇ કાલે તેને તે કાગલ્યું, તે અગત્યનું કાગલ્યું ઘેરે જમવા જતી વખતે પોતે પહેરેલા ગરમ ડગલાના ગજવામાં મેલેલું, અને જમી ઓફીસે જતાં જતાં તે રજીસ્ટર કરાવી નાખવાનું તેણે ધારેલું; પણ એવું બન્યું કે તે બપોર ઘણી ગરમ જણાઇ અને તેથી પાછું જતાં તેને તે ગરમ કપડાંનો કોટ ન પહેરતાં તે કાગલ્યું તેજ ડગલાના ગજવામાં ઘરમાં રહી ગયલું તેથી હવે ઝપાટામાં તેમાંથી કહાડી લઇ, ખાધા પીધા માટે પેાગ્યા વીના પહેલું રજીસ્ટર કરાવી તેની

રીસીટ લઈ જઈને જો હજી ઓરીસ ખુરશી હોય તો તેની ચુકવાં ચોંટાડી આવવાનો એને કસદ કરેલો. અને તેથી તેને જલદીથી ઓરડામાં પેવસ થઇ, ખુરશીઓ, ટેબલો, પડી ખુરસીના હાથા વગેરે બધે એમ સધળે ફરી વળી લઇને ચકડાતકડી કરી નાખી, પણ કોટ જડ્યો નહી.

"એ આલુનું કામ! જ્યાં છે ત્યાં ઉંચો મુકયો હશે." અને તેને આંગ ઉપર જુલાબ આવે એટલી ઝડપથી કબાટનાં બારણા ખેંચી કહાડી ઉંધાડી તેમાં શોધ ચલાવી અને પછી અંદરથીજ ગણુ છણાયું.

"એ આલું! ગઇ કાલે મેં પહેરેલો ગરમ કોટ કયાં મેલી દીધો? એમ મારી ચીજોને હાથ લગાડવાનું તુને કહયું કોણે? અહીં ખુરશી ઉપર પડેલો તને શું નડતો'તો?"

તેનાં ઘેર ગોધ્યારૂં થઇ રહે તેવા અવાજથી ખુચો ભડકીને જાગી ઉઠયો તેને હાથમાં લઇને આલાં ઉંદર આગળ આવી જવાબ દેવા પડી.

"જેહાંગીર, તમે બી કંઇ કેવા છેવો? રોજ મને ટોક ટોક કર્યા કરતા હતા કે આજે ગરમ ડગલો ઘણોજ તુચ્છાઇને છીનછીન થઇ ગયો છે તે હવે કહાડી નાખ કે મારે હાથ નડી આવે, તે મેં તે ડગલો અને સાથે બીજાં રદ્દી કપડાં ગઇ કાલનાં વેચી નાખ્યાં,—"

"બાપરે!" અને જેહાંગીરે એવા તો મોટા અવાજે પુકાર મેલ્યો કે ખુચો અદી બીહને માને વળગી પડયો, અને આંખો ઘુજી અને સાથે સાથે ઘરનાં બારી બારણાં બી ખખડી ગયાં.

"પણ બીજાં કપડાં બી—" આલાં બોલવા ગઇ તેને તેણે રોકી જબર ધાંકુ તોડી પુછયું.

"વેચી દીધો? કયા બાંધુસને?"

"જરીપુરાણાં કાસબમીઆંને. પણ જેહાંગીર સાંભળોની, તમારા દગલા—"

પણ જેહાંગીર ઉભોજ થાનો રહે? તે હવામસો ભખાયસો ૭ ૭ કુંડળે કુડતો દાદર નખાવી દઇને ઘર બાહાર નિકલ્યો. અને આલાંનો અવાજ આલાંનાં ધાંટામાજ દબાઇ ગયો.

"મારાં બાલાનકુશ!" તેણીએ જરાકવારે આંજુ ગળી લઇને પોતાનાં દબાવલાં બાળકને છાતીમાં ચાંપી કહયું. "જન્મ ખાયા વનાં કોયુ જરો શું યાદ આવ્યુ તે તારા પપા પાછા નાહશે. બધાજ માટીડાઓ એવા કહેવાય છે, તે તુંથી શું એમજ એકુ દહાડો તારા બેવી બચ્ચાં સાથે કરવાનો કે!"

હવે આપણે ઉતાવળમાં આવી ગયલા જેહાંગીરની પુઠે જઇયે. તે કાસબમીયાં જરી પુરાણાં ને બયપણુથી પીછાંણતો હતો, તે તે લત્તાનો જરી પુરાંણુ ઘણાં વખતનો હતો, અને મોહલ્લાને નાકેજ એક ઓરડી ભાડે લઇને તે રેહતો હતો, બલકે આખાં શેહરનાં જુદા જુદા લત્તાઓ ઉપર ફરીને માલ સંધ્રી લાવતા તેનાં બાંધુસો તે બધો માલ એકઠો કરીને ધોરે ધોરે દીવસે તેનો નીકાળ કરતો રહેતો.

જેહાંગીરનાં સારાં નસીબે કાસબમીયાં તપકીર સુંઘના અત્યારે એ ઓરડીનાં ઉંબર ઉપર બેઠેલાજ જણાયા.

"કમ શેઠજી!" અને તે ઉઠીને ઉભો થયો "કંઇ ફરમાસ?"

"હા, હા, જલદીથી તમે કાલે મારો ગર્મ કોટ મારી ઘરવાણી આંહાં પાસે ખરીદી લાવ્યા છો તે આપોતો!"

"ધીરે બાપુ ધીરે!" તેને પાછો એક સરકો બેંચનાં વખત લગાડયો, તે તો જેહાંગીરને મન એક જમાનો લાગ્યો.

"ઉપરે પણ જલ્દી, જલ્દી કરોની તો, જે આપ્યું હોય તે દામ પાછું લેવો, જોઈએ તો રૂપ્યો બે રૂપ્યા વધુ લેવો પણ—" તે હાંફતો હાંફતો બોલ્યો, પણ કાસમભીયાંનું પાપણુંએ નહી ફડકે "જરાક મેહરબાની કરીને તાકીદ કરશો? લાવો, મને કહેવો કયાં તે ડગલો નાંખ્યો છે, તેમાંથી હું શોધી લેઉં, તમુને તકલીફ્ભી નહીં પડે!"

"બાપુ તે તમારે ત્યાંનાં લાવેલાં કપડાં અને બીજાં બધાં કપડાં મારી ગ્રાંટરોડની વડી કુંપનીમાં મેં મોકલી દીધાં, ગમથું કાંય બેજું ફેરવોછ."

"તે કુંપનીનું નામ અને નિશાન?"

"હાજી કાસમ મહમદભીયાં, ગ્રાંટરોડ, પુલ નીચે." તેને કહ્યું. ઉડ્યો તે ત્યાંથી હવે ગ્રાંટરોડ જવાને ત્રામમાં સ્વાર થયો, નિશાન આપેલે જગ્યે તે તાકીદે જઈ ઉભો. "કાસમભીયાં જરીપુરાણાને,ત્યાંથી ગઇ કાલે તેવણની ધોબી તળાવની દુકાન ઉપરથી કપડાંનાં જુનાં ઢગલા તમે ખરીદી લાવ્યા વાઃ?"

"હા સાહેબ! ખરીદી લાવ્યો છું. કંઈ ચોરી કરી નથી લાવ્યો કે એમ મને ખખડાવીને પુછવા ધસી આવ્યાછ, બસો, અહીંથી,"

"સાહેબ, સાહેબ, મને તેમાંથી એક જુનો ગરમ બુરા રંગનો ડગલો પાછો જોઈયેછજી, જે માગશો તે દામ આપીશું, અને રૂપ્યો કે બે રૂપ્યા વધુ આપીશ." તે ઉઠીને અંદર ચાલી જવાનું કહેતો હતો તેને જેહાંગીરે કાલાવાલા કરીને તાકીદે અટકાવી કહ્યું.

ઓહોહ! એટલું બધું? ત્યારે ભલા આદમી કાલેજ આવતે કની? કાલે રાતેજ એક મુસલમાન તે ખરીદી ગયો, ડગલો હતો ઘણો સારો, અને ભાગ્યશાળીબી એવો કે લાવીને ઉતાર્યો ત્યાર પછી એક અડધો કલાક મારે ત્યાં પડી રહ્યો નહીં.

પણ જેહાંગીરે હવે અફસોસની પુકાર સાથે ખરેખરૂં કપાળ કુટ્યું. "એ ખરીદનારનું ઘર મકાન કે નામ નિશાન તમે જાણતા નહી હશો કેમ?"

"નહી તે કેમ?" તેને મગરૂરી લીધી. "હજી તો અડધું દામ ચુકવ્યું છે અને અડધું તેના ઉપર માંગતું છે તેથી આ રહી તેના માંગતાં લેહેણાની ચીઠી. એમ તો સાહેબ ઉધાર માંગતા આવે તેમને હું અડધું દામ લેવાને બાહાનો એવી મોટી રકમ કહું કે બેવડી કરતાં વધારેજ હોય. મને એ ડગલો સવા રૂપ્યે પડી રહેલો તે મેં પાંચ રૂપ્યા માંગ્યા અને એ યાકુબ હુસેને મને અઢી રૂપ્યા આપ્યા છે અને બાકીના અઢી રૂપ્યા પગાર ઉપર આપવાના કબુલ્યા છે."

જેહાંગીરે તેને એક રૂપ્યો આપી તે નામ નિશાન અને ઠરઠેકાણું ઉતારી લઈ ચાલ્યો, હવે આ યાકુબ હુસેનની ભાળ કહાડવા, બપોરના ૩ વાગી ગયલા, તેનું ગળું સુકાઇ જતું, બાવાની ભુંખ તો હમણા હોયજ કયાંથી. ધરાનીની દુકાનેથી એક ગરમ ચાહનું કપ પી લઈ તે નિશાન પ્રમાણે રંગારી મહોલ્લામાં જવા નિકળ્યો.

રંગારી મહોલ્લો, ફાતમા બુઢીયાનું મકાન, પહેલો માળ, યાકુબ હુશેનઃ આ નિશાન પ્રમાણે આવી ઉભો અને હેઠે ઓટલા ઉપર એક બુઢી ઓરતને રોતો કાંતતી જોઈ જેહાંગીરે પુછ્યું.

"બાજી! ફાતમા બુઢયાનું આજ મકાન કે?"

"નહીં ત્યારે, કોણનું ? તારા દાદાનું ?"

"નહીં માજી, માફ કરોજી," જેહાંગીરની ખાતર જમા થઈ ગઈ કે આ ડોસી વઢેલ ખાંડિકરડુ છે, અહીં કેમ પાટલો ફાવશે. તે દાદારજીની મદદ ચાહતો ઓટલા ઉપર બેઓક સીઢડી ચઢડયો. પણ બચમાંથી બસવાને બદલે ખુદયાએ સાંબો તરારો કર્યો.

"કેમ ! ઉપર ચઢીને કયાં જવાનો મનસુબો રાખ્યો છે ?"

"યાકુબ હુશેનને મલવા, તેની—"

"તેબે કંઈ ચાલશે નહીં. મુવા જે જોઇયે તે યાકુબ હુશેનની અલાબલા લેતાજ આવે છે! એ છોકરાને બધો વઢેલ કરી નાખ્યો. મહામુસીબતે આજેજ એ નવી નોકરીએ ચઢડયો છે તેમાં વળી કયાંથી—"

"માજી !" જેહાંગીર તેણીને મરાતી અટકાવવા બોલી ને ઢગળી પડયો. "માજી મને સાંભળો—"

"માજી ફાજી અહીં મને કંઈ જોઇયે નહીં. અને વળી સાંભળો કરીને કેહ છે તે હું શું કઇ બેહરી બેહરી છઉં શું ! યાકુબહુશેનની હું માસી લાગું, તે તમારા જેવા બરાબ દોસ્તોની સંગતમાં ફસાઇને હરામખોર થઈ ગયલો, તે આજેજ જેમ તેમ કરીને નોકરીએ લાગેલો—"

જેહાંગીરે પાકીટ ખુક કહાડી રૂપ્યાનો ઢગલો બખડાવી બે રૂપૈયા કહાડી તે ખુદયાનાં હાથમાં મેલ્યા.

"બાઇજી, મને યાકુબહુશેન સાથે એક બે બોલ વાત કરવી છે. મેહરબાની કરીને એનાં રોહનું નામ નિશાંન આપશોજી, હું તમુને ખાત્રી આપું છું કે મેં તમારા એ સપુતને કોઇ દીવસબી જોયો કે જાણ્યોજ નથી, અને હમારા વચ્ચે મીત્રાઇ જેવુબી કશું નથીજી."

હાથમાં રૂપ્યા પડતાં ખુદીની આખ્યો ચમકી રહી, અને જબાંનમાં પણ મીઠાસ આવી ગેઇ.

"તેા રોઠજી એમ કેહવોની ? લેવો બાવા, એ મારા પોર્યાનું શરનામું લાંઉ, એ આજે કારમુખો હબો બધાંની ઉપરે વારો થઇને ગોરા ડાકટરને ત્યાની નોકરી પકડી તેનાં બેરી છોકરાં સાથે લાનોલી ગયો છે. બાવા એની ઉપર મેહરબાની રાખજો, એની બાયડી ને પાચ છોકરાંનું એને પોષન કરવાનું છે."

અને એમ કેહતાં કેહતાં, તે ખુદયા અંદર ગઇ અને ખાટલા ઉપર પડેલું એક પરબીડયું ઉપાડી લાવી.

જેહાંગીરે ધ્રુજતે હાથે તે નામ શરનામુ વગેરે નોટબુકમાં નોંધી લીધું અને પીઠ ફેરવી ત્યાંથી સપાટામાં હવે કોટ તરફ આગળ વધવાને નાહાઠો.

તે આવે તે આગમજ એક કલાકની પુના માટેની ત્રેન ઉપડી ગયલી અને હવે બીજી એક કલાક તેને ત્યાં બેાટી થવાનું હતું. વખ્ત કેમે કરતાં જાએ નહીં.

ભુખ કે બાવાનો પણ તેને ખ્યાલ આવે નહીં.

પેલું કામલ્યું સિવા બીજું કશું તેનું મગજ અત્યારે રોકતું નહી.

ઝૂલંબરે તે રાત્રે સાડાદસે લાનોલી જઇ પુગ્યો.

રાત પડી તે આ નવાં પરાયાં મુલકમાં કયાં ભટકે? વેટીંગ રૂમમાં સહવાર સુધી સુઇ રહેવાની યોગી રહેવાની તેને ફરજ થઈ પડી, અને તે ખોટી રેહવાની ફરજમાં ઉતરી જવા પેહલાં તેને સોડા બીસ્કીટ જેવું લાઇટ ખાવાનું પીવાનું લઇ લીધું.

સવારમાં બડી ગજબરમાં રાઈપાર્કમાં તે જઇ પુગ્યો. અને નોકરોને રેહવાનાં કોયડાં તરફ પાછલી બાજુએજ સીધો ગયો, ઘોડાવાળાને એક રૂપ્યો આપી યાકુબ હુશેનની ભાળ કાહાડી અને તેને, તે જગ્યે મોકલવાને વીનવ્યો તેમ આખરે તે મુસલમાન જવાન ત્યાં આવી ઉભો.

"અરે આ, યાકુબહુશેન! તું ભાઇ પેલા ગ્રાંટરોડનાં જરીપુરાણાંવાળા હાજી કાસમને ત્યાંથી એક ગમ કોટ ખરીદી—"

"હા, હા, મારા શેઠ, હવે જાણ્યું, તેની અડધી રકમ મને આપવાની છે, તે આપીશું, આવને મહીને, સહવારમાંજ એ શું બીજણ લઇ આવ્યા?" અને યાકુબ હુશેન ત્યાંથી તાકીદે ચાલી જવાનું કરતો હતો તેને લગભગ કોટી કરી પડે તેમ તે વળગી પડી બોલ્યો.

"લે, લે, યાકુબ, આંએ પાંચ રૂપ્યા હું લાવ્યો છું, તે લે અને જો એ દગલો મને પાછો આપ. વળી હાજી કાસમને અઢી રૂપ્યાની હુંજ આપીશ અને તારી રીસીટ છોડવી લઇશ."

અને એમ કેહતાં અધીરા આકળા જેહાંગીરે રૂપ્યા પાંચ તેના હાથમાં મેલ્યા. ધીરેથી ગજવે રૂપ્યા મેલી દઇ યાકુબ હુશેને ખોલાસો કર્યો.

"એ દગલો જોઇતો હોય તો મેં મારા કાકાનાં દીકરા હમદુરજબઅલીને રૂ. સાતમાં વેચ્યો છે; તેની પાસેથી લઇ લેજો. મારી ઘરડી માસી ફાતમાબીબુનું રંગારી મોહલ્લામાં મકાન છે તેની સાંભેજ એ રહે છે, પણ બરાર હમદુને કરાંચીમાં લશકરનાં જેનરલ જેનસન સાથે જવાની નોકરી મલી છે, તે આવતી કાલે ડોકમાંથી ઉપડવાનો હતો એટલે આજે—"

વધુ સાંભળવા ન થોભતા રંગારી મોહલ્લાનો હમદુ રજબઅલી જેનરલ જેનસનનો નોકર એટલા શબ્દો ઉતારી લઇને ત્યાંથી પતનની પીઠ ઉપર સ્વાર થયો હોય તેમ નાઠોડો.

સ્ટીમર કરાંચી ઉપડી જશે તો; પેલું કાગલ્યું તેનાં ગણત્રીનાં વખતે કે એકાદ બે દીવસ મોડું પી કલકત્તા ઉપડી શકવાનું નથી. તે બીજો કશોપી વિચાર કરવાને થોભ્યા વગર વળ્યો પાછો સ્ટેશન તરફ.

સવારની ચાહ કે નાસ્તો કરી લેવાને પણ તેને ખ્યાલ ન રહ્યો. જ્યારે તેનું ગળું ઘણુંજી સુકાતું અને જબાં બેંચાતી માલમ પડી ત્યારે તેને તેનું ભાન થયું. અને ફરી એક ચાહનું કપ અને બે બીસ્કીટ તેને આપી.

આજસુધી એ ઓફીસના કામમાં તેને કદી ગફલતી કાઘેલી નહી. અને હવે જ્યારે તેને કુટુંબની વહીનાં વખતમાં પગાર અને કમાણીની દરેક વહી કરાવવાની આશા રાખેલી તેમાં આ શું થવું હતું?

આત્મારામ શેઠને કેહતાં તેને એવુંજ ધારી લીધેલું કે સુકરવારે નહીં થઇ શકયું તે શનીવારે તાકીદે કરી કરાવી લેઇને પોતાની ઓફીસને તે મોટું કામ વખતસર મેળવી આપી

દઈ શકશે, અને ઘરમાંનાં ગજવામાંથી કાઢાડી લઈને તે અગત્યનું કામકાજ ફક્ત રેજીસ્ટર કરાવી નાખશે, પણ આ બધી બલાની તેને જરાકે ગણતરી કે આશા રાખેલી નહીં.

સવારે પોણા અગ્યારે તે સ્ટેશન ઉપર ઉતર્યો, અને બારણી ગાડીઓ મોનસીસ ડોક તરફ જવા વળ્યો. ગાડીવાંનને રૂપ્યો પકડાવી દઈ તે અંદર ગયો.

હવે તે દોડધામ કરતાં સેહકડો લોકોમાંથી હમદુ રજબઅલીને શી રીતે પકડી કાઢાડવો! તેને ઓળખાવશેજ કોણ?

ગયો તે પહેલાં સામાન સાચવતા નોકરોની બકાલ તરફ? અને લેભરો વાંચવા બાંધ્યા, એકાદ બે જણને પુછ્યું બી! પણ તેઓબી એ હમદુને ઓળખેજ શોનાં?

સીપાઇઓને પુછતાંબી-વખત નિકળી જવા લાગ્યો. એટલું તો પરપૂછ કરતાં તેને માલુમ પડ્યું કે કરાંચી જવાને લશકરી વાહાંણ હજી તૈયર થતું હતું પણ ઉપડી ગયું ના હતું. તે પોતાની શોધમાં હાંફળો ફાંફળો બની રહ્યો. અને ઘણોજ નિરાસ બી થઇ ગયો, જ્યાં જ્યાં જાય ત્યાંથી સીપાઇઓ ધક્કા મારીને બાજુએ જવાનુ કહે.

તે લગભગ રડી દેવાની હદ પર આવી ચુક્યો તેટલાં એક ખુશાલીની ખુશાલી!

તેનો એ ગમે દગલો પેહલેલો એક નોકર બબે હાથમાં બોજાઓ ઉપાડીને ઉતરતાં દાખલ થતો તેની નજરે પડ્યો. એકદમ કુદકે તે તેને વળગી પડ્યો, અને રૂપ્યા દશની નોટ કઢાડી તેનાં હાથમાં બચડી કચડીને મેલી તે દગલો તેને ઉતારી આપવાને વીનવ્યો. રૂપ્યા ૧૦ ની નોટ લઇને તેને બંન્ને બોજા હેઠે મેલી દઇ અજબ થઇને દગલો ખુશીથી કાઢાડી આપ્યો.

"લેનો શેઠ, લેનો, એનો બોજો મને ઘણો થઇ પડે છે." અને હાથમાં લેતાંજ જોહાંગીરે ઝડપ ઝડપ તેના ગજવા ઉઘાડ્યાં, હાથો બોસી બાકી બાહાર કાઢાડ્યાં, અને મોત જોવો ફીકકો થઇ જઇ તે દગલો અજબ થયલા હમદુના અંગ ઉપર પાછો ફેકી તે ત્યાંથી રસ્તે પડ્યો.

"એ બાય જોહાંગીર, એ શુ કેહવાય?" તે હારેલો મારેલો રડમસ અવતારે સાંજે પાંચ બાગે ઘર પુગ્યો ત્યારે તેને જોઇને બાલા બબાળી. "એ શું છે? કયા ગયા હતા?"

"હવે પગાર વધી ચુક્યો, બાબાં, નસીબનો કુટેલો મુવો છુ હું." અને તેને તે કાગળ માટે રડી દઇને કેહેવા માંડ્યુ તેવીજ બાલાં વચ્ચે બોસી ઉઠી.

"પણ મેં તમુને કેહવા માંગ્યુ તે તમે મને પુરી સાંભળીજ કયાંજે? મેં તો તે દગલો વેચવા પેહલાં ગજવામાંથી એ કાગળ્યું કઢાવ્યુ ને રામથીને દોડાવીને તુર્ત રેજીસ્ટર કરાવી બી દીધુ. સનીવારે તમુને રીસીટ આપતા બુધી ગેઇ તે બપોરે રામબી સોરે તમારી ઓફીસ પર મોકલવાની જે આત્મારામ શેને આપી આવી અને તેમને બહુ ભલામણ પટી કેહવાડી ને એ એમ શું કરોછ કે?"

બાનાંની સભ્યસુચકતાથી તેનું પન જળવાયું અને જગા કાયમ રહી, આંટ રહી અને પગાર વધવાની તમામ આશા પાછી સજીવન થઇ. પોતાનાં બાનીરા, બાકીબા, બધીબારી ઉતાવળા સ્વભાવથી તેને રજા બોહીને ઘણો પગારમાં મોટો બાડો પાડ્યો તે તો જુદો.

પણ તે શીખ્યો. આ ૧૫ વરસની રખડપટ્ટીનારી હાડમારીએ તેને શીખવ્યું કે ઉતાવળમાં કામો કરે નહીં.

હોરી.

સાજન ખેલત હોરી !
ધરી કર ઐકયની દોરી !! સાજન.

સ્વાર્થ ત્યાગની ભરી પીચકારી–ઘર ઘર ઘુમે ટોળી.
અસહકારના રંગ ઉડાવે–ગાંધી કચોળે ઘોળી.
જુઓ ! રંગ રેલે રંગોળી. સાજન.

સ્વદેશ ભાવ તણી શિર ટોપી–વિજય પતાકા ઘોળી !
શ્વેત સંપનાં વસ્ત્ર શરીરે–પહેરી ધરી રંગોળી !!
ત્યાગના રંગે બોળી. સાજન.

પરોપકાર અને સેવાના–સ્વાર્પણ મંત્ર ભરેલી.
વિશ્વ પ્રેમ કેશુડાં રંગે–રંગી રૂપાળી ઝોળી.
અહિંસાવૃત ઝણકોળી. સાજન.

અટલ પ્રેમ ભકિત રસ પ્રભુનો–હૃદયે દીધો રોળી.
અસહકાર ષડ્ રિપુનો કીધો–સાર અસારને તોળી.
ગુરૂજીએ આપી છે ગોળી. સાજન.

દીન દરિદ્ર ભિખારી બની રૂવે–ભારત નયનો ચોળી.
રંગને રાગ ત્યજી ફકીરી લઇ–ઘર ઘર ઘુમે ટોળી.
ધરી કર સ્વાશ્રય ઝોળી. સાજન.

વિજય નાદ કરતી આ આવે, ટોળી કસુંબલ ઘોળી.
હોરી ! રમે સત્યાગ્રહિ વીરો, હસતા મુખ મરોડી.
સૌજન્યની કીધ રાખોડી. સાજન.

ઉઠો ! ઉઠો ! સ્વાશ્રયથી સાધો, સ્વરાજ્ય સુન્દર ગોળી.
સ્વદેશ ભાવ તણી પીચકારી–ભરી ઉડાવો રંગોળી.
'મણિમય' હૃદયે બોળી. સાજન.

પાદરાકર.

સંસારનો ફાંસો

લખનાર—દારાં કાપડીયા

પ્રકરણ ૨૪.

જેહાંગીર વાડીયા જ્યારે તે સાંજે પોતાનું આખ્યા દીવસનુ કામ ખતમ કરી 'તાપતી હાઉસ'માં પાછો ફર્યો ત્યારે સાહજ તેના પુર બાહારમા બીની નિરાશ હતી તેણે ઘણી ઉતાવળથી પોતાનું કામ કરી લીધુ હતુ અને તેનાથી બન્યું એટલુ જલ્દી નિકળી આવવાની તેણે કોશેશ કરી હતી. તે બીલીયર્ડનો ઘણો શોખીન હતો અને તે માતીતી ગેમ ઉપર તેણે ઘણો લાંબો વખત થતા તક ગણી હતી નહિ રસ્તામા આવતા તેને તેનો એક ફાસ્ટ ફ્રેન્ડ મળ્યો, જે સુરતના એક ધમધમ્યા હોટેલમાં થોડો વખતને વાસ્તે ઉતર્યો હતો. તે જેહાંગીરને ઓહસ કરી બીલીયર્ડ રમવા લઇ ગયો તે તે રમતનો જેટલો શોખીન હતો, તેટલોજ તેમા પુરતીણ પણ હતો તે કલાકેક રમ્યો, પરતુ તેને તેના રંજ માગ જેટલોની મલક મળી શકી નહિ

એક ચોકકસ કીસમની બમકર અગમચેતી તેને આખ્યો દીવસ થયા કીધી હતી, અને તેજ અગમચેતી તેને અત્યારે પણ હરાન કરી રહી હતી તે કાંઇ બીકામણી લાગણી તેના ઉપર એવા તો મજબુત પ્રમાણમા ગાલેબ થઇ આવી હતી કે તેના બધા હાયો ધ્રુજ્યા અને તેણે ગેમ બગાડી નાખી તેણે તેને પોતાને હસી કાઢવાના યત્નો કીધા, તે છતા તે તેને હટી શકયો નહિ

તેના ચાલુ વિચારો નાલ્લં માટે હતા, તેણે એક વખતે તો એવુ પણ વીચાર્યું કે તેણે, તેના પોતાને વાસ્તે તેમીને એક દયાજનક ભુલ ખાડી મગજી તે લાગણી તેને એવી જબ્બુત થઇ કે તે ખુદમખુદ બગ અતરે ધ્રુજવોવી તેણે તે બધા ધખારા અને ઘેનાપણા કાઢી હસી કાઢવાની વૈતરણ કીધી, કીતુ કેકટ-તમામ ફેકટ! તે ઓટયો તો નરવશ થઇ ગયો ને તેના બદનમા એવી તે ધાસ્તીઓ લાગવા માડી કે ઘરે ઘણો ઝપાટાબધ કરવાની તેને ફરજ પડી!

આ દુનીયામા કીનેસોકરો સ્વપના જુએ છે તેના કરતા કાંઇ ઘણું વધારે છે! આ જે નાલ્લં પારખ અને જેહાંગીર વાડીયા વચ્ચે, એક સૌથી જોગવર, સૌથી ઉડો પ્યાર વસ્તો હતો, અને જો કે તેઓ એકમેકથી ઘણા દુર હતા છતા, એકની નમખ્વારી અને દુખ બીલ ઉપર અસર કરી શકયુ

જેહાંગીર વાડીયા ઘણી ઝડપથી 'તાપતી હાઉસ' ભણી હંકારી ગયો તે નાલ્લનોજ આખ્યા રસ્તે ખ્યાલ કર્યા કરતો હતો, અને હવે જે વખત જતો હતો તેમા તે બીકણ બાહલુનને તે

પ્યારથી બગલગીરી કરવાનો હતો તે પ્યાલે તેને ઘણો મોટો સંતોષ ઉપજ્યો. તે તે દીલજીત રૂપસુંદરીની સુંદરતાનો મીઠાસ વિચાર કરવા લાગ્યો, જેમ કરતાં જે રીતનો બંધકર હતો તે તારૂણી સાથે તેણે ખેલ્યો હતો તેનો વિચાર આવ્યો અને તે ઘણો દુઃખી થયો.

એમ સુખ દુઃખ, ગમખ્વારી ખુશાલીનાં મીશ્ર ખ્યાલો કરતો તે તે કુમળી સાંજે ઘર ભણી હંકારી ગયો, જ્યારે તેનું જીગર સીસાં જેવું ભારી હતું કેમજે જે કાંસમની આગાહી તેની હજાવી ગુંગળાવી રહી હતી તે તે સમજી શકતો હતો નહિ.

તે જેવો 'તાપતી હાઉસ'માં પુગ્યો તેવો તરત તે તેઓનાં ઓરડાની બાહાર નિકળતી અગાસી તરફ ગયો, કે જ્યાં તેની વાર જોતી ઉભી રેહવાનું નાજ્જે તેને તે સહવારે વચન આપ્યું હતું. તે વિહસ્લ વગાડતો આગળ ગયો; પણ નાજ્જ ત્યાં હતી નહિ. તેનું જીગર ધારતી અને બીહકની એક નરમ લાગણીએ તેની છાતીમાં દુખવા લાગ્યું; તેણીએ અત્યાર સુધીમાં ગમે તેવું નજીવું બી વચન એક વેળા પણ તોડયું હતું નહિ. તેણીએ કહ્યું હતું કે તેની રાહ જોતી તે બારી આગળ ઉભી રેહશે અને તેણી ત્યાં હતી નહિ. કદાચ તે નીચે ઉતરી બગીચામાં સંતાઇને તેને ખુમ પડાવતી હોવી જોઇએ!

"નાજ્જ!" તેણે પુકાર્યું "નાજ્જ!" પણ કાંઇ જવાબ મળ્યો નહિ. નાજ્જ હોય તો તે જવાબ દે કેની?

તે તેની માનીતી બેઠક આગળ ગયો, કે જ્યાં ઝાડોનો ઓથો ઘણો મજ્જાનો હતો. કદાચ ત્યાં તે તેને ખુમ પડાવતી છુપાઇ રહી હશે. તેણે ખોળ કીધી, પરંતુ તેની હાજરીની જાંહગીરને ત્યાંથી કાંઇ બાતમી મળી નહિ. તે લગરીક નાશીપાશ થયેલા જેવો ત્યાંથી આગળ વધતો હતો, નેટલાં તેની નજર તે જગા આગળ પડેલા એક નાના રૂમાલ ઉપર પડી. તે નાજ્જ પારખનો હતો. આહ! ત્યારે તો તે ઘણી ખરી અંહીજ હોવીજ જોઇયે, બરાબર તેની હીલચાલ જોતી અને તેને સતાવવા માટે મનથી ખુશ હસતી. પણ તે જાણતો હતો કે નાજ્જ એટલી હદની બાટકી મશકેરી તેની સાથે કરે તેવી ન હતી. તેની નાજ્જ! તે વાહાલી ભોળી છોકરી! તે કોઇ કાસમની બાટકી મજ્જાક કરે એવામાંની છોકરી તો નજ હતી.

તે ધીમે ધીમે ચાલીને અંદર ઘરે ગયો; કદાપી તેણી તેણીનાં પોતાનાં ઓરડામાં હશે. તે એકેક પછી એકેક બધા તે દીલદરનાં ઓરડામાં જઇ આવ્યો, પણ તેણીને શોધી શકયો નહિ. તેને તેનાં પોતાનાં ઓરડામાં જવાની તો સુધ્ધી નજ આવી. જો તે ત્યાં જતે તો તેને વગર મહેનતે તે ભેદની ચાવી મળી ગઇ હોત. એક વખતે તો તેણે તેણીનાં નાજુક પગલાંનો અવાજ બાહારના હોલમાં સમજવાનો ધખારો આવ્યો, અને તેણીને મળવાના ઇરાદાથી ત્યા ધસી ગયો; પરંતુ તે તો ફકત પવનમાં હીલતાં પાંદડાંઓનો સાદ હતો. નાજ્જ ત્યાં હતી નહિ.

તેણે આયંદે ચંગ વજાડયો, અને નાજ્જ કયાં હતી તે પુછયું. નાજ્જની આયા તે માટે કશું જાણતી હતી નહિ. તે નોકરડીએ સહવારથી પોતાની શેઠાણીને જોઇ હતી નહિ, કે જ્યારે તે બાહાર અગાશી ઉપર ગઇ હતી. તે બપોરનું જમવા પણ અંદર આવી હતી નહિ; અને તેની આયા દાયાઓએ એવું વિચારીને તે માટે ઝાઝી ચીંતા કરી ન હતી કે તેઓની શેઠાણી બપોરનું ભોણું જમવાને બદલે ઘણી વાર બજારમાંથી આવેલી તાજી ફ્રુટસ ઉપરજ રહેતી હતી, અને તેણીએ આજે પણ તેમજ કર્યું હતું.

"જા," જરા જઈને જોઈ આવ કે તારી બાઈ ક્યાં છે," જેહાંગીર વાડીવાળે બીજવારને ધણી અધીરાઈથી કહ્યું. "તમે લોક નોકરચાકરો બાઈ વાસ્તે એટલાં બેદરકાર બનો એ બધું શરમભરેલું છે. એને સાંજે ચાકરી તો લીધી કે નહિ?" તેણે પુછ્યું, કેમકે તેને માલમ હતું કે નાજીને ચારે પીધા વગર કદી ચાલતું હતું નહિ.

"મેં બધું ચાહે વાસ્તેનું તૈયાર કરી એવજીના ઓરડામાં મુકેલું હતું, શેઠજી," તે આયાએ જવાબ દીધો, "કે જેથી પોતાનાં ઓરડામાં એ આવેમ ને પીએસ, હંમેશ કરેસ તેમ, પણ કલાક પછી હું ઓરડામાં પાછી ગઈ ત્યારે બાઈએ ચાહે પીધેલી હતી નહિ."

"અને તેં ત્યારે તારાં બાઈની એવી રીતે સેવા બજાવી?" જેહાંગીરે ધુજારો કીધો. "બાઈ આખ્ખો દીવસ ખોરાક પાણી વગર પસાર કરેછ; નથી બપોરે જમી કે નથી કાંઈ સાંજે લીધું અને તે છતાં તમે લોક કાંઈ ખબર રાખતાં નથી અને અને કાંઈ કહેતાંજી નથી કે તમારી બાઈ કાંઈ છે."

"બાઈએ મને નથી કહ્યું કે એ બાહાર જાયછ કે બાહાર જવાની છે." તે આયાએ ખુલાસો કીધો, "તે શેઠ, બાઈને હું કેમ પુછુ કે તે કાંઈ ખાસ? બાઈની પસવારે પસવારે જવાનું તો મને બરાબ લાગેલ."

"પણ તે છતાં તારે તો કાળજી રાખવી હતી. શું તુને એટલો પણ ખ્યાલ નથી આવતો કે આખ્ખો દાહરો ખોરાક પાણી લીધા વગર તારી ગેરહાજરીએ પસાર કીધોછ, તેથી કદાચ એ ફેન્ટ થઇ જશે?"

"પણ બાઇ પોતાની ધણી સારી સંભાળ લેસ," તે આયાંએ કાંઇ ખડબડાતથી કહ્યું. "ને એ ધણી સારીકાની હતી."

જેહાંગીર વાડીયો ઘણાં મોટા ગુસ્સાથી પોતાના દાંતો વચ્ચે કાંઈ બબડીયો.

"મેરી, જા અને જલ્દને કાંઈ પણ બબર કાઢી લાવ," તેણે મોટેથી ઘણાં જોશથી કહ્યુ અને તે આયા બબડી બબડી, ફફડેલી ચટકેલી ત્યાંથી જતી રહી.

પછી જે એક ચોપડી તે વાંચવાનું કહેતી હતી તે જેહાંગીરને યાદ આવ્યું. જો બધું છતાં તે ચોપડી તેને મળી આવે તો તેણીને શોધી કાઢનાં તેને મુશકેલી નડવાની ન હતી. તે સકવારે તેણે તે ચોપડીને જ્યાં ફેલ્લી જોઇ હતી, ત્યાં શોધ કીધો; પણ તે તેની જગા ઉપર ન હતી. અચમટ, ત્યારે, નાજ઼ં તો બાહાર હતી અને તે ચોપડી વાંચવામાં ગુંથાયેલી હોવી જોઇયે. તેણે જલ્દને બાહાર બોળ કરવાનો વિચાર કીધો. એજ વખતે તેને પેરી આવ્યા; મેરી ઉપર ઘણી ઝાંસ ચઢી અને તેને તુરત પેરો તેની આવી બેદરકારી વાસ્તે આપવાનો તેને નિશ્ચય કીધો. તેની ખુબસુરત નાજ઼ં તરફ આટલી શરમભરેલી બેદરકારી તે બતાવે!

તે પાછો અગાસી આગળ ગયો; તેણે આ વખતે ઘણી મોટેથી બુમ પાડી, "નાજ઼ં ઓ નાજ઼ં!"

પણ કાંઇ જવાબ મળી શકયો નહિ; કાંઇ અવાજજી આવ્યો નહિ, સીવાય લીલાં પાદડાંઓનો બણબણાટ અને ધીમે ફુંકાતા પવનનો દીલખુશ કરે તેવો ગણગણાટ. પછી અગાસી

ઉપરથી હુંયે જોતાં તેણે પેલી તે ી મા ીની બેઠકની સેહજ દુર એક ચોપડી પડેલી જોઇ. તે તુરત નીચે ઉતર્યો, અને તેને જે નામ આજે વાંચવાની હતી તે તરીકે તુરત પીછાણી લીધી. ત્યારે એ ઉપરથી તેણે એ અનુમાન બાંધ્યું કે નામ તે ચોપડી વાંચતી હતી અને તેને પાડી નાંખી હતી. પણ ત્યારે તેણી પોતે ક્યાં હતી?

આ વખતે તે બગીચાનું એકએક ખુણું ફરી વળ્યો અને બધેબધ બેાળ કીધી; પણ નામને તે શોધી શકયો નહી, નામ હોય તો તેને મળે કેની?

તે ઘરની પશ્ચીમ બાજુ તરફ તે ફરતો હતો, તેટલાં તેણે હારમોન્યમ વાગવાનો અને તેની સાથે મની ગઝદરનાં ગાયનનો સરોદ સમજ્યો.

"હાઉ પ્રુલીશ આઇ એમ!" તેણે વિચાર્યું. "ગ્રેસ્પટ, એ બંડી હોવી જોઇએ મેં બી જરા અગાઉથી એવી તરફ નહિ બાંધી! હું અમથો અમથો ગભરાયા કીધો."

દીનબાઇ ગઝદરને ત્યાં કોઇ બાહારનું આવેલું હોવાથી તેણે પોતે ત્યાં જવાની દરકાર કીધી નહિ. એક નોકરને મોકલી તેણે પુછાવ્યું કે નામ તેઓ સાથે હતી કે કેમ. હારમોન્યમ વાગવાનો અવાજ એકદમ બંધ થઇ ગયો, પછી, થોડીક મીનીટો પછી, જવાબ આવ્યો-નહિ; મીસીસ હીરજીભાઇ આજે આખ્ખો દીવસ એક વખત પંચુ તેઓને ત્યાં આવ્યાં હતાં નહિ. એજ વખતે પેલી મેરી આયા આવી અને બોલી કે દીનબાઈનાં એકાદ બે માણુસોએ નામને નદી તરફ જતી જોઇ હતી.

"ત્યારે તો હું એની પુથે જવશ," જેહાંગીરે પોતાની હૅટ માથાં ઉપર નાંખતાં કહ્યું, "બાહરે એમ ઉનું તો ચેહલ્લાંજ ત્યાં જવું હતું; પણ નામ આજે આખ્ખો વખત શાંની બાહાર રહી? અમથી તબીયેત બગાડશે."

તે નદી કીનારે ગયો, નામ ત્યાં ન હતી. તે, તે પછી બીજી તરફનાં પુલ બણી ગયો. તે આખ્ખો પસાર કરીને પાછો પણ આવ્યો; મગર તેને તેની નામ મળી શકી નહિ.

તે હવે તડબાયો. તે હાંફળો ફાંફળો થતો ઘરે દોડયો અને તરત દીનબાઇ ગઝદરને તેડી મંગાવ્યાં.

"શેઠ દીનબાઇને એકદમ બોલાવેછ," બધાં બેઠાં હતાં ત્યાં જઇ તે પેગામ પુગાડવામાં આવ્યો. "ઘણું તાકીદનું કામ છે."

મની, આ સમજીને, એકદમ આવેલાં પહેરણાં સાથે લાંબી વાતો કરવા મંડી ગઇ, જ્યારે તેણીનો તમામ આત્મા તેણીનાં કાનમાં હતો.

"તાહરા શેઠ કાંઇ છે?" દીનબાઇ ગઝદરે જરા પણ ગભરાયાં વિનાં પૂછ્યું.

"મોટા ઓરડામાં બેાટી થતા છે." તેણીને જવાબ મળ્યો, અને પોતાનાં પહેરણાની દરકાર છોડી તેવણ તરત ઓરડો છોડી જેહાંગીર જ્યાં અધીરાઇથી બેાટી થતો હતો ત્યાં આવ્યાં.

મની ગઝદરનાં દીલમાં તો બધા દર્યા દોહવાયા! તે લોકે હસીને બધી વાતો કરતી હતી છતાં દીનબાઇ અને જેહાંગીર શું વાતો કરી રહ્યાં હતાં તેમાંજ જઇને તેનો જીવ બોવાયો હતો.

જેહાંગીર વાડીના આગળા હૉલમાં જ્યારે દીનબાઇ આવ્યાં ત્યારે ઉભેલો હતો, તેનાં ચેહરા ઉપર મોટા ગુંચવાડા અને દુઃખી ચાંતાનો એક જોગાનજોગ ચીલો ચઢેલો હતો.

"દીનબા, બાદ કરજો, મેં તમારી વાતચીતમાં ખલલ નાખી તે વાસ્તે," તે જવાને ઘણી ગંભીરતાથી કહ્યું. "પણ બાહરી બાબતને વાસ્તે હું મોટી ફીકરમાં પડેલો છેઉં."

"શું મીસીસ હીરજીભાઇ કાંઇ સીક થઇ ગયાંછ?" દીનબાઇએ સવાલ કર્યો. "બટ્ટમર, હું ઘણી દલગીર છેઉં કે મને એ વાસ્તે——"

"નહિ, એ સીક નથી થઇ ગૅઇ, પણ એને હું શોધુછ શોધુ છ તે મને મળતી નથી," તેણે ઘણાં રઝમેસ ચેહરે ખોલાસો કર્યો. "હું મડગારે ગયો ત્યારે તો એ ગુખરૂપ ને તદદોરત હતી–હું આયો અને જોઉંછ તો એ મજે નહિ"

"એ એમ શુ બોલોછ, લો, મી૰ હીરજીભાઇ? હું એની ફ્રેન્ચ બીજા ભાંતી શકતી નથી. મીસીસ હીરજીભોય અહી કેયે ધૈરમા અને નહિ તો બાહાર બાગના જેશે—એવણ એમ કાંઇ ગુમ થમ જઈ શકે તો નહિ."

"હું એને કેયેથીખી શોધી શકતો નથી, તેથીજ મેં તમને બોલાવી મંગાવેલા છે. દીનબાઇ, હું બગીચાનું એકેએક ખુણું તળે ઉપર કરી આયોછ. એને નથી કાંઇ બબોરનું બાધું કે નથી સાજે ચાહેની લીધી. આય નાપાક કેરસેસ માણુમો જોતા ા બાઇને વાસ્તે જરા કાળજીખી નથી રાખતા."

"નથી બબોરનું બાધું કે નથી ચાહે લીધી!" દીનબાઇ ગજબ ઘણાં વિચારમાં પડીને બોલ્યાં. "ત્યારે તો કેયે બાહાર ગયેવા હોવા જોઇયે."

"નહિ, બાહાર કયાં જાય? મેં માહરી સાથે આવવા કહ્યું ત્યારે તો એને કાંઇ ચોપડી વાંચવાની હતી કરી નહિ આવી, જે ચોપડી એ વાંચવાની હતી તે મને મળી આવીછ, પરંતુ બાહરી બાબત મને નથી મળી શકતી."

"ભલા મી૰ હીરજીભાઇ," દીનબાઇએ પોતાની રામેતાની મીઠી ચાપલુસીબોરી ઘણે કહ્યું. "એ કેમ બની શકે, વારૂ? આપણે કાંઇ લુગરા ને ગળાકાંસુઓનાં જબાનામા રેહતા નથી. મીસીસ હીરજીભાઇ અદર બેઠાં કેયે હોવાં જોઇયે–હાકી બાકી ગયાં હશે ને તેથી કેયે સુઇ ગયા હશે."

"ત્યારે તો એટલી બાહરા ઉપર મેહરબાની નહિ કરો, દીનબાઇ, કે તમે જાને બોળ કરી આવો?" જેહાંગીરે આજ્ઞા ગુજારી. "મેં તો તેમ કર્યું, બાહરાથી બન્યુ તેટલુ બધું. બાકીનું કરવુ જોઇએ કે કયાં પણ પરીણામ વગર. કદાપી તમે વધારે નસીબદાર બનો."

"હું તેમ બનવાની આશા રાખુંછ," દીનબાઇએ જવાબ દીધો. અને પછી ત્યાથી જઇને મેરી સાથે આખ્યું ઘર ખુંદાવી માર્યું; પણ નાજનો તેઓને કયે, પત્તો મળ્યો નહિ. તે છોકરી ઉંચની કે જાગની, છુટતી કે મુવેથી કેયેથી મળી આવી નહિ.

દીનબાઇ પાછાં જેહાંગીર વાડીના આગળ કર્યાં, કે જે હજી તે રૂમમા એક ભુખ્યા સીંહ માફક હાય પગ અફાડતો આમથી તેમ ફેરા ફરતો હતો. તેનો ચેહરો કાળો, કાટુની અને કંટાજેલા જેવો થઇ આવ્યો હતો. દીનબાઇ પોતે પણ ઘણાં બીહ ગયા હતાં.

"હું તમને ચીંતા કરાવા માંગતી નથી," દીનબાઈ ગઝદરે કહયું–"પણ મને લાગેછ કે ધણી જોરાવર શોધખોળ કરાવવી જોઈયે. બગીચામાંજ તપાસ થવી જોઈયે. અકસમાટો હર બાહાંને બને છે. સાવચેતી લીધામાં કાંઈ ગયું નહિ. તમે કેહોછ કે માહરાં માણુસોએ મીસીસ હીરજીભાઈને બાહાર નદી આગળ જોયાં હતાં? કાંઈ પુલ ઉપર ફરતાં પગ તો લપસ્યો નહી હોય?"

"તે કાંઈ ઘણું બનવા જોગ નથી," જેહાંગીરે જવાબ દીધો; પણ તે ઘણો તરખાયેલો લાગ્યો. "દીનબાઈ, તમે તમારી ભત્રીજીને તેડી મંગાવશો। જો સૌથી છેલ્લી બાહરી વાઈફને એવણે જોઈ હતી તો, ખચ્ચીત, એ ભેદ માટે કશોબી ખોલાસો આપવાને એવણ સામર્થવાન થશે"

"હું ઘણી ખુશીથી એને તેડી મંગાવશ," તેણીએ કહયું; અને આયા મેરીને બોલાવી મનીને તેડવા મોકલી.

મનીએ એવાં એકાદ તેડાંની આશા રાખી હતી, કેમકે જ્યારે તે તેડું આવ્યું ત્યારે તેનો ચેહરો સેહજ ફીકકો પડયો, અને એક રૂમમાંથી બીજામાં આવતાં તે પોતાને પુરતી જોરેમંદ અને સાવધ કરવા સારૂ થોડા વાર બાહાર ચાલમાં ઉભી રહી. તે મકકારીએ ખુશ-મીજાજપણાનો દેખાવ ધારણ કર્યો, અને પછી તે રૂમમાં દાખલ થઇ, કે જ્યાં જેહાંગીર વાડીયા અને દીનબાઇ ગઝદર આતુરતાથી તપતાં ઉભેલાં હતાં.

"મને તમે બોલાવી, પુથમીય?" તેણીએ દાખલ થતાંને વાર પુછયું, તે ઓરડામાં ઉભેલાં બંને જણાંઓનાં કોયાં વાર ફરતી, અજાયબીથી હોય તેમ, ટીકતી. "તમે લોકો કાંઇ મોટી મુઝવણમાં લાગોછ. હું ધચ્છું છ કે કાંઇ બોદું થયેલું નહિ હશે!"

"મની," તેનાં પુથમાયે કહયું, "આજે સહવારે નીચે બાગમાં પુવારા આગળ મીસીસ હીરજીભાઇ આગળ તું હતી?"

"હા," મનીએ જવાબ દીધો, તદન ખુશાલ નકકરા હાવભાવે અને સેહજથી શુંચવાયા કે ગભરાયા વગર. "હું એવણ સાથે કલાક ઉપર બેઠી હતી."

"તમે મને 'ડીટેલ્સ' આપશો?" જેહાંગીર વાડીયાએ પુછયું.

"ખચ્ચીતજ," મનીએ હસીને કહયું. "જે જે 'ડીટેલ' મને યાદ છે તે જરૂર તમને હું જણાવીશ. હું નીચે બાગમાં ઉતરી હતી અને પુવારા આગળની મી૦ હીરજી ભાઇની માનીતી જગા આગળ જતાં મેં મીસીસ હીરજીભાઇને બેઠેલાં જોયાં હતાં. હું તેવણ આગળ ગઇ, અને જોયું તો એવણ કાંઇ વાંચતાં હતાં. હું તો ચાલી જવાનું કરતી હતી કે જેથી વાંચતાં એવણને 'ડીસટર્બ'! થાય નહિ, પણ મીસીસ હીરજીભાઇએ પોતેજ મને અટકાવી. 'આવો બેસો–જરા તાહેલાં કર્યે,' તેવણે કહયું. અને હું બેઠી ને અમોએ કલાકેક સુધી ટાહેલાંઓ ચલાવ્યાં કીધાં."

"જરા મને જણાવશો કે તે ટાહેલાંઓ શા બાબતનાં હતાં?" જેહાંગીરે ઘણાં નર-માશથી પુછયું.

"હું ધચ્છું છ કે તે હું યાદ રાખી શકતે," મની સીપલી થઇ. "બે જવાન છોકરીઓ મળે ત્યારે વળી શું ટાહેલાં કરે? કપરાં ચપરાં, દરદાગીનાં, લગનવિવાહ અને પ્યારની કાહાણીઓનાંજ તો. એવાંજ બધાં ટાહેલાં ચલાવતી હું કલાકેક સુધી મીસીસ હીરજીભાઇ આગળ

બેઠી હતી, તેટલાં બહારનાં બાણસે આવી મને કહ્યું કે કોઇ બાઇ બળવા આવેલાં છે અને તેથી એવણને છોડીને મને ચાલી જવું પડયું. મેં મીસીસ હીરજીભાઇને પાછી આવવાનું કહ્યું હતું, પણ મને તો ઘણું રોકાવું પડયું અને તેથી હું જઈ જઇ શકી નહિ."

"તમે એને છેલ્લી કયાં છોડી ગયાં હતાં?" જેહાંગીર વાંડીયાએ સવાલ કર્યો.

"બહાર પ્રવેારા આગળની બેઠક ઉપર," મનીએ કહ્યું. "એવણ જ્યાં બેઠાં હતાં ત્યાજ બેસી રહેલાં હતાં, હું એવણ છોડીને આવી ત્યારે."

"બાહરનાં વાઘરૂ કાંઇ એવું તમારી આગળ બોલ્યાંતાં, મીસ ગઝદર, કે જેનાથી આપ એવણનાં બેભાનપણાં ઉપર કાંઇ રોશની ફેંકી શકાય?"

"શું એવણ બેભાનમ થઇ ગયાંછ?" મની ગઝદરે ચીંતાનાં દેખાવ સાથે મોટી આશ્ચર્યથી પુકાર્યું. તે એક અથંગ એકટ્રેસ હતી, બાહરા પ્રીય વાંચકો! "બેભાનમ થઇ ગયા? અરે, એ નહિ બનવાજોગ છે! મી૦ હીરજીભાઇ—ધમપોસીબ્લ. પુછભાય! મે છેલ્લા એવણને બગ્ગીત તેજ જગા ઉપર જોયાં હતાં"

"એવણ બહાર નદી કાંઠે ફરવા જવાનાં હતાં અથવા તો કેઇ બીજે ઠેકાણે જતા હતાં એવું પણ કાંઇ તમને એવણે કહ્યું હતુ નહિ?" જેહાંગીરે રીતાથી ધીમેવાયલા અવાજે પુછ્યું.

"નહિ; બગ્ગીતજ, નહિ, મેં તમને કહ્યું તેમ હું એવણ આગળ પાછી જવાનોજ ઇરાદો રાખતી હતી. મને કઇ બખર પડી શકી નથી કે એવણ પોતાં ઘરે અંદર આવ્યાં હતાં કે નહિ. ખરેખર, કાંઇ માંઠુ થયેલું તો નહિજ હોવું જોઇયે!"

જેહાંગીર વાડીયાનાં આતુર કાનો તે ચાપતુરાબોરા સાહદમા સમાયેલું બનાવતીપણું પાડી પાડયા વગર રહી શકયા નહિ. તે ઘણી તીક્ષણતાથી તે ગોરા ચેહરો જોવા લાગ્યો. તે તે મુખડા ઉપર એવુ કશું જોઈ શકયો નહિ કે જેનાથી તે એવું માનવાને લલચાય કે નાજનાં ગુમ થવા માંથે તે મીઠડી મકકારીને કાંઇ સંબંધ હતો. તોપ્પી તેણી વાસ્તે તેને એક અવિશ્વાસ આવી ગયો. (અધુરી.)

બહાર પડી ચુકી છે.

કાળો નાગ

જાણીતા રમુજી લેખક "ગુલફામ" ની સુંદર પારસી સંસારી વારતાની ફાંકડી ચોપડી. કીંમત રૂ. ૨॥, પોસ્ટેજ આના ૭ વધુ.

લખોઃ—

નવરંગ પ્રેસ, બજારગેટ, ફોર્ટ, મુંબઇ.

જેહાંગીર બી૦ કરાણીના છોકરાઓ,

પારસી બજાર, ફોર્ટ, મુબઇ.

અમારા સાબુના ઉપરથી નીકળેલી નકલોથી ઠગાતા નહિ.

કંઈ પણ મહેનત વગર વાળ કાઢવા માટે

બાદશાહી સાબુ.

બાદશાહી સાબુ રજીસ્ટર નંબર ૫૨૯.

બાદશાહી સાબુ—સફાઇથી વાળ દુર કરવા માટેજ છે.
બાદશાહી સાબુ—ચામડીનો અસલી રંગ રાખે છે, કાળી પડતી નથી.
બાદશાહી સાબુ—હીંદુસ્તાનમાં હજારો દુકાનોપર મળે છે.
બાદશાહી સાબુ—વાપરનારાઓ સંપુર્ણ સંતોષ પામ્યા છે.
બાદશાહી સાબુ—ચામડીના તમામ દરદો નાબુદ કરે છે.
બાદશાહી સાબુ—હર વખતે વાપરવાથી નુકશાન થતુંજ નથી.
બાદશાહી સાબુ—ગુપ્ત ભાગોના વાળ સારી રીતે કાઢે છે.
બા શાહી સાબુ—ત્રણ સાબુના બાકસ એકનો રૂ. ૧) પોસ્ટ ચાર આના.
બાદશાહી સાબુ—ત્રણ બોક્ષના રૂ. ૩) પોસ્ટ સાથે.
હિંદુસ્તાનમાં જગેજગ બાદશાહી સાબુ વેચવા માટે એજન્ટો જોઇએ છે.

સી. સી. મહાજન એન્ડ કુંપની,
પ્રોપરાઈટર એ. સી. ગાંધી.

સ્વતંત્ર વેપાર—હજારોની કમાઈ.
કાર્ડ વીઝીટ સાઈઝ—કીંમત માત્ર રૂ. ૬૫.
ફોટોગ્રાફ ઉતારવાના

છુપા કેમેરા

દમરોથી નાનુ બચ્ચું પણ સહેલાઇથી ફોટોગ્રાફ ઉતારી શકે છે. દોડની રેલ્વે, ઉડતું પક્ષી, દશ વીશ, પચીસ માણસોનો ગ્રપ વીગેરેનો ફોટો સહેલાઇથી ઉતારી શકાય છે. દરેકને ફોટોગ્રાફ ઉતારવાનું કામ ઘેર બેઠાં શીખાવી શકીએ છીએ. કેમેરા લાકડાની પેટીના બે બ્યુકાઇડર, છ ડાર્કસ્લાઇટ, લેન્સ, સટર, ડાયાફ્રામ, ટાઇમ પ્લેટ રીકોરડીંગ, સંપુર્ણ માહીતી સહ કીંમત રૂ. ૧૫) પોસ્ટેજ પંદર આના, દરરોજ. દશ રૂપીઆ સહેલાઇથી કમાઇ કરી શકાય છે.

સી. સી. મહાજન એન્ડ કુંપની,
પ્રોપરાયટર એ. સી. ગાંધી.
શેખ મેમણ સ્ટ્રીટ—મુંબઈ નં૦ ૨.

હરનાથજીનાં વચનામૃતો.

[સંગ્રહ કરનારઃ-રમણલાલ નાનાલાલ શાહ]

[શ્રી ઠાકુર હરનાથ પાગલ નામના એક મહાન વિદ્વાન મહાત્મા હાલ બંગાળામાં છે. તેમના ઉપદેશો પૈકી કેટલાંક અમુલ્ય વાક્યોનો ભાવાર્થ અત્રે આપવામાં આવે છે. કોઇ પણ કોમ યા ધર્મનાં માણસો માટે તે એકસરખા ઉપયોગી છે.]

× × × +

સંસારનાં સુખદુખો ક્ષણિક છે. કીરતારને સંસારિક સુખમાં લુપ્ત બની જઇ ભુલી જવો એ હાથે કરીને હલાહલ ઝેર પીવા સમાન છે.

× + × ×

પોતાને જન્મ આપનાર માતપિતાની સંભાળ કેમ લેવી તે જે જાણતો ન હોય તે જગત પિતાની સાથે સંબંધ કેમ કરીને જોડી શકે!

+ × ×

જો તમે પ્રેમ કરતાં શીખ્યા હો તો સભાળજો કે પ્રેમ થોડાક દિવસોમાં વિસરાઇ ન જાય.

+ × ×

આ જગતની જુદી જુદી ચીજોની માયા જેમ જેમ માણસ વધારે છે તેમ તેમ જ્યારે આ જગતને છોડી જવાનો વખત આવે ત્યારે તેને અસહ્ય દુઃખ થાય છે. માટે જગતની તમામ ચીજો તરફ મન એટલી ઓછી માયા રાખવી એ સલાહકારક છે.

× + ×

જન્મ અને મરણ નક્કિજ છે. આમ જાણવા છતાં આપણે મોતને માટે સંતાપ કરીને હાયે કરીને રોજ સાતવાર મરણ પામવાનું દુઃખ ભોગવીએ છીએ. શાંતપણે વિચાર કરશું તો તો જણાશે કે જેટલો આનંદ આપણે જન્મ વખતે કરીએ છીએ એટલોજ આનંદ મરણ પ્રસંગે આપણે કરવો જોઇએ.

× * +

વાચા, વિચાર, અને વર્તનથી પારકાનું ભલું કરવા પ્રયત્ન કરો, યાદ રાખજો કે ખુંડા વિચાર ખુંડાં કામો કરતાં પણ વધારે ભયંકર છે.

* * +

મહારાજા થવું હોય તો પહેલાં નમ્ર (humble) બનતાં શીખો.

× + ×

હસો અને હસાવતાં શીખો, જંજાળોથી ભરેલી આ દુનિયામાં ત્યારેજ તમે સુખથી રહી શકશો. દુનિયા દુઃખથી ભરપુર છે. તે દુઃખમાં વધારો કરવો હોય તોજ આપણે સંતાપ કરીએ. અનેાર અંધારૂં છતાં તે અંધારામાં વધારો કરવા આપણે આંખો શાને બંધ કરીએ?

× × ×

પાપ તરફ દયાનત બરસાવો, પણ પાપીઓની તો દયાજ ખાજો. તેમને ધિક્કારશો મા. પાપીઓ તરફ માયાળુ બનજો.

× × +

બીજીની સેવામાં જ્યાં સુધી તમે સર્વસ્વ સમર્પણ નહિ કરો ત્યાં સુધી પ્રેમ એ શું છે અને તેનામાં કેવી મીઠાશ છે તે તમે સમજી નહિજ શકો.

× × × +

જે કાંઇક ખરાબ કામ કરતાં તમે અચકાતા હો તો તેનો વિચાર કરતાં પણ અચકાજો.

* + * *

ઇંદ્રીયલાલસાના સંતોષને માટેજ લગ્નસંબંધ છે એમ કદીપણ ન સમજીએ.

× × × ×

ઘરડા સાપ કરતાં જુવાન સાપનું ઝેર વધારે તીક્ષ્ણ હોય છે. વૃધ્ધ આદમી કરતાં છોકરાના પ્રયત્નો વધારે જોરાવર હોય છે, અને શિક્ષક કરતાં શિષ્યનો ઉત્સાહ અને અંત હમેશાં વધારે હોય છે.

* * * ×

જ્યારે બીજાઓ તમારું અપમાન કરે, તમને ધમકી આપે, કે તમને મારે મારે ત્યારે તેથી તમને શું દુઃખ થશે તેનો વિચાર ન કરશો. પરંતુ જ તમે બીજા ઉપર સંકટ આણો અથવા તેને દુઃખમાં નાખો, ત્યારે તમારા તે કામને તમે કદી વિસરશો નહિ અને તે માટે સદા દીલગીર રહેજો.

* × + ×

પ્રેમને વારંવાર વાણીદ્વારા જાહેર કરવો એ હલકટપણું છે, જ્યારે હૃદયમાં રહેલો સ્નેહ સાચા પાક પ્રેમમાં બદલાઇ જાય છે. (માટે પ્રેમની ભરતીના ઉછાળા હૃદયમાં વાગી રહે એવીજ ઇચ્છા આપણે રાખવી.)

× * * *

પરમકૃપાળુ પરમાત્માએ પેદા કરેલાં પ્રાણીઓ તેની સત્તાને આધીન છે. જ્યારે જવાનો (મરવાનો) વખત આવે ત્યારે કોઇથી રહી શકાતું નથી અને જ્યાં સુધી જવાનો સમય આવ્યો નથી ત્યાંસુધી કોઇથી જઇ ન શકાય. (એટલે કે મોતથી ગભરાઇએ નહિ અને પાક ખુદાના અધિકારના આ દેહનો આપઘાત કરી અંત ન લાવીએ.)

+ × × ×

જ્યાંસુધી ઇન્સાન પોતાના સ્વાર્થનો સમુળગો ત્યાગ ન કરે ત્યાંસુધી ખરો પ્રેમ તે મેળવી નજ શકે.

+ + ×

તમારા દુશ્મનો તરફ પ્રેમની નજરથી નિહાળતાં શીખજો.

× × ×

જ્યાં લગી સ્વાર્થ છે ત્યાં લગી તે કરીમે કારસાજનો બંદો થવાને ઇન્સાન લાયક બની નથી શકતો.

+ * +

વિચાર એ ગુલામી યા તો સ્વાધીનતા (મુક્તિ)નું મુળ છે. જેમ વિચાર સરળ તેમ સ્વાધીનતાની સમીપમાં જવાય અને જેમ વિચાર ગુંચવાયલા તેમ અધઃપતનના માર્ગે વળાય.

* + *

દરેક પ્રકારના દરદનો અકસીર ઇલાજ ખુદાનું નામ છે. દુનિયાનાં આકરામાં આકરા દુઃખદરદોની પણ તે અતિ અકસીર જડીબુટ્ટી છે.

સ્થાયિ સ્વરાજ સૂત્ર.

હરિગીત છંદ.

૧

ઓ શાપગ્રસ્ત સ્વદેશીઓ, ને ચ્હાવ જય જગ જામવા,
ગણહીણને નથી લક્ષ્ય ને ગળ, હોય પ્રીતિ ને પામવા;
તો આત્મવિસ્મૃતિ ના અનર્થક સખ્ય હેતુ સુધારજો,
આ સૂત્ર સ્થાયિ સ્વરાજનાં, સહુ સ્નેહ સહિત સ્વિકારજો.

૨

રસતૃપ્તિનુ સ્મિત તરૂવરી, પ્રસવેદ પ્રસવે પાખમાં,
કે પુણ્યગતિએ વિહરતી, ખટકે અવંચિત આખ કાં;
તો ઈંદુના ઉદ્યોત સમી નિજ, રશ્મિઓ રેલાવજો,
આ સૂત્ર સ્થાયિ સ્વરાજનાં, સહુ સ્નેહ સહિત સ્વિકારજો

૩

મગ્વે મગા હીક માનજો, પણ ના ગણાશો ગૌણમા,
બની જો શકે તો બોલજો, નહિતર મલપજો મૌનમાં;
શબ્દે ન તો સાને કરી, ઉર હાદ જગ પ્રસરાવજો,
આ સૂત્ર સ્થાયિ સ્વરાજનાં, સહુ સ્નેહ સહિત સ્વિકારજો.

૪

પિતૃકુંજ સરખા પાન્થમાં, સૃષ્ટિસર્જન સુત્રે સડયાં,
ચૌરભ હિણાં સુમનો સમા, ગતિભ્રષ્ટ જીવ દીસે ગડયા;
ઓ મૃદુલ મૃત્યવિહારિ વીર! ઉર, ભાસકરો બનૂકાવજો,
આ સૂત્ર સ્થાયિ સ્વરાજનાં, સહુ સ્નેહ સહિત સ્વિકારજો.

૫

કંઈ લાભના કંઈ હાનીના, કંઈ કીર્તિના કંઈ કલેશના,
અધુરા ઉલ્યા અધિકાર સઘળા, સ્વસ્થ આત્મ પ્રદેશના,
પિયુષાદિ તુજ પ્રસાદી ગણી, નિજ પાંગણે પધરાવજો,
આ સૂત્ર સ્થાયિ સ્વરાજનાં, સહુ સ્નેહ સહિત સ્વિકારજો.

૬

ભય ભ્રાંતિના ભણકાર, અમિભર આંસુડે અજવાળીને,
વિધીના વિશારદ બીનપરે, લય તર્જની લલકારીને;
રસીલાં રંગેરંગ ગૌરવોનાં, ગાન દિવ્ય ગન્તવ્યે,
આ સૂત્ર સ્થાયિ સ્વરાજનાં, સહુ સ્નેહ સંહિત સ્વિકારજો.

૭.

ઉરના અનામત ઓજસે, સંદેશ શુભ સેવાયલા,
કરવા સહેતુક સાધ્ય, પદ્યાત્મક રૂપે પ્રેરાયલા;
કવિ ભાઇશંકરના કૃતિચ્યુત દોષ સર્વ નિવારજો,
આ સૂત્ર સ્થાયિ સ્વરાજનાં, સહુ સ્નેહ સહિત સ્વિકારજો.

કવિ ભાઇશંકરજી વિશ્વારામ પંડિત.

વાંચનના શોખીનોએ



વાંચવા તો બીલકુલ ચુકવુંજ નહીં. વાર્ષિક લવાજમ માત્ર ૩. ૪) (વી. પી. થી. ૪૫) નાં લવાજમમાં બારે માસ નિયમીત ચોપાન્નું મોકલવા ઉપરાંત પટેટી ડબલ અંક તથા નીચલાં પુસ્તકોમાથી કોઇપણ એક ભેટ તરીકે વહેંચવામાં આવે છે.

અમારાં શોખીન વાંચકોનાં જુદા જુદા ટેસ્ટને અનુસરતી જુદી જુદી પ] નોવેલો રાખવામાં આવી છે, જેથી જેને ગમે એવી પેશ પડતી ભેટની ચોપડી મળી શકશે.
ઓછામાં ઓછી ત્રણની પસંદગી કરી મોકલવે એક બલાસ થઇ હશે તો બીજી યા ત્રીજી ભેટ તરીકે મોકલી શકાશે.

૧. "ખુરીઆ બંજર" (હો૦ બ૦ માદન કૃત પારસી સંસારી ૨૦૦ પેજની નોવેલ.)
૨. "રજપુત વીરરસ કથા" મરહુમ કવી રૂસ્તમ ફરામજીની ૨૫૦ પેજી પોકેટ નોવેલ.
૩. "બાપ કે સાપ"—મી૦ મેહરવાન બી. ધડવાલીની લખેલી બાકાં પુઠાંની ૨૨૫ પેજની પારસી સંસારી નવલકથા.
૪. "અકલનો બળતો"—મી૦ મશરેકની લખાયલી ૧૫૦ પેજી ટુકી વાર્તાઓની ચોપડી.
૫. "સરોદે-ઇ-તેફઝાક"—મી૦ બેહરામજી મે. મલબારી કૃત બાકાં પુઠાંની ૭૫ પેજી કવીતાની ચોપડી—બાસ બગેતનાં શોખીનો માટે ઉત્તમ ચવચવ.

આજેજ લખોઃ—મેનેજર, દીલે આરામ, કાકડ માર્કિટ, મુંબઇ.

નાટક 'નુકતેચીની.

"સોનેરી જાળ."

રીવ્યુ લેનાર-"મશરેક."

ગયા શનીવાર તા૦ ૨૧-૧૦-૨૨ ની રાત્રે અત્રેની જાણીતી રોયલ નાટક મંડળીનો નવો ગુજરાતી ખેલ "સોનેરી જાળ" કહેવી વાર બજી બતાવવામાં આવ્યો હતો. આ નાટક મી૦ જમનાદાસ નામના એક જવાન હીંદુ કાપડીયા ભાઇ જેમનો તખલ્લુસ "જમન" છે તેમની કલમથી લખાયલો છે, અને કંપનીના જુના અને માનીતા જાણીતા ડીરેકટર મી૦ મોરારજી મહેરવાનજી કાત્રકની મહેનતથી તે તૈયાર થયો છે.

આ નાટક માટે લોકોનાં બે મત છે, કેટલાકો જેઓ ધર્મગુરૂઓની મશકરીની બાબત સ્ટેજ પર આવે તે પસંદ કરતા નથી તેઓ કાંઇક નાખુશ થયાં છે, જ્યારે એવા ખોટા આધુ અને લબાડ ધર્મ ઢોંગીઓના બદાર આવવાથી ભોલાં લોકો તેમની સોનેરી જાળમાં સપડાતાં બચે એવું મત ધરાવનારાઓ ઘણા ખુશી થયાં છે. આ ટીકાકાર પોતે તો છેલ્લા વર્ગની તરફેણમાં છે કેમકે જ્યાં સુધી કાલા મેઢાઓની બુરાઇ જાહેરમાં નથી આવતી ત્યાં સુધી અજાણ્યાઓ તેમનાં પંજામાં ફસતાજ રહે છે. ત્યારે રોયલ નાટક મંડળીએ આવા બગભગતોના બોપાંલાનો એક ચીતાર સ્ટેજપર રજુ કરીને ભોલાં લોકોની એક સારી સેવા બજાવેલી કહેવાય એવું મ્હારૂ મત છે.

નાટકની ત્રેજડી સારી છે, કોમેડી નબળી ન છતાં નબળી ગઈ છે એ દીલગીરી છે. ગાયનો ઠીક મહેનતથી બનાવેલા છે, જેમાં મી૦ કાત્રકના ગાયનોના બોલ બાંધવામાં ગાયન જોડનાર ભાઇએ ખરેજ કમાલ કાઢેલી છે. વળી ૨૬ મું ગાયન જે રાણી લક્ષ્મીદેવી સુરીલા કંઠે ગાય છે તે ઉંચા ને ઉમદા વીચારો રજુ કરે છે.

ટુંકમાં નાટકની ત્રેજડી એ છે કે સગીર વયના શાહજાદા સુંદરસેનને બદલે તેની માતા લક્ષ્મીદેવી રાજ્યની લગામ ધરાવે છે; પણ વીધવા રાણી પોતે બહુ ધાર્મીક હોવાથી રામગોપાળ નામના એક ધર્મગુરૂના વીચારો પ્રમાણે અમલ ચલાવે છે જે ધર્મગુરૂ બકરાના રૂપમાં એક વરૂ સમાન છે-છળ કપટમા પુરો બદમાશ છે-છુપી રીતે વેશ્યાઓ સાથે મજહ મારતો એક રીયાલ તબેદનો શયતાન છે. રાજ્યના વફાદાર પ્રધાન બળદેવસીંહ તો પાપી ધર્મગુરૂને તેના ખુલ્લા બાકારમાં બતાવવા જતાં બહુ પરેશાન થાય છે, કેદમાં જાય છે અને સીંહના ડાચાં આગલ પડે છે. પણ આખરે સત્યનો જય થાય છે અને પાખંડી પાપીનો નાશ થાય છે.

પાખંડી ધર્મગુરૂનો પાર્ટ મી૦ બાલુભાઇ ભજવે છે, અને જો કહીએ મી૦ બાલુભાઇને રોયલ નાટક મંડળીની કારકીરદીમાં સહુથી ફીટમાં ફીટ પાર્ટ મલ્યો હોય તો તે આજ છે. બહુજ બખેસતો એ પાર્ટ છે જે ઉત્તમ રીતે ભજવી બતાવવામાં મી૦ બાલુભાઇની ખરી ખુબી તો ત્યાંજ છે. મે પોતે મી૦ બાલુભાઇને ઝીણું ઝીણું સારી રીતે લલકારતા સાભળ્યા છે

છતાં કેમ "ગોરી ધીરે ચલોરે"માં એવણ કાંઇક ધીરા ને ધીમાં થઇ જાય છે તે હું સમજી શકતો નથી! ગાયનની વાત બાજુએ મેલતાં "સોનેરી જાળ"માં ઘણો ઉમદા સ્કોપ મી૦ બાલુભાઇને મલ્યો છે અને તેને પુરેપુરો જેમ આપે છે. એ માટે એ બોલા દીલના (મ્હારા જેવા) જાડા મીત્રને હું ઘણી મુબારકબાદી આપું છું.

બળદેવસીંહનો પાર્ટ મી૦ સોહરાબજી મહેરવાનજી કાત્રક ભજવે છે અને એ કરવધ્યા કારીગર માટે હું શું લખી શકું? શબ્દો હવે બાકીજ કયાં છે? "સારૂ," "બહુ સારૂ," "અતી ઉત્તમ"–"ઉમદા," "બહુ ઉમદા" એ બધું હું અને બીજા લખી ગયા છીએ તો હવે વારંવાર કહેવું એ સોનાપર સોનાનું આપ ચઢાવવા જેવી વાત થાય! મી૦ સોહરાબજી કાત્રક આ કંપનીના જમણા હાથ છે અને નાટકના હુન્નરમાં આબદાર હીરા સમાન છે. પારસીઓના આ મશહુર ત્રેજડીયન અને એમના મીત્ર ને ગુજરાતના મશહુર કોમીડીયન મી૦ સોહરાબજી ફરામજી ઓગરાને પાક પરવરદેગાર લાંબી જીંદગી બક્ષે એવી મ્હારી દુઆ છે, કેમકે એ બંને બીરાદરો નાટક તખતા ઉપરનાં પારસી કીર્તીના આફતાબ સમાન છે.

જગદેવ કુમારનો પાર્ટ આ કંપનીના એક બાહોશ મદદનીશના હાથમાં છે જેવણનું નામ મી૦ રતીલાલ છે. બાઇ રતીલાલ પોતાની હંમેશની ઢબ મુજબ બહુજ અચ્છું ભજવે છે. વસંતીકા સાથના પ્રેમ વખતનું સુદર ગાયન ઉંચકી આપી ત્રણ ત્રણ એનકોર કરાવી એવણ ઓડીયનસના જીવદે ઘણી સારી રીતે ગજવે છે.

લક્ષ્મીદેવી તો આ કંપનીના લક્ષ્મીબાઇ છે અને દેવીબાઇ છે. સુંદર કદ, દેખાવ ખુબસુરત, કંઠ મધુરો તે એકટર શેમાં ન હોય પુરો? બોલવાનો વઝન સારો, જેસચર્સમાં બાંધી નહીં, અને ગાયનમાં મીઠા હલકે ગાવું, બસ્સ ખુબી તો ત્યાંજ છે, તો હવે ત્યારે વધારે શું બોલું?

કોમીકમાં હેમુનો પાર્ટ કરનાર મી૦ હોમી કરાણી એક સારા એકટર છે મગર મેં આ બેલમાં સાંભલ્યા ત્યારે એમનો આવાઝ પડી ગયલો હતો એટલે અત્રે કાંઇ પણ બોલી શકું એમ નથી

કનૈયો ઠીક છે. બીજાબા બુઢ્ઢા જે દાંત વગરની બોબી બુઢી તરીકે બોલવાની કોશીશ કરે તો તે એક છબરડા જેવુંજ છે કેમકે તેને બત્રીસ પુરા દાંત દેખાય છે અને તેનું બોબું બોબું બોલવું રદ્દોબાતલ થાય છે. બુઢાં માણસો કાંઇ બધાંજ બેમે બુબુ નથી કરતા.

મીત્ર મી૦ જમનને બહુ બહુ મુબારકબાદી આપું છું કેમકે એવણે ધાર્યા કરતાં ઘણું સારૂ બજાવ્યું છે. કેશ્મીરને પોપલીનમાં રમતાં રમતાં એડવર્ડ થીએટરમાંથી ઠીક રમત કાઢી છે, આ બેલમાં તો હીમતની પણ રંગત જમાવી છે.

ભાગ્યોદય–એકજ બુલ–સાચો સન્યાસ–બુલનો ભોગ–પછી પોતાની કંપનીને હાલે આ "સોનેરી જાળ"ને જમા ખાતે લેવામાં કંપનીના માલેકો મેસર્સ માહાભાઇ અને રૂસ્તમજીને ઘણી મુબારકબાદી આપું છું. આશા છે કે હવે એકાદ ઉરહુ બેલ પણ સ્ટેજ કરવામાં આવશે, અને બુધવારની રાત્રેબી બેલ ભજવવાના શુરૂ કરવામાં આવશે.

મસ્તાની મોત.

(ગઝલ)

મુકી દે પીછ મારો તું, અરે, ઓ, મોત મસ્તાના!
હજી આશાભરી દીલમાં, અરે, ઓ, મોત મસ્તાના!
યુવાની ઇશ તેં આપી, પ્રિતડી પ્રેમની સ્થાપિ,
હવે તું નાખ ના કાપી, અરે, ઓ, મોત મસ્તાના!
હજી તો ખેલવું બ્રમવું, મધુરા રસ લઇ જમવું;
શું આ દેહને તજી મરવુ? અરે, ઓ, મોત મસ્તાના!
હમારા હેતના બ્હાણા, કરીને ઇશ્કના દ્હાણા,
હજી તો વહેગવાં વાણા, અરે, ઓ, મોત મસ્તાના!
હજી ઘીંચવું પ્રિયા સગે, હૃદયના ઓ નવા રંગે;
પ્રીતમની નાવ ભરજંગે, અરે, ઓ, મોત મસ્તાના!
મધુરી ઇશ્કની આશા, તણા પડયા ગળે ફાંસા,
ફેંકીયા મૃત્યના પાસા, અરે, ઓ, મોત મસ્તાના!
દૂર થા મોતના ઓ કાળ, પ્રિયાને તું ભરાવે ફાળ?
ના બાપુ નિકળ તત્કાળ અરે, ઓ, મોત મસ્તાના!

"B V. M."

મી૦ "મશરેક" તરફનો એક ખુલાસો.

"મુંબઇ—મ્હાલ" અઠવાડીક પત્રના ૧૯૨૧ ના સાવનાં ધરાકો જેઓ મ્હારી પર લખી પુછપરછ ચલાવે છે તેઓને અત્રેથી લખી જણાવવાની રજા લઉં છું કે "મુંબઇ–મ્હાલ" મેં વેચી નાખ્યુ છે અને ૧૯૨૧ ના "મુંબઇ—મ્હાલ" ના લવાજમો મેં વસુલ કીધાં નથી. એટલે મ્હારી સાથે કશું લાગતુ વળગતુ નથી. પુછ ારછ ચલાવનારા બાનુ ગ્રહસ્થોએ ગયે સાલના લવાજમો વસુલ કરનારની પોતાની સાથે પત્રવહેવાર ચલાવવાની તકલીફ લેવીજી. એજ અરજ.

લી૦ દુવાગીર સેવક,
સોહરાબ શહેરિયાર ઇરાની, "મશરેક."

લખી, મુંબઇ તા૦ ૧૭—૧૦—૨૨

Established 3rd January 1921.

ધી નેશનલ ડાઇંગ કું૰.

સાહી બનાવનારા તથા લીડીંગ ગારમેન્ટસ ડાઇંગ કોન્ટરાકટર્સ.

૯, બા૰ ગોવાળાયા ટેંક રોડ, નવરોઝ કંપની પાસે, મુંબઈ.

P. A. KOTWAL,

Late Dyeing Master & Salesman:-

The Actien-Gesellschaft Fur Anilin Fabrikation Berline Aniline Co., Ltd. (German Firm.)
The National Aniline & Chemical Co. Incorporated in the U. S. A. (American ")
The John Bruce Murray, Sons & Co. Glasgow...(English ")
The Prajjee Soorji & Co. ... ... (Indian ")

હમારે ત્યાં પારસી ડાઇંગ માસ્તરની જાતી દેખરેખ હેઠળ છેલ્લામાં છેલ્લી સાયન્ટીફીક રીતે દરેક કપડાં રંગવામાં આવે છે. હમારા ડાઇંગ માસ્તરને આસરે દશથી વધુ વરસોનું રંગવાનું અનુભવ છે, અને તે તમને મોટી ખુશી સાથે રંગોને લગતી સંપુર્ણ સમજણ આપશે.

તમારે ફકત એક કાર્ડ નીચે સહી કરનારને લખવાનું છે, બાકીનું બીજું બધું (ઘેર બેઠા લેવા તથા આપવાનું) તમને સંપુર્ણ સંતોષ મળે એમ હમો કરીશું. હમો મોટી ખુશી સાથ હંમેશા તમારી સેવામાં હાજર રહીશું.

હમો છીએ તમારા તાબેદાર સેવકો,

પે. અ. કોટવાલ.

મેનેજીંગ પ્રોપ્રાઇટર, ધી નેશનલ ડાઇંગ કું૰.

તુટેલું જીગર !

કે

મનોમન સાક્ષી !!

દુઃખી વારતા.

લેખક:- પાદશાકર.

Beneath the Curtain of each atom, Lies Concealed—
The life-increasing Beauty, of the Beloved

Gulshan-i-Raz.

કુદરતી અને કૃત્રિમ સૌંદર્યથી પ્રકાશી રહેલા, નગરશ્રેષ્ઠ અને 'ફેશનેબલ' વાલકેશ્વર ખાતેના એક ભાતભર યુરોપિયનના વિશાળ અને સુશોભિત-બગિચાઓથી વીંટળાએલા-ઇટાલીઅન બનાવટના-અચ્છા રેસ્ટથી શણગારેલા બંગલામા એક મોટી ને મોજીલી મંડળી કોઇ શુભ ટાંકણું ઉજવવા જોગી મળી હતી. સુન્દરતામા ડોલતી અનેક યુવતીઓ, શ્રીમંતાઇના પોલા ઢાઢવાળી અનેક ઐસ્કી સુન્દરીઓ તેમજ મુબાઇ શહેરના આગેવાન અને ઓધ્યેદાર 'સાહેબ લોકોનો ત્યાં મોટો જમાવ થયો હતો.

પ્રયોકત્રક લાઇટની કડી પણ આંજી નાંખનારી ઝબુકદાર રોશનીવાળા અસંખ્ય ઝુમ્મરોની જોગી રોશની, દિવાનખાનામાં ખરા બપોર જેવો પ્રકાશ ફેલાવી રહી હતી. ગાવાબજાવાની તથા નાચરંગની ધુમ પુર જોશમા પમરાઇ રહી હતી. જેમ મનુષ્યની ફરતી પંક્તિઓ જેવી સુન્દરીઓ, અને કાળાં વાદળાંવાળા આકાશમાં અથડાતા બરફનાં ડુંગર જેવા જણાતા-ભિન્નભિન્ન પોષાકવાળા, સદ્ગૃહસ્થોનો સામટો જમેલો, આજના આનંદમાં, ને વાલકેશ્વરના સૌંદર્યમાં ખરેખરો ઉમેરો કરી, જખનો વખત સોડા લેમનને ગાર્યમ, તો ચહા-કોફી ને કોકોની લહજ્જત લેતા લેતાં, જુદી જુદી જાતનાં ટોળ ટપ્પા ચલાવતાં હતાં. જેમા તે વખતે પુર જોશમા ચલી રહેલી અફગાનોના જંગલી મુલકની ઔરતોએ અફગાન વોરની વાતો ગરી મસાલા સાથે જ્યાં ત્યાં ઉડી રહી હતી, અને અંગ્રેજી

ફ્રેન્ચે પ્રસંશાપાત્ર કૃતેહ મેળવી હતી તેની ચર્ચા દિલ ઉશ્કેરનારી ઢબે ત્યાં ચાલી રહી હતી. આ સઘળા પ્રકારના આનંદે આખી મંડળના એકએક જણને આનંદ-આશ્ચર્ય ને ઉમંગમાં ગરકાવ કરી મેલ્યાં હતાં. તે આલિશાન મકાનનો જુવાન પણ માતબર માલીક પણ પોતાની સુન્દર પત્નિ સાથે ધાર્યા કરતાં પણ વધુ ખુશાલી પથરાઇ રહેલી જોવાને પોતાને ભાગ્યશાળી ગણતો-હર્ષથી ઉભરાઇ જતા કલેજે, જ્યાં ત્યાં ફરતો ને દરેકને જોઇતી સગવડો ને સુખ શાંતિની જોગવાઇ કરી આપતો.

ત્યાં એકકી થયેલી નખરાબાજ નાજનીઓમાં એક સુન્દર અને લાવણ્યમયી સુન્દરી પોતાની ગાવા બજાવવાની કુશળતા માટે, સૌથી વધારે પ્રખ્યાતી પામી હતી. અને તેથી આખા મેલાવડાએ તેને-'પીયાનો' વગાડવા અને પોતાના મધુર કંઠના મીઠા આલાપો ગાઇ સંભળાવવાનું આમંત્રણ કરીને, ખાસ કરીને "ધી બેન્કસ ઓફ ધી એલન વેાટર" નામનું એક સુન્દર સ્કોટિશ ગીતગાવાની બહુજ ખેંચ કરી રહયાં હતાં.

થોડા વખત સુધી તો તેણીએ જીવને નહી ગમવાનું કારણ બતાવીને માથું દુખવાનું બહાનું બતાવીને, અને છેવટે પોતાનું ગજું આજ બરોબર નથી અને શરદી થવાનું-એમ અનેક બહાના બતાવી આજે પોતાની ગાવા બજાવવાની નાપસંદગી સ્પષ્ટ શબ્દોમાં દર્શાવી-અને ઉદાસીનતાનો નહી-પણ ગભરાટનો ખુલ્લો ભાવ તેના વદન મંડળપર પથરાઇ રહયો હતો, જે તેનાં દેખાડેલાં કારણોને ખરેખર ટેકો આપતો હતો.

શું તેણી દુખી હતી ?

નીરાશાને શાંતિની મુર્તિ, આખરે ઘણા આગ્રહને વશ થઇ, પીઆનો પર બેઠી; થોડીવાર નામરજીના સ્પષ્ટ દેખાવે તેણીએ ચાવીઓ પર પોતાનાં સુકોમળ આંગળાં ફેરવ્યાં-પણ ધ્રુજતાં, તો પણ તે ચાવીઓમાંથી નીકળતા અવાજે તેણીનું દિલ ઉશ્કેર્યું. અને તેથી The Banks of the alenW ater, ની ચિત્તાકર્ષક રાહ પોતાનાં આંગળાં દોડાવ્યાં. અને ખરેજ એક દિલ ઉશ્કેરનાર ગીત તેણી ગાતી હતી. કેવું સુરીલું અને ભાવભર્યું સંગીત ?

હવે બધાં તેની આસપાસ વીંટળાઇ વળ્યાં. ને બધે શાંતિ પથરાઇ રહી. તેણે ઘણાજ કોમળ ને અસરકારક અવાજે તે નાનકડુ ગીત ગાવાનું શરૂ કર્યું. તે ગાયનના નીચલા બોલો-

"For his bride, a soldier Sought her, a winning toung had he-"

તેણીના બોલોમાંથી gતર્નાજ બહાર પડયા હતા, તેવામાં તેણીની આસપાસના સઘળાઓની અજાયબી વચ્ચે, તેણી વગાડતી ને ગાતી અટકી ગઇ, અને પીઆનો પરથી પોતાનાં આંગળાં ખસેડયા વિનાજ-તદ્દન ખાલી દેખાવ સાથેજ સ્થિર નજરે કાંઇ ટીકતી દેખાઇ, અને તેજ વખતે તેના ગુલાબી ગાલ પરનો ગુલાબી રંગ તદ્દન ઉડી જઇ, ભયંકર ફીકકાશ ત્યાં છવાઇ ગઇ, ને-પોને આખા આરસના ટુકડામાંથી કોરી કાઢેલી મુર્તિ માફક સ્થિર-જડ થઇ ગઇ, અને આખી મીજલસની બારે અજાયબી વચ્ચે, એજ હાલતમાં સ્થિર અને બીનની હાજરીથી તદ્દન અજાણપણે તેણી તેજ હાલતમાં થોડી વાર બેસી રહી.

તેની મોટી બહેન, ગભરાઇ જઇને તેની પાસે દોડી આવી, અને પોતાનો હાથ તેણીના ખભાપર મુકી તેને જાગ્રત કરવા ધીમેથી બોલી-"એન! બ્હાલી એન ! શું છે ! એમ...શું

કરે છે?" પણ કાંઇપણ જવાબ મળ્યો નહિ. પણ થોડી વાર પછી પોતાની આંખો જરાપણ ખસેડ્યા વગર તેણીએ એક કાન ફાડી નાંખે એવી તિક્ષ્ણ ચિચીઆરી પાડી. બધાં તે સાંભળી ઘડીભર સ્થિર થઇ ગયાં.

"બ્હેન! બ્હેન! બ્હાલી એન! શું છે? તારા જીવને ગમતું નથી?" એમ પાછું તેની ઘડીજંતી બ્હેને પુછ્યું. ને તેને સચેતન કરવાના ફોકટ પ્રયત્ન કરવા લાગી. એન તેને સાંભળતી કે જોતી નહતી! સ્થિરપણે તેની આંખો ચોકકસ જગાએ ચોટેલીજ રહી. અને પછી જાણે કેટલો કગકમાટ તેની નજરે પડતો હોય તેમ તે ઉધડતી ને વધુ પહોળી થતી ગઇ. આ દેખાવથી બધાંજ હવે મુંઝવાડામા પડી ગયા. ને અંદર અંદર બોલવા લાગ્યા –

"એને કાંઇ થઇ ગયું–એનો જીવ ફરી આવ્યો–ચક્રમ થઇ ગઇ છે–કોઇ જરા પાણી તો છાંટો–ઓ ખુદા! કેટલું અજબ જેવું! કેવી છાતી ચીરી નાંખે એવી ચિચીઆરી?"

આખરે તે બેહોશ અબળાના હોઠ હાલતા જણાયા. પરવાળાં જેવા હોઠમાથી કાંઇક વચન પુરુષો વેરાવા લાગ્યા–પણ તેના ઉચ્ચાર પ્રથમ તો કોર્ટના રહમજરવામા ન આવ્યા. પણ હળવે હળવે નીચલા બોલો તેની નજીકમાં ઉભેલાઓના કાને આથડયા "ત્યાં, ત્યા, પેલાઓ આવે છે, ફ્રાનસ લઇને જોવા! ઓ! તેઓ મુવેલાઓને તપાસે છે! પેલા ઢગલાઓમાં તેઓ જુએ છે! અરે જુવો! નહિ! નહિ! અહિં જુવો પેલો એક ઢગલો! તેમા એક છે! એકને તેઓ જુએ છે. ત્યાં! ત્યા! ઓ! તેજ! તેજ! એ તેજ છે! ઓ કેવો કમકેમાટ! અરે કેવો ભયંકર દેખાવ! અરે! છાતીમાં આરપાર વિંધાયલો!" એટલું બોલી, એક લાબુ ડચકું ખાઇ, પોતાની બ્હેનના હાથમાં બેહોશ થઈ પડી તેના ચહેરાપર દિલગીરીની સજ્જડ છાપ છપાઇ!

ધીમે ધીમે દિલગીરી ભર્યા ચહેરે સૌ વિખરાયા. તે મકાનનો જુવાન માલીક શાંત ઉભો. થોડી વારમાંજ એનનો પિતા ત્યાં મારતી મોટરે દોડી આવ્યો ને પોતાની મોટરમા–પોતાની બ્હાલી બેટીને પોતાને બંગલે લઇ ગયો. બેહોશ એન બાધા કે પીધા વિના બોલ્યા કે ચાલ્યા વિના ત્રણ દિવસ પથારીમાં બેસુધ પડી રહી. ત્રીજે દિવસે એનના પિતાને નામે એક તાર વોર (લડાઇ) ખાતાના સેક્રેટરી તરફથી મળ્યો. કે "એનનો અદરાયલો "લવર" વહાલો બાવીંહ બાયલ થયો હતો. ને તે છાતીની આરપાર વિંધાયો છે."

એનનો આ લવર થોડા વખતપરજ લડાઇના મુખડાપર લેફટેનંટ તરીકે ગયો હતો. ને ઘણીજ બહાદુરીભરી લડતને અંગે તેને માનવંતા જોતાજોથી નવાજવામા આવ્યો હતો– પણ કમનશીબે બિચારો બાયલ થઈ પડયો હતો. તે એનને પ્રાણથી પણ વધુ ચહાતો હતો. ને એન પણ તેના પર મરી ફીટતી હતી. ને પ્રેમ–પવિત્ર પ્રેમ! આહ! જવાદો એ વાત! એનાં કાંઇ જુદાંજ ચોડાં હોય છે. તેનો તમે કયાં નથી જાણતા ભલા? પ્રેમ તારી બલિહારી જુદીજ છે! એનના સ્મરણમાં ને સ્મરણમાંજ તે જીવતો ને લહડતો. અહિં એન પણ એજ કરતી.

બરોબર એક મહીનો ને સત્તર દિવસે એન સાજી થઇ ફરવા લાગી. આજ એનની તંદુરસ્તી સુધરવાની ખુસાલીમા એક નાનું મંડળ તેજ મોટા આલિશાન મકાનમા મળનાર હતું. કારણ તેથી એનના જીવને જરા રાહત મળશે એમ તે મકાનનો જુવાન માલીક ધારતો હતો. બરાબર રાત્રે નવ વાગે મંડળ મળ્યું. સાદી પણ ગંભિર આ મીજલસ ચાલુ થવાની થોડી વાર આગમચ એકદમ ને મકાનના દરવાજા પાસે એક ગાડી આવી ઉભી. એન ફરી બેસુધ થઇ

ગઇ. ને હસતા ચહેરે આખો મીંચી બોલી–"ઓ! જુવો! જુવો! આવ્યા! તેઓ આવે છે! પોલ આવે છે!"

ફરી સૌ ગભરાયાં–પણ સૌની અજાયબી વચ્ચે, બોચ એક કાર્ડ લઇ દાખલ થયો. તે કાર્ડ પર નીચલું નામ હતું. "મેજર જનરલ પોલ" આવનારે આવતાંજ એનનું માથું પંપાળી, પોતાના હાથમાં ઉચકી લીધી, ને તેને અતિ ઘણા વહાલથી ચુમીઓથી ગુંગળાવી નાંખી. એન જાગ્રત થઇ પોતાના વહાલા પોલનો ચહેરો ટીકતાં બોલી–"વ્હાલા પોલ કયાંથી આવ્યો? મ્હેં તને પાંચ મીનીટ પહેલાંજ જોયો હતો."

પોલે સઘળો ખુલાસો કર્યો. હોસ્પીટલમાં તે જલદી સાજો થયો હતો. ને તુર્તજ આરામ લેવા તેને રજા આપવામાં આવતાં તે મુંબાઇ ખાતે ઉતરી પડયો હતો–જ્યાં પોતાનું ગાનીતું ખુલ્લમખુલ્લ હતું, બેઉ પ્રેમી પંખેરાના અજાણ જોવા ફિરસ્તાઇ પ્રેમેજ આ બનાવ બનવા પામ્યા હતા. સાદો મેલાવડો અતિ આનંદદાયક મેલાપડાના રૂપમાં ફેરવાઇ ગયો. ખુલાસામાં અજાયબી તો એજ હતી કે જે વખતે એને ચીસ પાડી તેજ વખતે પૉલ ધોડાપરથી ધબાઈ મુડદાં વચ્ચે પડયો હતો ને તેને રાત્રેજ ફ્રાનસની મદદ વડે શોધી કાઢવામાં આવ્યો હતો. પોલની ડાયરીએ આ ખુલાસો કર્યો હતો. પ્રેમનું કેવું જવલંત દ્રષ્ટાંત? બે હૃદયો એક એકાકાર હોય–પ્રેમની સાચી સાંકળે સંકળાયેલો હોય–મનોમન ભિન્ન ન હોય–તો હજારો ગાઉના અંતર છતાં બે હૃદયો નૃછકજ સાંભળવાં: મનોમન સાક્ષીનું અદ્‌ભુત–જવલંત દ્રષ્ટાંત–

એનનો પિતા દોડતી મોટરે આવી લાગ્યો–પણ બેશુધ્ધ એનને લઇ જવા નહીં પણ બે શુધ્ધ પવિત્ર સાચાં પ્રેમીઓને લઇ જવા માટેજ. ઘણાજ આનંદ અને સોના હર્ષ પોકારો વચ્ચે એન ને પોલને લઇ તે મોટર એનના પિતાના બંગલે ઉપડી ગઇ. ખરેખર:–

પ્રેમો જયતિ સર્વથા! Love Conquers all. પ્રેમ એ પ્રભુ છે!

આજના નવા વર્ષના મુબારક પ્રસંગે સૌને આવો આનંદ મળો:

બહાર પડી ચુકી છે

મી૦ દારાં કાપડીયાની એક ફાંકડી નવી નૉવેલ

એક લોહીના!

કીંમત રૂા. દોઢ પોસ્ટેજ જુદું.

લખો:—મી૦ દારાં કાપડીયા,

C/o "નવરંગ" પ્રીન્ટીંગ પ્રેસ, બન્દર ગેટ, ફોર્ટ, મુંબઇ નં૦ ૧.

પરાક્રમની પરાકાષ્ટા.

લગભગ ૪૦ વર્ષો થયાં

આખી દુનિયામાં પુણ્ય કૃતેહ મેળવનારી.. લાખો સર્ટીફીકેટોવાળી—તંદુરસ્તી, તાકાત અને લાંબી જીંદગી આપનારી તદ્દન વનસ્પતિની

આંતકનિગ્રહ ગોળીઓ

નબળાં શરીરને બળવાન બનાવે છે, પાચનશક્તિને સુધારી દસ્તની અટકાયતને દુર કરે છે અને લોહી તથા ધાતુના વિકારોનો નાશ કરી શરીરને તેજસ્વી કરે છે. બરેબરી જશનામી છે અને તેથી જ લાખો દરદીઓના આશીર્વાદ પામી છે.

કીંમત:—૩૨ ગોળીની ડબ્બી એકનો રૂપિયો એક વધારે વિગત જાણવા માટે પ્રાઇસ લીસ્ટ મંગાવી વાંચો અને વાકેફ થાઓ.

વૈદ્યશાસ્ત્રી મણિશંકર ગોવિંદજી.

મુબઈ—બ્રાંચ,
કાલબાદેવી રોડ.

આતંકનિગ્રહ ઔષધાલય.
જામનગર—કાઠિયાવાડ.

જસમાઈનનો આયોડાઈઝડ

સારસા પરેલા.

લોહી સુધારી નિરોગી અને જીંદગીની મઝા ભોગવવાને શક્તિવાન બનાવવા માટે આ જસમાઇનનો સારસા પરેલા જરૂર વાપરજો પ્રમેહ, ચાંદી, વિસ્ફોટીક, અને બીજા ગરમીનાં દરદોમા પેહેલા નંબરની દવા છે. સબીવા ઉપર તેનો ગુણ અજબ જેવો છે. બસ, લુખમ, દરાજ, બરજવાં ગડગુમડ, કંઠમાળ, કોઢ, અને એવા અનેક દરદો ઉપર આ જસમાઇનનો સારસા પરેલા ખાસ કરીને વાપરવા લાયક દવા છે દમ, ખાંસી, અને છાતીનાં દરદોમાં ઘણોજ ફાયદાકારક છે કીંમત રૂ ૧।। વી. પી થી રૂ. ૧।।।= ત્રણ શીશીના રૂ. ૫)= અને ૬ શીશીના રૂ ૯)= વી. પી. સહીત.

દરેક દવાના વેપારી પણ તે વેચે છે.

લખો—અમૃતબિંદુ ઓફીસ—નડીઆદ.

બાહર પડી ચુકી છે.

પારસી, બોળા, બોહરા, હીન્દુ, મુસલમાન ગ્રહસ્થો અને તેમની મુબારક ફેમીલીમાં વાંચવા વંચાવવા લાયક

"મશરેક"ની લખેલી અતીષ્ય રમુજી નવી ગુજરાતી નોવેલ

"પરસ્તાને—પાગલ."

બસો સફા! સુંદર છપાઇ। પુલ કલોથ બાઉન્ડનું સુનેરી એમબોસ્ડ પુઠું! ત્રામ કે, ત્રેનની મુસાફરીમાંથી સાથે રાખીને વાંચી શકો તેવી સગવડ સાથનું રમકડા જેવું! પીસ્તાલીસ રમુજી સ્કેચીઝનું!

બોધદાયક સુંદર પુસ્તક.

☞ આ રમુજી પુસ્તકના એકકે એક સફામાં "વીટ" કે "હયુમર" જણાશે—નીરદોશ રમુજ દેખાશે—તમ્હે વાંચતા વાંચતા ખુબ હસશો—અને તમ્હારી મુબારક ફેમીલીમાં ઘણી ખુશીથી વાંચવા આપશો કેમજે તે બીલકુલ નીરદોષ, બહુ હાસ્યજનક, ઉપરાંત અતિ બોધદાયક છે.

☞ મુંબઇના ધરાકો જેઓ હાથોહાથ પુસ્તક લેનાર હોય તેમને મુંબઇના જાણીતા બુકસેલરોને ત્યાંથી, કોટમાં બજારગેટ સ્ટ્રીટમાં આવેલા નવા છાપખાના "Express Printing Press" માંથી, અને ક્રાફર્ડ માકેટની અંદરના નાડપાન વેચવાના **મી૦ સોહરાબ શહેરિયાર** ધરાનીના બગીચામાંથી રૂપ્યા બેની કીમતે મલી શકશે.

☞ મુંબઇના અને બાહરગામનાં ધરાકો જેઓ પોસ્ટથી મંગાવવા માંગતા હોય તેઓએ નીચલે સરનામે લખવું, પુસ્તક રૂપ્યા સવાબેના વી. પી. થી તુરતજ મોકલવામાં આવશે:—

સોહરાબ શહેરિયાર, "મશરેક"

ભીમરડીવાલા હાઉસ—ધોબીતલાવ, નવા આતશબેહેરામ પાસે,

મુંબઈ.

"નવરંગ મ્યુઝીક ગાઇડ."

લખનાર:—દીનશાહ એ. સંજાણા.

રાગ—ભૈરવી.

(સાખી)

ભાઈ ભાગ્યની ગાડીયે ઉધમ ને અભિમાન
જોડયા એ બે બળદીઆ નસીબ ગાડીવાન

સુખ દુઃખે ભરી આ મુસાફરી
કરમે જે ઠરી કરવાની પુરી
નહીં વધે ઘટે તેમા જરી
જીવની શકિતને પ્રબળ બુદ્ધી

કાં ગણ્યો તમામ નકામાં?
નકામા તમામ એ નકામા ન થાઓ બાપુ સામા.

(સાખી)

જીવ ભાગ્ય ફળ ભોગવે પુર્વ કર્મ અનુસાર
વાવેતર આ જન્મનું બીજે જનમ આનાર

ચાહે તે કરે ને મથી મરે
ભાવીના ફરે કોઇ દી બરે
જે લખ્યા લેખ તે ઉતરે
સદ્ર બીચાર સાધન પ્રયત્ન

કાં ગણ્યો તમામ નકામા?
નકામા તમામ એ નકામા ન થાઓ બાપુ સામા

(ભાગ્યોદય.)

ભા ... .. ધ	ભા ગ ની	ગા	ડી યે
ગ મ પ પ	પ પ પ	મ પ ધ ધ ધ	
× ×		× × × ×	
	એ	ઉ ધ મ ને	અ ભી માન
	પ ધ ની ધ પ	ની ધ પ મ	ની ધ પ
	× × ×	× × ×	× ×

ઓ ઓ ખ લ દી યા
મ મ મ ગ રે સા
× × × × × ×

ન સીં ખ ગા ડી ... વાન
સા સા ની સા ની ધે પ
—— × ટી × ×
ટી

આ ... ...
ધ ની સા રે સા
× × ×
——
ખ

મુ ખ ડુ બે ભ રી આ મુ સા ફ રી
સા સા સા સા સા ની ની ની ની
—— —— —— ટી × × × ×
ટી ટી ટી

ફ ર બે જે ઠ રી ફ ર વા ની પુ રી
ની ધ પ પ પ પ પ પ ધ ની ધ પ
× × × × ×

ન હી વ ધે ધ ટે તે માં જ રી
મ ગ મ મં મ ગ રે સા
× × × × × ×

છ વ ની શ કતી ને ફ ર મ ખુ ધ્ધી કાં
સા પ પ પ પ પ સા પ પ પ પ પ

ગ ણે તા ... મ ન કા ... માં
સા પ પ પ ધ ની ધ ની ધ પ
× × × × ×

ન કા મા ત મા ... મ ઓ ન કા મા
ગ ગ ગ ગં મ પ ગ મ ગ ગ ગ
× × × × × × × ×

ન થા ઓ બા ... પુ સા ... મા
રે સા રે ગ મ ગ સા રે સા
× × × × ×

(બીજો અંતરો એજ માફક વગાડવો.)

ધર્મ.

લેખક–ધીરજ.

સંસારમાં ધર્મ–ફરજ એ એક એવી જવાબદારી પરમાત્માએ મુકેલી છે કે તેના સિવાય કોઇ પણ સ્થળ બાકી નથી. આકાશ, પૃથ્વી, ફળ, ફુલ, સૂર્ય, ચંદ્ર, પશુ, પક્ષી, પહાડ, મેદાન, નદી, નાળાં વગેરે તમામ દૃશ્ય–અદૃશ્ય વસ્તુઓના કાંઇ ને કાંઈ ધર્મ નિયત કરેલા છે. અણુ અણુના કર્તવ્ય ભોજુદ છે, અને તેથી પ્રતીત થાય છે કે ઇશ્વરે કોઇને ધર્મ વિહીન રાખેલ નથી. તે એટલે સુધી કે સ્વયંપણ નિયમથી રહિત નથી! આથી તે ધર્મપાલન કરનાર ઉપર બહુ પ્રસન્ન થાય છે, અને તેનું ફળ આપવાની કૃપા કરે છે. ધર્મજ તેને સર્વથી અધિક વહાલો છે. અને એ સત્ય પણ છે, કારણ કે જે ધર્મનું પાલન કરે છે તે સુખી થાય છે, અને તેથી વિરૂધ્ધ વર્તનાર દુઃખી થાય છે. ધર્મ–ફરજનુ જેને ભાન નથી એવો માણસ પોતે દુઃખી થાય છે અને જગતને હાનિ પહોંચાડે છે.જે પોતાનો ધર્મ સારી રીતે સમજે છે, અને તેનું બરાબર પાલન કરે છે તેને ધન્ય! પરમાત્માના પ્યારનો તે અધિકારી છે.

સમગ્ર બ્રહ્માંડ ધર્મના આધાર ઉપર સ્થિતિ છે. એક એક વસ્તુને જોવાથી પરમાત્માની વિચિત્ર રચના ઉપર આશ્ચર્ય ઉત્પન્ન થાય છે અને અદ્વિતીય કારીગરી, બુધ્ધિમતી–દુરદર્શિતા તથા સુયોગ્ય યોજના હૃદયમાં જડાઇ જાય છે. સૃષ્ટિનો એક પણ અણુ જો પોતાની ફરજ છોડી દે તો જગતમા અવ્યવસ્થા થઇ જાય, પરંતુ કદી પણ એમ બનતુ નથી. પરમાત્માના નિયમ અટળ છે. તેનાં નિયત કરેલા કર્તવ્ય–ધર્મ અબાધિત છે. પ્રાચીન કાળથી આજ સુધીમાં સવાર–સાજ, રાત્રો દિવસ નિયમિત થયા કરે છે. જમીનથી અન્ન અને બીજથી વૃક્ષ પેદા થાય છે. દરેક બાબતમાં નિયમિતતા છે. જો આપણી દૃષ્ટિમા કાંઇ ફેરફાર માલમ પડે તો તેમા આપણીજ ગેરસમજ છે એમ માનવું નિયમોમાં જો ભુલ કરીએ તો તેનું ફળ આપણે ભોગવવુંજ પડે. ગંદકી અધિક કરવાથી રોગનો ઉપદ્રવ ફેલાય, બોટાં વ્યસનોથી નિર્વિર્યતા પ્રાપ્ત થાય, અયોગ્ય આહારવિહારથી દુર્બળતા આવે, અજ્ઞાનમાં પડી રહેવાથી જડતા ને મુઢતા મળે વગેરે બાબતોમાં પણ ઇશ્વરના નિયમો અટળ છે. જ્યારે બ્રહ્માંડનો પ્રત્યેક અણુ પણ ધર્મથી અલગ નથી, ત્યારે મનુષ્ય–સર્વશ્રેષ્ટ પ્રાણી તો ધર્મથી કેમ પૃથક હોઇ શકે? તે તો સર્વથી અધિક કર્તવ્યને આધિન છે

પરમાત્માએ મનુષ્યને સર્વથી અધિક બુદ્ધિ આપી છે, અને એમ કરીને તેને સ્વતંત્ર વિચાર કરવાની શક્તિનો અધિકાર આપ્યો છે, આથી તેની ફરજ છે કે તેણે પૂર્ણ વિચાર કરીને પોતાનું કર્તવ્ય બજાવવું જોઇએ. સૃષ્ટિની વિચિત્ર રચના જોઇને ઋષિમુનીઓએ નિશ્ચિંત કર્યું છે કે સંસારમાં સુખેથી જીવન વ્યતીત કરવા સારૂ સનિયમ કર્તવ્યોનું હોવું આવશ્યક

છે. માણસ જ્યાં સુધી પોતાની ફરજ નહી સમજે, ત્યાં સુધી સુખ પ્રાપ્તિ થઇ શકશે નહિ. ઇશ્વરે નિર્ણિત કરેલા ધર્મ સીવાય મનુષ્યને પરિસ્થિતિને અનુરૂપ હંમેશ નવાં નવાં કર્તવ્યો ઉદ્‌ભવતાં જાય છે, અને તે પણ તેણે નિષ્કામ ભાવનાથી કરી મનુષ્ય જીવનને દૈવી બનાવવા પ્રયાસ સેવવા જોઇએ. ફરજ બજાવવામાં જે સુખ અને આનંદ રૂહેલાં છે તે બીજા કશામાં નથી; એ સિદ્ધાંત ઉપરજ જગતમાં અત્યારે નવા નવા આવિષ્કારોનો જન્મ થાય છે. શોધક જે શોધ કરે છે, તે કેવળ પોતાને માટેજ નહિ; કિન્તુ આખા જગતના સુખને અર્થે કરે છે અને એ રીતે પોતાનો મનુષ્ય ધર્મ એ બજાવે છે.

માણસને માથે બે પ્રકારના ધર્મ છે. એક ધર્મ ઇશ્વરીય અને બીજો ધર્મ માનુષિક. ઇશ્વરીય ધર્મ એ છે કે જે ઇશ્વર તરફથી નિયત થએલો છે, અને માનુષિક ધર્મ એ છે કે જે મનુષ્યસમાજે દરેકને માટે નિયત કરી રાખ્યો છે. આ બન્ને ધર્મ એવા છે કે જો એક માણસ પણ પોતાના હરકોઇ પ્રકારના ધર્મમાંથી ચલિત થાય, તો કેવળ તેનેજ નહિ બલ્કે સારી સમાજને હાનિ પહોંચે છે, અને એ હાનિનું નિવારણ કરવામાં ઘણાએક સમયનો વ્યય થઇ જાય છે. એ કડીઓ કાંઇક એવી મજબુત જડાએલી છે કે તેમાં જો એકાદ કડી ઢીલી પડી જાય તો આખી સાંકળ નકામી થઇ જાય છે. જેઓ પોતાનો ધર્મ જાણવા છતાં તેનું પાલન કરવામાં પ્રમાદ કરે છે તેઓ સમાજ શૃંખલાને શિથિલ કરવામાં કારણભુત થાય છે. વળી વિલક્ષણતા એ છે કે પોતાની ભુલનું આળ એવા લોકો ઇશ્વર ઉપર કે સમાજ ઉપર ઓઢાડે છે. વિવેકની ખામિનું અને દ્રઢ મનોબળના અભાવનું એ બધું પરિણામ છે. ફરજ બજાવવામાં વાણીઆની પેઠે હિસાબ ગણવા બેસવું જોઇએ નહિ. મહાપુરૂષો જેના ઉપર ઉપકાર કરે છે, તેના તરફની બદલાની આશા રાખ્યા વિનાજ કરે છે. અરે, સમાજ તેને નિંદે, ગાળો દે, ઉપેક્ષા કરે તો પણ પોતાને જે ખરી નિષ્કામ લોકસેવાની વૃત્તિ ઉદ્‌ભવી હોય છે, તેને વૃથા જવા દેતા નથી.

એક કથા છે કે એક સાધુ નદીમાં સ્નાન કરી રહયા હતા. સહસા એક વીંછી પણ પાણીમાં કુદી પડયો ને ડુબવા લાગ્યો. જ્યાં મહાત્માના શરીરનો તેને સ્પર્શ થયો ત્યાં તેણે ડંખ માર્યો. સાધુ ચમકી ઉઠયા અને વીંછીને હાથથી તરછોડી પાણીમાં નાંખી દીધો; પરંતુ જ્યારે જોયું કે તે પાણીમાં ડુબી જાય છે, ત્યારે ઝટ હથેલી ઊપર ઉપાડી લીધો. દયા કરવી, જીવ બચાવવો એ ધર્મનાં લક્ષણ છે. વીંછી જેવો હથેલી ઉપર ચડયો કે તરત તેણે ડંખ દીધો. સાધુ પીડાથી કંપી ઉઠયા અને એકદમ હાથ તરછોડી નાંખ્યો. વીંછી પુનઃ પાણીમાં પડયો. વળી તેને ડુબતો જોઇ સાધુએ બીજા હાથ ઉપર તેને ઉપાડયો; કિન્તુ વીંછીએ ફરીને પણ ડંખ માર્યો અને સાધુના હાથથી તે પાણીમાં જઇ પડયો. મહાત્માએ પુનઃ દયા આણી તેને બહાર લાવવા ઇચ્છા કરી. એક પુરૂષ કિનારે ઉભો ઉભો આ જોઇ રહયો હતો તે હસીને બોલ્યો–'મહાત્મન ! આપ આ શું કરી રહયા છો ? આવું વ્યર્થ દુઃખ શા માટે ઉઠાવો છો ? તે ત્રણવાર આપને ડંખ મારી ચુકયો; છતાં આપ ચોથીવાર તેને ઉઠાવવા માટે તૈયાર થઇ રહયા છો ? તેને ડુબવા શા માટે નથી દેતા ?' મહાત્માએ હસતાં હસતાં કહ્યું–'ભાઇ, તે પોતાના ધર્મ ઉપર આરૂઢ છે. જાન જાય પણ ધર્મ ન જાયે તો પછી હું કેવી રીતે ધર્મથી ડગું ? ડંખ મારવો એ વીંછીનો ધર્મ છે અને તે બજાવે છે, તેવીજ રીતે દયા કરવી એ મારો ધર્મ છે. હું તેને શા માટે છોડું ? એક ડંખ તો શું પણ લાખ ડંખ થાય તથાપિ મનુષ્યે ધર્મ

પાલનનું કોઇની પરવા કરવી જોઇએ નહિ. આખરે તે મહાત્માએ ઘણાએક ડંખો વેઠીને પણ તે વીંછીને કિનારે લાવી મુકયો. ખરેખર આવી રીતે ધર્મ પાળવો આવશ્યક છે. માણસને ધર્મને અર્થે લાખો કષ્ટ પડે તે સહન કરીને પણ ફરજ અદા કરવાનું ધર્મશાસ્ત્રોમાં કહયું છે; કિંતુ આજ કાલ કેટલાક લોકો તે બાબત તરફ અનાદરની દૃષ્ટિએ જોતાં જણાય છે. ભારતવર્ષની પડતીનાં કારણોમાં કર્તવ્ય જાગૃતિની ખામિ એ મુખ્ય છે.

આ દેશની સ્ત્રીઓની દશા બહુજ ખુરી છે. તેઓનાં કર્તવ્યોમાં ઘણાં સ્ખલનો થએલાં છે. તેઓ ને પોતાની જવાબદારીનો ખ્યાલ રહયો નથી. જ્યાંસુધી તેઓ પોતાના ધર્મનું બરાબર પાલન કરતી હતી ત્યાંસુધી ભારતવર્ષમાં સીતા ને ગાર્ગી જેવી દેવીઓ ઉત્પન્ન થઇ હતી. અત્યારે સ્ત્રીઓ અજ્ઞાનદશામાં છે, ત્યાં દેવતની આશા કયાંથી રાખવી? તેઓ પોતાના ધર્મ શું છે એજ પ્રાયઃ જાણતી નથી! કેટલીક વખત તો તેઓ અકર્તવ્યને કર્તવ્ય ગણે છે! આમાં એકલી સ્ત્રીઓજ અપરાધિની નથી; પણ પુરૂષવર્ગ પણ અપરાધી છે. તેઓને પુરી સ્વતંત્રતા આપવામાં આવી નથી. તેમની ગણના હજુ સમાજમાં નિકૃષ્ટ દશામાં છે. જે ફ્રોજનો સેનાપતિ બુધ્ધિહીન હોય તે ફ્રોજ કપાઇ જાય છે. સમાજમાં પણ તેમજ છે; કારણ કે જેમ કોળળ વેલીઓ વૃક્ષના આધારે વિકાસ પામે છે, તેમ સ્ત્રીઓ પણ પરાશ્રયે રહે છે, એટલે તેમનામા યોગ્યતા, સુધડતા, સુશીલતા, ચારતા, ઋજુતા વગેરેના વિકાસ સારૂ પુરૂષો તરફથી ઉચિત પ્રબંધો રચાવાની જરૂર છે. તેમને કર્તવ્યદિક્ષા આપી સમાજ પ્રત્યેના કર્તવ્યોનું ભાન કરાવવાની જરૂર છે. જો એમ કરવામા ન આવે તો તેમની પડતી થાય એમાં શું આશ્ચર્ય? છતાં જે સ્ત્રીઓ કેળવાએલી હોય તેમનો ધર્મ છે કે તેમણે પોતાની દેશબંધિનીઓને કર્તવ્યનો મહામંત્ર આપી ધર્મજાગૃતી કરી જોઇએ. સ્ત્રીઓને માથે પુરૂષો કરતા ઓછી જવાબદારી નથી. સંતાનસંગોપન, ગૃહકાર્યદક્ષતા, આચારોત્કૃષ્ટતા, રાષ્ટ્રીયવત્સલતા વગેરે અનેક ધર્મો તેને માથે રહેલા છે. સમાજના ત્રણની તમામ જવાબદારી તો ખાસ સ્ત્રીઓને માથેજ છે. પરમાત્માએ તેમને બુધ્ધિ-શકતિ આપ્યા છે, તો તેનો વિકાસ કરી દુનિયામાં પોતાના કર્તવ્યો બરાબર બજાવવા માટે સ્ત્રીઓએ તત્પર થવું જોઇએ. વિચાર કરતાં પ્રતિત થાય છે કે તેઓનું જીવન પરસુખને માટે નિર્માણ થએલું છે. તેમનું કર્તવ્ય પ્રેમ છે. જન્મથી મૃત્યુ પર્યંત તેમનો એ ધર્મ છે કે માતા, પિતા, પુત્ર, કન્યા, ભાઇ, બ્હેન, સાસુ, સસરો, દિયર, જેઠ વગેરે સર્વની આજ્ઞા પાળી, સર્વ ઉપર પ્રેમ રાખી, તેઓના સુખમાં પોતાનું સુખ સમજવું, પોતે કલેશ સહીને પીજાને શાંતિ આપવી, સર્વને જમાડી જમવું, સર્વને સુવાડી સુવું, પતિને દેવ સમાન ગણી જીવનભર તેની આજ્ઞા પાળવી; સ્ત્રીઓના આ નિષ્કામધર્મને જોઓ ચુકાગી ગણે છે, તેઓ કર્તવ્યના ખરા સ્વરૂપને ઓળખતા નથી, એમ કહેવું જોઇએ. સ્ત્રીઓ તેમના આ કર્તવ્યમાં બહુધા ખામિ આવવા દેતી નથી, પણ કેટલેક સ્થળે કેળવણીની ઉણપને લીધે તેમાં ચુકો થાય છે, માટે તેમને કેળવણી આપી વધારે કર્તવ્યપરાયણ બનાવવી જોઇએ.

સત્ય, નીતિ, પ્રામાણિકતા, દયા, તપ અને પવિત્રતા એ બધાં ધર્મનાં સહાયક છે. ધર્મ-કરનું જ્ઞાન હોય, અને તેનું પાલન કરવાની વૃત્તિ હોય; પણ સાથે જો સત્યાદિ સદ્ગુણો ન હોય તો તે ધર્મ શોભતો નથી. અરે, એનો ધર્મ ટકી શકતોજ નથી. પ્રાચીન કાળમાં ધર્મના

પ્રચાર સાથે સદ્‌ગુણોનો પણ પ્રજામાં સારો ફેલાવો હતો. મેગેસ્થિનીસે હિન્દના જે વખાણ કર્યાં છે, તે તેની કર્તવ્યપરાયણતાને લીધેજ. એક વખત આ દેશમાં એવા વીર અને વીરાંગનાઓ હતાં કે જેઓ ધર્મને અર્થે પ્રાણની પણ પરવા કરતાં નહોતાં. સ્ત્રીઓ ધર્મરક્ષણ સારૂ જીવતાં બળી મરતી; અનેક સંકટો વેઠતી; પણ કદી અધર્મમાં પગ મૂકતી નહિ. કુટુંબ, સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેનાં પોતાનાં કર્તવ્ય વિચારીને અણીને વખતે જીવ ઉપર આવવામાં પણ ઉદાર થતી. તેમનાં બાળકોમાં એવો જુસ્સો ઉતરતો; અને એમ સમગ્ર દેશમાં કર્તવ્ય જાગૃતિનો મહામંત્ર ફુંકાતો. ભારતવાસીઓ પુરા પુર્વથી ધર્મને માટે ભૂખ્યા છે. હરિશ્ચંદ્રે આ સિદ્ધાંતે પૃથ્વિનું રાજ્ય છોડી ચાંડાળનું દાસત્વ સ્વીકાર્યું તે કેવળ ધર્મને માટેજ. પુરાણ-ઇતિહાસમાંથી ઉદાહરણો આપવા બેસીએ તો પાર આવે તેમ નથી. કર્તવ્યમાં એક એવી જાદુઇ અસર છે કે મનુષ્ય જેમ જેમ તેનું પાલન કરે છે, તેમ તેમ તેની દ્રઢતા અને શક્તિનો વિકાસ થતો જાય છે. તેનામાં ઉત્સાહ સંવર્ધક બળ આવતુ જાય છે. પરિણામે તે કર્તવ્યની જીવંત મૂર્તિ બને છે.

અત્યારે આ દેશ સંક્રાંત દશામાં છે. એક તરફ લાંબી મુદત સુધી લંબાઇ ગયેલું પશ્ચિમનું મહા યુદ્ધ, એક તરફ એ વિશ્વવ્યાપી યુદ્ધની અસરરૂપ જીવલેણ મોંઘવારી, એક તરફ ભયંકર રોગો, એક તરફ ગરીબ અને અનાથોના આર્તરવ; એક તરફ રચસંરક્ષણની ચીંતા વગેરે વગેરેથી દેશની બધી દિશાઓ દુઃખાવર્ત્ત બની ગઇ છે. કર્તવ્યપરાયણ મહાત્માઓની આ વખતેજ પરીક્ષા છે. જેના હૃદયમાં સમાજનું અભિમાન હશે, રાષ્ટ્રીય વત્સલતા હશે, રંતિદેવ રાજાના જેવી દયા હશે, પરોપકારની વૃત્તિ હશે અને ધર્મ-ફરજ અદા કરવાની લાગણી હશે તેજ આ વખતે બહાર પડી શકે. મોઢેથી કર્તવ્યનાં બણગાં ફુંકવાથી કાંઇ ધર્મપ્રિયતા પ્રતીત થતી નથી. ફરજ બજાવવી એ તો ખાંડાની ધાર જેવું કામ છે. લોકો ગમે તેવા આક્ષેપો મુકે-અવગણના કરે; પણ ખરો કર્તવ્યદક્ષ ધર્મના માર્ગમાંથી કદી ચલિત થતો નથી. તે જાણે છે કે બીજાઓ મારો દાખલો લેશે; માટે પોતાનું જીવન બહુ અનુકરણીય બનાવે છે. જેને ફરજ અદા કરવાના એક ગુણ સાથે બીજા બધા સદ્‌ગુણો પ્રાપ્ત કરવાની વૃત્તિ હોય, તેણે પ્રથમ પોતાના કામ ઉપર પ્રેમ અને શ્રદ્ધા ચોંટાડવાં, પછી તે કામમાં થતી ભુલો માટે પોતે ઇશ્વરનો અપરાધી છે, એમ ડર રાખવો અને આખરે પોતાના સહવાસમાં આવતાં મનુષ્યોને કર્તવ્યશીલ બનવાનો ઉપદેશ આપવો. મનુષ્ય માત્ર બહુધા અનુકરણશીલ છે, અને ઉપદેશ કરતાં દ્રષ્ટાન્તની અસર બલવત્તર થાય છે; માટે આત્મીય દ્રષ્ટાંતથીજ સમગ્ર રાષ્ટ્રમાં ધર્મ-ફરજનો પવન ફેલાવવો જોઇએ. પ્રભો, હિન્દવાસીઓને કર્તવ્યપરાયણ થવાની સદ્‌વૃત્તિ આપો.

"સંસારનો રંગ."

યાને

"લેખક બાપડાનો એબી અવતાર."

એક ત્રણ અંકી ફાર્સ.

લખનાર—"દીલખુશ."

પાત્રો.

દોસુ દમોરી.—એક બોલેા ભલેા પણ લેભાગુ લેખક.
શીરીન ગેરકીઃ—તેની અપ-ટુ-ડેટ ઘણીઆણી.
હોમી હાથીદાંત ઉર્ફે હાંડા માસ્તર—"માસીક ધમસાન" ના અધીપતી.

અંક ૧ લેા.

નવરોઝનેા દીવસ છે. દોસુ લખાણેાનુ પેકેટ તૈયાર કરી 'નવરંગ' લઇ વાચે છે ત્યારે શીરીન નવરોઝના કપડાં કબાટમાંથી કાઢતી ગાય છે—

કવાલી.

(અજબ હયરાન હું ભગવાન—તુમ્હે કયું કર રીઝાવું મૈયે—રાહ.)

લીધેા છે આજથી, ઓ રબ, નવાં સાલે અમલ આજે,
હું માગું છું ખરાં દીલથી—હરેક કામેા સફલ આજે.
વધેા એખલાસ હમ કેામે—અને એકસંપી પર કેામે,
કરેા નેક બુધ્ધીની બક્ષેમ—ખુદા તાયા અવલ આજે.—ટેક.

સદા સુખ શાંતી સાથે—દરાઝી ઉમ્રની પામેા,
કરેા શતોષ સમરનીથી—ખુદા તમ પર કરમ આજે—ટેક.

સદા વસજો, તમો સર પર–ખુદા ઓ પાકની ચારી,
થજો સદ્‌ગુણોની તેના–તમો દીલમાં નકશ આજે––ટેક.
છે બેહું વર્ષ જે આજે–અમનમાં વાજે ને ગાજે,
દુવા "દીલખુશ" તણી થાજો-તમોને સઉ કુશલ આજે––ટેક.

શીરીનઃ–કેમ લાલાજી, પછી તમે મને અને બુચાને નવરોઝના કપડાં તો નહીંજ અપાવ્યાં કેની ? આવો ધાતકી અને નાકદર માણેકો તો કોઇજ નહીં હોસે. આ લખવાના વેહજાં ને મુફ્‌ત મજુરીમાં શું વલવાનું છે ? ભોંસોની ?

દોસુઃ–અરે પણ નખોદ ગઇ, એક તો આવા બારીક વખતમાં નોકરી શોધી ગલતી નથી અને કાટીલ મોંઘવારીમાં વખત લેવો ભારી પડેછ તેમાં કપડાં કીયા ચુલામાંથી અપાઉં ? બારાં વરસ પર તો જાંસેલા તેના બીલબી હજી કોણ કમબખ્તને ચુકવ્યાંછ જે સપરમે દહાડે વલી નવો ટેહેલખો જગાડેછ ?

શીરીનઃ–પણ તે તો ટાકણું ઉતું ને અપાવ્યાં પણ આજે સપરમા દહાડાને માટે નહીં અપાવ્યા તો કોઇ તમારી બેન ભોજાઇના નાતરાં વખતે અપાવશો ? પૈસા નથી તો બીબ કાંય નહીં માગતા ? બારાં બાયજીએ મને પાંચ હજારની ઘેબર બરચીને પરણાવી તે આવું સુખ દેખવા કે ? લેખક થઇને પૈસાના પુંજારી અને રીતના બીખારી બન્યા ? શરમ છે.

દોસુઃ–(નાસી પારસિથી કપાળ કુટતાં અને કલેજાંની કોર પરથી જીગરના સધળાં જોર સહીત નાઉમેદીનું ગચકળું જેમતેમ સમાવતાં એક થંડી હાય મારીને):–આહ! વળી વરસ તે શું ને પતેતી તે શું ? એવા તો વરસના સત્તર તેહવાર આવે પણ વખત જોઇને વાત કરવાનું તો જાણે આજનાં રાંડીયાંઓને ભાનજ નહી મને. વળી, નખોદ ગઇ રીતની બીબ લીધી તો દુન્યાનો ધારો હતો ને લીધી અને તેબી તારાજ 'બાપ લાબ ચાલીસ' જેવા બરચોમાં પુરી થઇ ગઇ તેમ છતાં તેનું દામ તારો ગુલામ થઇ વાળવાનું મોધું પડી ગયું છ તે હવે કોણને કેહવા જાંઉ ? હુંજ રીતની બીબ લઇને ગધેડો બન્યો ત્યારે કે ? આહ! તમો અ(બળા)ઓને શું કરવા સરજ્યાં હશે ?

શીરીનઃ—લેવની, હું કેહું. અમારાં નાંજે નખરાંથી તમને આંજી નાખી જાળમાં લઇ, પરણી બુતની લેસ બંધાવી, બ્લાઉઝના બટન પોવરાવી તમને આંગળીપર નચાવવા; તમનું કલેજું કરડી બાવા અને છેવટ દાટી આવવા–સમજ્યા લાલાજી ?

દોસુઃ—(બુબ ફફડીને):–બુલ નાખી, નબોદ ગીયાં કલેજું કરડી બાઇનેજ નીકાલ લાવતાં હોતે તો, પણ આય તો રીબાવીને જીવતાં જીવતજ મારી નાખેછની ? પેલો અરદેશર આદામુંદી કહી ગયોછ તે બરંજ છે કે "મતલબને બાતર પરણવા અગાઉ એક સ્ત્રી મરદની બ્રશથી સેવા કરે છે, એટલે દગલો બ્રશથી સાફ કરે છે જ્યારે પરણ્યા પછી તલમાં તસુ! ઓછું પડતાં ઝાડુથીજ સેવા કરી તેની ધુલ પખોડી નાખે છે. વળી પેલો 'ગરબઝાંટગેઝટ'નો રાજકવિ પોતાની "બૈર ? ઓ!" નામની કીતાબે કલ્પેઆગમમાં સ્ત્રી જાતિ માટે કીરતણ કરી ગયો છે કેઃ–

"નારી તું સુખની છે બરી શરીક,
ને કોમળ તુંજ જાતિની મોટી હરીફ;

છે ચીરવે તું હુશીયાર-ને લડવે બહાદુર,
રે! જન્મેલાજ દુઃખોને કરવા ભરપુર.
નહીં સાંખે તું સુખન એક-ભગરૂર ખરી,
કુલ દુન્યાણી આપો તો, માગશેજ ફરી;
નાપાક ને બદમાશ, છે સાલેસ, શું ધુર?
ઠગારી, જુઠ્ઠી ને લુચ્ચાઈમાં પુર,
જન્મી તું, દેખાડવા દુન્યાઇ દોજખ,
સંસારમાં છે તુંજ કરામત અજબ;
નાનપણથી મર્યે પર બીછાવેછ જાળ,
કોઇ સપડાયો ઉંદુ!—તો કરેછ પામાલ;
નહીં આબદ કંઇ એવી-જ્યાં તારી તકરાર,
છે ગરજની વખતે ઢોંગી તુંજ પ્યાર;
જો, હમેશાં ફાવે છે સ્ત્રીનીજ બસ હઠ,
ને સોનું છે તેણી કાજ, કુળકુંજ બસ મત;
હા! છે ગુલાબ કલી-પણ કાટો માહે એક,
જે છેડેછ કુલ મરદના જીગરને છેક;
એ મરદના તોળા પર ભોગવવું રાજ,
છે એજ તારી ગંજા ને એજ તારી ગાસ,
ઉંઘ! ખેલવાં તુજ જોતરે-નખરાં ને નાઝ,
તન અને બદનની ઉડેછ બસ નાઝ,
પણ "દીલખુશ" કરનારો મજબુત તુંજ કોળ,
છે આખેરતો ધમધોલ અને ગાહે બસ ચોલ.

શીરીનઃ—બસ એટલુંજ? એવા કટકરી કાયીયાઓની મને દરકાર નથી, પણ દરેક માટીની ફરજ છે કે તેની હાથની ધરતીને સુખી કરવી, નહીં તો તે ધણી નહીં પણ ધોરજ કહેવાય.

દાસુ—નરમધી, જેવી વાત લાવીછ. ફરજ કરીને અને નાદારી જેલનો ગાસરો લઇનેભી સુખી કરે બૈની? દરેક સ્ત્રીની ફરજ છે કે "પગ જોઇને પાથરણું નાંખવું," જ્યારે અહીં તો ઉલટોજ ભામલો છે, 'પારો જેની ભારજા બુંડી-તેને પીડા અંતર ઉંડી' એ બૈજ છે. વલી ગુસ્તાદજી ગામડીયાણી કહી ગયા છે કે 'રાંડ-રોતલો-ને રાંડ-તે કોઇની નહીં થાઈ! વલી એજ મતલબનો ખ્યાલભી કોઇ લલકારી ગયો છે કે.—નાર કોઇની નથી થઇ નથી થવાની માનો સત વચ.' વલી જણીતો કવિ રસ્યેંગ રરરરપુચકરરરર એવી અ(બળા)ઓ માટેજ લખી ગયો છે કેઃ—

"બૈરું! ઓ ઉઢ! યાર બોબતોજ ના બોલ,
કાઢેછ બધ બીસકુલ, એ મરદની બોળ;

છે બૈરૂં એક બલા–ઓહ! વાયન એક છે,
રે! બૈરૂં છે બાતલ–ઓહ! નાગન એક છે.
મુંબઈથી માહીમ કે મકરાનથી જેવ,
શેક મેમન સ્ટ્રીટથી સીસ્તાન થી જેવ;
બૈરૂં યાર સુખથીરે આધું બસ છે
રે! એથી તો પ્યારૂં મને યમ માયું બસ છે.

વલી કવિ 'નાજુક' કહે છે તેમઃ–

નથી યકસાં ઔરત ને મરદ બધાં
નથી રખે પાંચ આંગલાં સરખાં કીધાં.

તેમ બધીજ સ્ત્રીઓ કાંઇ એવી હોતી નથી. કાઇ વળી એવી મધુરી ભોહરદારો પણ મળી આવે છે કે જે નમાની, શેઆની, રાંક તાબેદાર હોય પોતાના ધણીનો સંસાર ગમે તેવા ખરાબ વખતમાંથી શોભાવીને તેને એક બેહસ્તનુંજ સુખ આપે છે.

શીરીનઃ—(ફરીને) હવે તમે બધાં જ્ઞાનના ગોહર એમ વેરી ના નાખોની? મેંથી આજેજ જાણ્યું કે તમે કેવા દુનીયાની પુછડી છેવ તે. હું એ દાખલા ને દલીલોમાં કાંઇજ માનતી નથી.

દાસુઃ—હાસ્તો. તું માનેજ શાનું? તું સજ્જતનું ફરજંદ હોય અને તારી માય થતી એ તારા બાપ થતાનું માન્યું હોય તો તુ માને કેની? ચાલ, મને વખત થાયછ. બસી મરની, શું કેહવ?

શીરીનઃ—કેહું'છ, તમારૂં કલેજું ને આંતરડું. મુવા તમે કપડાંના અપાવતા. તમે છેવજ એવા અવરદસા કે કોઇથી અધીપતી તમને દાદજ નથી આપતો, તો હવે છેવત 'માસીક ધમસાન'ના અધીપતી પાસે આજેજ જાવ. તેનો પતેતી અંક નીકળતાં વાર છે તો તમારા ચીકરાં બતાવી એકટીંગ કરીને બને તો હરીફ ચોપાન્યું કાઢવાની ધમકી વટીક આપીને આંજીજ નાખને કે 'પતેતી અંક'માં લખાણ લઇ પૈસા નહી તો કોર્ટિ જરૂર મળશે. નહી તો તમારી ટેવ પ્રમાણે કાઢી છાતી દમદાતી–આંખ રાતી–ને વાત તાતી કરી તેનેથી ના છેડી મુકતા, નહી તો મુવો 'ટપાલ કોલમ'માં ઝાડુ આપશે.

દાસુઃ—વાહ, હવે કેવી દાહી દીકરી થઇ, અમધડી–ચાલ્યો.

શીરીનઃ—અરે જરાતો સુધરો રાખો ને શરમાવો? પોતાની બૈરીને કાંઇ દીકરીથી કહેતું હશે.

દાસુઃ—લે, ત્યારે નહી કે, તુંને અમરજ કયાં છે કે પોતાની બૈરીને 'દીકરી' કહેવાનું ફેશનેબલ છે તે. વોહણી આજ કલકી 'ફેશન' હય.

શીરીનઃ—(હસીને):—તમારા સકાર બરે—હવે વધુત પરો.

અંક ૨ જો.

'બારીક ધમસાન'ની ઓફીસ-અધીપતી હોમલુ હાંડા બારસ્તર ટેબલ ઉપર બે હાથોમ માથું નાખી બસડે છેઃ—

"બા ખુદા, તારતા વણપા, બારતા વણા ને સોનસે વેપાર કાંધા પણ નસીબ તો ઈ ડગલાં આગળનું આગળજ. છેવટ હાથીદાંતનો વેપાર કરતાં બોટ આવી ત્યારે હાંડા ઉંચકી વામણુ વટીક ઉંજાગીને દહાડા કાઢયા. નખ્ખોદ ગીયું કીસ્મતમાંજ કાણું તે કહેવાણી કોથળે જાયએ? આય બારીકનો સ્ટેડર્ડ બી ઉંચોજ બતાવી તમાચો મારી ગાલ લાલ રાખું છ ત્યાં ચોડાક ગ્રાહક છે તે ચીત્રો મગે છે તે આપવાનુ બાવાનુ કામ છે? પણ ઓ-તો બીજાએ 'ભેટર' ન મળે ત્યારે બાવરી કરી ચીત્રો આપે છે કરી તેમને સમજાઉ છ. લેખકો મશરૂમ માફક ઉભાઈ જાય છે પણ કોઈ મુવું જીવતુ નવું ગ્રાહક કે જાહેર બબર આપનાર તે 'પતેતી દબલ અંક'ની ફંફાંસ મારી છતા જોવામાં આવતું નથી. અને સપરમે દહાડેબી સંતાપ ચોડો છે? શું કરીએ? કુવે જઈ પડીએ કે ઝેર બાઈ મરીએ?"

દોસુ બત્રે દાખલ થાય છે અને નમીને કહે છે.—

"સાહેબજી, બી૰ એડીટર. સાલ મુબારક! કેમ કાંઈ ખુબ વિચારમાં છો? તમારી કોલીબારી ધર્યા મુકતી બરબી મરી ગઇ કે શેર લોનના ભાવ ગગડી ગીયા? મારા સાહેબ સપરમે દીવસે ઓમ માંઠી બરબીની પેઠે શું કાંસોછ? જરા ઉપર ને હીમત પકડો. ચોપાન્યુ ઓગજ ચલાવશો કે? આજે તો જે દોડ ધામ ધરપચ સરપચ અને ગડમડ સડબડથી કાવેછ તે મુગે મોહડે કાવતો નથી. કહયુ છે, બીરાદર, કે—

"નાચે કુદે-તોડે તાન-તેનું દુન્યા રાખે મન,
બરા બાવથી બજે ભગવાન-તેને ન મળે પુરૂં બાન."

"વેશ, ગ। મારા બદના વેખો માટે કમ જગા થશે? બ્રીટીશના બદળ અમલમાં વાઘને બકરી એકજ ઓબારે પાણી પીએ છે તેથી બાગે તખલ્લુસ મેં ખુશાંથી "વાઘ બકરી" રાખ્યો છે."

અધીપતીઃ—હાજી, કાય નહીં? આય વેરટ પેપર બારકીટમા બહુ જગા છે—તમારે હાથેજ તે ભરી નાખોની મારા મેહરબાન?

દોસુ—હવે અનકા ચરકા છોડીને મને સાંભળશો? આ એક "અફલાતુન સીરીયલ" છે એ મારી વિચ્છણ રાતે ઉંઘાય ત્યારે જાગીને લખી છે. તેમાં હરકત ઓછી નથી હં! બુચો જાગે ત્યારે હીંચ નાખવી ઉઠાડી દુધ પાવું. નાટકના ગીત ગાઇ પાછો સુવાડવો. એ તો, બા, સંસાર પડયો અને રીતની ભીખ લઇ ગયેડા બન્યા તે એમજતો. મારો ગોવી. એ વાર્તા મારી વાધન આગળ વાચતાં નખોદ ગઈએ સત્તર અવાજી બાબી બબારે બુચાએ તો છોડીજ ગેલ્યું એવી તે કરણારસીક છે. અને તેનું નામ "કાલી રાતનું કરતુક" છે. બીજો બાય ઑ(ગ)રીજનલ (ર)મુજી સ્કેચ નામે "બધીપતીના બવતીયાં બાને એટુ બધીપતી એ પ્રેમકુલ" છે જે એટલો રમુજી છે કે તે વાંચતાં હું એટલો હસ્યોછ કે મને મેડ જાણીને મારી

સાસુ (સા=સુ=સાગરની સુસ્વાત)એ મને દીવાનો માની 'મૅડહાઉસમાંજ મોકલવા માગ્યો. જ્યારે ત્રીજો વિષય નામે 'બાપ રાજા ને મા૨ જપકલા' છે.

અધીપતીઃ—શું? બાપરો રાજા ને માર્યા જપેતા? કોણને માર્યા? પોતાની રાણીને કે? ને બબ્બો બોકાને માર્યા કે?

દોસુઃ—અરે, શું મારા સાહેબ, બધું કાંતાનું કતેસર કરી નાખોછ. એનો અર્થ એ કે બાવો પીવા ને ડોંગા થાવ—યાને 'હસો અને જાડા થાવ'ના કવિ નાલ્યાંશંકર જુઠાભાઇ કાળરીના લેખપર ચઢાવો છે. ત્રીજુ 'બહારે બપોર'ની સીલ્વર જુબીલી ઉપર સેવકને "ભાવતા-ઓના ભંડાર, ઓરીજીનેલીટીના ઓવાર ને કાત્રીયાંઓના સરદાર'નો માનવંત ખેતાબ મલ્યો છે. જેથી તમારાં માસીક માટે બે કવેતો રચીને લાવ્યો છું; સેવક એકટીંગ કરી ગાય છે તે સાંભળો. આફરીન કરશોઃ—

(ખુશીસે કાટ લે દીલદાર ગરદન—એ રાહ.)
ખુશીથી કાપી લે દીલદાર ગરદન,
છે હાજર તુંજ જનાબમાં આ ગરદન!
તું છે મારી વ્હાલ-વફાની મુરતી,
મોહબતના મંદીરમાં અર્પણ ગરદન—ખુશીથી૦
આહ! તુંજ મારી જોત અને છે જીંદગી,
તુંજ આગળ છે બે હીસાબ આ ગરદન—ખુશીથી૦
ફેંક નજર આ દાસ પર કર "દીલખુશ."
ચાહે જીવાડ—ચાહે ૭ટકાવ—ગરદન—ખુશીથી૦

અધીપતીઃ—(ખુશીથી તાલી પાડીને)—વેલડન, આવો! લગાડો ઉસ્તાદજી કે થોબરેમે! બાર્ં હવે બીજી કેવી કવેત છે?

દોસુઃ—સાહેબ હાલ નોકરીના ઝાડ સુકાઇ ગીયાં છે જેથી જો મારી વાઘનનો દોકરો કંઇ પુટીયાં ઝતે નો થીક નહીં તો સાડાબાર ટકાના વ્યાજે નાણા કઢાવી એક માસીક નામે 'બારસેત' કાઢવા વીચાર છે જેથી તે માટે છ સ્ટાન્ઝાની આ કવેત છે જેમાં તે માસીક માટે રણશીંગડું ફુકી જાહેરાત આપી છે તો મારી એકજ 'સ્ટાન્ઝા' સાંભલો અને તમે તેનું જોમ અને જોશ જોઇને દાંતમાં આંગળું—આઈ મીન—આગલાં પકડશો, (એકટીંગ કરી બોલે છે.)

એઇ! ગુલાબ્યાં 'ફુરસદ, હત! બાજુ તું થા,
ને 'જ્ઞાનપર્ષદ' ઘરડાં-બસ થઇ જા તું ગેબ;
ને અફસોસની ભરી લે-'નવરંગ' તું આહ,
ને "ધમસાન" કંઇ ચાલશે નહીં તુજના ફરેબ;
આજ સુધી સર્વોએ કીધું છે રાજ,
તે દેખી મુજ મસ્તકે ચઢયું છ, બા, શુર;
"બારસેત, ઓ પ્યારાં, બસ હવે તું ગાજ,
હું ચંદરોજમાં માસીક એક કાઢું છ જરૂર."

કયુજી' કયસી કહી ?

અધીપતી–બોલ બુરી કહી એમાં તમો અમુનેબી ગાળ દેવા ચુકતા નથી–અમે કરેલ કરીએછની ? પણ તમે નવુ શુ કરવા કાઢોછ ? આ 'ધમસાન'જ વેચાતું લઇ મને છોડવોની ? બહુ પુન લાગશે. બાકી એમાં તો છોલેનાં બોર બળે ,તેજ તો, વારૂ' કંઇ બીજુ છે કે ?

દોસુ—હાજી, આય સેવક એક ઓબરાઉન્ડ લેખક છે જેથી આય રમુજી ટુચકા–જણવા જોગ અને 'દાનાઈના દાણા' છે તથા "બેરૂ'–એક વિચીત્ર પ્રાણી" એ બાનદપર નીબધ લખેલો છે. બટલુ છાપશો તો ઉપકાર થશે. બાકી પેમેંટની તો આશાજ નથી. આહ ! હીંદના લેખકો, તમારો દીન કયારે ફરશે ? અરે ! કાયે દહાડે, તમે વિલાયતના લેખકોની માફક પૈડ અને શીલીંગનું પેમેંટ લેવા નશીબવાન થશો ? અફસોસ !

અધીપતી—બાબા, એમ અફસોસ કર્યાથી શુ વળવાનું છે ? અમેજ એક તો માખ મારીએછ તથા તમોને પેમેંટ કયા મુલામાંથી આપીએ ? હાલ તો તમે આ લેખો મુકી જાવ. હુ તપાસીને 'પતેતી અંક'માજ જવાબમા કાંઇ પણ શરમ ન રાખતાં પ્રમાણીક મત જણાવીશ. આવજો બા. સાલ મુબારક !

અંક ૩ જો.

(ખુરદાદ સાલનો દીવસ છે. દોસુ ચાહે પી બણી રહીને 'ખુદાને અરજ'નુ નીચલુ ગાયન બાયેલીન ઉપર ગાય છે. જ્યારે શીરીન સામેના સોફા પર બેસી ગળે બંધ ગુંથે છે)

("મબ્બહ દેતે હય કયા યાર–તેરે બાલ ગુજરવાલે—એ રાહ.)

જરા જો મુજપર ભગવાન–મારા દુઃખડા કોણજ ટાળે ?
મારાં દુઃખડાં કોણજ ટાળે ?–મારા દુઃખડાં કોણજ ટાળે ?—જરા૦

હુ તો છું નાનવાન–દે મારી અરજપર ધ્યાન,
જો થશે નહીં મેહરબાન–નવ કષ્ટ ટળે કોઇ કાળે—જરા૦

એક નજર તું મુજ પર નાખ–હુ છુ તારા ચરણની ખાક,
જો મીંચે તુ મુજ પર આખ–પછી કોણ મને હયા ઝાળે ?—જરા.

છે જે પપ પેટારો શીર,–આપે ધરતી પણ નહીં ધીર,
સીંચન કર લઇ દયા નીર,–તે વિના કાંઇ નવ ચાલે—જરા.

તુ છે કૃપાથી ભરપુર,–મસહાતા છે મશહુર,
યાચ "નાજુક" અરજ મજુર–પડે કષ્ટક મારે ફાળે—જરા.

(ગાયન ગાઇ રહી દુવા માગે છે)

"ઓ માહનામી બાપ! સઉને જીવતાં ને સુખી રાખજો! કુલ જોહાનનું ભલું થજો! હમા અશો ફરોહરોનું મીનોઇમાં આગળ વધવું થજો! જે સારૂં થયું છે તે માટે દીલોજાનથી ઉપકાર માનું છ, ઓ સાહેબ, તમારો પાપનો પસ્તાવો કરીને પશીમાન થાઉં છું–મુશકીલ આશોન કરજો! મનની ગુંચવણભરી મુઝવણ ટાળજો! મારા બાપ! તારેજ આપ્તરે છું."

(દુવા માગી નાસ્તો કરી "નવરંગ" વાંચતાં શીરીનને કહે છે "જોની ડીયર, પેલાં 'માસીક ધમસાન' નો પતેતી અંક આજે આવ્યો છે તે લાવની જોઉં, કે શું છે? છોકરો કે છોકરી? મારી તો ખાત્રીજ છે કે એને કંધક લખાણ છાપ્યાં હશે. બાકી હવે પછી છાપી પેમેન્ટથી આપશે અને હવે પછી ફોટો લઇ કાંતીબી જરૂર અપાવશે.

શીરીન–(ફફડીને) લેવજી, વાંચીને કપાળ કુટો–એ તો સપરમે દહાડે પરણેતરની હાથ લે કેની તે બાલી નહીં જાય જો? લેખ છાપવાનાજ વાંધા છે ત્યાં પૈસાને કાંતીને શું ગીત ગાવછ? વાંચો.

દોસુ:–(હરણફાળ થઇ 'ટપાલ કોલમ' પહેલી વાંચે છે):–

"ભી૦ વાધ બકરી:–(મરધાસેરી) તમારાં ઉમદા ગીઉરો વાંચ્યાં. લખાણો વાંધ જેવાં જોરાવર નહી પણ બકરી જેવાં નઝળાં છે, આહ! તમારી ચાલુ વાર્તા! ફરી એવો સીતમ અમો પર કદી કરતાજ ના, નહી લો અમોને ગામ ઘેર છોડીને નાહસવું પડશે. પ્લોટ કે હયુમરનાણી ઠેકાણા નથી. તમે 'ત્રેજીક' જણાવો છો પણ તેનું નામ નીશાન નથી જ્યારે કોહેલી રમુજ બધે ઉભાય છે. વળી સાતમા પ્રકરણમાં શીરીન દાલાસને મુવેલી ચીતારી સોલમાં પ્રકરણમાં તેણીને પુનામાં શીક્ષક તરીકે રહેલી જણાવો છો તો તે ભુત થઇ હતી કે? રકેચ વાંચ્યો–તમે અધીપતીને 'પુલ' બનાવા જતાં તમેજ બન્યા છો–તેથી તો હસ્વાને બદલે હું ખરે મને રડ્યો. તમારાં 'કોમીક'થી વાંચનાર હેબતાયે છે જ્યારે ત્રેજેડીથી પેટ પકડીને હસે છે એ પણ આ દુન્યાની આઠમી અજાયબીજ છે. ખરૂંની?

"બાધરાજા."વાલો વીષય તો બીલકુલ કચરોજ છે અને તે "બાધરાપણા"ને ઉતેજન આપનારો છે માટે માફ કરો, બાવા તમારી માહણુબની કવેત કટલરી છે જે. વાંચી તેણી સામી રૂસાઇ જાય, અને વળી તમે તો રીતની ભીખ લઇને પરણીને દોજખના ઉંડાણમાં ગરક થયલા છો તો વળી સર કપાવા માહણુબને કયાં શોધવા જશો? માડીજ વાળો. તમારી બીજી નવા માસીકની જાહેર બબરની "જોરાવર કવેત" બોદાબક્ષ' છપાવા આવ્યા–તે લુવાર વાડે સોય વેચવા જેવું થયું છે. અમારો 'ચાન્સ' મોકલશો તો એ લખાણ કરતાં જા. ખ. તરીકે છાપશું. કુચકા કોહેલા ને પીટટેલા છે.—જાણવાજોગ નકામુંજ છે જ્યારે નીબંધ સાવ કચરો છે.—વળી 'દાનાઇના દાણા' પ્રમાણે તમેજ ચાલો તો ઘણું છે. અંદરથી એક ત્રીજી કવિતા "ઘરમાં મુજ બૈરી રોજ પાડે છે રણ" નામ નીકલી છે જે તાણીતોડી લખી છે છતાં ઉતેજન તરીકે છાપતે પણ તમારી ઘરવાલી તે વાંચી તમને ફાડીજ ખાતે અગર અત્રેજ આવી વીઝોફ લે, તે જોખમે અમો માથે લઇ શકતા નથી. આટલો લાંબો અભીપ્રાય પણ તમો કાંઇક સાહીત્ય સેવામાં સુધરો–નહીં તો એ વાહીયાત વેહજ છોડી કંઇ નોકરી ધંધાપર ધ્યાન આપો તે પેટી નહીં તો પેટ જરૂર ભરશો એજ નેમથી આપ્યો છે માટે તાબડતે આની લેખો

પાછા લઇ જજો અને મીઠો ગાલો મુકી કડવી નજરે રાખજો અને અંહી મલ્યા તો થીક પણ ત્યાં ના મલતા."

આથી દોસુભા બીચારા નાસીપાસ થઇ અધીપતીને સરસ્વતી ભણુતા લેખો પાછા લેવા ગયા તો નોકરે કહયું કેઃ—"શેઠ તો બહારગામ ગયા છે અને પાંઉ માખણ ભાખરા બાંધવાનું કંઇ રદી કાગલ ઉતાવલમાં શોધતાં તે ન મલવાથી તમારી 'સીરીયલ'ના બે ત્રણ પાના ફાડી ભુલમાં તે બાંધ્યું પણ પાછલથી ભુલ માલમ પડતાં તે કાઢી નાખી ન્યુમે બાંધી લઇ ગયા છે અને તે શીટ ધીના બરડેલા અત્રેજ પડેલા તે જોઇ લેવ કારણ મને પાછા 'પીન' કરવા કહેલું પણ આખું બંદલ જોતાં તે તેમલને કીનારે હોવાથી બારકીટમાંજ પડયું હશે અને હમનાજ હમાલ તે કચરાની પેટીમાં નાખી આવ્યો છે માટે માફ કરજો. હું બહુ દીલગીર ને નાચાર છું." દોસુભા! (કપાલકુટતા ઑડીયંસને):—અરે! ત્યારે કીસ્મતમાં તો કાણુંજ કેની? કે ઝાડુ પડી ને વલી અસલ લખાંણુ પણ ગયાં. મુવો હું લેખકનો થતો. હજી મારો ભગલો હુન્નમ રોજના ૧૫—૨ સહેલપી ચાર કલાકની રમતમાં પેદા કરે છે, તો હું પણ "પેહલેા પારસી હુન્નમ" થઇને એક સેલુન કાઢું કે એક માસીક "ધાસ્લેત" અને વળી પેપર નામે 'નાલ્યાં સમાચાર' કાઢી બધાને પગના અંગુઠા હેઠળ ભચડનારો અભાગ્યો અધીપતી બનું? તમો મને શામાં ઉતેજન આપશો, મેહરબાન?"

ઓડીયન્સમાંથી અવાજઃ—ઓ મુફતીયા મજુર! અધીપતી થવા કરતાં "હુન્નમપતી" કરવીજ થીક છે. અધીપતીનું બીછાણું કાંટાનું છે અને તેના માથાં ઉપર જોખમદારીની તલવાર લટકી રહી છે. પેહલી ૧૬ત નોકરી છે જ્યારે બીજો પ્રમાણીક ધંધો છે. તો ઉઘાડ, એક ફાંકડું સેલુન અને હમો બધા હજામોના હેતથી, પ્રાણની પ્રીતથી, આંખના જોરથી તુને જરૂર ઉતેજન આપશું તે ખાસડાંના માજમ પર લખી રાખજે દોસ્ત.

તઇયાર છે. તઇયાર છે.

કરણીનો ફેજ.

નવરંગના અધીપતીની કલમથી લખાયલી અતિ દીલચસ્પ વારતા.

કીમત રૂ. ૧॥. પોસ્ટેજ આના ૪ વધુ.

લખોઃ—

નવરંગ પ્રેસ, બજારગેટ, ફોર્ટ, મુંબઇ.

જેહાંગીર બી૦ કરાણીના છોકરાઓ,

પારસી બજાર, ફોર્ટ, મુંબઇ.

હૈદરા રાજ્યના માજી ચીફ મેડીકલ ઓફીસર ખાનબહાદુર ડૉક્ટર શમસુદીન જે. સુલેમાની ની હાલની ચમત્કારીક શોધ પ્રમાણે

બનાવેલી દેશી દવાઓ.

એક અદ્વિતીય અને મહાન શોધ

કેચારાકટાઈન

એટલે વાઢ કાપ કર્યા વગર અને આંખમાં દવા નાખ્યા વગર

કાચો મોતિયો મટાડનાર દવા

કાનોની આજુ બાજુ અને ગરદન ઉપર દરોજ થોડાં ટીપાં ચોળવાથી પંદર દીવસમાં થોડો ફાયદો જણાય છે. અને લગભગ ત્રણ માસમાં આંખમાંનો મોતિયો મટી જાય છે. આ દવાથી આંધળાની બીલ કપાઇ જાય છે. વધુ હકિકત નીચેના ઠેકાણેથી મળીને અથવા લખીને મેળવો.

બે ઔંસની શીશીની કીં રૂ. ૨)

(રજીસ્ટર્ડ) મુંદ્રમેલ (રજીસ્ટર્ડ)

આ દવા (૧) ઘામાંથી વહેતું લોહી તરત બંધ કરે છે. (૨) ઘાને પાકવા નથી દેતી અને ઝટ રૂઝવે છે. (૩) દાઝેલાને આરામ આપે છે. (૪) દાદર અને ગડગુમડાંને બેસાડી દે છે. (૫) ખુજલી, ખસ વગેરેને મટાડે છે. (૬) બીલને જડમાંથી ઉખાડી દે છે. (૭) મોચ અને ઠોકરના દરદને દુર કરે છે. (૮) સોજાને ઉતારી પાડે છે. (૯) સંધીવાને નાબુદ કરે છે. (૧૦) દાંત, કાન તથા કાનના દરદને જડપથી સારાં કરે છે. (૧૧) ચામડીના ચેપી રોગો ચોસ ચાંદીમાંથી દરદીને મુક્ત કરે છે. (૧૨) ઘોડાની પીઠ બળદની આંખ અને કુતરાંના ઘા ચમત્કારીક રીતે સારાં કરે છે.

બે આંઉસની શીશીની કીંમત રૂ. ૩॥=

મીલો, કારખાનાઓ તથા છરપીતાલો માટે પચીસ ઔંસની બાટલી રૂ. ૭.

સઘળા ૧૦૧ ઓને ત્યાંથી મળશે.

ઠેકાણું:—**મુંદ્રમેલ ડેપો.**

નં. ૩૨૬, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, ક્રાફર્ડ માર્કેટ નજીક રંગારી મોહલ્લો,

મુંબઈ નં. ૩

બહારગામના ઓર્ડરો સંભાળપુર્વક પેક કરી વેલ્યુપેબલથી મોકલવામાં આવે છે.

નકલ માટે સાવચેત રહો !

ડોંગરેનું બાલામૃત

મધુર હોવાથી
છોકરાંઓ ખુશીથી પીએ છે.
અને આ પીવાથી
છોકરાંઓની તાકાદ વધી
તેઓ રૂષ્ટપુષ્ટ થાય છે.

શીશીની કી. ૧૪ આના. ટ. ખ. ૬ આના.

કે. ટી. ડોંગરેની કં૦,
ગીરગામ–મુંબઇ.

નકલ માટે સાવચેત રહો !

બાનુઓને બરનું.

લેથીશ, ઇનસરસન, રીબન્સ, ગીમીગ્સ, ભરત કામના ઉંચા નમુનાઓ, સાડીની કોરો કોગ્રેસ કેનવાસ, ઇત્યાદી અમારી દુકાને એક ફેરો મારી જોઈ જશોજી. બધુ એ–વન છે.

આદમજી નુરભાઇની કું.

૬૪૬, ઉનવાલા બિલ્ડીંગ, ગ્રાંટ રોડ, મુંબઇ.

ભરત કામ માટે રેજીસ્ટર્ડ રેશમોના શાલ
નં. ૧૦૩૯

રેશમ સર્વોત્તમ છે!
ગ્રેડ માર્ક જરૂર જોજો!

ગુલેનુર

દર મહીને કેટલું ખરચશો ?



કેટલું બચાવશો ?

સેંટ્રલ બેંક તરફનો ઉપલો નકસો ઘરસંસારમાં
તમોને ઉપયોગી થઈ પડશે.

તે પ્રમાણે તમારા ખરચો નીભાવી ખરાબ વખત માટે, દુ ખસુખના
દીવસો માટે નાણું સંઘરવાની ટેવ પાડો અને તે નાણું

સેંટ્રલ બેંક ઓફ ઈન્ડીયા

ના સેવીંગ બેંક ખાતામાં મુકો, કે જ્યાં તમારૂં
નાણું સચવાય અને તમોને બીજી સેવીંગ બેંકો
કરતાં વધુ વ્યાજ તથા લાભ મળે.

વધુ માટે લખો યા મળો.

(સોરાબ ન. પોંચખાનાવાલા,)
મેનેજીંગ ડીરેક્ટર.

વડોદરા રાજ્યના માજી ચીફ મેડીકલ ઓફીસર ખાનબહાદુર ડૉક્ટર શમસુદ્દીન જે. સુલેમાની એલએમની ચમત્કારીક શોધ પ્રભા

બનાવેલી દેશી દવાઓ.

એક અદ્વિતીય અને મહાન શોધ

કુચા૮૨૩કુટા૮ઈન

ઓપરેશન વાઢ કાપ કર્યા વગર અને આંખમાં દવા નાખ્યા વગર

કાચો મોતિયો મટાડનાર દવા

કાનોની આજુ બાજુ અને ગરદન ઉપર દરરોજ થોડાં ટીપાં ચોળવાથી પંદર દીવસમાં થોડોં ફાયદો જણાય છે. અને લગભગ ત્રણ માસમાં આંખમાંના મોતિયો મટી જાય છે. ૨। દવાથી આંખનાંની બીલ કપાઇ જાય છે. વધુ હકિકત નં ચેના ઠેકાણેથી મળીને અથવા લખીને મેળવો.

બે ઔંસની શીશીની કીં રૂ. ૨)

(રજીસ્ટર્ડ) # મુંદ્દમેલ (રજીસ્ટર્ડ)

આ દવા (૧) ઘામાંથી વહેતું લોહી તરત બંધ કરે છે. (૨) ઘાને પાકવા નથી દેતી અને ઝટ રૂઝવે છે. (૩) દાઝેલાને આરામ આપે છે. (૪) દાદર અને ગડગુમડાંને બેસાડી દે છે. (૫) ખુજલી, ખસ વગેરેને મટાડે છે. (૬) બીલને જડમાંથી ઉખાડી દે છે. (૭) મોચ અને ઠોકરના દરદને દુર કરે છે. (૮) સોજાને ઉતારી પાડે છે. (૯) સંધીવાને નબુદ કરે છે. (૧૦) દાંત, દાઢ તથા કાનના દરદને ઝડપથી સારાં કરે છે. (૧૧) ચામડીના ચેપી રોગે ચાહાં ચાંદીમાંથી દરદીને મુકત કરે છે. (૧૨) ઘોડાની પીઠ બળદની આંચ અને કુતરાના ઘા ચમત્કારીક રીતે સારાં કરે છે.

બે આંઉસની શીશીની કીંમત રૂ. ૮।।=

મોટો કારખાનાઓ તથા હસ્પીતાલો માટે પચાસ ઔંસની બાટલી રૂ. ૭.

સઘળા દવા વેચનારાઓને ત્યાંથી મળશે.

ઠેકાણું:—મુંદ્દમેલ ડેપો.

નં. ૩૨૬, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, કાફર્ડ માર્કેટ નજીક રંગારી મોહલ્લો,

મુંબઈ નં. ૩.

બહારગામના ઓર્ડરો સંભાળપુર્વક પેક કરી વેલ્યુપેણલથી મોકલવામાં આવે છે.

નવરંગ.

વાંચવાલાયક વાર્તાઓ ને વિષયોથી ભરપુર માસિક.

માલેક અને અધિપતિ—અરદેશર ખરશેદજી દેશાઇ.

ઑફિસ—૨૩૭, ખન્દરગેટ સ્ટ્રીટ, કોટ, મુંબઇ.

વાર્ષિક લવાજમ હિન્દુસ્તાનમાં રૂ. ૪. છુટક નકલ ૮ આના.

,, ,, પ્રદેશમાં રૂ. ૫.

૮ માં સાલના ગ્રાહકોને મી૦ કાબરાજીની 'હેલજંગ હલેર'ની વારતાનું પુસ્તક ભેટ.

પુસ્તક ૮ મું. ડીસેમ્બર, ૧૯૨૨. અંક ૪ થો.

અનુક્રમણિકા.

મોતનો ડાઘ! (ચાલુ વાર્તા)	અધીપતી.
ખાંડાની ધારે! (કવિતા)	અરદેશર ફરામજી ખબરદાર.
વારો તેનુ વીણો. (ટુંકી વાર્તા)	સોરાબ બી. તાતા.
કાળ મદિરા.	ધીરજ.
સાચી કરો આરાધના (કવિતા.)	રસહીન.
કર તે જો! (ટુંકી વારતા.)	MAVIS.
નવી મોત-મરતાના. (કવિતા.)	જહાંગીર ડુંગાજી.
બોજરાજ અને કવિ કાગીદાસનું મૃત્યુ.	મરહુમ કવિ દા. એ. તારાપોરવાળા.
મત ધર્મ. (કવિતા)	દામોદરદાસ બી. તન્ના.
કંઇક જાણવાજોગ,	સમત.
અંધકાર અવનીનો રાજા.	મીનાબ્હેન મા. માદન.
શાદલદી જોખુનીસા. (ટુંકી વાર્તા.)	દોરાબ બી. કટેલી.

તાકીદે જોઇએ છે.

'નવરંગ' માસિકના માસ સપ્ટેમ્બર, ૧૯૨૨ ના અંકો જેટલા આવશે તેટલા રાખીશું. આના આઠ રોકડા આપીશું. માસ સપ્ટેમ્બરના અંકો મોટી સંખ્યામાં વધારે છપાવેલા હોવા છતાં નવા ગ્રાહકોના મોટા ધસારાને તે પુગી શકેલા ન હોવાથી આ માંગણી કરવામાં આવે છે, માટે જે મેહેરબાન ગ્રાહકો ફાઇલો ન રાખતા હોય તેવાઓએ આ માસિકની ઓફીસમાં તુરત મોકલી આપવા મેહેરબાની કરવી.

ડા૦ વામન ગોપાળનું

આયોડાઈઝ્ડ

સાર્સા પરિલા.

સાર્સાપરિલા આજ સાઠ વર્ષથી પ્રખ્યાત અને લાખો દરદીઓએ એનો ઉપયોગ કરી પોતાની નીરાશા દુર કરી છે.

લોહી એ મનુષ્ય જીવન છે. તે બગડયું હોય તો અનેક રોગ ઉત્પન થાય છે માટે તે સુધારવા દરેક માણસને કાળજી લેવી જોઈએ, તેને માટે આ સાર્સાપરિલા પીના બીજી એક પણ દવા લેવાની જરૂર નથી. વળી આ દવા પીવાથી ઉપદંસ એટલે ગરમી અને તેના વડે થતા રોગો—તેમજ લકવા, સંધીવા, ચામડીપર કાળા ડાઘા પડવા, આંગનું સુજી આવવુ, શરીરમાં બળતરા થવી, શરીરની ઉપર દેવી સરખા ફોલ્લા થઇ આવવા વીગેરે વીકારો ઉપર આ દવા અકસીર થઇ પડી છે.

શીશી ૧ ના રૂ. ૧॥ ચાર શીશી પીવાથી સારો ગુણ આવે છે પો. જુદું. ચાર શીશી એકદમ મંગાવનારને અગ્ય સહીત રૂ. ૪-૧૩-૦ પડશે.

અમદાવાદ ખેડું—ડૉ૦ ગોકળદાસ મોતીચંદ પારેખી
મળશે અમદાવાદ ઘાંચીની પોળ.

સુરત ખેડું—ડૉ૦ પ્રભુદાસ પાનાચંદ સરધર
મળશે સરસપુર બાગળ

ડા. ગૌતમરાવ કેશવ એંડ સન ઠાકુરદ્વાર-મુંબઈ.

નવરંગ.

પુસ્તક ૮ મું. ડીસેમ્બર, ૧૯૨૨. અંક ૪ થો.

મોતનો ડાઘ!

પ્રકરણ ૬.

એક પળ માત્ર લોર્ડ સોમરટન ડધાઈને દમાઈ ગયો. તે રૂપસુંદરીની તેજસ્વિ ચક્ષુમોમાં પ્રકાશી રહેલા ધીક્કારના તેજથી તે ભાનભુલો બની ગયો. તે મધુરીની મનમોહક આંખોનો રંગ પણ તે અગાધ ગુસ્સાના ને ધીક્કારના આવેશમાં ગોથા ફેરવાઇ ગયો. તે વાદળી બ્લુ મટી કાળી ડિબક દીસવા લાગી.

"હું ભુલ્યો," તે જરા વાર રહી બોલ્યો, "મેં તમને ઝાઝાં 'સ્પીરીટ' વગરના ધાર્યા હતાં, પણ તમો તો તેથી સાવ ઉલટાંજ પુરવાર થયાં છો મીંતુ, મીસ સ્ટર્ન, એ તમારા નવા રૂપમાં હું તમારી તરફ ખાસ્તીજ આકર્શાયો છું. મીસ સ્ટર્ન, મને કહેવા દ્યો—ચેતાવવા દ્યો કે તમારા પપા, તેનું છુટાપણું, તેની જીંદગી વકીક મારફત આ હાયના બોબાઓમાં છે. હું મારફી એ શક્તિનો ઉપયોગ તેના ઉપર કરવા ઇચ્છા રાખતો નથી, કદાપી મારફી એ શક્તિ વિષે તેને સ્વપ્ને પણ માહીતી ન હશે, પણ નાશીપાશી અને નામુરાદીથી બીજવાયલો હું તેનો ઉપયોગ કરવાની હદ સુધી પ્રેરાઈ જવશ એ સત જાણજો, અને એક મરતબા તેમ કર્યા પછી હું પાછી પાની છનકાર કરીશ નહીં અને તે માટેનો સર્વ જોખમ તમારે શીર રહેશે, મીસ સ્ટર્ન, પણ હવે એ વાત જવા દ્યો; આપણે મકાન નજીક આવી લાગ્યાં છીએ અને આ જગા કંઇ એવી ગંભીર અને અતિ અગત્યની વાતને વાસ્તે લાયક નથી. જો તમને કંઈ વાંધો હોય તો હું અંદર એકલોજ જઈશ. તમો મને મારફી માંગણી ઉપર શાંતિથી વિચાર કરી યોગ્ય ઉત્તર આપજો. હું અત્રે બેઠા દિવસ વધુ રહેવાનો છું."

તે એટલું બોલી નમીને તેણીની પડખેથી દુર થઇ ગયો. એકદમ તેની બેઅદબ અને ઉજાડથી વર્તણુંકથી પોતાના મન સાથ સખ્ત હયરત રહી.

તેણીએ તે દિને લોર્ડ સોમરટનથી દુર રહેવા પોતાનું બપોરનું ખાણું પોતીકા રૂમમાંજ મંગાવી દુઃખવાને બહાને લીધું; અને પોતાની આગળ કોઇને પણ ન આવવા દેવા કાજે પોતાની દાસી એનેટને ખાસ તાકીદ કરી.

"એનેટ," એલઝીએ કોઇને પોતાના રૂમમાં ન આવવા દેવાની ફરમાસ કર્યા પછી કહ્યું, "તું મારી તહેનાતમાં બે વર્ષથી રહેતી છે, અને મને લાગે છે કે તુને મારે માટે કાળજી છે, અને મારા લાભની રક્ષા કરવા તું ઇન્તેજાર છે."

"બરાબીનજ, મેડમ, એ ખરૂં છે," તે દાસીએ તે વખાણથી ખરાં દિલથી ખુશી થઈ કહ્યું.

"હું તે જાણું છું, એનેટ, અને તારી એ બાબતની કસોટી હું કરવા માંગુ છું. મને લાગે છે કે મને એક ખરા મિત્રની જરૂર છે."

તે દાસીએ પોતાની ખુબસુરત શેઠાણી તરફ અજાયબીથી જોયું પણ કાંઇ પણ બોલવાનું સાહસ ન કર્યું.

"એનેટ, મારી ખાતરી છે કે તું કોઇના પ્યારમાં તો હશેજ—કોઇને તું ચાહતી તો હશેજ!" એક કે જેને તું તારૂં અંતઃકરણ અને સર્વસ્વ આપી દેવા રાજી હશે?"

"હા, મેડમ."

"અને કોઇક દિવસ તેની સાથ લગ્નના ગાંઠથી જોડાવા તું ઇચ્છતી હશે," એલઝીએ જારી રાખ્યું

એનેટે હસતે વદને એલઝીનું તે બોલવું સાચું હતું એમ ડોકાના માત્ર સહેકાથી સ્વિકાર્યું.

"તારા 'લવર'નું નામ શું છે, એનેટ? ને તે શું કરે છે? હું કંઇ તને બારી છુપાસાથી પુછતી નથી, પણ બાસ મતલબથી પ્રછું છું. તું મને મદદ કરે તેનો બદલો કોઇક ધરખમ રવેશે વાળવાના ચોખા ઇરાદાથી એ વિશે હું તહેકીક કરૂં છું."

"ઠેંક યુ વેરી મચ, મેડમ" એનેટે આભાર દર્શાવ્યો, "હું વિલ્યમ સ્ટ્રટન સાથ અહરાયલી છું કે જે આપણાજ પાર્કમાં ગેમકીપરના હાથ હેઠળ નોકરીમાં છે. હું તો ધારતી હતી કે એ મારો બોલ તમે જાણતાં હશો?"

"ઓ, શું તે ત્યારે મારા પપાનીજ નોકરોમાં છે?" એલઝીએ અજાયબી બતાવી.

"હા, યીસ એલઝી. તે જ્યારે અત્રેનો હેડકાપર થશે, ને તેને રહેવાને મકાન મળશે ત્યારે અમો પરણવાની આશા રાખ્યે છીએ."

"ઓહો, બસ એટલુંજ!" એલઝી બોલી. ત્યારે જો તું મને સાચી નિવડશે તો પપાને બલામણ કરીને હાલના હેડકીપરને હું પેનશન આપવા સમજાવશ ને તારા વિલ્યમને હેડકીપરની જગ્યા તુરતમાં અપાવશ."

તે દાસી તે આશાથી હર્ષઘેલી બની, અને પોતાની જુવાન શેઠાણીનો અત્યંત આભાર માનવા પડી.

"એનેટ, હું તને જે કરવા કહું તેથી તું અચરત થતી ના. પહેલું તો એ કે તું વિલ્યમને ઉપાના ઝુપડાં ઉપર ચોકકસ નજર રાખવા કહે. હું આજે સહવારે ત્યાં ગઇ હતી, અને મેં કોઇ શખ્સને ત્યાં ભરાતો છુપાતો ભમતો બાંડાનો જોયો હતો. મને, તેથી, ઉપાની

જીંદગી માટે પાસ્તી છે કેમકે એમ કહેવાય છે કે એના ગ્રુપડાંમાં એને ઘણા પૈસા કેદે સંતાડેલા છે."

"ઠીક, મીસ એલઝી, હું વિલ્યમને કહી મુકીશ" એનેટે ખાતરી આપી.

તે બપોરે એલઝી પોતાના પિતાને મળવા તેના રૂમમાં ગઇ. તેણીની વકીલી કરતાં આજે સર જોન પાસ્તી ખુશ અને તંદરોસ્ત માલમ પડતા હતા. તેવણ બારી નજીકની એક આર્મચેર ઉપર બેઠેલા હતા.

"અંદર આવ, મારી વ્હાલી," તેવણે એલઝીને જોઇ હસીને કહ્યું, "હુંજ કાંઇ ખરો હતો નહીં કે ડાકટર, હું મુસાફરી કરવા લાયક મારા ધારવા મુજબ થઇ જઇશ. ડેનવર આજે આવ્યો હતો અને પોતે વધું વખત મને ત્રાટ કરવા નારાજ છે એવું દેખી ખભડીને ઉઠી ગયો," તેવણ સહજ હસ્યો, "અમે કંઇ મરાયા તો નહીં, પણ તેણે ગુસ્સાભેર કબુલ કર્યું કે મારૂં દર્દ પારખવા તે અસમર્થ હતો. તેમજ મને શું દવા આપવી તે તે સમજી શકતો નહતો. એલઝી ડીયર, તુ લોર્ડ સોમરટનને મળી તો હશેજ ?"

"હા, પપા, તે મને મળ્યો હતો." એલઝીએ તિરસ્કારથી કહ્યું, અને તેણીના અવાજમાં સમાયલું ખિજવાટનું તે તત્વ તે ડોસાએ તુર્ત માર્ક કર્યું.

"લોર્ડ સોમરટન મને મળ્યો હતો, પપા," એલઝીએ પાછુ કહ્યું, "અને મારે તમને કહેવું જોઇએ કે તેણે પોતાની ધીક્કારભરેલી પેની માંગણી મારી પાસ પાછી કરવાની બેઅદબી કીધી છે."

"ધીક્કારભરેલી કાંય, મારી વ્હાલી ! સોમરટન એક ગ્રહસ્થ છે; જો તું તેને ચોખું ને ભાર મુકીને કહી દેશ કે તું તેને વરી શકે એમ નથી તો તે તારો પીછો તાબડતોબ છોડી દેશે. એક છોકરી સાથ પ્યારમાં પડવું ને તે વિશે તેને કહેવું એ કાંઇ નહીં માફ થઇ શકે એવો ગંભીર અપરાધ નથી."

"મેં એની માંગણી મકીનાઓ ઉપર ગુજારી કાઢી હતી," તેણીએ કડવાશથી કહ્યું. "તે ગ્રહસ્થ છેજ નહીં; તેનામાં સ્વમાન જેવું કંઇજ નથી. એક કમીના કંગાળ હીચકારા કરતાં તે કોઇપણ પ્રકારે બહેતર નથી."

તે ડોસાના ભવાં ઉપર તે સાંભળી ગુસ્સાનો ચીલ્લો ચઢયો.

"શું એને એટલી બધી હીંમત કીધી છે," તે ક્રોધથી બબાલ્યો, "હું એની સાથ એ વિષે વાત કરશ, મારી બેટી, અને એ માટે એને મારી માંગની પડશે, યા બ્લેરઉડ એને એકદમ છોડી જવું પડશે."

"ઓ, પપા, હું એ સમજી બધી ખુશી છું. તમે એ કહી મને ઘણી શાંતિ બક્ષી છે. મારા મગજ ઉપરથી એક મોટો ફીકરનો બોજો ઉઠાવી લીધો છે. હું તમારાં કાગકાબ્લેની આડે આવવા માંગતી નથી–તમારાં અને લોર્ડ સોમરટનના બીઝનેસ વચ્ચે––પણ એની કંટાળા ભરેલી સોબતમાંથી છટકવા હું બન્તોબન્ત છું."

સર જોને પોતાની પુત્રી પ્રત્ય અજાયબીથી જોયું.

"અમારો વચ્ચેનો ધંધા સંબંધી સંબંધ બહુજ નજીવો છે," સર જોને કહ્યું, "અને તેમાં મારો તો કંઇજ લાભ નથી. એની મતલબ કેલીફોરનીયામાં આવેલી એક ખાણને માટે મને કંઇક ઉલટ લેતો કરવાની છે. પણ મને કહેશે તો ખરી કે એણે તુને શું કહ્યું?"

"તેણે તો કસમ લીધા છે કે મારે તેની સાથ પરણવુંજ પડશે. તે મને તેમ કરવાની ફરજ પાડશે, કેમકે તમારી જીંદગી તેના હાથના ખોબામાં છે."

સર જોનનો ચેહેરો તે સાંભળી તમામ ફીકકો બની ગયો, પણ તેણે તિરસ્કારના હાવ-ભાવથી કહ્યું. "એક નાશીપાશ થયલા આશક તરફ તારે નાખ્તીની નજરથી જોવું જોઇએ, એલઝી, હંમેશા એવા પ્યારમાં હારેલાઓ આપઘાત કરવાની ધમકી આપે છે, પણ એણે તો જુદોજ ને વિચિત્ર માર્ગ અખ્તયાર કર્યો દિસે છે. 'તે મારી જીંદગી મારે ધમકી આપે છે. હા! હા! હા!"

તે હસ્યો પણ તે હસવું ખાલી ને તાણી તોડીને ઉપજાવેલું હતું.

"બીજું એણે શું કહ્યું, દીકરી?" તેણે ઇન્તેજારીથી પુછ્યું.

"તે ફકત તમારી જીંદગી અને છુટાપણા માટે બોલ્યો હતો. ને મને ખાતરી છે કે આજે સહવારે મેં ખુદ એનેજ ઝેબાના ઝુપડાં નજીક ભરાતો સંતાતો દીઠો હતો."

સર જોન આંખો મીચી વગર બોલવે પડી રહ્યો.

"હું તમારે વારતે કંઇ ગાઉં કે વગાડું, પપા." એલઝીએ અંતમાં કહ્યું.

"નહી." તેણે ના પાડી, "તું જા. મારકહામનું બટન તું જાએ તે અગાઉ દાબી તેને બોલાવતી જા."

તેણીએ વંકી વળી પોતાના પિતાના ઠંડા કપાલ ઉપર વ્હાલથી ચોક બકી કરી.

"એક મિનિટ, એલઝી." તે બબડ્યો, "જો સોમરસેટ તારી સાથ પાછો વાત કરવા આવે તો તેની સાથ બની શકતી સારી રીતે વર્તજે. એ ઝેબાના ઝુંપડાં નજીક શું કરતો હતો? ઓ ખુદા! જો મારો ભેદ ખુલી જશે તો!"

ન ડોસો કોઇ ધસકની લેભતથી કળવાઇને રડી પડ્યો.

"મારે જલદી જવું જોઇએ. તેજ મારે માટે એકલી ઉભીદ છે. હું કેવો કંગાળ મુર્ખો હોઇશ કે મેં મારી ખાતરી વર્ષો ઉપરજ ન કરી લીધી. ઓ કેવો અનહદ મુર્ખો! તેમ કરવાની મારી ફરજ હતી, તારે માટે તો મારે તેમ કાળજી લઇ કરવુંજ જોઇતું હતું, મારી દીકરી. અને હવે એ બધા મારા ગુનાહનો અને મારી બેવકુફાઇનો નતીજો તારે ભોગવવાનો છે, તારી ઉપરજ બધી વિપતીઓ ધસી પડવાની છે, અને હું તને મદદ કરવા અશકય છું."

તે દિલકશ મધુરી તેજ જગે અસ્વસ્થ ઉભી.

"પપા," તેણી નરમીથી બોલી, "જો તમે બધું મને કહી દેવો તો કેવું મજાહનું. આ ભેદ ભરી મુંઝવણ કેટલી અવિચારી તેમજ બોટી છે."

"કદી ન બને! તે બધું તું વખતેજ જાણશે. અને ત્યારે મારી યાદને બી તું શ્રાપ આપશે."

તેણીએ માયાથી પોતાના વૃદ્ધ પિતાનો કર દાબ્યો.

"એવી બધી બીહીવરાવનારી વાતો હું તમો પાસથી સમજવા ઇચ્છતી નથી, પપા ડીયર. બાદરે તમને બીજું પણ કાંઇ કહેવાનું છે, સાંભળો, હું બાહરી બાબતમાં કદાપી બોટી પણ હોઉં; પણ બાદરે તમને તે માટે કહેવું તો બોસઓન્જ. એક ગ્રહસ્થ। ગઇ કાલે નોએલ કેમ્બેલનો સંદેશો લઇ અત્રે આવ્યા હતા."

"સંદેશો! છટ! છટ! સંદેશો શું પણ એક ભીખમાંગનું આજીજીપત્ર લઇ આવ્યો હશે," તે બેરોનેટે તિરસ્કારથી કહ્યું, "એનો બાપ પણ એવોંજ ટુકડખોર ભીખારી હતો, અને તેનો એ દીકરો પણ તેવોજ હશે. વળી બાપ તેવા બેટા. હું ખુશી છું કે તેને તે 'રીસીવ' ન કર્યો."

"પપા, મને લાગે છે કે તેને તમો ગેરઇન્સાફ કરો છો," એલઝી બોલી. "જે ગ્રહસ્થ એના તરફથી આવ્યો હતો તે કહેતો હતો કે તે તમારા લાભ વાસ્તેજ આવ્યો હતો."

"એ તો બાત્ર મને મળવાના ઠીકઠેકાણા બદલાણા છે, એ નોએલ તરફથી મળવા આવેલો ગ્રહસ્થ પણ તેના જેવોજ કોઇ ચપડબધો ઉઠાવગીર હશે. જરા બોલવામાં ચાલાક ને દેખાવસો હશે."

"અરે, નહીં, પપા," એલઝી બોલી, "તે તો એક મોટા માણસ હતો, એક 'જીનીયસ' હતો; અને તે પરથી મને લાગે છે કે બાહરો પીત્રાઇ તમે ધારો છો તે કરતાં ઘણો સારો માણસ હશેજ, કેમકે એ મળવા આવનાર ગ્રહસ્થ કોઇ નથી પણ ચેસ્નો પંકાયલો ચિત્રકાર કોલી। રેડકલાફ હતો,"

"અને તે એ બધુ ધેતુંગાંડું માન્યુ?" સર જોને પુછ્યું, "હું તને ફરીથી કહું છું કે નોએલ કેમ્બેલ એક ઠગારો બદમાશ છે."

"પણ મી० રેડકલીફ આવતા ગુરવારે સાંજે અત્રે પાછા આવનાર છે."

"ત્યારે હું અહીંજ ન હોઇશ," સર જોને જવાબ કર્યો, "અને જો હું અહીં હાજર નહીં હોવશ તો 'બટલર'ને ચેતવણી આપી જવશ કે અત્રે ખુબ દેખરેખ રાખે. મને ચોરી થવાની ચોઉકસ વકબી લાગે છે."

(સાંધણ છે.)

બહાર પડી ચુકી છે.

કાળો નાગ

જાણીતા રમુજી લેખક "ગુલફામ"ની સુંદર પારસી સંસારી વારતાની ફાંકડી ચોપડી. કીંમત રૂ. ૨॥, પોસ્ટેજ આના ૬ વધુ.

મળવાનું ઠેકાણું:-

નવરંગ પ્રેસ, બજારગેટ, કોટ, મુંબઇ.

જેહાંગીર બી० કરાણીના છોકરાઓ,

પારસી બજાર, કોટ, મુંબઇ.

આંડાની ધારે.

(પુનરાવણી છંદ)

૧

ભર આકાશે વાદળ છાયાં,
અંધારે વનવન ગુંથવાયાં,
ઘૂડ ચિણડિયાં જ્યાં ત્યાં ધાયાં :
કોણ પુરે પાંચાલી-ચીર ?

આશ-નિરાશે આત્મન-દાંડી
ડોલંતી દે ધૈર્ય ન છાંડી;
ડગમગતી જગ રહે દૃગ માંડી:
ઓહારે કોણ જશે નરવીર ?
ઉંડા અજવાળાં જો આવે;
ગુર્જરવીર ! ગુર્જરવીર !

ઘૂડ ચિણડિયાં શું ત્યાં ફાવે ?
ગુર્જરવીર ! ગુર્જરવીર !
ઉંડા અજવાળાં જો આવે;
ઘૂડ ચિણડિયાં શું ત્યાં ફાવે ?
નવરસભર નવજીવન લાવે,
ચીર પુરાવે ગુર્જરવીર !

૨

ખૂણે ખૂણે ખોજ કરીને,
ઉર ઉત્સાહ ઉમંગ ભરીને,
મરતા પ્રાણે આશ ધરીને
કોણે ઉંચાં કીધાં શીર ?
મસ્તતણી તોડી મસ્તાની,
તન ધનની કીધી કુરબાની :
નમ્ર, નિડર, સ્વાધીન, સ્વમાની,

સત્ય જ એ ગુર્જર નરવીર!
શું ખાલી ગરજીને સૂતા?
ગુર્જરવીર! ગુર્જરવીર!

શું મેઘે જળધોધ ન હૂતા?
ગુર્જરવીર! ગુર્જરવીર!

શું ખાલી ગરજીને સૂતા?
શું મેઘે જળધોધ ન હુતા?
શું ભૂપ ભાળી ઉર ભીરૂતા
કદી જણાવે ગુર્જરવીર?

૩

પગલે પગલે કંટક ભાગ્યા
ચરણ રૂધિરઝરતા ભર લાગ્યા,
પથરે પથરે પ્રાણજ જાગ્યા,
પદસ્પર્શે તૂટી જંજીર:
હૈયાંનાં પિંજર સળગાવ્યાં,
ભૂતતણું ભરણું મૂકાવ્યાં,
દ્વાર નવાં દશદિશિ ઉઘડાવ્યાં
વદન હો તેને નરવીર!

શું એકલડા આજ પડયા છે?
ગુર્જરવીર! ગુર્જરવીર!
એકલડા પણ શૂર ઘડયા છે:
ગુર્જરવીર! ગુર્જરવીર!

શું એકલડા આજ પડયા છે?
એકલડા પણ શૂર ઘડયા છે:
ખાંડાની ધારેજ ચઢયા છે,
બિરદ બતાવે ગુર્જરવીર!

૪

ઓ વીરા! સારથિ શું કરશે?—
ધર્મભમે ગીતા ઉચ્ચરશે:
અર્જુન રણ ટંકારે ભરશે

તોજ વિજય પામે રણધીર :
છિન્નભિન્ન અરિદળબળ પળશે,
જુગજુગનાં અંધારાં ટળશે,
સત્ય ધજા ઉડતી ઝળહળશે,
સ્નેહે જગ છાશે નરવીર !
એ નવજીવન જીવવા આવો,
ગુર્જરવીર ! ગુર્જરવીર !
એ નવચેતન આતમ જગાવો,
ગુર્જરવીર ! ગુર્જરવીર !
એ નવજીવન જીવવા આવો,
એ નવચેતન આતમ જગાવો,
ગુર્જરશૌર્ય જગે અંકાવો,
જયજય હાવે ગુર્જરવીર !

અરદેશર ફરામજી ખબરદાર.

વાંચણના શોખીનોએ

દીલે આરામ.

વાંચવા તો બીલકુલ ચુકતુંજ નહીં. વાર્ષિક લવાજમ માત્ર રૂ. ૪) (વી. પી. થી. ૪૫) તાં લવાજમમાં બારે માસ નિયમીત ચોપાન્યું મોકલવા ઉપરાંત પટેટી ડબલ અંક તથા બીચલ પુસ્તકોમાંથી કોઇપણ એક ભેટ તરીકે વહેંચવામાં આવે છે.

અમારાં શોખીન વાંચકોનાં જુદા જુદા ટેસ્ટને અનુસરતી જુદી જુદી ૫] નોવેલો રાખવામાં આવી છે, જેથી જેને ગમે એવી પેશ પડતી ભેટની ચોપડી મંગી શકશે.

ઓછામાં ઓછી ત્રણની પસંદગી કરી મોકલવે એક ખલાસ થઇ હશે તો બીજી યા ત્રીજી ભેટ તરીકે મોકલી શકાશે.

૧. "ખુરીઆ ખંજર" (હો૦ બ૦ માદન કૃત પારસી સંસારી ૨૦૦ પેજની નોવેલ.)
૨. "રજપુત વીરરસ કથા" બરહુમ કવી રૂસ્તમ ધરાનીની ૨૫૦ પેજી પોકેટ નોવેલ.
૩. "બાપ કે સાપ"–મી૦ મેહરવાન બી. ધડવાલીની લખેલી પાકાં પુઠાંની ૨૨૫ પેજની પારસી સુંસારી નવલકથા.
૪. "અકલનો ખજાનો"—મી૦ મશરેકની લખાયલી ૧૫૦ પેજી ટુકી વાર્તાઓની ચોપડી
૫. "સરોદે-ઇ-તેફાક"–મી૦ બેહરામજી મે. મલબારી કૃત પાકાં પુઠાંની ૭૫ પેજી કવીતા ચોપડી—આસ બએતનાં શોખીનો માટે ઉત્તમ ચવચવ.

આજેજ લખોઃ—મેનેજર, દીલે આરામ, કાર્ડ મારકિટ, મુંબઇ.

વાવો તેવું વીણો.

લખનારઃ-સોરાબ બી. તાતા.

મંચી કાકા મરી ગયા, અને માટુંગામાં એકાંતમાં આવેલી એક બંગલી તેની નાની વાડી સાથે પોતાના વડા મંત્રીજી જહાંગીરને એક સરતે સ્વાધીન કરી ગયા, કે જહાંગીરે કાકાની તે બંગલીમાં જઇને વસવું અને પોતાના હાથોથીજ તે વાડીને હાલની સ્થીતીમાંજ રાખવી.

"તમારા મંચેરજી કાકા પોતાના બાગ માટે ઘણાજ મગરૂર હતા," દાદીશેઠ સોલીસીતરે જહાંગીર આગલ ખુલાસો કીધો, "બેહેસ્તીને બાગબાનીનો ઘણોજ શોખ હતો, અને પોતાના હાથેજ આખો દીવસ ખણીખોદી કે રોપીને બાગ સરસ બનાવતા."

"પણ કાકાની સરત તો વાહીયાત જેવી છે," જહાંગીર કરડયો. "એ ઉજાડજના માટુંગા જેવાં જંગલ જેહાંનમાં બાગાં બસતાંમાં કોણ જઇને રેહે? કાકાનો બાગ હું હાથેજતે બધું ખણીખોદીને પાણી સીંચીને સોજો રાખું ને મારો વખત ગુમાઉં તેટલા વખતમાં હું મારાં બીઝનેસમાં કેટલી દોલત પેદા કરૂં! હાથમાં કોદાલી પાવડા લઇ બાગમાં જઇ માટી માફક મેહેનત કરી હું મારા વસા ગુમાઉં કે? બાગને હાલની સ્થીતીએ રાખવા હું એક માલી રાખીશ."

મંચીકાકાના સોલીસીતરે ડોકું હલાવ્યું.

"તેમ બનેજ નહીં," દાદીશેઠ સોલીસીતરે ભવાં ચઢાવ્યાં. "તે પોઇંટમાંજ વીલ બીલકુલ બરાબર છે, મી૦ જહાંગીર વીલની સરત ઘણી કડેડી છે કે તમારેજ હાથે બંગલીના બાગને બરાબર ઑરડરમાં રાખવો, ને જો તમે તેમ કરવા ના પાડો, તો ન છુટકે વીલના કરાર મુજબ કાકાની બંગલી ને બાગ તમારા નાના ભાઇ બેહેરામને મલે."

"તદનજ હસવા જેવું છે," કાકાનો લોભી મંત્રીજો કરડયો, કાંય કે તેણે તો કાકાની આધડી દોલત મેલવવાની આશા રાખી હતી. "એ બર્બાબરબર બંગલી અને બાગને શું બેસીને ચાવે કે? બાગ પર હાથે જતે પૈસા બર્ચીને મેહેનત કરૂં તેમાં મને હાંસલ શું? લોકો મારી મશ્કેરી કરે કે કાકાનું કાટર્યું તો ધસેલું, પણ સાથે લાગું મંત્રીજીનું ભેજું ખસ્યું!"

"બેહેસ્તી કાકાની મરજીને માન આપવું જોઇએ," દાદીશેઠ સોલીસીતરે સલાહ આપી. "કાકાનો જીવનગાલો બધો બાગમાંજ હતો, અને તેથી તમો ઉપર એવી કર્જ નાંખીજ; એતો બા જેવું વાવો તેવું વીણો!"

"બટ, આઇ મે મી૦ દાદીશેઠ," જહાંગીરે ચુંચી આંખ કરી તેહકીક કરવા માંડી. "કાકા મરી ગીયા ને પ્રેતા પાછલ માટુંગાની બાંગીબસ્તી બંગલી ને બાગજ મુકી ગીયા? બાકીની એવણની દોલત કાંહાં ગઇ? લુક હીયર, મી૦ દાદીશેઠ, હું કેહું છ તેમ કરો; આ બંગલી ને બાગ મારા

નાના ગરીબ બચરવાલ ભાઇ બેહેલીને સોંપી દેઓ, અને બાકીની દોલત મને હવાલે કરો, એટલે બેઉને સરખે હીસ્સે ભાગણી મલે, અને વલી મંચી કાકા પેલી જેહાંનમાં બધા ખુસીથી થાએ, એક કાંકરે બે પક્ષીથી મરાએ."

"બાકીની દોલત? કીયા ચુલામાંથી લાંહુ?" તે સોલીસીતરે ટીકા કીધી. "જે છે તે આ બંગલી છે; બીજી કોઇ ચીજ નહીં."

"હું! વૉટ યુ મીન?" જાંહાંગીર ચોંકયો. "એ ડોસાજી પાસે પચાસ પંચોતેર હજારનો જીવ હતો. એમ મને કોઇએ કહયું તે ગીયા કાંહા? એવણની બંગલીમાં હોસેજ."

"બેહેસ્તી કાંઇ ગઠિ બાંધીને તો નથી લઇ ગીયાની?" તે સોલીસીતરે તે લોભી ભત્રીજાની ટકોર કીધી. "વલી એવણે કાંઇ પૈસાની ઉથલપાથલ કીધી હોસે, ને આટલાં વરસમાં ખર્ચીયા હોસે, થોડો વખત અગાઉ એવણે બધા શેરો વેચી નાખ્યાંતા, એમ હું જાણું છું. હું એટલું તો ખાત્રીથી કહી શકીસ કે જે બધું છે તે આ બાગ ને બંગલી તમારા કાકા મુકી ગીયાછ. ચાલો બોલો, હવે, જો તમે ના પાડો તો હું તમારા ભાઇ બેહેરામ આગલ જઇ કાકાનો કાલો રવાધીન કરું."

"પણ એ ભાગું ભસતું કોઇને ભાડે આપું કે હું પછી વેચી નાખીશ." જાહાંગીરે વિચાર કરી જવાબ વાલ્યો.

"તેમ નહીં બનશે," તે ધારાશાસ્ત્રીએ સલાહ આપી. "વીલના કરાર પ્રમાણે તમારે ત્યાં રહીને બાગ તમારા હાથે ઠોકઠાક રાખવો."

"નૉનસન્સ!" તે લોભી ભત્રીજો કરડયો. "આવાં જંગલમાં ને આવાં ભસતાંમાં કોણ રેહે? આ આવું સરસ ઘેરબાર છોડીને હું જંગલમાં દખમાં જેવાં ઘેરમાં રેહેવા જાઉં? મારી ધણ્યાણી ધન કાકાની બંગલીમાં રેહવા આવવા જીવ જાએ તોણી કબુલ થવાની નહીં."

"જરટ એઝ યુ પ્લીઝ," દાદી શેઠે છેવટે કહયું. "હું તો કરમાવેલો બંદો! મરનારની મરજી મુજબ ને વીલના કરાર મુંજબ મારે અમલ કરવોજ જોઇએ."

જાંહાંગીર કામા કરડી ચટકી તે સોલીસીતરની ઓરીસમાંથી ચાલી ગયો.

"કમબખ્ત ડોસો બીલકુલ ચરેલો ઉનો!" ભત્રીજાએ પપેટ ભણી.

"વલી કાંઇ પરસતાન જેવો બાગ હોતે કે ગુલેસતાન જેવો બંગલો હોતે, ને પચીસ પચાસ હજાર ડોકરાએ જાંરયાં હોતે તો ત્યાં જઇને ઠર પડતે! આવાં ઘેરસતાનમાં કોણ જાએ?"

તે કરડેલો પોતાને બંગલે ગયો, અને પોતાની મોહોરદાર ધન આગલ બધી વાત કીધી. તે ધન સાથે પરણ્યો ત્યારે ગરીબ હતો; ધનને તેની કાકીનો દસેક હજારનો આખતો દલ્લો મલી ગએલો હોવાથી પૈસાના જીવ ઉપર તે તેની સાથે પરણ્યો હતો; હાલમાં તે શેર સત્તામાં પગભર થયો હતો, મગર એક પૈબી કોઇના હાથમાંથી જરતી ન મુકે એવો કંજુસ અને લાલચુ હતો.

"તમારે જોઇએ તો તાંહાં રેહો, જાંહાંગીર," ધન કરડી પડી. "હું તો મરતાંણી નહીં જાંઉં. તાંહાં કાંઇ કોઇંગ રૂમ નહીં, ને મારો પ્યાનો કાંહાં બાગમાં મુકાઉં કે? વળી માકુંગા જેવાં જંગલ

બીજાંમાંનમાં હું રેહેવા જાઉં? તમે મુંબાઇ આવો ને હું એખલી ત્યાં પડાણેાની હેબટે ધસકે મરી જાઉં? મુવા પડાણેાનેા ત્યાં જબરેા દેાર છે."

"પણ તું તેા લેડીઝ રાઇફલ કલબમાં બંદુક મારવાતું શીખવા જાએછ, ને હું તેા એમ ચેારેાને મારસ, ને તેમ વાઘ મારસ તે બધી અમથી લબ્બાસ કે?" તેના ધણીએ ટાણેા માર્યેા.

"એ તેા મારી સહીએા ગેઈ કે હુંણી મારેા બપડેા ને રેાપ બતાવવા તાંઢા જાઉંછ, તેથી શું જંગલમાં જઇને રેહેા ને હું એખલી બંદુક લઇને પડાણેા સામે લડું કે?" ધણ્યાણીએ રેાકડું પરખાવ્યું.

"પણ હું જો તાંઢાં નહી રેહેઉં તેા વાડી બંગલેા મારા રાસકલ લુચ્ચા ભાઇ બેહેલીને ફાલે જાએ," ભવાં ચડાવી તે અદેખેા બેાલ્યેા; તે આખું કેાહેાર દાલમાં ગલવા માંગતેા હતેા. "મારા હાથગાં તેા કાંઇ નહિં આવે."

"પણ બેહેલીને વેચી કાંય નહીં નાખતા?" ધને સલાહ આપી.

"હા, એણી કાંઇ ખરાબ વિચાર નથી," જાંહાંગીરે જવાબ વાળ્યેા. "પણ તેમ સંભાળથી કરવું જોઇએ. બેહેલીને કાકાના વીલગાંની શરત કેહેવી પડશે; પણ હું એને લેવા દેવાનેા નહીં. આવાં વાહીયાત જેવાં વીલને હું બહુ ધીક્કારૂંછ."

"ને હુંણી ધીક્કારૂંછ" ધનેણી મત આપ્યુ. "પણ જો હેાય તે, હું તેા આએ ઘેરના કરતાં સરસ જગ્યા નહીં હેાય તેા મરતાંભી નહીં જઇને રેહેવાની; હું તમુને ખુલ્લે ખુલ્લી ચેતવણી આપું છું"

બીજે દીને જાંહાંગીર પેાતાના ભાઇને મલવા ગયેા. બેહેરામ કેાટમાં ઘેાડાના મેાહેાલ્લામાં એક ધરના માલ ઉપર પેાતાની ધણ્યાણી નાજ સાથે રેહેતેા હતેા; તે કાઇ વેપારીને ત્યાં નેાકરી હતેા અને દેાઢસેા કમાતેા હતેા, અને જો કે તેને ત્યાં ચાર છેાકરીઓ હતી, તેાપણ તેઓ પેાતાનેા વખત ઘણુજ સંતેાષથી કાઢતા હતા. પૈસાવાલેા ભાઇ જાંહાંગીર તેને જરાપણ મદદ કરતેા ન હતેા, અને તેને મલતેા ભેટતેાપણ ન હેાવાથી, એકાએક તેને પેાતાની ઓરીસમાં આવેલેા જોઇ બેહદ તાજુબ થયેા અને હેતથી આદરસત્કાર કીધેા.

"અલ્લેા, ભાઇ!" જાંહાંગીર પુકારી ઉઠયેા. "મારી અહીં આવવાની તેં સ્વપ્નેપણી આશા રાખી નહેાતી હેાશે."

"નહીંજ તેા; વૅલ, ઘણેા લાંબેા વખત થયેા ખરેા," જાંહાંગીર હાથ હીલવી બેાલ્યેા. "હાલ આલાં દસ વર્ષની થઇની? તે વરસ દહેરાની ઉની ત્યારે તું મનેમેા. તું તેા ગારેા મેાહેાલ્લેા તેા વાસ મારે."

"મને તઇમજ નથી મલતેા," તે કાગનાં કાધન્યાંએ બાંહાણું કાઢયું, "મને એટલું તેા કામ કે અર્ધારાત વેર કરસદ મલતી નથી. વલી તારૂં બેાપડું એટલુ દુર કે તુંને મલવા આવનાં કલાક નીકલી જાએ. અજબ છે-તું આવી ડરીહેંબ અંધારી ધુસલીમાં રેહેછ."

"કરે શું, બા, પમ જોઇને પાંડણલું તાણુંતું!" બેહેરામે જવાબ વાળ્યેા. "જયાં વાડી હેાએ ત્યાં રેહેવા મને બહુ ગમેછ; મને બેતીવાડીનેા બહુ સેાખ છે, પણ તેની કાંઇ જગા મને કયાંથી? મરી નાજંથી એમજ બેાલેછ કે છેાકરાંઓને બાગથી સેાહેાવાઇ જાએ."

"બરાબર, તેજ કારણસર હું આયેાછ," જાંહાંગીરે ટક હાથમાં લીધી. "તુંને થવાનેા મને એક વિચાર સુઝયેાછ. તું તારાં ઘેરમાં સગવડમાં રેહેતેા નથી, તેથી હું દેાડી આવ્યેા."

"તારી મેહેરબાની થઇ; ઘણે વર્ષે ગરીબ ભાઇની ખબર રાખી તે!" બેહેરામે ટકેાર કીધી.

"હવે, તુંને જે જોઇએછ તે તારૂં પેાતાનું ઘેર, કે જ્યાંથી કેાઇથી તુંને ત્યાંથી હાંકી કાઢે નહીં. બરૂં કેની?" જાંહાંગીરે પુછ્યું, અને તાજુબીથી બેહેરામે ડેાકું ધુણાવ્યું.

"અને બાગ બગીચેાણી સાથે હેાએ તેવું હેાએ તેા મજાનું ની!" તેને વધું આગલ ચલાવ્યું. "બાગની જમીન ખેાડવાની ને બધી તરકારી રેાપવાની, બાગબાનીનું કામ તંદરેાસ્તીને ઘણું સારૂં છે; એમાંતેા સૈાથી સરસ કસરત છે. વળી તારે હાથે જાતેજ પપેટા, કેાબી; કાકી ફુલાવર બધું રેાપીને પછી વેચવાનું, તેમાં કેટલેા નફેા થાએ?"

"તેમાં કાંઇ શક નહીં, ભાઇ," વિચારવંત અદાથી બેહેરામ બેાલ્યેા.

"ત્યારે જો સમજ, બેહેલી." જાંહાંગીરે આગલ ચલાવ્યું. "તુંને મહીને દહાડે આવાં ડરટી બેાપતાંને વાસ્તે ત્રીસ રૂપ્યા આપવા પડેછની?"

"હાસ્તેા; બહુ જીવપર આવેછ." બેહેરામે ભવાં ચઢાવ્યાં.

"એટલે વરસ દહાડે ત્રણસેા સાહાઠ રૂપ્યા થયા," જાંહાંગીરે ગણત્રી કીધી. "તું જો તરકારી ઉગાડે તેમાંથી મહીને દહાડે કેટલા રૂપ્યા કુટી કાઢે તે એ ભાડામા ઉમેર; તેા એક વરસમાં ઓછામાં ઓછા તું પાંચેક હજાર રૂપ્યા બચાવી શકે."

"તું જબરેા દાખલામાં પ્રવીણ દેખું!" બેહરામે ટકેાર કીધી.

"હાસ્તેા વળી; ગાડાં બીઝનેસ એમજ કરવાનું તેા," જાંહાંગીરે આગલ વધાયું "વરસે પાંચ હજાર ઉપર છ ટકાનું વ્યાજ આવે, ને દર વરસે તુંને થેાડા હજાર નફેા થાએ, તેા તું નીહાલ થઇ જાએ; બરૂં કેની!" અને બેહેરામે ડેાકું હલાવ્યું.

"જો હવે સાંભલ, મંચીકાકાએ મને વાડી ને બંગલી ફલામાં આપીછ, તે હું તુંને આપું ને તેના બદલામાં તું મને પંદર હજાર આપ." નરમ થી જેવી વાત લાલચુ ભાઇએ કીધી, "તું ગભરા ના; હું કાંઇ એકદમ નથી માંગતેા રે; તારાથી જેટલા ભરાએ તેમ ભરપાઇ કરવા, અને બાકીની રકમ ઉપર ચાર ટકા વ્યાજથી આપતા જવું."

"પણ તે વાડી બંગલેા તેટલી કીંમતનેા હેાસે એમ હું જાણુતેા નથી," બેહેલીએ બબાં હીલાવ્યાં. "પણ કેાઇ થી બાબમાં મારાથી તે વેચાતી લેવાઇ શકાય નહીં. કારણ કે મારી પાસ પૈસા થી નથી, અને મારાથી કાંઇ બચાવી થી નહીં શકાએ. પણ, તે બંગલી વાડી વેચવાનેા તુંને હક શું છે?"

"તુંને વેચવાનેા મને દરેક હક છે, કેાઇ બીજાને નહીં," જાંહાંગીરે ખુલાસેા કીધેા. "મેં તારે માટે રસ્તેા ખુલ્લેા કીધેાછ એમ તારે ઢોંગ કરવા. લે વાર, દસ હજાર આપસે?" મગર બેહેરામે ના કેહેવાથી તેને ઉમેર્યું. "જો આવી ટક હાથમાંથી જતી મુંકશે તેા પસતાશે; એજ જગાના બીજો કેાઇ ત્રીસ હજાર આપવા તયાર થાએ. તુંને કેવી બાદશાહી જગા

કાંઈ ઓછું છે તે કોઇને ખબર નથી. તું મને મદદ કરવા મને ગમેછ. લે હવે આંહ આપવાછ ? નહીં ? ત્યારે છ હજાર આપસે ? તારને મારું કાંઇ રહ્યું નહીં. પેલા રે, લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોંદું કયાં ધોવા જાએછ ?"

" છસોં ખી નહીં, જાંહાંગીર; તું જ ત્યાં જઇને રેહે અને આએ સારાં બાપગપર મળાહ કર." બેહેરામે કહ્યું.

" લે પાંચ હજાર આપજે; નહીં ? વાર ચાર હજાર આપવાછ? તે ખી નહીં ? તો રહ્યું. તું તો ઉજબખ ગયેડા છે. તુને મદદ કરવા આવ્યો, ત્યારે તું ના પાડેછ, તો જાહા નમમાં જા," તે વડો ભાઇ એકદમ ગુસ્સાથી છેવટે બોલ્યો. " તું ભુખે મરસે તો ખી મારી તરફથી અધીંનીખી આસા ના રાખનો."

" મને તારા જેવાની અધીં જોઇતી ખી નથી; તારા જેવા ભાઇનો ખુદા મને ઓસ્યાળો નહીં રાખે," બેહેરામે ખી રોકડું પરખાવ્યું. " દાર રોટલી પર બોદા મને સંતોખી રાખે. મારી મોહોરદાર એજ મારો કારનનો ખજનો છે."

" મારો નકામો વખત ગીયો, ને ગાડી ભાડાંનો ખર્ચ એને લીધે થયો," જાંહાંગીર ઘરે જઇ પોતાની ધન આગલ જઇને કરડ્યો. " બેહેરીના હાથમાં એ બંગલી નહીંજ આવે તે મારે આપણે જઇને એની બોંહોંસ પર રહીશું."

" જાઇને તમે રેહો, હું તો નહીં આવવાની," ધને ચાર ચાસની વધુ કરકરાટ કરીધો. " તમે તમારું નાણું બધું મારાં નામપર કીધું છે તે ભુલતા ના, કાંયકે કદાચ તમે સોના સાહાઠ કરી ઊંધી પાધડી પેહેરેડા તો તમે તમારે લાંબા ટાંટયા કરી કાકાની ભસ્તાં જેવી બંગલીમાં સુખેથી રેહો અને હું મારું બ્યાજ વતાવમાંથી કેાડી લેઉં."

જાંહાંગીરબા વધુ છેડાઇ પડયા. " પણ, ધેલી, આવી વાડી બંગલો હાથમાંથી છોડી દેછ? આપણે વાડી બંગલાના માલેક તો કેહેવાશું. આએ જોની, ભાડેના ઘેરમાં રહી ઘર વાલાનો જુલમ ખમવાનો તે; ત્યાંતો આપણેજ ઘેરવાલાં કેહેવાઇશું. હું તો જાણું કે ડોકરો ધાખેક મુકી ગીયો હોસે તે મલશે, પણ હવે એટલું તો એટલું, પેલા ભીખારી બોંહોલીને તે મળે તે તુને ગમે ?"

" કોઇ કાલાં કુતરાંને ખી તે મળે તેની મને દરકાર નથી," ધને નેણ ફેરવ્યાં. " મારે તો ત્યાં રહેવું નથી."

બગર જાંહાંગીરે બહુ મિજાજ બોહર્યો, અને બંને વચે જબરી ટપાટપી થઇ, અને તેને સર્વથી છદ્દી અને બેંતાલ મોહોરદાર મલી હતી એમ છેવટે મત આપ્યું.

જાંહાંગીર પીલની સરત મુજબ ન ચાલવાથી દાદીશેઠ સોલીસીતરે આખરે બેહેરામને બોલ્ટર કીધી, અને તે ગરીબ ભાઇએ અને તેની મોહોરદારે ખુશીથી કબુલ્યું.

મારૂંગાની મંચીકાકાની બંગલીમાં બેહેરામ પોતાની ભલી મોહોરદાર નાજા અને ચાર છોકરીઓ આલાં, પીલાં, હીલ્લાં અને સીલ્લાં સાથે જઇ રહ્યો. બંગલી ખર્યાખરખર હતી અને સમાર કામની મોટી અગટ હતી: વળી વાડીમાંથી બધું સુકાઇ ગયું હતું, અને જંગલી છોડવા અને ઘાસ ઉગી નીકળ્યાં હતાં, તોખી તે ઉપરથી તેને સંતોષ પકડયો.

ઢાંકણું ઉઘાડ્યું. અંદર મીન કચર હતું જે ઉખેડ્યું જેની અંદર બીજું જાડાં કાગળનું પડ હતું જે બધું ઉખેડ્યું અને અંદર નજર કરતાં બંને જણાં તાજુબીથી ચોંકયાં. તેમાં તો મંચીકાકાનો બધો જીવજીવન ગાસો, બધો બજનો સીંચેલો હતો. કેટલીક ગીનીઓ અને રૂપૈયા બખડાટ ન થાએ તે માટે મજબુત પડીકાંમાં વીંટાલ્યા હતા, અને સો સો અને હજારોની નોટના ચોડાઓ અંદર સીંચેલા હતા. મોડી રાત તુલીક બેસીને તેઓએ ગણત્રી કીધી અને તે બોકસમાંથી બધી મલી એકાવન હજારની દોલત મલી. તે બોકસની તળીએ મંચીકાકાની ચીઠ્ઠી મળી જે નીચે મુજબ.

"જેખી કોઇ ભત્રીજે મારાં વીલની સરત મુજબ હાથે જાતે મારી વાડી બોડીને સારી હાલતમાં રાખે, તેને આ બોકસ મળે તો તેમાની બધી દોલત કાયદા મુજબ તેનીજ થાએ.—મંચેરજી અસપંધ્યારજી કામા."

બંને ધણીધણીએ પોતાના બીલતાં ભાયગ મૂજે પાકપરવરની લાબોલાબ શુક્રગુજારી કરી. સહવાર તુલીક તે બજનાની જાલવણી કરતાં બંદગીમાં મશગુલ રહયાં.

બોળા બેહેરામે પોતાના લોભી ભાઇને બોલાઇથી બબર કીધી, જે લાગસો બંગલીમાં દોડી આવ્યો, અને તે તો બધી મોટા ભાઇ તરીકે તેનીજ હતી એમ જણાવી તે બોકસ ઉંચકી લઇ જવા માંગ્યો, પણ બેહેરામે તેમ ના પાડી; તેઓ વચે જબરી બોલાચાલી થઇ, અને કોર્ટમાં ઘસડવાની ધમકી બાપી તે તતરવીબો ભાઇ ત્યાંથી ખલ્લી ગયો.

બેહેરામે તાબરતોબ દાદીશેઠ સોલીસીતરને મલીને દોલત માટે બધો બુલાસો કીધો, અને વીલની થરત મુજબ તે તેનીજ હતી, અને લોભી અને અદેખા જાંહાંગીરને એક બધીબી ન આપવાની તે સોલીસીતરે સલાહ આપી.

ધમકીમાં જાંહાંગીરે સોલીસીતરની નોટીસો મોકલી જેનો જવાબ દાદીશેઠ સોલીસીતરે લખી વાલ્યો, જે વાંચી કોઇબી સોલીસીતરે અદેખા જાંહાંગીર તરફથી કોર્ટમાં લડવા સાફ ના પાડી, કાંબ કે મુદ્દો ન હતો. અને વલી લોભી અને બબીચુસ જાંહાંગીર પેહલા બસો પાંચસો રૂપ્યા આગમજથી સોલીસીટરને ભરવા ના પાડતો હતો. જ્યારે તેનું કાંઇજ ન વલ્યું ત્યારે ને તતરવીબા ભાઇએ ગરીબ ભાઇને પેટ ભરીને ગાસો દેઇને વેર લીધું.

હવે તો બેહેરામ પોતાની મોહોરદાર નાજાં અને ચાર છોકરીઓ સાથે સુખમાં વસે છે; બંગલીને નવેસરથી સમારી અને વાડીબી પોતાની જાતી મેહેનતથી વધારી મુકી, અને બાકીની પડત જગ્યા લઇ મોટો બાગ તેને બનાવ્યો, અને ત્યાં તેઓ અમનચમનમાં મોજ મારે છે.

મેહેનત-કરે તોજ સારાં ફલ મલે! બાઇતી દોલત મેલનેલી કાંઇ પચતી નથીજ!

કાળ મહિમા.

એક એવો સમય હતો કે જ્યારે આ ભારતભુમિમાં આર્ય ઋષિગણનો પ્રકાશ પ્રવર્તતો હતો. અને આ પવિત્ર દેશના ધર્મ માર્ગમાં કોઇ પ્રકારનું પરિવર્ત્તન થયું ન હોતું ત્યારે હિન્દવાસીઓની અવસ્થા કોઇક ઓરજ પ્રકારની હતી. અત્યારે એ સમય રહ્યો નથી; અને તેનાં કારણોનો વિચાર કરતાં પ્રતીત થાય છે કે જ્યાં સુધી એ વિભુતિયુક્ત પુરૂષોનો આવિર્ભાવ થતો રહ્યો, ત્યાં સુધી સ્થુલ વિચારથી લઇને સુક્ષ્મતર વિચારના જેટલા માણસો આ ભારતવર્ષમાં હતા, તેમનામાં કદી વિરોધ દેખાયો નથી. તે મહાત્માઓની કૃપાથી આ ભારતભુમિ સાક્ષાત્ ધર્મભુમિ બની રહી. પ્રાયઃ સર્વ અધિકારી ગણ ક્રમશઃ પોતાના અધિકારાનુસાર સાધન કરતા ધીરે ધીરે શ્રેષ્ઠાતિશ્રેષ્ઠ દશાને પ્રાપ્ત થતા હતા, અને સર્વ ધર્મવ્રતપાલનમાં તત્પર રહ્યા કરતા હતા. તે એટલે સુધી કે કોળી, ભીલ વગેરે જાતિના મનુષ્યો પણ ધર્માવતાર ધર્મમૂર્તિ ઋષિગણોની આજ્ઞા અને શાસનને આધીન રહી પોતપોતાનો ધર્મ સારી રીતે પાળતા હતા. જો કે સર્વને અધિકાર સ્વાતંત્ર્ય પ્રાપ્ત હતુ; પરંતુ ધાર્મિક દ્રષ્ટિએ સર્વ એકજ પ્રતિત થતા હતા. તે વખતે સમસ્ત પૃથ્વી તલ ઉપર ધર્મની પતાકા ફરફરી રહી હતી. તે સમય પછી જ્યારે કલિયુગનો પ્રાદુર્ભાવ થયો, ત્યારથી ધર્મની હાનિ, અને પરસ્પર વિદ્વેષ, કુસંપ, ઇર્ષ્યા વગેરેનો આરંભ થવા લાગ્યો. રાજાઓ ધાર્મિક મર્યાદાને છોડી ઋષિઓની અવહેલના કરવા લાગ્યા તેઓ પ્રાય વિષયગામી થવા માડયા. ક્રમશઃ લોકો એકતાના બંધનને તોડી ઉચ્છૃંખલ થતા ગયા, અને પરસ્પરના વિરોધથી સ્વાનવૃત્તિનો પરિચય દેવા લાગ્યા. ધીમે ધીમે ધર્મતત્પરતાના સ્થાન ઉપર અર્થતત્પરતાએ પોતાનો પૂરો અધિકાર જમાવી દીધો. એ વખતે ગ્રહકલહથી કૌરવો અને પાંડવોની વચ્ચે ઘોર કલહ ઉપસ્થિત થયો કે જેને લીધે મહાભારતનો મહામંગ્રામ મંડાયો. શ્રી કૃષ્ણની ઇચ્છા હતી કે એકવાર વિધર્મી કૌરવોની પાસેથી રાજ્ય પડાવી લઇ કોઇપણ પ્રકારે પુનઃ ધર્મરાજ્ય સ્થાપિત થાય તો ઠીક. તેથી તેમણે પાંડવોને ઉપદેશ આપી આપીને પુર્ણપણે અર્થમાર્ગના શિષ્ય બનાવી દીધા! તે એટલે સુધી કે સાક્ષાત ધર્મરાજને પણ नानृतात् पातकंपरम એ વાકયનો કાંઇપણ વિચાર રહ્યો નહિ, અને તેમને મોઢેથી नरो वा कुंजरो वा જેવું સંદિગ્ધ વાકય નીકળી ગયું! કાળગતિના પ્રભાવથી શ્રી કૃષ્ણનું અભિષ્ટ સિદ્ધ ન થઈ શકયું. પુનઃ ધર્મરાજ્યની સ્થાપના થઇ શકી નહિ. પાંડવોની જીત થઇ, યુધિષ્ઠિર રાજા બન્યા; પણ દેશવ્યાપિની અર્થપરાયણતા દિવસે બમણી અને રાત્રે ચાર ગણી વધતી ગઇ. એ વખતથીજ આ દેશના પતનકાળનો આરંભ થયો. દેશમાં ચારે તરફ અવિદ્યાનો પ્રચાર અને ધાર્મિક શિક્ષાનો અભાવ થવા લાગ્યો. લોકો શનૈઃ શનૈઃ ધર્મના માર્ગજ ભૂલવા માંડયા—ધર્મનુ મહાત્મ્ય વિસરવા લાગ્યા. પછી શું થયું? દુરાચાર અને દુર્વ્યસનની તો બરાબર વૃધ્ધિ થઇ રહી હતી, તેથી જેટલી સદુપદેશની ન્યુનતા થતી ગઇ, તેટલીજ પારસ્પારિક વિરોધની લાગણી બળવત્ત થતી ગઇ. તે સમયથી આજસુધી નિરંતર ક્ષતિકારક રિવાજોની પ્રબળતા અને ધાર્મિક—સાંપ્રદાયિક ભાવોમાં શિથિલતા થતી ગઇ છે. પરિણામ એ થયું છે કે આજ સમગ્ર દેશમાં અંધકાર છાઇ રહ્યો છે.

કેવા દુઃખની વાત છે કે જે દેશ અનાદિ કાલથી લક્ષ્મીનું નિવાસસ્થાન, વિદ્યાનું કેન્દ્ર અને કળા કૌશલ્યનો ભંડાર મનાતો હતો, તથા જે દેશની ભૂમિ સમસ્ત પૃથ્વીતલ ઉપર કર્મ-ક્ષેત્રના નામથી પ્રસિદ્ધ હતી, તે આજ અવિદ્યા, અધર્મ, અનૈક્ય, અસંતોષ, અસભ્યતા અને અકર્મણ્યતા આદિ દુર્ગુણોના સ્થાન રૂપ બની રહી છે. જેની શોભા જોઇને દેવતાઓને પણ મોહ પ્રાપ્ત થતો હતો, તે આજ સ્મશાન સમાન ભયાનક દેખાય છે. હે કલિકાળ! આ દેશે તારૂં શું બગાડયું હતું, કે તારી પ્રખર દ્રષ્ટિ તેના ઉપર પડી? હા, આ તેજ દેશ છે કે જ્યાં મહાત્મા કર્ણસમાન દાનેશ્વરી તથા અર્જુન અને ભીમ સમાન પરાક્રમી થઇ ચૂકયા છે! આ તેજ દેશ છે કે જ્યાં મહારાજા શિવાજી અને મહારાણા પ્રતાપ સરખા વીરવર્યોની સુયશપતાકા હજુ સુધી ફરકી રહી છે! કિન્તુ ખેદની સાથે કહેવું પડે છે કે આજ આ દેશમાં નથી એવા મનુષ્યો, કે નથી તેમની એવી શોભા. દેશની રમણીયતા પણ ઓછી થઇ છે. અત્યારે જ્યાં આંખ ઉંચી ફરીને જોઇએ છીએ, ત્યાં એક ભયાનક વિકટ દૃશ્ય દેખાય છે. કયાંઇ પણ શાંતિ, સંતોષ, વિવેક, ભક્તિ, દયા, વૈરાગ્ય આદિ સ્વર્ગપ્રદવૃત્તિઓનો અંશ પણ રહ્યો નથી. સદ્‌વૃત્તિ-ઓના સ્થાન ઉપર ચંચળતા, અપવિત્રતા, આલસ્ય, સ્વાર્થપરતા, નિર્દયતા, મોહ, અહંકાર વગેરેએ પોતાનું પૂર્ણ આધિપત્ય સ્થાપિત કરી દીધું છે. આ સર્વ કરાલ કાળનો મહિમા નહિ તો બીજું શું છે? દયાવાન પરમાત્માની કૃપા વિના અવિદ્યાનો નાશ થઇ શકશે નહિ, અને જ્યાં સુધી અવિદ્યાનો નાશ નહિ થાય, ત્યાં સુધી ધાર્મિક સુધારણા થવી કઠીન છે. ધાર્મિક સુધારણા થયા વિના આપણી ઉન્નતિ થવી સર્વથા અસાધ્ય છે.

કાળમહિમા વિચિત્ર છે. કાળસરિતાનું વહન અપરિમિત છે. એ પ્રબળપ્રવાહમાં અનંત યુગો ચાલ્યા ગયા છે. પરિવર્ત્તન એ કુદરતનો એક અબાધિત નિયમ છે. ભારતના સુભાગ્યે હવે જરૂર આ દેશમાં કાળપરિવર્ત્તન થશે. અંધકાર વિખેરાવા લાગ્યો છે. સુધારાની ઉષા ચળકવા લાગી છે. વિદ્યાપ્રચાર ઉપર લોકોનો પ્રેમ વધવા લાગ્યો છે. દેશમાં નવચેતન આવતું જાય છે. ભારત પોતાનું ગગનચુંબિત ગૌરવ સત્વર પ્રાપ્ત કરે એવાં શુભ ચિહ્નો દેખાય છે. લોકોમાં નવા ભાવ, નવી લાગણીઓનો વિકાસ થવા લાગ્યો છે, રાષ્ટ્રોદ્ધાર ઉપર સર્વને કંઇ સરખો પ્રેમ પ્રકટયો છે. આશા છે કે હવે જરૂર થોડા વખતમાં કાળપરિવર્ત્તન થશે! પ્રભો, અમારી એ આશા સફળ કરો!!

ધીરજ.

તઇયાર છે. તઇયાર છે.

કરણીનો ફેજ.

નવરંગના અધીપતીની કલમથી લખાયલી અતિ દીલચશ્પ વારતા.

કીમત રૂ. ૧॥. પોસ્ટેજ આના ૪ વધુ.

લખો:—

નવરંગ પ્રેસ, બજારગેટ, ફોર્ટ, મુંબઇ.

જેહાંગીર બી૦ કરાણીના છોકરાઓ,

પારસી બજાર, ફોર્ટ, મુંબઇ.

"સાચી કરો આરાધના."

(ગઝલ સોરઠી)

૧

પાઠો પઢયા ફરહાદના! શિરીનની કથની સુણી;
મજનૂ! અને લયલાં તણા! સુલેખની પીધી ધુણી.
તેહને રહ્યુ શું પૂછવું! કોને કહો બાકી હવે?
હા! બાપ મસ્તિનું ચૂકી! શાને પડયા ભૂલા ભવે?

૨

મસ્તોની મસ્તિ જાણવાને; સરત ના ફાવી શકે!
ચ્હાનાર શું? ને-"ચાહ" શુ? કહો શું રીતે સમજી શકે?
શી રીત જીગર ચોળખે? ફરહાદને મજનુ તણાં!
"પ્રેમી" હૃદય તે પારખે! છે અન્યને અળખામણા!

૩

ભારત તણાં સંતાન જો! ભાવથી દુઠો કદા!
પ્હેલાં શીખી લ્યો "પ્રેમ" શું! તો તો તમો ફાવેજ કદા!
જો "ક્ષાર" વારીમાં ડુબ્યા તો તો મળે "મોતી" નહીં!
છે "સાર" વારીમા સમાણું "તત્વ" તે સમજો કઇ!

૪

ડુબતા નથી કો આજ હા! તેવું તમો કહેતા વિગ!
પેખી તહમે શકતા નથી! તે વાત ભુલો કા વિસ?
હા! હા! ડુબે છે "પ્રેમીઓ" ને "મોતી" પણ તે મેળવે!
ના! ના! બને તે "આપથી," કીમત "ઝવેરી" કેળવે!

૫

ના સ્થાન ત્યાગે "મોતી" તો સ્વસ્થાનમાં ઝળકી રહે!
નવ શ્રમ ભૂલે "ડુબનાર જન"! કુદરત સદા ક્રમથી વહે;
બિહુ મળેના "પ્રેમ" નુ ને! પ્રેમી કો બનવા ચહે!
તે ".અંધ પ્રેમી" ઉરડા! પસ્તાઈને પાછાં વહે!

૬

રે! આર્ય માતાના તનુજો! કુપંથમા પળશો નહીં!
ધરી વેશ "જુઠા પ્રેમના"! નાહક તમે બળશો નહીં!
છે "પ્રેમ પંથ" ન્યારો અતી! રહેલી નથી તે સાધના!
"આશક"—અને "માશુક"! બની "સાચી કરો આરાધના."

ડો. એચ. એલ. બાટલીવાળા સન્સ એન્ડ કું૦ લીમીટેડની

સ્વદેશી દવાઓ.

બાટલીવાલાનું એગ્યુમીક્ષચર.
બાટલીવાલાની એગ્યુની ગોળીઓ.
બાટલીવાલાનું-(ટૅાનીક સીરપ) બાલામૃત.
બાટલીવાલાનું (કેયર ઓલ) બામ.
બાટલીવાલાનું ડાએરીયા (કોલેરોલ) મીક્ષચર.
બાટલીવાલાની કયુનાઇન ટીકડીઓ.
બાટલીવાલાની ટોનીક પીલ્સ.
બાટલીવાલાનું-રીંગવરમ ઓઇન્ટમેન્ટ.
બાટલીવાલાનું-દાંતનું મંજન.

જથાબંધ વેપારીઓને ફીફાયત ભાવ.

ટેલીગ્રાફ એડરેસઃ—બાટલીવાલા વરલી મુંબઇ.

પી. ઓ. વરલી, મુંબઇ ૧૮.

ગ્રાંટરોડ વેરથી તમારે માર્કીટ વેર ધક્કેલા ખાતા જવાની કંઈજ જરૂર નથી.

જામ, જેલી, બીસ્કીટ, સારડીન, કોકો, ચૉકલેટ, ઇ. ચેલાતી ખોરાકી; સેન્ટ, લવન્ડર, કોલોનવૉટર, સાબુ, તેલ, હેરઓઈલો, જાતજાતના મેકરોના; જેપાનીઝ અને ચાઇનીઝ કટલરી, તથા ભેટ સોગાટને લાયકની હમા ચીજો; પેટન્ટ મેડસીનો, અને પરફ્યુમરી, માર્કીટ ભાવે અમો વેચ્યે છીએ.

ભેસાન્યાની કું.

સ્લેટર રોડ, ગ્રાંટરોડ, મુંબઈ.

પીરોજશાહ અને ખરશેદજીની કું૦

હમારે ત્યાંથી નવસારીની કસ્તી, નારાં, ઘી, ખાંડ, મેવો, દરેલો મસાલો, ચાહે, કોફી, સુખડ લોબાન, અગર, બચ્ચાંના રમકડાં, નવાં વરસનાં તથા બથ્રે કાર્ડો, ભેટ આપવા લાયક ચીજો; તથા દરેક જાતનો વિલાયતી માલ, પેટન્ટ દવાઓ, વિગેરે ફીફાયત ભાવે મલશે.

ઠે૦—તાપ્યા બીલ્ડીંગ, રેલ્વે હોટલની સાંબે ચર્ની રોડ જંકશન, મુંબઇ

કરનો જો.

રૂસી હીરામોદ્દીના બીજાં લગનની બબરથી કોઈ લોક ઝાઝાં અજાણ થયાં નહી. માટીડાઓને તેમાં કશી નવાઇ લાગી નહી, મગર બૈરાંઓને, નાલ્લી જીની, મીઠાંની એક-પુરી દીકરીની ઘણી દયા લાગી તે સાવકી તે ગરીબ બચ્ચાં સાથ કેવી ચાલશે તેની બધાં ફીકર કરવા લાગાં.

રૂસી હીરામોદ્દી ઘણોજ શાંત સ્વભાવનો ને સહેલાઇથી દોરવાય તેવો મરદ હતો. કામ ધંધાની આવડ, ઉકેલ વગરનો ને ખાલી બીસાનો તે તદન ગરીબ હતો; એટલે દશ વરસ પરના તેની એક પૈસાવાળી છોકરી-વરસે પચીસથી ત્રીસ હજારની આવકવાલી-સાથનાં તેના લગન તેને ઘણા લાભકારક થઇ પડયાં.

એ લગનથી તેઓને તાંહ 'જીની' નામની એક છોકરી થઇ હતી. તે નાજુક ને એવું ખુબસુરત બચ્ચું હતું કે તે ી માતાએ લાડથી તેને 'જીની' બોલાવા માંડી એટલે તેજ જાણે તેનું નામ હોય તેમ આજની ઘડી સુધી પડી ગયું હતું. જ્યારે તે બચ્ચું આઠ વરસનું થયું, ત્યારે તેઓના સુખમાં ભંગાણ પડયું અને તાઇફોઇડ તાપમાં ગરીબડી બીઠાં ચાલતી થઇ ગઈ.

એકાદ મહીના પછી પોતાનો ગમ ભુલાવા રૂસી મુસાફરીએ નીકલી પડયો. દીલ્હીમાં તે હતો જ્યાં તેને મેહેરાં કામા સાથ ઓળખાણ પડી ને મેહેરાંએ તેને સધર બીલ્લુ જાણીને એવો ઘેર્યો, કે તે તેણીપર દિવાનોજ બન્યો. તેના ભવિષ્યનાં સસરાના તેની કમાઇ વગેરેની પુછપરછના જવાબમાં તેણે જણાવ્યું કે વરસે તેની પચીસથી ત્રીસ હજારની આવક હતી. વળી પુનાનો બંગલોબી તેને પોતાનો હોવાનું જાહેર કીધું. અને સુંદર મેહેરાંને પોતાની કરવા તે એટલો આતુર બન્યો કે લગનને દહાડેજ વીલ કરીને તેના મુવા પછી મેહેરાંને બધુ મળે એવું નક્કી કીધું, તાંહજ વીલ ઘડીને સહી શાબ થયું, અને તેથી બધાં રાજીજ થયાં, આસ કરીને મેહેરાં પોતે તો ઘણીજ ખુશી થઇ

મીત અને મીસીસ હીરામોદ્દી થોડાક મહીના બહારગામ ફર્યા કીધા, અને બીચારી બીઠાંની વરસી બીતાં તે લોક પુને પોતાને ઘેરબારે આ ી રહયાં. નાલ્લી જીની બીયે તે નવાં થયેલાં વરવહુ વચ્ચે ઝાઝી વાતચીત થતી નહી, કેમકે રૂસીએ જલદીજ જોયું કે તે બચ્ચાંનો ખ્યાલ બટીક મેહેરાં બની શકતી નહી. જ્યારે તે સફેદ ચહેરાની નાની છોકરીએ પોતાની કાળી આંખો ઉઠાવીને તે મતરાઇનાં ચહેરામાં જોયું, કે તે મતરાઇ લગભગ અભાવ સાથે તે બચ્ચાં આગળથી હઠી ગઇ અને બોલી કે "કેવી વિચિત્ર દુકતી છે!" જે સમજતાં જીનીની જનમ વખતની આયાનો શરૂઆતમાંજ તે નવી શેઠાણી પર અભાવ બેસી ગયો.

ગરીબડી જીની માટેના અસુખી દહાડાની હુજુત તો તે શરૂઆત હતી. તે ઘણીજ સેન્સીટીવ ને નરમ ખવાસની બાલકી હતી અને તે મતરઈ માટેની ધારતી તેને એવી ઘભરાવતી કે તે તેની હાજરીમાં તો સકમ ણકમ જેવી ણની જતી જેથી મેહેરાં તેને મીઠી જાહેર કરતી. બાળકો ઘણા તીવ્ર બુદ્ધીનાં હોયછ અને અણગમતાની શોહ મુદલ સાંધતા નથી. મેહેરાંએ હવે તે સાવકી દીકરીને ઘેરમાંથી કહાડવાની વેત્રણ કરવા માંડી. શરૂઆત તરીકે તેને પોતાના વરની આવક હાથમાં લેવાની પેરવી કીધી, પણ તેની ઘણીજ મોટી અચરતી વચ્ચે તેમાં તે ફાવી નહીં. તેનો ગરીબ ને કહ્યાસરનો દેખાતો ધણી એ બાબદમાં ઘણોજ મક્કમ રહ્યો.

"હવે જીનીને બોરડીંગ સ્કુલમાં મુકવી, જોઈએ," એક દહાડો મેહરાંએ પોતાના વરને પટામણા સાહદે સમજાવ્યું. "હવે એ મોટી થતી જાયછ."

"બોરડીંગ સ્કુલમાં!" રૂસીએ ગુસ્સાભર્યા સાહદે જવાબ કર્યો. "કદીબી નહી! એને વાસ્તે હું ગવરનેસ રાખવાનો છેઉં!"

જે સમજતાં તે મતરાઈએ કેમ ઝેર ફાકયું તે કહ્યા વગર ચાલશે. તેણીએ મનમાંજ કંઈબી કરીને તે સાવકી દુકતીને ઘેરમાંથી કહાડવાનો મક્કમ ઠરાવ કીધો.

વરસ પછી મેહરાંએ એક બેટાનો જનમ આપ્યો, એટલે તો તે સાવકી છોકરી તેને વધુજ અણગમતી થઇ પડી, અને તેને ણને તેમ કરીને તે બાપીકા ઘેરમાંથી હાંકી કહાડવાની તે મતરઈએ પેરવી કરવા માંડી.

અને એ વિષે તેને રૂસીને પાછો સમજાવવા માંડયો. બોરડીંગ સ્કુલના ફાયદા વીષે તેને ગજના ગજ ભરીને સમજાવ્યું પણ ફોકટ. પહેલાંનીજ માફક તેને નીરાશ થવું પડયું. તે સાવકીએ અનીખના તારા તોડયા, ફેરતા ફજેતા કરી જોયા, મારામારી કીધી ને બને તેટલું રોખરૂં જગાડયું, પણ વ્યર્થ! રૂસીએ સાફ તે દીકરીને ઘેરમાંથી મોકલવા ના પાડી.

એમ મેહેરાંનો દીકરો બે વરસનો થયો તાંહ સુધી ચાલ્યું. મેહેરાં ઘણીજ એકલપેટી ને કપટી અણળા હતી. બહારથી તે જેટલી મીઠી ને ભલી દેખાતી તેટલીજ બાતેનમાં ત લુચ્ચી ને બારીલી હતી. મગર તેણી ઇનસાફને બાતર કહેવું જોઇએ કે તે પોતાના દીકરાને તો ઘણા હેતથી ચાહતી હતી, અને તેને લાડથી ઘણો બગાડતી હતી. રૂસીને વાસ્તે તેને જરાણી લાગણી હવે રહી હતી નહી; ઉલટી તે તેનેથી કંટાળી ગઇ હતી. તે તેણીને કહ્યાસર ચાલતો નહી, પૈસાટકા તેણીને મનને ગમતા ખરચવા દેતો નહી, વળી જીનીની બાબદમાં તે ઘણોજ જીદી પુરવાર થતો હતો. મેહેરાંની મરજી જીનીની આયાને રજા આપી દેવાની હતી. તે જુની આયા તેને જરા થઈને ગમતી નહી, અને તેણીએ રૂસીને ઘણુંબી સમજાવ્યું કે બાબાની આયા બેઉ બચ્ચાંનું કરશે, પણ તેટલુંબી તે મેહેરાંનું કહ્યું કરતો નહી તેનું તે કપટી બોરતને ઘણું ઝેર આવતું અને નકામી તે વધુજ ગરીબ બીચારી જીની તરફ બારીલી બનતી.

પરણીને આવ્યા પછી પુનાના લોકોને મેહેરાં મળતી ભેટતી હતી ખરી, પણ તેઓ રૂસીની પહેલી બૈરીનાં વખાણ કરતાં તે તેને ગળે ઉતરતું નહી રૂસીને સમજાવી તે તેથી કેટલીક વખતે પોતાના જુના દોસ્તોને બોલાવતી ને રાખતી. જેઓની તેનાજ જેવા હતા, તે લોક આગળ તે પોતાનું દુઃખ રડીને દિલસોજી મેળવતી.

એક ખુશનુમા સાંજના બેવા ફ્રેન્ડોની સાથે બેસીને તે ગપ્પા સપ્પા ચલાવતી હતી તેટલાં આયા તેના લાડઘેલા દીકરાને ઉંચકીને લાવી, તે બુમાટા ચીસારા પાડવા લાગેા ને લાતેા ઝાડવા લાગેા કે તેને તે છોકરાને જમીન પર મુકવેાજ પડયેા તેજ પળે નાની છી, જે અસલ જેવીજ કાહેલી ને ફીક્કી હતી. તે દોડતી ઘરમાંથી આવી ને પોતાના ભાઈને ભુલમાં અઠડી પડી કે બેઉ જમીન પર છખઇ ગીયાં. બેઉ છોકરાંને ઝાઝું વાગું નહી કેમકે જમીન પોચી હતી અને દરેક જણે જોયું કે જરાબી બેઉને ઈજા નહી થઈ હતી. તે છતાંબી મેહેરાં તે જોતાં કેવાનીયત ગુસ્સામાં તે છોકરી આગળ દોડી અને એવા તેા જોરથી તે તે બચ્ચાંને મારવા લાગી કે બધાં ડીગમુઢ બનીને જોતાજ રહયાં. અંતે જ્યારે તે ગરીબ બાળકી દુઃખ અને ધારતીની મારેલી જમીન પર પડી ગઈ ત્યારેજ તે મતરાઈ જરા ખંચઇ.

"કંગાળ કુતરી!" તે બીકેલા કાંતેા વચ્ચેથી પુકારી, એક બીઠી અબળાને બદલે તે એક જીવતી ડાકણ જેમી હુમણા લાગતી હતી. "તેં માહરા હીરામોતીના દીકરાને કેમ હાથ લગાડયેા, કે તેની સામે નજર ઉઠાવીને જોવાનીબી હીમ્મત કીધી. ચાલ, કારૂં કરીને માહરી સામ્બેથી કહાડા. તુંને તેા ચાબુકે મારવી જોઇએ સમજી, રાંડ નાપાક!'

જીનીની આયા તેણીને બચાવી તેા નહી શકી, તે અંદર હોવાથી મોડી આવી. મગર ગુસ્સાથી ધ્રુજતાં તે નીમકહલાલ ચાકરે તે રડતાં બાળકને ઉચકયું ને બોલી, "બાઈ, આજની તાહરી ચાલનેા ખુદા તુને બદલેા આપે અને પસ્તાવેા કરાવે. બેની બાય જીવતી હોતે તેા તુંને બતાવતે!"

"કેમ મને સામ્બુ બોલવાની હીમ્મત કરેછ! મેં પુરતું શાંખ્યુંછ! તુંને ને બેને ઘરમાંથી કહાડું તેાજ હું બરી." એમ પગ પોકીને બોલતી તે ફરીને પોતાના ફ્રેન્ડો આગળ ગઈ. અને અફસોસ કે તે ખુશામત્યા તુકડબોરામાંથી એકે બી તે બાય વગરનાં બચ્ચાં તરફથી તે ઘાતકી બોરતને શીખામણનાં બે શબ્દો કહયા નહિ!

"હવે તેા હદ થઇ." તેણીએ ખુરશીમાં બેસી જતાં બખાલ્યું. "રૂસી એવા થાયછ ત્યારે કેની? એમ કરવાનું હતું, દીકરીજ વાહલી હતી તાહરે તેા પરણવું જ નહી હતું. એ બારસીથી બી હું ઘણીજ કાયર થઇછ. જરા વાતમાં તેા બૈરીની મરજી રાખે કે કહયું માને ને પુછે પરછે. નથી કોઇ દહાડેા મેં માહરા ધણીના પૈસા ટકા જોયા જે તેની વાત હું શું જાણું, નહી તેાકે પરણતેજ નહી. હવે બે હકતીને

ઘેરમાંવી કહાડું તોજ ખરી. જો રૂસી નહી હોતે તો કેદહાડની મેં એને કહાડી હોતે."

અને તેના જેવાજ તેના હલકત ફ્રેન્ડોએ તેને શાંત પાડીને ધીરજ રાખવા સમજાવી.

"જો રૂસી નહી હોતે તો!" કેવા તે શબ્દો પાછા ને પાછા તેના કાનમાં ગણુગણુતા હતા. લગનને દહાડે ઘડાયલાં વિલનો તેને અત્રે ખ્યાલ થયો. રૂસીના મોહોત પછી તે પૈસાવાલી વીધવા બનનાર હતી. જો તેમ થાય તો આય બધુ ઘેરણાર વેચી નાંખી ને તે કેની પોતાને મનગમતે ઠેકાણે જઈને પોતાના દીકરા સાથે રહે. એ બધા વિચાર તેણીએ પાછા ને પાછા કર્યાજ કીધા. આખી સાંજ તેણીએ બેચેન જેવી એજ ધણારામાં પુરી કીધી. દીવા થયા પછી તે અંદર ગઇ કે જરા વારેજ તેઓનાં દરવાજામાં એક ભાડુતી ગાડી આવી ઉભી.

"મીસીસ હીરામોદી, ઘભરાતાં નાં, પણ તમારા વરને એકસીડંટ થયોછ. કંઈ બીહવા જેવું નથી, પણ એવનની ગાડી બીજી સાથ અથડી પડી તેથી એવન જરા ઠપકાયાછ. ડોકટર કહેછ કે થોડા દહાડા નિરાંતે પુરતી રેસ્ટ લેશે તો કંઈ માલુમ બી નહી થશે."

મેહેરાં તે સમજતાં ધુજી. જરા વખત પરનાં તેણીના બુરા વિચારો શું અમલમાં મુકાતા હતા? થોડા વખતમાં ડોકટરની સાથે ગરીબ રૂસીને તેના ઘેરમાં ઉંચકી લાવવામાં આયો, અને તેના ઓરડામાં લઈ જઈને મુકવામાં આયો. તેને થયેલી ઇજા પર મલમપતો કરીને ડોકટર મેહેરાં સાથ બહાર નિકલ્યો.

"હમણા એવન વાસ્તે ફીકર કરવાનું કશું કારણ નથી." તેને સમજાવ્યું. "સારાં નસીબે હાડકાં કંઈ ભાગાં નથી. ફકત ડાબી સાઈડે સખ્ત ઠપકાયાછ તેથી હાર્ટ જરા સ્ટ્રેન થયુંછ એમ મને લાગેછ, એવનને ફકત શાંતી ને રેસ્ટ પુરતી મલવી જોઇએ. જરાબી ઉશ્કેરતાં ના.

એમ કહીને તે ડાકટર તો ચાલી ગીયો, પણ તે પછી ઘણા વખત સુધી મેહેરાં વરન્ડાપર ફર્યાજ કીધા. તેનું હાર્ટ સ્ટ્રેન થયું હતું. ત્યારે જો જરા ઉશ્કેરાય—એક અણચીંતો શોક લાગે તો—ઓ છુટાપણું તેણી માટે! તે પાપી વીચારોને ખંખેરી નાંખવાની તે બલાએ કોશેશ બી નહી કીધી.

બીજે દહાડે ડોકટર જરા વધુ ગંભીર લાગેા. "હાર્ટની વીકનેસ ને સ્ટ્રેન છે." તેને કહયું. "મગર હીરામોદીનો બાંધો તંદરોસ્ત ને મજબુત છે એટલે એવનને જો કંટાળો નહી આપવામાં આવે ને કંઈબી શોક નહી લાગે તો બિચાર અથવા ડયાંમાં તો પુરતી રેસ્ટ ને નિરાંતથી સારા થઇ જશે."

મેહરાંનાં ડાઘેલ દિલમાં તે ડોકટરનાં બોલો કોતરાઇ રહયા. "શોક નહી લાગવો જોઇએ!" તે શબ્દો તેણીને ઘેરવા લાગા. સેતાન તેણીને કાનમાં કહેતો કે "કદાચ કંઈ એકસીડંટ થાય, બીમારનાં ઓરડામાં કંઈ પડે બડે!" એવા કુદરતી બનાવથી કોઇને બી બદલામી નહી મળે!

એમ કેટલાક કલાકો નિકળી ગયા. મેહેરાંને તેના પાપી વિચારો અમલમાં મુકવાની ઓકબી ટક મલી નહી. બહારથી તે રૂસી તરફ ધણી હુનવંતી ને કાળજી વાલી હતી. બહારનાંનાં દેખતાં તે એવી ભલી દેખાતી કે બધાં તેણીની દયા ખાતાં ને દિલાસો દેતાં હતાં. મગર જડધાલીને બેઠેલા તે પાપી વિચારો તેણીના દિલમાં પચી ગયા હતા. એક ટક--ટક કે જેથી તેણી પર કોઇ શકનો એક ઓળો વટીક નહી મુકે—તે મલવાની વાર જોતી ફકત તે બેાટી હતી.

એક સાંજના તે બીમાર મરદનાં ઓરડામાં, બતી ધીમી કરીને ઓઠે મુકેલી હોવાથી ઝાઝો ઉજાસ પડતો નહી હતો, કેમકે તે એક મોટો ઓરડો હતો. સાંજ ગરમ હોવાથી રૂસી એક પટલી ચાદર ઓઢીને ઉંઘમાં પડેલો હતો. ઓરડામાં તેના પોલ્યા આગળજ નાહની છણીની મોટી ઑઈલ પેન્ટીંગની છબી તાંગેલી હતી. તે ગીલ્ટની ભારી ફ્રેમમાં જડેલી હતી. તે ઉતારી બાંધીને તેની જંગાએ તેઓનાં દીકરાની છબી તાંગવાની મેહેરાંએ કઈક રીતે પેરવી કીધી હતી મગર તેમાંથી તે ફાવેલી નહી.

જરા વારે કંઇ બણકાટ થયો, અને કરવાજામાંથી એક કાલો આકાર હળવે હળવે સંભાળથી પગલાં ઉઠાવતો તે છબી તરફ ગયો. તે મેહેરા હતી! એક મોટી કાતર તેણીના હાથમાં પકડેલી હતી તે બાળકની છબી તરફ આંખ ઉઠાવીને જોતાં તેણીનો ચેહેરો ગુસ્સામાં ધમધમી આયો.

"એ દુકતીજ મને નરતી પરતી રહીછ," તે બનુનથી બબડી. "એટલે એજ માહરા છુટકારાનું હથીઆર થશે."

તે પીકચર ઘણું ઉંચું ટાંગેલું નહી હોવાથી સેહેલાઈથી તીંગાઇને તે પોતાનું કાલુ કરતુક કરીને જરા વારમાં તો નાહથી નાહમીને અંધારામાં ગેબ થઈ ગઈ.

બે ચાર સેકન્ડ પછી તાંહુ મોટો ધડાકો થયો, એક ચીસ, એક માણુસ પડતું હોય તેવો ધપકારો ને પછી ચુપકીદી ફેલાઇ. જરા વારે મેહેરાંની ચીસોથી આંખુ બેર ધમધમી રહયુ. માણુસો દોડતાં તે જગેા પર આવી પુગા

"દોડા, કોઇ ડાકટરને તેડી લાવેા!" મેહેરાંએ પુકાર્યું. "આય છબી પડી—ને તમારા શેઠ બોલતા નથી!"

એક આયા તે બીમારનાં બીછાનાં આગલ દોડી, અને તે શાંત પડેલા આકારનાં બાહનાં પર તેને હાથ ફેરવી જોયેા. "હું બીહુંછ કે બીચારા શેઠ ગુજરી ગીયાછ." તે ગંભીરાઈથી બોલી

મેહેરાંએ પોતાનેા ભાગ ઘણી બાહોશીથી ભજવ્યેા તેણીના દુઃખની સીમાજ નહી હતી, ઢોંગી રડાપીટણી તે લોકોની દયા બેંચતી હતી, મગર તે છતાં બી તે વિધવાનેા શીહા પોશાક સજવામાં પુરતી કાળજી કરતી. કાણી સારીપર કાળા દાનાની કોર, બદીઆન પર દાના ને રીબીનનાં બો ટંકાવાની તે સંભાળ લેતી. અને દશમા પછી જ્યારે તેને મુંબઈનાં એક મોટીસીટર તરફથી કાગળ મલ્યું જે વાંચી તે ઓછી અજાણ નહીંજ થઈ જેમાં તે લખતેા હતેા કે "મીસ હીરામોટી

તરફથી બંદોબસ્ત કરવા તે તેણીને મલવા માંગતો હતો." તેણીએ તેને તેડાવી મંગાવ્યો.

તે સુંદર વિધવાનાં બહારનાં દુઃખી દેખાવથી પહેલે તો તે જમાને બાયેલ બી જરા દયાથી દોરવાયો, મગર વધુ બારીકઈથી તેણીને જોતાં તે એવાં છેવટ પર આયેા કે તે ઘણીજ મીઠી, લુચ્ચી ને કપટી બવાસની ઓરત હતી. તેણીએ ઘણાજ દલગીર દેખાવે મીઠાસથી તેને બેસવા કહ્યું.

"માહરી સાવકી દીકરી સારૂ બંદોબસ્ત કરવા તમે આયાછ તે વાસ્તે હું તમારી આભારી છું. હું એને વાસ્તે પ્રીકરજ કર્યા કરતી'તી. અને બોરડીંગ સ્કુલમાં મુકવાનાં ઠરાવ પર આવીછ. એટલી મીઠી ને લાડથેલી એ દુકતી ઉધરીછ કે મને તો એની પર જરાબી હેત નથી, પણ તોબી એની તરફની માહરી ફરજ બજાવવામાંથી હું પછાત નહીંજ પડતે. એ પોતે પોતાનું ફોડી લે તેટલાં એની સ્કુલ ફી હું આપશ. હું ધારૂંછ કે એની બાંય તરફથી એને કંઇ પૈસા ટકા મલશે બરા?"

પહેલ્લે તો તે સોલીસીતર અચરતીથી તેણી તરફ જોવા લાગેા.

"મીસીસ હીરામોદી, તમે શું બરેબર એ છોકરીના ભવીષ્યથી અંજાણ છેવ? તેને પુછયું. "એ તો મોટી વારેસ છે. અને એકવીસ વરસની થશે તેટલાં તો વ્યાજે વધશે, એટલે એ ઘણી પૈસાવાલી થશે."

મેહેરાંનેા ચહેરેા તે સમજતાં જોવા જેવેા થઇ ગીયેા.

"હું તમોને સમજી નથી શકતી," ધ્રુજતા હોઠે તે બબડી. "મેહેરબાની કરીને ખુલાસેા કરશેા."

"બેશક. પહેલ્લાં મીસીસ હીરામોદી વરસ દહાડે પચીસથી ત્રીસ હજારની આવક ને આય મીલકત ધરાવતાં હતાં. મી૦ હીરામોદીની હૈયાતી સુધીજ તેવનને તે મલે એમ બંદોબસ્ત થયેલેા. તેવનની હૈયાતી બાદ તેવનની દીકરી જીનીનું બધું થયું'છ."

"હમારા લગનને દહાડે માહરા ધણી વીલ કરીને મને બધું આપી ગીયાછ!" મેહેરાંએ છતુનથી પુકાયું. "તેવનજ આંય મીલકત ને આવકના હકદાર માલેક હતા!"

"તમે ભુલાવેા બાવેાછ, મીસીસ હીરામોદી." તે સોલીસીટરે શાંતીથી તેણીને સમજાવ્યું. "તમારા વરની અંગત આવક કે મીલકત હોય તે બેશક તમારી થાય, મગર હું તમોને બાતરી આપું'છ, બાનું, કે મીસ જીની હીરામોદી આંય મીલકત ને મેં તમોને કહેલી આવકની હકદાર માલેક છે, અને એ ઉમરમાં બાવે તેટલાં હમે તેણીના પૈસા ટકા અને મીલકતનેા વહીવટ ચલાવશું."

મેહેરાંની તે સમજતાં શું દશા થઇ તે લખવા કરતાં કલ્પી લેવું ઠીક થઇ પડશે. એક ચીસ પાડીને તે બેશુદ્ધ તુટી પડી! તેણીએ પોતાનાં ધણીનું ખુન કરીને શું મેળવ્યું હતું? ધણીની ધણી થવા જતા ધણીના ધાનમાથીબી તે સદાની રૂવરી ગઇ હતી.

"Mavis,"

નથી મોત મસ્તાના.

ભાઇ "B. V. M." ની માફી ચાહીને.

લખનારઃ-જાંહુગીર દારાશાહ દુંગાજી.

(ગઝલ)

ન્યાય હોય ખરો ન્યારો, તો બચીત છે અરે તારો!
ભલે કેવાય તને ગાળો, નથી ઓ મોત મસ્તાના.

ગફ્રીમાં મસ્ત બન્યા, તે રાયેાબી તને નમ્યા;
રે! સર્વેને સરખા ગણ્યા; ઓ! નથી મોત મસ્તાના.

ભુલે છે તું, "B. V. M," મોતને કુર લેખે છે કેમ?
ભલી છે મૃત્યુની નેમ, નથી એ મોત મસ્તાના.

જુવે દર્દી તુંજ ભણી, દુઃખી છે જીંદગી તેની,
દવા માંગે મોત તણી, રે! નથી મોત મસ્તાના.

ભૂલ્યો કેમ અરે નાદાન, જીંદગી છે કાંટા સમાન;
આપે કાળ શાંતીનું દાન, ઓ! નથી મોત મસ્તાના!

જીંદગીની જંજાળ તું કાપે, સદાની રે શાંતી આપે!
ન કેાઈ વાતે સંતાપે, નથી એ મોત મસ્તાના.

છે આવે તે નગર, આવ્યા જ્યાંથી ભૂમી પર,
જવું પડશે, ના તું ડર; ઓ! નથી મોત મસ્તાના!

મુલક આપણો તે ન્યારો, વસે પીતા પ્રભુ પ્યારો;
લઇ ત્યાં મોત જનારો, રે! નથી એ મોત મસ્તાના.

બાહર પડી ચુકી છે.

પારસી, બોજા, વોહરા, હીન્દુ, મુસલમાન ગ્રહસ્થો અને તેમની મુબારક ફેમીલીમાં વાંચવા વચાવવા લાયક

"મશરેક"ની લખેલી અતીષ્ય રમુજી નવી ગુજરાતી નોવેલ

"પરસ્તાને—પાગલ."

બસો સફા। સુંદર છપાઇ। પુલ કલોથ બાઉન્ડનું સુન્નેરી એમબોસડ પુઠું। ત્રામ કે ત્રેતની મુસાફરીમાંથી સાથે રાખીને વાંચી શકો તેવી સગવડ સોયનું રમકડા જેવું। પીસ્તાલીસ રમુજ રકેચીઝનું।

બોધદાયક સુંદર પુસ્તક.

☞ આ રમુજી પુસ્તકના એકેકે એક સફામાં "વીટ" કે "હયુમર" જણાશે—નીરદોશ રમુજ દેખાશે—તમ્હે વાંચતા વાંચતા ખુબ હસશો-અને તમ્હારી મુબારક ફેમીલીમાં ઘણી ખુશીથી - વાંચવા આપશો કેમકે તે બીલકુલ નીરદોષ, બહુ હાસ્યજનક, ઉપરાંત અતિ બોધદાયક છે.

☞ મુંબઇના ઘરાકો જેઓ હાથોહાથ પુસ્તક લેનાર હોય તેમને મુંબઇના જાણીતા બુકસેલરોને ત્યાંથી, ફોટમાં બજારગેટ સ્ત્રીટમાં આવેલા નવા છાપખાના "Express Printing Press" માંથી, અને ફ્રાફર્ડ માર્કેટની અંદરના ગાડપાન વેચવાના મી૦ સોહરાબ શહેરિયાર ઘરાનીના બગીચામાંથી રૂપ્યા બેની કીમતે મલી શકશે.

☞ મુંબઇના અને બાહરગામનાં ઘરાકો જેઓ પોસ્ટથી મંગાવવા માંગતા હોય તેઓએ નીચલે સરનામે લખવું, પુસ્તક રૂપ્યા સવાબેના વી. પી. થી તુરતજ મોકલવામાં આવશે:—

સોહરાબ શહેરિયાર, "મશરેક"

ભીમરડીવાલા હાઉસ—ચોપાટીતલાવ, નવા આતશબેહેરામ પાસે,

મુંબઈ.

ભોજરાજા અને કવિ કાળીદાસનું મૃત્યુ.

(શાસ્ત્ર રૂપી એક હિંદુ કથા.)

ભોજરાજા અને મહા કવિ કાળીદાસ જો કે એક આગલા વખતમાં બહુ લાંબા પ્રસંગ ઉપર હસ્તી ભોગવી ગયા છે, તોપણ ત્યાર પછી થઇ ગયલા રાજા અને કવિઓ કરતાં આ રાજા અને તેના આ વિદ્વાન પંડિતનું નામ આજે પણ અમર રહી ગયું છે. ભોજરાજાનાં વખતમાં તેની દરબારમા સેંકડો વિદ્વાનો, ચાતુર્ય કળા ચલાવનારા ચાતુરો અને ડાહ્યા પુરૂષો હતા, જેમાં કાળીદાસ કવિ સર્વથી શ્રેષ્ટ પદવી ધરાવતો હતો તેની પંડિતાઇ, ચુસ્ત પુર્ણતા અને ડાહાપણશિળ બુધ્ધિક પ્રેરણાઓ આગળ મોટા મોટા પુરવીણ પુરૂષો હેરાન રેહેતા હતા, અને આખી દરબારમા રાજા ભોજને સર્વ કરતા કવિ કાળીદાસ ઉપર વધુ ભાવ હતો. કાળીદાસને એક ઘડી ભર ન જોય તો રાજાભોજ અકળાતો અને બીજા સેંકડો દરબારીઓ કરતાં કવિ કાળીદાસ એકલોજ પાસે હોય તો તેમાજ મગ્ન રેહેતો હતા. રાજાભોજ અને કવિ કાળીદાસ વચ્ચેના બુધ્ધક સવાદોની નાની નાની ચાતુર્યકળાની બહુ વાતો આજે પણ બોલાય છે, જેમાં થોડીક જો કે ખરી કહેવાય છે તો પણ બીજી કેટલીક તો તેમા પ્રસિધ્ધ નામનો ઓથો લઇને કલ્પિત બનાવી કાઢેલી હોય છે. આપણી આજની આ વાત તેવા કલ્પીત પ્રકારમાની છે કે નહીં તે તો વાચનાર ચુકવશે, પણ આગલા વખતના માહાન પુરૂષો પોતાનું વચન પાળવામાં, સત્ય ધર્મનું શ્રેષ્ટપણું જાળવવામા અને પોતાના મહત્વને પરિપુર્ણ રીતે પ્રદરશિત કરવામાં કેવા એકનીઓ હતા તેનુ દર્પણ સમ ખુલ્લુ દ્રષ્ટાંત કવિ કાળીદાસ મેની જાય છે.

એક દીવસે ભોજ રાજાની કવિ કાળીદાસ ઉપર એક ચોકસ સંવાદ સબંધી ઇતરાજી ઉતરી, અને રાજા એટલો ક્રોધાયમાન થયો કે ભર દરબારમાં કાળીદાસનું માન તોડીને કાઢવાવાને હોકમ કર્યો કે નહીં પાણી હોય એવાં એક ભયંકર જંગલમા તેને લઇ જઇ ગરદન મારવો. રાજા ભોજ કાળીદાસ માટે એવું કદીપણ ઉચરે નહીં એવી આશા રાખનારી આખી દરબાર તેના આ વિચીત હોકમથી દંગ થઇ દાંતમાં આંગળી પકડવા લાગી. કોઇની હીંમત ચાલે નહીં કે ભોજ રાજાનાં ક્રોધેલાં મન સામે કાળીદાસ માટે માફી માગવા ઉભો થાવ સર્વ પંડીતો અકળાયા, અને બીજા ડાહ્યા પુરૂષોએ ધાર્યું કે કાળીદાસની આ નઠારી કર્મ ગતી જો ખરી ઠરી તો રાજાની દરબારનું એક સર્વોતમ નંગ જવાનુ, પણ ઇલાજ નહીં ત્યારે નાચાર થઇને ચુપ બેસી રહયા. રાજાનાં હોકમ મુજબ કવિ કાળીદાસને કોટવાલે ગરદન મારનારાને સોપ્યો.

તે કવિને રાજાની આજ્ઞા પ્રમાણે ઉંડાં રાંતમાં લઇ ગયો. કાશીદાસે જ્યારે દીઠું કે અજલ પાસે આવી છે ત્યારે એક નાની સરખી ભક્તિ કરીને શ્રીમાહાકાળીનું પવિત્ર સ્મરણ કર્યું અને પેલા ગરદન મારનાર જલ્લાદને ભારે દ્રવ્યની લાંચ આપવા જણાવી પોતાનું જીવતદાન માગ્યું. પેલોતો તેણે તે કબુલ કર્યું નહીં, પણ બહુ કાલાવાલા અને આજીજી કરવાથી કર્યું. એમ કરીને કાળીદાસે પોતાનો છુટકો કર્યો. એ સર્વ પ્રસાદ શ્રીમાહાકાળીનો હતો જેણીએ જલ્લાદનાં અંતરમાં દયા મેલી હતી. હવે જેવો કાળીદાસ છુટો થયો, તેવો તેણે વિચાર કર્યો કે "જલ્લાદતો રાજા કને જઇ મારો વધ કરેલો જણાવશે પણ તેવું છતાંપણ મારે છુપ્યુંજ રેહેવું જોઇએ. નહીતો કોઇ મને પીછાંણી રાજાને ખબર કરશે તો મારો પ્રાણ જશે." એમ વિચારી રાત્રને સમે નગરમાં પાછો આવ્યો અને શેહેરથી લગાર દુર પોતાની ઓલખીતી એક વેશ્યાનું ઘર હતું ત્યાં જઇ તેણીને સર્વસ્વ હકીકતથી નિવેદન કરી આસરો માંગ્યો. કવિ કાળીદાસને એ વેશ્યા માટે સારૂં મત હતું, જેથી તેણી ઉપર વિશ્વાસ રાખીને દીવસને સમે ધનગરનો વેશ લઇને જંગલોમાં કાઢતો અને રાત્રે છુપી રીતે આવી તેણીનાં ઘરમાં રેહેતો. એમ કરતાં બે વર્ષ વિત્યાં તોએ કાળીદાસ ત્યાં છે એમ કોઇ જાણી કે કહી શકયું નહીં!

હવે એક બનાવ બન્યો. ભોજરાજાને કાળીદાસની ગરજ પડી. બે વર્ષ થયાં ત્યાં સુધી તો તેણે તેની માત્ર યાદજ કીધી હતી પણ હવે તેને એક એવાં અગત્યનાં કારણસર કાળીદાસની મહલાહ જોઇતી હતી કે જે તે વિના કોઇથી બળે નહીં એમ જાણી રાજાને તેનું દુઃખીત સ્મરણ થયું અને અપટપણે ક્રોધાવસ થઇ તેને ગરદન મરાવવા માટે પશ્ચાતાપ ઉપજ્યો.

એ સંતાપ કરતો તે માહાલયમાં બેઠો છે એટલામાં તેને વિચાર આવ્યો કે "મારા આ વિદ્વાન કવિ કાળીદાસના રક્ષણાર્થ પ્રત્યક્ષ શ્રીમાહાકાળી તેના શીશ ઉપર રક્ષણ કરનારી સબળ હતી, છતાં મારા જલ્લાદનાં કુહાડાથી તેનું શિરચ્છેદ થાય એ બનવુ અશક્ય છે અને અસંભવીત છે." એમ વિચારી તુરત પેલા જલ્લાદને બોલાવી મંગાવી ભારે ભય આપીને દમરાવી પુછ્યું કે—"તુરત ખરૂં કહી દે કે કાળીદાસ જીવતો છે કે તારા હાથે માર્યો ગયો! ખોટું કહીશ તો આજ ક્ષણે તારૂં મસ્તક ખાકમા ઉરાડી દઇશ." આ ભય-ભેદીક વાત સાંભળી જલ્લાદ ઘભરાયો અને મનમાં વિચારવા લાગ્યો કે "બે વર્ષ સુધી આ વાત ગુપ્ત રહી અને આજ એકાએક રાજા મને પુછે છે તો કાળીદાસનો કાંઇપણ પત્તો લાગ્યો હશે, માટે હવે છુપાવવામાં સાર નહીં. ખોટું કહીશ ને કાળીદાસ જો સાંપડયો તો ફોકટમાં મરી જઇશ, માટે ખરૂં કહી જીવતદાન માગી લઉં એજ ઠીક ઉપાય છે." પછી રાજાને કહ્યું, "મહારાજ હું સત્ય કહું છું જો જીવતદાન બક્ષો તો." રાજાને તો કાળીદાસની જીજ્ઞાસા હતી એટલે બોલ્યો, "જા બક્ષ્યું, હવે બોલ." ત્યારે જલ્લાદે સર્વ વાત રાજાને નિવેદન કરી, અને રાજાએ માહાકાળીની સ્તુતી કરી કે જેણીના પ્રતાપે મારો રાજ-પંડિત જીવતો છે, પછી જલ્લાદને જીવતદાન ઉપરાંત ભારે જર બક્ષો રવાના કર્યો અને પોતે વિચાર કરતો નીચલો શ્લોક બનાવ્યો:—

॥ પુષ્પે ગંધસ્તિ લે તૈલ કાષ્ટવન્હિઃ પયોધૃતમ્ ॥
॥ ક્ષૌગડસ્તથા દેહે પશ્યાત્માન વિવેકતઃ ૧.

અર્થાત—"જેમ પુલમાં સમાયલો સુંગંધ સુંઘ્યાથી જણાય, જેમ તલમાં સમાયલું તેલ યંત્રથીજ મર્દન કરી પ્રત્યક્ષ કાઢી શકાય, જેમ કાષ્ટ બાલ્યાથીજ અગ્ની પ્રજળીત

થાય તેમજ દૂધમાં સમાયલું ઘી તેની યથાસ્થિત વ્યવસ્થા કર્યાથી નીકળી શકે છે. વળી શેરડી પોતામાં ગળ્યો ગોળ રાખે છે અને સારી તંદરસ્તી સુખ ધરાવે છે." એમ ધારી રાજાએ નક્કી કર્યું કે—'એજ પ્રમાણે શોધ કરીશ તો કાળીદાસ મળશેજ મળશે.' પછી બોલ્યો કેઃ—

॥ બુદ્ધે ર્યસ્ય બલંતસ્ય નિર્બુદ્ધેશ્ચ કુતો બલં ॥
વને સિંહામદોન્મતો જબુકે ન નિવાતિતઃ ॥ ૧ ॥

અર્થાત:—"જેને બુધ્ધિ છે તેજ બળવાંન, જુઓ કે જંગલનો રાજા સિંહ જે સર્વેથી શ્રેષ્ટ કહેવાય છે તોપણ જંબુક (નાનું શીયાળ) પોતાની બુધ્ધિથી તેની ઉપર ફાવી ગયું હતું." એ દાખલા ઉપરથી રાજા ભોજે વિચાર્યું કે તે પાતાલમાં કીંવા ત્રિભુવનમાં છુપ્યો બી હોય તોપણ બુધ્ધિબળ વડે તેનો શોધ કરવોજ જોઇએ. એમ વિચારતાં વિચારતાં તેની નજર મહેલની પાસેનાં 'રંગીન તળાવ' માહેલા કમળ ઉપર પડી જે જોતાંજ તેણે નીચલો અરધો શ્લોક કર્યો :—

॥ કમલે કમલોત્પત્તિ દૃશ્યતે નૈવશ્રુયતે ॥

અર્થાત :—"કમળ ઉપર કમળ ઉત્પન્ન થતું દીઠામાં આવ્યું નથી અને એકલું કમળ પણ દીઠું નથી." એવો બેચરણી શ્લોક કરી સભાસ્થાને ગયો, જ્યાં રાજ કારભારી કૃત્યો કર્યાં, પછી તેને યાદ પડતા તેણે તે શ્લોક સભા સમક્ષ કહી સંભળાવ્યો અને એમ જણાવ્યુ કે "જે આ શ્લોકનો બીજો ચરણ ગોઠવી આપે તેને મારો પંડિત કરી કવિ કાળીદાસની જગ્યા આપું." પણ સભાનાં સંખ્યાબંધ ચતુરદારત પંડિતો અસ્તાં કોઇપણ છુપ્યો નહીં ત્યારે રાજા ભોજને કાળીદાસની યાદ પડી તેણે વિચાર્યું કે "હાય! આજ જો કાળીદાસ હોય તો એક ક્ષણ માત્રએ ન લાગે એક કવિનુ કહેણ ખરૂં છે કે :—

॥ શતેષુ જાયતે શુરઃ સહસ્ત્રેષુ ચ પંડીતઃ
॥ વક્તા દશસહસ્ત્રેષુ દાતા ભવતિ વા નવા ॥

અર્થાત—"સો શુરવીરોમાં બાગલીક અને સત્ય શુરો એકજ હોય. સેંકડો પંડિતોમાં ખરી પંડિતાઇ અને પાંડિત્ય એકજ જણે. સદ ભાષણ કરતાઓમા ખરો ભાવિક ભુવદ એકજ નીકળે. સો માના પુતમાં એકજ સખી અને દશ કરોડ નીત્યકોમાં એકજ નીતિવાન મળી આવે છે." એમ વિચારી મનમાં એક હાય મારી ભોજ રાજા આખી દરબાર સાંભળે તેમ બોલ્યો—"આ દરબારમાં લાખ ચતુરો હોય પણ મારા કાળીદાસને કોઇ ન પુગે. અરે કાળીદાસ! તું તો મારી સભાનું સર્વોત્તમ રત્ન હતુ'—એમ બોલતાં આંખમા ઝળઝળીયાં ભરાઇ આવ્યાં જેથી ત્યાંજ રાજપાસન ઉપર બેઠા બેઠાજ રડી દીધું.

ઘોડોવાર છાતી ભરાસ કર્યા કરે તે બોલ્યો—"અરે! શુ ત્યારે આ સભા માત્ર નામીકજ છે–કામીક નથી? શુ એવો વિરલો આ સભામા નથી કે જે મારા શ્લોકીક ચરણનું બીજું પદ ગોઠવી આપે? શરમ છે–શરમ છે." એમ બોલી આખી સભા ભણી જોયું પણ કોઇ નીચેની ઉપર જોતું નહીં તે દેખી પાછો બોલ્યો–"હું આ સિંહાસનપર બેસીને આ સભા અને મારી કુલ રૈયત માટે સરત મેલું છું કે જે નર કે નારી મારી આશામાં મને પ્રદીમ કરે તેને દસ લાખ રૂપૈયા આપી નવાજું." આ સાંભળતાંજ દરબાર તો થભીજ રહી પણ

ત્યાં ગાયા માટે આવેલી એક નાયકા આ શબ્દ સાંભળતાંજ ઉભી થઇ. સર્વ અચરતીથી દંગ બની તેણીને ટીકવા લાગ્યા. ભોજરાજાને પણ કાંઇક આશા ઉપજી, આ નાયકા તે પેલીજ વેશ્યા હતી, કે જેણીનાં ઘરમાં કાળીદાસે ઉતારો લીધો હતો. તેણીએ જ્યારે જાણ્યું કે આ દોહરાનું ચરણ કાળીદાસ પાસે સેહેલમાં ગોઠવાઇ શકાશે અને તેમ કરીને દશ લાખ રૂપૈયા પળમાં આવી પડશે ત્યારે તુર્ત ઉભી થઇ. 'જર દેખીને મુનીવર ચળે' તે આ 'ગમે એવી દ્રઢતા હોય તો પણ સ્ત્રીનો વિશ્વાસ કરવો નહીં' એમ જે વિદ્વાનો કહી ગયા છે તે આ દાખલા ઉપરથી ખરૂં પડે છે. તેણીએ વિચાર્યું કે "દશ લાખ રૂપ્યા વગર મેહેનતે મળી જાય છે તો જતા કાં મેલું!" એમ ધારી પૈસાપર નજર કરીને કાળીદાસને આપેલા વિશ્વાસનું ભંગાણ પાડતાં તેણી બોલી કે-"માહારાજ દશ લાખ રૂપ્યા મળે એ ખરૂં પણ તેની જામીનગીરી શી?" રાજા ભોજ આ અપમાનકારક શબ્દ સાંભળી લગાર ભડકયો પણ તેણે દીઠું કે "કાળીદાસનો કાંઇક પ્રાણો લાગવાનો સમો સામો આવેલો જણાય છે માટે ક્રોધીક બનીશ તો ધાંણ બીગડશે" એવું સમજી બોલ્યો કે--

सकृज्जल्पंतिराजानः सकृज्ज
ल्पंति पंडिताः सकृत्कंन्या प्रदीयं
ते त्रीण्येतानी सकृत्सकृत

ભાવાર્થ--"રાજા અને પંડિતે જે બોલે છે તે પહેલાં પરિપૂર્ણ વિચાર કરીનેજ પછી બોલે છે. જો મિથ્યા ભાષણ કરે તો મિથ્યા ભાષણ કરનારાઓનો ધનસાફ કોણ કરે? દીકરી આપ્યા પેહેલાં વરના કુળ, સદ્‌ગુણ ઇત્યાદિકનો તપાસ કરવો જોઇએ તે બદલ દીકરી પરણ્યા પછી તેમ કરવા જઇએ તો તેમાં સાર્થક શું?" રાજાનો આ લાયક જવાબ સાંભળી વેશ્યા બોલી--"માહારાજ, આપનું કહેવું સત્ય છે. આ ઉપર હવે મને પૂર્ણ ભરૂસો છે કે આપ વચનથી ફરશો નહીં, પણ હું માંગી લઉં છું કે આ શ્લોકનો ઉત્તર દેવાને મને આજનો દીવસ મેહેતલ આપવી. કાલ રોજે દરબાર ચરણે હાજર થઇ નિવેદન કરીશ." એમ કહી રાજાની રજા લઇ તેણી ઘર આવી વિચાર કરવા બેઠી કે હવે શું કરવું? અંતે તેને એક વિચાર સુજ્યો અને તે મુજબ કરવાને નઠારી કરી બારણું ઢાંકી માંહે પથારીપર સુઇને કાળીદાસના આવવાની રાહ જોતી બેઠી. જ્યારે રાત્રો પડી અને લોકો વગેરેગે થયાં ત્યારે પોતાના સરેરતા પ્રમાણે કાળીદાસ મળશકે ધનવરનો વેશ ધારણ કરી અરણ્યમાં ગયલો પાછો ફર્યો અને આવીને વેશ્યાનું બારણું ઠોકયું. હવે પેલી વેશ્યાએ જોયું કે "ઘરમાં લીધા પછી રાજા ભોજનાં શ્લોકનો ખુલાશો પુછીશ તો તે કદાચ કહેશે નહીં, એટલુંજ નહી પણ જાણવા માંગશે કે તેને તેની શા માટે અગત પડી છે?" માટે તેણીએ યુકતી રચી રાખવા મુજબ જેવું કાળીદાસે બારણું ખડખડાવ્યું તેવીજ તેણી માંહેથી રાજા ભોજવાળો શ્લોક બોલીઃ—

॥ कमले कमलोत्पत्ती र्दृश्यते नैव श्रुयते ॥

આ સાંભળતાંજ કાળીદાસે બાહેરથી તુરત જવાબ આપ્યોઃ—

॥ बालेतव मुखां भोजे जातमिंदीवर द्वयं ॥

અર્થ—(કાળીદાસે જવાબ આપ્યો કે) "હે બાલિકા! (યાને નાદાંન) કમળની ઉપર કમળ જોયું નથી એમ તું કાંય બોલે છે? તારૂં મુખ છે તે કમળ છે, અને તે ઉપર બે નેત્રો છે

તે તારાં નહીં જોયલાં એ કમળજ સમજ !" આ શ્લોક તુરત તે વેશ્યાએ લખી લઇ બારણું ઉંઘાડી કાળીદાસને માંહે લીધો. માંહે ગયા પછી કાળીદાસે પુછયું "રંગીલ તને આજે આ શો શોખ થયો ? શું કોઇએ આ શ્લોક પુછયો છે કે કેમ ?" રંગીલ (જે પેલી વેશ્યાનું નામ હતું તેણી) એ કહયું "તેમ ધારવામાં તમારી ભૂલ છે. આજ મને અમસ્યો શોખ થઇ આવ્યો કે ભોજરાજાની દરબાર છોડયા પછી જંગલવટો લીધા કેરે પંડિતાઇ ભુલી ગયા, છો કે કેમ ? માટે જરીક રમુજ કરી બીજું કાંઇ નહીં."

બીજે દીને રાજસભા ભરાઇ અને દરબારમાં રંગીલ વેશ્યાનો શ્લોકીક ઉત્તર સાંભળવાને ગચ્ચ ઠઠ મળી. પરોઢીયાંમાં કાળીદાસ તો અરણ્યમાં નીકળી જાય એટલે પ્રભાત થતાંજ રંગીલને દરબારે જવાની ફરાગત મળી. તેણીનો રોજો દશ લાખ રૂપૈયા ઉપરજ પેઠો હતો. અંતે તેણીએ રાજાને ભર દરબાર સમક્ષ ઉત્તર દીધેા. જે સાંભળી રાજસભા દંગ રહી. ઉત્તર સાંભળતાંજ ભોજરાજા તો ચેતી ગયો કે "જ્યાં છે ત્યાં કાળીદાસ આ રંગીલ વેશ્યાનાં ઘરમાંજ છે." એમ ધારી કોટવાલને દરબાર સમક્ષ કહયું કે—"તુરત આજ ક્ષણે આ વેશ્યાનું મસ્તક ઉરાડી દે," કોટવાલ સાંભળતાં વારજ સજજ થયો અને રંગીલ ધમરાઇ. રાજભોજ બોલ્યો "ભોલ આ ઉત્તર તને કાળીદાસેજ કહયો કે નહીં, નહીં તો કાળને શરણ થશે." વેશ્યા તો છપણ લક્ષણની પણ જાતે સ્ત્રી જાતજ કેની તો પોચી ન હોય તો શું ? તુરત કહી દીધું. રાજા કહે, "ચાલ ત્યારે, અત્યારે તારા ઘરમાં લઇ જઇ મને તેની સાથ મેળની આપ." રંગીલ કહે, "ના એમ બની શકશે નહીં, અધરાત્રી એક પહોર જવા દઇ એકદમ મારે ઘેર આવી પહોચ્યો તો ત્યારે મળશે, હમણાં તો એ નીત નિયમ પ્રમાણે અરણ્યમાં ભટકતો હશે." એમ કહી રાજાને સમજાવી સાંજરે આવવાનું નકકી કરી ઘરે ગઇ.

રાત્ર થઇ અને લગાર કાળું ખું થવા પછી કાળીદાસ આવ્યો, અને ભોજન પાણી કીધા પછી રંગીલ સાથે વાતમાં બેઠો છે એટલામાં રાજાએ વાયદાસર આવીને બારણું ગજડાવ્યું. રાજાનો સાદ સાંભળતાંજ કાળીદાસ ચોંકયો અને ધમરાટમાં નાઠસવા લાગ્યો, પણ સંટક એવું હતું કે રંગીલે આગમચથી પાછલાં બારણાને તાળું મારી કુંચી પોતા પાસ રાખી હોય કે જેથી આગલે બારણેથી રાજાને આવેલો જાણી કાળીદાસ નાહસવા પામે નહીં. જ્યારે કાળીદાસે નાહસવાનો રસ્તો દીઠો નહીં અને કોઈ દહાડે નડીને આજે પાછલું દગાડ બામખા વાસેનું દીઠું ત્યારે તે પંડિત ચેતી ગયો કે 'આ વેશ્યાનું કાંઇક કારસ્તાન છે, અને રાજા પાસ દ્રવ્યની લાલચે લાંચ લઇ મને પકડવાનેજ આ ચોકઠું રચ્યું છે." એજ વખતે તેને ગઇ કાલે પોતે પુરો કરી આપેલો શ્લોક યાદ આવ્યો જેથી તેનો શક મુસ્તકીમ થયો. તે મોટેથી ચીરડાઇ બોલ્યો—"હે પાપિણિ ! તેં અંતે મને ફસાવ્યો. ખચીત શાસ્ત્રમાં 'સ્ત્રીઓનો ભરૂસો કરવો નહીં' એમ જે લખેલું છે તે નિઃશંસય સત્ય છેઃ-

॥ મીત્ર દ્રોહીકૃતઘ્નશ્ચ તથા વિશ્વાસ ઘાતકઃ ॥
ત્રયસ્તે નર કયાંતિ ॥ યાં વચ્ચં દ્રીદવાકરૌ ॥ ॥

અર્થઃ—"મિત્રોનો દ્રોહ કરનાર, કૃતઘ્ન અને વિશ્વાસઘાત કરનાર એ ત્રણ, ચંદ્ર સુર્યની હસ્તી સુધી નર્કમાં વાસ કરે છ." એમ કહી રંગીલને કહયું—'હે પાપિણી સ્ત્રી ! તેં પૈસાના નીચ લોભાર્થે વિશ્વાસઘાત કર્યો છે, પણ હવે એટલું મારૂં માન ને મને એવો એક રસ્તો

બતાવ કે જ્યાંથી હું નીકળી ન હતું, કેમકે જ્યારે રાજા ભોજે મને ગરદન મારવા અરણ્યમાં જલ્લાદ જોડે મોકલ્યો ત્યારે તેની પાસ મારૂં જીવતદાન ચાહતાં મેં તેને વચન આપ્યું હતું કે 'મારો જીવ જશે તો તે આપીશ પણ રાજાને જીવતાંજીવત મોં ન દેખાડીશ.' માટે મારાં તે વચનનો અત્રે ભંગ થઇ ઇશ્વરની દરગાહમાં મરતે દહાડે આ મોટાં પાપનો શરીક થાઉં છું માટે મને ઉગાર." રંગીલ બોલી-"ધમરા નહીં કાળીદાસ, રાજા તને મારનાર નથી." કાળીદાસ બોલ્યો-"હું મરવા બીહતો નથી, મને રાજાનો ડર નથી, પણ મારાં આપેલાં વચનનો ભંગ થાય તે માટે ડરૂં છું, ઓ પરમેશ્વર મારૂં રક્ષણ કર." એમ કહી તલવાર ઉંચકી અને તે સ્ત્રીને કહ્યું-"આજ ક્ષણે મારૂં ડોકું ઉરાડ નહીં તો તારો વધ કરૂં છું." સ્ત્રી ગભરાઇ પણ કાલાવાલા કરવા લાગી, જે નહીં સાંભળતાં કાળીદાસ તેનાં આંગપર જોશમાં ધસ્યો કે "આજ તારો રોટલો કરૂં છું." જ્યને તેમ કરતો અટકાવી તે સ્ત્રી પોતાનો જીવ વાહલો કરી તલવારને બાઝી પડી અને તેનાં કહેવા મુજબ એક ઝટકે કાળીદાસનું શીર ધડથી જુદું કીધું, પછી બારણું ઉઘાડી રાજાને અંદર લીધો. રાજા ભોજ બાહેરથી કેટલુંક ભાષણ સાંભળી ચુકયો હતો. ને તે સ્ત્રીનો હેવાલ સાંભળી લઇ કાળીદાસનાં પ્રેતપર આફરીન કરતો બોલ્યો કે-"ધન્ય છે મારા ખરા પ્રવિણ અને ધર્માતુ પંડિત! કે એક નીચ જલ્લાદને આપેલાં વચનપર પણ પવિત્ર નિષ્ઠતિથી સાબુત રહી તેં કોલ પાળવા માટે પ્રિય પ્રાણ ખોયો. અરે મુવો હું ધર્માતુ રાજાનો કહેવાતો કે પહેલાં જો મેં એને ગરદન મારવાની સજા ન કીધી હોત તો આજે આ શુરો આવે મરણે મરત નહીં!" એમ કહી કાળીદાસ પાસે પડેલી તલવાર ઉચકી જેવી પોતાનાં શીરમાં ભોકવા જાય છે તેવીજ દેવી શ્રીમહાકાળી ત્યાં ઉત્પન્ન થઇ અને તેનો હાથ પકડી તલવારને મેલીને બોલી—"થોભ! થોભ! ઓ રાજા ભોજ ધીર ધર! એવી તે તને શી વિપતી અને દુઃખ છે કે તારો અમુળ પ્રાણનો ઘાત કરે છે?" રાજા તેનાં પવિત્ર આગગન દેખી નમીને બોલ્યો—"હે કાળી! તું મારો હેવાલ સાંભળ." એમ કહી સર્વસ્વ હકીકતથી રોશન કરી, જે સાંભળી તેણી બોલી—"માંગ તને ત્યારે શું જોઇએ છે, હું આપવાને સામર્થ છું." ભોજ બોલ્યો,—"હે દેવી! મને બીજુ કશું જોઇતું નથી. પરમેશ્વરની કૃપાથી સર્વ વાતે હું પરીપુર્ણ છું, માટે જો તું મારી ઉપર પ્રસન્નજ થઇ હોય તો મને કહે કે હજી મારૂં આ જગતમાં કેટલું આયુષ્ય બાકી છે?" દેવી બોલી-"તને માત્ર પાંચ ઘડી હવે જીવવુ છે." રાજા બોલ્યો—"તો તે પાંચ ઘડીમાંની અર્ધ ભાગ કાળીદાસને આપી સજીવન કર." દેવી કહે-"ઠીક છે, એનું શીશ ધડપર મેલી ઉભું કર." એમ બોલી ગુપ્ત થઇ. ભોજ રાજે એ સાંભળતાં વાર તેમ કર્યું, તો કાળીદાસ સજીવન થયો!!

કાળીદાસ સજીવન થતાંજ બંન્ને ભેટી પડયા. પછી એક-એક પાસ પોતપોતા માટે ક્ષમા માંગી મેહેલે સીધાર્યા. પછી રાજા બોલ્યો—"કાળીદાસ, હવે મારી પાંચ ઘડીની જીંદગીમાં તને અર્ધ ભાગ આપતાં અઢી અઢી ઘડીની આપણી જીંદગી રહી છે માટે મરવું સાધેજ થશે તેથી આટલો કાળ વ્યર્થ ન ગુમાવતાં એકાંતપણે ઇશ્વરો પ્રાથના કરીયે કે પેલી જીંદગીમાં સુખ મળે." એમ કહી અર્ધોત્ત ઉઠયા અને અગાસીએ ગયા, જ્યાં તપમાં ને તપમાંજ ઘડી પુરી થતાંજ સ્વર્ગવરી થયા!

દા૦ એ૦ તારાપોરવાળા.

"સતધર્મ."

ત્રોટક.

(૧)

પ્રભુ! સત્ય સનાતન શસ્ત્ર ગયુ,
પ્રભુ! કર્મજના દુષકર્મ થયું;
પ્રભુ! લાલચ લક્ષ્મી થકીજ રહી,
પ્રભુ! જુલ્મી થકી ભરપુર મહીં;
જન સાધુ બ્રને,
વન રાગી બ્રને,
પણ ધર્મ તણું કઈ નામ નહીં.

(૨)

મનને રૂચતુ મળતાંજ કરે,
કદી એજ પ્રપંચ કરેજ કરે;
પ્રભુને પઠતા બહુ ઠોળ કરે,
જન હસ્ત મહીં બહુ પુષ્પ ધરે;
બહુ નૂર બરે,
ઉરમાજ ધરે,
'સતધર્મ' તણોજ વિનાશ બરે

દામોદરદાસ ભીમજી તન્ના.

તૈયાર છે

બાંધના શ્રાપ

'નવરંગ'માં બે વર્ષ સુધી એક સરખા ઉમંગ ને હોંશથી વંચાયલી અધિપતીની કલમથી લખાયલી સુંદર વારતા. ડેમી આઠ પેજી (મોટી) સાઈઝમાં સુંદર ગ્લેઝડ પેપરો ઉપર છાપેલાં રરપ પુષ્ઠો અને કપડાંનુ સુશોભીત પાકું બાયન્ડીંગ.

કીંમત રૂ. રા. પોસ્ટેજ આના પાંચ વધુ.

મળવાનું ઠેકાણું:-

નવરંગ પ્રેસ, બન્દરગેટ, કોટ, મુંબઇ.

જેહાંગીર બી૦ કરાણીના છોકરાઓ,

પારસી બન્દર, કોટ, મુબઇ.

પરાક્રમની પરાકાષ્ટા.

લગભગ ૪૦ વર્ષો થયાં

આખી દુનિયામાં પુણ્ય ફનેહ મેળવનારી...લાખો સર્ટીફીકેટવાળી—તંદુરસ્તી, તાકાત અને લાંબી જીંદગી આપનારી તદન વનસ્પતિની

આંતકનિગ્રહ ગોળીઓ

નબળાં શરીરને બળવાન બનાવે છે, પાચનશક્તિને સુધારી દરતની અટકાયતને દુર કરે છે અને લેહી તથા ધાતુના વિકારોનો નાશ કરી શરીરને તેજસ્વી કરે છે. બરેબરી જગતમાં છે અને તેથી જ લાખો દરદીઓના આશીર્વાદ પામી છે.

કીંમત:—૩૨ ગોળીની ડબ્બી એકનો રૂપિયો એક વધારે વિગત જાણવા માટે પ્રાઇસ લીસ્ટ મંગાવી વાંચો અને ફાકેફ થાઓ.

વૈદ્યશાસ્ત્રી મણિશંકર ગોવિંદજી.

મુંબઇ—બ્રાંચ, કાલબાદેવી રોડ.

આંતકનિગ્રહ ઔષધાલય. જામનગર—કાઠિયાવાડ.

જસમાઇનનો આયોડાઇઝડ

સારસા પરેલા.

લોહી સુધારી નિરોગી અને જીંદગીની મઝા ભોગવવાને શક્તિવાન બનાવવા માટે આ જસમાઇનનો સારસા પરેલા જરૂર વાપરજો પ્રમેહ, ચાંદી, વિસ્ફોટીક, અને બીજાં ગરમીનાં દરદોમાં પેહેલા નંબરની દવા છે. સંધીવા ઉપર તેનો ગુણ અજબ જેવો છે. બસ, લુખસ, દરાજ, બરજવાં ગડગુમડ, કંઠમાળ, ફોડ, અને એવાં અનેક દરદો ઉપર આ જસમાઇનનો સારસા પરેલા બાસ કરીને વાપરવા લાયક દવા છે. દમ, બાંસી, અને છાતીનાં દરદોમાં ઘણોજ ફાયદાકારક છે. કીંમત રૂ. ૧।। વી. પી. થી રૂ. ૧।।।= ત્રણ શીશીના રૂ. ૫)= અને ૬ શીશીના રૂ. ૯)= વી. પી. સહીત.

દરેક દવાના વેપારી પણ તે વેચે છે.

લખો:—અમૃતબિંદુ ઓફીસ—નડીઆદ.

કંઈક જાણવા જેવા.

સેંટ પોલ કેથીડ્રલની ઉંચાઇ ૩૬૫) ફીટ ફરતાંથી વધારે છે.

* * +

રોકી માઉનટન્સમાં ઝોટવી બોલી તો ચુપકીદી હોય છે કે એક તીરની પાંખનો ફફડાનેા અવાજ કેટલા માણસેા દુર સુધી સંભળાય છે.

× + ×

નોરવેમાં એવેા કાયદેા છે કે કેાઈએ માણસે ઝાડ કાપવું નહીં. અને જે કાપે તેા તેની જગ્યાએ બીજા ત્રણ નાના ઝાડેા રોપવા.

\+ × ×

ચેસ્તરમાં જારે કેાઇ માણુસની બાયદરત જતી હેાય તે વખતે જો કેાઇની રસ્તે આવતેા માણુસ પેાતાની ટોપી ઉતારીને તેને માન નહીં આપે તેા તેને જુના રેવાજ મુજબ મેજીસ્ટ્રેટ આગળ ઉભેા કરવામાં આવે છે, અને તેને કેદની સજા ફરમાવવામાં આવે છે.

× + ×

નસકેારી તુટી ગઇ હેાય તેા ભુકા કરેલી કટકા સુંઘવાથી નસકેારીમાંથી નીકળતુ. કેહી તુરતા તુરત બંધ થશે.

\+ × ×

મેાથી પહેલું 'મુવીંગ પીકચર' નીકાગેા બાતે 'વરલ્ડફેર' મધે ૧૮૯૩ ના સાલમાં બતાવવામાં આવ્યું હતું તેને (Kinetoscope) કીનેતેાસકેાપ કરીને કહેવામાં આવતું હતું.

× × ×

તમારા બુટપર એક નરમ કટકા વડે ગ્લીસરીન લગાડવાથી અને તેને દશ મીનીટ સુધી રહેવા દેવાથી, તમારી બુટપરની ચમક કેટલાએક દીવસેા સુધી રહી રાકશે.

× + ×

કેાઇ પણ યુરેાપ્યન દેશ કરતા રશીયા વધારે આંધળા લેાકેા ધરાવે છે. ઘણા છેાકરાંઓ જનમથીજ આંધળા જન્મે છે. અને બીજાએ, બરદાસ્ત અને જતનની કેાતાહીને લીધે આંધળા બને છે.

* * *

રેામનેા ઇંગ્લાંડમાં કેાર્ટીક દાખલ કરવા માટે માન ખાટી જાય છે, અને કેામવેલના એપાહેાએ તે કેાર્ટીજને સ્કેાટલેંડમાં લાવીને ત્યાં તે બણીતું કીધું.

× × +

સીંહને કેળવનારા પેાતાના હાથેા લવંડરથી સુગંધી બનાવે છે. એવું કહેવામાં આવે છે કે કેાઇએ સીંહને પેાતાના કેળવનાર પર કે જે કેળવનારે આવા સુગંધનેા ઉપયેાગ કરવાની સાવચેતી લીધી હેાય, હુમલેા કરવાનેા કેાઇએ રેકાર્ડ નેાંધાયેા નથી.

× ×

સાઉથ અમેરીકામાં આવેલું રીયો ડ જેનેરો રાતની વખતે બેશુમાર તેજસ્વી અને ચકચકીત રાની ધરાવવા માટે વીખ્યાતી પામેલું છે, અને નૌકાશાસ્ત્રીઓ એવું કહે છે કે તે રોશનીનો ળકાત દરીયામાં ૧૦૦) માઇલ દુરથી જોઇ શકાય છે.

× × ×

ચીનાઓની આલફાબેટ ૨૧૪) અક્ષરોની બનેલી છે.

+ × ×

એક ગાયના ચામડાંમાંથી (આશરે ૩૫, રતલ ચામડું ઉત્પન્ન થાય છે જ્યારે એક ડાના ચામડામાંથી આસરે ૧૦) રતલ ચામડું ઉત્પન્ન થાય છે.

+ + +

લીલો રંગ આંખને ટાઢક આપે છે, અને તેથી કરીને બીલીયર્ડની તેજસ્ક માટે લીલા ગનું કપડું વપરાય છે.

× + ×

એક હેરીંગ એક વરસમાં ૩૦,૦૦૦ ઇંડા મુકે છે.

* ÷ *

કાંદાના રસથી પોલાદપરનો કાટ નીકળી જાય છે, કાટવાલા ભાગપર એક અરધો કાંદો ુપ ઘસો, અને તેનો રસ તે કાટપર ૨૪) કલાક સુધી રાખી મુકો, અને પછી તેને બાઇ ટે અને તરપેનતાઇનથી તેપર પોલીસ કરો.

+ × +

તાડનાં ઝાડો ખોરાક, લાકડું, બળતણ, દોરડા, રેસાં અને પહેરવેશની જીણમો રી પાડે છે.

× ÷ ×

પરશીયાનો શાહ નકર સોનાની બનેલી, અને કીંમતી ઝવેરાતોથી મઢેલી એક હથીયારની ુરસી ધરાવે છે.

× * ×

ઇંગલાંડમાં ૬૨ સાલ પરણતી છોકરીઓની વીંટીને માટે ૭૦૦૦) રતલથી વધારે ાનું ખપે છે.

* * *

ફ્રાંસમાં પીલો રંગ એ અદેખાઇ અને કપટનો રંગ છે. અને તે કારણને લીધે કેટલીક ંચ બીજો પીળો રંગ ધરાવતું કપડું પહેરશે નહી. અથવા તો પોતાના ઘરમાં પીલા ો રાખશે નહી.

* * *

કપુર મુખ્યતવે કરીને ફોરમોસાના ટાપુમાંથી, જપાન, અને ચીનમાંથી આવે છે. કપુર ટન અને બીજી ચીજો બનાવવા માટે ઘણોજ ઉપયોગી છે. વળી તે સરદીને માટે પણ ામણાણ ઇલાજ છે.

એક નોટોને અસલ સોનીની નોટો કરીને ફરેવવામાં આવતી હતી. કારણ કે બેંકરો તે વખતમાં સંપળા સોનીઓ હતા.

* * *

એક સદી થયા સ્ત્રીઓને લડાઇ કાંધી નથી.

× × ×

એક સાધારણ હાથી રોજનું ૨૦૦) રતલ સુકુ ઘાસ ખાય છે.

× × × .

ડાકટરી સતાવાલાઓના મત પ્રમાણે સકથી તંદરોસ્ત બાળકો હમેશા ચાલીસ કરતાં ઓછા વયના પીતાને અને ૩૫) કરતાં ઓછાં વયના માતાને ત્યાં જનમે છે.

× × ×

વાંદરાની ચોકસ જાતો આફ્રીકાતુન ઉંડ ખાઉં હોય છે.

× × ×

હીરાઓનો રંગ ઘણી જાતનો હોય છે, જેવાં કે કાળો, પીળો, આસમાની, રાતો, ગોલાબી, લીલો. કાળા હીરાઓ ઘણાજ જુજ છે, અને તે બોરનીયોમાંથી આવે છે.

* * *

એક ઝાડ કે જે સાઉથ સી આઇલેંડમાં ઉગે છે તેમાંથી એક એવું ફળ ઉત્પન થાય છે કે જે ફળ બોરાક તરીકે ઘણુંખરૂં એક તરતના ભુંજેલા પાઉંને મળતું આવે છે. આવા કારણને લીધે તે ઝાડ બ્રેડ ની તરીકે જાણીતુ થયલું છે.

× × × ×

જપાનમાં કેરોસીન વજનથી બારંબાર વેચવામાં આવે છે.

* + * *

ફ્રેન્સતનતીનોપલ શહેર આગળ કોઇ થી કેપ્તાને સાથકલપર સવારી કરવી એ એક મોટા ગુનાહ તરીકે લેખવામાં આવે છે.

× × ×

એક કેશગીર શોલ બનાવવા માટે ત્રણ માણસોને ૬) મહીના લાગે છે, અને જે પછવાડે દશ બકરાનું ઉન જોઇએ છે.

* * * ×

સાફ કરેલું એક હાથીનું ચામડું ઘણી મોંઘી કીંમતે વેચાય છે. જે ચામડું સાફ કરવા માટે લગભગ ૬ મહીના લાગે છે.

+ × +

નીચલો વાકય આખી આલ્ફાબેટ સમાવે છે. Pack my box with five dozen liquor jugs.

× × *

બેગપાઇપની શોધ અસલ એસીરીયામાં થઇ હતી.

× × *

આખી દુનીયામાં સૌથી મોટો હીરો તે બેગનઝા નામનો છે, જેનું વજન ૧૮૬૦) કેરેટનું છે. તે બ્રાઝીલમાંથી સને ૧૭૪૫ માં મલી આવ્યો હતો.

ઇજીપ્તના ટેલીફ્રાન ઓપરેટરોને અંગ્રેજી ફ્રેંચ, ઇટાલ્યન, ગ્રીક અને અરેબીક ભાષાઓ બોલવાની જરૂર છે.

\+ × *

એવું માનવામાં આવે છે કે પીસ્તોલની શોધ ફ્લોરેન્સમાં ૧૫૪૫) ના વરસમાં થઇ હતી.

\+ + ×

ઇંગ્લાંડમાં ઘોડદોડની સરતની એવું કહેવાય છે કે–૧૬૦૯ ના સાલમાં સ્થાપના થઇ હતી.

× × ÷

લાઇફબોટની શોધ મી૦ ગ્રેનહેડ નાગના એક સાખશે પહેલવહેલી કાધી હતી.

* ❀ *

પહેલવહેલા પરણતી વખતની વીંટી અંગુઠાપર પહેરવામાં આવતી હતી. પછી પહેલી આંગળીપર ત્યાર પછી બીજી આંગળીપર અને સહુથી છેલ્લે ત્રીજી આંગળીપર. હાલમાં હવે એજ આંગળીપર પહેરવાનો ધારો પડી ગયો છે.

× × ×

સ્પેનનો રાજા દસ્તાવેજોપર પોતાના નાગની સહી કરતો નથી. તેની સહી ફકત "હું પોતે રાજા" કરીને છે.

સમન.

મુંબઇની જાણીતી ડેરી

પેરીશીયન ડેરી કું.

વગર ભેલનું ચોખ્ખું દુધ, માખણ, સ્વચ્છ શ્રેષ્ટ ક્રીમ, મેળવવાનું તમામ ભરશાપાત્ર એકલું મથક છે. એકવાર ત્રાયલ લેશોજી?

ટેમરીંડ લેન, ફોર્ટ મુંબઇ.

અંધકાર અવનીનો રાજા.

કથારૂપી આત્મિક દ્રષ્ટાંત.

લખનારઃ-મીનાચ્હેર મનેકજી માદન.

આજે જ્યારે હું રબીનદ્રનાથ તાગોરના એક નાટકને તમો સનમુખ રજુ કરૂં છું ત્યારે મને દરેક આશા છે કે મારોજ અર્થ ખરો છે અને બીજો અર્થ હોઇ શકે નહી એવો અજાની હાવો સ્વિકારશો નહીં. એ તો જેટલા રસ્તા છે તેટલા સઘળા રસ્તા આખર એકજ સત્ય-એકજ સચ્ચાઇ-તરફ ધસડી લઇ જાય છે. કહે છે કે એકવાર એક મોલવી સાહેબ શેખ સાઅદીના કોઇ કથાના બેથી ત્રણ અર્થ પોતાના શિષ્યોને સમળાવતા હતા. તેટલાં શેખ સાઅદી અંદર આવ્યો અને કહયું 'લેકિન મા અ ીએ સાઅ ી ગિર અસ્ત," એટલે "સાઅદીનો અર્થ તો જુદોજ છે." દરેક માણસ પોતાની કેળવણી અને મન ી તરબ્બત મુજબ અર્થ કરે છે. હિન્દુ શાસ્ત્રમાં કયા છે કે ચાર આંધળાઓ એક હાથીની આસપાસ ફરી વળ્યા અને તપાસવા લાગ્યા કે આ શુ ચીજ છે. જે આધળો પુછડી ધરી ઉભો હતો તે કહે કે ભાઇ એ તો નબળુ જનાવર લાગે છે અને જે હાથી । પગને તપાસતો હતો તે તેની વિરૂધ જાહ કે "જા, જા, આ તે ઠાંઇ નબળું જનાવર હોય ! આતો ધરનુ ભારવાયું લાગે છે" । એ રીતે દરેક શખ્સ પોતાની રોશનીના પ્રમાણમાં જોઇ શકે છે.

હવે આજની બાબદ જ્યારે મેં રબીનદ્રનાથમાંથી ચુંટી છે ત્યારે મને અફસોસ સાથ પેલા શબ્દો યાદ આવે છે કે "એક પેગામબર કદીપણ પોતાના દેશમાં કબુલ રખાતો નથી." આપણા બાળકો યુરોપના મહાન નર અને નારીઓ માટે વરસો વેર શીખે છે પણ પોતાના ઘરના આગણામાં કેવા બળવાન નેતાઓ હસ્તિ ધરાવે છે તે ી તેને અફસોસ ! ખબર નથી. રબીનદ્રનાથ તાગોર એક તે પેગામબર છે જેને દુન્યા ી અશાંતી અને આકાગણોમાં કાંઇ નવીજ શાંતીનો અવાજ અને નવાજ પેગામનો સરોદ રેડયો છે । રબીનદ્રનાથ ટાગોર એક તે કવિ છે, જેની કવિતાઓના ગચુગચાટમાં આ પુરાણી પૃથ્વિના મહિમાજ જાણે નવીજ રોશની એ દેખાવા લાગ્યો છે । રબીનદ્રનાથ તાગોર એક તે ઇતિહાસને લખનાર છે જેને ફરી એકવાર માણસાઇ દિલ અને આત્માના ઇતિહાસનો નવા સફા ોાર રજુ કર્યો છે । રબીનદ્રનાથ તાગોર એક તે હુન્નરમંદ છે જેની પીછીની રંગતે ફરી એકવાર નવુંજ આસ્માન અને નવીજ રોશની, નવાજ પહાડો અને નવાંજ વાદળાંઓ રંગાયા ને વજનથી રીતે એક વિદ્વાન બંગાલે લખ્યું છે કે રબીનદ્રનાથ તાગોરેજ મને તો દુન્યામાં કેમ જીવવું તે શીખવ્યું છે.

એવા એક કિસબી કવિના નાટક "The King of the Dark Chamber" નો અભ્યાસ આપણે હાથ ધર્યો. એ નાટક લંડનના સ્ટેજ ઉપર ઘણા કાબેલ ઍક્ટરો અને ઍક્ટરસોની મદદ સાથ રજુ થયો હતો ત્યારે આપણને કેહવાતાં એડયુકેટેડ હિંદુસ્થાન ઉપર અફસોસ ઉપજે છે કે શેકસપીયર જેવા નાટકો સાથ તેને કદીએ રબીનદ્રનાથના નાટકો રજુ કરવાની જાની બતાવી નથી.

આ નાટકનો પ્લોટ રસીલો પણ સેહલ છે. તેમાં એક રાણી એક રાજા સાથ પરણેલી હોવા છતાં કદીએ તે રાજાને નિહાળ્યો નથી—અને તેણી હમેશ પુછે છે કે શું રાજા એટલો બદસુરત હશે કે તે પોતનો ચેહરો બતાવતો નથી? તે રાજાની રૈયત પણ શકમાં પડે છે કે આ તે કયા પ્રકારનો રાજા હશે કે કદી પોતાનો દેખાવ આપતો નથી. બલકે રૈયત તેની હસ્તિ જ સ્વિકારવા ના પાડે છે. તેઓ કહે છે કે જયારે બીજા રાજાઓની સ્વારી આવે છે ત્યારે કંઇ કંઇ તૈયારી અને કેટલા કેટલા ઘોડા દોડી ધુળ ઉડે છે. પણ તે રાજાની દાસી તો કહે છે કે "ના, ના, જ્યારે મારા રાજા આવે છે ત્યારે એક રજ પણ ઉડતી નથી બલકે તે કયારે આવે છે ને કોઇ કહી શકતું નથી."

એવા તે રાજાના મુલકમાં વસંત રૂતુનો એક મોટો મેળો ભરાય છે અને ગામેગામથી લોક આવે છે પણ તે અજાણ્યા લોકો આ મુલકની હાલત જોઇ વિસમય પામે છે, તે લોક ત્યાં ઉભેલા પોહરેગીરને પુછે છે કે બાઇ મેળામાં જવાનો રસ્તો કયો? ત્યારે તે પોહરેગીર ઠંડે કલેજે જવાબ આપે છે કે "કોઇપણ રસ્તેથી તે મેળામાં જવાય છે, હયાં તો સઘળા રસ્તા સરખાજ છે," આ જોઇ તે મુસાફરો હસે છે કે "વાહ બાઇ! આ ગધેડો જોયો! સઘળા રસ્તા સરખાજ હોય તો પછી એટલા બધા રસ્તા બાંધવાની ગરજ શી હતી?" ત્યારે પોહરેગીર જવાબ આપે છે કે "ભાઇ, તમારા મુલકનાં રાજા તરેહવાર રસ્તા બનાવી રૈયતને નાહકતાં અટકાવે છે તેથી ઉલટું આ હમારા મુલકમાં કોઇ જાતની બંધી નથી. રૈયત ગમે ત્યારે અને ગમે ત્યાં જાય, તેની હમારા રાજાને કાંઇ પરવાહ નથી. અને આટલું છુટાપણું હોવા છતાં રૈયત હમાંજ વસી રહી છે,"

પણ માત્ર મુસાફરોજ નહીં પણ ખુદ રૈયત પોતે પોતાના રાજાના આ મુજબ છુપ્પા રહેવાની તરેહવાર અટકળ કરે છે. એક તો કહે છે કે "સાંભળો ભાઈ, હું તો પકકે પાયે ખબર લાવ્યો છું કે આપણો રાજા તો એટલો બદસુરત છે કે તે પોતાનો ચેહરો બારોબાર બતાવી શકતો નથી."

હવે, આ મુલકમાં એક મોટા બાવા રહે છે. કોણના મોટા બાવા તે તો હું કહી શકતો નથી—પણ આ મોટા બાવા તો "ખાનાર—પીનાર ને સાહેબ આનાર" તેમ રાત દીન ગાન—તાનમાં અને ખુશાલીમાં ગુલતા ફરે છે અને જો કે કોઇપણ દિવસે રાજાને જોયો નથી છતાં તેને માટે કેલાયલી ગયો માનવા ના પાડે છે. જયારે રૈયત પુછે છે કે "આવા સુંદર મેળામાં કોઇપણ ખામી હોય તો આપણા રાજાની ગેરહાજરી છે," ત્યારે મોટા બાવા તો જવાબ આપે છે કે "ગેરહાજરી! ના, ના, આપણો તમામ મુલક આપણા રાજાની હાજરીથી જાણે ભરાઇ ગયો છે. અને આપણા રાજાએ આપણ દરેકને તાજદાર રાજાજ બનાવી મુકયા છે અને ગાય છે કે: "આપણા રાજાના મુલકમા આપણ સઘળા રાજાજ છિયે, એમ નહીં હોય તો આપણ આપણા રાજાને

આપણા દિલમાં મળવાની આશાજ કેમ રાખ્યે ? આપણુ તો મેહનત કરી આપણો રસ્તો બાધ્યે છિએ અને છેવટે તેનાજ રસ્તાને પુગ્યે છિએ."

જો આ મુલકનો રાજા નહીં હોય તો પછી હયાં જે નિયમિત બંદોબસ્ત ચાલી રહયો છે ને કેમ ચાલે ? અને મોટા બાવા ઉમેરે છે કે "મારી માશુક તો ખુદ મારા હૃદયમાં છે તેથીજ હું તેને સમજે ઠેકાણે જોવું છું; હું તેનો અવાજ સાંભળવા દુર ભટકયો પણ અહા ! સમજું ફોકટ ગયું કારણ મેં તેનો અવાજ તો ખુદ મારાજ ગાયણમાં સાંભળ્યો" !

આ મુજબ વાતચીત ચાલે છે તેટલાં જબરી ધુમો પડે છે કે રાજા આવ્યા ! રાજાની સવારી આવી પોહચી અને સધળા ત્યાં દોડે છે. અને તે જવાન અને ખુબસુરત રાજાને ખુશામતના ખખરાટથી વધાવી લે છે-કોઇ પગે લાગે છે તો કોઇ નમસ્કાર કરે છે ! અને સધળા દાવો કરે છે કે હું પેહલ્લો આવ્યો. મેં પેહલ્લે રાજાના મુબારક ચેહરાનાં દરશન કર્યાં ! પણ આપણા મોટા બાવા તો માનવા ના પાડે છે લોકો સોગંદ ખાય છે કે હમે હમારી આંખ્યોએ રાજાને જોયા પણ ના, મોટા બાવાના ધ્યાનમાં તે ઉતરતું નથી. તેપણ તો કહે છે કે આપણા રાજા આવે છે ત્યારે શું એટલી ધુમધામ થાય છે ? (!!) આપણા રાજા પાસે તો નથી નકકા રચી કે નથી લસ્કર, નથી રેસાલો કે નથી બ્યુગુલ ફુંકનારાઓ !

અને દાસી સુરંગમ તેવા રાજાની બીહમત વગર સવાલ કરવે ઉઠાવી તેના અનુપમ સુખમાં પોતાનું સુખ માનનારી અને તેનામાંજ પોતાની મરજી સમાવી દેનારી મહાન આત્મા છે. હવે, પેલા અંધકાર ઓરડા માટે એવું લાગે છે કે તે ગોબા આપણુ દિલ છે જ્યાં રાતો દિન ખુદ ઇશ્વર વાસો કરી રહયા છતાં આત્મા તેની હાજરીથી ગાફેલ રહે છે. ત્યાં ઇશ્વરી પ્રેમનીજ બાંસલી નીરંતર વાગતી હોવા છતાં આત્મા પોતાની બહાર ફાફા મારે છે.

બાતુઓ અને મહરબો ! મને આશા છે કે રાજા-રાણીની આ સાદી વાર્તામાં કાંઇ સુંદર અર્થ છુપાયલો છે. એમ તમો ચેતી જશો અને એમાં કવિએ કાંઇ નવીજ રંગત રચવાની ઇચ્છા રાખી છે. ત્યારે આ રાજા તે કોણ છે ? આ રાજા તે ઇશ્વર છે—ને ઇશ્વર જોને માટે કવિ ગાય છે કે નથી તેની પાસે લસ્કર કે નથી નકકારચી, નથી રેસાલો કે નથી બ્યુગુલ ફુંકનારાઓ ! અલકે તે વગર ધુમધામ કરવે આવી દિલના મુલકમાં તેનીજ હસ્તિ ફેલાય જાય છે. એવા રાજાની રાણી તે આપણો આત્મા છે જે આત્મા આ દુન્યાના વમળમાં ગુંટાઇ રહી પોતાના પેદા કરનારને ભુલે છે. પેલા લેહરી મોટા બાવા તે ગુરૂ છે જે ઇશ્વરના મુલક તરફ આપણને ખુશાલીમાં એંચી જાય છે.

હવે, તમો રાણીના મેહલ તરફ ફરો. તેણી જ્યારે પણ રાજાને મલતી ત્યારે અંધકાર ઓરડામાં મોલાકાત થતી તેથી તેણી પોતાની દાસી સુરંગમને હુકમ કરે છે કે આજે મને રાજાને જોવો છે માટે બે-ચાર બતીઓ સળગાવ. પણ સુરંગમ ના પાડે છે કે "જો બીજા લોકોને મળવું હોય તો રોશનીવાલા ઓરડામાં; પણ જો રાજાને મલવું હોય તે માત્ર આ અંધકાર ઓરડામાંજ મુલાકાત થઇ શકે છે. બેઉ વચ્ચે વાતચીત ચાલે છે અને સુરંગમ કહે છે કે જ્યારે મેં મારી ગરીબના આતશને બાજુ મુકી નમનતાઇનું નિશાણ કબુલ કર્યું ત્યારે મે જાણ્યું કે ખુબસુરતીમાં આ રાજાનો જોડો મલી શકે નહીં એટલામાં તે દારી ચમકી ઉઠે છે કે સાંભળો, રાજાના પગલાં સંભળાય છે. રાણી સાંભળવાનાં ફાંફાં મારે છે પણ ફોકટ. ત્યારે

દાસી કહે છે કે એ પગલાં તો મારાં હૃદયમાં સંભળાય છે ત્યારે રાણી અજંપ થાય છે કે એ કેમ બની શકે! જેનો જવાબ દાસી આપે છે કે "બાનું, જ્યારે મેં આપણા રાજાની નોકરી સ્વિકારી ત્યારે રાજાએ મને એટલુંજ ફરમાવ્યું કે "હું જ્યારે પણ આવું ત્યારે આ ઓરડાને તૈયાર રાખજે! તારું ફક્કડ એટલુંજ કામ છે" તે વેળા હું અશંતોષી થઇ નહીં. મેં એમ નહીં કહ્યું કે "બીજા ઓરડાઓમાં પણ બતી કરવાનું કામ મનેજ સોંપો." ના, જ્યારે મેં રાજાના સોંપી આપેલાં કામ ઉપર ધ્યાન લગાડ્યું ત્યારે મારામાં જાણે નવીજ કુવત આવી. 'એટલામાં રાજા આવી લાગે છે અને રાણી તેને ઘણો વિનવે છે કે માત્ર એક ઘડી તે પોતાનો ચેહરો ખુલ્લો કરે. પણ રાજા એકનો બે થતો નથી. રાણી તેને પુછે છે કે આવા અંધકારમાં તું મને જોઇ શકે છે? ત્યારે રાજા જવાબ વાળે છે કે કેમ નહીં? અએ રાણી, તારામાં તમામ આકાશ અને પાતાલની ખુબસુરતી અને પ્રૌઢતા (nobilty) છુપાઇ છે. જો તું મારી આંખોએ તને જોય તો આ સઘળું દેખાય. તું કાંઇ જેમ તને દેખાય છે તેમ માત્ર એક નજીવું માણુસાઇ પ્રાણી નથી." આખરે રાજા તેણીની આજીજીથી આજેજ થઇ કબુલાત આપે છે કે જો મને જોવાની તું એટલી તરસી છે તો આજે ભરાતારા મેળામાં હું દેખાવ આપીશ તે વેળા તું મને શોધી કહાડજે. રાણી જાણવા માગે છે કે તું મને કયાં દેખાશે? ત્યારે રાજા કહે છે કે "ત્યાં જ્યાં સુંદરમાં સુંદર ગાયણ ચાલતું હોય! જ્યાં હવામાં પુલોનો પમરાટ પ્રસરી રહયો હોય! જ્યાં મધુર ધીમી રોશની અને શાંત અંધકાર ખુશાલીના બગીચામાં એકઠા થયા હોય ત્યાં!"

જો તમો એવો અર્થ કબુલ કરશો તો મને ખાત્રી છે કે અત્યાર સુધીના પ્લોટનો અંદરનો અર્થ સમજ્યા વિના તમો રહી શકશો નહીં. હવે, આપણે ઉપલા અર્થની રોશનીમાં આ વિચિત્ર રાજા અને તેના વિચિત્ર મુલકની અધુરી વાર્તા આગળ ચલાવ્યે. વળી આ નાટકમાં દરશાવેલા વસંત ઋતુનો મેળો તે તે મેળો છે કે જ્યારે પણ એક આત્મા મોહ-માયાની સાંકળમાંથી છુટી ઇશ્વર અને ઇશ્વરી મોહનીમાં લીન થઇ જાય છે ત્યારે તેને માટે આ જગત એક સાંકળ નથી પણ ખુદ ઇશ્વરનીજ મહાન મોનેજરીઓ અને કામેલ કરામતોનું સમ્રહસ્થાન છે-જેમાં તે રહીવસી ખુદ ઇશ્વરનુંજ ભાન કરે છે. એવા મેળા તરફ જવા દરેક આત્મા કોશેશ કરી રહયો છે-જાણે દરેક આત્મા એક મુસાફર છે જે તેના મેળા તરફ થોડો કે ઘણો વધુ કે ઓછો ચાલ્યો જાય છે.

પેલો વસંત ઋતુનો મેળો મચ્યો છે અને તેમા હજારો લોક શામેલ થયું છે. તેઓની વચમાં બીજા મુલકના રાજાઓ પણ આવ્યા છે ત્યારે તેઓમાં બડબડાટ થવો ચાલુ થયો છે, કે આ મુલકનો રાજા કેવો છે કે આપણે માટે જુદી ટ્રેજ્યા પણ રોકી નથી. આ સાધારણ લોકોમાં તો કાંઇ આપણાથી ભાગ લઇ શકાય? અને તેઓ પોતાનો ગુસ્સો ખાલી કરે છે કે મોટા બાવા પોતાની સાથ નાના રમત્યાલ બાળકોની ટોળી લઇ ઉતરી પડે છે અને રાજાઓની મશકેરી કરે છે કે હમારા રાજાનો તો એવો મેળો ભરાય છે જ્યાં નીચમાં નીચ અને સાધારણમાં સાધારણ માણસ પણ ભાગ લઇ શકે છે. જ્યારે તમે રાજાઓ જે નાની રેતી ઉપર મકાન બાંધો છો ત્યારે હમોને હસવું આવે છે અને તેથી હમે તમારી મશકેરી કરીયે છીએ," એટલામાં પેલો બોંગી "રાજા" દાખલ થાય છે જેની લોકો ખુશામદ

કરતાં હતાં તે તમોએ જોયું છે પણ આ રાજાઓની વચમાં તુરત તેનો ધોંગ ઉઘાડો પડે છે અને તે પકડાઈ જાય છે. હવે, આ સઘળા રાજાઓ વિચાર કરે છે કે રાજાને ન જોયો તો કાંઇ નહીં પણ આપણને તો રાણી જોવી છે! જોથી તેઓ આ ધોંગી રાજાને હથીયાર બનાવે છે.

રાત્રી પડી છે-ચંદ્રમાં પોતાના રોશન બહારમાં બીલી તમામ જગત ઉપર મધુર રોશનીની ચાદર પાથરી રહ્યો છે ત્યારે રાણી પોતાની દાસીઓ સાથ મહેલના મીનારા ઉપર આવે છે કારણ તમને યાદ હશે કે રાજાએ કબુલાત આપી હતી કે તે પોતાને દેખાવ આપશે. નીચે લોકો પેલા "ધોંગી" રાજા માટે જય જય પોકારે છે અને ટોળે ટોળાં તેનું દરશન માટે પછવાડે ધસડાય છે. રાણી અને દાસીઓ તે જવાન રાજાને જોઇ ખુશ થાય છે પણ દાસી સુરંગમ શકમાં પડે છે કે તે શખ્સ તેણીનો રાજા હોઇ શકે નહીં. પણ બીજી દાસીઓ તેણીને હસી કહાડે છે અને રાણી એક દાસી મારફતે તે ધોંગી રાજા પાસ પોતાનો ફુલનો હાર મોકલે છે. જાણે એવું બતાવા કે આખરે રાણી રાજાને શોધી કહાડવામાં ફતેહ પામી હતી દાસી તે હારને લઇ જાય છે પણ દલગિર થતી પાછી ફરે છે કે અએ રાણી, રાજા તો સમજવાજ નહીં કે આ ભેટ કયાંથી આવી છે! એ તો બીજા રાજાએ સુચવ્યું કે એ હાર કદાચ રાણીએ મોકલ્યો હશે ત્યારે રાજાએ તે સ્વિકાર્યો" આ સાંભળી રાણી ગમગીન થાય છે કે અફસોસ! મારી ગરીબીનો કોટ એક ઝટકામાં ભાંગી પડયો છે. હું હારી છું, મારી હાર થઇ છે. ખરેખર! હવે મને લાગે છે કે સૌથી મોટામાં મોટી ભેટ કોઇ પણ હાથોથી આપી શકાતી નથી.

બીજી તરફ પેલો "ધોંગી" રાજા અને કાન્ચીનો રાજા મસલત કરી રાણીના મહેલને આગ લગાડવાનુ કાવત્રુ રચે છે. ધ્યાન આપજો કે કાન્ચીનો રાજા સઘળા રાજાઓમાં ચતુર અને પરાક્રમી છે અને તે રાણીના પ્રેમમાં ફસેલો હોવાથી તેણીને ઉઠાવી લઇ જવાના આ કાવત્રામાં શામેલ થાય છે, અને જયારે અગની સળગે છે ત્યારે લોકોના ગભરાટનું પુછવુજ શુ? કોઇને કાંઈ સુઝતું નથી. માલીઓ મહેલના બગીચાને તજી જાયછ. નોકરો અને દાસીઓ મહેલમાંથી બહાર પડે છે. રાજાઓ જેઓ મહેલમા આવ્યા હતા તેઓમી આ અગનીના જવાલામાંથી બચવા એમથી તેમ દોડી રહ્યા છે. ખુદ પેલો 'ધોંગી' રાજા અને કાન્ચીનો રાજા આ અગનીની આફતમાં ગુંગળાઇ જાય છે. 'ધોંગી' રાજા તેને બદનામ કરે છે કે આ તુએ શું કરયું ત્યારે કાન્ચીનો રાજા ગભરાટમાં જવાબ આપે છે કે હું શું કરૂ? હું તો માત્ર મહેલના થોડાજ ભાગને સળગાવી મુકવો માગતો હતો પણ અગનીએ તો બહુ સપાટામાં ગંભીર રૂપ લઇ લીધું છે. બહાર નીકલવાનો દરવાજો તેઓને સુઝતો નથી કે બેઉ એક એકને ગાળો ભાડે છે એટલામાં બહારથી રાણીનો કરણાજનક અવાજ આવે છે કે "બચાવો! ચારે બાજુ ફેલાયલી આગમાથી મારો છુટકારો કરો!" અને તેણી દોડી આવી 'ધોંગી' રાજાને આજીજી કરે છે ત્યારે તે હીચકારો કબુલ કરી દે છે કે હું રાજા નથી. તે સાંભળતાંજ રાણી અફસોસનો પોકાર ઉઠાવે છે અને તે બેશરમીમાંથી બચવા ખુદ અગની બુઝાવી દેવા તયાર થાય છે અને પોતાના અંધકાર ઓરડા તરફ દોડે છે કે ત્યાં જઇ બળી મરે. જયારે તેણી ગભરાટથી ગભરાતી અને અકલાટથી અકલાતી ઓરડામાં દાખલ થાય છે કે ખરા રાજાનો અવાજ આવે છે કે "ના ગભરા, અએ રાણી, ના ગભરા. અગનીની કોઇ

તાકાત નથી કે આ ઓરડા વેર દોડી આવે! ખરેખર છે! દુન્યાની ગજબનાક આફતોની કાંઇ તાકાત નથી કે માણસાઇ દિલને એક ઘડી ફના કરી શકે. તે તો ઇશ્વરનું મંદિર છે જ્યાં કોઇ પણ દુન્યવી ચીજનો હાથ અડી શકતો નથી. અને પેલા ધોંગી રાજા અને કાન્ચીના રાજાએ રાણીના ઓરડાને આગ લગાડવાની બાંધેલી યોજના પડી ભાગી.

તેઓ બેઉ એકઠાં મલ્યા--રાજા અને રાણી અને રાણી પોતાના ભરથારને અગનીની આફતમાં મળેલો જોઇ ઓર બી નાસીપાસ થાય છે. અરે! હવે તો પોતાના પતીને જોવાની આશા પડી ભાગી હતી. જે સાંભળી રાજા તેણીને દિલાસો આપે છે કે ના, ના, અએ રાણી! આ અંધકાર અને આફતથી તારો આત્મા આજે ધ્રુજી રહયો છે પણ તે એક દિવસ એવો આવશે કે એની આફત ખુદ દિલાસો થઇ પડશે." જો એમ નહીં હોય તો તારા માટેનો મારો પ્રેમ કામનોજ શું? પણ રાણી કહે છે કે જેમ જેમ હું તારો વિચાર કરૂં છું અને આ આફતમાં તને મળવાની સરેજતનો ખ્યાલ કરૂં છું તેમ તેમ હું તારા પ્યારને મારા દિલમાંથી કાઢવા યત્ન કરૂં છું. જે સાંભળી રાજા જરા પણ નિરાશ થતો નથી. તે તો કહે છે કે "જ્યાં તને જવું હોય ત્યાં જા, મારા મુલકમાં સર્વેને એકસરખુ છુટાપણું બક્ષેલું છે. એટલામાં પેલી દારૂ સુરંગમ આ મધુર, આ મીઠું ભરમ ભરેલું ગાયન ગાતી દાખલ થાય છેઃ-

"ઓ મારા રાજા! તું ક્યા શું રમત તારા તમામ મુલકમાં રમી રહયો છે? અરે તારીજ મરજીથી હું હજારો કોસ દુર જાવું છું છતાં હું તનેજ મળવા તારા ચરણે માર્‌ સર નમાવું છું! અરે, એ તો તું હમારી દરકાર નહીં કરતો હોય તેનો ખોટો દેખાવ કરે છે. બાકી તારાજ પ્રેમાળ હાથો મને તારી મીઠી ગોદમાં લઇ લે છે! ઓ મારા રાજા! તું આ શું રમત તારા તમામ મુલકમાં રમી રહયો છે?"

એટલામાં રાજા ગેબ થઇ જાય છે અને રાણી પોતાના પતીને હમેશ વેર છોડી જવા બરાદો કરે છે જેથી સાથે જવા માટે સુરંગમ પણ કમર કસે છે, આ સાંભળી રાણી ગજબ થઇ થાય છે કે મારા દુઃખમાં ભાગ લેવા એક પણ ચાકર હિમ્મત કરતો નથી ત્યારે તું તારા રાજાની નોકરી છોડી શા માટે મારા જેવી તદ્દનયલી સ્ત્રીપા સાથ જવા તકરે છે? તેના જવાબમાં સુરંગમ આ મહાન શબ્દો કહે છે કેઃ "હું કાંઇ રાજાથી દુર જનાર નથી. ભલે, તમે એકલાં જાવ પણ રાજા તો તમારી સાથ રહીં તમારી રખેવાણી કરશે."

અહા! કવિ હયાં કેવો મહાન દિલાસાનો પાઠ શીખવે છે. જો આપણે એમ માનયે કે પાપ અને ગુનાહમાં કોઇ એવી તાકાત નથી કે આપણને ઇશ્વરી બક્ષેપથી બાતેલ રાખે; જો આપણે એ શીખ્યે કે દુઃખના ધસી આતા પહાડો અને આફતનો રોશન થયલો અગની વટીક ઇશ્વરી પ્રેમના સુર્યને ઢાંકી નાખી શકતો નથી; જો આપણે એ જોઇ શકયે કે જીંદગી અને મોતમાં વટીક તેજ ઇશ્વરી હાથ આપણા પગલાંની રાહબરી કરે છે; જો આપણે એમ અનુભવ્યે કે જોઇએ તો સુખ આવે કે દુઃખ; તેજ ઇશ્વરી હાજરી છુપાઇ છે; જો આપણને એવી ખાત્રી થાય કે ખુશાલીના ઝલકાટમાં કે દુઃખના આંસુ એતમાં ઇશ્વર છુપાયેલો છે, જો આપણે એમ ઘડીભર માની લઇએ તો અહા! આ દુન્યાની આફત આપણને કેટલી તુચ્છ લાગે! ઇશ્વરી પ્રેમ અને ઇશ્વર પર અખંડ વિશ્વાસનો અર્થજ આ છે કે સુખમાં કે દુઃખમાં વટીક

તેનોજ હાથ આપણુના પગલાને દોરવે છે. સુખમાં તો સૌ કોઇ રામ ભજે પણ આફત અને દુઃખમાં પણ જેને ઇશ્વર જોયો છે તેજ ખરો ઇશ્વરમાં માનનાર આસ્તિક ગણાવો જોઇએ. દુઃખમાં પણ એમ માની લેવું કે અમે ઇશ્વર! આ દુઃખ મને ઘડીભર પણ નિરાશ કરતું નથી તોજ તે ખરી ઇશ્વરી આસ્થા છે:-તેજ ખરો ઇશ્વરી પ્રેમ છે, તેજ ખરો ઇશ્વરી વિશ્વાસ છે.

હવાં દાસી સુરંગમ રાણી પર આવી પડતી આફતમાં વધીક પોતાના રાજા—જે ઇશ્વર છે—તેને ભુલતી નથી. અને તેણી તે આફતમાં પણ ઇશ્વરી હાજરી માની લે છે તેથીજ તેણી રાણી સાથે નાહમી જવા તૈયાર થાય છે.

તેઓ બેઉ પથ્થરો અને પહાડો વટાવતાં ચલ્યા જાય છે. રાણી ફરયાદ કરે છે કે જેમ મારો પતી બેરહમ અને સંગીન દિલનો છે તેમ આ રસ્તાનેપણ રહેમ આવતી નથી કે એક રાણી તેની પર ચાલી રહી છે. જેમ રાજાના દિલમાં લાગણી નથી તેમ આ પથ્થરોણી મારી દરકાર કર્યા વિના પડયા છે જાણે તેઓ પણ એક નીચ બીખારી કે મહાન શહેનશાહમાનુ પસાર થાય તે એક સરખું છે. અમે સુરંગમ! મને કહેવાદે કે તારા રાજાનું દિલપણ ધાટકી અને સંગીન છે" પણ દાસી તો કહે છે કે "ભલે, તેનું દિલ ધાટકી અને સંગીન રહે! બલે, હું હંમેશ હારેલી અને દરદમંદ ફરું પણ મારા રાજાને તો જય અને જીત હંમેશ હોજો!" એવી રીતે મુશ્કેલીઓ વટાવતા તેઓ બાપના મુલકમા જઇ પુગે છે. પણ તેણીનો બાપ તેણીને પોતાના મહેલમાં આસરો આપવા ગુસ્સાથી ના પાડે છે. તેના વજીરો અરજ ગુજારે છે કે આવી નાજુક નાઝનીનને જો હંકાળી કઢાડશો તો તે કહાં જશે? તેણી આફતની એક રજ પણ ખમી શકનાર નથી પણ તે જવાબ આપે છે કે ના, ના, જો આજે હું મારાં આવા નાફરમાન ફરજંદને મારા મહેલમા આસરો આપું તો એક ખોટો રેવાજ મારા મુલકમાં જારી થાય છે. આખરે ઘણી મનાજવત પછી બાપ તેણીને આસરો આપવા કબુલ થાય છે. અને થોડી વેળા રાણી આ નવા મુલકમાં ઠર પડે છે. પણ ત્યાં રહેવાથી તો પોતાના પતિ તરફની તેણીની બેદરકારી ઓરણી વધતી જાય છે. તેણી દાસી સુરંગમ પાસ ફરયાદ કરે છે કે જો મારા પતીમાં સહેજણી પ્રેમનો કતરો બાકી હતો તો તે મને એમ શાંતીમાં જવાજ કેમ દેતે? અરે, જ્યારે મેં તેનું ઘર—બાર તજયું ત્યારે તેને એક ઘડી મને જવા માટે અટકાવી નહીં-બલકે મને નાહમી જવા માટે જાણે તમામ બારીબારણા ખુલ્લાં મુકયાં હતાં.

આવી રીતે રાણી તે નવા મુલકમાં ઠર પડી હતી કે પેલા રાજાઓ તેણીને ઉઠાવી લઇ જવા ફરી બીજી વાર મનસુબો કરે છે અને કામ પડે તો રાણી। બાપ સાથ પણ લડાઇમાં ઉતરવા નકકી કરી ઉઠે છે.

ઘડી બાર આપણને જોવાનું છે કે આ રાજાઓ તે કોણ છે જે રાણી રૂપી આત્માને ઉઠાવી જવા આટલા ફાંફાં મારે છે? અને તેને પોતાના કબજામાં લેવા આ મુજબ જાનો બીછાવે છે? જરા આપણાં હૃદયમાંજ જોવા દો તેનો જવાબ ઝટ મળી જશે. દુન્યાની કેટલી કેટલી લાલચો આપણા દિલમાં વાસો કરી આત્માને ઘડીભર તાબે કરી લે છે? કેટલી બધી દુન્યવી ચીજો છે જેને પગ તળે કચડવાને બદલે માણસે તેઓને પોતાના હૃદયમાં પ્રેમથી જગ્યા આપી છે! અને તેઓ રાજા બની હૃદયના મુલકનો કબજો ઘેરી લે છે એમાં શક નથી એવી દુન્યવી ખેંચાણો એક એક પર સરમાજ ભોગવવા કેવાં બધાં યતન કરે છે કે

એક ઘડી માણસને વીહલેા મુકતાં નથી. અને હયાં પણ રાણીરૂપી આત્માનેા કબજો લેવા રાજાઓરૂપી લાલચેા દેખાવ દે છે.

તેઓ પરેલ્લાં આપસમાં લડાઇ કરે છે કારણ કે રાણી તેા એક છે ને તેણીને ઉડાવી જનારા તેા સંખ્યાબંધ રાજાઓ છે. પણ જયારે રાણીના બાપની સખત વળણ જોઇ ત્યારે તેઓ સઘળા તેની પર ચઢડાઇ લાવે છે અને રાણીના ભવીષ્યની રમત નસીબના ચોસર ઉપર રમાય છે. તેણી ગમગીન દિલે આ રમાતી રમત નીહાળી રહી છે અને આશામંદ છગરે રાહ જુવે છે કે પેાતાના બાપની મદદે જરૂર તેણીનેા પતી આવી લાગશે પણ છેક સમીસાંજે તેણી આ ભયાનક ખબર સાંભળે છે કે તેણીનેા બાપ તે રાજાઓના હાથમાં કેદ પકડાયેા છે.

લડાઇ પુરી થઇ-રાજાઓ જીત્યા અને રાણીનેા બાપ હાર્યેા-એ થઇ ગયું પણ હવેજ પેલી બીલાડીઓની વાત છે તેમ આ રાજાઓ રાણી રૂપી રોટલીના કટકાને પેાતાની વચ્ચે કેમ વેંહચવેા તેની તકરારમાં ઉતરે છે. સૌ પેાતાની હોશ્યારીને સામે મુકી જીતાયલી રાણીને પેાતાના કબજામાં લેવા દાવેા કરે છે. આવેા રસાકસી ભર્યો ગામસેા જોઇ કાન્ચીનેા રાજા સુચવે છે કે ખુદ રાણીનેજ હયાં બોલાવેા અને તેણીની પસંદગી જેનો પર ઉતરે તે તેણીનેા હકદાર કરે. આ ઉપાય સઘળા કબુલ કરે છે અને એક દિવસ નક્કી થાય છે જે દિવસે રાણી પેાતાની પસંદગી કરે છે. તે દિવસ આવી લાગેા અને રાજાઓ પેાતાને બને તેટલા બેંચાણુકારક બતાવા દબદબા અને દમામ સાથ સજ થઇ પેાતાની બેહક લે છે. તેઓની વચમાં પેસેા ઢોંગી રાજા પણ બીરાજેસેા છે. પણ બધી અજબ થવા જોગ બીના તેા એ હતી કે પેસેા ચતુર કાન્ચીનેા રાજા આ વખતે અતિ સાદાઇમાં સજ થયેા છે જે માટે રાજાઓ તરેહવાર ટીકકા કરે છે. આ મુજબ તેઓ બીરાજ્યાં છે અને આપસમા પેાતાની બહાદુરી અને ચતુરાઇની અફલાતુન ડીંગો મારી રહયા છે કે તે વેળા રાણી અને સુરંગમ છુપી રીતે મેહલના બીનારાપર આવે છે અને સુરંગમ રાણીને તે રાજાઓને દુરથી ઓળખાવે છે, એમ ઓળખ આપતાં તેણી પેલા ઢોંગી રાજા તરફ આંગળી કરી કહે છે કે આ તેા તમારેાજ રાજા છે. જેને તમે અગાઉ પુલનેા હાર મેાકલ્યેા હતેા.

પણ તે રાણી અગાઉની રાણી રહી નથી. તેણી હવે ખરાં-ખોટાંની પરિક્ષા કરી શકે એટલી ચતુર બની છે. તેણીની આંખ્યેા હવે ઉઘડી છે અને જયારે સુરંગમે તેણીને પેલા ઢોંગી રાજાની ઓળખ આપી કે તેણી અફસોસની આહ મારે છે. "શું અગાઉ મારાં પસંદગી પામેસેા આજ મારેા રાજા છે?-ના, ના, સુરંગમ, વધુવાર મને હવે તેની ખુબસુરતી આંજી નાંખી શકની નથી. અફસેા! હવેજ મને ખબર પડી કે શા માટે મારા ખરા રાજાએ મને તરછોડી છે. મારૂ મન મેલું છે. માટે એ મારા પ્રાણનાથ, મારા રાજા, આવ, આવ અને ફરી મારા હૃદય બોલા! અને ત્યાં દાખલ થા."

એ રીતે રાણીરૂપી આત્માની આંખ્યેા ઉઘડે છે અને વધુવાર લાલચેા અને દુન્યની ચીજો તેને આંજી નાખી શકતી નથી, તેવા આત્માને આ દુન્યાની બેંચાણેા તુચ્છ લાગે છે અને તે પેાતાના ખરા રાજા તરફ આખરે મન લગાડે છે.

પણ બીજી તરફ પેલા રાજાઓ તો પોતાના 'ઇગલ્સના' બહોરેમાં શેખી મારવાંજ જાણે છે. તેઓને શું ખબર છે કે રાણીએ તેઓને ઓળખી કહાડયા છે અને વધુવાર તેણી તેઓના ફાંફાંથી અંજાઇ જનાર નથી. સઘળા પેલા કાન્તીના રાજની ટેકડી કરે છે કે એ સાદો માણસ આવ્યો છે જાણે એવું બતાવવા કે હમારો હુકમાઠ કંઇ કામનો નથી. ઓક કહે છે કે હું તો આજે સારા સગન સાથ આવ્યો છું ત્યારે બીજો તો મંગલ મુહરત જોઇ આવ્યો હતો. એવી ગપો મારી રહી છે કે આપણા પેલા મોટા બાવા લડવૈયાનો હાઇ સજ્જ ત્યાં દાખલ થાય છે. તેને ત્યાં "બમ વગર પરવાનો" અને વગર સલામ કર્યે આવેલો જોઇ આ રાજાઓનો ગીન્નઝ બરણેલાઇ થાય છે અને તેને દમમાં પુછે છે કે તેને તેઓની વચમાં આવવાની બેઅદબી કેમ કરી હતી ત્યારે મોટા બાવા જવાબ આપે છે કે "રાજા આવ્યા છે!" સઘળા પોકારી ઉઠે છે કે રાજા--કયો રાજા! "મારો રાજા"--મોટા બાવા કહે છે. "જેને તમો સઘળાને પોતાના હજુરમાં બોલાવ્યા છે." ઓક રાજા પુછે છે કે: "તું કોણ છે!" "હું મારા રાજાનો સિપાહસાલાર છું," આ સાંભળી સઘળા હસી પડે છે કે "આ જુઠ્ઠો જોગો! જાણે એ કોણ છે તેની હમને ખબરજ નથી." "તું મારા આ સીપાહસાલારનો પોગી પોસાક સજ્જ હથીઆર લાવ્યો છે." ત્યારે મોટાબાવા જવાબ વાળે છે કે, "હા, મારા રાજાનો પગામ લાવનાર તરીકે હું નાલાયક છું' ખરો. છતાં તે તેજ રાજા છે જેને મોટા લડવૈયાઓ અને મહાન રાજાઓમાંથી ગને ચુંટી હવા મોકલ્યો છે." આવી રીતે વાત વધી પડે છે અને તની કામણ કરવાવા તઓ કહે છે કે હમણા હમે બહુ જોખમ ભર્યા કામમાં ગુંચવાયા છિયે માટે તારા રાજાને જલ્દ હમારો પેગામ કહે કે પોગી ના! હમે લાયક વખતે આવશું જે વેગ હમારા આવકારની પોકણ પુરતી રાખે" આ સાંભળી મોટા બાવા હુંકારાવનારા અવાજ વચ્ચે તાકીદ કરે છે કે મારો રાજા પોગી રાકતો નથી. તે જ્યારે પોતાનો પેગામ મોકલે છે કે તે તુરત પલાયો જોઇએ તમને જેવો આવકાર લેવા ગમતો હશે તે આપશે. ને જંગનું મેદાન જોઇતુ હશે તો તે મારે પગ મારો રાજા તયાર છે, તે તમને જંગના મેદાનમા મળશે." આવો હુંકારાવનારો જવાબ સમજી રાજાઓ ડઘાઇ જાય છે અને બીકના મારેલા ત્યાંથી જેમ ફાવે તેમ નાઠસભાગ કરે છે.

અહા! મિત્રો, આપણે કેટલું ધ્યાનથી છીએ કે આપણી જીંદગીમાં પણ મોટા બાવા જેવો શુંગ લડવૈયો એટલાજ હમાથી દાખલ થાય, અને દાખલ થઇ આપણા હરદયમાં પોસાતાં દુશ્મની જોધાઓને હાંકારાવનારો પેગામ આપે કે તે માહનામી સાહેબ, તેઓને તાકીદ બોલાવે છે જેના ઓકજ બાવાજેથી તેઓ સદા આપણા હૃદયમાંથી નાશ પામે। અને તેવાં બાવી મયલાં હૃદયમાં તે માહનામી સાહેબ પોતાની હકદાર હાજરી બાયરે।

આવી રીતે પોતાના ખરા રાજના ધાકથી પેલા મોટા રાજાઓને નહસાડી મુકયા અને પછી મોટા બાવા રાણીના મહેલ તરફ જાય છે. રાણી અને સુરંગમ રાજનીજ વાત કરતા બેઠાં છે અને રાણી પુછે છે કે સઘઇ પુરી થઇ છે ત્યારે હવે રાજા કયારે આવશે? તેટલાં મોટા બાવા દાખલ થાય છે જેને જોઇ રાણી નમન કરે છે કે તમે મારા રાજના મિત્ર છો તો તેની ખુશ ખબર આપો કે તે કયારે પધારશે? મોટા બાવા જવાબ વાળે છે કે તમે અને મુકરેલ સવાલ પુછો છો? મારા એ મિત્રને હું હજી ઓળખી શકયો નથી. જુઓને,

લડાઇ પુરી થઇ છે અને હવે તે ચાલ્યો ગયો છે. "ચાલ્યો ગયો?" રાણી અજંપણીમાં પુછવા લાગી, અરે તે કેટલો ધાતકી છે કે મારી છગરની જોરાવર આંશાનો તેને આ મુજબ ભંગ કર્યો છે? ત્યારે તો મને કોઇપણ રાજની જરૂરજ નથી. ત્યારે શા માટે તે પેલા રાજઓ સાથ લડયો? શું પોતાની બાહદુરી અને હોશ્યારીની શેખી મારવા? તેને મારી મગરૂરીનો તો આવો નાશ કર્યો અને હવે શું મારી ધુળમાં રગડોળી હજી સંતોષ પામ્યો નથી? માટે હવે હું મારા મહેલની બારીએ બેસીશ અને તે જ્યાં સુધી નહીં આવશે ત્યાં સુધી ત્યાંથી હટીશ નહીં. પછી જોઇશ કે તે હવેથી આવશે કે નહીં?" મોટાબાવા આ સાંભળી જરા મ વાળે છે કે "તમે તો જવાન છે. તો એમ થોડી બની શકશે. પણ હું તો બુઢ્ઢો થયો છું માટે મારે મનથી એક પગ પણ ગુમાવવી એક આંચકાયું ગુમાવવા બરાબર છે. માટે હું તો તેની શોધમાં તુરત નીકળી પડું છું પછી હું જાતું કે લાવું!"

તમોએ પેલા રાજઓને નાહસતાં જોયા છે પણ એમ નામરદીથી નાહસતાં પેલો ફ્રાન્સીનો રાજ અટકી પડે છે અને બને તેટલા રાજઓને સમજાવી એક મોટાં લશ્કર સાથ બરા રાજની સામે લડવા જાય છે. ગોથા સ્પેન્તોમઇન્યુસ અને અગ્રમેન્યુસ વચ્ચે જંગ જામે છે. અને એવા જંગનું જે એકજ પરિણામ આવે તે આવ્યું. દિવસના મેદાનમાં મચેલા તે જંગમાં તે સાહેબની જીત થઇ અને દુનયી લાલચોનો કમજો સદાને માટે દુર થયો. લડાઇ રમાઇ રહયા પછી લોકમાં અજાયબ જેવી વાતો ચાલી રહી છે. લોકો કહે છે કે આ કોઇ અજુદીઇ રાજ કોયો છે કે દુશ્મનોને હરાવી તેઓને શીક્ષા કરવને બદલે ચોર માન-પાનથી નવાજયા છે. જુઓને, આ ફ્રાન્સીના રાજએ ઉશકેરણી ચલાવી અને લડાઇ જગાડી તેનેજ જમણા હાથ પર બેસવાનું માન મલ્યું છે. આ કાંઇ થોડી અજાયબ થવા જોગ બિના નથી. ભારી અને બુરી શકિતઓ વચ્ચે લડાઇ જાગવી અને હાર થવા છતાં બુરી શકિતઓ જીવતી રહે એ માટે બોલાસો એ આની શકાય કે બુરી ચીજે કાંઇ હમેશ બુરી રહેતી નથી. તેઓ ધીમે ધીમે ભલાઇનું રૂપ પકડે છે. બીજા શબ્દોમાં બોલીયે તો જેમ તલવાર બેઉ સારી કે નઠારી ચીજ છે; એ તો માત્ર વાપરનાર કેવો છે તેની પર આધાર રાખે છે તેમ આપણા મન અને તનની શકિત એને જે જેમથી વાપરીયે તે જેમ પ્રમાણે તે ભલી કે બુરી કહેવાય છે. એકવાર એ શકિતઓ જોકી સામે લડે છે પણ ધીમે ધીમે તેઓ એવી રીતે બદલાઇ જાય છે કે તેજ શકિતઓ ખુદ ભલાઇની જેમને આગળ વધારવા મદદગાર થઇ શકે છે. દુનયામાં કોઇપણ ચીજ બરેબર નાશ પામતી નથી. જે થાય છે, તે માત્ર રૂપ કે તેનો ઉપયોગ બદલાઇ જાય છે.

કવિ પણ એવોજ અર્થ કરતો લાગે છે. તે એટલા ઉપરથી જણાય છે કે મોટા બાવા અને પેલો ફ્રાન્સીનો રાજ કહે રસ્તે સાથે મળી જાય છે, મોટાબાવા અજાયબ થઇને પુછે છે કે અએ શાહઝાદા તમે અને અમે રસ્તામાં ચાલો છો? તેના જવાબમાં તે કહે છે કે "તારા રાજએ મને રસ્તા પર કાઢી મુકયો છે." અને પછી ઉમેરે છે કે "મેં તેને કદી પણ મારા રાજ તરિકે કબુલ કર્યો નહીં હતો. પણ તે એક જ્યાનક તોફાન માફક આવી પોંહચ્યો અને મારાં જોરાવર લશકરને એક ઝટકે પરગદા કરી નાખ્યું. હવે હું તેને મારા રાજ તરીકે કબુલ રાખવા બુણેબુણ્યું બટકુ છું કે તે મને નજર પડતા નથી. આ સાંભળી મોટાબાવા હસે છે કે "મારા રાજની એવીજ આસ્પત છે અને જેમ તમે રસ્તા પર ચાલી રહયા છો તેમ - ઈ

રહી છે." પણ મોટા બાવા એ વાતથી મને તેવા હતા નહીં. તે પુછે કે શું તમે એવા ધુળથી ખરદાયલ કપડાં લઈ રાજાના મહેલમાં જશો! યેથી જવાબ, હું સમણા જઈ તમારા દરજ્જાનો લાયકનો પોશાક લઈ આવું છું પણ રાણી તે લાલચને પોકડે મારે છે. શું તમે જાણતા નથી કે મારા રાજાએ તો મારા પોશાકને સદા માટે લઈ લીધો છે. હવે હું તેની રાણી નથી પણ તેની બીદમતગાર બની છું. અને હવે હું બાવા બદાયલા પગો લઈજ મારા રાજાને મળીશ. રાણી રૂપી આત્માની કસોટી હવે થઈ ગઈ હતી. ખુલ્લું હતું કે દુન્યાની હવે કોઈ ચીજ રહી હતી નહી કે તેમાંને તેના રાજા રસ્તામાંથી દુર કરે. મોટા બાવા તે સાંભળીને ખુશ થાય છે અને પોતાના હમેશના ખુશમીજાજે કહે છે કે ત્યારે તો એ વાત માંડી વળો! ચાલો આપણે વસંત રૂતુનો છેલ્લો દાવ રમી લઈ આપણે. આવાં ધુળથી ધંકાયલા કપડાં લઈ રાજાને મલવા જઈએ. તે રાજાથી તો બીજીજ ધુળમાં રગી રહયો છે," કાન્ચીનો રાજા તે સાંભળી કહે છે કે "ત્યારે તો મનેથી તમારી રમતમાં શામેલ થવા દો! હુંથી મારા આ બાદશાહી પોશાકને ધુળથી ઓટલો બરદી નાખશે કે તે ઓળખાય પણ શકાશે નહીં.

મિત્રો, કવિ હવાં પોતાના આ સુંદર નાટક ઉપર ધીમે ધીમે પરદો ઉતારે છે, તેને આ સાન વાર્તામાં અતિ સુંદર ઢબે દેખાડી આપ્યું છે કે જયારે આત્મા આ દુન્યાના મીથ્યા બેંચાણોને બંધેરી નાખે છે ત્યારેજ તે તે સાહેબના રસ્તા પર ચાલવા લાયક થાય છે. વળી કવિ એ પણ બતાવા માગે છે કે ભલે આત્મા તે સાહેબને ભુલે પણ તે સાહેબ કદી કોઈને ભુલતો નથી, તે સાહેબની હાજરી તો સુખમાં કે દુઃખમાં, હસવાના મશ્કરાટમાં કે રડવાના અવાજમાં, ખુશાલીથી ફુલતી છાતીમાં કે દફગીરીથી દબાતાં દિલમાં સદા શાંત પ્રસરી રહી છે. માત્ર આપણે તેને જોઇ શકતાં નથી.

તે બંધકાર ઓરડો છે. રાજા અને રાણી બેકડાં મહયાં છે. રાણી અતિ નમનતાઇથી તેની સનમુખ હાથ જોડી ઉભી રહી છે. તેણી કહે છે કે હું તમારી રાણી નહીં પણ દાસી છું. મારી નમ્ર બીદમત સ્વિકારો. રાજા પુછે છે કે હજીએ મને જોવાની તારી મરજી છે કે? જેના જવાબમાં રાણી શાંત જવાબ આપે છે કે:-હા! મને જોવાની મરજી છે ખરી પણ હવે હું તને માત્ર સુખમાંજ નહીં—માત્ર દબદબા કે દમામમાજ નહીં—પણ નમનતાઇમાં જોવા ખાહેશ રાખુ છું. માટે ઓ મારા સરતાજ! મારી અરજ કબુલ રાખો!

રાજા તેણીનો હાથ પકડી કહે છે કે:—"આજે આ રમત રમાઈ રહી છે. આવ હું આ અંધકાર ઓરડાને બોલી નાખું છું. ચાલો, આપણે બહાર રોશનીમાં મલ્યે!"

અમારા સાબુના ઉપરથી નીકળેલી નકલોથી ઠગાતા નહિ.

કંઈ પણ મહેનત વગર વાળ કાઢવા માટે

બાદશાહી સાબુ.

બાદશાહી સાબુ રજીસ્ટર નંબર ૫૨૯.

બાદશાહી સાબુ—સફાઇથી વાળ દુર કરવા માટેજ છે.
બાદશાહી સાબુ—ચામડીનો અસલી રંગ રાંગ છે, કાળી પડતી નથી.
બાદશાહી સાબુ—હીંદુસ્તાનમાં હજારો દુકાનોપર મળે છે.
બાદશાહી સાબુ—વાપરનારાઓ • સપુર્ણ સંતોષ પામ્યા છે.
બાદશાહી સાબુ—ચામડીના તમામ દરદો નાબુદ કરે છે.
બાદશાહી સાબુ—હર વખને વાપરવાથી નુકશાન થતુંજ નથી.
બાદશાહી સાબુ—ગુપ્ત ભાગોના વાળ સારી રીતે કાઢે છે.
બાદશાહી સાબુ—ત્રણ સાબુના બાકસ એકનો રૂ. ૧) પોસ્ટ ચાર આના.
બાદશાહી સાબુ—ત્રણ બોક્ષના રૂ ૩) પોસ્ટ સાથે.
હિંદુસ્તાનમાં જગેજગ બાદશાહી સાબુ વેચવા માટે એજન્ટો જોઇએ છે.

સી. સી. મહાજન એન્ડ કુંપની,
પ્રોપરાઇટર એ. સી. ગાંધી.

સ્વતંત્ર વેપાર—હજારોની કમાઈ.
કાર્ડ વીઝીટ સાઈઝ—કીંમત માત્ર રૂ. ૧૫.
ફોટોગ્રાફ ઉતારવાના

છુપા કેમેરા

કેમરાથી નાનુ બચ્ચું પણ સહેલાઇથી ફોટોગ્રાફ ઉતારી શકે છે. હોડતી રેલ્વે, ઉડતુ પક્ષી, દશ વાશ, પચીસ માણસોનો ગ્રપ વીગેરેનો ફોટો સહેલાઇથી ઉતારી શકાય છે. દરેકને ફોટોગ્રફ ઉતારવાનું કામ ઘેર બેઠાં શીખાવી શકીએ છીએ. કેમેરા લાકડાની પેટીના બે વ્યુફાઇડર, છ ડાર્કસ્લાઇટ, લેન્સ, સટર, ડામાફ્રામ, ટાઇમ પ્લેટ રીકોરડીંગ, સંપુર્ણ માહીતી સહ કીંમત રૂ. ૧૫) પોસ્ટેજ પંદર આના, દરરોજ દશ રૂપીઆ સહેલાઇથી કમાઇ કરી શકાય છે.

સી. સી. મહાજન એન્ડ કુંપની,
પ્રોપરાયટર એ. સી. ગાંધી.
શેખ મેમણ સ્ટ્રીટ—મુંબઈ નં૦ ૨.

Established 3rd January 1921.

ધી નેશનલ ડાઇંગ કું૦.

સાહી બનાવનારા તથા લીડીંગ ગારમેન્ટસ ડાઇંગ કોન્ટરાકટસ.

૯, બી૦ ગોવાળાયા ટેંક રોડ, નવરોઝ કંપની પાસે, મુંબઈ.

P. A. KOTWAL,

Late Dyeing Master & Salesman:-

The Actien-Gesellschaft Fur Anilin Fabrikation Beeline Aniline Co., Ltd. (German Firm.)
The National Aniline & Chemical Co. Incorporated in the U. S. A. (American ")
The John Bruce Murray, Sons & Co. Glasgow....(English ")
The Prajjee Sooji & Co. ... ... (Indian ")

હમારે ત્યાં પારસી ડાઇંગ માસ્તરની જાતી દેખરેખ હેઠળ છેલ્લામાં છેલ્લી સાયન્ટીફીક રીતે દરેક કપડાં રંગવામાં આવે છે. હમારા ડાઇંગ માસ્તરને આસરે દશથી વધુ વરસોનું રંગવાનું અનુભવ છે, અને તે તમને મોટી ખુશી સાથે રંગોને લગતી સંપુર્ણ સમજણ આપશે.

તમારે ફકત એક કાર્ડ નીચે સહી કરનારને લખવાનું છે, બાકીનું બીજું બધું (ઘેર બેઠા લેવા તથા આપવાનું) તમને સંપુર્ણ સંતોષ મળે એમ હમો કરીશું. હમો મોટી ખુશી સાથ હંમેશા તમારી સેવામાં હાજર રહીશું.

હમો છીએ તમારા તાબેદાર સેવકો,

પે. અ. કોટવાલ.

મેનેજીંગ પ્રોપ્રાઇટર, ધી નેશનલ ડાઇંગ કું૦.

શાહજાદી જેબુન્નીસા.

એક ઇતિહાસીક ટુંકી વારતા.

લખનારઃ–દોરાબ બી. કટલી.

પ્રકરણ ૧ લું.

દિલ્હીના મુગલ બાદશાહ આલમગીર અવા ઔરંગઝેબની સર્વેથી મોટી શાહજાદી જેબુન્નીસા એક દીવસ સાંજના સમયે શાહી જનાનખાનામાના પોતાના ઓરડાની બારીમાં યમુના નદીના પાણીનું અવલોકન કરતી ચિન્તાવસ્થામાં એક સાદા પોશાકમાં સજ્જ થઇ બેઠી હતી, એટલામા એક બાંદીએ આવીને ખબર આપી કે,—"શાહજાદી સલામત, આપના કિબ્લેગાહ બાદશાહ સલામત પધારે છે."

"ચિન્તા નહીં, પધારવા દો." એમ કહીને શાહજાદી પોતાના પિતાને આવકાર આપવા માટે તૈયાર થઇને ઉભી રહી.

બાદશાહ ઔરંગઝેબ આવી લાગ્યો. તેને પણ અત્યારે નમાજ પઢીને આવેલો હોવાથી સાદો પોશાકજ ધારણ કરેલો હતો, અને તેની મુખમુદ્રા જો કે કેટલેક ભાગે શાંત દેખાતી હતી, છતાં બારીકીથી જોનારને તે શાત મુદ્રામાં પણ ક્રુરતાનો રંગ જોવામા આવી શકે એમ હતું. શાહજાદીએ ઉઠીને તેને નમન કરયું, અને બાદશાહે તેને આશીરવાદ આપીને બાંદીને બહાર મોકલી આસનપર બેઠા પછી કહ્યું કે;—"તુરેનજર, હું અત્યારે અહીં શા મતલબથી આવ્યો છું, તે તું જાણે છે કે?" આનુ શાહજાદીએ કાંઇપણ ઉત્તર ન આપવાથી બાદશાહે કહ્યું કે;—"બાહરી વહાલી દુખતરા આમ હજુ તું કુમારી અવસ્થામાં બીજા કેટલા વરસ ગાળવા ઇચ્છે છે, એ હું સમજી શકતો નથી. મારો હવે તને જલદીજ પરણાવી દેવાનો વીચાર થાય છે, અને તે વીષે તારી શી મરજી છે, તે હું જાણવાને અત્યારે અહીં આવ્યો છું. તારી ઉમર વીસ બાવીસ વરસની થઇ ગઇ છે, એટલે તું હવે કંઇ નહાની નથી, એનો તારે પણ વીચાર કરવો જોઇએ."

"કિબ્લેગાહ, હું આપને એકવાર નહીં, પણ અનેક વાર જણાવી ચુકી છું કે શાદી કરવાનો મારો વીચાર નથી. છતાં આપ જ્યારે ને ત્યારે મારાપર શાદી કરવા માટે આટલું

બધું દબાણ કરો છો તે હું સમજી શકતી નથી. જ્યાં સુધી મેં કોઇપણ આડા માર્ગનો સ્વીકાર કરી આપણા ખાનદાનના નામને લાંછન લગાડવા જેવું કામ નથી કર્યું, ત્યાં સુધી મારી મરજીથી આવું દબાણ કરવાની કશી પણ જરૂર નથી. બહેરબાની કરીને હવેથી એ વાત ના કરશો એવી મારી આપણા ચરણોમાં નમ્ર દુવા છે." જેબુન્નીસાએ કહ્યું.

શાહજાદી તરફથી આવો ઉત્તર સાંભળીને વધારે કાંઇપણ ન બોલતાં બાદશાહ ઔરંગજેબ ત્યાંથી ઉઠીને પોતાના જનાનખાનામાં ચાલ્યો ગયો, અને જેબુન્નીસા ઝરૂખામાં બેસી રહી.

ઔરંગજેબે જ્યારે જેબુન્નીસાને લગન કરવા માટે ઉપર પ્રમાણે કહયું તેનો શાહજાદીએ નામકાર જવાબ આપ્યો તેનું કારણ એ હતું કે પહેલાં ઔરંગજેબે પોતાના ભાઇ દારાના પુત્ર સાથે શાહજાદીનું સગપણ કર્યું હતું. પરંતુ પાછળથી રાજ્ય પ્રપંચના કારણથી ક્રુર ઔરંગજેબે તેનો વધ કરાવ્યો હતો. અને આ કાર્યથી જેબુન્નીસાને મજબુત શોક લાગ્યો અને તે પછીથી પોતાના પતિના મરણના શોકમાં આંસુ વરસાવતી એકાંતમાં પોતાનો વખત ગુજારતી હતી. એ પછી ઔરંગજેબે જ્યારે પણ તેના લગનની વાત કાઢી; ત્યારે તે દઢ મનની અબલાએ ઉપર મુજબ જણાવ્યા પ્રમાણે ના ની નાદ પાડી.

શાહજાદી જેબુન્નીસાને જન્મભુમી દેલ્હીમાં વસવાનો પણ હવે કંટાળો આવવા લાગ્યો. એટલામાં બનાવ એવો બન્યો કે ઇ. સ. ૧૬૬૨ માં ઔરંગજેબ અચાનક માંદો પડી ગયો, અને શાહી હકીમોની સલાહથી તે હવા ફેરબદલ કરવાને લાહોર ગયો ત્યાંની હવા પાણી બાદશાહ માટે સારી તબીયતમાં સારો સુધારો થયો, અને તેથી તેને પોતાના બધાં કુટુંબને લાહોરમાં બોલાવી લીધું, તેમાં જેબુન્નીસા પણ લાહોરમાં આવી.

પ્રકરણ બીજું

એ સમયમાં ઔરંગજેબ બાદશાહના વજીરનો પુત્ર આકિલખાન લાહોરનો સુબેદાર હતો. એ પચીસ કે છત્રીસ વરસનો તરૂણ, વિદ્વાન, સ્વરૂપવાન હોવાથી બાદશાહ એને ઘણો ચહાતો હતો. એના શરીરનો બાંધો અને મુખનો ઘાટ એવો તો દીલપસંદ હતો કે એકવાર જોતાં ફરીથી જોવાનું મન થયાં કરે.

એ ઉપરાંત કાવ્ય કલામાં પણ તે ઘણો પ્રવીણ હતો અને શાહજાદી જેબુન્નીસાનો તે આશક બન્યો હતો. તે મનસે વીચાર કરતો કે જો ખુદા પાંખો આપે તો ઉડીને દેલ્હી જઇ શાહજાદીના મુખનું દરશન કરૂ પણ એવામાં ઉપર જણાવ્યા મુજબ અચાનક જેબુન્નીસાજ લાહોરમાં આવેલી હોવાથી આકિલખાનના આનંદનો પાર રહ્યો નહી. તેણે મસલ્લહમાં નગારાજ પડાવી, અને ગરીબોને અન્ન તથા વસ્ત્ર વહેચ્યાં.

જેબુન્નીસા આવતાંજ લાહોરમાં કવી સમાજની ધામધુમનો આરંભ થઇ ગયો, અને કવિતાના નાદે તે શાહજાદીને અહી પણ ગલીએ ગલીમાં પ્રખ્યાત કરી દીધી. આકિલ-

ખાને કહીનાખ્યા ના પોતાની મહેનત વિષેના અમે બસે વખતક બસારા કર્યા, પણ શાહજાદીએ તે પ્રશારાઓને ધ્યાનમાં લીધા નહી. એ પછી આકિલખાને બીજા પ્રયત્નો કરી જોયા અને કાગળો પણ લખ્યા, છતાં કોઇ રીતે તેની નીરાશાનો અંત ન આવ્યો. અંતે એક દિવસે નારગાં જોવાના બ્હાને કોઇ ગહેલના નકશા તપારી જોવાના બહાનાથી જેબુન્નીસાના નિવાસ્થાન પાસે આવીને તે આમતપાસ ચક્કર મારવા લાગ્યો. એક દીવસ સંધ્યાળ થવા આવ્યો હતો, એ સમયમાં પ્રેમઆતુર આકિલખાન કિલ્લાની ઉત્તર બાજુએ ગજનગહાલની નીચે આટાંફેરા ફરી કરતો હતો, અને મન ધારતો હતા કે આગાશીમા ફરતી ફરતી કદાચ બાદરી મનોહર બ્હારા જોવામા આવે બી થયું પણ તેમજ, એક હીંદુસ્તાની બી અબળા આગાસી પર ફરતી જોવામા આવી ત્યારેજ તે હીન્દુ રમણી હતી ? નહીં લાહોરમાં આવ્યા પછી એક બે સગે તરફ સણી બાએ શાહજાદાને એમ કહ્યું કે —"તમો હીન્દુ અને મુસલમાન બંનેના શાહજાદા છો એટલે હીન્દુ સ્ત્રીનો પોશાક પણ તમારે પહેરવો જોઇએ.' અને તેના લીધે તો હીન્દુ સ્ત્રીના પોશાકના મનજ થયો હતો, અને તેથી તે જેબુન્નીસા છે કે નહીં એ વિષે આકિલખાનના મનમા સંશય થવા લાગ્યો.

જોવામાં શાહી મહેલના બે બાજમરાઓની વાતચીતથી તે જાણી શકયો કે તે શાહજાદીજ હતી, બસ, દશેન થતાજ પ્રેમીનુ હૃદય બાયગાની છટકી ગયું અને તે પોતાના બાકી બચેલા બાનને પણ ભુલી ગયો. તેની બાવી દશા જોઇને તેની સાથેના બીહમતખારે ગમરાઇને પુછયું કે:—"હજુર ખૈર તો છે ને ?"

બાનભુલા પ્રેમીએ આશપાસ જોયા વીનાજ ખુમ પાડીને કહયું કે:-"એક ખુબસુરત રમણી અગાશીમા બાદરી નજરે પડી !"

તેના આ શબ્દો તરતજ જેબુન્નીસાના કાનમાં અથડાયા અને તેને નીચે જોયું તો આકિલખાન એજ શબ્દોનો વારંવાર ઉચ્ચાર કરતો તેના જોવામાં આવ્યો. તે પોતાના મનમાં સમજી ગઇ કે બાદરી ખુબસુરતીથી ઘાયલ થએલો આ શીકાર પોતાનુ બાન ખોઇ બેઠો છે. છતા તેની હાજર જવાબ તબીયતથી આ બાણી શકાયું નહી, અને તેથી જેવો આકિલખાને તે શબ્દોનો પાછો ઉચ્ચાર કર્યો કે તરત તેના જવાબમાં શાહજાદીએ જણાવ્યું કે:— "વિલાપ બાળ કે ધન એમાના કોઇપણ સાધનથી તે રાહત પામી શકશે નહીં" આટલું બોલતાંની સાથેજ શાહજાદી અગાશીમાથી ગુમ થઇ ગઇ.

પ્રકરણ ૩ જું.

શાહજાદી બોલતાં બોલી અને હટતાં હતી તો ગઈ બરી, પણ એ પજેજ પોતાના દીલને પણ તે બોલી બેઠી હતી, એ તો તેને તે વેળાએ શુદ્ધી ન રહી, તેની હાલત એવીજ થઇ હતી કે શાહજાદીએ જ્યાં સુધી આકિલખાનને જોયો નહતો, ત્યાં સુધી તેના કાગળના બસારા અને

ધક્કાક પ્રપંતે તું તેના મનમાં કાંઇ પણ પરીણામ થઇ શકતું નહતું; પરંતુ ચાર આંખો થતાંની સાથેજ જૅબુન્નીસાની આટલા કાળની નિશ્ચયતા પર પાણી ફરી વળ્યું.

થોડા દિવસ તો બન્ને ધીરજથી બેસી રહ્યાં પણ અંતે એક દીવસે તેમને મેળાપ માટે એક દરવાજો મળ્યો. શાહજાદીએ લાહોરમાં પોતાના આગમનનું એક સ્મારક બનાવવા માટેની પિતા પાસેથી રજા મેળવી અને અનારકલી નામના મોહબ્બતબાજી મુસલમાન જવાના માર્ગમાં એક વિશાળ વાડીકા અને તેમાં એક ઇમારત બાંધવાનો શાહજાદીએ પોતાના મુબારક હાથે પાયો નાખ્યો. એ સ્મારકનું કામ ધમધોકાર ચાલવા માંડ્યું; એવામાંજ બાદશાહનું દેહલી તરફ જવાનું થયું, અને જૅબુન્નીસાને એવી આજ્ઞા કરી કેઃ—

"તાજરે આ ઇમારત તૈયાર થઇ ગયા પછી દેહલી આવવું." આહીતો જેવું જોઇતું'તું તેવુંજ વૈદે ફરમાવ્યું, એક દીવસ શાહજાદી પોતે ઇમારત જોવા આવી. આકિલ તો સાત દિવસ તેના દિદાર જોવાને બેતેજાર હતો એટલે તે પણ ઝટ ત્યાં આવી પહોંચ્યો. તપાસ કરતાં જણાયું કે બારાદરી તૈયાર થઇ ચુકી હતી અને ઉપરના મકાનો હજી ચણાતાં હતા, એટલે ઉપર જવાનો કોઇ ઉપાય જોવામાં ન આવ્યો; કારણ કે ચારે તરફ સીપાહીઓના સખ્ત પહેરા હતા. આકિલખાન એક મજુરને એક બાજુએ લઇ ગયો, અને તેને સમજાવી તેના કપડાં ઉતારીને તે પહેરી લીધા. આવી રીતે મજુરનો વેષ ધારણ કરી માથાપર ચુનાનું તગારૂ ઉંચકી તે કંઇ પણ જાતની બીક વગર સડસડાટ ઉપર ચઢી ગયો. જે જગ્યાએ કડીઆઓ કામ કરતા હતા, તેની સામેના ઘરમાંજ શાહજાદી બેઠી બેઠી પોતાની શાહેલીઓ સાથે ચોસરની બાજી રમતી હતી. આકિલ ઉંચો નીચો થયો, પણ રમવામાં લીન થયેલી શાહજાદીનું ધ્યાન બીલકુલ ન રહ્યું. અંતે તે ઉચ્ચ સ્વરે બોલ્યો કેઃ- "હું તારી શોધ માટે સર્વે જગતમાં ફરી રહ્યો છું!" એ પછી તેને કડીયાને કહ્યું કેઃ "મીસ્ત્રી ચુનો લે."

જૅબુન્નીસા આ અવાજ સાંભળીને ચોંકી, અને ઉંચે જોયું તો પોતાના પ્રેમી આકિલને જોયો.

હવે તો મન રહ્યું સહ્યું ધીરજને પણ તજી બેઠું. સખીઓ પર નજર નાખી તો કેવળ એક રોશનજ વિશ્વાસ લાયક જોવામાં આવી, એટલે પ્રેમીના ઘાયલ મનપર મલમપટ્ટો લગાડવા તેને કાંઇ શીખવવું પડે તેમ ન હતું. બીજી સખીઓને કંઇ બહાને છુટી કરી રોશનને શાહજાદીએ પોતાના મનનો ભેદ ખુલ્લો કરી જણાવી દીધો. ચતુર રોશન તરત સમજી ગઇ અને કંઇ બહાને આકિલને શાહજાદી હજુર લાવી ઉભો કીધો. બંન્ને પ્રેમી એક બેઠકપર બેઠાં અને મનમાં દાટી રાખેલા ઘણા દીવસના ઉભરાઓને છુટથી બહાર કાઢવા. એ વાતમાંને વાતમાં કેટલોક સમય વીતી ગયો એનું કોઇને કાંઇ ભાન રહ્યું નહીં. અંતે લાચારીએ તેમને છુટા પડવુંજ દુરસ્ત ધારવું. આકિલ જવા નીકળ્યો પણ શાહજાદીએ બારણા સુધી ગએલો બેવાર પાછો બોલાવ્યો અને છુટી પડતી વેલાએ શાહજાદીએ પોતાના આશકના બે વાર ઓવારણા લીધાં.

એટલે ઔરંગજેબથી શાહજાદીની આ માંગણીનો અસ્વીકાર કરી શકાયો નહીં. તેણે ચારે દીશામાં ઢંઢેરો ફેરવ્યો કે, "શાહજાદીને હાથ મેલવવાની ઇચ્છા ધરાવનાર સર્વે અલી ખાનદાન નવજવાનોએ પોતાની તસવીર દરબારમાં મોકલી આપવી."

થોડા દીવસમાંજ નાના પ્રકારનાં નરરત્નોની ચિત્ર-વિચીત્ર-છબીઓનો મોટો ઢગલો થઇ ગયો. અને શાહજાદીએ પોતાના પ્રાણ પ્રીય આકિલખાનના ચીતરેજ તારવી કાઢીને શાહને દેખાડયું. બાદશાહે તે દાના દુરંદર્શી ઇચ્છા પ્રમણે તેનાં મનનાં માન્યા પતિ સાથે પરણાવાનો નિશ્ચય કરી ખુશાલીથી આકિલખાનને નીચે પ્રમણેનું પત્ર લખી મોકલ્યું....

"નુરેનજર આકિલખાન, શાહજાદી જહાંબુન્નીસાએ તમને ઇચ્છાપુર્વક પસંદ કર્યો છે, અને તમને પોતાના જમાઇ તરીકે સ્વીકારવામાં મને પણ કશો વાંધો નથી; માટે તમારે આ આજ્ઞા પત્ર વાંચી કંઇ પણ પ્રકારની ઢીલ ન કરતાં દીલ્હી તરફ આવવા રવાના થવું. લગનની બંને તરફની સામગ્રી અને તૈયારીનો ખરચ શાહી ખજાનામાંથીજ આપવામાં આવશે, એટલે તે વીષેની વ્યવસ્થામાં સમય વીતાડવો નહીં.

શહેનશાહ ઔરંગજેબ."

એક તરફથી બાદશાહે આવા પ્રકારનું પત્ર પાઠવ્યું. અને તે જાણીને બીજી તરફથી તેના કેટલાક દુષ્ટ શતરૂઓએ દશથી પંદર જનાનાં કાગળો આકિલખાનપર રવાના કર્યા. તે સર્વે પત્રોમાંની હકીકતનો સાર એજ હતો કે; "શાહે તમારી ત્યા શાહજાદીની લાહોરમાંની છુપી મુલાકાતનો બધો ભેદ જાણી લીધો છે. અને તેથી તે કોઇ પણ પ્રકારે તમને દેલ્હીમાં બોલાવી તમારો જીવ લેવાના હરાવ પર આવી ચુકયો છે; એટલા માટે જો જીવની સલામતી ચાહતા હોવ, તો દીલ્હી તરફ આવશો નહીં, એટલુંજ નહીં, પણ હવે લાહોરમાં પણ વધારે દીવસ રહેવામાં તમારી સલામતી નથી. પછી તો જેવી તમારી ઇચ્છા.

લી. તમારૂ ભલું ઇચ્છનાર તમારા મીત્રો."

દુષ્ટ મીત્રોનો આ ઉપદેશ બોલ્યો આકિલખાનને અક્ષરે અક્ષર ખરો લાગ્યો, અને તેના બાદશાહના પત્રના જવાબમાં લખી મોકલ્યું કે;—"હું જેબુન્નીસાના હાથનો સ્વીકાર કરીશ નહીં, એટલુંજ નહીં, પણ આજની લાહોરની મુલાકાતીને પણ છેલ્લા સલામ કરૂ છું!" આવો જવાબ મોકલી તે છુપા વેષથી દેલ્હીમાં આવ્યો અને ત્યાં એક છુપી જગ્યામાં ગોશરો લીધો.

આ વારતા જ્યારે પ્રેમપ્રેમી જેબુન્નીસાના જાણમાં આવી, તે વેલાએ તેના હોશકોશ ગુમ થઇ ગયા; અને આકિલ જેવા પ્રેમીએ આવી રીતે વિશ્વાસઘાત શા કારણથી કર્યો હશે એવો સવાલ દીવસ અને રાત તેના મનમાં થવા લાગ્યો. તે દીવસથીજ તેણે ખાનપાન તો ગાનતાન સર્વેને છોડી દીધા. એક દીવસ અચાનક મનમાં કાંઇક વિચાર આવતાં તેણે આકિલ ના એક મીત્ર પર એક પત્ર મોકલ્યું કે જેનો સાર નીચે પ્રમાણેનો હતો;—

"મેં સાંભળ્યું છે કે, આકિલખાને-મુર્શીદાથી રાજસેવાનો ત્યાગ કર્યો છે?"

જેબુન્નીસાના ભેદને જાણનાર અને તેના સુખદુઃખમાં ખરા અંતકરણથી ભાગ લેનાર જો કોઇપણ હોય તો તે માત્ર એકલી રોશનજ હતી. તે શાહજાદીનું ખાનગી કામ હંમેશ

ખુશીથી બજવતી હતી. તે પત્ર લઈને આકિલના ગીતને આપવા જતી હતી એટલામાં છુપો વેષધારી ગારીલાલજ મેળા થઇ ગયો તેણે એ પત્ર વાંચીને તરત પાછળ તેનો જવાબ લખી આપ્યો કે,—

"બુદ્ધીમાન એવું કામ શા માટે કરે કે જેને માટે પાછળથી પશ્ચાતાપ કરવો પડે."

આટલો જવાબ લખ જવાનું કહી ગોવાળો પત્રો નીચે મૂકીને તે ત્યાંથી ચાલ્યો ગયો. પણ હાયરે પ્રેમ! પ્રેમે તેનો પાછો કોઇ પણ રીતે ન છોડ્યો તે જજ છોડ્યો. પરણવાનો તો તે અગીકાર કરીજ ચુકો હતો, એટલે હવે બાદશાહ આ બાબત જવા તે તો કુજ નહી, એથી બન્નેએ છુપી રીતે મલવાના ઉપાય કર્યો. કેટલાક દીવસ તો એમ પણ ચાલતું રહ્યું. આજે હુમાયુના મહેલમાં રક્ષા થઇ આ મુખ દુખની વાતો ચાલી, તો કાલે કુતુબખાનાર પર મેલાપ થયા. પણ એમાં તે કયાં સુધી ચાલી શકે પાછું? ઔરંગજેબ જોવા કપટ મનમાં આગળ તે આ બધાના ખેલ જોવા લાગ્યો. કેટલાક દીવસ સુધી છુપાં રહી શકે? એ ખોકો!! છુપી મુલાકાતના સઘળા સમાચાર બાદશાહના જાણવામાં આવી ગયા.

પ્રકરણ ૬ ઠું.

એક દીવસ એ બેહુ પ્રેમી જોડાઓ શાહી બાગમાં સહેલ કરી રહ્યાં હતા. એટલામાં છુપા જાસુસોએ આકીલ અને શાહજાદીના બાગમા હોવાના સમાચાર બાદશાહને પહોંચાડી દીધા ઔરંગજેબ તરત પાંચસો ઘોડે સ્વાર સહીત ત્યા આવી લાગ્યો અને પોતાના લશકરને ચારે તરફથી બાગને ઘેરીને ઉભા રહેવાનો હુકમ કીધો અને પોતે શાહી જનીચામાં દાખલ થયો. આ આફતની ખબર થોડીવાર પહલાજ રોશનના જાણવામા આવવાથી તેણે તેમને ચેતાવી દીધાં. પણ હવે બચાવની કોશીશ નકામી હતી, કારણકે- ખબર ઘણીજ મોડી મની હતી. આવા કરોકટીના વખતનાં બચાવનો શું ઉપાય કરવો! શાહના પગલાનો અવાજ સાભલાવા માડયો. બન્નેએ પરવરદેગારને એવી પ્રાર્થના કરી કે "જમીન ફાટીને આ પલેજ અમને જીવતાને જીવતા દફનાવી દે" પરંતુ પરવરદીગારે તેમની એ પ્રાર્થના સાંભળી નહી, અને જમીન કંઇ ફાટી નહી વાચાદીએ પાસે પડેલી એક ખાલી દેગમાં આકીલખાનને બેસાડી તેના મોઢા શાહજાદીએ ઢાકણથી ઢાકી દીધું એ દેગની પાસે કેટલીક દેગો ચોખાની નીચે ઉતારેલી અને કેટલીક રધાની હાલ દેગો ચુલાપર ચડેલી હતી. જેબુન્નીસા જરાક દુર જઇને ફુલ વીણવા લાગી, તો જોકે તેના હાથમા એક કલીને તોડવાની પણ શકતી ન હતી. બાદશાહે પાલખીમાથી નીચે ઉતરીને બધા સાથે વાતચીત કરતા કરતા જાસુસો પાસે આવ્યો પાદરે પાંદરે શોધ કરાવી, પણ આકીલખાનનો કશો પત્તો મલી શકયો નહીં. અંતે એક બે જાસુસને તેણે કાનમા કાઇક કહ્યું અને તેઓ ચારેક સાહેલીઓને લઇને એક એકાંત જગ્યામાં ચાલ્યા ગયા. શાહે શાહજાદીને એક પળ માત્રને માટે પણ ત્યાથી બસવા ન દીધી

પેલી સહેલીઓને દુર લઇ જનારાઓએ ખુદા જાણે કાંઇ લાલચથી; મારથી કે ધમકી થી તેમની પાસેથી ખરેખર બેઠ કાઢી શાહને કહ્યું કે: પાદશાહ શાહજાદીને વાતોમાંને વાતોમાં દેગ પાસે લઇ ગયો. બધાં સાથેજ હતાં. તેને એક એક દેગ વીશે ચીવીચીવીને સવાલો પુછવા. જ્યારે આકીલખાનવાલી દેગ વીશે પુછયું, ત્યારે-શાહજાદીએ ગભરાઇને કહ્યું કે;— "આમાં મ્હારાં સ્નાન માટે ગરમ કરવાનું પાણી ભરીને રાખવામાં આવ્યું છે."

કાળી ઔરંગજેબે મોહું ઠેકાણે રાખીને કહ્યું કે;—"હવે સાંજનો વખત થવા આવ્યો છે એટલે જો મોડી નાહીસ તો શરીર બગડશે; માટે એ દેગને બળતા ચુલ્હાપર મુકાવી દે કે પાણી ઝટ ગરમ થઇ જાય, અને તું સ્નાન કાર્યથી વહેલી પરવારી જાય."

જોયુન્નીસાએ ફ્રેક બે વાર વાતને ઉડાવી દેવાનો પ્રયત્નો કર્યો, પણ નિર્દય અને હઠીલા ઔરંગજેબે તે બીચારીની કશી પણ ચાલાકી ચાલવા દીધી નહી. તેણે પોતાના માણસોને એક ધગધગતા ચુલ્હાપર દેગને ચઢાવી દેવાની આજ્ઞા કરી દીધી. એ વેલાએ ધર્મ સંકટમાં આવી પડેલી નીરાધાર શાહજાદીએ કકલી પડીને કહયું કે;—"ના, ના, એ દેગને ચુલ્હાપર ન મુકાશે."

ઔરંગજેબે પાછી આજ્ઞા કરી કે;—"એકદમ નવો ચુલ્હો ખોદી તેમાં પાંચ સાત મણ સુકકાં લાકડાં ભરી સલગાડી તેનાપર આ દેગ ચઢાવી શાહજાદીના સ્નાન માટે ઝટ ગરમ પાણી તૈયાર કરો."

બાદશાહની આવી આજ્ઞા થયા પછી શી વાર હોય વાર? જોતજોતામાં ચુલ્હો ખોદાયો, પાંચ સાત મણ લાકડાં તેમાં નખાયાં અને તેમને સળગાવી દેગને ચુલ્હાપર ચઢાવી દેવામાં આવી. ભય અને દયાથી ફાટી જતી છાતીવાલી શાહજાદી લાકડાં સંકોચવાના બહાનાથી દેગ પાસે ગઇ એ વેળાએ હજી અગ્ની શહેજ સળગ્યો હતો તે ધીમાં સ્વરથી કહેવા લાગી કે;—

"બાંધવા વહાલા અને જનોઇધર આકીલખાન, આજ પવીત્ર અને સત્ય પ્રેમની પરીક્ષાનો પ્રસંગ છે. જો તું મ્હારો સાચો આશક અને જનિસાર હોય અને મને દુન્યાની લપાનત મલામતથી બચાવવાજ માંગતો હોય, તો આ પળે પોતાના પ્રીય પ્રાણનું બલીદાન આપવામાં જરા પણ ઢીલ કરીશ નહીં! તારા બચવા પછી હું પણ સદા જીવંતી હોવા છતાં મ્રુતવત રહીશ!"

દયાળુ જોયુન્નીસાએ અંતઃકરણમાં પોતાના પ્રભુને વારંવાર પ્રાર્થના કરી કે:—"આ દયાહીન શાહને અહીંથી થોડીવારને માટે પણ દુર કર કે જેથી હું મ્હારા નિર્દોષ અને સત્ય પ્રેમીને અરધી મૃત અવસ્થામાં પણ ઉગારી શકું!" પણ તે કઠોરો બાદશાહ કોઇપણ રીતે ત્યાંથી ન ખસ્યો, તે નજ ખસ્યો. પણ વાહરે દ્રઢ નિશ્ચયી આકીલખાન! ધન્ય છે તારી પ્રેમ ભાવનાને કે બળીને ભસ્મ થઇ ગયો, પણ મુખમાંથી એકપણ અવાજ બહાર નીકલવા ન દીધો, એટલે સુધી કે ચુલ્હા ઉપર દેગ પર જરાય ડગમગી પડી!

આ દેખાવ કેદકર બર્નિઅર પોતાની નજરે જોયો હતો અને તેથી તેને પોતાની બુકમાં એક જગ્યે લખ્યું છે કે;—"મેં મ્હારા જીવન કાળમાં કોઇ પણ પુરૂષને આવી વીરતા અને અચલતાથી પ્રાણનું બલીદાન આપતો જોયો કે સાંભળ્યો નથી!"

ક્યાદીન પિતાના ગાલ્યા જવા પછી નીરાશ શાહજાદીએ ઉતાવલ કરીને રંગને ચુસા પરથી નીચે ઉતરવી; કારણ કે, હજી તેના મનમાં એવી આશા હતી કે, કયાળુ દેવે આકિલ-ખાન જેવા આશકે માકિને કોઇ પણ પ્રકારનું જીવતદાન આપ્યુ હશે; પણ કોકત. રંગને ઉતા-વળમાં કરકસત ભરેલો દેખાવ જોવામાં આવ્યો અને તેને જોતાંજ જેબુન્નીસા એક ચીસ પાડી બેસુધ્ધ જમીન પર ઢળી પડી. એ પછી તે ઘણાક દીવસ સુધી એ ાને એવી અવસ્થામાં રહી જ્યારે પણ સુધીમાં આવતી ત્યારે પીતેલા જ્યાનનું સ્મરણ થતું કે પાછી બેસુધ્ધ થઇ જતી. કેટલેક વખત આવી દશામાં કહાડયા પછી ધીમે ધીમે તે સાજી થતી ગઇ પણ પહેલાના જેવો એશ આરામ કરવો મોજ મજાહ કરવી છોડી દીધી; અને એકાંતમા બેસી રહેવી રસ્તે પોતાના વહાલા આકિલની યાદ કરવા લાગી. જ્યારે તે આકીલને તેમજ તેના પ્યારને જુવી ન ગઈ ત્યારે કુર બાદશાહે તેને કારાગારમાં રાખી બંદીવાન કરી.

એ કારાગ્રહમાંથી મુકત થવા પછી તે મરણ સુધી દેહલીમાં એક ખુણામાંજ બેસી રહી. એ પછી શાહજાદીએ જરૂરના બીજવસ કશામાં પોતાની હાજરી આપી નહીં.

પ્રકરણ ૭ મું.

એક દીવસ જેબુન્નીસા નિયમ પ્રમાણે ખાનપાન કરી નીદ્રાવશ થઇ. લગભગ અધી રાત્રીના સમયે તે જાગી અને અતિશય તરસ લાગવાથી બાદી પાસે પાણી મગાવીને પીધું. તે સાજી તાજી હતી; પણ પ્રભાતમાં સહેજ જવરનો વિકાર દેખાયો; અને સાંજ સુધીમા તો તે ઘણોજ વધી પડયો અને પછી તે વધતોજ ગયો. સાત દિવસ તણે આવી સ્થીતીમા વીતાડયા અને આઠમે દીવસે આ સસારને ત્યાગી પોતાના પ્રભુ અને પ્રેમીની સાથે સર્વંગમા પ્રયાણ કરી ગઇ.

જેબુન્નીસાના મરણ સમયે ઔરંગજેબ પઠાનપુર નામક ગામમાં હતો. શાહી સવારો તેના મરણ સમાચાર અને વસીયતનામાને લઇને ત્યા પહોચી ગયા, શાહે વસીયતનામુ વાચીને તેના શબને લાહોર મોકલી આપ્યુ. શાહજાદીએ પોતાના બનાવેલા નવાન કોટ પાસેના બાગમા પોતા માટે પ્રથમથીજ બનાવી રાખેલા મકબરામા પોતાના શબને દફનાવવાની તે વસીયતમાં ઇચ્છા દરશાવી હતી, એટલે તેના શબને ત્યાજ ભુમીદાહ કરવામાં આવ્યું.

સમાપ્ત.

ચાબુક

પુસ્તક ૮ મું. જાનેવારી-ફેબ્રુવારી, ૧૯૨૮ અંક ૫-૬ ઠો.

ડ્યુક એન્ડ સન્સ

સોડાવાટર બનાવનારાઓ

માલેક,

જમશેદજી ભીખાજી પંથકી

નં. ૩૨–૩૩, બ્રીટીશ હોટલ લેન,
એપોલો સ્ટ્રીટ,
ફોર્ટ મુંબઈ.

નકકલ માટે સાવચેત રહો!

ડોંગરેનું બાલામૃત

મધુર હોવાથી
છોકરાંઓ ખુશીથી પીએ છે
અને આ પીવાથી
છોકરાંઓની તાકાદ વધી
તેઓ રૂષ્ટપુષ્ટ થાય છે.
શીશીની કી. ૧૪ આના. ટ. ખ. ૪ આના.

કે. ટી. ડોંગરેની કં૦,
ગીરગામ–મુંબઇ.

નકકલ માટે સાવચેત રહો!

બાનુઓને બરનું.

લરીશ, ઇનસરસન, રીબ્બન્સ, ત્રીમીગ્સ, ભરત કામના ઉંચા નમુના
સાડીની કોરો કોગ્રેસ કેનવાસ, ઇત્યાદી અમારી દુકાને એક
મારી જોઈ જશોજી. બધુ એ–વન છે.

આદમજી નુરભાઇની કું.

૩૪૬, ઉનવાલા બિલ્ડીંગ, ગ્રાંટ રોડ, મુંબઇ.

ભરત કામ માટે રેજીસ્ટર્ડ રેશમનો દોરો
નં. ૨૦૩૯

રેશમ સર્વોત્તમ છે.
ગુલેનુર
ગ્રેડ માર્ક જરૂર જોજો.

ડા૦ વામન ગોપાળનું

આયોડાઈઝ્ડ

સાર્સા પરિલા.

સાર્સાપરિલા આજ સાઠ વર્ષથી પ્રખ્યાત અને લાખો દરદી-ઓએ એનો ઉપયોગ કરી પોતાની નીરાશા દુર કરી છે.

યોહી એ મનુષ્ય જીવન છે તે બુગડયું હોય તો અનેક રોગ ઉત્પન થાય છે માટે તે સુધા-રવા દરેક માણસને કાળજી લેવી જોઇએ, તેને માટે આ સાર્સાપરિલા વીના બીજી એક પણ દવા લેવાની જરૂર નથી. વળી આ દવા પીવાથી ઉપદંસ ઓરસે ગરમી અને તેના વડે થતા રોગો—તેમજ લકવા, સંધીવા, ચામડીપર કાળા ડાઘા પડવા, આગનું મુજી આવવુ, શરીરમા બળતરા થવી, શરીરની ઉપર દેવી સરખા ફોલ્લા થઇ આવવા વીગેરે વીકારો ઉપર આ દવા અકસીર થઇ ચુકી છે.

શીશી-૧ નો રૂ. ૧॥ ચાર શીશી પીવાથી સારો ગુણ આવે છે પો. જુદું. ચાર શીશી એકદમ મંગાવનારને ખર્ચ સહીત રૂ. ૪-૧૩-૦ પડશે.

મળશે અમદાવાદ પાંચીની પોળ.

સુરત ચોર્યાસી—૨૦ મુબઇ ગોળ—૨૦

દા. ગૌતમરાવ કેશવ એંડ સન ઠાકુરદ્વાર-મુંબઇ.

વડોદરા રાજ્યના માજી ચીફ મેડીકલ ઓફીસર ખાનબહાદુર ડૉ. કેપ્ટન શમસુદીન જે. સુલેમાની એમ.એ. હેલ્થની ચમત્કારીક શોધ પ્રમાણે

બનાવેલી દેશી દવાઓ.

એક અદ્વિતીય અને મહાન શોધ

કેચાટરાકટાઈન

એટલે વાઢ કાપ કર્યા વગર અને આંખમાં દવા નાખ્યા વગર

કાચો મોતિયો મટાડનાર દવા.

કાનોની આજુ બાજુ અને ગરદન ઉપર દરરોજ થોડાં ટીપાં ચોળવાથી પંદર દીવસમાં થોડો ફાયદો જણાય છે. અને લગભગ ત્રણ માસમાં આંખમાંનો મોતિયો મટી જાય છે. આ દવાથી આંખનાંની બીલ કપાઇ જાય છે! વધુ હકિકત નીચેના ઠેકાણેથી મંગાવીને અભ્યાસ કરીને મેળવો.

બે ઔંસની શીશીની કીં રૂ. ૨)

(રજીસ્ટર્ડ) # મુંદ્રમેલ (રજીસ્ટર્ડ)

આ દવા (૧) ધામાંથી વહેતું લોહી તરત બંધ કરે છે. (૨) ધાને પાકવા નથી દેતી અને ઝટ રૂઝવે છે; (૩) દાઝેલાને આરામ આપે છે. (૪) દાદર અને ગડગુમડાંને બેસાડી દે છે. (૫) ખુજલી, ખસ વગેરેને મટાડે છે. (૬) બીલને જડમાંથી ઉખાડી દે છે. (૭) મોચ અને ઠોકરના દરદને દુર કરે છે. (૮) સોજાને ઉતારી પાડે છે. (૯) સંધીવાને નાબુદ કરે છે. (૧૦) દાંત, દાઢ તથા કાનના દરદને ઝડપથી સારાં કરે છે. (૧૧) ચામડીના ચેપી રોગે ચાહાં ચાંદીમાંથી દરદીને મુકત કરે છે. (૧૨) ઘોડાની પીઠ બળદની ખાંધ અને કુતરાના ઘા ચમત્કારીક રીતે સારાં કરે છે.

બે આંઉસની શીશીની કીંમત રૂ. ૩।।=

મોસો કારખાનાઓ તથા હસ્પીતાલો માટે પચીસ ઔંસની બાટલી રૂ. ૭.

સઘળા દવા વેચનારાઓને ત્યાંથી મળશે.

ઠેકાણું:—**મુંદ્રમેલ ડેપો.**

ન. ૩૨૬, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, કાઝી બારકેટ નજીક રંગારી મોહલ્લા,

મુંબઈ નં. ૩.

બહારગામના ઓડરો સંભાળપુર્વક પેક કરી વેલ્યુપેબલથી મોકલવામાં આવે છે.

નવરંગ.

વાંચવાલાયક વાર્તાઓ ને વિષયોથી ભરપુર માસિક.

માલેક અને અધિપતિ—અરદેશર બરજોરજી દલાલ.

ઑફિસ—૨૩૭, બજારગેટ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ.

વાર્ષિક લવાજમ હિન્દુસ્તાનમાં ૩. ૪. છુટક નકલ ૮ આના.

" " પ્રદેશમાં ૩. ૫.

૮ માં સાલના ગ્રાહકોને મી૦ કાબરાજીની 'દલજંગ દલેર'ની વારતાનું પુસ્તક ભેટ.

પુસ્તક ૮ મું. જાનેવારી-ફેબ્રુવારી, ૧૯૨૩. અંક ૫ મો-૬ ઠો.

અનુક્રમણિકા.

એક જરરી દરખુજર	અધીપતી.
રણશીંગાદ (કવિતા)	અરદેશર ફરામજી ખબરદાર.
અમારો અભીપ્રાય.	અધીપતી.
પ્યાર વગરની પરણેતર (ટુંકી વાર્તા)	Niobe.
ધન વીર નારા ! ધન વીર નારા ! (કવિતા)	જે. એમ. હોરમસજી.
ચર્ચાપત્ર.	
હક ધન્સાદ (ટુંકી વારતા)	ગામડાની ગોરી.
દુનિયાતી તવારીખમા બોટ સોકોએ ભજવેલો અગત્યનો ભાગ.	જે. એમ. હોરમસજી.
રમ્ય વિહાર (કવિતા.)	નલિનીકાન્ત.
સંસારનો ફાસો (ચાલુ વાર્તા.)	દારાં કાપડીયા.
દેશનો બંધ-પત્ર (કવિતા.)	ભાઇશંકર વિ. પડિત.
રાણી એલીઝાબેથ.	દા. એ. તારાપોરવાળા.
સુખી છેવટે (ટુંકી વાર્તા)	તેહમીના બાપુજી.
તે દિવસો (કવિતા.)	પાદશાહ.
કોણ ગાંગી ? (ટુંકી વાર્તા)	સોરાબ બી. તાતા.

તાકીદે જોઇએ છે.

'નવરંગ' માસિકના માસ સપટેમ્બર, ૧૯૨૨ ના અંકો જેટલા આવશે તેટલા રાખીશું. આના આઠ રોકડા આપીશું. માસ સપટેમ્બરના અંકો મોટી સંખ્યામાં બધારે છપાવેલા હોવા છતાં નવા ગ્રાહકોના મોટા ધસારાને તે પુરી શકેલા ન હોવાથી આ માંગણી કરવામાં આવે છે, માટે જે મેહરબાન ગ્રાહકો ફાઇલો ન રાખતા હોય તેમણે એ આ માસિકની ઓફીસમાં તુરત મોકલી આપવા મેહેરબાની કરવી.

દર મહીને કેટલું ખરચશો ?



કેટલું બચાવશો ?

સેંટ્રલ બેંક તરફનો ઉપલો નકસો ઘરસંસારમાં
તમોને ઉપયોગી થઈ પડશે.

તે મમાણે તમારા ખરચો નીભાવી ખરાબ વખત માટે, દુઃખસુખના
દીવસો માટે નાણું સંધરવાની ટેવ પાડો અને તે નાણું

સેંટ્રલ બેંક ઓફ ઈન્ડીયા

ના સેવીંગ બેંક ખાતામાં મુકો, કે જ્યાં તમારૂં
નાણું સચવાય અને તમોને બીજી સેવીંગ બેંકો
કરતાં વધુ વ્યાજ તથા લાભ મળે.

વધુ માટે લખો યા મળો.

(સોરાણ ન. પોંચખાનાવાલા,)
મેનેજીંગ ડીરેક્ટર.

નવરંગ.

પુસ્તક ૮ મું. જાનેવારી-ફેબ્રુવારી, ૧૯૨૩. અંક ૫-૬ ઠ્ઠો.

એક જરૂરી દરગુજર.

એક વેળા ફરીથી 'નવરંગ'ના મેહેરબાન વાંચકોની ધીરજની સખ્ત કસોટી કરી 'નવરંગ' આજે બે માસે અને બે માસનું સામટું દેખાવ દે છે, જે વાસ્તે એ કદરદાનોની મોટી ચાદરી અવશ્યની લેખાશે.

'નવરંગ'ને નિયમીત રાખવા અમો કરતાં બરતી 'ઇન્તેજાર ભાગ્યેજ કોઇ બીજું' હોશે, પણ કાંઇ ને કાંઇ અનિવાર્ય સબબોને સર આજે છેલ્લાં ત્રણ ચાર સાલ થયાં તેમાં ખાસ કરીને જાનેવારી ફેબરવારીમાંજ મુદ્દત સર નીકળી શકતું નથી અને પછી દબલ અંક સામટો છાપી નીયમીત થવાની કોશીશ કર્યા સિવાય અમો કશું કોઇજ ઇલાજ નથી એ સુજ્ઞ વાંચકો સહેલ સમજી શકશે.

વળી આ અંકમાં અમારી રાબેતાની મોટી ચાલુ વારતા 'મોતનો દાવ !' અમો રજુ કરી શકયા નથી તે વાસ્તે અમો દિલગીર છીએ. એ વારતાનો એક અતિ રસીલો ને ગંભીર હકતો માસ માર્ચના અંકમાં આપવાની અમને ઉમીદ છે, કે જે અંક તેર માસની આખેરી અગાઉ બહાર પડશે.

પરાક્રમની પરાકાષ્ટા.

લગભગ ૪૦ વર્ષો થયાં

આખી દુનિયાનાં પુણ્ય ફતેહ મેળવનારી...લાખો સર્ટીફીકેટોવાળી—તંદુરસ્તી, તાકાત અને લાંબી જીંદગી આપનારી તદ્દન વનસ્પતિની

આંતકનિગ્રહ ગોળીઓ

નબળાં શરીરને બળવાન બનાવે છે, પાચનશક્તિને સુધારી દસ્તની અટકાયતને દુર કરે છે અને લોહી તથા ધાતુના વિકારોનો નાશ કરી શરીરને તેજસ્વી કરે છે. બરેખરી જશનામી છે અને તેથી જ લાખો દરદીઓના આશીર્વાદ પામી છે.

કીંમત:—૩૨ ગોળીની ડબ્બી એકનો રૂપિયો એક વધારે વિગત જાણવા માટે પ્રાઇસ લીસ્ટ મંગાવી વાંચો અને વાકેફ થાઓ.

વૈદ્યશાસ્ત્રી મણિશંકર ગોવિંદજી.

મુંબઇ—બ્રાંચ, કાલબાદેવી રોડ.

આંતકનિગ્રહ ઔષધાલય. જામનગર—કાઠિયાવાડ.

જસમાઇનનો આયોડાઇઝડ

સારસાપરેલા.

લોહી સુધારી નિરોગી અને જીંદગીની મઝા ભોગવવાને શક્તિવાન બનાવવા માટે આ જસમાઇનનો સારસા પરેલા જરૂર વાપરજો પ્રમેહ, ચાંદી, વિસ્ફોટીક, અને બીજાં ગરમીનાં દરદોમાં પેહેલા નંબરની દવા છે. સંધીવા ઉપર તેનો ગુણ અજબ જેવો છે. બસ, ભુખસ, દરાજ, બરજવાં ગડગુમડ, કંઠમાળ, કોઢ, અને એવાં અનેક દરદો ઉપર આ જસમાઇનનો સારસા પરેલા ખાસ કરીને વાપરવા લાયક દવા છે. દમ, બાંસી, અને છાતીનાં દરદોમાં ઘણોજ ફાયદાકારક છે. કીંમત રૂ. ૧॥ વી. પી. થી રૂ. ૧॥=) ત્રણ શીશીના રૂ. ૪)= અને ૬ શીશીના રૂ. ૯)= વી. પી. સહીત.

દરેક દવાના વેપારી પણ તે વેચે છે.

લખો:—અમૃતબિંદુ ઓફીસ—નડીઆદ.

"પ્યાર વગરની પરણેતર!"

એક ટુંકી વાર્તા.

લખનાર—"Niobe."

"મુઈ જા હવે!" પોતાનાં ઘરડાં, અરકત, ને માંદા ભર્યાર તરફ જોતાં જ્હાની ને સુંદર મેડલીના બોલી. "હું હવે બેનીડીકશન માટે જાઉં છું."

"તું હવે ત્યાં ઘણી વારંવાર જતી જોવામાં આવે છે, માહરી મેડલીના!" તેણે સવાલ કર્યો.

"એક સ્ત્રીને ધરમ સિવાય વધુ પ્યારૂં બીજું શું હોય!" તે જ્હાની પરણેતરે તીરસ્કારથી જવાબ વાળ્યો.

પોતાના હાથોમાં પકડેલી ભણવાની ચોપડી સાથ પોતાનું ઝલેહદાર સર ઉઠાવી ઉભેલી તે સુંદરી, ખરચીત પ્યાર અને સુંદરતાનું એક મોહક ચિત્ર રજુ કરતી હતી. તે જવાન હતી—ઘણીજ જવાન—ભાગ્યેજ સત્તર વરસની જ્યારે તે ભર્યાર લગભગ સીતેરની ઉમરનો, નાકોઅત, લાઈલાજ ને મરવા પડેલો એક ડોસો હતો. તેની લાંબી સફેદ દાઢી, પીળી પડી ગયલી ચામડી, ને એક હાડપીંજરનો ખ્યાલ આપતા તે હાથો તરફ જોતાં તે કાળી આંખોમાં ધીકકારના જવાળા ઉભરી આવ્યા. તે બીના લાલ હોઠો તીરસ્કારથી વળી ગયા.

"મુઈ જા હવે," તેણીએ તીણા સાહદે કહયું. "ને હું આવું ત્યાં સુધી હવે ઉઠતો ના. એક ગરમ કોફીનું કપ હું હમાં મુકી જવશ, કે જેથી રાતનાં પણ મને હાંક મારવાની તમને કાંઇ ગરજ રેહેશે નહિ. જવાન માણસોને ઉંઘ, ઘણી અગત્યની છે, તે તમારે જાણવું જોઇએ. ને હું હજુણ તો અઢાર વરસની બી નથી. જ્યારે તમે—આહ, બોદા, છેક સીતેરના છેઓ!"

એમ બોલતી તે બાહર પડી. તે ઘરની બાહર પડતાંજ તેણીના ગાલ ઉપર ગોલાબ બીલી રહયા. તે કાળી ગુસ્સાથી ચળકતી આંખોમાં કોઇ છુપો બેચાનુકારક પ્રકાશ પંથગયો. ને પુલ જેવે હલકે, ઝડપી કદમે, એક નાજુક પંખેરાંની અદાએ ખુશાલ ગાયણ ગાતી તે આગળ વધી.

કોઇનાં પાછળ આવતાં પગલાં સંભળાયાં. ને એક હાથ બણજ બ્હાલથી તેણીનાં ગળાં આસપાસ વિંટળાયો.

"આહ! ડારેડા!" તે ધીમા નરમ અવાજે બોલી, "શું એ તું છે!"

"મારા સીવાય બીજું કોણ હોઇ શકે, બીડ્ડી?"

"કોઇજ નહિ. પણ તું મારા પ્યાર! મારા પ્યાર!"

તેણે તેણીને અથાગ વ્હાલથી હૈયાં સરસી ચાંપી, ને મોહોબતવંતી દીલ્લીમ તે સુંદર, ગોલાણી, મખમલ જેવાં સુવાળાં મુખ ઉપર કરી. એક મધુર, મનહરણ કુસ્વું તે મોહોવામનાં ચેહેરા ઉપર ફેલાયું, ને પ્યારથી ભરપુર ધીમા, નરમ હલકે તે બોલીઃ-

"માહરાં કોરેડા! માહરા કોરેડા! હું નહિ ધારતી કે કોઇ દીવસ બી તું હ્હા પણવાલો થાય! અરે કોરેડા, એક હજાર આંખ, આય ચકચકીત ચાંદણીમાં કદાચ આપણને જોતી હોય! ને આપણે ઘણું સંભાળભર્યું થવું જોઇએ. ચંદ્રમાં એક થાળી જેવડો મોટો ને પ્રકાશિત છે. ને આહ, માહરા કોરેડા! જ્યારે ઉનાળો આવશે ને સઘળે ચકચકીત અજવાળું પંથરાશે, ત્યારે ઓ, વ્હાલા, આપણે કેમ કરીશું?"

"ત્યારે તું માહરી પોતાની કહેવાશે!" તેણે ઘણા ગુસ્સાથી કહયું.

"બોદ્દા આપણને મદદ થાય, વ્હાલા. પણ કદાચ—"

"કદાચ!" તેણે ઘણા જોરથી પોકાર્યું. "શા વાસ્તે કદાચ? અરે! જો વ્હાલી, તને કાંઈણી અંદેશો—કાંઇબી મુશ્કેલી લાગતી હોય તો—હું તને ગુંઠણીએ પડી અર્જ કરૂંછ, માહરા જીવ, માહરાં મોતી, કે માહરી સાથે ચાલ! કાંઇબી વધુ વસવસા વિના માહરી થવા તું કબુલ કર!"

"કોરેડા—" તે ગુંઠણીએ પડેલા જવાનના ચકચકીત માંથાં ઉપર ઘણાં વ્હા લથી પોતાનો ગોરો ને ઘાટમારો હાથ મેલી તે પરણેતરે કહયું. "એકથી અનેક વાર શું હું તને કહી ચુકી નથી કે, હું એક બીજાની પરણેતર છું. એક પરણેતર ઓહ, કોરેડા! એક પ્યાર વગરની પરણેતર! છતાં ઓ વ્હાલા, બોદ્દાની નજરમાં કોઇ બી એક બીજા લગન જેવડુંજ તે બંધનકર્તા છે. હું તને પરણવા ને કે—આય પ્યારભર્યા બોલો સમજવાને વટીક છુટી નથી. આહ, કોરેડા! કોરેડા!"

"હું તે સમજું છું, ઓ, મેડલીના—" તેણે દીલગીરી, ઘણી નિરાશાથી કહયું, "પણ તે છતાં આય દીવસો-દીલચાક કરી નાખનારી જુદાઇ સાથ લેવા———"

ઘણા,, ઠણ છે ઓહ, બીલવેડ, જેમ તને તેટલાજ મને! પણ તે છતાં બી, માહરા કોરેડા, હું તેને ચુંકી આવી શકતી નથી. જો મોટીયો બોડાંક વરસ બી જવાન હતે-પોતાની સંભાળ લઇ શકવાને સામર્થવાન-તો કદાચ હું આવતે, પચાસ વરસ, કે કદાચ સાહઠનો બી તે હતે તો હું આવતે! અરે! પણ તે તો છેકજ અશકત, સીતેર વરસનો એક મરવા પડેલો ડોસો છે ને તેને આવી હાલ-તમાં એકલો મુકી હું આવી શકતી નથી. માહરૂં અંતઃકરણ તે કબુલે નહિ. ખુદ ખુદા વટીક નારાજ થાય!"

"માહરા પ્યાર! માહરા પ્યાર!" ગુંગળાતા દમે તે એટલુંજ બોલી શકયો.

"હશ! એ શું અવાજ છે?"

"મારી વ્હાલી, બહેતાં નાળાંનો બબડાટ ને પક્ષીઓના ગાયન સિવાય બીજું વધુ તો હું કાંઈજ સાંભળી શકતો નથી."

"કોઇનાં પગલાં? ઓ, મોટા ચોટા!"

"મારી વ્હાનકડી, મારી વ્હાલી, તારા હૃદયકેદાયમાં ભગજના એક ધબારા સિવાય બે કાંઈજ નથી, ને હોય તો કદાગ કોઈ લબરૂં—"

"પણ મેં તો બેકનાજ પગલાં સાંભળ્યાં. જો—" ધારતીથી ધુજતાં, તેને વળગી પડતાં મેડલીનાએ કહ્યું. "સાંભળ!"

"જો કોઇ હોય બી તો ચંદનીમાં ફરતાં બા પ્યારાંઓ!" તેણે તેણીને બળે લગાડી કહ્યું. "હું અજાય થાઉં છું. ઓ ચોટા, કે શા વાસ્તે કોઇ જીંદગી આટલી લંબાતી હશે? બીતેર વરસ! ઓ મોટા ચોટા! હે પવિત્ર માતા! મને મદદ કર! ને બાય જુલાઈ જેમ બને એમ દુઃખ ને બહેલી—"

"બીલવેડ, હું બ્લઉં છું," તેને વધુ બોલતો અટકાવી તે વ્હાની રૂપસુંદરી બોલી. ફરી પાછા તે હોઠો મળ્યા. તે હેતવંતા હાથો એકમેકમાં લેરવાયા. ને ઘણાં ઘણું વ્હાલભર્યા હેતવંતા શબ્દો; ને ફરી બલદીજ મેલવાની કબુલાતો સાથ અંતે તેઓ છુટાં પડયાં. ફરી કદી નહિ મળવાના હોય તેમ-તુટી જતાં હબરે-આંસુ-ઓથી આંધળી બનેલી આંખો સાથ-તે પેડેલવાન તનનો, ખુબસુરત ચહેરાનો જવાન માણસ-અને ઘરડા મેટીયોની તે વ્હાની પરણેતર!

"આહ, મેડલીના! માહરી તું કયારે થશે!" બે તેના શબ્દો તેણીનાં કાનોમાં બાગતા રહયા.

હવે તે ઘણી ઝડપથી તે દેવળ તરફ ગઇ, ને ત્યાં થતી પ્રાર્થનામાં જોડાઈ. ને તે મરવા પડેલા, ને દરદી ન બોતને ઝાંકે આવતા ઘરડા ભરથારને વફાદાર રહેવાને, ને બની શકતી કાળજીથી તેની બાતરદારી કરવાને તેણીએ બનથી નશ્કો કશદ કર્યો ને ત્યાર પછી કાંઈક હલકાં છબરે, ને રહત પામેલાં મને તે બાહેર પડી. અને ત્યાર પછી બી બેકની બેક તે ડરામણી યાદ કરાવતાં પોતાના ભરથારના ઘર ભણી નહી જતાં, તે પોતાની ઘરડી સગી બીજેન્કાને મળવા ગઇ ને તાંહથી જ્યારે તે બાહેર પડી, ને પોતાના ઘર ભણી બાવી, ત્યારે તેણીને વ્હાલા કોરેડોથી છુટા પડવાને લગભગ બણ કલાક વહી ગયા હતા.

પોતાના વ્હાલાની કીસીઝ, ને તેની કરૂનામય છેલ્લી સલામનો વિચાર કરતીજ તે ઘરમાં દાખલ થઇ. પણ ત્યાં જતાં-તેણીએ શું જોયું? તે ઘરડો બખ ભરથાર તો બાહેર જવા માટે તઇયાર થયલો, ને સાંધણીની સળગી આગળ વાંકો વળી, પોતાના હાથો સેકતો બેઠેલો તેણીની નજરે પડયો.

"મેટીયો!" તે ચોકાવી ઉઠી. "શા વાસ્તે તમો ઉઠયાછ-ને કયાં કારણોસર બાહેર જવા માટે તમો તઇયાર છો? તમને શું ખબર નથી કે બાય શીયાળાની

ટાઢ ઘરડાઓ ખમી શકે તે કરતાં ઘણી વધારે છે, ને તમોએ બિછાનેજ રહેવું એમ શું હું તમને કહી નહી ગઇ હતી ?"

"માહરી મેડલીના, તે બધું તો બરૂં-છતા હું ઉઠયોછ, આજની રાતે તુ માહરી સાથ બાણું નહિ લે ? ઘરડો માણસ-અને તેની જવાન પરણેતર !" અને તે ઘરડો નકી સમજ પડે એવી ઉશકેરણીથી ઘણું કઢરૂપું બે બે હસ્યો.

"આપણે સાથે બાણું લઈશું, માહરી મેડલીના," તેણે પાછું કહ્યું "તાહરા ઘરડા ભરથારને તું ના તો નહિંજ પાડશે, ઓ, મેડલીના, તું કે જે પવિત્ર કલામોથી માહરી મોહોરદાર કબુલાયલી છે."

"પવિત્ર ઓલટર સનમુખ ગુંઠણે પડી હો મેં માહરૂં વચન આપ્યું હોય તો, બુદા જાણે છે કે તે માહરી બુશીનું નથીજ ! માહરા જુલમી કાકાના હોકમને મને નમવુંજ પડયું હતું ને હું તે વેળાએ એક બ્હાની અને નબળી છોકરી હતી. પણ હવે-મહેરબાની કરી, મને તમો એકલી છોડી જશો ? જો સપર તમુને જોઈતુંજ હોય તો, તે હું તમારા ઓરડામાં લાવી આપશ."

"માહરી મેડલીના" ધીકકારથી તે બોલાયલા શબ્દો ઉપર ધ્યાન નહિ આપતાં તે ઘરડાએ કહ્યું, "તું ધારેછ તેટલો ઘરડો ને અશકત હું નથી. આજે મને અજબ જેવું જોર અને શકિત આવેલાં લાગે છે. તેથી હું તો હયાંજ બેસી માહરી બ્હાની પરણેતર સનમુખ, માહરૂં રાતનું ભોજન લઈશ."

'તેની પરણેતર !' એ બે બોલો સાંભળતાં કમકમાતની બેક ધ્રુજરા તેણીનાં નાજુક બદનમાંથી પસાર થઇ ગઇ. તે કાણી આંખો બળતા અંગારની પેઠે ચમકતી દેખાઈ, જે જોતાં તે ઘરડાના ચેહેરા ઉપર એક ધ્રુપું બેમાલુમ હસ્યું પંથરાઇ રહ્યું.

"બ્હાની મેડલીના, તું જાણે છે કે આજે અહિંયા એક પહરાણો આવ્યો હતો. તું પારખી શકશે વારૂં, તે કોણ હતો ?" તે ઘરડા ભરથારે ઘણી ગમતા, ને માયાના ઢોંગથી કહ્યું. જ્યારે તે બ્યાર વગરની પરણેતર તો હવામાં જોતી એક પુતળાં પેરે બેસી રહી.

"તે એક જુવાન માણસ હતો. ઉંચો અને કદાવર-ને વળી ઘણોજ બુબસુરત."

"કોણ તે-ઝેમીલ્યાનો દીકરો ?"

"નહિ, ઓ મેડલીના, તે તે નહિ હતો !"

"ત્યારે કોણ ? તમેઝો !" તેણીએ સવાલ કર્યો.

"તે તમેઝોબી નહિ હતો, બ્હાની પરણેતર!" ઘરડા મેટીયોએ કહ્યું, "તે તો કોઇ બીજોજ હતો. તે રસ્તા ઉપરથી પસાર થતો હતો. અને મેં તેને બોલાબ્યો. કારણ હું એકલો હતો. તેણે પહેલાં તો ના પાડી-પણ પછી મેં કાંઇ તેને કહયું. તેથી તે આવ્યો. બરૂં કહું તો મેં તેને બાં આવવાની ફરજ પાડી."

તે બ્હાની પરણેતર બડબડાટ હસી પડી.

"તમે તેને ફરજ પાડો ? મેટીયો–" તે ન્હાની પરણેતરે ઘણાં ધીક્કરિયા કહ્યુ, "માહરા મત પ્રમાણે એવા નપાઈ જેવા વિચારો કરવા કરતાં, બિછાનામાં તમારે જરા આશાએશ લેવી જોઇએ."

એમ કહેતાં તે હવે બારણાં તરફ ચાલી.

"ઉભી રહે માહરી ન્હાની પરણેતર, આ સાંભળીનેજ જ!" તેણે તેણીને જતી અટકાવી ને તેના અવાજમાં કાંઇ એવું તો વિચીત્ર ને ભય પમાડનારૂં હતું કે પોતાની મરજી ઉપરાત તે ત્યાંજ થોભી ગઈ.

"મેં તેને કહ્યુ, માહરી ન્હાની મેડલીના. કે પ્યાર વગરની માહરી ન્હાની પરણેતર ઘણી બિમાર હતી, બેનીડીકશનથી આવ્યા પછીથી, તે એકાએક ઘણી માંદી થઈ ગઇ હતી. ને તે તુરતજ આવ્યો. હવે તેં જોયું, મારી મેડલીના, મેં કેમ ફરજ પાડી તે ?"

કાંઇ નહિ સમજ પડે એવા ભયથી તે ઉઠીને ઉભી થઈ–ઘરડા માણસની તે જવાન પરણેતર ! તેની છાતી ધબી ધુજી આવી. જ્યારે તે હમેશાંના ગોલાબી, શાંત ચેહેરા ઉપરથી લોહીનું ટીપેટીપુ ઉડી ગયું હતું ઓહ ! તે શું કહેવા માગતો હતો ?

મોત કરતાં બી સફેદ બનેલા તે ચહેરા ઉપરનો અતીશે ગભરાટ, ને તે કાળી આંખોમાં અશાલ નિરાશી જોઇ તે ઘરડો ભરથાર ઘણો ગમત પામેલો જણાયો. તેના ચેહેરા ઉપર સુખ, અને કરારનીજ નિસાનીઓ પ્રગટી નીકળી, ને ફેટલોક વખત સુધી તે ભયંકર આતુરતાની અગ્નિમાં જળતી ન્હાની પરણેતરની કાંઇબી દયા વિનાં તે ચુપજ બેઠો.

"પછી, ઓ, મેડલીના" તેણે તોવાવી, તોવાવીને શરૂ કીધું. "હુ તેને માળ ઉપર લઈ ગયો. જ્યાં તે માહરી ન્હાની પરણેતર બિમાર પડેલી કહેવાતી હતી જ્યારે અરે-ખર તો પવિત્ર ગોલવર સનમુખ પોતાનાં ગુરૂ-અને આત્માની રીહાઇ માટે ભક્તિમાં ગુંથાયલી હતી."

"અને પછી–ઓહ, માહરા ખુદા !" અને તે ન્હાની પરણેતરનો હંમેશાંનો મધુર અવાજ બહુક લાગે એવો કઠોર ને ઘાડો સમજાયો "પછી–ઓ, મેટીયો તમે તેનું શુ કીધું ?"

"પછી માહરી વ્હાલી, હું તો ફકત એક ઘરડો માણસ છું, જ્યારે તે–તો ઘણો જોરાવર, જવાન, ને ખુબસુરત હતો. હું તેને શું કરી શકું. મેડલીના ? તેથી મેં તો ફકત તેને હાંકી કહાડયો એટલુંજ."

"તેને હાંકી કહાડયો ? ત્યારે શું કામ અંદર લાવ્યા ?" તેણીએ મોટા ગભરાટથી ખુમ પાડી કહ્યું.

"તેને હાંકી કહાડવાજ માટે, માહરી મેડલીના" તે ઘરડાએ અજબ જેવું વિચીત્ર હસ્તાં કહ્યુ, "હાંકી કહાડવા માટેજ, મેડલીના, સદા સુખી માટે."

તે ઘરડા ભરથારનો દેખાવ એ વેળા એટલો તો વીચીત્ર, નબળો, ને નબાવલો દીસ્યો, કે આ બધું તે તેણીને બિહધરાવવા ફક્ત રમુજનુજ કરેતો હતો, એ ખ્યાલથી તે હસી પડી.

"તમે તેને હાંકી કહાડો, મેટીયો !" તેના એક હાડપીંજર જેવા નબળા, ઝુની પડી ગયલા હાથો તરફ જોતાં પોતાની બેવકુફ ફીકરો માટે તે સુંદરી હસ્યા વિના રહી શકી નહિ. "તેને હાંકી કહાડો મેટીયો ? તમારા આય હાથોમાં ? હું એ કાંઈણી માનતીજ નથી. એ બધું મને બિહધરાવવા તમે ફોકટનું જ કહો છો. ત્યાં કોઇણી જવાન માણસ હતોજ નહિ ને હવે માહરા મેટીયો, તમારે બિછાણે જવું જોઈયે, કારણ ઘણી થાક, અને હેજગારી તમને નુકશાન કરતી થઇ પડશે."

હવે તે ઝડપથી ત્યાંથી નીકળી, માળ ઉપર ચહડવા લાગી. તેણીનું મગજ સઘળું તપી આવ્યું હતું. કોઇ નહીં સમજ પડે એવી ફીકરથી તેણીનું કેડું ધડકતું હતું. તે ઘરડા માણસની રમુજે તેણીને અજબ જેવી હદ સુધી નાકોબત, ને નાસીપાસ કરી નાખી હતી.

માળ ઉપરના તે ઓરડાના બારણું આગળ આવતાં તે ગુંઠણીએ પડી. ખ્યાલ નહી થઇ શકે એવાં દુઃખના બેઅદકાવ ડચકાંઓ તેણીના ગળાંમાંથી નીકળી પડયાં. અરે, ઓ દયાળુ ખુદા ! કોરેડોને મળવાને હજુણ તો કલાકોનો વીલંબ હતો, ત્યાં સુધી તે બાપડી કઇ રીતે ટકી શકે ?

તેણીની પાછળ કોઈનાં આવતાં પગલાં સંભળાયા. ઝડપથી તે ઉઠી ઉભી થઈ ને ધ્રુજતા હાથે ને ધડકતાં હૃદયે તે બારણું ખોલી અંદર દાખલ થઈ.

કોરેડો તે બિછાણામાં હતો, એક કાળા બ્લેંકેટથી ગળાં સુધી ઢંકાયલો. તેની આંખો બંધ હતી, પણ અરે ! અફસોસ ! કે તે ઉંઘાયલો ન હતો. ને તે જોતાં તીવ્ર દુઃખની એક દયાજનક ચીસ સમેટ તે મરણ પામેલા બ્હાલાંની બાજુમાં તે ક્રમણખ્ત છોકરી ફસડાઇ પડી.

તેની પાછળ આવતાં પગલાં વધું નજદીક સંભળાયાં. તેણીનો ભરથાર તે ઓરડાના બારણામાં આવી ઉભો હતો. નબળા, ખોખરા કાય પમાડે એવા વિચિત્ર સાદથી તે કાંઈ કહેતો હતો. પોતાના ફીકાની ફતેહનો બકબકારો તે કર્યોજ જતો હતો. પણ તે પટપટારો, બેહુરા, સુના કાનો પરજ પડતો હતો. ફાટેલી આંખ્યોએ ને ભાંગી જતાં અંતઃકરણે તે બ્હાની પરથોતર માથું નમાવી લોહીનાં આંસુઓએજ રડી.

"એ માહરા પાપની સજા છે." ખીન્ન ખીન્ન થતાં હૃદયે તે રડી. "માહરા ભરથાર તરફ બેવફા ખ્યાલો વસાવવા માટેની ખુદા તરફનીજ એ સજા છે."

તે ફોકેફોક રડી. મોત માંગતી, તવલાટ કરતી તે ગુંઠણીએ પડી. બિછાણા ઉપરથી તપકતું લોહી, તે હતી તે બાજુએ આવી પડયું. ને ચમકી ઉઠી ને તે મરણ પામેલા બ્હાલા ચહેરા ઉપર હાથ ફેરવી વીલાપ કરતી ઉભી. તેના માથા

નીચેનાં હુપ જેવા સફેદ ગલેપ ઉપર રાતાં લોહીનો એક મસમોટો ડાઘો હતો. જ્યારે તેની બાજુમાં લોહીથી ખરડાયલી એક છુરી તે કંગાળ ભરથારના હાથે લેવાયલા ફીનાની ગુવાહી હતી.

ફરી પાછો તે બોખરો એબ્યલ હસ્વાંનો સાહહ તે બોરડામાં પથરાયો, અને પોતાના નબળા મરતા હાથોએ થયલાં તે ખુની કર્તવ્ય ઉપર મલકાતો, છલકાતો તે ડોસો સઘળો ખુલાશો કરતોજ રહ્યો અને કેવા ઠાગાથી તે પીલતન તનના તે ખુબસુરત જવાનને મારી નાખી શકયો હતો તે કેહેતાં તે કરપીણ પાછો હસ્યો.

પણ તેને કાઇ જવાબ મલ્યો નહિ. પ્યાર વગરની તે પરણેતરતો તે વ્હાલાના સબ ઉપર માથું નમાવી પડીજ રહી. કદી પણ પાછી નહિ ઉઠવા માટે ! આ દગાબાજ દુન્યામાં ફરી કદી નહિ જોવા માટે !

થાકી થાકીને તે ઘરડો ભરથાર તે બે વ્હાલાંઓ તરફ ચાલી આવ્યો. અને તે મરણ પામેલા જવાનની છાતી ઉપર માથું નાખી પરેલી તે બાહુબુણનું સીર ઉઠાવી તેની આંખોમાં જોયું. તે આંખો બંધ હતી હંમેશાં તીરસ્કારથી ભણી જતાં તે હોઠો ઉપર સ્વર્ગની શાંતીનું એક હસ્વું હતું. મરણ પામેલા કોરેડોનાં ગળાં આસપાસ ચીપ્પત હાથો વિંટાણી તે પ્યાર વગરની પરણેતર સદાની શાંતીમાં જઈ સુતી હતી.

મુંબઇની જાણીતી ડેરી

પેરીશીયન ડેરી કું.

વગર ભેલનું ચોખ્ખું દુધ, માખણ, સ્વચ્છ
શ્રેષ્ટ ક્રીમ, મેળવવાનું તમામ ભરૂશાપાત્ર
એકલું મથક છે. એકવાર ત્રાયલ લેશોજી?

ટેમરીંડ લેન, ફોર્ટ મુંબઇ.

ધન વીર નાર! ધન વીર નાર!!

જંગે વરિયાવમાં પારસી બાનુઓનું અદ્‌ભુત પરાક્રમ.

(વીરવિજય છંદ.)

ઘર ઘર કરતાં ધર્ત્તિ ધ્રૂજે:
શું થયું તે કંઈ નહી સૂઝે, દળવાદળ ઘેરાય નભદ્વાર;
સાગરજળ વહે ખળખળાતું જે, રૂધિરનીક થઇ વહે પૂરણહાર:
ધન વીર નાર! ધન વીર નાર! ૧.

રકત પ્રવાહ વહ્યો વરિયાવે,
ભીલો રણ ચઢયા દ્વેષભાવે, અમરદાદસાલને શુભ દિન;
મર્દો કયાની ખુશી જમાવે, એશઆરામમાં થઇ તલ્લીનઃ
ધન વીર નાર! ધન વીર નાર! ૨.

પણ કયાની ખુબ્લડ વીર નારો,
દેખી આ અચણુચ ધસારો, અન્તરમાં થઇ સજ્જ તત્ક્ષણ;
શત્રુપર કર્યા મહારો, પરદે ઢાંકી નિજ વદનઃ
ધન વીર નાર! ધન વીર નાર! ૩.

સપ સપ સપ ચાલે શમશીરોઃ
વૃષ્ટિમય થઈ વરસે તીરો, નેજા કરે નિજ કૂર કામ;
પણ નવ ડગડગતી નાર વીરો, ધરી હૈયે વિલક્ષણ હામ!
ધન વીર નાર! ધન વીર નાર! ૪.

થણ થણ થણ થણ અશ્વો કૂદેઃ
ચકચકતી તરવારો ઉડે, ભાલાથી ભેદાય આકાશ;
શૂરવીરો અરિદળને છૂંદે, વર્ત્તાવે નિજ હાક ચોપાસઃ
ધન વીર નાર! ધન વીર નાર! ૫.

મચ્યું ધમસાણ રણસંગ્રામે:
શત્રુ પડતા ઠામે ઠામે, વીર નારો ઘૂમે અહીં તહીં;
દારૂણ યુદ્ધતણા પરિણામે, ભાગે કાયરઓ કહીં કહીં!
ધન વીર નાર! ધન વીર નાર! ૬.

વન વન ભાગે હિંસક પ્રાણી,
નવાઝતણો કારમો કેર જાણી, ઘર ઘર લે પક્ષી વિશ્રામ;
જ્યારે ચઢયું લોહી ઇરાની, ત્યાં કેમ રહે નિર્બળતું નામ?
ધન વીર નાર! ધન વીર નાર! ૭.

પણ દૈવકોપ એકદમ થયો ત્યાં:
નાર એકનો ઉઠી રહ્યો ત્યાં, મુખવટો કરી તન પ્રત્યક્ષ;
લોહ સઘળો ફૂટી ગયો જ્યાં, ખેંચાયું શત્રુનું લક્ષ:
ધન વીર નાર! ધન વીર નાર! ૮.

હો હો કરતા ભીલ ધસમસ્યા,
અબળાલોહીના થઇ તરસ્યા. રે રે ધિક્ક ધિક્ક હુન્નર!
પરદેપોશ વીરો બસ ફસ્યા, થયો તેમનો બહુ સંહાર:
ધન વીર નાર! ધન વીર નાર! ૯.

રોમ રોમ સબનારી શુચિતા,
હતી સઘળી સુંદર વનિતા, કરવા શિલતણું રક્ષણ;
પાવન કરી તાપી સરિતા, અર્પણ કરી નિજ શુદ્ધ તન!
ધન વીર નાર! ધન વીર નાર! ૧૦

જય જય જય જય જય વીર નારો!
સૌ કાઢે આફરીન ઉદ્‌ગારો, દેખી તમના કામ અદ્‌ભુત;
અજવાળ્યો સ્ત્રી ધર્મ પ્યારો, વધાવી સાનંદ યમદૂત:
ધન વીર નાર! ધન વીર નાર! ૧૧.

જે. એમ. હોરમસજી.

ચૂંટેલું.

શાહજાદી જેબુન્નિસા.

(રા૦ રા૦ ઠકકુર નારાયણ વિસનજીના લેખમાંથી.)

(નવરંગના ગતાંકમાં પ્રકટ થયેલી શાહજાદી જેબુન્નિસાની પ્રેમકથા પ્રતિ વાંચકોનું લક્ષ ખેંચીને સત્ય ઇતિહાસ વિષે માહિતી આપવાની આવશ્યકતા હોવાથી લખવાની જરૂર જણી છે. શાહજાદી જેબુન્નિસાની પ્રેમકથા ઘણાઓએ આજ પોરણે લખી નાખી છે, પણ તેમાં લેખકોનો વધુ દોષ નથી; કારણ કે મૂળ લેખના આધારે અનુવાદ થઈ આ કથાનો પ્રચાર થતો જાય છે. 'રા૦ રા૦ ઠકકુર નારાયણ વિસનજીએ 'ગુજરાતી'ના સંવત ૧૯૭૭ ના દીવાળીના અંકમાં એ વિષય પર એક લેખ લખી શાહજાદી જેબુન્નિસાનાં આધુનિકકાળમાં પ્રચલિત થયેલાં જીવનવૃતાંત પર પ્રકાશ પાડી ઇસ્લામીઓને ઉપકૃત કરી સત્ય ઇતિહાસથી ગુર્જર જનસમાજને જાણકાર કર્યો છે. એ લેખ 'રા૦ દોરાણ બી. કટેલી'એ વાંચ્યો હતે તો તેઓ આ અસત્ય કથા લખવા માટે પરિશ્રમ લેતે નહિ. આ કથાની ઉત્પત્તિ માત્ર ત્રીસ ચાલીસ વર્ષ પુર્વેજ થયેલી છે; તેનો ઉત્પાદક લખનૌનિવાસી એક મુસલમાન ઉર્દૂ લેખક છે. ઘણુજ ખેદની વાત છે કે અમારાજ ધર્મ-બંધુના હસ્તે પોતાની ધર્મ ભગીનીનાં નામને કલંકિત કરવામાં આવ્યું છે. આ કથાની અસત્યતા સપ્રમાણ સાબિત કરવા 'રા૦ ઠકકુર'ના લેખમાંથી કેટલોક ભાગ આ સ્થળે ઉતારી તે પવિત્ર ચારિત્ર્ય સાધ્વી સ્ત્રીના નામને કલંકિત થતું બચાવવા પ્રયત્ન કર્યો છે—(એડિ. ગ્રે. વાચિક)

જેબુન્નિસા બાદશાહ ઔરંગજેબની દિલરાસ બાનુ બેગમના ઉદરથી જન્મેલી જ્યેષ્ઠ પુત્રી હતી. ઈ. સ. ૧૬૩૮ ના ફેબ્રુઆરી માસની ૧૫ મી તારીખે દક્ષિણમાં દૌલતાબાદ નામક નગરમાં તેનો જન્મ થયો હતો. કાશ્મીર નિવાસી મીરઝા શુકુલ્લાહની સુશિક્ષિતા તથા બુદ્ધિમતી પત્ની હફિજા મરયમ શાહજાદી જેબુન્નિસાની સુશિક્ષિકા હતી. જેબુન્નિસાએ ફારસી તથા અરબી ભાષાનો એવો અને એટલો અભ્યાસ કર્યો હતો કે એ વિષયમાં સારા સારા વિદ્વાનો પણ ભાગ્યેજ તેની પ્રતિસ્પર્ધા કરી શકતા હતા. જેબુન્નિસાએ સમસ્ત કુરાન શરીફ મુખોગત કરેલું હોવાથી ઔરંગજેબે તેના ઉપર અતિશય પ્રસન્ન થઈને તેને ત્રીસ હજાર સોના મોહરો ઇનામ તરીકે આપી હતી. નસ્તલિક, નસ્ખ અને શિકસ્તા નામક ભિન્ન ભિન્ન ફારસી લેખનકળામાં તે એટલી નિષ્ણાત હતી કે એ ત્રણે પ-

દ્ધતિ અનુસાર ફારસી લિપિમાં તે અતિશય શુદ્ધતા તથા સુંદરતાથી લખી શકતી હતી. તેના ગ્રંથાલય જેવો તે સમયમાં અન્ય કોઇપણ ખાનગી ગ્રંથાલય અસ્તિત્વ ધરાવતો ન હતો. મુલ્લા સફીયુદ્દીન અર્દબેલી નામક એક વિદ્વાન શાહજાદીના આશ્રયથી આનંદપુર્વક કાશ્મીર જેવાં ઉત્તમ સ્થાનમાં વસ્તો હતો તેણે 'તફસીર કબીર' નામક અરબી ગ્રંથનો ફારસી ભાષામાં અનુવાદ કરીને પોતાની આશ્રયદાત્રીના નામને અમર રાખવાના ઉદ્દદેશથી પોતાના કરેલા તે અનુવાદગ્રંથને 'જેબુતફસીર' એ પ્રમાણેનું યોગ્ય નામ આપ્યું હતું. એવીજ રીતે તેના આશ્રિત વિદ્વાનોએ લખેલ કેટલાક લઘુ તેમજ મોટા ગ્રંથ (બહુધા ધાર્મિક ગ્રંથો) સાથે પણ તેનું નામ જોડા યલું જોવામાં આવી શકે છે. એમ કહેવામાં આવે છે કે શાહજાદી જેબુન્નિસા સારી કવયિત્રી હોવાથી 'મખ્ફી' તખલ્લુસથી ફારસી ભાષામાં કાવ્ય કરતી હતી

અસ્તુઃ વર્તમાન ભારતિય સાહિત્ય ક્ષેત્રમાં જેબુન્નિસા કેટલીક પ્રેમકથાઓની નાયકા (Heroine) થઇ પડી છે. જેબુન્નિસાના આકિલખાન સાથેના પ્રણય સંબંધનો અથવા અન્ય કોઇ પણ પુરૂષ સાથેના પ્રેમ સંબંધનો ઔરંગજેબ બાદશાહના રાજત્વ કાળમા તેમજ ત્યાર પછીના પચાસ વર્ષના કાળાવધિમાં લખાયલા ગ્રંથોમાં લેશ માત્ર પણ ઉલ્લેખ નથી. ઐતિહાસિક દ્રષ્ટિથી આ પ્રેમકથાની પરિક્ષા કરતાં તત્કાળ આપણા જોવા તથા જાણવામાં આવી જાય છે કે ગુપ્ત પ્રેમીને ઢંગમાં નાખીને મારી નાખવાની કથાનો જેબુન્નિસાની ફુઇ જહાનઆરા સાથે સંબંધ હોવા છતાં એ કથાના સંબંધને બળાત્કારે જેબુન્નિસા સાથે જોડી દેવામાં આવ્યો છે; કારણ કે 'સ્તરિયા દોમોગોર'ના પ્રથમ ભાગમાં ૨૧૮ માં પૃષ્ઠમાં મનસીએ જહાનઆરાના સંબંધમાં એ કથાનો ઉલ્લેખ કર્યો છે. તેમજ બર્નિયરે પણ પોતાના 'Travels in the Mogul Empire' નામક ગ્રંથમાં ૧૩ મા પૃષ્ઠમા જહાનઆરાના ગુપ્ત પ્રેમની એવાજ પ્રકારની કથા આપેલી છે. આ વિરોધની સિદ્ધિના કાર્યમાં પ્રથમ આકીલખાનના સત્ય પરીચયની આવશ્યકતા હોવાથી પ્રથમ આકિલખાનનો પરિચય કરાવવો યોગ્ય ગણાશે.

મીર અસ્કરી કે જે પાછળથી આકિલખાનના નામે ઓળખાયો હતો તે ઇરાનના બાકૂ નામક સ્થળનો નિવાસી હતો; દિલ્હીના વજીરનો પુત્ર ન હતો બાદશાહ શાહજહાંના રાજત્વ કાળમાં ઇ. સ. ૧૬૫૨ થી ૧૬૫૭ સુધી જ્યારે ઔરંગજેબ દક્ષીણનો સુબેદાર હતો તે વેળાએ શાહજાદા ઔરંગજેબની સેવામાં તે એક જિલ્લા દાર અશ્વસેનાધિકારી તરીકે નિયુકત હતો. આકિલખાન એ પૂર્વેજ એક શાયર કવિ તરીકે નામના મેળવી ચૂકયો હતો. ઔરંગજેબે ઇ. સ. ૧૬૫૮ માં દિલ્હીના સિંહાસનને મેળવવા પ્રયાણ કર્યું, તે વેળાયે તેને દૌલતાબાદના કિલ્લામાં રાખી ગયો હતો. આકિલખાન ૧૬૬૦ માં દિલ્હીમાં આવ્યો હતો, અને ત્યાર પછી બે મહિના રહીને તેને 'મિયાં દુબાણે'નો ફોજદાર બનાવવામાં આવ્યો હતો; પરંતુ ઇ. સ. ૧૬૬૨ માં એ ચોધ્યો બીજા અકબરીને આવતાં જુલાઇ માસમાં એ પદવીના ભારથી મુકત થયો હતો. પ્રકૃતિની અસ્વસ્થતાના કારણથી નવેમ્બર મહિનામાં બાદશાહે તેને લાહોરમાં જઇ રહેવાની પરવાનગી આપી અને રૂપીઆ ૭૫૦ નો માસિક વજીફો

(પેન્શન) બાંધી આપ્યો. ઇ. સ. ૧૬૬૩ ના નવેમ્બરમાં ઔરંગજેબ પોતાના કુટુંબ સહિત કાશ્મીરથી પાછો ફરતાં લાહોરને રસ્તે દિલ્હી જવા નીકળ્યો; તે વેળાએ આકિલખાને તેની લાહોરમાં સારી બાનિર બરદાસ્ત કરી. બાદશાહ ઔરંગજેબ તેને સાથે લીધો. ૧૬૬૪ માં તેને 'દીવાને ખાસ'ના મુખ્ય પેશકારના ઓદ્ધા પર નીમી દીધો. ઇ. સ. ૧૬૬૬ માં એથી પણ મોટી પદવી પર ચઢાવવામાં આવ્યો. ત્યાર પછી ડાકચોકીના દરોગાનો ઓદ્ધો અપાયો; પરંતુ ઇ. સ. ૧૬૬૯ માં તેણે એ ઓદ્ધાનું રાજીનામું આપી દીધું. એ પછીના સાત વર્ષ તેણે કેમ વીતાડ્યા એનો કશો ઉલ્લેખ મળી શકતો નથી. ઇ. સ. ૧૬૭૬ ના અકટોબરમાં તેને માસિક રૂ. ૧૦૦૦ નો પગાર બાંધી આપવામાં આવ્યો! ૧૬૭૬ ના જાન્યુઆરીમાં દુઃખમ બાનુની તરીકે નોકરીમાં રાખવામાં આવ્યો, '૧૬૮૦ ના અકટોબરમાં દિલ્હીનો સુબેદાર નીમાયો અને એજ ઓદ્ધાને ભોગવતો તે ૧૬૯૬ માં જન્નતનશીન થયો હતો.

આકિલખાનના જીવનચરિત્ર પરથી સ્પષ્ટ જાણવામાં આવી શકે છે કે. તરૂણ આકિલખાનના દેગમાં ઝુપાઇને બળી મરવાની કથા સર્વથા અસત્ય છે. બાદશાહની કુરતાથી આકિલખાન તારૂણ્યમા સંસારમાંથી વિદાય થયો હતો એ કથાને સર્વથા નિર્મૂળ કરનારી સત્ય કથા તો એ છે કે તે પોતે પરણ્યો હતો. સોળ-તેર વર્ષથી પણ વિશેષ આયુષ્ય ભોગવ્યા પછી તેનો દેહાંત થયો તે વેળાએ તે પુત્રોનો પિતાજ નહિ પણ પૌત્રોના પિતામહ થયાના ભાગ્યને પ્રાપ્ત કરી ચૂકયો હતો, કારણ કે તેના મીત્ર મીરન્ત ઓબીસના કાગળો મળી આવ્યા છે તેમાંના એક કાગળમાં કૈયુમખાનને આકિલખાનના પુત્ર તરીકે ઓળખાવ્યો છે. તથા શુકુલ્લાહખાન અને શાકીરખાનને તેના દામાદો-જમાઇઓ તરીકે ઓળખાવેલા છે,

વસ્તુસ્થિતિ આવા પ્રકારની હોવા છતાં જેબુન્નિસાના જીવન ચરિત્રનો લાહોર નીવાસી ઉર્દુભાષાભીજ્ઞ લેખક ધૃષ્ટાપુર્વક કહે છે કે દેગમાં ગુંગળાઇને બળી જનારા આકિલખાનના મૃત્યુની ઘટનાને ડોકટર બર્નીયરે પોતાની દ્રષ્ટીથી જોઇ છે. આ ધૃષ્ટતા નહી તો બીજું શું ? બર્નિયરે એ કથા મનુચીના ગ્રંથમાંથી ઉપાડી લીધી છે એટલે પછી જોવાની વાત કયાં રહી વારૂ ? મૂળ વિનાની શાખાઓ નહી તો બીજું શું ?

શાહી ઇતીહાસ દર્શાવે છે કે શાહજાદા અકબરે બાદશાહ વિરૂધ્ધ બળવો જગાડ્યો હતો તે સાથે રાજદ્રોહમાં સામેલ થવાના અપરાધની શિક્ષા તરીકે જેબુન્નિસાને બંદીવાસ આપવામાં આવ્યો હતો; એ વિના શાહજાદીના કારાગૃહવાસનુ બીજું કોઇ કારણ હતુંજ નહી. "જયારે અકબરે જગાડેલો બળવો શાંત થયો અને ઇ. સ: ૧૬૮૧ ના જાન્યુઆરીની ૧૬ મી તારીખે અજમેર પાસેની ઉજ્જડ છાવણીનો કબજો શાહી ફોજે લઇ લીધો તે વેળાએ જેબુન્નિસાના અકબર સાથેના પત્રવ્યવહારનો ભેદ જાણવામાં આવતાં તેને જે વાર્ષીક રૂપીઆ ચાર લાખ આપાતા હતા તે બંધ થયા, તેની સ્થાવર તથા જંગમ સંપત્તિ જપ્ત કરી લેવામાં આવી

અને દિલ્લીના સલીમગઢનામક કીલ્લામાં તેને બંદી' તરીકે રાખવામાં આવી." (મઆસીરે આલમગીરી; પૃષ્ટ ૨-૪).

સલીમગઢના કીલ્લામાં કયદ થયેલી જેબુન્નિસાનો તેના જીવન કાળમાં છુટકારો થયો હોય, એમ કોઇ પણ પ્રમાણથી સિધ્ધ થઇ શકતું નથી. શાહી ઇતીહાસમાં તેની મરણ ઘટનાને આવી રીતે એક પત્રથી વર્ણવેલી છે: દિલ્લીના એક પત્રથી શાહના જાણવામાં આવ્યું કે શાહજાદી જેબુન્નિસાએ પરવરદિગારના રહમતુ બુર્કાને પહેરી લીધો હતો. (શાહજાદી જેબુન્નિસાના મૃત્યુની ઘટના ઇ. સ ૧૭૨૦ ના મે માસની ૨૬ મી તારીખે બની હતી) પોતાની પુત્રીના મરણથી પ્રેમ આધિકા બાદશાહ ઔરંગજેબના હૃદયમાં એટલો તો શોકનો આઘાત થયો કે તેના નેત્રોમાંથી તત્કાળ અશ્રુનું વહન થવા લાગ્યુ હતું. અંતે તેણે પોતાનો શોક સમાવીને સૈયદ અજમતખાન, શેખ અતાઉલ્લાહ તથા હાફિજખાનને શાહજાદીના નામથી ખયરાત કરવાનો તથા પ્રથમથી કરેલા નિશ્ચય પ્રમાણે દિલ્લીના બાહ્ય ભાગમાં આવેલા જહાનઆરાની મિલકત તરીકે ગણાતા ત્રીસ હજાર વૃક્ષોવાળા બગીચામકણિરો બંધાવવાનો હુકમ આપી દીધો

શાહજાદી જેબુન્નિસાના મૃત દેહને દિલ્લીનાં કાબુલી દરવાજા બહારના 'ત્રીસ હજાર વૃક્ષોવાળા બગીચા'માં જમીનદોસ્ત આપવામાં આવ્યો હતો અને ત્યાં તેની કબ્ર અને મકણિરો પણ બંધાવવામાં આવ્યા હતા; પરંતુ તે સ્થાન રાજપુતાના માળવા રેલ્વેની વચ્ચે આવવાથી તેને કેટલાક વર્ષોની વાત પર પાડી નાખવામાં આવ્યા છે. એટલે હવે જેબુન્નિસાની કબર પણ આ દુનીયામાં જોવાની રહી નથી; અર્થાત જો તેની કઇ પણ વસ્તુ બાકી હોય તો તેની પવિત્રતા તથા વિદ્વતાની કીર્તિજ છે; કારણ કે સર્વનાશક કાળમાં પણ કીર્તિના દુર્ગને ધરાશાયી કરવાનું સામર્થ્ય નથી, એટલાજ માટે શીષ્ટજનો કહી ગયા છે કે:-

"નામ રહંતા ઠક્કરાં, નાણાં નહીં રહંત;
કીર્તિ કેરાં કોટડાં, પાડયા નહીં પડંત!"

(પેન્શન) બાંધી આપ્યો. ઇ. સ. ૧૬૬૩ ના નવેમ્બરમાં ઔરંગજેબ પોતાના કુટુંબ સહિત કાશ્મીરથી પાછો ફરતાં લાહોરને રસ્તે દિલ્હી જવા નીકળ્યો; તે વેળાએ આકિલખાને તેની લાહોરમાં સારી બાનિર બરદાસ્ત કરી. બાદશાહ ઔરંગજેબે તેને સાથે લીધો. ૧૬૬૪ માં તેને 'દીવાને ખાસ'ના મુખ્ય પેશકારના ઓદ્ધાપર નીમી દીધો. ઇ. સ. ૧૬૬૬ માં એથી પણ મોટી પદવી પર ચઢાવવામાં આવ્યો. ત્યાર પછી ડાકચોકીના દરોગાનો ઓદ્ધો અપાયો; પરંતુ ઇ. સ. ૧૬૬૯ માં તેણે એ ઓદ્ધાનું રાજીનામું આપી દીધું. એ પછીના સાત વર્ષ તેણે કેમ વીતાડ્યા એનો કશો ઉલ્લેખ મળી શકતો નથી. ઇ. સ. ૧૬૭૬ ના અકટોબરમાં તેને માસિક રૂ. ૧૦૦૦ નો પગાર બાંધી આપવામાં આવ્યો! ૧૬૭૯ ના જાન્યુઆરીમાં દુલ્યમ ખાનની તરીકે નોકરીમાં રાખવામાં આવ્યો, ૧૬૮૦ ના અકટોબરમાં દિલ્લીનો સુબેદાર નીમાયો અને એજ ઓદ્ધાને ભોગવતો તે ૧૬૯૬ માં જન્નતનશીન થયો હતો.

આકિલખાનના જીવનચરિત્ર પરથી સ્પષ્ટ જાણવામાં આવી શકે છે કે તરૂણ આકિલખાનના દેગમાં છુપાઇને બળી મરવાની કથા સર્વથા અસત્ય છે. બાદશાહની કુરતાથી આકિલખાન તારૂણ્યમા સંસારમાંથી વિદાય થયો હતો એ કથાને સર્વથા નિર્મુળ કરનારી સત્ય કથા તો એ છે કે તે પોતે પરણ્યો હતો. સીત્તેર વર્ષથી પણ વિશેષ આયુષ્ય ભોગવ્યા પછી તેનો દેહાંત થયો તે વેળાએ તે પુત્રોનો પિતાજ નહિ પણ પૌત્રોના પિતામહ થયાના ભાગ્યને પ્રાપ્ત કરી ચૂકયો હતો, કારણ કે તેના મીત્ર મીરજુમ્લા જીવનના કાગળો મળી આવ્યા છે તેમાંના એક કાગળમાં કૈયુમખાનને આકિલખાનના પુત્ર તરીકે ઓળખાવ્યો છે, તથા શુકુલ્લાહખાન અને શાકીરખાનને તેના દામાદો-જમાઇઓ તરીકે ઓળખાવેલા છે,

વસ્તુસ્થિતિ આવા પ્રકારની હોવા છતાં જેબુન્નિસાના જીવન ચરિત્રનો લાહોર નીવાસી ઉર્દુભાષાભીજ્ઞ લેખક ધૃષ્ટાપુર્વક કહે છે કે દેગમાં ગુંગળાઇને બળી જનારા આકિલખાનના મૃત્યુની ઘટનાને ડાકટર બર્નીયરે પોતાની દ્રષ્ટીથી જોઇ છે. આ ધૃષ્ટતા નહી તો બીજું શું? બર્નિયરે એ કથા મનુચીના ગ્રંથમાંથી ઉપાડી લીધી છે એટલે પછી જોવાની વાત કયાં રહી વારૂ? મૂળ વિનાની શાખાઓ નહી તો બીજું શું?

શાહી ઇતીહાસ દર્શાવે છે કે શાહજાદા અકબરે બાદશાહ વિરૂધ્ધ બળવો જગાડયો હતો તે સાથે રાજદ્રોહમાં સામેલ થવાના અપરાધની શિક્ષા તરીકે જેબુન્નિસાને બંદીવાસ આપવામાં આવ્યો હતો; એ વિના શાહજાદીના કારાગૃહવાસનું બીજું કોઇ કારણ હતું જ નહી. "જ્યારે અકબરે જગાડેલો બળવો શાંત થયો અને ઇ. સ. ૧૬૮૧ ના જાન્યુઆરીની ૧૬ મી તારીખે અજમેર પાસેની ઉજ્જડ છાવણીનો કબજો શાહી ફોજે લઇ લીધો તે વેળાએ જેબુન્નિસાના અકબર સાથેના પત્રવ્યવહારનો ભેદ જાણવામાં આવતાં તેને જે વાર્ષીક રૂપીઆ ચાર લાખ આપાતા હતા તે બંધ થયા, તેની સ્થાવર તથા જંગમ સંપત્તિ જપ્ત કરી લેવામાં આવી

ગુરગીન ગયો અને હવે પારસનો શાહ અર્દશીર વીચારના વમળમાં ત્યાંજ બેચી રહ્યો. આજે સહવારનો શીકારની શોધમાં નીકળેલો તે એને ફક્ત તુફાનના બાચેલાથી છેક અહુરમજદના મેદાન સુધી આણી આવ્યો હતો, કે જ્યાં લડાઈના હીંગામ સીવાય તેનું કદી બી આવવું થતું નહી. એ સમે તેના મગજમાંથી હજારો ખ્યાલો પસાર થતા હતા. તે એક દાનવ ને ભવા શાહ તરીકે સર્વેમાં જણાયલો હતો, મગર આ તરફની હુરતરાજ પડેથી તેની રંક સ્થીતી પણ તેમજ માનતી હતી કે કેમ તે જાણવાની તેને હયાં બીલકુલ તલબ થઈ આવી. તેની બહોળી માલેકીના બાબેતથી આજદન તક કદી તેને તેવી બાની તમારા કરી હતી નહી અને ત્યારે હવે આજે તેને એક તક નહી ધારેલી એકાએક મળી આવની હતી તો તે ઉપર આજ રાતેજ અમલ કરવાનો નેક કસદ તેને તુરત મનસે કરી લીધો. જ્યારે એક ગરીબ ખુજીંગરના નાના મકાનમાં તે તે પછી દાખલ થયો ત્યારે તેને આજ રાતના તોફાન વાસતે ખુદાના શુકરાનાં કીધા.

તે એક પ્રમાણીક માણસની જેવી તેવી ઝુંપડી હતી કે જેમાં એક શાહ તરીકે તે દાખલ થતો ન હતો અને તો પણ પોતાની આમદમા જે દેખાઈની ખુશખુરી તે તેમને માટે લઈ જતો હતો તે તેઓના હરબખતે આવકાર ઉપરથી જોઈ લઈ શકાતું હતું.

"મુબારક તમારાં કદમ," એક ઔરતના ભીડા વાનળી જેવા અવાજે તેઓને આવકાર દેતાં કહ્યું. "આજ રાતના તુફાનમાંથી પસાર થતા દરેક મુસાફરનો ખુદા નીગેહબાન થાઓ."

જવાબમાં શાહ અર્દશીર નમ્યો અને મનમે વમાસ્યુ કે આવા બુલબુલી અવાજથી બોલાયલા સાચા દીલના આશીરવાદ તેને પારસની દરબારમાં કોઈથી બાનુના મુખથી કદીબી સાંભળ્યા હશે કે ? તેને તે પછી તે બાનાં કુટુંબની દરેક પરપુછ કરી.

"મારૂ નામ કોબાદ છે." સાહેબ તેને પુછાયલા સવાલમાં જવાબ કરતાં તે બલા ખુજીંગરે કહ્યું "અને આ મારો એકનો એક બેટો નરી છે." તેને વધાર્યું. હયાં એક વરસ ચૌદેકના છોકરાએ પોતાની બોળખના જવાબમાં એક મગકૂર નમન તે શાહને કર્યું. વળી તેઓ બેહુત હતા તે જાણ્યા પછી તેમના ધંધાને લગતી કેટલીક કાળજીકારી પરપુછ પણ તેને કરી કે જે દરમ્યાન બાણું તાયાર હોવાની બબર તે ખુજીંગરની નેક નારે તેઓને હવે આપી.

તે સાંભળી તે બને મહેમાનો બચીત ઘણા અજબ થયા. તેઓએ તે રાતને માટે ફકત એક છાંયડાનો આસરો માગ્યો હતો કે જ્યારે આ કોઇ બલાં બેહુતો તેઓને પોતાના બાણાનો ગરીબ હીસ્સો આપીને પોતાની સાચી મહેમાનગારી બામીત કરી આપવા હતાં.

બબ્બલ શાહ અર્દશીર બચ્ચ ગયો બરો મગર ઘણુક કલાકોનો ખુબો હોવાથી તેમજ ખુદા ગુરગીનનો વીચાર થતાં તેને મોટા હેરાન વચ્ચે તે બલી મહેમાન

દારી કર્યુલ રાણી. વળી પકાવવાના હુન્નરમાં પરવીન એક ગરીબ ભરવાડણના સુંદર હાથોએ બનાવેલી બટકી રોટી કે નાન ને સુસ્વરૂં પય્ય સ્વાદીસ્ટ આણું આવાની આવી અચ્છી તક હવે પછી તેને જીંદગીમાં ક્યાં મળીનાર હતી? અને ત્યારે તેઓ સુફરા ઉપર બેઠા, જવાન નરીને એક બીદમતગારની અદાથી પોતા પાછળ ઉભેલો જોઇ શાહે રમુજ કરી,

"બેટા, તને મારો બીદમતગાર થવા ગમશે?"

"નહી સરદાર." તે જવાન છોકરાએ તેને કોઇ સરદાર તરીકે માની લેતાં મોટી મગરૂરીથી ના પાડી. "મારા મહેમાનની બીદમતમાં બહુ રહેવામાં મેંને મોટું માન હાંસલ થાય છે. મગર બીદમતગાર તરીકેની એક જીંદગી હું કદી બી પસંદ કરૂંજ નહી."

"હું સમજ્યો હવે." રાજાએ તેના બોલવાથી ગમત પામી પાછું કહયું, "રાજા કે શાહનશાહોની બીદમતની તું ત્યારે આર્જુ કરતો હશે."

તે છોકરાનું સુંદર શીકા માથું તે શબ્દોની અસરથી મોટા તોરમાં ઉંચે ઉંચકાયું.

"જરા બી નહી." તેને તેવાજ તોરથી તો પણ અદબથી જવાબ કર્યો. 'કોઈ શાહોના શાહની બીદમતની પણ મેં કદી તલબ કરી નથી. વળી દરમ્યાની જીંદગીમાં આજ ને કાલ તો પ્રમાણીક માણસોની કરીબી સલામતી છેજ નહી તો પછી મારા બાપીકા નેક ધંધાને ઠોકરે મારી એક બીદમતગાર તો શું પણ તેથી બાલા દરજ્જાનો માણસ થવાની પણ હું કદી પરવાહ કરૂં નહી."

શાહ અર્દશીર તેના શબ્દોથી ચોંકયો ને અચરત થયો—તે નાના બચ્ચાંના મોઢામાં કંઈ ભરમ હતો બરો ને ત્યારે હવે જે બનવા ને સાંભળવા તે બાટલો કંતેન્દર હતો તેજ તેને અનાયાસે મલી જતું હતું એ ખ્યાલથી તે મનમાં ઘણો ખુશી થયો ને તેજ વાત જરી રાખી. "બસ કોબાદ" હયાં તેને વળી જરા થોભી પાછું પુછયું. 'ત્યારે તુંને બી શાહી દરબારનો ને ઉમરાવોનો એવોજ ડર છે કે?"

"તે મને પુછવાની કશી જરૂર નથી, સરદાર. જો તું પારસનોજ રહીશ હશે તો બનતો હશે કે પારસ તેમજ આપણા શાહને તાબેના ઘણાક શહેરોની મુખ શાંતીમા આજ કાલ બજબ જેવી હદ સુધીની દખલ થવા પામી છે."

ગુરગીન તે સાંભલતાં ફકરથી ધ્રુજવા લાગ્યો. આ ગરીબ બુબણો પોતા ની વાહીઆત બકબકથી કેવી શીકા આફત પોતાને શર ખેંચી લેતાં હતાં તે તેઓ બનતાં હતાં. શાહ અર્દશીર ઘણો ભલો અને માયાળુ હતો બરો મગર તોબી તે એક શાહ હતો. અને બાજે દખ્ત, એવા મોટા માણસો શું કરી બતાવતા હતા, તે વીશે કંઈ કહી શકાતું નહી હતું. તે એક બરોજ તેથી બાનાખરાબીનો સોદો હતો ને તે ગરીબોના સુખને વાસતે નેક ઇતુના તે ભલા બુજર્ગના દીલમાં

બંદેજ ઘણી ફિકર બરવા થઈ-વળી તેજ ઘટકો પેલી ભલી ઔરતને પંપુ થયો, ને તેથી વધતી કાંણ્યાં બરાણાં થાય તે આગમચ તેણીએ પોતાના ભલા બાવંદને એક નરમ ઠપકાથી ચુપ કર્યા.

"એ કીમતની વાતચીતથી આપણા મેહમાનોના બાણામાં તમે મોટી બલલ કરોચ, બાવંદ" તેણીએ કહયું "વળી રાજકારબારની વાતો કરવાનું કે તેમાં મત આપવાનું કામ આપણું બરાબરનું છેજ નહી, વાહલા-"અને ત્યારે ઘણુક અજણ થતાં તે ભોલા બાવંદે તે બીહુ બીહુ માહણુસની આંખોમાં જોયું.

"તારો બાવંદ સાચ્ચાં દીલનો એક શ્રેષ્ટ બાણુસ છે, બાઈ" કયાં શાહે વળી રબેને તેણીના ઠપકાથી પોતાના વાતમા બલલ આવે તેના ડરથી તે ભલા ગેહુતનો બચાવ કરતાં કહયું, "હુરાની રાજનીતીમાં મત આપવાનો ઈરાનના બેટાઓ સીવાય જાસતી હક બીજા કોઇનો હોઇ શકે વારૂ? વલી હું જોઉંછું કે તારો બાવંદ જેટલો ભલો તેટલોં ભણેલો છે તો એના જેવા એકનો મત બાણી લીધેલો ફોકટ જશે નહી. એટલા માટે બોલ બાઇ," અને કયાં તેને કોણાદ તરફ ફરીને ઉમેરયું, "અને બીલકુલ અચકાવા વગરજ બોલજે કેમજે ઈરાનની દાઝ મારા સીનામા જેટલી સમાયલી છે તેટલી બાગ્યેજ કોઇ બી ઇનશાનના છોકરમા હશે-ભલા કોણાદ, ત્યારે બોલ કે ઈરાનની રબઆતને દુઃબી થવાને શું કારણ મલ્યું છે.?"

"તે બારસનાજ દાબલોથી તું સમજી શકશે" કોણાદે કહ્યું-"ચોરી-લુટફાટ ઉપરાંત જેટલું બુન બારસની ગલીઓમાં આજકાલ થાયુ જાય છે તેટલું આગળ કદી બી કોઇએ જાણ્યું નથી."

શાહ તે સાંભળતા એક પળ ચુપ થઈ ગયો. શું ત્યારે આટલી હદ થતી હતી, ને તે પોતે આટલો બીન માહીતગાર હતો?

"મગર એને માટે શાહ જવાબદાર નહીં કહેવાય, દોસ્ત." તેને જરા થોબી પાછું કર્યું. "ઈરાનના બધાજ ચોર લુટારા કે બુનીઓને એકદમ પકડીને સજા કરવાનું કામ શાહનું છેજ નહીં. બલકે તેનાથી એ બનેજ નહી-એને વાસ્તે તેને હર જગે હાકમ ને મુબાઓ રબેલા છે ને એ બધું જોવા કરવાનું કામ તે લોકનુંજ છે."

"બાણ ત્યારે તેવી નેક તરબ્યતના ને રાસ્તમનરીના હાકમો નેમવાનું ને રાબવાનું કામ તો શાહનું છેજ-કેમ?" કોણાદે પુછયું.

"તે તો છેજ મગર ગમે એટલો ભલો મરદ બી અગર હાકમીમાં દાખલ થતાં રફતે રફતે ઈન્સાફની રાહને બાજુ મુકી ને જુલમગારી ઉપરજ કમર કસતો થાય, તો તેમાં શાહ બીચારો શું કરે?" શાહે કહયું.

"તેને વાસ્તે ઘણા રસ્તા છે." કોણાદે સમજાબ્યું, "એમ સમજ કે એક સબત કાયદો બુદ હાકમ ને અમીરો વાસ્તે બી અમલમાં મુકાય. એક એવો કાયદો કે

જેની રૂહે અમુક વખતમાં એક ગુન્હેગારને શોધી કાઢવોજ જોઇએ ને તેને ઘટતી સજાએ પોહોંચાડવોજ જોઈએ–અગર જો તેમ નહીં થાય તો તેની જોખમદારી ને જવાબદારી ખુદ હાકમનેજ શરે રહે તે એટલી હદ સુધી કે અગરજો ચોરી સંબંધી તકસીરવારનો પતો નહિ મળી આવે તો તે ચોરાયલા કે લુંટાયલા પઈસા તે હાકમ ખુદ પોતાના ગીરાથી ભરપાઇ કરી આપે અને ખુન સંબંધી ગુનાહમાં પોતાની ગરદન આપી તે હાકમ પોતાની જવાબદારીથી રીહાઇ પામે. બેશક એ ઘણો સખત કાયદો તને લાગતો હશે, સરદાર, મગર હું ખાત્રી આપું છું કે એમ કરવાથી કોઈપણ હાકમ પોતાનું સર સહેલાઇથી આપી દેવાના નથી. કે જ્યારે પોતાની જોખમદારી ને જવાબદારીની કદર તેઓ જાસ્તીજ કરતાં શીખશે."

"અને એવા કાયદા પછી ઇરાનમાં કીઓ મરદ હાકમી લેવા બહાર પડવાનો હતો, કોબાદ?" શાહે હસીને પુછયું.

"તે નહીંજ પડે તો." કોબાદે તુચ્છકારથી જરી રાખ્યું, "હાકમ ને સરદારોની પસંદગી અગર મોટા મોટાને વગવસીલાવાળા માણસોમાંથીજ થતી રહે, કે જેઓ રાજની રૈયત રડે તેમાજ સુખ મનાવતા જીવે છે તો તેવાઓમાંથી એવો લાયક ને નેક નર મળી આવે એ તો બેશક માનવું બેજા છે, અને એવા નાલાયકોના હાથમાં રાજની લગામ બેકાયદે આપી દેવાથી ઈરાની ઇનસાફમાં સદા અંધારૂજ રહેવાનો સંભવ રહેશે એ તારે નક્કી માનવું, સરદાર–એટલા વાસ્તેજ હું કહું છું ભાઇ કે તેવા ચુંટી કાઢેલા નૌશીરવાન અદલની શોધમા તારા શાહને હવે આમ લોકોમાં બેગાહ પુગાડવાની જરૂર છે. સમજ્યો તું?" અને એ બધું તે ભોળો બુજર્ગ દીલના બરા બેસથી કહેતો હતો કે જ્યારે તે સાંભળતાં રાજના જીગરમાં તો કોયલાજ પાકતા હતા.

તેને પોતાનેજ એ ખ્યાલ કેમ નહીં થયો? તેની રાંક રઇયતની બેહેતરી વાસ્તે એ નેક વીચાર તેને પોતાને અવ્વલ કેમ નહીં આવ્યો, તે વાસ્તે બરાં મનથી તે ઘણું દુઃખ પામ્યો. કે જ્યારે જાસ્તી રંજ તો તેને એ થતો હતો કે આ રાસ્તીની રાહ તેને આજ એક કંગાળ હુબા બેડનાર બુજર્ગ બતાવતો હતો.

"તું એ બધું બોલેચ, રફીક" વધી જરા થોભી શાહે પાછું કહ્યું, "મગર પારસની હાકમી તુનેજ આપવામાં આવે તો તું તે કબુલ રાખે કે?"

"કેમ નહી રાખુ? તું ધારે છે તેવો હું છેક બુબાબ નથીજ સરદાર મેં રાજ અને તેને લગતી રીતીનીતીનો થોડોક અભ્યાસ કર્યો છે કારણ હું પોતે એક રઇયત તરીકે એ માહીતી મેળવવામાં મારો ધર્મ સમજું છું. અને તેથી અગર જો મને રસ્તે પાડવામાં આવે તો થોડીક મદદ સાથ હું જરૂર એ જોખમદારી બજાવાંઉ–બહકે હાકમ તો શું પણ મારા વતનની સેવા માટે સારા દેશનો ગુલામ થવાને બી તઇયાર થાઉં–પણ તે બનેજ કેમ," અને હયાં તેનો કઠાથી ઉભર્યું, "મારા જેવા એક અદનાની યાદ પારસના શાહને કદી બી થવા પામેજ નહીં. તે તો હાલ કોઇ સુબી શીકારગાહના ખુશ બાગમાં બેબજર પોઢેલો હશે," અને એ બધું સાં-

બાગતાં પારસનો શાહ બરાં મનથી ઘણું દુખ પામ્યો. એમ કરતાં લગભગ અરધી રાત તમામ થઈ ચુકેલી હતી, એટલે હવે શાહ અર્દશીર દુખી દેમાગે ખીછાને ગયો અને ત્યારે આ વખતે કોણાદે પોતાની ગણત્રીમાં ગોતુ બાધુ હતું અરૂ સણણકે જેમ તે ધારતો હતો તેમ પારસનો શાહ ખુસ શીકારગાહના બાણમાં તર થયલો પોતાના આલીશાન અજોવાનમાં આ વખતે પોહોચેલો નહીં હતો મગર જે આજ રાત્રે તેને નવું ને નહીં ધારેલું સાભળ્યુ હતું તેને માટે છુ પગલાં લેવાં તેના ગંભીર વીચારમાં તે ગરીબ બુઝર્ગનાજ કંગાલ છાપલાં હેઠળ બાગતોજ પડેલો હતો.

પ્રકરણ ૨ જું.

એક માસ વધી ગયો–એક બીજો માસ અને એક બુશતુમા સહવારે–કોણાદના ગરીબ ઘરનાં આંગણામાં તીરની બડાથી ઘોડો દોડાવતો એક સ્વાર આવીને પોહચ્યો, તેના કને તે બુઝર્ગને તાકીદે બોલાવવાનો એક શાહી પેગામ હતો. જે વાંચતાં ને તેના ઉપરની મોહોર તરફ નજર દોડાવતાં તે બલી મનશીના મરદના હોસ તમામ લેવાઈ ગયા. મગર તે ઉપર બીચાર કરવાનો કે પોતાની ગભરાયલી ને ગમ કરતી બોરતના મનનુ સમાધાન કરવા જેટલોબી તેના પાસ હાલ વખત ફાજલ હતો નહી એવોજ તાકીદનો ને તાગરતોબનો તે શાહી સંદેસો હતો. ને તેટલાં કારણે તે હવે વગર ઢીલે પેલા માસદની સાથ રવાના થયો–મગર જ્યારે તે તે શાહી મહોલને લગતા એક ઓરડામા પોહોચેલો હતો ત્યારે પેલી રાતના બનાવ વાસ્તે તે બારાં મનથી ઘણો દુઃખી થયો, પોતાની સચ્ચાઈ વાસ્તે તો નહીંજ મગર પેલા બીગાના વાસ્તે કે જે એક તુંફાની રાતના આસરા પછી તેના નીમકને બે ઇમાન બન્યો હતો. મગર બીજી પળે જ્યારે બાજુના દરવાજામાંથી તેણે તેજ ઉમરાવને ચાલી આવતો જોયો ત્યારે તે મનસે બહુજ તાજુબ થયો.

"કેમ રફીક, તું બુશ તો છની ?" તેને આવતાં સાથ તે ફકરથી આજીજ થયલા તે લુટાયલા ચેહરા સામું જોતાં દેખઈતી ગભરાત પાંગતાં કયું "તું બુશ તો છની ? ને મને પીછાનેજ કેની ? ત્યારે જવાબ કેમ નથી કરતો ?"

"સરદાર, જેના સર ઉપર શમશીર લટકેલી છે તેની બુશ તબ્યતની હસી કરતાં તુને બોદાનો ડર લાગતો નથી ?' તેને બાહ જેહમતે કયું, "હું તુને બરોબર પીછાનું છું. તું તેજ જવાન છે કે જેને સાધુના સાહુયામાં છુપાઇને એક બુઝર્ગની બુબી છોકરી ઉપર સીતમનો શીકો ઓળો ઉતાર્યો છે."

"સીતમનો શીકો ઓળો." તેણે જરા અજબ થઈને પુછયુ. "એમ માનવાને તારા પાસ કાંઇ બોરાવર સબબ છે કે કોણાદ ?"

અને ત્યારે કાંઈપણ જવાબ દેવાને બદલે કોણાદે પેલો મોહતનીજ બામદ પુકારતો કબબ્જત પેગામ તેની નજર સામે ધર્યો.

તે વખી તે જોતાં ગમતનું થોડુંક હસ્યો.

"ત્યારે તેં મને પીછાન્યો બરો, કોબાદ, મગર જો, તારા શાહ તરીકે તેં હજી પણ બરોબર પીછાન્યો નથી, જો બરોબર હું કોણ છું?"

"કોણ મારો શાહ? મારો શરતાજ, મારો નામવર." તે હવે મામલો ચેતી જતાં પોતાના ગુંઠણપર પડતાં બોલ્યો કે જ્યારે તે રાજવંશીના લંબાયલા જોરાવર હાથ ઉપર તે ગરીબનું સર મોટી ઇજ્જતમાં ઝુમી પડયું હતું.

"ઉઠ ભલા, કોબાદ." શાહે જરા થોભી તેને માયાથી ઉઠાડતાં કહ્યું, "અને મને કહે કે તે રાતે બોલાયલા તારા બોલો માટે તું ને પસ્તાવો થાય છે કે?"

તેણે એક શબ્દની બોલવા વગરજ પોતાનું સર નમાવેલું રાખ્યું.

"કેમ તું જવાબ કેમ કરતો નથી? શું તું તારા મતને માટે એટલો બધો શરમીંદો થાય છે?" તેને ચુપ જોઈ શાહે પાછું કહ્યું. "નહીં નામવર." પોતાનું સર અદબથી ઉંચુ કરતાં તેને ઘણી ઇજ્જતથી જવાબ કર્યો. "અગર તું રાસ્તીનોજ શાહનુમા છે તો મને કહેવા દે. હું મારા તે રાતના શબ્દોના વાસ્તે જરાબી શરમીંદો થતો નથી. નામવર હું મારાં મતને આજે બી એટલોને તેટલોજ સાચો છું. શરતાજ જો તું સજા કરવા ચાહતો હોય તો મારૂં સર હાજર છે. મગર મારા વચનથી હું કદી ફરી શકવાનો નથી."

"આફરીન છે તારી સચ્ચાઇ ઉપર, કોબાદ," શાહે તે સાંભળતાં હવે ઘણો ખુશ થઇને કહ્યું, "તારી ઇમાનદારીથી હું બચીત ઘણોજ મગરૂર છું ને હવે મને ઉમીદ છે કે પારસની હાકમી કબુલ કરવાના તારા નેક વચનથી બી તું કદી પાછો ફરશે નહીં-પેલો અમીર ઉમરાવોને લગતો નવો કાયદો પણ તારી નેક સલાહ મુજબ હવે બાહેર પાડી આખા પારસને આગાહ કરશ."

"મગર નામવર, હું—"

પણ શાહ આગળ સાંભળવા થોભ્યોજ નહીં અને એક સોનેરી સીપટી તેના હોઠોને લાગતાંજ તે ઓરડાને લગતો એક કીરમજી પરદો ખુલ્લો થયો અને બોડાક દરબારીઓ દાખલ થયા.

"પારસના હાકમને નમન કરો." શાહનો બુલંદ અવાજ સંભળાયો અને તુરતજ તે ફરી વળેલા દરબારીઓના સર તે બુર્જીગરને માન આપવાને મોટી ઇજ્જતમાં નમતાં થયાં.

"મારી લાયકાતની તપાસ કર, ઓ શાહ ને મને તારા બાશીરવાદ આપ—" કોબાદે હવે મોટી બીન્નતમા શાહના પગ પાસ પડતાં ને માગી લેતાં કહ્યું.

"એક તુફાની રાતે તારી લાયકાતની તપાસ થઇ ચુકી છે, ઓ ભલા મરદ અને તારા જેવા બાબુત ઇમાનના બુર્જીગરોની હાકમીનીજ હવે ઇરાનને હાજત

છે-એ મેં બરોબર જોઈ લીધું છે-મારા આશીરવાદની અગર તુંને આર્જુ હોય તો લે. હું તે ખુશીથી આપું છું"-એમ કહેતાં તે ઝુકી પડેલા બડગચડા સર ઉપર તેને પોતાનો ઝવેરાતથી ઝગઝગ થતો રાજવંશી હુસ્ત લંબાવ્યો. "પારસના હાકમની જીંદગી અમર રહેજો અને તેની કીર્તીનો ડંકો બાવેદાન તક વાગતો રહજો." તેણે કહયું.

તે પછી મોટી ઈજ્જત સાથ તે નવા હાકમને વીદા કરવામાં આવ્યો અને ત્યારે સરયામ બોહોતનીજ ફેજે પુગવાની ફકરો વચ્ચે આવેલો તે ભલો બુજીંગર હાકમના જલાગાં સજ થયલો જ્યારે પોતાના ગરીબ નાના મકાનમાં પાછો ગયો ત્યારે તેની નેક માહબુબ અવળતો તે વાત માનીજ નહી શકી. તેને સમજ નહી પડી કે તેનો બાવંદ દીવાનો થઈ ગયો હતો કે તે પોતે-જઈફ ઝુરગીનની આગાડી ત્યારે આંતે બરી પડી હતી-પેલી રાતના દોકાનને તે બે બુજીંગરોએ પોતાની બખ્તે બુલંદી તરીકે બચીત પોતાની જીંદગીની નોંધમાં નોંધી લીધું હતું-બલકે સોનેરી હરફોએ નોધી લીધું એમ કહેવામાં કશી બી સાહરાગાત નથી.

પ્રકરણ ૩ જું.

કોબાદની હાકમી ઉપર એક સાલ આબર થઈ ચુકું હતું કે જે સાલ પારસની રઈયત માટે બરૂંજ સુબ ને શાતી પાથરતું પુરવાર થયું હતું-તે બુજીંગર હાકમે પોતાનીજ તબેહુના બરા લાયક માણસોની સર્વે ઠેકાણે નેમનુક કરી હતી કે જેઓ પારસ તેમજ તેની આસપાસના બુનેબુનાબોમાં ફરીને રઈયતના સુખ દુબને માટે પોતાંથી બનતું દરેક કરતા હતા. તે રઈયત તેથી કોબાદ જેવા હાકમની પનાહ પોસીમાં બરાંજ સુબની બુશાલી મનાવતી થઈ હતી-મગર એક કમબખ્ત બનાવે તેબા ન ધારેલી દબલ કરી-પારસના કાયદામાં રાત્રે બાર વાગતા પછી કોઈ પબ જાતની ગડબડ કરવાની સખ્ત મનાઈ હતી; કે જ્યારે તેનો ભંગ કરતો એક જવાન મરદ એક રાત્રે પારસની એક ગલીમાં એક મકાનના દરવાજા ઉપર આવીને ઘોબ્યો. તેણે અસાધારણ ધાંધલ વચ્ચે તે મકાનના બારણા ગોથા ગગડાવીજ મુકયાં કે જ્યારે એમ કરતો તે મોહોલ્લાને લગતા એક પોહોરગીર સીપાહે તેને જોયો અને બટકાબ્યો મગર તેથી તો તે ઓરણી વધતોજ ઉશકેરાઈ ગયો-તે દેખઈનોજ કોઈ બડબાબોમાનો એક હતો ને તેથી તે સીપાહે તેને બણજ માનથી ત્યાંથી ચાલી જવાની અરજ કરી.

"તું કોણ તે મને કહેવાવાલો થાય છે?" તેણે બણજ તુમાબથી તે સીપાહને કહયું.

"હું રાત્રે આ તરફની શેહેરની રબેવાણી કરનાર પોહોરેગીર છું, સાહેબ." તેને જવાબ કર્યો. તે ગયર મરદ ઠંડાથી હસ્યો.

"મહેરબાની કરીને અત્રેથી ચાલ્યો જા" તેને તુંડાઈથી પાછું કહયું. "મારા કામમા તને માથું મારવાની કશી જરૂર નથી."

"હું કાયદાના નામમા અરજ કરું'ચ, કે તમારે આ વટનો ઘાંઘલથી એક-દમ ણાઝ આવ્વુ" તે સીપાહે હવે જરા ગરમ થઇ જતાં કહયું.

"હું ભરવાડોના કાયદાને માનતોજ નથી." તેને મોટા તુચ્છકારમાં જવાબ કર્યો. "બાદશાહના કાયદા સીવાય હું બીજા કોઇબી કાયદાને તાબે થવાને બંધાયલોજ નથી."

"મગર શાહ પોતે જો એ કાયદાને તાબે થવા કાયદાના નામમા બંધાયલો છે તો તું પોતે એવો કોણ છે કે પારસના કાયદાનો એમ ઇનકાર કરેચ?"

"હરગીજ નહી" તેને જીકર કરી, "તું શું એમ કહેવા માગેચ કે તું એક અદના સીપાહ શાહ અર્દસીરને કાયદાના નામમા કાંઇબી કરતો રોકી શકે?"

"બેશક મને તે સતા આપવામાં આવેલી છે" તે પેહલવાને મજબુતીથી કહ્યું. "તમારે જગે અગર શાહ અર્દસીર હતે તો તેમને પણ હું કાયદાના નામમા આ ફીસાદથી બાઝ આવવાની અરજ કરી શકતે!"

તે સાંભલતાં તે જવાંમર્દ હદ બહાર ઉસકેરાઇ ગયો અને તેના આવેસમા તેં પેહલવાનને એક લપડાક લગાવી અને ત્યારે પરીણામમા એજ થયું કે તેઓ વચ્ચે એક જબરી ઝપાઝપી ચાલુ થઇ કે જ્યારે ઝનુનમા આવેલા પેલા જવાને પોતાની કમરે લટકતી તલવાર ખેંચી તે ગરીબ પેહલવાનની છાતીની આરપાર ચલાવી દીધી અને બીજી પલે કોઇપણ જોય કે સાંભલે તે આગમચ તે ત્યાંથી નાસી ગયો.

ઉપલા બનાવને ઘણો વખત વહી ગયો છતાં એ બેદી ખુનને લગતા ગુનાહનો કશોજ પતો લાગ્યો નહી. હાકમ કોણ હતે તે સોધી કાઢવામાં કસીજ બાકી રાખી નહી છતાં આ એક એવો બેદી બનાવ હતો કે જેને પુગી વલવાનો તે પોતાની હાકમી દરમ્યાન આ પહેલીજ વાર હાર પામ્યો હતો–પારસના નવા બરપા થયલાં કાયદા મુજબ અગર તે ચોકસ વખ્તમાં એ ગુનેહગારને શોધી નહી શકે તો તેનો દંડ તેને પોતાના બનથી ભરી આપવાનો હતો. શાહે વટીક તેને એક દીન એ બાબત પોતાની હજુર બોલાવ્યો ને કહયું.

"હું ઘણો દીલગીર છું, હાકમ" તેને મોટા અફસોસમાં કહયું. "મારી મદદથી જો તમો કોઇ રીતે તમારી ગરદન બચાવી શકતા હોવો તો કહો હું તેમ કરવાને તઇયાર છું."

"તારા ઉશાન માટે મારા પાસ પુરતા શબ્દો નથી, ઓ શાહ!" તેને ઘણીજ અદબથી તે રાજવંસીનો આભાર માનતાં કહયું, "મગર કાયદાની ચુંગાલમાંથી બેકાયદે બચી જવાનું મને જરા બી વાજબી લાગતું નથી. સારતાજ, એક બરોજ નેક કાયદો અગર મારા જેવાના તુચ્છ બનથી પારસના ઇતીહાસમાં શરૂઆત પામતો થાય છે તો તે વાસ્તે હું બોરબી મગરૂર છું. ફકત અફસોસ મને એજ વાતનો રહેશે કે એક ગુનેહગારને હું મારા પાછલ પારસની રઇયત વચ્ચે છોડી જવસ કે જેને આ બોહોલી દુન્યામા જીવવાનો કસોજ હક નથી."

અને ત્યારે તે સાભલતાં શાહ અર્દશીરે તેના મરદાનગીભર્યા ચહેરા ઉપર અરીજ તાજુબી ને મોટી વણાણુમાં જોયું.

આગંદા, તે દીવસ આવી પુગ્યેા–ને ખુનને લગની તપાસનેા સહુથી છેવટનેા દીવસ કે જેની રાહ જોતી પારસની તમામ અહલકર ઓટી હતી. તેઓના સર્વેના દીલ રંજીદા હતાં કેમકે તે હાકમને માથે આફત હતી કે જે તેઓનેા બરોબર સાહણર સાબીત થયેા હતેા. પારસની કચેરીમાં જાતે પધારવાનું આજે શાહે બારા કહેવાડયું હતું. તેમ કરવાનેા જો કે તેનેા ધારેા હતેાજ નહી છતાં આજનેા બનાવ હતેાજ એવેા માહાભારત કે શાહ જેવેા બી તે જાતે જોવા ને તપાસવા પધારયેા હેાય તેા તેમાં તાજુબ કરનારૂં કશુંજ નહી હતું. આજેજ હાકમ કેાબાદને કાયદા મુજબ પેલા ગુનેહગારને પારસની કચેરીમાં જાહેર કરવાનેા હતેા અને અગરજો તેમ કરવા માટે પાછલ પડે તેા પેાતાની ગરદન જલ્લાદને સેાંપવાની હતી. તે જયારે દરબારમાં દાખલ થયેા ત્યારે હંમેશનાં જેવેાજ શાંત અને ખુશમીજાજી હતેા જે જોઇ સર્વે તાજુબ થતાં હતાં. તે ખુનને લગતી થેાડીક વાતચીત કરવા પછી હવે તે મેાટા દમામ સાથ પેાતાની બેઠકમાંથી ઉભેા થયેા. તેના હંમેશના શાંત ચહેરા ઉપર હવે ઉશકેરણી ખુલ્લી રીતે જોઇ શકાતી હતી. વલી તે બેાલતેા તે દરમ્યાન શાહના ચહેરા ઉપર વારમવાર શેાકાતુર નજર નાખતેા હતેા કે જે જોતાં શાહ હર પળે ફીકકેા થતેા જતેા હતેા.

"અર્દવાન પેહેરેગીરના ખુનીનેા પત્તેા લાગ્યેા છે," તે હાકમે શરૂ કરતાં કહયું, "ને તેને ખુલ્લેા પાડતા મારી રંગેરગમાં મેાટું દુખ પેદા થાય છે." તે પછી તેને બુજતે અવાજે જેમતેમ પુરૂં કર્યું.

"પારસના શાહ અર્દશીરને હું અર્દવાનના ખુની તરીકે જાહેર કરૂં છુ" તે એક પલ તે સર્વેને માટે બરી ઉેરતીની હતી–તેઓ શું સાંભલતાં હતાં? પેાતાને સરે આવેલી મેાટી આફતના સગણથી હાકમ કેાબાદ કંઇ દીવાનેા તેા નહી થઇ ગયેા હતેા? મગર જયારે તેઓની નજર શાહ અર્દશીર તરફ ફરી ત્યારે તેઓએ માન્યું કે તે બરૂં હતું–તે બાહદુર રાજવંશી એક બે પલના બનાવમાં જબરૂ જેવેા બે તાકાત બની ગયેા હતેા.

"તું કાંઇ ભુલતેા નથી કરતેા, હાકમ કેાબાદ" તેને હવે જેમતેમ બેાબરે અવાજે બેાલવાની તજવીજ કરી. "એક શાહની હુરમત ઉપર એક અદના માણુસની તરેહ હુમલેા તું લઇ જઇ કેમ શકે?"

"કાયદાની આંખેામાં રાજા ને પ્રજા એકજ સરખા ગુનેહગાર હેાય છે, નામદાર," તે હાકમે શેાકાતુર તેાપણ મકકમ જવાબ કર્યેા. "પારસની હાકમી શાહે મને સપુરદ કરી ત્યારે તેમણે ફરમાન કર્યું હતું કે ઇરાનની ગલીઓને તેના ગુનાહથી સાફ કરી મારે હક ઇનસાફની રેાશની જારી કરવી–કાયદાના નામમાં તેથી શાહ અર્દશીર મને તું નામવરને એક નડી પણ બે ગુનાહેા માટે તકસીરવાર ઠેરવવાની કમનસીબ ફરજ પડે છે."

"મગર તેના કાંઇ પુરાવા–કાંઇ સાબેતી?" તે રાજાએ લથડતી જબાને પુછયું.

"આ રહ્યા તે મોજુદ છે," અને હયાં તેને હીરાથી ઝલઝલ થતો કમરણંધનો એક ટુટેલો ટુકડો સર્વેનાં સામે રજુ કર્યો.

તે શાહને તમમર આવી ગયા–અને ધુજતાં હાથોએ તેને પોતાની બંને આંખો બંધ કરી દીધી.

"હવે ત્યારે બીજો એવો કયો તકસીર છે કે જેને માટે તું તારાં રાજની બાકી રહેલી ઇજતની બરબાદી કરવા ચાહે છે, ઓ હાકમ" તેને દુબના બરા બેસથી કહયું કે જ્યારે અફસોસ તેનો એકવારનો હુકમ કરતો બુલંદ અવાજ તેના સરદારોને હવે ભાગ્યેજ સંભલાતો હતો.

"ખુદા મને માફ કરે"–તે હાકમે બરી મનસબીથી પોતાના બંધે હાથ જોડતાં કહયું. "તારી ઇજતને બાતર માફું સર આપવા હું કદી બી પાછલ પડતે નહી, ઓ શાહ મગર મને કયામતનો ડર થયો. તારી હુરમતની પાસબાની બાતર અગર મારો જન આપતે તો તુંને તેથી કયું બી સુખ હાંસલ થતેજ નહી–કયામતને દીને બે ખુનના ઓજ સાથે તારા પેદા કરનારની હજુરમાં તને મોકલવા વાસ્તે હું કદી બી મને માફ કરી શકતે નહી. વલી તું નામવર મને પુછેચ." તેને જરા થોભી પાછું કહયું "કે બીજ કયા તકસીર માટે હું તુને જબાનદાર ગણ્યું–તો સાંભલ, કે તે ખુનની રાતે અજ્યલતો તેં તારા પોતાના હાથોથી બંધાયલા–તારી રઇયતની સુખ શાંતી જલવનારા નેક કાયદાનો ભંગ કર્યો અને બીજે મરતબે તે કાયદાની બંબાવણી કરનાર એક ગરીબ પેહરેગીરને જનથી બાર માર્યો. આ સાબીતી તું નામવરના તકસીરોને બરી પાડવાને બસ છે.' ને હયાં વલી તેને ધુજતા હાથોએ પેસ્તોજ કમરબંદ ઉચકીને બતાવ્યો. "મગર ખુદા સાહેદ છે કે એ મળવા પછી મેં લાબોબાર બરા મનથી ચાહ્યું કે તે મને મલીજ નહી હતે–મગર બોદાને મંજુર તો, એજ હતું કે જે શાહ રાતદીન રઇયતનો ઇનસાફ કરનારો હતો, તેનો ઇનસાફ એક વખત રઇયતને ફાલે આવે અને તેમજ થયું છે. મેં છેલ્લા થોડા દીવસ તું નામવરને બાતર કેવા હાંદેસા ને દુબમાં કાઢયા છે તેનો બ્યાલ કદાચ તુંને કદી બી થવા પામશે નહી. મેં અનેક મરતબા–તારી ઇજતને મારા જન સાથ સરબામણીમાં મુકી જોઇ છે ને યાદ રાખજે ઓ શાહ કે હર વખત તે આ તુચ્છ જનથી બેકીંમતી ને આલાજ પુરવાર થઇ છે. એક બુર્જગરની જીંદગી શાહની ઇજતને મુકાબલે મુકી કેમ શકાય ને વલી તે બી તે શાહને મુકાબલે કે જેને તે ગરીબ માલુસને હાકમની ઇજતે પોહોંચાડયો છે મગર મને તો તારા આકેબતના સુખનો બ્યાલ હતો. તેને બાતર મારાથી જે કાંઇ આ થયું છે તેને માટે મને દયાથી. દરગુજર કરજે, નામવર અને હવે બોલ કે તારે તારા બચાવમાં કાંઇ બી કહેવાનું છે?"

"કાંઇજ નહીં" તે રાજવંશીનો ધીમો મક્કમ અવાજ સંભળાયો, "શાહનો બચાવ કરનાર તેની પોતાનીજ રઇયત છે મગર મારે તો તેમને આગરે જબાની પણ આજું નથી. હું દેશના કાયદાને તાબે છું અગર તે મારી ગરદન માંગે તો તે પણ આપવાને તઇયાર છું."

તે સર્વે સાંભળનારાંઓના જીગર તેના ગમે તેવા તકસીર છતાં તે સાચા દીલના શાહ તરફ ખેંચાયા કે જ્યારે હાકમ કેાણાઇની આંખેામાં તેા આંસુ પણ હતાં.

"દેશનેા કાયદેા રાજ અને રઈયતને એક સરખી રીતે લાગુ પાડી શકાતેા નથી, સરતાજ" હાકેમે જરા થેાભી શાંતીથી કહયું, "જે શર ઉપર પાક યજદાએ રાજના આશીરવાદ ઉતારયા છે, તે સરના એક બાલને બી ઈજા કરવાનું કેાઇની ઇનશાનની મકદુરમા નથી એટલા વાસતે એ આલા દરજજાના શાહ તારા આ એક તકસીરને માટે પારસનેા કાયદેા તને કશીજ સજા કરી શકતેા નથી. અને એ માટા વીચારેામાં જેઓ એકમતી આપવા ચાહતાં હેાય તેમને હું તેઓની શમશીર ઉચકવા અરજ કરૂં છું." અને ત્યારે તે માહા દુઃખ પામતા શાહની મેહેાટી મગરૂરી વચ્ચે જાણે તે રાજવંશીના સર ઉપર આવેલી મેાટી આફત મારી હટાડવાની હેાય તેમ તે હાજર રહેલા દરેકની શમશીરેા ઉંચકાતી થઇ.

તે પાક ફિદાગીરીના જવાબમા શાહ અર્દશીર નમ્યેા, અને તેનું જીગર મેાટા કેશ્યાનમાં ધડકતું થયું.

"એ એક ઘાતકી કાયદેા છે કે જે રાજાને પેાતાની રઈયત વચ્ચે નામેાશીમા જીવવાની ફરજ પાડે છે." તે રાજવંશીએ ગહેાટાં દુઃખથી કહયું. "અને તેમ છતાં માહરાં સરને જ્યાં તક પારસની બલકત ધુલ બાતુ જોશે નહિ ત્યાં તક તેના ખ્યાલ તેઓને કદી પણ આવી શકવાનેા નથી."

"તાહરી ભુલ છે, નામવર." હયાં હાકમે તેને ધીરજથી સમજાવતાં કહયું. એક જીંદગીને ખાતર આખી પારસની બલકત પેાતાના સર ઉપર પેાતાના શાહના ખુનનેા બેાજો કદી બી ઉઠાવી લેવા તૈયાર થશે નહી."

"ત્યારે તેા ઈનસાફની લગામને મને માહરા પેાતાના હાથેામાં લેવી પડશે, અને માહારેા ઇનસાફ મને માહારા પેાતાનાંજ હાથેાએ કરવેા પડશે" શાહ અર્દશીરે ઘણી મજબુતીથી કહયુ "માહરેા જાન અગર માહરી રઈયતને એટલેા બધેા પ્યારેા છે તેા હુ તેઓને બાતર બથાવીશ. મગર માહરી જોઇજતી આટલેથીજ બતમ થવી જોઇતી નથી. સાલલેા હાકમ આવતી કાલે પારસના ગહેાટા ચેાગાનમાં માહારૂં પથ્થરનું બાવલું કે જે પારસના પહેલા દરવાજા નજદીક માહેાટી કબજત વચ્ચે મુકવામાં આવ્યું છે તેનેા નાશ કરજો. જેમ એક અદના બુનીને ગરદન મારવામાં આવે તે કીસમે તેના આજતક માન પામેલા સરનેા જલાદેાને હાથ નાશ કરાવજો અને એ બધું પારસની બલકત સામે થવા દેજો અને પછી તેના ટુટેલા ટુકડાઓને, અગલ જગે લઈ જઈ પાછા મુકજો, કે જેથી પારસમાં દાખલ થનેા દરેક અમીર કે ફકીર તેના શાહની બપકીરતીની કાહાણીથી બેખબરેા થાય."

તે હુકમ અમલમાં મુકાયેા, અને ઘણેા લાંબેા વખત સુધી તે શાહના માન પામેલા બાવલાના ટુટેલા ટુકડાઓને તેજ હાલતમાં રાખવામા આવ્યા, કે જ્યારે તે દરમીયાન શાહ અર્દશીરને પારસમાં કદી બી કેાઇએ ખુશાલ કે હસ્તેા જોયેા નહિ.

દુનિયાની તવારીખમાં ભાટ લોકોએ ભજવેલો અગત્યનો ભાગ.

લખનાર:—Mr. J. M. Hormusji.

(૧)

"When Athens' armies fell at Syracuse,
And fetter'd thousands bore the yoke of war,
Redemption rose up in the Attic muse,
Her voice their only ransom from afar:
See! as they chant the tragic hymn, *the car*
Of the o'ermaster'd victor stops; the reins
Fall from his hands; his idle scimitar
Drops from his side; he rends his captive's chains,
And bids them thank the bard for freedom and his strains."

BYRON.

આ તો નિર્વિવાદ છે કે ઐતિહાસિક વૃત્તાંતો માનુષિક મનનગજપર કેટલાયે વર્ષોથી તે મરણોત્તરિયપર્યંત સામાન્ય રીતે સમગ્ર જગતમાં જેવી રીતની સબળ આકર્ષણ શક્તિ પ્રગટાવવાને સામર્થ્યવાન છે તેવી રીતની અને તોલીતોલ શક્તિ કોઇ પણ અન્ય પ્રકારના વિષયો—તત્વજ્ઞાનના કહો, વિજ્ઞાનના કહો, કે આત્માધ્યાત્મજ્ઞાનના કહો—અદ્યાપિપર્યન્ત પ્રગટાવી શક્યાં નથી અને ભવિષ્યમાં પ્રગટાવી શકે એ સ્વાભાવિક પણ નથી. એનું કારણ એમ કહેવું કે મનોમય શાસ્ત્રોનાં અધ્યયનથી માનસિક ગ્લાનિ, પરિતાપ, કંટાળો અને કંટાસિનતાનું નિવર્તન થવાને બદલે ઊલટાં પણ મન એવાં પુસ્તકોમાં પ્રકટ કરવામાં આવેલાં ચૂઢ સિદ્ધાંતોનાં વમળમાં સપડાઇ જઇ પોતાની વ્યાકુળતાને વૃધ્ધિગત કરી દે છે, જેનાં પરિણામરૂપે કેટલે શાસ્ત્રિય મંથોપર તેને અરૂચી અને અભાવ ઉત્પન્ન થાય છે, જ્યારે પ્રતિકૂળ રીતે ઇતિહાસના વિષયનથી—તેમાં સંભાવવામાં આવેલાં સાહસિક જીવનચરિત્રો ઉપર મનનચિંતન અને ઊંડા સ્વાધ્યાયથી—મનને અનિર્વચનિય શાંતિ અને વિશ્રાંતિ પ્રાપ્ત થાય છે. એટલે કુદરતી રીતે માનવી માત્રનું મન ઐતિહાસિક વસ્તુઓની સહેલી, સાદી, સુગમ અને સરળ શૈલી પ્રત્યે ઢળાય છે। નિસ્સંદેહ મનુષ્યજાતિમાંથી સેંકડે ૯૦ ટકા ઇતિહાસના આવશ્યકતામય અભ્યાસ ઉપર ભાર મુકતો હશે, કારણ જનપ્રકૃતિ સાધારણ રીતે શૂરવીર પુરૂષોનાં આશ્ચર્યજનક પરાક્રમોનાં ચિત્તાકર્ષક વૃત્તાંતોથી મનરંજિત બને છે, અને વધુમાં એવા ગ્રંથોમાં ઓતપ્રોત થતો વીરરસ જાણે

આપણાં અંતઃકરણનાં પુનઃ પુનઃ શૌર્ય સ્ફુરાયમાન કરે છે, જેથી કોઇ પણ જાત પોતાના પૂર્વજોના અદ્‌ભૂતચરિત્રો વાંચી દૈન્યત્વ અને ઇંદ્રિયાર્થોપસેવનના વિસ્તીર્ણ મહોદધિમાં ડૂબી ન જતાં પોતાનો જાતિય ટેક અને પ્રભાવ ટકાવી રાખી શકે છે. આજ મોતેબર સબબસર ઇતિહાસને વિજ્ઞાન અને તત્વમય બ્રહ્મજ્ઞાનનાં દુર્વિદગ્ધ અને શુષ્ક પુસ્તકો ઉપર મહત્વતા આપવામાં આવે છે, કારણ કે હેલ્લાં જ્યારે વિદ્વાનવર્ગના માત્ર અમુક સમુહોમાં પ્રચાર પામે છે ત્યારે ઐતિહાસિક મંચો શું રાય કે શું રંક, શું નિર્ધન કે શ્રીમંત સર્વ પ્રજાવર્ગને ઉત્તમોત્તમ વાંચનનો ખોરાક આપવાને કારણભૂત થઇ પડે છે! એ પ્રમાણે યદ્યપિ ઇતિહાસ બહુજ અનાદિ સમયથી સકળ બ્રહ્માંડના પ્રજાજનોને રોજ-બ-રોજ આનંદ અને મોજનું સાધન થઇ પડયો છે. છતાં પણ અનેકાનેક યુગોના વહી જવા છતાં પૃથ્વીની સપાટીપર વીરરસમાં વધુ અને વધુ ઉભરાતો અને વંશપરંપરા વધુ અને વધુ વૃદ્ધિ પામતો આધુનિક કાળ સૂધી તે કેવી રીતે અસ્તિત્વ ધરાવી શક્યો છે તે જોવાની, જાણવાની કે જૂસ્તેજૂ કરવાની લોકવર્ગને કિંચિત પણ સ્પૃહા હોય એવું આપણા દીઠામાં આવતું નથી! એ બેશક માનવસ્વભાવમા દૃષ્ટિગોચર થતી સંખ્યાતિત કૃતઘ્નતામાંની એક કૃતઘ્નતા માત્ર છે, જેની ઉપર ઐતિહાસિક અને નિષ્પક્ષપાત મનોવૃત્તિથી ટીકા કરતાં આપણ ક્ષમાવૃત્તિથી કે કૃપાદૃષ્ટિથી આપણાં ચર્મચક્ષુઓ એકબારગી બંધ નજ કરી શકયે! આપણાં અંતઃકરણો-તે ગમે એવું કઠોર અને નિર્ઘૃણ થઇ ગયું હોયું તોપણ-એટલું તો માન્ય કરવુંજ જોઇએ કે ઇતિહાસ કંઇ વગર પરિશ્રમે અને આપોઆપ તો લખાઇ શકેજ નહી, અને અમુક પ્રકાર અને પ્રકૃત્તિનાં મનુષ્યોની સાહ્યતાવિના તે ચોખ્ખુટ અને ચૌદ બ્રહ્માંડમા પ્રચલિત પણ થઇ શકેજ નહીઃ ત્યારે પ્રશ્ન ઉદ્‌ભવે છે કે એવી વ્યકિતઓ કોણ હતી?—ભાટચારણો!

પવનકો તોલ કરે, ગગનકો મોલ કરે,
રવિકો હિંડોલ કરે, ઐસો નર ભાટ હૈ!
પત્થરકો કાંટે સૂત, બાંઝનકો જનાવ પૂત,
મસાનમે બસૈ ભૂત, તાકો ઘર ભાટ હૈ!
બિજલિકો કરૈ લેવા, દવનિસુ રાખૈ દેવા,
રાહુ કો ખવાવૈ મેવા, ઐસો સહર ભાટ હૈ!
મેઘનકો રાખૈ ઠેરા, તખ્તકા લૂટાવે ડેરા,
મનકા સંભારૈ ફેરા, ઐસો નર ભાટ હૈ!

એટલું તો યાદ રાખવું કે જ્યારે જ્યારે અને જ્યાં જ્યાં પણ ઐતિહાસિક વિષયો, રણધીર શુરવીરોનાં જીવનવૃત્તાંતો-તેઓના પરાક્રમો, સાહસકર્મો કે ગુણલક્ષણો, કે અમુક પ્રજાની રિદ્ધિસિદ્ધિ અને કળાકૌશલ્યાદિ ઉપર વાદવિવાદ થતો હશે, ત્યાં એ વિવાદનાં ભિત્તરમાં, ઇતિહાસનાં મૂળ કિંવા બીજ રૂપ, જો કંઇ પણ ચક્ષુઓ સમિપ તરી આવશે, તો તે ભાટચારણોજ છે! તેઓ પોતે તો નિઃસ્પ્રૃહપણે સ્વસ્તુતિ અને આત્મપ્રશંસાથી યોજનો દૂર ભાગશે.—ના, તેઓ પોતાનાં નામઠામ અને ગામ પણ પ્રસંગવશાત્ આમવર્ગથી ગુપ્ત રાખશે,—પરંતુ પરમકૃપાળુ પરમાત્માએ માનવીમાત્ર પર જે બુદ્ધિબળનું દાન કર્યું છે, તેને ઉપયોગમાં લઇ આપણું જોવા અને જાણવાનું કર્તવ્ય છે કે ભાટો વગર ઇતિહાસની હસ્તી પણ હોઇ શકતી નથી! ઇતિહાસમાં

દર્શાવવામાં આવેલાં પ્રૌઢ પ્રતાપી કૃત્યો વાંચતાં કે શ્રવણ કરતાં માનવહૃદયમાં આનંદાનંદના ઉભળકા છવાઈ રહે છે, પરંતુ એવા વીરચરિત્રો કેટલા અગાધ પરિશ્રમ પછી જોગાં કરવામાં આવતાં હશે અને તેઓને કાવ્યમાં કેટલી દુસ્તર વિટંબણાઓ પછી રચવામાં આવતાં હશે તેનો ઝાંખો ભાસ માત્ર પણ વાંચકવૃંદની કલ્પનાશક્તિમાંથી પસાર થઈ જતો નથી એ ખરેખર શોચનીય છે! ભાટચારણો એક એવી વ્યક્તિ છે કે જે આપણને પોતાની કાવ્યકૃતિદ્વારા આપણા યશસ્વી પૂર્વજોની સાથે નિકટ સંયોગમાં લાવે છે, આપણાં મનમાં તેઓનું પરમપૂજ્યમાન સ્મરણ જેવું ને તેવું તાજું રાખે છે, આપણાં મંદ થઈ ગયલાં ચૈતન્યને ઉત્તેજીતશક્તિ બક્ષે છે, અને એની રીતે આપણને આપણું સ્વદેશાભિમાનનું— આપણું આંતરિક વ્યક્તિતત્વનું ચાલુ ભાન કરાવી આપણી જાતની, આપણા દેશની, આપણા ધર્મની કે રહેણીકરણીની હાનિ થતી—વિધ્વંસ થતો અટકાવે છે! એવા ભાટચારણોને આપણું જીવનભર ઉપકૃત છીએ, એઓનાં કાવ્યોથી કોની ઉપર અસર થવા ન પામે?

श्रुते महाकवेः काव्ये नयने वदनेच वाः।
युग पद्यस्यनोदेति स वृषो महिपोऽथवा॥

મહાકવિઓનાં કાવ્યોનું શ્રવણ કરતાં જેનાં મુખ અને નેત્રમાંથી તત્સમયે "વા" શબ્દનો ઉદ્‌ગાર નહી નીકળે તેને વૃષભ કિંવા ભેંસ સમજવો! "વા"નો શબ્દાર્થ "અશ્રુ" તેમજ "ધન્ય!" થાય છે.

પૂરાતન કાળથી સૃષ્ટિ પર વિદ્યમાન દરેક દેશો અને પ્રત્યેક પ્રજાઓમાં ભાટચારણોનું મુખ્ય કર્ત્તવ્ય શૂરવીર યોદ્ધાઓને રણસંગ્રામમાં પોતાની અત્યોત્તમ કાવ્યકૃતિથી ઉશ્કેરવાનું અને પ્રોત્સાહન આપવાનું હતું. વિગ્રહ પ્રસંગે કોઈ પણ પક્ષનો વિજય તેના ભાટોનાં વીરરસ કાવ્યોની ઉત્કૃષ્ટતા અને તેમાં ઉભરાતાં શૌર્યનાં તત્વ ઉપર જેટલો અવલંબી રહેતો તેટલો ખુદ સામંત શિરોમણિનાં નૈપૂણ્ય ઉપર કે સૈનિકોનાં પ્રાગલ્ભ્ય ઉપર પણ નહીજ રહેતો હતો. આ સિદ્ધાંતની સત્યતાનો સાક્ષાત પુરાવો હલદિઘાટની યાદવાસ્થળી દર્મ્યાન દ્રષ્ટ થયો હતો, જ્યારે પ્રતાપી પ્રતાપ પોતાના અજેય અને અર્જિત રજપૂત ભડવીરો સાથે "હર હર મહાદેવ!"ની ગગનમંડળ ફાડી નાખે એવી ગર્જના કરતો અસંખ્ય મ્લેચ્છોના ધાડાંની અંદર નિડરપણે ધસી જઈ એક વ્યાઘ્ર જેમ અનેક મેંઢાંના રોળાની દુર્દશા કરે તેમ લાંબી દાઢીવાળા મુગલોની અંદર ત્રાસ વર્તાવી રહ્યો હતો, અને સલીમના હસ્તિપર પોતાનો વીરશ્વાસ ચેટક અશ્વ ઠેકવી ભાલો ફેંકતો હતો ત્યારે રાજબારોટ રજપૂત યોદ્ધાઓને ઉત્તેજીત કરતો હતો કે:

સિસોદિયા! શર વાવરો, કરી ધનુષ ટંકાર;
તૂંવારા તરવારે કરી, કરો શત્રુ સંહાર
ઝાલા! ભાલા વાવરો, કરી કાલો ક્રોધ;
સક્તાવતા! સાવધ રહી, જોર કરો મહા જોધ!
મહો! નામ અમર કરો, ધરો ન પાછો પાવ;
પ્રતાપ ચેટક ઠેકવી, દે સલીમ શિર ઘાવ!

પુરૂષો! પગ પાછો પડે, પિતૃ નહીં લે પંડ;
જુદ્ધમાં જય કીધા થકી, રહે કીર્તિ નવખંડ।
મરવાનું છે મહી વિષે, એમાં ન મળે ફેર;
જુધ્ધમાં તન ક્ષત્રિય તજે, મરે ન મરો ઘેર।
આપો જશ પરતાપને, લો કીર્તિનો લા'ચ;
ઓ શૂરા સિમોહિયા! આવ્યો દુર્લભ દાવ।

આવાં આવેગયુકત વેણોથી નવીન સામર્થ્ય સંપાદન કરી મુઠીભર રજપૂતો અગણિત અરિદળની અંદર બેદિલ્લરત ધસ્યા ગયા અને રિપૂઓને માર માર કરી તે દિવસે પોતાનું રજપૂત પણું સિધ્ધ કરી આપ્યું, કિંતુ તેઓની થોડી સંખ્યાને લીધે તેઓને હલવુ પડ્યું. એ યુધ્ધને વિષે ઝાલા રાજા માનસિંહે પ્રતાપને બચાવવા ખાતર તેનાં શિરપરથી છત્ર ઝૂંટવી લઇ પોતાને માથે ધરી મોગલદળમાં અદ્રશ્ય થઇ જઈ આત્મભોગ આપ્યો, જે ઉજ્જવળ કૃત્ય આજલગણુ મેવાડના ભાટો અભિમાનયુકત ગાય છે। ભૂવડ—જયશીખરના યુધ્ધમાં ભાટ બોલતો સંભળાયો હતો કેઃ-

હઠત કઉ તાકું બિરદાવલી બંદિજન રે સુભટા છત્રિસુત જો કહાઓ
એહિરન તિર્યભૂ ફેરિ કહુ નહી મિલૈ લેહી જશ લોક પરલોક આઓ.

પાછા હઠનારાને ભાટ વખાણીને ઉશ્કેરે છે કે; અરે સુભટો, જો ક્ષત્રિના દીકરા કહેવાઓ તો આ રણરૂપી તિર્યભૂમિ ફરીથી મળશે નહી માટે આ લોકમાં જશ લો અને પરલોકની ચાહના કરો. ભાટ આઢા દુરસાજીએ પ્રતાપને માટે ઘણા સુદર સોરઠાઓ મારવાડી ભાષામાં જોડ્યા છે જે મેં અન્યત્ર પ્રકટ કર્યા છે. સંગ્રામ સમયે ભાટચારણો વીરપુરૂષોને સંબોધી કહે છેઃ

આગે પગ તો પત રહે, પાછે પગ પત જાય;
ભાગા બેડો બ્હાવડે, વંકુ રંગ ચઢાવ।

ભાટની ભટાઇ રણાગણુમાંજ ઉપયોગી થઇ પડે છે એવું કઇજ નથી. જ્યારે દેશ સુલેહ અને શાનિના સાલ્હામાં સૂતેલો હોય છે ત્યારે પણ વખ્ત-બ-વખ્ત ભાટચારણોની અનુપમ નૈસર્ગિકતા અદ્‌ભૂત પરિણામો નિપજાવે છે એ વિષેનાં અનેક ઉદાહરણો આપણુ ઇતિહાસમાથી મેળવી શકયે છીએ. ત્રાન્સોક્ષિઆના ("માવરા-ઉન-નહર") અને બોખારાના પ્રજ્ઞાપ્રતિપાળ નસરઅલીન અહમદ સામાનીની દરબારનો અલંકાર રોડકી નામક એક અંધ ભાટ હતો. જો કે તે બાપડાએ જન્મથી ચર્મચક્ષુઓનો પ્રકાશ ખોયો હતો, છતાં પણ આ મંદભાગ્યતાની યથાયોગ્ય પારિતોષિક તરીકે ઇશ્વરે તેને અતિ ઉચ્ચ પ્રકારની કાવ્યચમત્કૃતિથી નવાઝ્યો હતો એકવાર શાહ નસર બોખારાથી સર્વ શહેરના નૃપતિ શાહજેહાનને મળવા ગયો હતો, જ્યાં તેણે ઘણો કાળ વ્યતિત કર્યાથી તેના દરબારીઓનાં મન વિકલ થઇ ગયાં અને તેઓએ પરમપ્રિય બોખારા તુરત જવાની મનોવાંછના દર્શાવી રાજબારોટ રોડકીને વિજ્ઞપ્તિ કરી કહ્યું કે તેણે એક એવું શ્રેષ્ટ કાવ્ય જોડી "ઉડ" વાજીંત્રપર શાહની આગળ ગાયુ કે જેથી બોખારા ઝટ પહોચી જવાની તેને મહત્વાકાંક્ષા ઉદ્‌ભવે. એક પ્રભાતે સમયાનુસાર રોડકીએ શાહ નસરને ખુશમિજાજમાં જોઇ "ઉડ" વાજીંત્રપર ગાયુ કે

યાદે જૂયે મૂલ્યાન આયદ હમી, બુયે યારે મેહેરબાન આયદ હમી।
રીગે આમૂની ઓ દૂરસ્તીહાએ ઉ, ઝીરે પા ચૂ પરનિયાન આયદ હમી।
આબે જીહૂનો શમરીહાએ ઉ, ચંગે મા રા દરમેઆન આયદ હમી।
અય બુખારા! શાદ બાશો દેરઝી, શાહ નઝદત મેહમાન આયદ હમી।
શાહ માહરતો બુખારા આસમાન, માહ સૂયે આસમાન આયદ હમી।
શાહ સર્વસ્તો બુખારા બુસ્તાન, સર્વ સૂયે બુસ્તાન આયદ હમી।

અર્થાત્ અમને મૂલ્યાનનાં ઝરાનું સ્મરણ થાય છે અને કૃપાવંત મિત્રની સુગંધ આવે છે. આમૂનની રેતી અને તેનું વજ્રપણું અમારા પાદનીચે જાણે રેશમી કપડાં જેવું સુંવાળું લાગે છે। જીહૂન નદીનું જળ અને તેના ચમત્કારો અમારાં વાદ્યનાં તૂનસૂરમાં ખલલ નાખે છે! અય બોખારા! તું આનંદ પામ અને દિર્ઘાયુ ભોગવ, સબબ કે શાહ નસર તારી તરફ ઝટ એક અતિથિ તરીકે આવશે! શાહ જાણે ચંદ્રમા જેવો છે, જ્યારે બોખારા આકાશરૂપ છે. ચંદ્રમા ગોપા નભોમંડળ પ્રત્યે ગમન કરે છે! પ્રજાપતિ તે સીહાં સર્વનાં વૃક્ષ જેવો છે, જ્યારે બોખારા એક સુંદર વાટિકા છે. જાણે સર્વનાં વૃક્ષનું ઉદ્યાન તરફ આવાગમન થાય છે! આ અદ્વિતિય કાવ્યથી શાહ નસરનું ચિત્ત એટલું વિહ્વલ થઇ ગયું અને તેનામાં બોખારાનાં સૌંદર્ય માટે એટલું ગર્વાભિમાન ઉભરાયું કે માત્ર પહેરણ અને સ્લીપરભર તે ઘોડેસ્વાર થઇ કર્યાએ પણ એક ક્ષણ પણ વિસામો લીધા વિના બોખારા તરફ ભાગી ગયો!! ભાટની ભટાઇ તે એ ખરી।

ઝાલર બાજે ભકતજન, બંબ બજે રજપૂત;
એતા ઉપર ના જગે, આહો ગાંઢ કપૂત!

ભાટચારણો પૌર્વાત્ય પ્રદેશોમાંજ અસ્તિ ધરાવી ગયા છે એવી માન્યતા ધારવી એ પ્રમાદ છે. યુરોપમાં પણ અત્યંત યુગોથી ભાટલોકોની હસ્તી જણાઇ છે. યુરોપી ભાષાઓમાં "ભાટ" માટેનો શબ્દ "Bard" મળે છે જે વૅલ્શ 'Bardd" ઉપરથી નીકળ્યો છે, જે પૂરાતન સૅલ્ટીક ભારોટોને લાગુ કરવામાં આવતો હતો. લ્યુકન, ફ્રૅરટસ, ઍમ્મ્યાનસ માર્સેલિનસાદિ લૅટીન ગ્રંથકર્તાઓ "Bardi" શબ્દ ગૉલ અને બ્રિટનના પ્રાચીન ભાટોને અર્થે વાપરી ગયા છે। અનાદિ કાળના યુરોપી પૃથ્વિપતિઓ વર્ષે એકવાર ભાટચારણો પાસે કાવ્યપ્રતિસ્પર્ધાસંમેલન ("Eisteddfodan") કરાવી કુશળ ભાટોને યોગ્ય ઇનામો આપતા। આ રીતિનો રાણી ઍલીઝાબૅથના રાજ્યઅમલમાં ઇંગ્લંડમાંથી પ્રતિષેધ કરવામાં આવ્યો હતો! ઍંગ્લો-સૅક્સન પ્રજામાં ભાટલોકો "Gleoman" તેમજ "Sc'op" ને નામે પ્રસિદ્ધિ પામ્યા હતા. સ્કૅન્ડીનેવ્યન ભાટો "Skald" ને નામે જણાયા હતા. આયર્લંડના ભારોટોના ત્રણ વર્ગ હતા; "Filedha" ભાટો ધાર્મીક અને લડાયક ગીતો બનાવતા; "Breitheambaim" વર્ગના ભાટો કાયદાને લગતાં ગાયનો રચતા, જ્યારે "Seanachaidhe" ભારોટો વિશેષે કરીને રાજ્યના ઇતિહાસકારો હતા. આ દેશનો અંતિમ ચારણ ટરલો ઓ' કેરોલન [ઇ. સ. ૧૬૭૦-૧૭૩૭] થઇ ગયો છે. ૧૧મુ ખ્રીસ્તના ૧૧ મા, ૧૨ મા અને ૧૩ મા સૈકામાં ફ્રાંસની દક્ષિણે ભાટલોકોનો ઝા ટોળો થઇ ગયો છે જે "Troubadours" ની સંજ્ઞાથી વિષવિખ્યાત થયો છે. "ટ્રુબૅડૉર" શબ્દ પ્રૉવન્સલ ભાષાના "troubar" ધાતુ ઉપરથી નીકળ્યો છે જેનો અર્થાય "રચવું" એવો થાય છે. "કવિ" શબ્દનો મૂળધાતુ પણ અનેક ભાષાઓમાં એજ રહસ્યાર્થ પ્રદર્શિત

કરે છે. દૃષ્ટાંત રૂપે, "કવિ"નો મૂળ સંસ્કૃત "કુ" કિંવા કલ્પવું છે; ઇંગ્રેજી Poet શબ્દ, જેટીન "Poeta" મીક "Poietes" અને ફ્રેંચ "Poete" એ સઘળા ગ્રીક ધાતુ "Poieo" માને રચવું ઉપરથીજ નીકળ્યા છે, તેજ પ્રમાણે "નઝમ" [કાવ્ય]નો મૂળાર્થ "ગોઠવવું" એવોજ નીકળે છે। એ ઉપરથી એટલું તો સિદ્ધ થાય છે કે ભાટચારણો ખરેખરા અને પૂરેપૂરા કવિ છે. હવે ફ્રાંસની ઉત્તરે પણ આશરે એજ સદીઓમાં એક ભાટ પ્રગટ થઇ ગઇ છે જે Trouveres કહેવાતી. આ શબ્દ વાલૂન ભાષાના "trouver" ધાતુ પરથી ઉત્પન્ન થયો છે જેનો અર્થ પણ "રચવું"જ થાય છે. આ ટ્રુબૅડૉર ભાટો સાહસિક લડવૈયાઓ પણ હતા. આ પ્રકારના ચારણોના ત્રણ વર્ગ હતા. "Bufos" "Joculatores." અને "Troubadours," એક ટ્રુબૅડૉરને કર્તવ્યપરાયણતા માટે કહેતો ગીતાયો છે કે:

"My arm it is my country's right,
My heart is in my true-love's bower;
Gaily for love and fame to fight
Befits the gallant Troubadour!"

જો અખિલ ભારતવર્ષમાં કોઇપણ ખરેખરો પ્રતિભાશાળી ભાટ થઇ ગયો હોય તો તે પૃથ્વીરાજ ચૌહાણનો મિત્ર ચંદ બરદાઇ છે. તેણે "પૃથ્વીરાજ રાસો" નામક એક ઉત્તમ ગ્રંથ દીંદીમા લખ્યો છે જેમાં તે જણાવે છે કે શાહબુદ્દીન ઘોરી પૃથ્વીરાજને કેદી બનાવી ગીઝની લઇ ગયો અને તેને બારે સાકળોથી બાંધ્યો। પાછળથી ચંદબારોટ પોતાના પ્રભુની રક્ષા માટે ગીઝની દરબારમાં ગયો અને સુલ્તાનને પોતાની કાવ્યકળાથી દિગ્મૂઢ બનાવી દીધો, સુલ્તાને પ્રસન્ન થઇ ચંદને પૃથ્વીરાજને મળવાની રજા આપી. આ સ્વરક્ષાબીમાની બારોટે યુક્તિપ્રયુક્તિથી સુલ્તાનને સમજાવ્યો કે પૃથ્વીરાજ કુશળ શબ્દવેધી બાણાવળી છે માટે તમારે એને યુક્તિ આપી એના ધનુષ્યબાણના પ્રયોગોનું નિરિક્ષણ કરવુ ઉચિત છે. પૃથ્વીરાજનું આ પરાક્રમ જોવા શાહબુદ્દીને એક અખાડો કર્યો. જ્યારે સર્વ સામગ્રી પરિપૂર્ણ થઇ ત્યારે ચંદે લાગ જોઇ પૃથ્વીરાજ (જેની આંખો ફોડી નાખવામાં આવી હતી તે) ને માર્મિકપણે સુલ્તાન શાહબુદ્દીન કયાં બેઠો હતો અને તેનો કેવી રીતે નાશ કરી શકાય તે નીચલા દોહામાં કહ્યું:

ચાર બાંસ, ચોવીશ ગજ, અંગુલ અષ્ટ પ્રમાણ;
એ તે પર સુલતાન હૈ, મત ચૂકે ચૌહાણ!

આથી પૃથ્વીરાજે બરાબર નિશાન લઇ શાહબુદ્દીનને હાર કર્યો। પછી તરતજ ચંદે કટારી કાઢી નિજ પતિના પેટમા મારી તેને દુઃખથી બોકળો કર્યો અને પછી પોતે પણ આત્મહત્યા કરી યમલોક સિધાર્યો. ચન્દ અને પૃથ્વીરાજને માટે લોકવાયકા છે કે બન્ને પ્રાણપ્રિય મિત્રો એકજ દિવસે જન્મ્યા હતા અને વૈકુંઠવાસી પણ બન્ને એકજ દિવસે થયા હતા। ધન્ય હોજો એના દેશહિતકારી ચારણોને! "રાસો" જે કવિએ અપૂર્ણ રહેવા દીધો હતો તે એના પુત્ર જૂલ્હને સમાપ્ત કર્યો. એ યુદ્ધ વિષે "રાસા"મા ચન્દ કહે છે:

ખુરાસાન મુલ્તાન ખંધાર મીર,
અલક સોભતં તેગ અચ્ચૂક તીર;

રહંગી ફિરંગી હલંબી સમાની,
હરી હટ્ટ બસ્સોચ્ચ ઢાલં નિસાની।
મંજરી ચખી મૂકખ જમ્બકક ક્ષારી,
હજ્જરી હજ્જરી ધક્કૈં જોધ ભારી;
તિનં પપ્પરં પીઠ હય જિન સાલં.
ફિરંગી કટી પાસ સુકલાત લાતં।
જહાં બાધ બાધં મરી રિછોરી,
ધનં સાર સમ્મૂહ અરૂ ચૌરં ઝોરી;
ઓરાકી અરબ્બી પટી, તેજ તાજી.
તુરકકી મહાબાન કમ્માન બાજી।

તે વળી વધુમાં કહે છે:

ગહી તેગ ચહુવાન હિંદવાન રાનં, ગજ્જં જૂથ પરી કોપ કેહરિ સમાનં;
કરે ફેંડ મૂંડં કરી કૂંભ ફારે, બરં સૂર સામંત હૂકી ગજ્જં ભારે।
કરી ચિહ્ન ચિક્કાર કરી કલ્પ મગ્ગે, મદં તંજિયં લાજ ઉમંગ ભગ્ગે;
દોરે ગજ્જં અધ ચહુવાન કરો, કરિયં ગીરદ્દૂં ચિહ્નો ચક્ક ફેરો।
ગીરદ્દં ઉડી બાન અંધાહ રૈનં, ગહ સુધિ સુજ્જૈ નહીં મજ્જી નૈનં;
સિરં નાય કમ્માન પ્રથિરાજ રાજં, પકરિયે સાહિ જિમ કુલિંગ બાજં!
લૈચલ્યો સિતાબી કરી ફારિ ફૈજં, પરે ભિર સૈં પંચ તહં ખેત ચૌજં;
રજપૂત પચ્ચાસ જૂજ્ઝે અમેરં, બજે જિત કે નદ્દ નિસાન ઘેરં।

આ મહાકવિની અપૂર્વ કવિતા વાંચતાં આપણને એક સંસ્કૃત શ્લોક સાંભરી આવે છે: જે કાવ્યથી પારકાનું હૈયું ભેદાયું નહીં, અને જે તીરે સામા વિરોધીનું ડોકું ઉડાડ્યું નહીં, તેવી કવિતા કવિએ કીધી તે શા કામની, અને તેનું તીર ધનુષ ધરનારે માર્યું તે શું ઉપયોગ ગયું? ચંદની કવિતાથી નિર્મળ પણ બળિષ્ટ બને છે!

किं कवेस्तस्य काव्येन किं काण्डेन धनुष्मतः ।
परस्य हृदये लग्नं न निहन्ति च यच्छिरः ॥

વળી બાટચારણો એક બીજાની પ્રતિસ્પર્ધા કરવામાં પણ પાછી પાની કરતા નથી. સ્કૉટલંડ દેશમાં બાર શૌકાએ અથાગ પરિશ્રમ લઈ એકઠાં કીધેલાં વીરરસ કાવ્યોનું એક પુસ્તક છે જે "Minstrelsy of the Scottish Border" ને નામે સુપ્રસિધ્ધ છે, તેમાં બે બાટોનાં દંદ્વયુદ્ધની એક કથા છે. એકનું નામ તેની અદંતામમાતા ઉપરથી "Rattling Roaring Willie" એવું છે જ્યારે બીજાને "Sweet Milk" ની અતિ અદ્ભુત સંજ્ઞાથી વિખ્યાતિ પામ્યો છે. તિવ્યટ નદી આગળ બન્ને બાટોને ટંટો થયો, જેથી તેનો નિર્ણય કરવા બન્ને તરવાર લઈ એક એકાન્ત બીડમાં ગયા જ્યાં આપણો "Sweet Milk" માર્યો ગયો. જે સ્થળે તેનું ધડ પડ્યું હતું ત્યાં એક કંટકવૃક્ષ હતું, જેનું નામ આ બનેલા ઉપરથી "Sweet Milk Thorn" પડ્યું. વિલીનો પાછળથી જેડબર્ગ ખાતે શિરચ્છેદ

કરવામાં આવ્યો હતો. આ બારોટ એક રઙ્ગીય રણગીત નામે "Rattling Roaring Willie" નો ઉત્પાદક કહેવાય છે. બારોટની અન્યોન્ય કર્યાનાં દૃષ્ટાંતો ફારસી સાહિત્યમાંથી પણ મળી આવે છે. રશીદી અને આમાક એ બન્ને જણ બોખારાના સુલ્તાન સંજરની દરબારનાં આભૂષણો હતાં, પરંતુ બન્નેને એક બીજા પ્રત્યે દ્વેષભાવ હતો. એકવાર શાહ સંજરે અમાકને રશીદીની કાવ્યપ્રતિભા વિષે પૂછયું. આમાકે પ્રત્યુત્તરમાં પોતાના અખાડા કાઢ્યા કે: રશીદીનાં કાવ્યોમાં મીઠું જ હોતું નથી! આ અનુપપન્ન વાગ્માણના ઉત્તરમાં રશીદીએ નિજ પ્રતિસ્પર્ધિને કટુ ઉપાલંભોથી તત્કાળ વીંધી નાંખ્યો કે:

શાઅરહાએ ગરા બી નમકી અપન કહીં, રસા બુવદ શાયદ,
શાગરહાએ મન હમ્ચૂ શકરો શહદસ્ત, અંદરી હેા નમક નેકૂ નાયદ:
શાલગમે બાકેલસ્ત ગોફ્તેએ તૂ, નમક અપ કુલ્તેનાં! તોરા શાયદ!

મારાં કાવ્યોને તું મીઠાં વગરનાં અરસ ખામીપૂર્ણ કહે છે, તે વાસ્તવ વ દુરસ્ત છે, કારણ કે તેઓ ખાંડ અને મધનાં જેવાં મિષ્ટ છે, જેમાં મીઠું નાખવું બિનઉપયોગી છે! જ્યારે તારી કવિતાઓ તો શલગમ (turnip) અને બાફેલાં શાક જેવી છે, માટે એ અધમમતિના! તને તો નિમકની અગત્ય છેજ!

ચંદ બછી જો મર્દાપણું ભારતભૂમીનાં ભૂષણરૂપ બન્યું થયું હોય તો તે શીવાજી મહારાજનો બારોટ ભૂષણ છે. ઔરંગઝેબની ક્રુર દમનનીતિ અને અનિતિષ્કરણ ધર્માંધપણાથી તે સમયની હિંદુ પ્રજા ત્રાહિ ત્રાહિ પોકારતી હતી, પરંતુ જગદિશ્વર તેજ વખતે નિર્દય દુષ્ટોનાં ઉચ્છેદ માટેનાં આયુષાયો યોજતોજ રહ્યો હતો. ઔરંગઝેબનો સમકાલીન શિવાજી મહારાષ્ટ્રમાં હાહાકાર વર્તાવી રહ્યો હતો અને તેનાં ખાણખળ અને દિગ્વિજયતા પ્રતાપે સકળ દખ્ખણના સિંહાસનો ઉપર હીંદુ ધ્વજ ફરફરતી હતી. ભાટ ભૂષણ પૃથ્વિ પોતાના ભાતૃઓ સાથે મોગલ દરબારમાં હતો, પરંતુ અકરણ દીલ્લીપતીના ઘોર અત્યાચારોથી તેને મોગલ સામ્રાજ્ય પર ધિક્કાર ઉત્પન્ન થયો હતો. પોતે હિંદુ હોવાનું ગર્વાભિમાન તેનાં રોમરોમમાં વ્યાપ્ત થયું હતું અને તે સ્વજાતિ, સ્વધર્મ અને સ્વદેશની ઉન્નતી અને ઐશ્વર્ય માટે અમાપ ઉત્કંઠા અને અભિલાષા ધરાવતો હતો. એકવાર ઔરંગઝેબે દરબારના કવીઓને કહ્યું: "તમે સઘળા મારી જુઠી ખુશામદ કરો છો—મારા ખરા ગુણદોષનું કોઇ વર્ણન કરતું નથી!" ભૂષણે અવસર જાણી કહ્યું:

ઇન્દ્રજિમ જંભ પર બાડવ સુઅંભ પર,
રાવન સદંભ પર રઘુકુલ રાજ હૈ!
પવન વારિવાહ પર સંભુ રતિનાહ પર,
ઇમ્મિ કુમોદ મહા મોદ કે સમાજ હૈ!
દારા કી દૌર જિમ અરિ પર ફિરાવત હૈ,
તારા પર જૈસે દિવાકર કિરાજ હૈ!
તૈસે હિંદુરાજન પર સાહિ તરવારિ તેરી,
દારુન દુવારિ પર દીસત દુવાજ હૈ!

ભૂષણના આ બાહિંમત શબ્દપ્રહારથી ઔરંગની રગરગમાં ક્રોધાગ્નિની જ્વાળા સળગી રહી, પણ અભયવચન આપેલું હોવાથી મૌન્ય ધારી બેઠો! ભૂષણે જોયું જ નહી હોય તેમ વધુ ચમકા મૂકવા માંડયાઃ

તસખિ લે હાથમે સુપ્રાત કરે બંદગી વે.
મનમે કપટ સો જપે હૈ જપ જપ્પ કે।
આગરે મે આય દારા ચોકમે ચૂનાય દિનો,
માર્યો નિજ તાત છત્ર છિન્ન લિનો છપ્પકે।
શાહસુજે ઘેર લાગો અહમ દુવાઇ ફેરી,
નાશ કિનો કુટુમ્બ તમામ ચંપી ચપ્પકે!
ભૂષન ભનંત શઠ છંદિ મતિમંદ ભયો,
નોંસો ચૂહા ખાય કે બિલાય બૈઠી તપ્પકે!!

આ કટુવેણોનું શ્રવણ કરતાંજ બાદશાહ તેનો શિરચ્છેદ કરવા ઉઠયો, પરંતુ સામંતોએ તેને અભયદાનની યાદ આપવાથી તેણે ભૂષણને દિલ્હી છોડી જવાનો આદેશ દીધો. આથી ભૂષણ પોતાની પવનવેગી કેસરી ઘોડી પર સ્વાર થઇ બાદશાહને નમ્યા વગર ચાલ્યો ગયો. ઔરંગઝેબે તેને પોતાની મસિદમાંથી જોયો અને એક ભાટને કહ્યું કે એને પૂછ કે કયાં કાળુ કરે છે? આથી તે ખુશામદ ખોરાએ ભૂષણને પૂછયુંઃ

હૈ રંગ નૌરંગ શાહકો, ઔર ન દૂજો રંગ;
સાત દ્વિપ નૌવ ખંડમે, જૂરે ન જિતે જંગ।

તેને બાદશાહની ખોટી સ્તુતિ કરતો જોઇ ભૂષણે મ્હેણું માર્યું કેઃ

કેતેક દેશ જિતે દળકે બળ, દક્ષિન દેશકો ચાંપિકે નાખ્યો।
માન ગુમાન હર્યો ગુજરાતકો, સૂરત કો રસ ચૂસકે ચાખ્યો।
ચંજન પેલી મલેચ્છ મલે સબ, સોહિ બચ્યો જિન દિન વ્હે ભાખ્યો।
સારંગ હૈ શિવરાજ બળી જિન, નૌરંગમાં રંગ એક ન રાખ્યો

પોતાના શત્રુ શિવાજીની પ્રશંસા સાંભળી ઔરંગઝેબને ઝાળેઝાળ બળી અને ભૂષણને પકડી લાવવા તેણે સ્વારો દોડાવ્યા પરંતુ તે નિડર ભાટ તો વિધાસુ કેસરીને એક મારી કયાંનો કયાં ઝાડીમાં અદ્રશ્ય થઇ ગયો હતો!

ભાટની ભટાઇને લગતાં કેટલાંક રઘુગીતો અત્યંત આશ્ચર્યજનક પરિસ્થિતિમાં લખાયાં હોય છે. કિપ્લિંગને માટે કહે છે કે જ્યાં તે "શાહનામું" લખવા બેઠો હતો ત્યાં પોતાની આસપાસ ઘરાની જંગબહાદુરોની તસ્વીરો મઢાવી હતી, અને પોતાની સમિપમાં ઢાલ, તરવારાદિ સઘળાં અસ્ત્રશસ્ત્રો મુકાવ્યાં હતાં, જે સર્વેનું તે નિરિક્ષણ કરતો જતો અને એવી રીતે પ્રેરણાયુકત થઇ આકર્ષક શબ્દરો રચતો જતો! છેલ્લાં જગત્પ્રસિધ્ધ યુદ્ધ દરમ્યાન ડૉ૦ જૉન મૅકક્રેએ. "In Flanders' Fields" નામક રણગીત એક આઠ પીટ ચોરસ ખાડીમાં બેસી જોડયું હતું! કાર્લાઇલનાં કહેવા પ્રમાણે સ્કૉચ પ્રજાનું ઉત્તમોત્તમ ગીત "Scots Who Hae!" છે, જે કવિ બર્ન્સે જંગલમાંથી ઘોડેસ્વાર થઇ મુસાફરી કરતાં બનાવ્યું હતું, જે વખતે આકાશમાં ગર્જના થતી હતી અને વિજળી ચમકારા મારતી હતી!! અમેરીકા અને ઇંગ્લંડ વચ્ચે વિગ્રહ થયો

ત્યારે ફ્રાંસીસ સ્કૉટ કી નામક દેશપ્રેમી અમેરીકન સિપાહી ફૉર્ટ મૅકહેન્રી નામના કિલ્લાપર અમેરીકન ઝુંડા ફરકતો જોઇ "The Star spangled Banner"નું ગાયન જોડ્યું હતું. પ્રત્યેક સૈનિકે તે ગોઠે કર્યું હતું, અને તે છેવટે અમેરીકાનું રાષ્ટ્રગીત થયું હતું! "And better than a poets' fame, a little grave without a name" નો લેખક ફ્રાન્સિસ લૅંબવિગ નામનો આર્યલંડનો કવિરાજપતિ હતો, જે પાછળથી "Innis killing Fusiliers"માં ભાલા બરદાર થયો હતો, અને જુલાઇ ૧૯૧૭ માં ફ્લૅન્ડર્સની લડાઇમાં માર્યો ગયો હતો! એ પ્રમાણે ભાટ લોકો અનેક સ્વરૂપમાં સ્વદેશ, સ્વપ્રભુ, અને સ્વધર્મની અતુલ અને અકથનિય સેવા બજાવી સ્વભૂમિભક્તિની કેવી પરાકાષ્ટા પ્રદર્શિત કરે છે તેનું યથાયોગ્ય વર્ણન કરવા કોઇ પણ કલમ સામર્થ્યવાન નથી! એક સર્બ્યન ભારોટ પોતાની સ્વામિભક્તિ અને કૃતજ્ઞતા દર્શાવતાં પોતાના પાલનહારને સંબોધી કહે છેઃ—

"Strahni-Bane, ti sokole srpski!
Tvome Diogu i tvome junashtvu
Serw su brodi, dyegody dodyesh vodi!"

"ઓ પ્રભુ ઑહિન્ય! હે સર્બ્યન બાજ પક્ષી! તારા પોતાના નિમકહલાલ અલ્પ ઠીયેગુ ઉપર સ્વાર થઇ અને તારાં પોતાનાં બાહુબળ પર ઉસ્તવાર રહી તું જ્યાં પણ જાય ત્યાં નિર્ભય રહેજે! એક હિંદી ભાટ પોતાના દેશ ઉપર દુર્દૈવનું પ્રાબલ્ય જોઇ અને તેને અસદ્ગતિમાં ડુબતો જોઇ હૃદયદ્રાવક ઉદ્ગાર કાઢે છે કેઃ

વિવાદિ પડે હૈ યહાં કૈસે કૈસે! કલામ આને હૈં દરમિયા કૈસે કૈસે!
જહાં દેખિયે મ્લેચ્છ સેના કે હાથેં મિટે નામિયોં કે નિશા કૈસે કૈસે!
બને પઢકે ગૌરંડ ભાષા દ્વિજાતિ મૂરિદાને પીરે મગાં કૈસે કૈસે!
બસો મૂર્ખતે દેવિ આર્યો કે ઇ મે, તુમ્હારે લિયે હૈં મકાં કૈમે કૈસે!
અનુયોગ આલસ્ય સન્તોષ સેવા હમારે ભી હૈ બિહરમાં કૈસે કૈસે!
ન આપ દયા આહ! ગૌ ભક્ષિયોંકો, તડપને રહે નિમજ્જ કૈસે કૈસે!
વિધાતાને યાં મજ્જિયાં મારને કો બનાયે હૈ ખુશર જવાં કૈસે કૈસે!
અબિ દેખિયે કયા દશા દેશકી હો! બદલતા હૈ રંગ આસમાં કૈસે કૈસે!
હૈં નિર્ગન્ધ બસ ભારતિ વાટિકા કે ગુલો લાલ ઓ અર્ગવાં કૈસે કૈસે!
હમેં વહ દુખદ હાય ભૂલા હૈ જિસને તવાના કિયે તાતવાં કૈસે કૈસે!
પ્રતાપ અપ ની હૈટેલમે નિર્લજ્જતા કે મજે લૂટતી હવ ઝવાં કૈસે કૈસે!

(અપૂર્ણ.)

રમ્ય વિહાર.

ત્રેટક.

(૧)

ગગને સખી ! જો શશી પૂર્ણ ખીલે,
કૈં સોલ કળા રસ ઇન્દુ ધરે;
મૃદુ શાન્તજ સૌમ્ય પ્રકાશ થકી,
જડ ચેતનમાં રસ લ્હાણ કરી.
અહ ! સુંદર છે,
સુખ રૂપ જ છે,
ખીલવું તુજ ચન્દ્ર અનૂપમ છે.

(૨)

ખીલવા ચહતું મુજ દિલ હવે,
તુજ શું કૈં રમ્ય સુવાસ ચહે;
રસપૂર્ણ સદા ખીલવું ગમતું,
અવ, સુંદરી સાથ વસી રમવું.
મુજ રમ્ય દિલે,
સુવિચાર રમે,
બસ ! રમ્ય વિહાર અખંડ ગમે.

નલિનીકાન્ત.

સ્પેનમાં કોઈપણ યુરોપ્યન દેશ કરતાં ઘણાજ ચોખ્ખા રોજીંદા પેપરો પ્રગટ થાય છે.

એક ડાક્ટરનું એવું કહેવું છે કે પંદર જણામાંથી ફક્ત એજ જણ પોતાની જને આંખોને સારી હાલતમાં ધરાવે છે.

ત્રણ જાતના કુતરાઓ છે જે કદીપણ ભસતા નથી. એક એસ્ટ્રેલીયન કુતરો, બીજો સબપશીયન સેફર્ડ કુતરો અને ત્રીજો તીબેટનો સીંહના જેવું માથું ધરાવનો કુતરો

સૌથી સરસ અને સૌથી મોંઘી ફીંમતનો ચામડાનો સામાન ચીનમાં ચનચનકુ ભમે બનાવવામાં આવે છે. એ ચામડું સોપ, ગલોરી, શાર્ક વગેરેના દીલપરથી ઉતારીને અને તેને ક્યાર કરવામાં આવે છે. એ ચામડું ઘણુજ ટકાઉ અને જાજરમાન દેખાવ છે.

સીલોનમાં એસેતીક એસીડ નાલીયેરના કોટલામાંથી બનાવવામાં આવે છે.

સમન.

સંસારનો ફાંસો.

લખનારઃ—દારાં કાપડીયા

પ્રકરણ ૨૫.

"તમે મને ખાત્રી આપી શકશો, મીસ ગઝદર, કે તમે મારાં ધણી-આણીનાં ગુમ થઇ જવા વિષે કશુંજ જાણતાં નથી?" જેહાંગીર વાડીયાએ પ્રશ્ન કર્યો.

"અચ્ચીતજ, નહિ," તે મક્કારીએ ઝટ જવાબ દીધો; "હું કેમ કરી રીતે જાણી શકું?"

"હું ધારૂંછ," હવે દીનબાઈ ગઝદર વચ્ચે પડ્યાં, "કે આપણે વગર ફોન-ટનો આપસ વચ્ચે તરબાત મચાવ્યેછ. મીસીસ, હીરજીભાઇ કેથે બાહાર નિકળી પડયાં હશે, અને ત્યાંથી ધાર્યા કરતાં ધ્યાનમાં અને ધ્યાનમાં ઘણું દુર જતાં રહેલાં હોવાં જોઇયે. કદાચ પોતાનો રસ્તોજી ભૂલી ગીયાં હોય; બર્યા-એક નહિ પણ અનેક ધબારા ભયો વિચારો મને આવ્યા કરેછ. મી૰ હીરજીભાઇ, ભાઇ, જરા ધીરા પડો ને મનને શાંત રાખો. માહરી ખાત્રી છે કે સૌ સારૂંજ છે, જરા બુક બાચકો જમી હોશો; તમે તો કાંઇ બાધુણી નહિ હોશે, અને પરવરદીગારની મેહરથી તમે જમી નહિ રહેલા હોશો, તેટલાંમાં તો તમારી ધણીઆણી જીભરૂ આવીને ઉભીણી રહેલી હોશે. કાંઇ એવણ નાહ્લું બન્યું નથી કે ફીકર કરવાની જરૂર હોય. બાવા; મરી જાઉં, તેથી જરા શાંત પડો. એમ છેક બાકરા ગાભરા બનીને ભાજીનું પાણી ના થઇ જાવો!"

"બીહવાની કાંઇબી જરૂર નથી," બની હવે સીપલી થઇ. "કાંઇ તમુને હું મદદ કરી શકું એમ છે, મી૰ હીરજીભાઇ?"

તે લગરીક નાશીપાશ થઇ કે નાલાંની ગેરહાજરી વાસ્તે તેણે જોઇયે તે કરતાં ઘણું વધારે દીલમાં લીધું: પણ વળી તેજ ઘડીએ તેણીએ પોતાને સધ્યારો આપ-વાની કોશેશ કીધી કે એ તદન કુદરતી હતું કે તે પહેલ્લો 'શોક' હતો અને તેથી તેને ચોટલું બધું બચ્ચીતજ લાગવુંજ જોઇયે. પણ તે તેણીની ચાપલુસી-ઓરી જબાં અને મીઠા મીઠા બોલો તળે પાછો જલ્દી જરૂર રાહ પર આવી જશે; એવી તે દગાબાજ દદાને ઉમીદ ભરેલી બાત્રી લાગી.

"તું જરા હૉલમાં જઈને બેસ, માય, બની," તેણીનાં દીનબાઇ પુઇએ ફર-માવ્યું. "મરે, જ્યારે જીવ વમાસણમાં પડેલો છે ત્યારેજ આપરે તાંહ કોઇ

આવીને જેકુંછ, નહિ તાહરે દાહરાઓનાં દાહરા સુધી કોઇ કારૂં ચલ્યુંબી આવે નહિ. બા, મની, તું જરા જઇને વાતચીત કર્યા કર; હું ઓય તાહરી પુથે આવી."

દીનબાઇ ગઝદરે જેહાંગીર વાસ્તે ભોણું મંગાવ્યું અને તેને ધીરા પાડવાને વાસ્તે તેણીએ પોતાનાથી બની એટલી સઘળી કોશેશો કીધી. તેણીએ તે ગાભરા પડેલા ભરથારને એટલુંજ સમજાવવાના ચાલુ પ્રયત્ન કીધા કે તેની ભારજા કેથે બોટે અને દુરનાં રસ્તે નિકળી પડી હશે, અને તેથી મોડી કે વહેલ્લી જરૂર પાછી ઘેરમાં ફરશે. બીહક કે ધાસ્તીને ઉતપન્ન કરવાની આટલી બી આવશ્યકતા ન હોતી.

પરંતુ જેહાંગીર વાડીયાનું મગજ જરા બી શાંત થઇ શકયું નહિ. દીનબાઇનાં ગમે તેવા ભલાઇભર્યા, ધીરજવંતા સબુનો છતાં તેની આકુળતા વ્યાકુળતા તો વધતીજ ગઇ. તેનાથી એક ઘુક પણ ગળામાંથી નીચે ઉતારી શકાયો નહિ, અને જ્યારે તે ભલાં બાનુ તેને છોડીને પોતાના ઓરડામાં ગયાં ત્યારે તેણે પોતાના તપતા જીવને ઠેકો પાડવાની મકસદથી લગભગ અર્ધો ગલાસ જેટલો બ્રાન્ડી કાઢયો અને બેધડક કાચો ગટાવી ગયો. તે કશું બી બાઇ શકયો નહિ-તેનું તન અને મન બંને તે આબ્બા દીવસમાં તેને લાગ્યા કરતી કાંઇ ભયાનક આગાહી જે સેવટે બરીજ પુરવાર થઇ હતી તેને લીધે બહુ દુઃખતું અને કળતું હતું તેનું દીલ તેનાં મગજ પરની આફતમય ચીંતાથી એટલું ધબણી આવ્યું હતું. કે હવે તેને લાગ્યું કે તે કાંઇ પણ વધુવાર બગી શકવાનો ન હતો.

જ્યારે રાત્રીના ભુરા ઓળાઓ આકાશ ઉપર દેખાવા લાગ્યા ત્યારે તેની દેહસ્તનો કાંઇ પણ સુમાર ન રહ્યો. તેણે ઘણાં ક્લેશથી ચંગ વબડયો ને દીનબાઇ ગઝદરને તાબડતોબ પોતાની આગળ તેડી મંગાવ્યાં.

"કાંઇબી કરવુંજ જોઇએ, અને તે બી ઘણી ઉતાવળે!" તેણે રાતો ભુંડ જેવો મારી જઇ બરાડ પાડી. "બાહરાથી હવે બીલ વધુવાર બમી શકાવાની નથી."

આ સાંભળી દીનબાઇ ગઝદરે પોતાનાં સઘળાં નોકર ચાકરોને તેડાવી મંગાવ્યા અને તે લોકોના હાથમાં લાકડી તેમજ કાણુસો આપી તૈયાર કીધાં.

"હું પણ બે લોકો સાથેજ જવશ," જેહાંગીર વાડીયાએ કહયું. "માહરી ડારલીંગ એમ બાહાર કોણ બત્યે શું બી દુઃખ ને આફતમાં હોશે તે વખતે હું ઘેરમાં નચીંતાઇથી કદી બી રહી શકવાનો નથી."

જો આ સઘળા ઉશકેરણીનાં આવેશમાં તેણે ફકટ એકજ વખત પોતાનાં રૂમમાં જવાનો વિચાર કર્યો હતે તો તે બેદની ચાવી તેને એકદમ મળી ગઇ હતે; પણ મોટાં કમનશીબે તેને કાંઇ તેવો ખ્યાલ કરવાનું સુઝયું નહિ; અને તે એનવેલપ તેની સાથે પેલી નાપાકીભરેલી ચીઠ્ઠી ખુલ્યા વગર એમનું એમ પડી રહ્યું. તે બધા નોકર ચાકરો સાથે બાસ્સો બે કલાક ઘેરની બહાર રહ્યો, કે જે દરમીયાન

આકાશમાંથી સુર્ય નારાયણનો ઝાંખામાં ઝાંખો પણ પડછાયો નાબુદ થઈ ગયો, અને દુન્યા ચુપકીદી ને અંધારામાં ગરક થઈ, સામી નદીનાં પાણી પણ ચુપ અને ગુપ્ત બની ગયાં. અવાજ કેમે કરી કેશ્રીએ મેરથી આવતો ન હતો. સઘળે નજર તાણીતાણીને ફેરવવા છતાં તે રૂપસુંદરીનો મનોવેધક આકાર કેથે ય નજરે પડયો નહિ.

સઘળા નારાજ, નાશીપાશ થયેલા, થાકેલા, કંટાળેલા કશાં પરીણામ વગર ઘરે પાછા ફર્યા જેહાંગીર વાડીયો તો ધાસ્તીથી દીવાના જેવોજ થઈ ગયો હતો; તેની ખાત્રી થવા લાગી કે નાજને કાંઇપણ થયું હતું; પરંતુ એતો તેને વિચાર આવીજ ન શકયો કે તેની પોતાનીજ બદમાસીનો તે કંગાળ નિર્દોષ ભોગ તેને, પોતાની નિર્લજ નામોશીલરેલી હાલત જાણતાંજ તેજ ઘડીએ ઘણી વખાણવા જોગ છતા, તે હીંમતથી તજીને જતી રહી હતી.

"મારાં ધણીઆણીનો તો કાંઈબી પત્તો નહી મળતો," ઘેરમાં દાખલ થતાં સમેતજ જેહાંગીરે તો ઘણું દુઃખથી બરાડી કહ્યું. "મારે હવે એકદમ પોલીસ સ્ટેશન ઉપર જઇને આ બીનાંનો રીપોર્ટ કરવો જોઈશે"

દીનબાઇ આંખમાં આંસુઓ સાથે પોતાના ઓરડામાં જતાં રહ્યાં; જ્યારે મનીએ એક હીંમતભરેલી બેદરકારી દેખાડવાની કોશેશ કીધી.

"બધું જરા વખતમાં બતમ થઈ જશે, અને, જ્યારે એને માલમ પડશે કે હવે નહિ મળી શકે એવી રીતે ગુમ થઇ ગઇછ ત્યારે જરૂર એ મને યાદ કરશે," તે પોતાનાં મનથી બબડી, એ મક્કારી મની ગજબદર.

પરંતુ તેણીનાં ચેહરાએ તેનો રંગ થોડો ઘણો ખોહી દીધો હતો, તેણીની આંખમાંનું તેજસ્વી નુર થોડું ઘણું ઉડી ગયું હતું. તે જાણતી હતી કે તેણીએ બાપડી નાજને કેવી રીતે રીબાવી ને સતાવી હતી, તથા તેણી શા વાસ્તે તે જવાનનો પલ્લો તજીને જતી રહી હતી.

પછી તે બન્યું કે જેનાથી જેહાંગીર વાડીયો બરેબરી ભયંકર સચ્ચાઇ જાણવાને સામર્થ્યવાન થયો. તે પોલીસ સ્ટેશન ઉપર રીપોર્ટ કરવા જતો હતો; ગાડી પણ તેને ત્યાં ખેંચી જવા તદન તૈયાર ઉભેલી હતી, તેટલાં બહારની સરદીનો ખ્યાલ કરી તે પોતાનો ગરમ ઓવરકોટ લેવા તેનાં ઓરડામાં ગયો ત્યાંની બત્તીઓ સળગાવવામાં આવેલી હતી, તે છતાં તે ઓગ્ડો તેને કાંઈ એવો કશમણો લાગો કે તેનું જોરાવર હૃદય તે સમજી શકે એટલા બધા મોટા ધબકારાઓ કરવા લાગ્યું. એ શુ હતું? તે તે ઓરડામાં દાખલ થયો, અને લગભમ સૌથી પહેલ્લીજ નજર પેલાં કમબખ્તીભર્યાં નાનાં સફેદ એનવેલપ ઉપર પડી અગાધ ધાસ્તીથી તેનાં કપાળ ઉપર પરસેવાનાં ઝરણાંઓ પુરી નિકળ્યાં. યા, પરવરદીગાર! નાજએ બધી સાચ્ચી વાત જાણી તો નહિ લીધી હોય? જો તેમ થયું તો—

તેનું આખ્ખું કપાળ પસીનાથી બધું ભીંજાઇને તરબોર થઈ ગયું. તેણે ધ્રુજતા લબલબતા હાથે પેલું કાગજ લીધું, એનવેલપ ઉપરથી ઉખેડી નાખ્યું અને તેની અંદરનો સમાવેશ તેનાં હાથમાં સડી આવી પડયો.

તેણે પહેલ્લાં નાનતું કાગજ વાંચ્યું. તે બધું જાણવા પાગી હતી અને તેને છોડીને જતી રહી હતી! તે પહેલ્લી બે ત્રણ મીનીટ તો સાવ પત્થરજ થઇ ગયો. અને તે કાગજનાં શબ્દોનાં ગાયેનો ધણી મુશીબતે ઉકળાવી અને સમજી શકયો-કે માની ગઝદર આ સાથે બીડેલી ચીઠી તેણીને દેખાડી હતી. તેણે તે વાંચી, શબ્દે શબ્દ-તેની પોતાની કેફીયત-અને તેનાં કપાળ ઉપરની નસો બધી પુગાઇ આવવા લાગી, જ્યાંસુધી કે તેઓ એક જાડા દોરડાંની માફક બડી થયેલી જણાઇ.

"જો આય ચીઠ્ઠીનો લખનાર કોણ મુઇ બદમાસ છે તે હું જાણતો હતે તો તે નાપેકારને હું જીવતોને જીવતોજ ચીરી નાંખતે." તે ઘણાં ઉશકેરાયેલા અવાજે મોટેથી બોલ્યો. "ઓહ, માહરી નાનં! માઇ ડારલીંગ!"

તેનો પેહલ્લો વિચાર તેણી માટે હતો-તે બાપડીનું દુઃખ, કલ્પાંત, કળતર, નાંમોશી, નિરાશી અને એકલવાયાપણું. ઓહ, તે મધુરી માહાણુણ! તે મીઠી, મનોહર, રાંક સુંદરતાનું બેમુલ ગુલ-તેણીની સાવ નિષ્કલંક અને બચ્ચાં જેવીજ ભોળી આંખો વટી આ બધા ભયાનક દોજખી શબ્દો વાચતાં તે ધાસ્તીથી કેવી કમકમીને ધ્રુજી હશે? અરે, નાંમોશીનાં મારે શું તે બાપડી મોહતની લગોલગ આવવા જેટલી કચડાઇ ગઇ ન હશે! અભાગ્યા જેહાંગીર વાડીયાનાં અટવટ અને અકળામણનો તે ઘડીએ જાણે કશો સુમારજ ન રહ્યો.

તે એક એકલપેટો મરદ હતો. પરંતુ તેની પોતાની નાંમોશીની વાતમાંથી ભોળી નાનતને બચાવી લેવા વાસ્તે તેણે તેની જીંદગી પણ આપી દીધી હતે. તે ભયાનક ચીઠ્ઠી વાંચતાં તેનો દેખાવલો ચેડરો એક આતશ માફક જળવા ને બળવા લાગ્યો. તે આખ્ખી નિર્લજ કહાણી કેવી ભયંકર હતી! તે ગરીબ કુમળી બાળકીએ એ સઘળું વાંચતી વખતે કેવું સહન કીધું હશે-રે, તે બાપડીએ કેવી કેવી વેદના દાંત પીસીને વેઠી હશે! નાંમોશીથી તે વફાદાર ચક્ષુઓ કેવી દયામણી રવેશે નીચે ઝુમી પડી હશે! તેણીને કેવી જબુનમાં જબુન વેદનાં થયેલી હોવી જોઈએ કે તે તુરતજ તેને છોડીને જતી રહી મોહત માંગતી, મોહત માટેજ કળાણકોર કરતી!

જેહાંગીર વાડીયાએ દાંતેદાંત પીસ્યા. જો તે તે કંગાળ મુઇ જેને આ ધાટકી શબ્દો લખવા જેવી સરકશી કીધી હતી તેને એકજ લાકડીના નિર્દય ફટકે જમેદ કરી શકતો હતે! કોણે તેની બધી વાતો જાણી હશે? આ નરમ દીલની ને નિખાલેસ બગજની ભોળીજનની વીરૂધ્ધ કટકો કોણ યશમચોરના લાભ સારૂ મારવામ આવ્યો હશે? તેમ શા માટે કરવામાં આવ્યું હતું? સઘળું ગીયું બરબાદનમ પરંતુ તે કેની હદનો મુરખ બન્યો હતો તે તેણી આગળ કોણે દેખાડી આપ્યું હશે? અલબત, તે બની ગઝદર હતી- તે મીઠી, મશકલી, મીઠી, ઝેરી છુરીનું તે કામ હતું. આ દુષ્ટ ચીઠ્ઠી તેણી ઉપર લખવામાં આવી હતી, તેણી ઉપર મોક લવામાં આવી હતી, અને તેણીએજ તે નિર્દોષ નાનતને દેખાડી હતી.

તે કાંય નહિ તેની પોતાની આગળ તે લઇને આવી અથવા કાંય નહિ પોતાનાં પુઇને લઇ જઇને દેખાડી?

જેહાંગીર વાડીયા હવે બધી મકસદ સમજવા લાગ્યો. એ સઘળી મસ્તીનું કારણ શું હતું? અફેણાઈ?

"એ કસકુનમ સાથે પળોટાઈ જઈ અને એને ઘણો લાહરો આપીને મેંજ માહરી ગરદન મચડાવી નાખીઇ," તે અનંત ધીક્કારથી બરબડયો. "પણ આવી કીસમે વરતવાનો એનો શું ઇરાદો હોવો જોઈએ તે હું જરૂર જાણીશ."

પાંચ મીનીટ બાદ, તે ઉશકેરણી અને ક્રોધથી ધમધમી આવેલા ગાલો અને લાલચોળ આંખો સાથે-દાનબાઈ ગઝદરવાળા 'હોલ'મા આવીને ઉભો હતો. તેણે પેલી બે બાનાબરાબીની મુગી ગુવાહી પુરતી ચીઠ્ઠીઓ ટેબલ ઉપર ખુલ્લી નાંખી દીધેલી હતી.

"તાહરાં મનીબાઇને જબને કેહ કે મને અહીં આવીને મળે," તેણે ઘણાં ઠરાવેલા સાહદે હોકમ કર્યો-"અને કેહ કે એકદમ આવીને મળે."

અને એકવાર ફરી મની ગઝદરે તેણીનું સઘળું જોર એકઠું કરી લીધું, ને તેની સામે આવીને ઉભી—હીંમતથી, દમામથી, બીહુધા કે ધુજ્યા વગર, પોતાનાં ચેહરા ઉપર તેને માટે મોટી દીલસોઝીનાં બનાવતી દેખાવ સાથે.

"ડીયર બી૰ હીરજીબાઇ," તે આવતાંને વાર સીપલી થઈ-પરંતુ તે શબ્દો તેણીનાં હોઠો ઉપરજ મરી ગયા. તેનાં ચેહરા ઉપર એકજ નજર નાંખતાં તે પામી ગઈ કે જે જંગ તેણીએ માંથે હોર્યું હતું તેમાં તે હારી જતી હતી-અલબત, હાલ ને કાજ વાસ્તે.

ત્યાર પછી તેણીએ પેલી બે જીવલેણ ચીઠ્ઠીઓ ટેબલ ઉપર પડેલી જોઈ, અને બધુ શું બન્યું હતું તે પામી જતાં તે ચકોરીને બેક ઘડીનો પણ વિલંબ લાગ્યો નહિ. તેણે પોતાની જીભ ને દાતોની હાર વચ્ચે કચડી-તે મુર્ખ બની હતી; નાબાંને પેલી ચીઠ્ઠી આપ્યા ને વંચાવ્યા પછી તુરત તેને ફાડી નાંખવી હતી; અને ત્યાં પોતાનાં ચેહરા ઉપર હડહડતી હુશ્મનાઈનાં દેખાવ સાથે ઉભેલા તે જોરમંદ મરદ સનમુખ જોતાં તે ઘણાં પસ્તાવાથી અટવટ કરવા લાગી કે આય ચીઠ્ઠી મુંઈ નાબાંને આપી દેવા જેટલી તે બેવકુફ કેમ બની શકી હતી. અલબત બધી ચીજો કેમ વલાણ લેનાર હતી તે તે કાંઇ જોઇ કે જાંખી શકી હતી નહિ. તે તો નાબાં આગળ પાછી ફરવાની આશામાં હતી; અને તેણીને છોડીને જતા રહેવાની તેણીની મકસદ ફકટ એટલી હતી કે એખલી પડતાં નાબાં તે ચીઠ્ઠી પુરતા ધ્યાનથી વાંચે અને તેની તેણી ઉપર જરા વધારે સારી અસર થાય. આ બધા તેણીના પ્લાનો હતા-આ બધી તેણીની તદબીરો હતી.

હવે તે જોઇ શકી કે તેણીએ એક ઘણી ગમખ્વાર ચુક કીધી હતી! તેણીએ પોતે પોતાનો નાશ શોધ્યો હતો; પણ હવે તો જે બને તે ખરી, તેણીને સંજોગોને શરણે જવાનુંજ હતું. જેહાંગીર વાડીયાની કાળી ભમ્મર આંખો, તેનાં ગુસ્સામાં બિકાળ ને ભયાનક દેખાતી, તેણીનાં ચેહરા ઉપર ચોંટી બેઠેલી હતી;

અને તેણીએ એક વિજળીનાં ઝટકાનીજ ઝડપે, હવે કેવી રીતે પોતાની તદબીરને માર્ગ આપવો તે નક્કી કરી લીધું.

"મેહરબાની કરી તમે મને કહેશો," તેણે ઘણાં સખ્ખત અવાજે કહયું, "કે આ નાતરસ, દગાબોર ચીઠ્ઠી માટે તમે શું જાણોછ?"

"કઇ ચીઠ્ઠી?" તેણીએ પુછયું, સાવ નિર્દોષ અજાયબીનાં અવાજે.

"એની ભણી નજર ફેરવી ને તમે જોશો?" તેણે કરડાઇથી જવાબ કર્યો-તેનો સાહસ ઘણો તોછડો પણ લાગતો હતો.

તે તેને નાતાબેદાર થવાની હીમ્મત કરી શકી નહિ. તેણીએ તે ચીઠ્ઠી ધામેથી ટેબલ ઉપરથી ઉપાડી અને પછી જાણે એકાએક માલમ પડી આવ્યું હોય તેવા ઢોંગી દેખાવ સાથે તે જેહાંગીર વાડીયા ભણી ફરી.

"કાંય, એ તો માહરી ચીઠ્ઠી છે!" તે બોલી, અને તેણીનો ચહરો ઝુખી પડયો. એક ભલી અથંગ એકત્રેસ પણ આ વખતે એનાં કરતાં વધારે સરસ રીતે પોતાનો ભાગ ભજવી શકી હતે નહિ. "ઓહ મી૦ હીરજીભાઇ, હું કેવી દલગીર થઇછ કે એ નાપાક ચીઠ્ઠી આખરે તમને પણ દેખાડવામાં આવી."

"તમારી ચીઠ્ઠી?" તેણે 'ચીંચવાઇ પુકાર્યું, "હા હું જોઉંછ કે એ નિર્લજ હીટીઓ તમારી પરજ લખવામાં આવીછ. તમે કેમ હીંમત કીધી એને લઇ જઇને માહરી—" તે 'પરણેતર' કરીને બોલવા જતો હતો, પરંતુ તેનાં અંતઃકરણે તેને ડંખ દીધો અને તે શબ્દ તેનાં હોઠો વાટેથી બાહાર પડી શકયો નહિ. "એને લઇ જઇને તે આ નિર્દોષ છોકરીને શા માટે દેખાડી?"

"મેં કાંઇ બોટું કર્યું?" તેણી બોલી પડી. "ઓહ, આઇ એમ સો સૉરી. મને કાંઇ પણ વિચાર આવ્યો નહિ-હુ કાંઇબી ખ્યાલ બાંધી શકી નહિ."

"નોનસન્સ!" તેણે ઘણાં જોશથી પણ જમીન ઉપર પગ પોડી ગર્જનાં કીધી, "તું જાણતીજ હોવી જોઇયે કે આ ચીઠ્ઠી તે બાપડીનું યા તો સાવ નિકંદનજ કાઢી નાંખશે અથવા તો તેને દીવાની કરી મેલશે."

"ઓહ નહિ-ઓહ, નહિ-તમે એમ ગુસ્સો નાં કરો," તે કરગરી. "સારી ખલકને બાતરણી હું તમને નારાજ કે ગુસ્સે કરવા રાજી નથી-હું તમને રતીભાર બી દુઃખ દેવા ખુશી નથી."

તેણીએ પોતાનાં હાથોમાં ચેહરો છુપાવી દીધો; મગર હવે આ બધા ઢોંગ માટે ઘણું અસુરૂ થયું હતું. જેહાંગીર વાડીયાનો ગુસ્સો તેનાં પુર બાહારમાં પ્રગટી ચુકો હતો.

"હું એ જાણવા માંગુંછ," તેણે તેણીને ધમકાવી-"કે જ્યારે આ કાગજ તમને મળ્યું ત્યારે તમે સીધ્યાં માહરી આગળ કાંય નહિ આવ્યાં?"

તે તેનાં ગુસ્સામાં પોતે પોતાને એટલો ભુલી ગયો હતો કે તેણી સાથે તે ઘડીકમાં 'તું તાં' થી વાતો કરતો તો ઘડીકમાં 'તમે અમે' થી.

"માહરી-માહરી-હીંમત થઇ નહિ શકી," તેણીએ તોતરા અવાજે જવાબ દીધો.

"હું માની શકું છું," તેણે કહ્યું, "કે એ ચીઠ્ઠી માહરો આગળ લાઇ આવવાની તમે હામ ભીડી નહિ શકયાં. પણ માહરી અજાયણી તો એ છે કે તે લઇ જઇને એક સાવ નિષ્કપટ છોકરીને દેખાડવાની તમારી હીંમત્જ કેમ ચાલી? એ ચીઠ્ઠી એ બીચારીને દેખાડીને તમે એને શું કીધું છ તેની તમને ફામ છે? તમે એનું ખુન કીધું છે!"

"હું બહુ દલગીર છેઉ," તે ઝુંબી પડેલી આંખોએ માંડમાંડ સમજી શકાય તેવા સાદથી બોલી. "હું શબ્દો કહી શકે તે કરતાં બી જ્યાદા દલગીર છેઉં. હું કશી ઇજ્જ કરવા ધારતી ન હતી; તે કાગજમાંજ લખાયલું હતું કે. બધું તેણીને જણાવી દેવું. હું જાણતી ન હતી કે બધું એટલી હદે માંઠું બની જશે. ઓહ, જો તમે ગુસ્સે થશો તો માહરો જીવજ જતો રહેવાનો છે! તમે ગુસ્સો નાં કરતા-મને માંફ કરો!"

તેણે દીલમાં નહિ વર્ણવી શકાય તેવા કોપ ને કમકમાતથી તે ખુબસુરત બવીસ તરફ દીઠું.

"દયાની વાત છે," તે ઘણાં કડવાસથી બોલ્યો, "કે એ બગાઉનો તાહરો જીવ જતો નહિ રહ્યો!"

પ્રકરણ ૨૬.

બની ગઝબરે તેણીનુ ભરાવદાર માંથું અજાયણીમાં ઉંચકી ઉપર જોયું.

"તમે ઇચ્છોછ કે હું મરી ગઇ હતે," તે બબડી. "ઓહ, મી૰ હીરજીભાઇ, યુ કેન નૉટ મીન ધૅટ!"

"આઇ ડુ મીન ધટ," તે ઘણાં ગોધારી સાદથી મક્ખતાઈથી બોલ્યો "એ કાગજ લઇ જઇને નાનાંને દેખાડવાની તમને સત્તા કોણે આપેલી?" પછી તેણે ખેંચવાયેલા અવાજે વધાર્યું, "તમે કાંઇ એમ ના માનતાં કે આય કાગજ લખીને તેનાં લખનારે તમને કશી કોમ્પલીમેનતસ આપીછ. એથી ઉલટુંજ, તેને કે તેણીને તમારે વાસ્તે કેવું ઉંચું મત હશે તે એ કાગજ તમારા પર આવ્યાથી પુરવાર થાયછ. ચેન્ટ હેવન, કે કોઇએ બી એવું એક કાગજ તે છોકરી ઉપર લખી નથી મોકલ્યું."

આ ટીકકા-આ તાણાવાણીભર્યા શબ્દો-મનીનાં જીગરમાં એક તીરની માંફક વાગ્યા. તેનો ગુસ્સો-તેનાં કોપાયમાન શબ્દો કરતાંબી વધારે દુઃખની અસર આ તાણાંએ તેણી ઉપર ઉપજાવી. તે તેની નજરમાં કેટલી હલકી પડી ગઇ હતી તે હવે જોઇ શકી. તેણીએ જોયું કે, તેની નજરોમાં, તે નાનાં કરતાં ઘણી ઘણી

ઉતરતી હતી, અને કશોળી જ્યાદા પ્રોગ્રેસ કરવા અગાઉ તેણીએ પોતાની જગા મેળવી લેવાનું ઘણું અવશ્યનું હતું.

"હવે ત્યારે હું જોઉછ," તે બોલી, જાણે કેવા એક પ્રશ્ચતાપથી હોય તેમ, "કે મેં ખોટું કર્યુ છ. આઇ એમ સોરી કે એ મેં લાવીને તમને નહિ આપ્યું; ખચ્ચીત, હું કશીળી ઇજા કરવાનો ઇરાદો રાખતી'તી નહિ. તે ચોકીમાં બોલ્લે બોલ્લું લખેલું હતું કે એ બાહરે તેણીનેજ લઇ જઇને દેખાડવી. આઇ ડોન્ટ સી હાઉ યુ કેન બ્લેમ મી. એ બાબદની નાજુકાત અને બાહરી પોતાની જોખમદારી તો તમે 'ઇગનોર' નથીજ કરી શકવાનાં, જો એ કાગજમાં લખેલી બીનાં સાચ્ચી હોય-અને તે નામુક્કર જવાને તમે બાં તો નથીજ પાડતા—"

"બાહરે નામુક્કર જવું શા માટે જોઇયે?" તેણે વચ્ચે પડી તકાજો કર્યો.

"જો, ત્યારે, તે બીનાં સાચ્ચી હોય," તેણીએ જારી રાખ્યું; આંખોમાં ધાસ્તી વગર તે કોપાયમાન યુવાન તરફ જોઇ, "તો બાહરનાં આન્ટી અને બાહરી વચ્ચે એવી એક બાઇને તમારે લાવવીજ ન હતી."

"હું તમને બુલ્લું કેહું છ-ભલે તેમ કરતાં તમે ઇનસલ્ટ લો-પણ તમારી સાથે સરખાવતાં નાજ તો પવિત્રાઇ ને નિર્દોષતાનો એક નેકળાક ફરેસ્તો છે!"

જેહાંગીરનાં આ શબ્દોએ તેણીની છાતીમાં બળતરાં ઉત્પન્ન કર્યાં.

"એમ કદાપી તમને લાગતું હશે," તો બી, તે હસીને બોલી. જ્યારે તેણીનો ચેહરો તો બધો ભમુકાદાર લાલ થઇ આવ્યો હતો. "ભલે હું જે ગમે તે પણ હોઉં, તો બી મેં તો સ્વચ્છ અને નિતિવાન બાનુઓ વચ્ચેજ બાહરી જગા સહી સલામત રહેવા દીધેલી છે; એને તો એ સદાણરી ગુમાવી દીધીછ."

અથાગ જેહમત વડે જેહાંગીર વાડીયો પોતાનો ગુસ્સો કાબુમાં રાખી શકયો; ખુદ તેનાં હોઠો બી ક્રોધથી ઉજળા પુની જેવા બારી આવ્યા હતા.

"તમે છેક બધું બેલારપેલાર મને ગમે તે બોલી જાઓછ," તે તુચ્છકારથી બોલ્યો, "આય કંગાળ કાગજ સાચ્ચું છે એવું માની લેવાનો તમને હક છેજ શું? ઇટ મે બી આ ટ્રીશ્યુ ઓફ કોનટેમટીબલ લાઇઝ!"

"હું જાણું છ કે તે ખરૂં છે," તે ચકોરીએ ચમકતી આંખો અને બીલાડી જેવાં ઝમકતા ડોળાએ હીમ્મતથી પરખાવ્યું, "અને તમે પણ જાણોછ કે તે ખરૂં છે. એક જેન્ટલમેન તરીકે અને કહેવાતા એક આણરૂદાર બાટીદા તરીકે, તમે તે ના નથીજ પાડી શકવાના. તમે જાણોછ કે તમે પોતે જેહાંગીર હીરજીભાઇ વાડીયા છો. તમે જાણોછ કે જે છોકરીને તમે તમારી ધણીઆણી તરીકે અહીં લઇ આવ્યાછ ત કોણ નહિ પણ ઉદવાડેનાં ડાં દીનશાહ પારખની દીકરી નાજ પારખ છે; તમે જાણોછ કે એને તમે સાથી, દયાહીણ રીતે ઠગેલી છે અને એ તો પોતે પોતાને તમારી ધણીઆણીજ માનતી આવેલી હતી——"

કળાવી રાખેલા અણહદ ગુસ્સાનાં ઝુરસાઓને લીધે તે જવાનનો ચેહરો વધુ ને વધુ ફીકકો મારતો ગયો.

"મને કેહશો," તેણે બોબરા અવાજે સવાલ કર્યો, "કે એ બધી ચીજ સાથે તમને નીસબતજ શું છે?"

"હા, હું કહીશ." તેણીએ જવાબ કર્યો, "મને એ સાથે કશી નીસબત રહીજ ન હતે, જો એને તમે કેથે બીજે ઠેકાણે લઇ ગયા હતે તેા. હવે જયારે તમે એને અહીં લાવીને રાખી મારાં પુર્વજોના છાપરાં હેઠળ—ત્યારે એ બાબદ સાથે મને નીસબત થઇ લાગવીજ જોઇયે હુ કેહું છ કે એવી એક ઓરતને અમારા ઘરમાં લાવીને તમે એક સુદ્ધા ગ્રહસ્થને શરમાવે તેવી બણઘટતી હરકત કીધીછ ને બેઅદબી કીધીછ. તમે એને તમારી માય કે બેહન આગળ કદી લઈ જઈ શકતે નહિ"

"હું બાત્રીથી કેહું છ કે મે તેમ પણ કીધુ હતે," તેણે તે તણખલાં જેટલી છોકરીને આવી રીતે પોતાની સામે તડતડ બોલી જતા જોઇ પોતાની કમતાકાતી ફાબી દેવાની મકસદથી ઘણાં જોસ્સાથી પુકાર્યુ.

"ત્યારે, મને માફ કરજો, તમે એને પહેલાં પરણી ગયાં હતે." મ? ગજબકરે જવાબમાં કહ્યું. "હું નથી જોતી કે ફરીયાદ કરવાને તમને કારણ હોય; હુ ધારૂ છ કે ફરીયાદનું કારણ તેા બાહરી પાસે છે. તમારા બહસ્થાઇ ટેબાવ ઉપર આંધળો ઇતબાર રાખી મારાં પુર્વજોએ તમને પોતાનાં ઘેરમાં લીધા, અને તમે આવી કીસમનાં એક આસામીને લાવીને તેવણ બીચારાના તમારા ઉપરનાં આંધળાં વિશ્વાસનેા શરમભરેલી રીતે ઘાટ કર્યો પછી તે વિષે મને વાકેફ કરવામાં આવી– ખુદ તે આસામીને સીધા સવાલેા પુછવાનું કહેવામાં આવ્યું—અને તેણીની તરફથી મને જણાયું કે એ બધું સાચ્ચું હતુ—ભયાનક સાચું. નાજ પારખે મારામાં વિશ્વાસ મુકી એક સૌથી મુર્ખાઇભરેલી વિગતથી મને વાકેફ કીધી. જો એને એમ કયું ન હતે, તેા હું કદી પણ માનતે નહિ કે દુન્યામાં એક બાળા આટલી હદની ધાટકી અને બુજી રીતે સહેલાઇથી ઠગાઇ શકેછ"

"એને–એને તમને બધી સાચ્ચી બીના કહી–નાલાએ પોતે? અને હવે હું ધારૂ છ એ બાપડી બેહદ સોધતીજ કેથે ગઇ હશે, કેમજે તે પોતે પોતાને છુપવા માટે તદન નાલાયક માનતી હશે?"

"હું નથી જાણતી; હું એને માટે કાંઇ બી જાણતી નથી."

"મને કેહશેા, તમારા અને તેનાં વચ્ચે શુ બની ગયું હતું તે?"

તે મકકારીએ ઘણી ખુશીથી અને ઘણા સુખથી તેને કહયુ હતે કે જે જાણવાને તે ચાહતેા હતે. તેણી સઘળા ભયાનક વિપતિ જાણીને સાવ ઢાલેા પુંજો થઇ, કચડાયલી ભચડાએલી જેવી, તેણીના પગેા આગળ ફસડાઇ પડી હતી; પરંતુ જેહાગીર વાડીયાની આંખેામાં કાઇ એવા ચમકારાઓ ઝળકયા કરતા હતા કે જેઓએ તેણીને એ પોતાની ખુશાલી ઉપર કાબું મેળવવા ચેતાવી.

"ઘણુંજ થોડું બનવા પામ્યું હતું," તે બોલી "મેં એને પેલી ચીઠ્ઠી આપી, અને તે સેવટની આખેરી સુધી વાંચી ગઇ. તે પછી ઘણાં કડવાસથી રડી પડી, અને પોતાના લગનની બધી વાત મને કહી સમજાવી; અને એ સમજી મેં તે પોતે કેવી ખરાબ રીતે ઠગાઇ હતી તે એને સમજાવ્યું. મેં અગાઉ કહયું હતું તેમ, પછીથી માહરા પુઈમાયે મને બોલાવી અને હું એની આગળથી જતી રહી હતી."

"અને તું શું એમ ત્યારે કેહવા માગેછ કે માહરી નિર્દોષ ડારલીંગે પોતે બાય નાપાક ચીઠ્ઠી વાંચી હતી?"

"તમારે એની સાથે લગન કરી નાખવાં હતાં, મી૰ જેહાંગીર, જો એનું સારૂં નામ ટકાવી રાખવાનો તમારો નેક ઇરાદો હતો તો."

"માહરી ગેરહાજરીનો તેં ઘણો હીચકારો લાભ લીધેલો છે, છોકરી," હવે તે ઉશકેરાયો અને પોતાની ઉશકેરણીને ખુલાસાસારી માર્ગ દેવા લાગ્યો. "હું આવ્યો ત્યાં સુધી તું કાંય નહિ બોબી અને એ કાગળ્યું તેં મનેજ કાંય નહિ દેખાડયું?"

તે ખુણસુરત મકકારીનો ચેહરો હવે બદલાઈ ગયો; તેણીની કાળી આખોં તેઓમાંની નાજુક નરમ લાઇટને લીધે મગજ ચકભમ કરી મેલે તેવી થઈ આવી. તે તેની વધારે નજદીક ગઇ, અને પોતાનો એક હાથ લાંબો કર્યો.

"આહ! જો મેં બોટું કીધું હોય તો મને દરગુજર કરો," તે ઘણાં નરમ અવાજે બબડી. "મેં તમારોજ વિચાર કીધો, તમારો એબલાનો. મેં એને યાદ નહિ કીધી. જો મેં એક ભુલ કીધી હોય તો તે તમે મને માફ નહિ કરી શકશો, જ્યારે તે ફકટ તમારે માટેના પ્યાર આતર થઈ ગઇ હતી? કદાચ-ખુદા મને મદદ કરે! કદાચ તમે છુટા અને મોકળા હતા તે જાણીને કાંઈ હું ઘણી દલગીર નહિ થઇ હતી?"

જે અવાજે તે આ શબ્દો બોલી તે એવો તો મધુર વાગ્યો, જે ચેહરે તેણીએ તેનાં તરફ ઉપર જોયું જે તેની સુંદરતામાં એવો જાદુઈ મોહ પમાડનારો હતો, કે જો તેનાથી તે કાંઈ અસર પામ્યો ન હતે તો તે કદાચજ માણસાઈ અવતારમાં લેખી શકાતે. પરંતું તે ચકકર મકકરે તેનાં ઉપર અસર, ખચ્ચીતજ, કીધી; અને તેનો નરમ થતો અવતાર તેણીએ ઘણી તિક્ષણતાથી જોઈ લીધો.

"જો તમે જાણતા હતે!" તેણીએ ચરીત્ર બદલી રાખ્યાં. "મેં એક ભયંકર ભુલ કરી છે ફકટ તમારી તરફનાં માહરા પ્યારને લીધે; પણ તે બની ગયેલી નહિ બનાવવા માટે હું માહરી જીંદગી પણ આપી દેવા તૈયાર છેઉં-તમને મદદ કરવા દુન્યાંની કોઈપણ ચીજનો ભોગ હું ખુશીથી આપશ. જો તમારી જગાએ કોઇ બીજો શખશ હતે તો હું તેને માહરાં બરાં અંતઃકરણથી ધીકકારતે અને ફીટકારતે. પણ હું તમને ચાહયા વગર રહી શકતી નથી. માહરી સાથે ગુસ્સો નાં કરો. કહો કે તમે મને માફ કરોછ!"

તે દેખાઇતી રીતે પસ્તાતો હોય તેમ લાગ્યો, એ જહાંગીર વાડીયો. તે તેણી સાથે પાર વીના ક્રોધે ભરાયો હતો, તેણી ઉપર તેને વર્ણન ન કરી શકાય તેવી

ચીઠ ચઢી હતી; પણ, જો તેણીનાં મનમાં કાંઇ ઈજા કરવાનો ઇરાદોજ ન હતો, જો કપટ તેણીએ તેનાં ભોળાનોજ વિચાર કર્યો હતો, જો તેને છુટો ને ઓકળો દેખી તે એટલીજ નારાજ ન થઇ હતી—

"હું કહી શકતો નથી કે હું તુને માંફ કરું છું," તેણે કહ્યું. "તેં જે બધું કીધું છે તે વાસ્તે પેહલ્લાં માહરે વધારે જાણવું જોઇયે. પેહલ્લી નજરે, મને બધું નહિ માફ કરવા જેવું લાગેછ. હું બિચારાં દીનાંબાયને શું જવાબ દેઉ ?"

"તમારે જે ગમે તે," મેનીએ જવાબ દીધો.

"માહરે સચ્ચાઇમાંનું થોડું એવણને કેહવું પડશે" તેણે જારી રાખ્યું.

"તમારા પોતાને ખાતર," તે બોલી, "હું તમને તેમ નહિ કરવાની સલાહ આપું છું, બીજું જે ગમે તે ભલતું સલતું કહી દેજો, પણ સચ્ચાઇ તો નાંજ જણાવતા. માહરાં પુઇબાંય તમને કદી માફ કરી શકવાનાં નથી, અને એવણ પોતાનાં મનથી અમથાં મુંઝાઈ મુંઝાઇને દુઃખી થયા કરશે."

"વારૂ, એને—નાળ'એ—પોતે કયાં જાયછ અથવા શું કરવાની હતી તેને વાસ્તે તુંને કાંઇ જણાવ્યું હતું ?"

"નહિ, એક બોલવી નહિ; મને જો આંખામાં આંખીની ખબર હતે તો હું તમને તરત જણાવી દેતે."

તે ઓરડામાં ઉપરથી નીચે લાંબીલાંબી ફલંગે ફેરા ખાવા લાગ્યો, તેનાં ચેહરા ઉપરનો ક્રોધનો ચીહ્નો ને ગુંચવાડાનો દેખાવ હરપળે ઘાડો થતો જતો હતો. તેને સહેજભી ખ્યાલ આવી ન શકયો કે હવે કેવી રીતે કામ લેવું—શું માર્ગ અખત્યાર કરવો.

મની ટેબલની નજદીક ગઇ, પેવી ચીઠી પોતાની પાસે લઇ લેવાના ઈરાદાથી. પણ તેણે એક ભારી પંજા જેવો હાથ તેના ઉપર મુકી દીધો.

"એને નાં હાથ લગાડતી. એ લેતીજ ના !" તે બોલ્યો "કોઈ દીવસે એ કાગજ્યુ તો મને ઘણી ઉપયોગી પુરવારી તરીકે કામ લાગશે."

"એ માહરૂં કાગજ છે."

"હા; પણ તેને તેં તાહરા હાથોમાંથી આપી દીધું છે," જેહાંગીરે તકરારને ખાતર કહ્યું તે થોડાક આંટાઓ ઉપર અને નીચે તે વિશાળ રૂમમાં ફર્યો, અને પછી એકાએક અચકીને ઉભો; "મની" તેણે કહ્યું "માહરે એને ધુંડી કાઢવીજ જોઇયે. હું એનાં વગર જીવી શકવાનો નથી હું આજને આજ મુંબાઇ જવશ; એને વાસ્તે અહીં બોરદોર કરવી ફોકટની છે. હું મુંબાઇ જવશ અને પોલીસના સૌથી હુશ્યારમાં હુશ્યાર ઓફીસરને રોકી હું એનો પત્તો મેળવીશ. માહરે એને શોધી કાઢવી જોઇયેજ, જો કદાપી એની શોધમાં હું માહરી આખ્ખી જીંદગી ખરચી નાંખું તોભી; અને, જ્યારે હું એને શોધી શકશ, ત્યારે તુરતને તુરત એની સાથે પરણી જવશ."

"પણ અહીંનીજ પોલીસને કાંય નહિં કામ સોંપી દેતા ? મુંબાઇ જવાની શું ખાસ જરૂર છે ! તમે એક ડીટેક્ટીવને વાસ્તે અહીંથી વાયર પણ કરી શકશો."

"નહિં; હું તુને કહું છું કે મારે અહીંથી જતાં રેહવુંજ જોઇએ. જો એ કેસે ઘણે દુર નિકળી ગઇ નહિ હોતે તો આપણે એને શોધી શકયા હોતે."

મની ગઝદર દધાઇ ગઇ. તેણીએ પુર જોશથી આશા બાંધી હતી કે નાનને ચાલી ગયેલી જોઇ તે હદ બાહાર ગુસ્સે થશે, અને તેણીની સહીસલામતી બાબે ભારે ચીંતામાં પડશે; પણ પેહલ્લો "શોક" નરમ પડી જતાં તે બી ઠંડો પડશે અને બેદરકાર બની જશે એવાં કાંઇક મનમાં તે ચરીત્ર બોરીએ મલીદા બાંધા હતા-હવે, જ્યારે તેને વધારે ફંગાળ બનતો જોઇ પોતાની આશાનું ઉલ્લંઘન થતું નિહાળી-તે અન્વયણીથી સાવ ગુંચવાઇજ ગઇ. તેણીના ઢોંગ ધતુરા, ચકકર મકકર હવે કાંઇ બી બપમાં આવવાનાં ન હતા; હવે તો જે સૌથી અરસ ચીજ કરવાની હતી તે હાલને કાજતો પાછી પાણી કરવાની હતી. હાલમાં લાંબી ટેંટુ કરવાનું તે મક્કારીને નામુનાસેબ લાગ્યું. પછી લાગ જોઇ તેણી પોતાનો ફટકો મારશે.

"મારે એને શોધી કાઢવીજ પડશે." તેણે પાછું કહ્યું; "અને જો આંય કાગજનાં લખનાર બદમાસને શોધી કહાડતાં મારી જીંદગીનો છેકે એક કલાકથી આપી દેવો પડશે, અને જો મારી આખ્ખી દોલતથી ખરચી નાંખવી પડશે તો હું તેમ કરશ અને ફર કરશ, તે મુંજીનો જીવ લેવા વાસ્તે !"

બીહયેલી, ધ્રુજેલી, ચમકેલી મની ગઝદર તેની તરફ ટગર ટગર જોવા લાગી; અને જો કે તેણીએ તુરત પોતાના ઉપર કાબુ મેળવી લીધો તોબી જેહાંગીરની નજરમાંથી તેણીનો તરખાત છટકી જવા પામ્યો નહિ. એક ખ્યાલ તેને આવ્યો; તે વિષે તે તુરત ને તુરત કાંઇ પણ બોલ્યો નહિ, અને પાછળથી તેણે તેને અમલમાં મેલ્યો.

"હું એકદમ જવશ," તે ઉશકેરાતથી બણડ્યો; "તુરતજ મુંબાઇ : હમણાં ને હમણાં રાતની ત્રેનમાં."

"ઓહ, હમણાને હમણા તો નહિજ !" તે સીપલી થઇ, "હમણા તો તમો નહિ જઇ શકશો."

"મારે જવુંજ જોઇયે. હું આય જગામાં એક પળબી જોઇયે તે કરતાં જાસ્તી રહી શકવાનો નથી, કે જ્યાં મારી ડારલીંગનું ખુન કરવામાં આવ્યું છે. જો હું અહીં હવે એક કલાકબી થોભય તો જરૂર મગજથી બેમગજ થઇ જવશ !"

તેણીનો ચેહરો તદન ઉજળો સપ મારી આવ્યો, અને આંખમાં અગાધ આજીજી સાથે તે તેની નજદીક ગઇ.

"ના જાઓ ! હું તે બબી શકવાની નથી," તે બોલી, અને એક ડચકાંથી તેણીનો અવાજ દબાઇ ગયો, "ના જાઓ !"

"માહરે જવું જ જોઇએ. તે તાંહરા બાંક છે?" તેણે ઘણાં ગરમચડા અવાજે કહયું.

"કદાચ એ અહીં પાછી બી ફરે-કદાચ તમારા ઉપર કાંઇ લખી પણ મોકલે, અને ત્યારે તો તમે અહીં નહિ હોશો."

"હું તમારાં પુષ્પને માહરૂં એડરેસ આપી જવશ, જેવણ માહરા ઉપર માહરાં કાગળને અને ટેલીમાંફ મોકલ્યા કરશે, હું અહીં વસી શકવાનો નથી. દરેક રૂમ મને સતાવશે, જલાવશે અને હેરાન સગરદાન કરશે. હું એને દરેક રૂમમાં જોવશ. દરેક ઓરડે મને એનો અવાજ સમળાશે અને હું ચેલો થઇ જવશ. હું ચેલાપણામાં મરી બી જવશ! નહિ-નહિ-હું અહીં નથીજ રહી શકવાનો. એવા ઝવતારે જીવવા જેટલાં પવિત્ર અંતઃકરણનો તો હું નથી."

"માહરો તો વિચાર કરો!" તે કગળી. "જો તમે જતા રહેશો તો હું શું કરશ-માહરૂં શું થશે!"

"માહરા આવ્યા અગાઉ જે બધું તે," તેણે દુકમાં લગભગ તોછડાઇથી જવાબમાં કહયું, "હવે હું તમારાં કુટમાયને ચંગ વળતી ચોલાવી મંગાઉ છ"

"મને કાંઇ ચોલાસો તો કરવા દેઓ! એટલા બધા કંડા ને બેદરકાર, એવા બાટકી માહરા તરફ ના થાઓ. જો તમે મને એવી રીતે છોડીને જશો તો હું ઝુરીઝુરીને મરી જવશ." તે દયા-ઉપજવે તે હદે કગળી; અને શું એક આફત આવી પડી હોય તેમ ડસકલાંઓ ખાવા લાગી, કે જેણે જેહાંગીર વાડીયાને ગુસ્સાથી વધારે ઉશ્કેર્યો.

"આવા નોનસેનસીકલ સીનસ પછવાડે બરબાદ કરવા માટે મને મુદલ વખત નથી," તેણે ઘણાં તીખાસથી જણાવ્યું. "હું દીનબાઇને મળી વાતચીત કરૂં તે અગાઉ તમે અહીંથી જતાં રહો તો વધારે સારૂં."

"તમે એવણને કહેશો તો નહિની!" તે ગુંગળાચેલા અવાજે બોલી.

"નહિ, હું તમને ઉઘાડાં નથી પાડવાનો, જેમ તમે મને કીધોછ તેમ." તેણે કહયું.

પછી, એક બોલ બી બોલ્યા વગર, તેણે ચંગ વળાડયો, જેનાં જવાબમાં આવી ઉભેલા એક માણસ પાસે તેણે દીનબાઇ ગઝદરને તેડી મંગાવ્યા. બની ગઝદર વારતે હવે તે ઓરડામાંથી ચુપચુપ, વધુ ફેલફીટુર વગર, દાઝેણાંઓ થઇ જવા વિના બીજે કોઇ બી છુટકો રહયો નહિ અને તે ચાલી ગઇ.

પ્રકરણ ૨૭.

"મને માહરી ધણીઆણીની ખબર મળેલી છે, દીનબાઇ," જ્યારે તે અજાયબીથી બહાવરી બની ગયેલી બાનુ ઠાકેલી જે॥ જેહાંગીર વાડીયા આગળ આવી ઉભી રહી તેવું તેણે કહયું. "ઘણી બગબ આપ છે,"

"હું એ સમજીને દલગીર છઉં." તેણીએ કહયું.

"મારી ધણીઆણી મને છોડી ગઇછ," તેણે જરી રાખ્યું-"એક ભુલને ખાતર, હું બધું સમું કરી નાંખવાની ને એને શોધી કાઢવાની આશા રાખું છું. તે કારણ સર તો હું આજને આજ રાતોરાત સુરતથી ઉપડી જાઉંછ."

"એ ઘણું એકાએક કહેવાય," દીનબાઈ બોલ્યાં, "પણ તમે તદન વાજબી છેઓ. હું તમારે વાસ્તે ઘણી દલગીર છેઉં, મી૰ હીરજીભાઈ."

"મારાં ધણીઆણી મારે વાસ્તે એક ચીઠ્ઠી પોતાની પાછળ મેલી ગયાંછ," તેણે શરૂ કીધું, "એ મને હું મારા પોતાનાં રૂમમાં ગયો ત્યાં સુધી મળી ન હતી. એમાં એ પોતે કાંય ચાલી ગઇછ તે મને લખેલું છે, પણ કયાં તે જણાવ્યું નથી. હું અહીં જે બધું મારૂં છે તે છોડી જાઉંછ, કેમજે કદાચ અમો પાછાં ની ફરેં, તમારી રજાથી હવે આપરે આપણા પૈસા ટકાની બાબદની વાત કરશું?"

તેણે દીનબાઇ ગઝદરનાં હાથમાં એક ચેક મુકયો, અને તે ઉપરની રકમ વાંચી તે બાઇનાં મુખમાંથી એક અન્યયકીની ચીસ નીકળી પડી.

"પુષ્કળ થઇ ગયા," તેણે કહયું. "હું એ લઇ શકતી નથી, મી૰ હીરજીભાઇ."

"માફ કરજો જો હું બોંહસ કરૂં તો," જેહાંગીરે કહયું, "હું તો અંહી બીજું વરસભી કદાપી તોડી પાડતે, પણ આય નહીં ધારેલું નીકળી આયું. મારાં ધણીઆણી કદાચ અંહી પાછાં આવે, બી હું મારી અંહીની દરેક ચીજ એક વરસ દીવસ માટે તો જેમની તેમ રાખવા માંગુછ. હું તમને મારૂં શરનામું બી આપી જવા. મને વચન આપો કે મારાં કાંઇણી કર કાગજ્યાં કે તાર તેલીગ્રામ આવે તે તમે પોતેજ તમારા હાથે 'રીડાયરેકટ" કરશો-કોઇ ઉપર પણ ભરોસો ન રાખતાં-જુઓ તમારા હાથોથીજ એ કામ તમે કરશો. તમે તે વચન આપી શકોછ?"

"બા ખુશીથી, ભલા મી૰ હીરજીભાઇ," દીનબાઇ ગઝદરે લાગણીભર્યા અવાજે કહયું, તેને માટે તેવાને એટલી બધી તો લાગણી થઈ આવી કે તે ઘડીએ તેની ઉદારતા અને તેને મોઢેથી તે સાંભલેલી તેની મોટી ગમજવારીથી તેવણની ચક્ષુઓમાં આંનુઓ ચળકી રહયાં.

થોડીક મીનીટ બધલેગી વાતચીત કરી જેહાંગીર વાડીયાએ તેનાં રીસ્ટ વોચ બણી જોયું.

"આઇ મસ્ટ गो," તે અર્ધું મનથી અર્ધું મોટે બરબડયો "આઇ હેવ નો टाઇમ टु स्पेર."

"મારી મની દીકરીને ગુડબાય કરવા જેટલા બી તમે નહિ થોભશો?" તેવણે પુછાયું, આવાં દેખઈતાં સુખી જોડાંમાં આવી એકાએક કરજદારસીક ફાટ પડેલી જોઇ સાવ સકમણકમ થઈ જઇ.

"નહિ-તે નહિ બને તેવું છે," તેણે ઉતાવળે કહયું. "મારી તરફથી તમેજ

દશ મીનીટમાં તો તે તાપતી હાઉસ છોડીને જતો રહ્યો અને જે એડ્રસ તેણે દીનબાઈને આપ્યુ તે આ હતું–"મી૦ જેહાંગીર હીરજીભાઇ વાડીયા, હોટેલ મેજેસ્ટીક, મુંબાઇ." જો તે અધોર ભાઇ આ વાંચી અજાયબ થઇ હોય તો તે તે વીશે કશુ બોલી નહીં, અને સાચ્ચી વાત શુ હતી તે જાણવાની જીજ્ઞાસા દેખાડી નહીં. જો કદાપી તેણીએ તેમ કર્યું પણ હતે તો–વાંચનારા સાહેબો તમો તો જાણો છો તો ખરા કે એક પૈસાદાર માણસ વાસ્તે તો બધી રીતસર આખ વીંચાગણા થઇ શકે છે. માલેતોજારોનો અધોર પાપો વટીક વીષે ઘણી નરમાશીથી વાત થાય છે. અંગ્રેજીમાં કહેવાય છે કે ફાટાં તુટાં કપડાંમાંથી નાનામાં નાનો વાક પણ ભયાનક જણાય છે, જ્યારે એબ્રી અબ્બાઓ પાપને પણ ઢાંકી દઇ શકે છે!

મની ગભરૂ હવે પોતાનો વખત માટે થોડતી ધીરજ ધરી બેઠી; તે જોઇયે તે કરતાં હદ કુદાવી ગઇ, અને તેણીએ તે જોયું, તેણીએ લખેલી પેલી નાપાક ચીઠ્ઠી એક હુન્નરમંદીના નમુનો હતી, પરતુ નાજાંના હાથમાં તેને છોડી જવાની ભુલ જીવલેણ પુરવાર થઈ હતી. તેણીએ આ એક ખોટું પગલું ભર્યું હતું; અને તેથી, વળી સઘળી બીનાને રાહ પર લાવી મુકતા વખતની ઘણી જરૂર હતી, ને તે વખત આવવાની રાહ જોતી હવે તો તે ધીરજથી બેઠી.

મુર્ખ તો! પોતાની મુર્ખાઇના અપંગપણામા તેણીને રાચ્ચાઇ ખરા ઉલ્લસમાં દેખાઇ શકી નહી; જે બધી કડવાસભરેલી તીખ્ખી ચીજો જેહાંગીર વાડયા બોલી ગયો હતો તે તેણીને યાદ આવ્યું નહી અને જો યાદ આવ્યુ તો તેણીએ પોતાને સમજાવી કે તેનાં ધ્યાનમાં કશું હતું નહી; જ્યારે તે બધા શબ્દો તે બોલી ગયો હતો ત્યારે તેનો જીવ ઉશકેરાયેલો અને ગુસ્સાથી ધમધમી આવેલો હતો. પણ તેણીએ પોતાના મગજને બીજા શબ્દો યાદ કરી મજાહ લેવા દીધી–સઘળા નરમ શબ્દો, કે જે તદ્દન વગર અર્થે બણડવામાં આવ્યા હતા–કે જેમાં ગંભીરાઇ કે સચ્ચાઇ જેવું કશું ન હતુ.

તેજ શબ્દો તેણીનાં મગજમાં ભેળાયા કીધા, જ્યાં સુધી કે તે પોતાની સાધારણ અક્કલ બી બોહતી ગઇ, જ્યાં સુધી કે તેણી પોતાને એમજ ખાત્રીથી મનાવી શકી કે જેહાંગીર વાડીયા તેણીને ખરેખર ચાહતો હતો. નાજાં ચાલી ગઈ હતી તે વાસ્તેની દલગીરી તેને બમુસ બહારથી દેખાડવી પડી હતી, જ્યારે તેનાં બાતેનમાં તો તેવું કશું હતું નહી.તેણે મોટી ગમખ્વારી લાગી હતી–અને મનીને લાગ્યુ કે તે ગમખ્વારી બાલી દોંગી ને દેખાડવાનીજ હતી–અને જ્યારે તે પોતે તેની આગળ જઇને ઉભી રહેશે ત્યારે સો બધુ પોતાની મેળે ફરે થઇ જશે. તે જે ગમે તે અને જેવા ગમે એવા ખ્યાલોમાં રમવા લાગી. એક અક્કલહીણ, મુર્ખ છોકરી માફક તેનાં ઉપર તે પોતાનો કાબુ બી બોહી બેઠી. તેણીનું જીગર તેનાં તરફ કોઇ નહી જણાયેલાં જુસ્સાઓએ દોડયું અને તેણીનાં મગજ ઉપરનો કાબુજ તે સણરદણર બોહી બેઠી.

તે જ્યાદા શાંખી શકી નહી. તે લાંબા દીવસો કે જે દરમીયાન તે કદી પાછો ફર્યો નહી–તેણીને જીવતાં દોજખ જેવા લાગ્યા. તે તે સહન કરી શકી નહી; અને

નાનાં બાપડીએ કેવું વેઠી લીધું હશે તેનો વીચાર આવતાં તે કમકમી-પોતાનો દાખલો ધ્યાનમાં લઇ તે કંગાળ કુંવારીકાનાં અનુભવનો વીચાર આવતાં તેણીને કંપારી છુટી, અને તે બધી ધ્રુજી.

"પુષ્પમાય," મની ગઝદર પોતાનાં પુઇ આગળ જઇ બોલી, "હું ધારૂંછ કે મી૦ હીરજીભાઈ તમારી સાથે પોતાનું એડરેસ મુકી તો ગયેલા હોવા જોઇએ!?" આ સવાલ તેનાં ગયા પછીનાં થોડા દીવસો બાદ તે છોકરીએ કર્યો હતો, "કાંઇ મુંબાઇથી એવણ માટે એક લેટરોનું પેકેટ આવેલું છે જેની ઉપર 'અરજંટ' કરી લખાયેલું છે. તમારે બદલે તે હું એવણ પર મોકલી આપું?"

"દીકરા, તેમ કરી નાખે તો-તો ઘણુંજ સારૂં," તે લાયકીવાળી બાઇએ કહ્યું, જેહાંગીરને આપેલું વચન ભુલી જતાં ને પોતાને એક બળાગતમાંથી દુર કરવા વાસ્તે મનીની આભારી બનતાં.

જેહાંગીરનાં ગયા પછી- બાસ કરીને તેણીની સઘળી મુરાદોના ફોટનો લગભગ નાશ થવા પછી-તેનો ચટકપટક ખ્યાલ કરતી હતી. તે તેનું ઠેકાણું જાણવા પણ માંગતી હતી-તેણે, તેથી, આ મળેલી તક ઘણી આવકારદાયક લેખી, અને જેહાંગીરનું શરનામું તેણીએ જાણી લીધું,

વળી પછી તે નાઝનીનને એકાએક મુંબાઇ ચાલી જવાનું ફીકરૂં થઇ આવ્યું! વાંચનારા સાહેબો જાણે છે તેમ મની ગઝદર મુરત તો ફકટ પોતાની પુઇને મળવા આવી હતી અને તે મોટે ભાગે મુંબઇમાંજ રહી હતી, જેથી જ્યારે તેણે મુંબાઇ જવાનો બોલ કાઢયો ત્યારે તે કુઇ જરા બી અજણ થઇ નહી

તે ગઇ, એ મની ગઝદર, અને જતી વેળા તે ગોરા ખુણસુરત ચહેરા ઉપર કોઇ જોવી ચોવટ દ્રઢતાનો દેખાવ વ્યાપી રહ્યો હતો કે જે દીનબાઇ પુઇની આંખો વધારે ચતુર હતે તો તેવણ જરા ચેતી જતે અને ચેતી જઇને ઘણી મોટી અજાયબી પામતે. પણ તેવણે કાંઇ જોયું બી નહી, અને અજાયબીમાંબી બાસ તે ચહેરા ઉપર કાંઇ અજણ મક્કમતા જોવાતી હતી, જાણે એક સીપાહ જીતવાનાજ નીશ્ચયથી હાથમાં તરવાર લઇ બહાર પડતો હોય તેમ. એ તેણીનો નીશ્ચય શું હતો? એ કારમખી વળી બીજું શું કાળાં ધોળાં કરવા મુંબાઇ વેર ધસડાઇ આવતી હતી?

પ્રકરણ ૨૮ મું.

જેહાંગીર વાડીયા હોટેલમાં ત્રણ ચાર દીવસ રહ્યો, અને નાનાંને શોધી કાઢવાની તેની ઉમીદ લગભગ નિરાશાજનક નિષ્ફળતા નીપામી, ને હવે આશા સબરદણર બોઠી બેઠા.

નાનાં પોતાની સાથે પર્સ લઇ ગઇ હતી તે તે જાણતો હતો નહિ, અને તેથી, તેણે પોલીસવાળાઓને એમજ સમજાવ્યું કે તે પૈસાટકા લીધા વગરજ

નીકળી પડી હતી, જેઓએ, આ ઉપરથી મત આપ્યું કે, તે છોકરી આવા સંજોગો વચ્ચે સુરત છોડીને કેઠે બહાર નીકળી જવા તો નથીજ પામી-તેઓએ , કહયું કે તે સુરતમાંજ હતી. તેનું માનવું એ હતું કે તે બાપડી પોતાની કંગાળ અવસ્થાનો ખ્યાલ નહિ બની શકાતાં યાહોમ નદીનાં પાણીમાં જઇને પડી હતી, અને ત્યાંજ પોતાનો હંમેશગીનો વાસો કર્યો હતો. તે બિચારી દુન્યામાં પોતાનો રસ્તો કાપવા વાસ્તે હતીજ એવી નબળી અને નગ્ન, નાચાર અને નાઇલાજ કે આવો રસ્તો તેણે શોધ્યો હોય તેમાં નવાઇ જેવું કશું હતું નહિ. ગરીબ નાનાં! બીકણી નાનાં! એક ભયાનક અને કાળા કલંકી જીવતરે જીવવા કરતાં તે ફરેસ્તા રૂપી મધુરી માટે આ સેવટ હજારોવાર વધારે સારૂં હતું-હજારોવાર વધારે સારૂં!

તે દીવસોમાં તે હંમેશના રંગીલા, રસીલા, નફકરા નવજુવાનનાં ચેહરા ઉપર હસ્યું કહી જોવામાં આવ્યું નહિ. તે એક કેથે નહિ વાસો પામેલા જુતની માફક આકુળ વ્યાકુળ, અકળાયેલો ગભરાયેલો , બેચેન, ગાફેલ, ગુંગસ માફક અહીથી તહીં ભટકયા ને ભમ્યા કીધો. તેને કેમે કરાર મળી શકયો નહી! શાંતી,' સુખ, સબુરી, સહનશીળતા તે કેમે કરી શોધી કે પામી શકયો નહી. નાનાંનો ચેહરો તેનાં મગજની સપાટી ઉપરથી એક ઘડી બી બસ્યો નહિ; તે મધુરીએ કેવું સહન કર્યું હશે તે તે પોતાનાં અનુભવથી કહી શકયો. તે બીનખબર બાળકી! તે ભોળી જાત! તેણી તો પહેલેથીજ આનાકાની કરતી હતી, જયારે જોણે તેણીને જેમ સમજાવવાની કોશેશ કરી હતી કે માત્ર વચન અને વાણીથી, બીજી કોઈ કીયા-ઓના ઢોંગધતુરા વગર, તે તેની પરણેતર બની હતી તેને બધું યાદ આવ્યું-તે આતુર, ફીકરમંદ, વિચારમાં પડેલો બચ્ચાં સહી ચેહરો, અને પછી તેનામાં એક બી બતરા વગર મુકી દીધેલો સંપુર્ણ વિશ્વાસ. તે વિશ્વાસનું સેવટ તો આબ્રું-નામોશી, અને કદાપી એક નાલેશીભર્યા મોહતમાં.

જેમ વધારે ને વધારે તે નાનાં માટે પસ્તાતો ને બળાપો કરતો, તેમ તેમ વધારે ને વધારે મની ગબડકરને તે ધીક્કારતો ને તેણી ઉપર બીજવાતો જતો હતો. આ તેની ગમબ્વારી અને વિપત્તીનું મુળ કારણ તેજ કસકુનમ દદા હતી. તેજ-તેજ બુબમુરતીએ આ બધી આફતનું વાદળ તેનાં ઉપર આણ્યું હતું.

તે હોટેલનાં રૂમની ઇઝીચેર ઉપર માથે હાથ દઈ ઘણાં ગમબ્વારીભર્યા બ્યાલો કરતો તદ્દન એબલો બેઠો હતો, તેટલાં એક માણસે આવી કહયું કે કોઇ બાઇ તેને મળવા માંગતી હતી.

"કોઇ બાઇ!" એક પુટબોલ બીસાલ તે બુરસી ઉપરથી ઉછળીને ઉભો ન થતાં જે હુંગીરે તે નોકરનાં શબ્દોનો પડઘો પાડયો. હેવનસ! તે નાનાં હોવી જોઇયે! નાનાં તેની આગળ પાછી આવી!"

"તે બાઇને એકદમ ઉપર મોકલ," તેણે પુકાર્યું, એવા તો લાગણીથી ધુજતા, બોબરા, ઘાડા અવાજે કે તે વેટર બી તેનાં તરફ અજાયબીથી ચમકીને જોવા વગર રહી શકયો નહિ.

જેહાંગીર વાડીયેા બાવરેા બેબાકરેા બની ગયેા; તેને તેા નાજા પાછી આવી હતી એ એક મેાજેલેજ લાગ્યેા; અને તે નાજાજ હેાવી જોઇએ, બીજી કેાઇ હેાઇ શકે નહિ. તે બારણાં સુધી ચાલીને જઇ શકયેા નહિ, પણ લપેરા બાતેા; તે મધુરી માહાંબુબના દરશન જેવા ભુખ્યા આંખે અને તરસ્યાં જીગરે, તે બારણાં આગળ ગયેા, આહ! દાદર પર થઇને એક સીધેા, તતબુખાર, નાજુક આકાર આવ્યેા. તે બેહલી રીતે જોઇ શકયેા નહિ, કેમકે તેની આંખેા આંસુઓથી તર થઇ ગઇ હતી. શુક તે ખુદાતાલાના! તેની મધુરી નાજા તાપતી નદીનાં પાણીમાં જઇને સુતી ન હતી. તેણે બેાલવાની કેાશેશ કીધી, પણ તેના હેાઠેા જડડ થઇ ગયા અને તે કાંઈ પણ અવાજ કાઢી શકયા નહી. તેણે તેના એક હાથ પકડયેા અને અંદર બેારડામાં બેસી. તેણે તેણીને ઘણાં નેહથી પેાતાના બંને હાથેામાં લઇ લીધી, તેના ચેહરેા પેાતાની છાતીમાં દાબી તેના ઉપર તમામ દુન્યાઓનાં બુસ્સાઓથી કીસીઓ ઉપર કીસી દીધી. તે બુશાલીથી સર્યમ દીવાનેાજ બની ગયેા!

"માહરી ડારલીંગ! માહરા પ્યાર! બુદાના હજારેા હજાર ઉપકાર માનું છું કે તું માહરી આગળ પાછી આવી. માહરા પ્યાર, માહરી બણીઆણી!"

તે ઘણી વિચિત્ર રીતે ચુપ ઉભી હતી. તેણી તે જોરાવર હાથેાની બાથમાં થરથર ધુજતી હતી. જેહાંગીરની આંખેા ધીમે ધીમે સ્વચ્છ થવા લાગી-તેની આગળ કાંઇ ખુબસ જેવું ધાઇ આવેલું ધીમે ધીમે વિખરાઇ જવા લાગ્યું. અચ્ચીત, તે આંખેા તેા કાળી હતી, બાયેાલેટ નહિ. તેણે એક નાની ખુબ પાડી. તે તેા મની હતી, નાજા નહિ! તે તેા નાજાને પેાતાનાં પ્યારથી એકદમ ગુંગળાવી ગભરાવી નાંખી તેણે કીધેલાં એક જબુન પાપનેા બદલેા તેણીને આપવા માંગતેા હતેા, પણ તેને બદલે, આ તેા તે કારમુખી તેણીની ગેાદમાં પડી હતી કે જે નાજાની બરેબરી ખુની હતી.

તેણે કમકમાત સાથે તે ધીક્કારભરેલી સુંદરતાને તેનાં હાથેામાંથી અળગી કરી નાંખી, બદકે અછાડી મુકી, અને મની ગઝબરે જણ્યું કે તેની પેાતાની આશા ચગદાઇ જતી હતી.

"તું!" તેણે કાંઇ ઘણેા ભાંડ શબ્દ વાપરી બરાડ પાડી-"તું! તું શાને વાસ્તે અંહી આવી?"

તે થેાડીક મીનીટ ઉભી-ચુપ, નિરાશાનું એક ખુબસુરત પુતળું.

"તું શાને વાસ્તે અંહી આવી?" તેણે પાછું કહયું.

"તમારે વાસ્તેનાં માહરા પ્યાર અને તમે મને આપેલાં વચન સારૂ," તે બબળાએ જવાબ કર્યો.

"વચન કયું?" તેણે તીબાશથી, તુચ્છકારથી, તકેાબરીથી નાકનાં ટીકરાં ફુગાવી સવાલ કર્યો, "વચન કયું?"

"તમે બોલ્યા હતા કે જો તમે મને નાજંની બગાઉ મળ્યા હતે તો તમે મને પરણતે. તમે મને વચન આપ્યું હતું કે જો કદી તમે મને મળો અને તે વખતે તમે મોકળા હોવ તો તમે માહરી સાથે લગન કરશો. હું અહીં તમારા પ્યારનો દાવો કરવા અને મને આપેલાં તમારાં વચનની યાદ અપવા આવીછ."

તે તેનાં દાંતો વચ્ચે કાંઇ બબડયેા; પણ, આ તેણીનાં હાથમાં રહી ગયેલું બૌથી છેલ્લું બાતું હતું અને તેથી, તે પોતાની બાજી બરાબર બાહોશીથી ખેલવા માંગતી હતી. તે હાલમાં ધીરજ, હીમ્મત અને પોતાની વાકચચાતુરીને તેનાં બધા ઉપરાંત કસવા માંગતી હતી-અને પછી નહિ તો છેક તરીયાપાવ ઉપર ઉતરી પડી કેમ માર્ગ લેવો તે તે ખુબ રત મક્કારને બરાબર આવડતું હતું.

"તું એવી જાતનાં 'કુર્ટીંગ'ને પ્રોમીસ તો નહિજ કહેવાડશે?' તેણે કહયું. "એ બધું શોધતી તો તું આવી હતી માહરી જગાએ કોઇ પીઢ શખ્સ બી હતે તો તેણે બી જ્યારે એક અબળા પોતાનો તરીકો ભુલી જઇ ભુલમથી એવું કાંઇ અકકલહીણુ બોલાવે તો બોલી બકી જતે. એને વચન કોણ કહે? તું જાણેછ, અને હું પણ જાણુંછ કે તે તો માત્ર એક 'સેનટીમેનટલ નોનસનસ' હતું."

"હું આથ એક ચીજ જાણુંછ," તે છોકરીએ જણાવ્યું. "કે જેમ હમણાં છે, તેમજ તે વખતે બી માહરા બરાં જીગરથી ચાહતી હતી."

"તેમાં કાંઇ માહરો વાંક નથી," તેણે ટુંકમાં જવાબ દીધેા, "મને કહે, તું અહીં કાંય ઘસડાઇ તણાઇ આવીછ? મેં તો નાજને માની અને ધારી લીધી હતી'

"મને બરાબર સમજી લેા," બની ગજદરે બાર મેલી કહયું-તેનાં બલાં ઉપર પોતાનેા એક હાથ મેલીને, "ધીરજથી માહરું બધું સમજજો. હું તમને ચાહું છું, પેલી એક ઢીંગલી જેવા ચેહરાની બામડેની ગોરી તમને ચાહી શકતી હતી તેનાં કરતાં કરોડો ગણાં વધારે પ્યાર અને જોશે." તેણીએ બારી રાખ્યું, ધાડા લાગણી ભર્યા બવાજે, જ્યારે મોતીના દાણાં માફક આંજીઓંના ટીપાં તે નાજુક કાળી ચક્ષુઓમાં ચમકવા લાગ્યાં, "હું-મને કહેતાં બી શરમ લાગેછ કે-એક બધી ચાલાકી-ભરેલી અને સત્તાવાળી બાઇ છઉ-એવી કે જેવી આપણી કોમમાં કદાચજ કોઇ હશે. તમારા જેવા એક શખ્શના એક મદદગાર તરીકે હું ઇંચેઇંચ લાયક છઉં. બધું બર જોહાનમ ગયું, પણ હું તમને એવાં ચીવ્વત હેતે ચાહુછ અને માહરા પ્યારે હવે એક એવું રૂપ પકડયુછ કે તમારે વાસ્તે હું માહરી જીંદગી બી આપી દેઉં. ઓહ, જેહાંગીર, તમે સમજો." તે પ્યારથેલી, મસ્તક ઝુલેલી માહાણુએ હાંફતી છાતીએ ઘણાં જોસ્સાબેાથી લવારેા ચાલુ રાખ્યેા; "બુદ્ધ માહરી જીંદગી હું તમારે વાસ્તે આપી દેવા તૈયાર છું. તમારે વાસ્તે-તમારે બાતર-તમને માહરા થયેલા જોવા વાસ્તે-માહરી તરફથી તમે કાઇની ભોગ લેઓ-કાંઇ બી દંડ લેઓ!"

તેણીનાં અવાજમાં બદેખરેા 'પેથોઝ' હતેા; તે ચેહરા ઉપર પ્યારનેા એક સાચ્ચે સાચ્ચેા દેખાવ હતેા, જેહાંગીર પણ તે વખતે પામી જઈ શકયેા કે તે નાજનીન તે વખતે ઢોંગ ધતુરાને બાજુએ મેલી દઇ સંપુર્ણ રીતે ગબીર હતી.

"એવી એવી બધી મીનીંગ વગરની વાતો કરવાનો આય વખત નથી," તેણે, તોબી, બેદરકારીના હાવભાવે કહ્યું. "હું જરાબી ગેરસમુકનો થવા ચાહતો નથી, પણ જો તું હવે અહીંથી ચુપચુપ રૂખસદ લેશે તો હું ઘણો મોટો સંતોષ પામીશ. હું-હું તો ધારતો હતો કે નાલ્લં આવી, અને તેથી હું ઘણો ઉશકેરાઈ ગયેલો છેઉ, માહરૂં મગજ હાલમાં મુદલ ઠેકાણે નથી."

તે મનોહર ચેહરા ઉપરનો ગુસ્સો ઘાડો થયેા; પણ તે લાગણી સાથે કાંઇ, ગુસ્સા, ક્રોધ અને થોડા ઘણા કીનાનો આવેશ ઓમેજ થયેલેા દેખાયેા.

"તમારી તરફથી એવીજ ભાષાની માહરે આશા રાખવી જોઇતી હતી." તે બોલી, "તે છતાં, કેહવાને અભયણ જેવું છે કે, મેં તેમ નથી કીધું. હું માહરૂં કીસમત જાણી લઇશ-હવે, લગાર જોઇયે તે કરતાં વધારે મોડેથી. શું જે બધા શબ્દો તમે મને કહ્યા હતા તે જુઠ્ઠા હતા? શું તમે મને આપેલાં વચનો જુઠ્ઠાં હતાં? શું તમે જે બાલ્યા હતા તે બરેબર 'ગીન' કરતા નહતા?"

"એક બોલ બી નહિ," જેહાંગીર વાડીયાએ પ્રતિ ઉત્તર કર્યો, મોટા તુચ્છકારથી, "અને તું તે જાણેછ. તું, જો કે આટલી બધી નાની ને જવાન છે તો બી, ઘણી નખરાંબોરી અને બાહરી ખુબસુરતીનો માઠો ઉપયોગ કરનારી બાઝનીન છે. હું ઘણો દલગીર છેઉ કે આય બધું મને તાહરા મોંહ ઉપરજ બોલી દેવું પડેછ! માહરી સાથે તેં ગુન્દરેલેા વખત, તું પોતે તો તાહરા મનથી કબુલ કરતી હોવી જોઇએ કે, માત્ર તાહરા શોખને મજાહ દેવા વાસ્તે હતેા. તુંને ના તો માહરી દરકાર હતી, ના તો મને તાહરી."

જયારે તે સુંદરીએ પોતાનો ચેહરો ઉંચકી તે જવાન મુખડા ઉપર જોયું ત્યારે તેણીની ચક્ષુઓ આન્સુંઓ વચ્ચે તરતી ને દુબતી હતી,

"હું જાણતી નથી કે તે કેમ શરૂ થયેા' તેા," તે ધ્રુજતા-રડતા અવાજે લાગણીથી બોલી, "હું ફકત એટલું જાણું છું કે તે કેમ ખતમ થયેાછ. માહરેા ઉંડામાં ઉંડા પ્યાર અને સાચ્ચામાં સાચ્ચી કીદાગારી મેં તમને અર્પણ કરી કીધીછ."

"અલબત્ત, હું ઉપકારી છેઉ," તેણે અધીરાઇથી જવાબ કર્યો, "પણ—"

"તમે બોલ્યાતા કે તમે મને ચાહોછ."

"નાઉ બી રીઝનેબ્લ, મની," તે મુશીબતે પોતાની ધીરજને કાબુમાં રાખી બોલ્યેા, "એક માણસ જયારે એક ખુબસુરતી તેની પાછળ પાછળ ભમ્યા કરે ત્યારે શું કરી શકે? હું તેા તુંને કદી રોકાતેા આ'યેાજ નથી. તેં પોતે શું કર્યું? તું પોતેજ આગળ રહીને માહરા રસ્તાઓ વચ્ચે આવ્યા કીધી; તેં તાહરી અને તાહરા ખુબસુરત મનોહર અવાજની માહરી સામે તાહરી સઘળી શકિતથી કસોટી કીધી. તેં માહરી અકકલને બહુ કર્યું—માહરી ઇંદ્રીયને ફરાગોશ બનાવી; પણ તું માહરા હૃદયને તેા કદી પુગી વળી શકી નથી, અને કોઇ કાળે બી પુગી શકવાની નથી."

બારણે એક મીનીટ. તે ગ્રેસફુલ આકારે એક જબરદસ્ત ઓંહુક બાંધ્યો, અને તે ભગડ્યર, મનોહર મુખડો મોહન્ત જેવો સફેદ મારી આવ્યો.

"તમારે માહરી દયા બાવી જોઇયે!" તે ઘણુ કગળીને બોલી, "કાંયજે હું તમને ચાહું છ. તમે, દુન્યાનાં બીજા બધાં લોકોને બાજુએ મેલીને, તમારે તો માહરી તરફ દયા દેખાડવી જોઇયે."

"હું ઘાતકી નથી," તેણે જવાબ દીધો, એ જેહાંગીર વાડીયાએ-અત્યાર આગમચ પુરવાર થયેલા તે સફેદ સંસારના ફ્રાંસાએ, "પણ આપાં મોનસન્સની વીરૂદ્ધ હું પ્રોટેસ્ટ ઉઠાવું છ. હું પ્યાર વાસ્તે કાંઇબી બોલવા માગતો નથી, કેમજે માહરી છાતીમાં તેની હસ્તી જેવું કશું, નથી આપણે તો એક જાતનો નાટક ભજવી બતાવ્યો હતો તે હીરોઈન થવાનુ પસંદ કીધુ ત્યારે હું 'હીરો' બન્યો. તું-ખુદ તું પોતે બી-'તાપેતી હાઉસ'ના બગીચામા ભજવાયેલા થોડાક સેનટીમેન્ટલ સીનઝ માં કાંઇબી મીનીંગ જેવું માનતી નહિં હોવી જોઇએ તે બધું ઘણુ અકકલથી વેગળું ને અર્થ વગરનું હતુ"

"મે તો તેનો ગભીર અર્થ કર્યોછ," તેણીએ ધીમા મદ અવાજે ઉતર કર્યો.

"માહરા બ્યાલો તેથી તદન ઉલટાજ હતા. જો તને બરીબંબારીને સાચ્ચી વાત કહું તો," જેહાંગીર વાડીયાએ તદન દયાહીણપણાથી રેકડેરોકડું પરખાવી દેતાં ઉમેર્યું, "હું તો એ બધાં પછી ધુમ હસ્યો હતો. ખુદ તે બની ગયેલા સીનઝ-માંની નાજુકમા નાજુક બાબદે બી મને પુષ્કળ હસાવ્યો હતો તે બધા સીનઝ એટલા મીડીકયુલસ હતા-એટલા બનાવટી-કે હું તને બાત્રી આપુછ, હું તરતજ નાઝ આગળ દોડયો હતો ને તેણીની પાક નિર્દોષિતાને એવડાં ચોવડા હેતે ચાહી હતી"

આ તો હદ થઇ ગઇ! મની ગજદ્ગનો ચેહરો તપાવેલા અંગાર માફક લાલ-ચોળ થઇ આવ્યો. આ તો તે બની શકે તે કરતાં ઘણુ જ્યાદા હતું.

"તમે માહરી પાછળ હસ્યા હતા!" તેણીએ ઘણા અતુનથી ચીંચવાઇને પુકાર્યું.

"બલબત, મે તેમ કીધુ'તુ. તું પોતે પણ તારી તરફ હસેલી હોવી જોઇયે, મની."

"અનકોરચ્યુનેટલી, નહિ. પણ હું એક ચીજનો જવાબ દઈશ-તમે માહરી તરફ હવે કદી હસશો નહિ. હું તમુને મને અને માહરા નામને યાદ રાખવાનું એવું કારણ આપશ, કે જો કે તમે મને હંમેશા કદુવા દેતા ને આપ આપતા રેહશો તો બી માહરી તરફ ઠઠ્ઠા કરી કદી હસશો નહિં."

"નાઉ ડોન્ટ બી ત્રેજીક, મની આય અનપ્લેઝન્ટ ઈનટરપ્યુનો હવે છેડો આવ. હું તાહરે વાસ્તેની જે સચ્ચાઇ છે તે બરાબર બોલી દેઉંછ. હું તાહરી ખુબસુરતીને વખાણું છ-કોઇબી તેમ કર્યા વગર રહી શકે નહિ એવી તે ચામીંગાં છે, મને તાહરી શક્તિ બી ગમેછ, જો કે તું બડી બાખંડી છે અને તાહરામ મેહનાથી વિશ્વાસ મૂકી શકાય નહિ તે છતા-સચ્ચાઇ સૌથી સરસ ચીજ છે-દુન્યામાં તું સૌથી છેટલી બણગા છે કે જેને હું પ્યારથી ચાહી શકું, તાહરી

બધની છોકરીઓને હું વરસો થયાં જોતો, જાણતો અને અનુભવતો આવેલો છું-હું હવે વરસો થયાં તેઓથી ધરાઇ ભરાઇ ગયોછું. એક મીનીટ વધારે મારૂં સમજ, જો મેં તને ચાહી હતે તો અત્યારે મેં તને વધતીજ ધીક્કારી હતે; કેમકે તેં બીચારી નાન્ટને ઘણું મોટું નુકશાન કરેલું છે, તે સબબસર-જેકે મેં તને માફ કીધીછ, કાંયકે તું જોલી'તી કે તારા મનમાં કશાં બી બુરાની ધારણા ન હતી-પાછું કહું છ કે, તે સબબસર દુન્યાંનાં બધાં લોકો કરતાં તું મને સૌથી ઓછી પસંદ છે."

"ત્યારે તમારો ખરેખરો મીનીંગ એ હતો? શું સેવટનો તમારો ઠરાવ બી એ છે?" દાંત પીસી, સાવ ઠંડાઇનો બાહારથી સોંગ સજી, તે રૂપસુંદરીએ પ્રશ્ન કર્યો.

"હા," જેહાંગીર વાડીયાએ જવાબ દીધો; "અને તે, હું ઇચ્છું છ કે, તું સારી રીતે સમજી શકે."

"હું તમારો ઉપકાર માનું છ-હું બરાબર સમજી શકું છ-જ્યાંદા સમજવવાની જરૂર રહી નથી. હું બબરાત ફફરાત કે ગાળાગાળીમાં મારા વર્તનની નાહેક બરબાદી નહિ કરશ. પણ આય હું તમારા મોંહના ઉપર કેહું છ-તમે સૌથી જેવડા સૌથી ઓછી આબરૂનાં એક તદ્દન નાલાયક આસામી છેઓ, કે જેઓ ગૃહસ્થનાં નામ કેયળ પોતાને સંતાડેછ. તમે એક ગૃહસ્થ આસામી નથી! કદાચ આય પછી તમે એક લેસન શીખશો કે અબળા જાતીઓ સાથે તમે ભવિષ્યમાં કદી રમત રમશો નહિ. તમે મારી સાથે રમતજ રમેલા છેઓ, હું કબુલ કરૂં છ કે હું તમને ચાહતી થઇછ એમ જણાવી દેવામાં સૌથી મોટો કસુર મારો એબલીનો છે; પણ તો બી મારા પ્યારને ઉત્તેજન આપવામાં અને મારી લાગણીને રમકડું સમજી તેની સાથે ધાટકી ગમ્મત કરવામાં તમારો બી કાંઇ ઓછો વાંક નથી. તમે તમારી જીંદગીમાં એકજ વખત એકજ છોકરીને કાંય નહિ સાચ્ચા રહ્યા? તમે એમ ચોખ્ખે ચોખ્ખું કાંય નહિ બોલ્યા કે નાન્ટ અને નાન્ટ એબલીનેજ તમે ચાહતા હતા, ને દુન્યાંની બીજી કોઇ બી અબળાની તમને કનવાર કે પરવાહ ન હતી?"

"હું માનું છ કે તેમ કરી દીધાથી વધારે સારૂં થતે." તેણે ટુંકમાં કબુલ્યું.

"તમે જોઇ શકોછ કે હવે તેનું પરીણામ શું આવ્યું છ. તમારે આતર-તમને છતવા વાસ્તે-તમને બોકળા થયેલા જોવા સારૂ હું કાંઇબી કરવા એકદમ દોરવાઇ ગયેલી છું."

"કાંઇ બી કરવા?" તેણે ચકીત થઇ સવાલ કર્યો. "ત્યારે તેં શું કીધું છ?"

તેણીએ જાણ્યું કે તેણીની બાજી હવે હાથથી ગઇ હતી; હવે આશાઓ અને સ્વપનાઓ સઘળા સાબુત જમીનદોસ્ત થઇ ગયા હતા. જેહાંગીર વાડીયા તેનાં મનથી હવે મરી ગયો હતો, પણ તે તેણીની તરફ હમ્મેશને માટે મશકેરી કદી કરી શકવાનો ન હતો. તેણે તેની સજા તેની સાથે લેવી જોઇએ.

"જેલું કાગજ મેં લખ્યું'તું" તે બોલી, પોતાનાં અવાજમાં કૃતેહનાં ગબુગબાત સાથે. "અને જેજ મારે હાથે તેને મારા ઉપર એડરેસ કરી મોકલ્યું'તું."

તે સાંભળીને તો મોટા ગુસ્સા, જુસ્સા અને ગાળોલૂલના ધુમણરાઠાની આશા રાખી હતી; પણ તેણીની મસમોટી અજાયબી વચ્ચે, તેણે ફક્ત મોટા ધીક્કારથી પોતાના બોલાં ચલાવ્યાં.

"સાચ્ચી વાત તો એ છે, મની," તેણે જવાબ કર્યો, "મને એમ તો કાંઈ પહેલેથીજ વહેમ ગયો હતો. તે તદ્દન તાહરેજ બરતું અને તાહરેજ લાયકનું કામ છે. વૅલ, ઇટ વોઝ એ ગુડ શૉટ-અને તેની અસર બી બરાબર નીપજવા પામીછ-તે તીરે તાહરી હરીફનું જીગર આરપાર ચીરી નાંખ્યુંછ. ઓહ! નરમ દીલની, કોમળ કહેવાતી બાનુ પણ આવું અઘોર કર્મ કરી શકેછ! જે જીગરો દયાવાળાં, નરમ, ભોળા કહેવાયેછ તેઓમાં બી એકાદ એવું હસ્તી ધરાવેછ કે જે પત્થર કરતા બદતર અને લોખંડ કરતાં બી નાસ્તી દયાહીણ થઇ શકેછ!"

તેનાં હોઠો બધા 'નરવસલી' હાલ્યા લાગ્યા, જ્યારે તેનો રોણહાર ચહેરો આતશની માફક ઝળકયો.

"મેં કહ્યુ હતું કે જો મને આય કાગજનો લખનાર મળશે તો તેને હું જીવથી મારી નાખીશ તુ તો માહરા ગુસ્સાને બી લાયક નથી, પણ તે માહરો અનંત ધીક્કાર જીતી લીધેલો છે."

"મને લાગેછ કે એ તમારો અનંત ધીક્કાર તમારા પ્યાર કરતાં ઓછો ધારતીભરેલો છે," તે તુચ્છકારથી બોલી.

"ત્યારે કાગજ તેં લખ્યું? યુ આર એ કલેવર ગુમન, મની, એન્ડ ધ આયડીયા ઈઝ વરમી ઓફ આ ફ્રેન્ચ પ્લે વાડું, આય બધી બીનાં, જે હુ જાણું નથી એમ ભાર મેલીને કહુંછ તે, તેં કેવી રીતે મેળવી તે મને કહેશે? મને તે જાણવા ગમેછ"

તે ખુબસુરત છોકરીએ કેવાં પરાક્રમથી જેહાંગીરને લગતી બાનગી બીનાંઓ જાણી લીધી તેનો તુલોતવીલ ઉલ્લેખ એકજ પળ અથકાયા કે બીહયા વગર સડસડાટ કહ્યો; જેહાંગીર વાડયાનો કોપથી અંગાર માફક જળતો ચેહરો નરમ બન્યો, અને મરજી ઉપરાંત તે મનીની આ કળાને વખાણ્યા વગર રહી શકયો નહિ.

"મેં તમને જખમી કીધા-મેં તમને ઈજા કીધી-હું આપરે તમને પૂગી વળી શકી," તે બોલી.

"એક ઘણાં નીચ હથ્યાર વડે-એક નનામા કાગજથી, કે જે એવા કામ માટે જાથી લાયક હથ્યાર છે," તેણે તુચ્છકારથી ભ્રુકુંચારા માર્યા, અને તેઓ વચ્ચે ત્યા બીકીક મીનીટો ચુપકીદી પથરાઈ.

તેઓ તે લાબી, ચુપકીદીમાં જાણે એકમેક તરફ જોઈ એકમેકનાં જોર માંપતાં હોય તેમ લાગ્યુ; "ટગ-ઓફ-વોર" હવે શરૂ થતી હતી.

"હું બાડું છું," મનીએ કહ્યું, "કે તમને ગમે તેવા લક્ષ્યવામાં આવશે તો બી, હવે તમે માહરી પાછળ હસશો નહિ. મને હજી બધારે કેહવાનુ છે. હુ માહરૂં

લટર પેલી તમારી એક બેબીનાં ચેહરાવાળી નાબ આગળ લઇ ગઇ, અને મેં તે એને વાંચી સમજાવ્યું, બોલેબોલ, કે જેથી એ બરાબર સમજે; અને જ્યારે હું પુરૂં કરી રહી ત્યારે એને એ વાંચ્યું—એને પોતે, બોલેબોલ: લે તે ક્રાગને એનાં ઉપર કેવી અસર કીધી હતી તે તમે જાણશો તો બીજી અબળાઓની કાંઇ કદર કરતાં જાણશો-તેણે તે બિચારીને મારીજ નાંખી! લે હવે પછી કદી એક હરવું બીજું એના ખુબસુરત ચેહરા ઉપર જણાશે તો તે સુરજનાં થંબ થઇ જવા કરતાં બી વધારે અજાયેબી ભરેલું કેહવાશે. એ માહરી આગળ ગુંથણ મંડીને પડી અને ત્યાં તે એમની એમ પડી રહી—તુટેલાં છોગરનો એક દુઃખી, ગમગ્યાર હૃદયભેદક અવતાર! પછી એ બોલી કે તે હવે ત્યાંથી તરતજ ચાલી જવાની હતી, તમારી કંગાળ મુખમુદ્રા ઉપર એક આંખી નજર બી નાંખ્યા વગર. તે હવે તમારી સીકકલ કદી કદી બી જોવા ખુશી હતી નહિ. એટલું વટીક તે બોલી'તી કે તમારા ગુંથણ ઉપર પડીને બી જો તમે દુન્યાનાં કાલાવાલા કરશો તો બી તે હવે તમારી સાથે પરણવાની નથી; કે, જેથી, જો તમે એને શોધી બી શકો તો તમારે માટે ચાન્સ જેવું કશું રહયું નથી."

"એ બાબતને લગતું બધું તું માહરે હસ્તક રહેવા દે." તેણે કહયું, "હું નથી ધારતો કે કોઇ બી સ્ત્રીએ એટલું બધું બન્યું હશે. પણ એ ઘણું અગત્યનું હતું કે તેણી પોતાની બરેબરી સ્થિતિ જાણવા પામે."

તે પોતાની ઉપર કેમ કાબુ રાખી શકયો તે તેને કદી જાણ્યું નહિ. પાછળથી જ્યારે તેણે ફરીથી આ ઇનટરવ્યુ યાદ કર્યો ત્યારે, તેની મોટી અજાયબી એ હતી કે તેણીને ત્યાંને ત્યાંજ મારી નાખવામાં તે પોતાનો હાથ કેમ બાંધી શકયો હશે!

"હવે એ સમળાંનો અહીંજ અંત આવવા દે," તે ધોધારી અવાજે બોલ્યો, "તેં તાહરાથી બન્યું છ એટલું ભુંડું કીધું છ-હવે ચાલી જા!"

"હા; હું ચાલી જવશ." મની ગભરૂ જવાબ દીધો. "બેરાંઓએ-બલકે નાનુક, નખરાં કરતી નાછનીનોએ તમને બગાડી ને છગાવી મુકેલા છે, બી• જોહાંગીર વાડીયા. તમે તેઓને ઢીંગલીઓ તરીકે લેખી છે-તે પ્રમાણેજ તેઓ સાથે રમત રમી છે અને પાછળથી તમારા પગો હેઠળ ચગડી છે. તેઓએ તમુંને હાય મારવાને બદલે સારી દુવા ચાહીછ. હું જુદી ધાતુની છું, અને હું માહરો કીનો લેવાનો વિચાર રાખું છ."

"ભલે, ભલે, ભલે!" તે છેક પાકી આવે તેટલી હદની ઠંડાઇ અને નફકરાઇ બોલ્યો. "અને-મને માફ કરજે, જો હું ઘણી લાંબી ટેં'ડુ કરતો લાગતો હોઉં તો-કે કીનો તાહરે જોઇએ તેટલો લેજે!"

"હમણાં તો તમને એ બોટી ઘાતી કે જુની બપકી લાગેછ," મની ગભરૂ, બેકાદ ત્રેછક ભાગ લજ્જવતી એકત્રેસના ગંભીરપણાંથી હાંફતા અવાજે બોલી, "પણ હું તમારી જીંદગીને બરાબ કરી નાખશ-તમારી જીંદગીની તપાસમાં હું માહરીને ઘસીપીસી નાખશ-અને દરેક તબ મળતાં તેની બરાબી શોધતી રહેવશ

"તું માંહરા ઉપર વેર શા વાસ્તે લેવા માગેછ?" તેણે પુછયુ. "ખરેખર તો બીગાડ માહરો થયેલો છે."

"તમે માહરી જીંદગીની સત્યાનાશી વાણી નાખીછ, અને ઓ, જેહાંગીર, તેથી હું તમને ધીક્કારૂંછ,' તેણીએ ઝનુની અવાજે કહયું, "માહરો પ્યાર ધીક્કારમાં બદલાઇ ગયો છે! હું ધીક્કારનુ એક બીજું સ્વરૂપ બની ગઇછ, અને માહરા કીનાથી તમે ચેતેલા ને ચોકેલા ચાલજો!"

"હું તેની તથાકરી ભાર બી પરવાહ રાખતો નથી." જેહાંગીર વાદીયાએ દેખ-ઈતાં તુચ્છકારપણાંથી જવાબ દીધો. "એ બધું એકાદ નાટકના તખ્તા ઉપર તું બોલી ગઇ હતે તો લોકોની તાળીઓનું માન તને મળી શકતે! પણ અહી તો તેં તાહરો ધ્વાસ નાહકનો ગુમાવી દીધોછ. અને હુવે, મીસ મમીજેહ ગઝદર, તમે તમારાં કાવત્રાંઓનો એકરાર કરેલો છે, તમે મને પુરતી દમદાટી કીધેલી છે, તમે માહરા ઉપર કીનો લેવાનાં સોગદ લીધેલા છે-જાણે એકાદ ત્રેજેડી કવીન હોય તે માફક-એ બધી મેહરબાનીઓમાં ફકટ એક વધારે ઉમેરો-મને શાતીથી છોડીને જતાં રેહો."

"હા-હું ચાલી," તે બોલી, "પણ યાદ રાખજો! એક વખત એવો જરૂર આવશે કે જ્યારે તમે માહરાથી ડરતા ધુજતા ફરશો. ત્યાં સુધી તો, ફેર વેલ!"

અને તે જતી રહી. તેણે તે નાજુક ઉચા આકારને થણા જોશથી બારણુ બકાળાને બોલી નાંખી ચાલી જતા જોયો અને તે કુરશીચેર ઉપર પાછો ફરાગત થઈ પડયો.

તે હતો તે કરતાં હુવે જાસ્તી બેકરાર, બેચેન, ગમખ્વાર બન્યો ને ગભરાતમાં પડયો. ગભરાત મનીની દમદાટી સારૂ નહીં-પણ મધુરી નાનં વાસ્તે. તેને થોડી થણી બકડ વકડ થઇ હતી કે, પેલાં નાપાક કાગજ સાથે મનીને કાંઇ લાગતું વળગતું હોવું જોઇયે બરૂં, અને હુવે તેનો તે શક બરોબર પડેલો જાણી તે વધારે દીલથી દુઃખી થયો. તેને લાગ્યું કે નાનં બરચીત મરી ગઇ હતી તે બીચારી બાહળી ગાભરી બને સાવ બેહોશ ને બેચેન બની ગયેલી હોવી જોઇયે, અને કુદ-રતી છે કે નદી તરફનો રસ્તો લેતાં મનની અસહય વેદનાં નહીં બની શકાવાથી તેનાં પાણીમાં નખાની દીધેલું હશે; તેણીને દીનબાઇ ગઝદરનાં કેટલાંક માણસોએ તાપી નદીનાં પુલ ઉપર ફરતી જોવા પછી પાછી કોઇના જોવામાં તે આવી હતીજ નહિં. અરેરે, ગરીબ નાનં! તે બિચારીએ કેવાં દુ:ખથી, કેવા તવળાતથી, કેવા ગભરાતથી પાણીમાં પડયા પછી તવળાત કર્યો હશે!

"માહરી ગરીબ, મીઠી નાનં!' તેણે દુખની એક હાય મારી કહયું.

તેણે બે ત્રણ અઠવાડીયાંઓ મુંબાઇમાંજ અશાંતી વચ્ચે ગુજર્યા; અને પછી તે તેનાં કેટલાક મીત્રોની બનેલી એક ટોળીને મળ્યો, જેઓ યુરોપની સેહલગાહે જવાની તઇયારી કરતાં હતાં. જેહાંગીર વાદીયાએ પણ તેઓ સાથે મળી એમ

ઉચાઉચ ઉપડી જવાની તઈયારીઓ કરી નાખી, કે જેથી તે નાન્ત અને નાન્ત સાથે રમાયેલો દગો વિસરી જઇ શકે.

તે મહિના દિવસમાં તો મુંબાઇથી ઉપડી બી. ગયો અને થોડાજ વખતમાં રમત ગમત, મજહ મશ્કરીની ઉથકેરણીના આવેશમાં પોતાનો ગમ બી ભુલી ગયો ને એક તદન નવોજ માણસ થઇ ગયો. હવે ત્યારે, વાંચનારાં સાહેબો, દયા કરી સ્વભાવિક સવાલ કરશો કે તે સંસારનાં ફાંસાનાં ફરેબનો ભોગ થઇ પડેલી પેલી કમનશીબ કોમળાંગીનું આપણે તેણીને સેવટની છોડી આવ્યા પછી શું થયું? આવતા પ્રકરણમાં આપણને એજ છેક જવાન વયે-બલકે સાવ નિર્દોષ બાળ વયેજ પોતાની જીંદગી રદ કરી બેઠેલી રમણીનો રંગેરંગ કમનશીબ અને કરૂણારસીક દીસ્સો આગળ વાંચવાનો છે.

(અપુર્ણ.)

ફેશનેબલ બાનુઓ કાજે ફાંકડું પ્રદરશન.

ફાઇન આર્ટ નીડળવર્ક ડીપાર્ટમેન્ટ

અલબેલી મુંબઇ નગરીની તમામ કોમની ફેશનેબલ બાનુઓ અને ભારતની અનેક રાણીઓમાં બેહદ પંકાયલું બાતું.

ઝીક દસબ, રેશમ, સીકવન્સ, જલી તથા બારીનાં કામમાં બીનહરીફ છે અમારાં બાતાંમાંથી ભરાયલી સાડીઓ, અને બ્લાઉઝોનું ઉમદા કામ, તેને મનબુશ કરનારી ઓરીજીનલ ડીઝાઇનો એક બાસ સ્પેશીયાલીટી છે. બીજાઓ અમારી ડીઝાઇનોની નકલ કરવાની ફોકટની કોશેશ કરે છે એજ હમારા ઉત્તમ કામની સાબેતી છે. અમારા ભાવો અમારી નાદર કારીગીરી તરફ જોતાં કીફાયત છે. અમારા બાતાંમાં થયલું ભરત કામ નીચલાં ઠેકાણા સીવાય બીજા કોઇની દુકાને મલશે નહીં.

સ્વદેશી બાવી ઉપર બહુજ ઉમદા ભરતકામ કરી આપવામાં આવે છે. જોવાથી બાત્રી થશે. નમુનાઓ તઇયાર છે.

ધનબાઈ ફરદુનજી બનાજી,

ના૦ ૫, આલનાબોંટ રોડ, બંબાલા હીલ, મુબઇ.

ટેલીફોન નં૦ ૪૩૧૪.

દેશનો અધઃપાત.

ગજલ-કવ્વાલી.

કળીના દુત કંઈ જાગ્યા, વ્યવસ્થા વિશ્વની કરવા;
સનાતન વર્ણ સંજ્ઞાને, કુતર્કે સાવ સંહરવા.
ગરાગરી બાહ્ય ભેદોની, બતાવી ઓળડે ઘેણે;
નરાધમ વંશના નિકળ્યા, સગોત્રી બાળ વરવાને.
જડાત્મક જાતીમાં પણ જે, હયાતી છે હમેશાંની;
ઉઠયા ઉચ્છેડવા એને, તજી ત્રણ લોકની પરવા.
વિવેકે શોભ્ય વસ્તુના, અમીતને સત્ય ઉપદેશે-
પુળો પકવાનમાં મુકી, પશુ સમ ચાર ને ચરવા.
ભવિષ્યની પ્રાપ્તિમાં ભરવી, લકુંબા લાખ ક્રોડાના;
છતુ ઐશ્વર્ય છોડાવી, શીખાડે મોત વણ મરવા,
કરી વશ કંઈ કણા અહિના, બનાવી ત્યાગ બંસરીએ;
પિટાવે તાળીઓ પંડે, નિકળતાં ફેરીએ ફરવા.
અધમ ઉસ્તાદીની અદના, કલમમાં ઝેર વરસાવી;
ઉધામત ઈંદ્રથી માંડે, ગુણો તરછોડીને ગરવા.
પ્રશુબળ પિંખવા સામે, મનોબળની ધરી મસ્તી;
શીલાના નાવની સાહ્યે, ઉતારે ઉદધિ તરવા.
ઉઠરડે રત્ન અટવાતું, ગ્રહયામાં ગોબુતા હાણી;
ખીણ્યેામાં ખોળવા કાઢે, શુચિતા શુદ્ધ આદરવા.
અગોચર પંથની આડયે, ભળાવી ભ્રાંતિના ભડકા;
સુંઘાડે શબ્દની બુટ્ટી, ઝરણ વીષવારીનું ઝરવા.
નરોમાં નાચકી કરવા, નચે નાલાયકી ઢાંકી,
દ્વિગુણી હરવેશ થઈ દોડે, હરાગી દેશની હરવા.
પુરાણી પદ્ધતિ પડએ, છુપેલાં છીદ્રને છણતાં;
બડઈનાં બ્યુગલો કુંકે, નીતિના ભાગથી નરવા.
કુળાચારોની કીંમત કે, નહીં સત્શાસ્ત્ર પર શ્રધ્ધા;
હરાયા સાંઢ થઈ હાલે, ધરમને ઓટીમાં ધરવા.

કવિ ભોળશંકર જી વિચારમ પંડિત.

રાણી એલીઝાબેથ

ઇંગલાંડની આ પ્રખ્યાત રાણી ખુબસુરતીમાં જેટલી પોતે ચઢતી હતી તેટલી સર્વને ચઢેલા જોવા ઇચ્છતી હતી. જે મરદ આવતા ઔરત ખુશ દેખાવ અને ખુબસુરતી સાથ તેણીની હજુરમાં દાખલ થતાં તેઓ પ્રતીત તેણીની મેહેરબાની મેળવવાને ભાગ્યશાળી થતા હતાં. એક બદસુરત માણસને જોતાંવાર તેણી પોતાનાં નાઝદાર નખરાને એવી રીતે ફેરવતી કે સામા જોનારને તે દેખી ગુસ્સાની લાગણી ઉત્પન્ન થતી હતી. ઇંગલાંડનાં પાદશાહ આઠમે હેનરીની બીજી બાયડી એન-બોલીનને પેટથી અવતરેલી આ, ખુબસુરત શાહજાદી દુનામાં ખુબસુરતી માટે જાણીતી થઈ ગયલી ઔરતોમાં એક હતી, એમાં તો કશો શક નહીં. પણ તેણી તે માટે પોતાને મનથી એટલી મગરૂર હતી કે જ્યારે તેવા ખુબસુરત અને નામીચા ઉમરાવો તેણીની મુલાકાતે જતા ત્યારે પોતાના હાથો, કે જે ખરેખર ઘણાંજ ખુબસુરત, નાના તથા નાજુક હતા તે દેખાડવા માટે કાંઈ સેંકડો વખત પોતાનાં હાથનાં ચોળ કઢાવતી હતી.

ઇંગલાંડની તવારીખમાં આ રાણી જેટલી પોતાની ખુબસુરતી માટે મશહુર છે તેટલીજ અસકે તેથી વધુ-પ્યારને લગતાં તેણીનાં કાવતરાંઓ માટે પણ છે, એ વાત અજાણી નથી. તેણીનાં એ છુપાં કાવતરાં એટલાં છુપ્યાં હતાં કે તેઓમાંથી કેટલાંક આજ સુધી પણ પ્રકાશ પામી શકયાં નથી. એ બાબદ બીશે જે કાંઇ જણાયું છે તે ઘણું જુજ છે, તોપણ એ જુજ ઉપરથી આપણને ખ્યાલ આવે છે કે બીતરમાં તે બહુ હશે ત્યારેજ એટલાં ભાંખા પ્રકરણ બાહેર આવવા પામ્યાં હશે. આપણે જાણીયે છીયે કે ગાદીએ બેસનાર જે રાજા કે રાણી કુટુંબમાં પડયાં કે તેમનાં રાજની માઠી અવસ્થા થાય છે. અને એવા આપણે ઘણા દાખલા જોયા છે. પણ રાણી એલીઝાબેથ ગમે એવી અંદરખાનેથી હોય પણ બાહેરમાં તેણીની રાજનીતી માટે ખુબ બોલાયું નથી. એ નહી બોલાવાનું એક મોટું અને મુખ્ય કારણ એ હતું કે રાણી એલીઝાબેથનાં જેઓ બાનગી દોસ્તો હતા તેઓજ બાહેરમાં તેણીનાં પ્રધાનો અને મસલતગારો હતા. દરેક રાજ સંબંધી ફરમાન તેણી તેમને પ્યારથી ફરમાવતી અને તેજ મોહોબ્બતથી તેઓ તે માન સાથ બજા લાવતા હતા. કે જેથી તેમનો અરસપરસ પ્યાર તથા સાંચે લાયું રૈયતનું સુખ બન્ને સચવાયું હતું. રાણી એલીઝાબેથનાં માનીતા ગણાવામાં નીચલા સાત જણાઓ સૌથી વધુ ભાગ્યશાળી કહેવાય છેઃ-સર વોલ્ટર રેલે-લોર્ડ સેસણી-સર રોબ્રટ સેસીલ—સર વિલીયમ બિકરીંગ-ડયુક ઓફ એસેનકોક-ફ્રાન્સનો રાજા ત્રીજો હેનરી-અને હેનરી પી ગ્રેટ.

એ સાત નામોમાં સૌથી સરસ અને વધુ મેહેરબાની મેળવવા ભાગ્યશાળી થયલો સર વોલ્ટર રેલે હતો, કે જે આ સર્વે જણાઓમાં સૌથી ખુબસુરત તથા સોદામણો હતો. રાણી એલીઝાબેથને તે એટલો વહાલો હતો કે આખા દીવસમાં કોઇપણ વખતે પોતાના મહેલમાં તેણીની મરજાનગી વગર છડે ચોક આવવાની રજા માત્ર તેનેજ હતી, કે જ્યાં

બીજાઓથી તેણીની રહ્ન વગર મેહેલમા દાખલ થઇ શકાતું ન હતું. સર વોલ્ટર રેલેએ મોકલ્યાં બાર પત્રોમાના પોડાક નાદર પત્રો "હયુમ" પોતાની નોટોમા સાચવી ગયો છે જે તેણે મારે જેટલમન અને જજ બરની મેળવ્યા હતાં એમ કહેવાય છે.

એક ખુબસુરત રાણીના વખતમા બગલાઇની મોટે ખાચરેની પોડીક ઇન્તર અને ખુબસુરત છોકરીઓમા એક જાતનું અજાયબ જેવું હડકૂ લાગ્યું હતુ. રાણી એલીઝાબેથ જોબી અને જોમ પોતાની ખુબસુરતી વધારવા માટે પોશાક સજે તેમ અને તેવી રીતે તે ખુબ સુરતમા ગણાવાને ઉછાળા મારતી ઉમરાવજાદીઓ પોતાના પોશાકો બનાવવા પાછળ ધુમ પૈસો ગુમાવતી હતી રાણી એલીઝાબેથના વખતમાં ત્યાનાં મોટાં બાંચરાઓમા લાગેલું હડખું બાલ કાપવાની તેણીની ફેસીન ઉપરથી જન્મ પામ્યુ હતુ. એકવાર એ ખુબસુરતીની સરદાર રાણીએ પોતાના જુલફાદાર કાળ માલેાને એવી સીફતથી વળ આપ્યો કે જોયા તેઓ હમેશા મરચની વગેરાજ વધવા લાગ્યા એ જોતાજ ત્યાની કેટલીક નકલબોરી ઉમરાવજાદી ઓએ તેની નકલ મરવા માંડી, અને જ્યા જુઓ ત્યાં બસ કરચલી વગેરા બાલનીજ વાતો ચાલી રહી જ્યારે એ વાત રાણીને કાને ગઇ ત્યારે તેણીએ તેમની નકલબોરી આદત ઉપર હસી, તેનને ઠેકડ લગાડવાનો નીશ્ચય કીધો બોડા માસ વિતવા દઇને તેણીએ પોતાના સર્વે બાતો એક મરદ રખાવે એવી રીતે રાખી કાપી નાખ્યા, અને આમાદ એક માથીડો બની ગઇ એ ફેશીન જોતાજ પેલી ઉમરાવજાદીઓએ પણ તેજ રસ્તો લીધો, અને બીજે દીને રાણીએ આપેલી એક 'ડવનીંગ પારટી' મા રાણીએ કાઢેલી ફેશીન મુજબ માથીડાના આકારમાં હાજર થઇ, કે જે દેખી તેણીની અચરતી અને હસવાનો પાર રહ્યો નહી. તેણીએ સર્વે ઉમરાવોને આ બીનાથી વાકેફ કીધા અને પોતે કીધેલી રમુજથી તેણીઓને ખુબ 'ચાફ' બનાવી

વળી રાણી એલીઝાબેથ પોતાના બીજા અગણીત ગુણોમા જે કેટલીક ચોકસ બોડો ધરાવતી હતી તેઓમા ભમત કરવાની બોડ એક હતી એકવાર સેડી લીટલટનના ગળામા એક સુદર લોકેટ તેણીએ જોળવેલી જોઇ જે જોવા સારૂ તેણીએ મોદે ચઢીને તેણીને માંગણી કરી, પણ તે લોકેટ રાણી એલીઝાબેથથી એક ચોકકસ કારણસર તેણીને છુપી રાખવી હોવાથી આપવા ના પડી એ ઉપરથી રાણીને માઠું લાગ્યુ, અને તેણીએ કોઇ પણ તજવીજે તે મેળવી જોવાનો પોતાના મનસે નીશ્ચય કર્યો તેણીને તે લોકેટ જોવાની જોટલી તો જીજ્ઞાસા ઉત્પન્ન થઇ કે જ્યારે પોતાનું કોઇજ વલ્યુ નહી ત્યારે તેણીએ પોતાના એક માનીતા નોકરની મદદથી સેડી લીટલટનનાં એક જાણુ જોટુ નોકરને મોટી લાલચ આપી તેને ત્યાંથી ચોરીથી મંગાવી પણ હજી તો ઉઘાડીને જોયુ કે તેના ખુબસુરત મોઢાનો રંગ બદલાઇ ગયો, ડોળા પર રતાસ ચઢી આવ્યો અને તેણી જોટલી તો ચીડાઇ ગઇ કે ધીક્કારથી તેણીએ તે ફેંકી દીધી તેમા તો તેણીના માહેલા સેક્રેટરી 'સર રોબર્ટ સેસીલ'નીજ તસવીર મુકેલી હતી! "અરે મુર્ખા હુ તો જાણતી હતી કે તું મનેજ ચાહે છે' એમ બોલી એલીઝાબેથ વાકી વળી અને તે નાખી દીધેલી લોકેટ પાછી ઉચકી લોકેટ હાથમા લઇ તેણી ટેબલ આગળ ગઇ—ત્યાંથી કુચી લઇ કબટ પાસે ગઇ,—અને તેમાથી એક કાળી જાડી શીટ કાઢાડી તે લોકેટ તેણીએ પોતાના ડાબા પગપર સર્વને દેખાય એમ બાંધી લીધી!

જ્યારે આ ખબર રેાબર્ટ સેસીલને પ્રાપ્ત થઇ ત્યારે પ્રથમ તેા તે બહુજ ગંભીરાયેા, પણ પછી જરા હીંમત પકડી તે ઉપર તેણે સુંદર ગીત રચ્યું જે. પણ રાણી એલીઝાબેથે જબરીયા મેળવી વાંચ્યું. એમાં તેણે એવેા સાર ખેંચ્યેા હતેા કે—"સેસીલ તું ખરેખર ભાગ્યશાળી છે કે રાણી એલીઝાબેથ જેવી દુનીયામાં ખુબસુરતી માટે વખણાતી એક રાણીનાં પગપર તારી તસ્વીરની જરૂર થવા જેટલેા તું ભાગ્યવાન થયેા છે!"

રાણી એલીઝબેથનેા સ્વભાવ સદા હસમુખેા હતેા, પણ જેમ એક ઋતુનાં બદલાવાથી બીજી ઋતુ આવવાનું પ્રમાણ બદલાય જાય તેમ તેવેા ચેાકસ વખતેા ઉપર તેનેા સ્વભાવ કેાઇ વેળા એવેા બદલાયેા જણાતેા હતેા કે એક નાના સીપાઇથી તે મેાટા મેાટા અમીર ઉમરાવેા પણ તે વેળા તેણીની પાસ જવાની હીંમત કરતા નહીં હતા. તેણીના આનંગી સેક્રેટરી સર રેાબર્ટ સેસીલ રાણીની એ માઠી આદત માટે અફસેાસ કરતાં પેાતાના એક મીત્ર ઉપર લખેલાં પત્રમાં નીચે મુજબ પેાતાનેા ખેાફ જણાવી ગયેા છેઃ—

"Occasionally being more than a man, and in truth, sometimes less than a woman!"

રાણી એલીઝાબેથનાં વખતમાં હાથનાં મેાજાંની રસમને ખાસ કરીને ઉત્તેજન આપવામાં આવેલું કહેવાય છે. એ રાણીના વખતમાં કેટલીક શેાખીન ઉમરાવજાદીઓને નકલ કરવાનેા એટલેા તેા શેાખ ચૂને ચેતક લાગ્યું હતું કે એ રાણી જેવેા પેાશાક પહેરે, જેવી રીતે વાળેાની નવી નવી તરાહ કાઢે, અને જેવે પગલે તે ચાલે, તેવી સરવે બાજાદેાની આબેહુબ વાંદરસહી નકલેા કરતી, અને તેથી રાણીએ એ મેાજાંની ફેસન સબંધમાં તેમની હસી કરવા કેટલીક યુક્તી રચી હતી.

એ અરસામાં ધંગધાંડમાં પગના કરતાં હાથનાં મેાજાંનું વધારે ચેટક ઉભરેલું હતું, અને જે બાનુંનાં હાથમાં મેાજાં હેાય તે મેાટી ઉમરાવજાદી અને મેાભા ભરતવાળી તરીકે ગણાતી હતી, જેથી રાણી એલીઝબેથે એક ફારસ નવેા બનાવ્યેા. એક જાહેર મેલાવડામાં બનારી કીવા વેલા તેણીએ પેાતાના હાથમાંનાં મેાજાંમાંથી એકજ હાથમાં મેાજું પેહેરેલું રાખ્યું અને બીજા ડાબા હાથનું મેાજું પેાતાની છાતી ઉપર ઝેાટાંયણી વડે લટકાવી મેલ્યું. કિયા ખલાસ થવા પછી રાણી પેાતાના મેહેલમાં ગઇ અને સાંઢાંને એક મેાટી 'મેજી' ભરી જેમાં દરબારમાં બેસતા દરેક ઉમરાવેાને કુટુંબ સહીત તેડાં કીધાં. ત્યાં સાંઢાંને મેાટી દરબાર ભરાઇ, જેમાં દરેક ઉમરાવજાદીઓ જેએ તેણીની આબેહુબ નકલ કરવામાંજ ગેાથા પેાતાની નામદારી સમજતી હતી તેઓ—પૂરા કાઠ-બાંધમાં હાજર થઇ, પણ રાણી એલીઝાબેથ જોયું કે એક નહીં પણ કાંઇ સેહેંકરેા બીબેાની છાતીએા ઉપર તેમનાં હાથનાં મેાજાંમાંનું એક મેાજું ટાંચણી વડે લટકાવેલું હતું!

હાથનાં મેાજાં સંબંધી એક બીજી વાત રાણી એલીઝાબેથ માટે કહેવાયલી છે. રૂપક એક પીલચર નામના પેાતાના એક માનીતા રાજદરબારી ઉમરાવ ઉપર તેની સાલગેરે ભેટ બાબત એક બહુજ કીમતી વીટી પેાતાનાં દીરમેલીયા જડેલા હાથનાં એક મેાજામાં પીરાવીને એકવાર તેણીએ મેાકલી, જે વાત જાહેરમાં આવતાંજ બસ બધાં જુઓ ત્યાં હાથનાં મેાજાંમાંજ કીમતી ભેટેાની ગેાયા રસમ પડી ગઇ અને તે લગભગ એક દાયકા સુધી અમલમાં આવી!

બહુસુરત માણસોનો એ ખુબસુરત રાણીને એટલો તો ધીક્કાર હતો કે ગમે એવો કુશળ ચિત્રકાર, કીર્તિવંત, મોભાદાર કે શેહેનશાહ કે ન હોય તો પણ તેણી કદીપણ તેની મુલાકાત લેવાને રાજી થતી નહીં. પોતાની હજુરમાં એવા ખુદરતી બેડોળ માણસોને દાખલ નહીં કરવાને તેણીનો સખતમાં સખત હુકમ હતો. પણ એક અચાનક બનાવે એકવાર એવો સમાગમ બની ગયો કે જેથી આ ખુબસુરતીની માહારાણીનું નામ ઇંગલાંડની તવારીખમાં અમર કાળ સુધી કાયમ રહી જશે. એ બનાવ તે કાંઈજ નહીં પણ જે કાળી ચાંમડીની તેને સુગ હતી તેજ ચાંમડીએ તેને એકવાર ખુદરતી જુસ્સાને લીધે કેવી ગમતા ઉપજાવી, તે નીચલી બીના પરથી માલમ પડશે:—

રાણી એલીઝાબેથને નોવેલો વાચવાનો ઘણો શોખ હતો. એ શોખ આગળ ચાલતાં એટલો તો વધી ગયો હતો કે દીવસ ને રાત તેણીને તેનુંજ પસ ચેતક લાગ્યું. એક પુરી કરી કે બીજી, એમ કાયમ સેંકડેકડો જુદા જુદા જાણીતા લખનારાઓની નામીચી નોવેલો તેણી વાચતી હતી એ નોવેલોમા ચેરીમનું ખુબી સહી ધારણ કરેલા કોઇ અજાણ્યા નોવેલોનો તેણીને એટલો તો ચટકો લાગ્યો, અને તેનીજ વાર્તાઓ વાચવાનું તેણીએ ચેતક ધર્યું કે ચેરીમનું નામ તેણીના મોઢમાં રમી રહ્યું હતું. જો કોઇ કેકાણે લખાણ સબધી કાંઇ વાત થતી તો પેહેલા તેણી ચેરીમની નોવેલની વખાણ કરતી હતી. એ લખનાર કોણ હતો તેની સાથ મુલાકાત લેવાને તેણીએ ઘણી કોશ કરી પણ તે કોણ હતો તે તો નહીંજ પણ તે ક્યાનો રહીશ-ઇંગલાંડ કે અમેરીકાનો તે પણ તેણી જાણી શકી નહીં.

હવે અત્રે વાંચનારની જાણ માટે જાહેર કરવું જોઇએ કે એ ચેરીમનો તખલ્લુસ ધારણ કરીને લખનાર કોઇ અંજાણ શખ્સ નહીં પણ ખુદ રાણી એલીઝાબેથનાં બાગના વડા માળી 'જયોર્જ' હેમીલટનનો છોકરો હતો. જયોર્જ પોતે બહુજ ખુબસુરત આદમી હતો, પણ તે એક સીધન સાથ પરણેલો હોવાથી તેને પેટે મજકુર છોકરો પેદા પડયો હતો, કે જે માતા ઉપર પડીને સીધો જન્મ્યો હતો! જયોર્જ હેમીલટન સારી રેવેસે જાણતો હતો કે તેના કમનસીબે કાણા પેદા પડેવા દીકરાની નોવેલો રાણીને બહુ પસંદ હતી, પણ તે દેખાવે બહુ બદસુરત હોવાથી તેણીની હજુરમાં તેને તે રજુ કરી શકયો નહીં હતો. ચેરીમનું 'ચાર' નામ આર્લેસ હતું. એ છોકરો જો કે બદસુરત હતો તોપણ ખુદરતે તેનામા એવું એક ચંચલ ભેજું મેલ્યું હતું કે માત્ર ૧૬ વરસની નાની ઉમરથીજ તેણે ગ્રંથકાર તરીકે કાંઇ સંખ્યાબધ નોવેલો જાહેરમા પ્રગટ કરી એક જાહેરનો લખનાર તરીકે નામ મેલ્યું હતું.

જયોર્જ હેમીલટને પોતાના આ વિદ્વાન બેટાને એ વાતથી વાકેફ કરેલો હતો, અને તેને સખત મનાઇ કરી હતી કે તેણે કોઇપણ દિવસે કોઇનીપણ આગળ ચેરીમનો તખલ્લુસ ધારણ કરીને લખનાર તેજ હતો એમ કેહેવું નહીં; તથા કોઇપણ દિવસે તેણે રાણીના બગીચામા આવવું નહીં, કારણ કે રાણીને ઘણીવાર એકાએક બાગમાં આવી જાવાની આદત હતી, મારે જો તેણી તેના જેવા એક બદસુરત આદમીને જોય તો બળી ખાયદા! પણ એક દિવસે એવો બનાવ બન્યો કે ચેરીમ કે જે પોતાના પિતાના દરેક ફરમાનને તાબે રેહેતો હતો તે એક ખુબનુમાં દીવાળાની સેહેરની આરતી આગહદે પોતાના બિછાના પરથી જાગી ઉઠયો ત્યારે તેને વિચાર આવ્યો કે 'જો ખુદાતુમાં સહવારનો દીલખુશ દેખાવ જોવો હોય તો નામદાર રાણીનાં બાગમાં તેનો ચડો દેખાવ હતો. જરૂર હું આજેજ વહીલે ત્યાં જાઉં, અને ત્યાંની બધા જોઇ

તે ઉપર એક સુંદર કવિતા રચું.' એમ વિચારી તે ઉઠી કપડાં પહેરી ઘરની બહાર નીકળ્યો. પોતાના બાપની શીખામણ તે આ વેળા ભુલી ગયો. તેણે વિચાર્યું કે 'રાણી તો આ વેળા તેણીનાં મોહલ્લમાં નીંદમાં ગીરફતાર હશે માટે અત્યે વખતે મને ત્યાં જવાની કશી અડચણ નથી.' ત્યાં બાગમાં જતાંજ તે જોયશું કે તેની કલ્પનાં ખરી હતી. એક બેહેસ્ત સમાન સિંગાર રેસેલાં બાગ સાથ ખુદરતની લીલા ભલી જાઇને ત્યાં કાંઇ એવો દીલપઝીર 'બ્યુ' બની રહ્યો હતો કે પેરીમની કવિતા શક્તિએ ત્યાં જોર માર્યું. તેણે તે ઉપર એક સુંદર કવિતા રચી, અને પછી એક લોખંડનાં બાંક ઉપર બેઠો કે જ્યાં પવનની ખુશ બોહોડી મારવાથી તે સુઇ ગયો. તેની આંખનું લાગવું—અને માત્ર પાંચજ મીનીટ થણી તો ગઇ હશે—એટલાં સર વોલટર રેલે સાથ રાણી એલીઝાબેથ ત્યાં હવા ખોરતા આવી લાગી. દુરથી તેમને એક માણસ સુતેલું દેખાયું, અને પારો જઇ જોયશું કે રાણી જેટલી ખુશ મિજાજમાં હતી તેટલી ક્રોધાયમાન બની ગઇ. તેણીનાં નાજુક નખરાંઓ કંપવા લાગ્યાં, અને જો સર વોલટર રેલે તેણીને પકડી પાડત નહી તો જરૂર તેણી પડી જાત.

"મારા ખુદા!" તેણી ભવા ચઢાવી તપી આવી બોલી. "મારા બાગમાં એક બદસુરત આદમી?" એમ બોલતીજ તેણી જરા આગળ વધી, કે જેમ થતાંજ તેણીની નજર પેરીમની છાતી ઉપર હાથમાંજ પકડેલી નોંધ-બુક ઉપર પડી. તે તેણીએ ઝડપથી તેના હાથમાંથી ખેંચી લીધી, અને હજી તો ખોલીને માંયે શું લખ્યું છે તે જોવા જાય છે એટલાં જે કવિતા તેને આવ્યા બરાબર ખુદરતી દેખાવ ઉપર રચી હતી તેની નીચે કોરેલી 'પેરીમ'ની સહી ઉપર તેણીની નજર પડી!

"એ કોણ પેરીમ! મારો બાહોશ ગંધકાર!" એલીઝાબેથ અચરતીમાં ગરકાવ થઇ એટલુંજ બોલી શકી, અને વાકય પુરૂં થાય તે આગમચ તો તે ખુદરતી ગુસ્સામાં આવી વાંકી વળી તમા પેરીમના કપાલપર તેનાં એવાં ઉમદા ભેજા માટે એક ચુમી લીધી! ચુમીનો છાપ પોતાના કપાલપર અચાનક પડતાંજ પેરીમ જાગી ઉઠ્યો, અને તે જોયશું કે રાણી તેની સામે ઉભી રહી તેને બહુજ ધ્યાનથી જોતી હતી. તે તેણીને જોતાંજ થરથર ધુજવા લાગ્યો અને કાંઇ બોલવા જતો હતો એટલાં રાણી બોલી "પેરીમ! તારા બદસુરત ચેહેરા માટે ખબરદાર ના. તારી નામીચી નોવેલોથી હું એટલી આનંદ પામેલી છું કે તારી એ ખુદરતી ખામી તે આગળ ઢંકાઇ જાય છે. આજે સહવારે નવ વાગે મારી મુલાકાત લેજે. તું પોતાને ખરો ભાગ્યશાળી સમજ કે મારી આખી જીંદગીમાં એક બદસુરત આદમી ઉપર મેં આજેજ મારી મેહેરબાની ઉતારી છે!" એમ બોલી રાણી એલીઝાબેથ સર વોલટર રેલેનો હાથ બગલમાં લઇ ચાલી ગઇ, અને પેરીમ બે સુમાર અચરતીથી તેણીને નીરખતો ત્યાંજ ઉભો રહ્યો!

દાં. એ. તારાપોરવાલા.

સુખી સેવટ.

એક ટુંકી વાર્તા.

તે વસંત ઋતુની એક ખુશનુમા સવાર હતી, કે જ્યારે જેન હેરટ પોતાના ઓફીસ રૂમમા કાંઇક વિચારવંત બેઠો હતો તેનો લગાર ૨૬ ચેહરો હાલ કાઇક ઘણા ઉંડા વિચારોમા મશગુલ જણાતો હતો, કે જ્યારે તેના કપાળ પર ગુસ્સાની કરચળીઓ ચઢી હતી

એકાએક તે ઉઠયો, અને પેપર્સની બીચોબીચ ભરાયલી તે ડેસ્ક પર મુકેલી બેલ જોરથી વગાડયો જવાબમાં તે પ્રાઇવેટ રૂમનુ બારણુ ઉઘડયુ, અને તેના જવાન સેક્રેટરી.રીચર્ડસ ઉંબર ઉપર આવી ઉભો

"રીચર્ડસ, પછી પેના નાના કેશને લગતું કશુ જણાયુ ?' તેણે તે જવાનને પૂછયું, "મે' તને શુકવાગને ઠહાડેવું તે બાબેની તપાસ માટેનુ કહયું હતુ, પણ હજી તેનુ સેવટ તે મને જણાવ્યું નથી તું બાહરો સ્વભાવ નો જાણેછની કે હું જરા જેટલીબી ગોટાળો કદી સાખી શકતો નથી ?"

"હા, સાહેબ, મે તે બાબેની પુરતી તેહકીક કરી છે,' રીચર્ડસે કહયુ 'એ કેશ બબોરેજ ગુમ થયો હતો, સાહેબ, અને તેથી મે' સાજના હરેકને છુટવા અગાઉ તપાસ માટે બોબવા હુકમ કર્યો, પણ તે અગાઉજ જોણે તે નીઘો હતો, તેણે બાહરી આગળ આવી પોતાનો બાક કબુલ કરી દીધો, અને વધુ ત્રાસતમાંથી મને બચાવ્યોછ '

"ઓહો ! એવુ તે કોણ વળી ડાહ્યું' છે ? વળી કોઇ પોબાબોમાનોજ એક છે કે ?"

રીચર્ડસે ગંભીરાઇથી ડોકુ ધુણાવ્યુ.

"નહિ સાહેબ, એથી ઉલટુજ છે આ વખત તો બડીઝમાંની એકે હીંમત કરીનીછ એક છોકરી કે જે ફકટ બે મહીના થયાજ આપણે ત્યા રહીછ તમને ધ્યાન છે, તે છોકરી—મીસ મેશન કે જેણી વીલસન એન્ડ કપની તરફથી મરસ રેફરન્સીસ પોતા માટે લાવી હતી ? મને ઘણુ અજરબ લાગેછ કે દેખાઈતી તેણી આટલી રીસપેકટેબલ છે ને એમ કામ કરીયુ હોશે ?'

"આહ, કોણ પેલી પોતાની કોઇ બુઢી માયની સીકનેસને મારે રોકરા રડતી હતી તે કે ? હા, હવે મને યાદ આવેછ બારી, બા, તેને હવા બોલાવ, રીચર્ડસ મને તો આશાજ છે કે બધા આવશે તેવી ચરત કરતીજ આવશે ને ઘણુ રડશેબી હું એ બાતીને પરતો ઓળખી ચુકોછ, તેણી જો એમ ધારતી હોશે કે હુ તેને જવા દેવશ, તો તેમા તેણી અચીત હશે બાહરી તરફથી તો એક પુરૂષ શું કે એક સ્ત્રી શું બનેને એક સરખોજ ઇન્સાફ મળશે, બા, તેણીને એકદમ હયાં આવવા કહે, અને રીચર્ડસ, તુ પણ વાતચીત દરમ્યાન હયાજ ઉભો રહેજે." જેન હેરટે કહયુ.

ઠીક રીચર્ડસ વિચારવંત પગલે તે પ્રાઇવેટ રૂમમાંથી બહાર પડયો, અને તે મોટા ઑફીસ રૂમમાંથી થઇને મેડી ટાઇપીસ્ટસવાલા વિભાગમાં આવી ઉભો. ત્યાં ફકટ તે મશીનોનાં કલીક કલીક સિવાય સઘળું શાંત હતું. દરેક ટાઇપીસ્ટ પોતાનાં કામ ઉપર એક રીતે વાંકી મુડીએ મંડેલી હતી, કે જે દરેક પરથી નજર દોડાવતાં તેની આંખો તે સુંદર નમેલાં નાજુક સર તરફ જઇ ઠરી. તે ઘડીએ કાંઇક અજબ ઠોકા તેની છાતીમાં ઠોકાયા. આહ, તે સુંદરીનું તે સંપર્ક દીક્ષના આસામી આગળ શું વળવાનું હતું! તેણે વિચાર્યું. તે આખા પાંચ દિવસ દરમ્યાન તેની આંખો આગળથી તે છોકરીનો પોતાનો વાંક કબુલ કરતી વખતનો દેખાવ હજી ખરેખો નહિ હતો. તે સુંદર મોટી બ્લુ આંખો હેઠળ કોઇક દુખદાયક કહાંણી સમાયલી તે ખુલ્લી જોઇ શકયો હતો, અને તેથીજ તે તે સુંદરી માટે અતિ ફીકરમંદ બન્યો હતો.

થોડીક પલોમાં તો તે તે નાજનીન આગળ ગંભીર મુખડે જઇ ઉભો.

"મીસ મેશન" તેણે બંનતા લગી ધીરેથી કહ્યું, " મી૦ હેરટ હવાં તમને મળવા માગેછે. તમો મારી સાથ મેહરબાની કરી આવશો?"

તેણીએ મુગી ચુપકાદીમાંજ પોતાનું સર નમાવ્યું. અને તુરત ઉઠી તે જવાનની પાછળ ચાલી કે જ્યારે તેણીને લાગ્યું કે દરેક આંખ્યો આજના આ અણધારેલા બનાવથી તેણી તરફજ અત્યંતપણે ઉત્કંઠ હતી. આથી, તેણી તે કનવારબોરી લેડા ટાઇપીસ્ટસને કાંઇપણ વિચારવાનું કારણ મળેજ નહિ કરી પોતાનું નાનું સર મગરૂરાઇથી તદ્દનજ રાખી પુરતા દમામથીજ તે રૂમ વતાવી ગઇ.

તેઓ બને તે પ્રાઇવેટ રૂમના બંધ દરવાજા આગળ આવી લાગ્યાં, કે જ્યાં એક પળ થોભતાં રીચર્ડસે કાંઇક લાગણીથી તે છોકરીનાં ખંભા ઉપર પોતાનો હાથ મુકી માયાથી કહ્યું; "તમો જરા બી ગભરાતાં કે બીહતાં ના, મીસ મેશન. મી૦ હેરટને હીમતથી તમારી દરેક 'ટ્રબલ' જણાવજો, અને હું ધારૂંછ કે આથી વધુ બુરૂં બનતાં અટકશે."

તે છોકરીએ અત્યંતપણે તે સામી માયાળુ જુરી આંખોમાં તાકયું, કે જ્યાં એક ખરીજ દયા ભવાનો પ્રકાશ ખુલ્લો પ્રકાશતો જોઇ તેણી ઉપકારી જીગરે બોલી;

"થેન્ક યુ, મી૦ રીચર્ડસ. તમારી સલાહ માટે હું ઉપકારી છેઉ. જેટલું કહેવા જેમ હશે તેટલું હું બોલે બોલ કહેવશ, પછીતો માંહરૂં નશીબ."

તેઓ તે નાના રૂમમાં દાખલ થયાં, કે જ્યારે ડેરક આગળ બેઠેલા તે કરડા દેખાવતા શખ્સ પર નજર પડતાંજ તેણીનું જીગર કોઇક છુપી ધાસ્તીથી અકડી ગયું.

"તમો મને મળવા માગોછ, સાહેબ?" તેણીએ જેમ તેમ હીમત એકથી કરી મુજબ મધુર સ્વરે પુછયું.

"હં, ત્યારે કહાં, તમે તે ચેકના ચોર નીકળ્યાં એમ કે?" હેરટે તે રંગે રંગ ધ્રુજતી બાળા તરફ અતિ તીક્ષણતાથી તાકતાં પુકાર્યું.

તે અત્યંત તુચ્છકાર અને ધીકારથી ઉચ્ચારવલા વાકયથી તેણી ખેલબતની મારી એક પળ છેક હેઠ મુખી પીળી મારી ગઇ, પણ બીજીજ પળે તુરતજ હીમતથી બોલી.

"હા, હું જ તેનો ચોર છેવુ, સાહેબ, અને મેં તે શા માટે લીધો હતો તેનું મારું કારણ હવા હું તમને જણાવું છું. બાકીનું મામલા—"

"ખુદાને ખાતર તમારી એ અસલવારેની જીની બકવા આગળ ચક્રાવતાંજ ના. તે બાબતનું મને પુરતું બયર છે, તમારી માતા ગરે કે જીવે તેની સાથ મને શું લાગે વળગે? હું પોતે એક સાચવટ પસંદ કરનારો પ્રમાણીક આદમી છેવું, એટલે બાહરી સાથ સંબંધમાં આવનારા તરફથી પણ હું તેવીજ આશા રાખશ. તેમાં બાહરા તાણા હેરાળના રટાફ તરફથી તો બખીતજ બાહરી ચોરીસમાં હું જરાપણ દગબાજી ચાલવા દેવશ નહિ. એ તમારી ચાલનો. તમને પુરતો બક્ષો મળવેાજ જોઇશે કે જેથી તમો ભવિષ્યમા કાઇકિ ચેતીને ચાલો. રીચર્ડસ, જરા પોલીશ સ્ટેશન પર ફોન કર ને કહે કે એક ઇન્સ્પેકટરને હા મોકલે. હું બાહરો કીમતી વખત હવે વધુ બરબાદ કરવા માગતો નથી."

તે છોકરી રંગે રંગે ધ્રુજતી એક નજીકની ખુરશી પર ઢબકાઇ પડી. તે ઢંકાઇતા નીદોંષ મુખ કમળ ઉપર મોહત સમાન ફીકાશ ફરી વળ્યો હતો

રીચર્ડસે તે નીકળી પડતી આબોઓ નીરખ્યુ. અને કાંઇ અજબ દીમને મજા મુતાબથી તે કરડા શેઠ તરફ ફરી બોલ્યો.

"સાહેબ, તમારો હુકમ હું અમલમા મુકું તે અગાઉ તમો મીસ મેશનની હકીકત પુરતી ધીરજથી સાંભળો તો ઠીક. એના હેવાલુમા કાંઇપણ લાયક કારણ છે એવું હું તો ચોકસ માનું છું. આપણી અગાઉ એવણે ચાર વરસ રીવસનને ત્યા કાઢયાછ. અને ત્યા એવણે જે રીતે કામ કર્યુ છ, તે એવણના રેફરન્સ પરથીજ જણાયછ."

હેરટ ગુસ્સાથી તેની તરફ ફર્યો, અને કરડાકથી બબાળ્યો. "એટલે, તને મારાં કામની વચ્ચે આવવાની શું સત્તા? જા, તુ તારા કામ પર જા, મેં તારૂં મત આ બાબદ પર માગ્યું જ નથી."

ઠીક રીચર્ડસ ઝતુનથી હોઠ કરડતો ત્યાથી જવા ફર્યો કે જ્યારે તેની આબો એક પળ બેટીની આબો સાથ મળી તે એકજ પળ ની આબોના મેળાપમા તેણીએ જે દીલસોજી અને કાંઇક ચોકસ લાગણી ત્યાં પ્રકાશતી જોઇ કે તેનાથી તેણીને કાંઇ અજબ હીમત અને જોમ મળ્યું.

રીચર્ડસના ગયા બાદ હેરટ પોતાની ડેસ્ક આગળથી ઉઠયો અને પોતેજ તે ટેલીફોન આગળ ગયો. તે રીસીવર હાથમા લઇ હજીતો તે રીંગ કરે તે અગાઉજ તેની નજર તે નીરાશીમાં ડુબી બેઠેલી તે છોકરીના ચેહરા ઉપર ચોકસ પડી, અને તે ચોંકયો, આહ! તે ચેહરો જાણે તેના કોઇક માનીતા મળતા વિશેકનેજ હુબહુ મળતો હોય એમ તેને એકએક હાલ લાગ્યુ. આબેહુબ એજ ચેહરાની પ્રતીમો વરસોથી તેના અંતરમાં કોતરાઇ રહી હતી, જેની યાદ તે સામે બેઠેલો ચેહરો હાલ આપતો હોવાથી તેનું જીગર કોઇક દુઃખનાં અચણુચ આવ-માથી પળ બાઇ ગયું. એ છોકરી કોણ હશે? તેણે વિચાર્યું, અને પછી કાંઇક ધરૂપરૂ મને તે રીસીવર હાથમાથી પાછુ મુકી દીધુ.

"મીસ મેશન, કહો મને તમારી વાત હું તે સાંભળશ, મેહરબાની કરી કાંઇપણ છુપાવતા ના." તેણે ફરી પોતાની બેઠક લેતાં આખર કહ્યું.

બેટીએ અત્યંત આજીજીથી તે શખ્સ તરફ જોયું. એ અત્યાર સુધીની તેની કરગરાટ એમ એકાએક બદલાઇ કેમ ગઇ તે તે બાપડી કલ્પી શકી નહિ.

"દશ વરસની વાત પર મારા પપ્પા બિચારા બેહરત પામ્યા, કે જ્યારે હું ફક્ત નવ વરસની હતી." તેણીએ હવે કાંઇક હીમતથી તડી થતાં શરૂ કર્યું. "આથી, મારાં ગરીબ મમાની ઉપર મને પાળવાનો તેમજ કેળવવાનો બોજો આવી પડ્યો. પાંચ છ વરસ હુંએ ઘણાજ સખ્તીનાં કાઢ્યાં પણ પછી મારી કેળવણી પુરી થવાથી મેં કોઇક સરવીસમાં જોડાવાનો વિચાર કીધો, પણ મારી ન.ની ઉંમરને લીધે મને કેયેથી કોઇ 'પ્રીફર' કરતું નહિ. તેટલાં સારા નશીબે વીલસન એન્ડ કંપનીમાં એક ટાઇપીસ્ટની જગા ખાલી પડવાથી મને ત્યાં ચાન્સ મળી ગયો, અને ત્યાં મેં ચાર વરસ ઘણી સારી રીતે કાઢ્યાં. એ ચાર વરસ દરમ્યાન હું મારાં બિચારાં મમાને કાંઇક સુખમાં રાખી શકી. પણ ફરી ક્યાં મારાં નશીબે મને દગો કીધો. મારા મમા બિચારા એકાએક સખત માંદગીને બીછાણે પડ્યાં; કે જે માંદગી આજ છ મહીના થયા તોપણ દૂર થઇ નથી. એમની માવજત ખાતર મારી તે સુખની નોકરી મને ફરજ્યાત છોડવી પડી, અને ચાર મહીના એમની આગળ મને ધ્યાન આપવું પડ્યું. પણ પછી મારી આવક કે જે ઉપરજ ખાસ હમારો આધાર હતો, તે બંધ થઇ પડવાથી હમો એક પેનીનાથી મોહતાજ થઇ ગયાં, અને સામુ કરજ વધી ગયું. આથી મને ફરી નોકરી શોધવાની જરૂર પડી અને પરીણામમાં તમો સાહેબની નોકરીમાં બે મહીના થયાં હજર પડીછ. પણ તે કેવી રીતે? હું જ્યારે ઘર્યાં આવુછ ત્યારે મારો સઘળો જીવનજ મારા ઘર તરફજ જાણે મુકીને આવું છું. મારા મમા બિચારાં કોઇનાથી આસરા ટેકા વગર બીલકુલ એકલાં બીછાણે હવલે કે જ્યારે હું ઘર્યાં બેસીને કાંમ કરું!" તે સુંદર બાળાએ અફસોસનો એક ઉંડો દમ ભર્યો "આહ, મારાં જીગરમાં શું શું થાયછ તે તમને કયાંથી ખબર હોય સાહેબ! આ બોહળી નાકદર ધરતીપર આ અતિ હેતવંતી માતા સીવાય મારૂં બીજું કોણ છે? ને તેનેજ એમ દુઃખમાં સબડતી મુકીને આવતાં મારાં જીગર પર કેવી છરી ફરેછ! પણ લાચાર! તેમ કર્યા વગર મારો બીજો છુટકોજ નથી, કારણ પૈસા વગર હું તેણીને દવા દારૂની મદદ કેમ આપી શકું! પણ મારો સઘળો પગાર એમની પાછળજ ખર્ચાઇ જતો હોવાથી મારા ઘરનું બાકું ત્રણ મહીનાથી ચઢતી ગયું છ, અને જો આ શુક્રવાર સુધી તેનું બીલ ચુકતે નહિ કરું તો હમારો સામાન ઘરની બહાર કાઢવાને ઘરવાળાએ સખત નોટીસ મોકલી હતી. હું જાણું છ કે મારાં મમાની આવી હાલતમાં તે કાર્ય તેનું મોહત લાવવાને પુરતું હતું, અને તેથીજ તેમને ખાતરજ મેં તે એક ટેબલ ઉપરથી લઇ લીધો હતો, એવું વિચારતાં કે તે જણાઇ આવે તે અગાઉ હું મારા પગારમાંથી ભરપાઇ કરી દેવશ, પણ કે જોઇછ કે મારી બોટી કમનશીબીએ એથી હલકુંજ બન્યુછ." અને હવાં તેણી આંખમાં આંસુઓ સાથ અટકી.

લોન હેરટે તે સામે બેઠેલા રીડા ચેહરા તરફ આતુરતાથી ટીકયું.

"મીસ બેથન, તમે તમારી આ હકીકત સઘળી પુરવાર કરી આપો તો હું તમને કાંઇક ચાન્સ આપશ. તમારી માતાને મારી સાથ મેળવો. અને તમારી સાથ તમારે ઘરે હવાંજ સઘળ જાઓ. જાઓ, તમારી ટોપી પહેરી લેઓ." તેણે કાંઇક ઉરકેરાતથી ધ્રૂજતા સ્વરે કહ્યું.

પાંચ મિનિટમાં તો તેઓ બંને તે ઓરડીમ છોડી બહાર પડયા, અને એક ટેક્સીમા બેહેરની બહારના તે નાના ઘર આગળ આવી પુગ્યા

જોન હેસ્ટ તે બહારના નાના સંગ્રહદ્વાર રૂમમા થોભ્યો કે જ્યારે બેટીએ તે બીજા રૂમનું બારણુ ધીરેથી ઉઘાડી અંદર ડોકાબ્યું ત્યા તેણીની માતા સગડી નજીક એક ઈઝીચેર ઉપર શાંત ઉંઘમા પડી હતી તેણીએ તે શબ્દને ઇસારત કરી અંદર આવવા કહ્યુ

તે તરત અંદર આબ્યો, અને કેટલીક પળો સુધી તે દુખથી હાહુલી મારી ગયેલો પણ આંતી સુંદર તે પાસે ઉભેલી છોકરીનેજ આમેહુમ મળતો ચેહરો ઘણાજ ધ્યાનથી લાગણીથી ધ્રુજતે છગરે એક લાબી ચુપકીદીમા તપાસ્યો

"ચાલો, આપણે આ બીજાજ રૂમમા જઇએ" તેણે ધીરેથી કહ્યું "હું તમારી સાથ વાત કરવા માંગુ છ પણ તે વાતથી તમારા મમાને 'ડીસટર્બ' નહિ કરવા ઇચ્છીએ"

અને તે તે રૂમમા એક ખુરશી ઉપર ધબાય પડયો તેનું આખુ શરીર કોઇક અણદીઠ લાગણીઓની અસર હેઠળ ધ્રુજી રહયુ હતુ બેટીએ તે સર્વ જોયુ, અને તેના બાએસ માટે અત્યંત અનુકમ્પા થઇ, તેણી બીલકુલ સમજી શકીજ નહી કે આ એક સખત ઇંગ્લાનો શબ્સ આટલી હદે આ કારણથી આખા શરીરે ધ્રુજતો હશે!

"તમારા મગાતું નામ એવણ પરણ્યા તે અગાઉ મારગ્રેટ બીલમન હતું વારૂ?" તેણે કેટલીક પળ બાદ આખર ધ્રુજતા સાહદે પુછ્યુ

"હા, સાહેબ, તેજ તેવણનુ નામ હતુ" બેટીએ વધતી અચરતીથી કહ્યુ "શું, તમો એવણને ઓળખતા હતા એમ?"

"ઓળખતો હતો પુછોછ? એજ એક બાબદ હતી કે જેને મને મારી જુવાનીબી હથેડી કહાડી મને આવ કટાઇ અને સખત છગરનો બનાબ્યો છ" હેસ્ટે અત્યંત ઉત્તેજનાથી પુકારયુ, "બેસો કર્યા, બીમ મેશન-બેટી, કયા મારી નજીક બેસ, અને તે અમની કહાણી ધીરજથી સમજ. ઘણા વરસોની બે વાત છે કે જ્યારે તારા મમા કુંવારા હતા, અને ત્યારથીજ હમો બને બેકમેકને ઓળખતા હતા ઓળખતા હતા એટલુંજ નહિ પણ હમો બંને બેકમેકને બુબદ પ્યારથી ચાહતા હતા અહ, તે સુખી આગલા દિવસો! તે બેદાક સમયની મારી અનંત સુખીની યાદ મને મરતા તુલીક રીહાઇ લક્ષનાર નથી તે વખતે હું બેક બીલકુલ નહી જોવો મુરકીમ શબ્બ હતો અને હા તેજ હમારા દુ ખનું કારણ થઇ પડયુ. તારો મમાવો બેક પાજી સ્વભાવનો તેમજ પૈસાનો અત્યંત લોભી બુઢો હતો તેણે હમારા જોડાણ માટે પોતાની મંજુરી બક્ષી નહિ, અને તારી માતાને અત્યંત જોર જુલમથી તારા બાપ સાથ વરાવી. આહ! તે વખતની મારી અને તે બાપડી!! નીરાશા! તેણી તે વખતે પોતાની ઉમરમા ન હોવાથી પોતાની મરજી મુબાકેક વરતવાને છુટી ન હતી જ્યારે મે તે સગદીત ડોસા પાસે ફકત ત્રણ ચાર વ સની મુદત માગી એવું જણાવતા કે એટલા વખતમા તો હું મારી 'ટેલન્ટ'થી બહાર પડી નામ કાઢી શકીશ, અને મારી પ્રીયાને પુરતા સુખમા રાખી શકીશ પણ નહિ, તેનુ તે સખ્ત હૈયુ પીગળ્યું નહિ. અને પરીણામમા હમો બનેને છુટા પડવું પડયુ હતું-તે દિવસથી આ સખણી દુન્યવી મોજમજાહ જેવી શુ ચીજ છે તે મેં જાણી નથી, તેજ ઘડીથી મે ઇંગ્લાંડ છોડયુ અને ઓસ્ટેલીઆ ગયો,કે જ્યા મારા જખમને તાજે ને તાજેજ

રાખવા જણે ચાહતી હોય તેમ નરીનદેવી માહરી પર એટલી પ્રશન્ન થઇ કે જોનેખી હું હાથ લગાડું તે સોનામાં ફેરવાઇ જતું. આહ, મને એટલો અફસોસ થતો કે તે પૈસા હવે મને શું કામના હતા! કે જ્યારે તેની ખરી અગત હતી ત્યારે તે માહરાથી દુરના દુર નાહરતા હતા. એબી એક કીરમતનીજ વાત! કેટલાં વરસો બાદ હું ઇંગલાંન્ડ પાછો ફર્યો, અને તાહરાં મમાંની મેં ઘણી શોધ કીધી, એવું જાંણવા કે તેણી સુખી હતી કે નહિ. પણ તેમાં હું નિષ્ફળ નીવડયો. તું તાહરી માતાની એક હુબહુ પ્રતીમાજ છે. બેટી, અને તેથીજ આને તાહરો ચેહરો ધ્યાનથી નીહાળતાં મને કાંઇક સમાધેનો બતકો થયો જેથી ખરી ખીના શું છે તે જલ્દે નીહાળવા ને તપાસવા હું આજે હયાં આવ્યોછ. આહ, તે કીરતારે આજે મને માહરાં કર્મ્યાં ભારનો બદલો આટલાં વારસો બાદ વાળી આપ્યોછ, એમજ હું સમજુંછ!" હેસ્ટે અત્યંત બુરસાથી પોતાની બીનાં બતમ કરતાં કહયું.

જ્યારે બેટી—તેણીની શું હાલત હતી? તેણી તો આ અજબ જેવી એક બાર્તામાંજ વાંચ્યે તેવી કહાંણી સાંભળીને ચકીતજ થઇ ગઇ. શું એ સબળું ખરૂં હશે! અને હોવુંજ જોઇએ, કારણ તેણી નાનપણથી અત્યાર સુધી જોતી આવી હતી કે તેણીની માતા કોઇ કોઇ વખત એકલી પડતાં કોઇક બણુક દર્દ ભર્યા બ્યાલોમાં ઉતરી પડતી હતી, અને તે બ્યાલો આ બાટેના હતા તે હવે તેણી આજે સમજી શકી. તેણીએ ઘડીક વખત પોતાના નાજુક કરો નાંખી તે દીલગીરીનો બાયેલ પુછયો હતો, પણ "તું એમાં નહિ સમજે, માહરાં બચ્ચાં" એમ આંખમાં આંસું સાથ કહી તેણી તેણીને બ્હાલથી બકી લઇ ઉડાવતી હતી. આહ! તે બે બ્હાલાઓએ પોતાની જુદાઇ દરમ્યાન કેટલું ખમ્યું હશે? બેટીએ હાલ પોતાનાં જીગરમાં ઉછળી નીકળેલી કોઇક નવીન લાગણીની અસર હેઠળ અતિ ગમગીન બની વિચાર્યું.

"બેટી," ફરી હેસ્ટે લાગણીવંત સાદે કહયું; "તાહરાં મમા હું તેટલાં કું બબાજ પોમવા માંગુંછ, પણ તું પાછી ઓશીસપર જા, કે જ્યાં એક જીવ હું ધારૂંછ કે તાહરે માટે અધીરતાની તાપમાં બળતો તને જોવાને બેટી હશે. તાહરાં મમા સાથ પુરતો ખુલાસો થયા બાદ હું તને ફોન કરશ. જા, ડીયર, હવે તમો બનેને માથેથી સંતાપનો ઓલો દુર થયોછ એમજ સમજજે."

"આહ, પણ માહરાં ધ્યાનમાં તો હજી ઉતરતુંજ નહિ, મી૦ હેસ્ટ! શું આ સબળું ખરૂં છે, અને તે કેટલું અજબ જેવું! માહરાં બ્હાલાં મમા, રખે એવણને કાંઇ આપી નાખણી તબીયતમાં આ અણધારી ખુશાલી અને અનબયથી શોક લાગે! પણ હવે માહરે જવું જોઇયે. હું તમારી તરફના પેગામ માટે અધીરતાથી તપતી રહેવરા. મી૦ હેસ્ટ માટે મને જલદીજ ફોન કરજે." અને તેણી ખુશાલ હલકાં જીગરે ત્યાંથી બહાર પડી.

ડીક રીચર્ડસ પોતાનાં વડાની ડેસ્કપરના સબળાં પેપર્સ હાલ ઉંચાં કરતો બારો હતો, કે જ્યારે તેનું જીગર તો ઉરકેરાતથી ઉડાઉ થતું હતુ. તેનો વડો બેટીને કયાં લઇ ગયો હશે, અને તેથીનું શું થયું હશે! તેણે ધડકતાં જીગરે વિચાર્યું કે, જ્યારે તેજ ઘડીએ તે કમબ્ત બારણું ઉઘડયું, અને બેટી અંદર ચાલી આવી. તેણે પોતાની બીકરમંદ નજરો ને સામા ખુશાલ ચળકતા મુખડા તરફ ઉઠાવી, કે જ્યારે તે પોતાની આંખોને બાગ્યેજ માની શકયો. પોરોક વખત ઉપરની તે નાજુક ચેહરા ઉપરની દીલગીરી અને ઉદાસી કયાં ઉડી ગઇ હતી કું જોની જગા હાલ અપાર મુખ અને સંતોષે લીધી હતી!

"ઓહ, મીસ મેથન, તમો ક્યાં હતા?" તેણે જુસ્સાથી પુછાર્યું.

તે અવાજમાં સમાયલા ગભરાટ અને ઉશ્કેરાટે તેણીના જીગરને કાંઇ અજબ ચોટ આપ્યો.

"અરે, મીઃ રીચર્ડસ, હું તમને શું કહું? અરે જે ઉપરાછાપરી બનાવો બન્યા તેથી બાહર અંતર આલિજા બન્યુછ. તમારા ગયા પછી મેં સઘળી બીના બીજાને વીસ્તારીને કહી, જેથી તેવણ બાહર ઘર બાહર બનાવ જોવા આવ્યા, અને તેવણુતેર ઓળખ્યાં. એવણ કેરા બાહરનાં બનાવ અગાઉ ઘણા અગત મીત્ર હતા, પણ કોઇક કમનશીબ બનાવથી તેઓ રુઠા પડયાં હતાં બાહરો ચેહરો બાહરો બનાવ બીનકુલ બનતો આવતો જોવાથી એવણને પોતાની તે આગલી પીછાણની યાદ થઇ, અને તેથી એવણ પોતાની બાજી કરવા બાહરી સાથ ઘેર આવ્યા, અને ત્યા બનાવ જોઇ હમને ખરોખર ઓળખ્યાં, હોય તેઓ બનેને તેઓની અગલી પાછની યાદ કરતા મુકીને હું દયા આવીઓ." તેણીએ હસતે મુખો ખુલાસો કર્યો.

"થેન્ક હેવન!" રીચર્ડે પુરકારનો એક દમ ભરતાં કહયુ "હું હવાં પાછો આ કમનો આવ્યો, અને તમો બનેને દયા નહિ જોઇને હું તો એમજ સમજતો કે કોઇની અતિ બુરું બન્યું હોવુંજ જોઇયે"

દયા એટલામાં બેની લાવા કરેલા હાયો સાથ તેની નજીક આવી

"મીઃ રીચર્ડસ, મને તમારો ઉપકાર માનવા દેઓ આજનો દિવસ હું કદી ભુલશ નહિ, આને જયારે સઘળી બીનો અંધકારમા છવાયલી હતી-દરેક ચીજ બાહરી બીરધ હતી, ત્યારે કેવટ એકલા એક તમોજ હતા કે જેણે બાહરી તરફ દીલસોજી બતાવી બાહરી હકીકત જાની હતી હવેજ બનિયમા હું આશા રાખુંછ કે એવોમી એકાદ હલાડો આવશે કે જયારે તમારી ભલાઇનો બદલો વાળી આપવાને હું સાગર્થવાન થવશ." તેણીએ હસીને પોતાની સુંદર બથમો નીચે નમાવી દેતાં કહયું

ડીક અતિ આતુરતાથી તે સામો ધરેલો સુદર નાજુક કર પોતાનામાં લીધો, અને અત્યંત લાગણીથી બોલ્યો, "બેની, તે દુરના ભવિષ્યનુ કાંઇ હવડાજ કાંઇ નહિ બની શકે આ બે મહીના દરમ્યાન મેં તને આપ કેટલક અવસર લાગણીઓ વચ્ચે તપાસીઓ, કે જે લાગણીએ હું અત્યાર સુધી સમજી શકતો નહિ હતો, પણ આજે જયારે તાહ। નાજુક સર ઘર લટકતી ગંભીર મુખમુદ્રી મેં જણી, ત્યારે જણ્યું તે આકૃત મને પોતાને જેહેવથી પડતી હોય તોપણ બાહરૂ હેતુ અંદરથી બધુ બદલાઇ રહયુ. આહા! ત્યારેજ મેં જાણ્યું કે તારો જો એક બાલ બી વાંકો થાય તો હું સેહવી શકું નહિ, એટલું બાહર જીગર તારી તરફના પુષ્કળ પ્યારમાં તણાઇ ગયુ છે. તો કહે મને બેની કે તું બરાબરી મને ચાહવાની કોશેશ કરશે?"

બેટીએ એક પળ ધડકતે જીગરે તે બારી બહાર ટીકયુ, કે જયારે તેણીનો સુદર મુખડો બેહદમહોબતની લાગણીઓથી એક રાતા ગુલાબ જેસાનનો બન્યો હતો. એક બે કલાક અગાઉ તે તેણીનુ ભવિષ કેટલું સીહા હતું. જયારે હવેના આજના ઉપરા સાપરી બનાવોથી તેણીના સુંદર બથમો સુખ અને હર્ષના આંસુઓથી ભરાઇ ગયા.

"હા, ડીક," તેણીએ બોહ બાહ સમજી શકાય તેવા સ્વરે કહયુ "તમને ચાહવાની કોશેશ કરવા જેવુ હવે કાયમ રહયુ નથી, કે જયારે હાલ તમને હું બાહરા જીગરથી પુરતા ચાહી શકુછ!"

"માહરી ડારલીંગ!" ડીક ખુશાલીના એક પુકાર સહીત તેણીને નરમાશથી પોતા પાસ ખેંચી અને તે મધુરો મુખડો પવીત્ર ખુશ્બુદ લાગણીથી ચુમ્યો. ત્યાર પછીના એક બે કલાક દીલખુશ પ્યારવંતા તાહેલામાં કેમથી પસાર થઇ ગયાં તે તે બે જ્હાલાંઓ જાણી શકયાં નહિ, કે જ્યારે એકાએક ટેલીફોનનાં રીંગે તેઓને ચોકાવ્યાં.

બેટી તરત દોડી, અને રીસીવર હાથમાં લઇ કાને લગાડયું. તેણી તુરત સમજી ગઇ કે તે હેરટ તરફનોજ હશે.

"હલ્લો! તુ છે કે બેટી?" એક ખુશાલ અવાજ પેલે છેડેથી પુછ્યું. "હવાં સમજું સેટલ થઇ ગયુંછ, ડીયર, અને તારાં મમાં અને હું તારી રાહ જોતાં ચાને માટે બેઠાંછીએ. તું વહેલી આવ. અને હા ખરા પેલા માહરા સેક્રેટરી રીચર્ડ સાહેબની શું ખબર છે? તેવણુંની હવાં આવનાર છે કે કેમ?"

બેટીએ ખુશાલીથી ચમકટી ચશમોએ ડીકતરફ જોયું.

"એ તો ચીફ તરફનો છે, જ્હાલા ડીક, તેવણ મને ઘરે બોલાવેછ, અને તમને પણ તેડેછ તમારે માટે હું જવાબમાં શું કહું, ડીયર?" તેણીએ પુછ્યું.

ડીક વધુલેજ તે ટેબલ નજીક આવ્યો, અને પોતેજ બોલ્યો, "ઓલરાઇટ સર, તમારો હુકમ મોટી ખુશીથી માથે ચઢાવેછ, હું અને જ્હાલી બેટી થોડાજ વખતમાં તમો નજીક આવી પહોંચ્યેછ." અને પેલે છેડેથી તે ખુશાલ મરદાનગીભર્યો અવાજ સાંભળી જોન હેય્ અને મીસીસ મેથન-સુંદર બેટીની માતા સંતોષથી હસ્યાં.

(મીસીસ) તેહમીના આયુબ.

સંગીન વાંચનના શોખીનો માટે નાદર તક.

નવરંગના પહેલાં સાલની કંપ્લીટ ફાઇલ, સુંદર બાઇન્ડીંગ કરેલી. કીંમત રૂ. ૨૫.
નવરંગના બીજા સાલની કંપ્લીટ ફાઇલ, સુંદર બાઇન્ડીંગ કરેલી. કીંમત રૂ. ૧૫.
નવરંગના ત્રીજા, ચોથા, પાંચમા છઠ્ઠાં અને સાતમાં સાલની કંપ્લીટ ફાઇલો સુંદર બાઇન્ડીંગ કરેલી દરેકના ... ... રૂ. ૭

ગણત્રીનીજ ફાઇલો હોવાથી એહતેમાસ કરવામાં આવે છે કે તાકીદે મંગાવી લેશો.

પોસ્ટેજ જુદું પડશે. સરકયુલેટીંગ સીસ્ટમ ઉપર વાંચવા આપવામાં આવશે નહીં. લખોઃ—

મેનેજર,

નવરંગ,

બજારગેટ, કોટ, મુંબઇ, નં ૧.

તે દિવસો.

આંછી ચન્દની વિશ્વ બધું અજવાળતી.
હૃદય અને રજની ને અમૃત ધારજો!
મૃદુ સમિરે સુરભિ શી ફુલડાં વેરતાં!
ટહુકે કોયલડી ચેલે સહકારજો!!!
એવાયે દિવસો, પ્રિય જીવન વહી ગયા!

પરમિળ લેતાં આપણ પણ ભમતાં હતાં!
કર કર ગ્રહિમે ગુંજન કરતાં સાથજો!
ધીમે ધીમે અભ્ર છવાયો ચાંદલો!
તુજ મુખ ચંદ્ર વિષાદ થકી છવરાયજો!
એવાયે દિવસો પ્રિય જીવન વહી ગયા!

ઉર દબાવી ધીમે ધીમે પુછતાં!
તું જોઇશી આ શો? અંધાર છવાય જો?
ચાંદલીઓ ડુબ્યો કે શું અસ્તાચળે!-
પ્રાણ ગયો તે સુજને ના સહમળાય જો!
એવાયે દિવસો પ્રિય જીવન વહી ગયા!

એવાં એવાં કુતુહલ કરતાં આપણે-
રેલવતા રવ દિવ્ય અનેશ પ્રાણને!
કમલિની બન્ધ! સમિર વીણ શાને ડોલતી?
ચકિત બની પુછે નીરખી જળ માંહને!
એવાયે દિવસો પ્રિય જીવન વહી ગયા!

સાંજ સમે રસ લોભી ભ્રમરો ગુંજતો-
બેઠો વિકસીત કમળ વિષે રસ લુબ્ધ જે!
સુર્ય જતાં મિડાઈ પાંદડિ-કેદમાં-
ભ્રમર મિડાયો-ભુલીને શુદ્ધ બુદ્ધને!
એવાયે દિવસો પ્રિય જીવન વહી ગયા!!

શારે વાંસ કઠણ પણ કમળ ન છેદતો!
પ્રેમ થકી પરવશ એ, ભૃંગ સુજાણને!
કમળ વિષે મુંઝાયો હલવે બોહને!
તેથી બુજે માનીની મારૂ માનજો!
એવાયે દિવસો પ્રિય જીવન વહી ગયા!!

ઓહો! એવી અટપટી વ્હાલા પ્રિતડી!
દિવ્ય પ્રભુતા ભર નવ પાર પમાયલે!
તું પણ રાણી મુજપર નિત્ય નિભાવજે!
એવું બોલી–સ્મરણ જીવન કાંઇ થાયલે?!
એવાયે દિવસો શું જીવન વહી ગયા?!!

પાદરાકર.

એક કાંકરે બે પક્ષી!

કલાર્ક–વળી સાહેબ, મારો પગાર વધારી આપશો તો તેમાં તમોને પોતાને બી લાભ છે.

શેઠ–(અજાયબીથી) એટલે, તે શું?

કલાર્ક–મારો પગાર જો તમો સાહેબ વધારશો તો પછી હું તમારી એક પુરી દીકરી સાથે પરણવાની બાદર બી કરશ, કારણ કે તેણી મને ચાહે છે.

* * * * *

પાછલો પસ્તાવો.

ધણીબાણી–(ઠપકાથી) તમે જનમ્યા ત્યારથી હમણાં સુધી બધાંજ ભૂલભર્યા કામ કાર્યાંચ.

ધણી–હા, અને તેમાં સૌથી મોટું ભૂલભર્યું કામ એ થયું કે હું તને પરણ્યો.

* * * * *

ઓવાય, એ શું ધોંટાળો?

મમા–(બહારથી આવીને) કેમ દીકરા જેમી, ડાકટર આવી ગયા કે?

જેમી–(ઉમ્મર વર્ષ સાત) હા મમા, ઘેરમાં કોઇ નહિ હતું તે મને બેસાડીને ભારી નાડ જોઇ, જીભ જોઇ અને કહ્યું કે પેટમાંની બોખાર બધી ઉપર આવીજ કરીને દવા આપી અને વળી કહ્યુંય કે રાતે પાછો ફેરો મારીને બસર લેવી પડશે.

મમા–ઓવાય, એ તેવડું શું ધેલાં કહાડેય? મેં કયાં તારે વાસ્તે તેડાવ્યા'તા જે? મેં તો બેણીને વાસ્તે બોલાવ્યા'તા અને તુને જોઇને શાની દવા આપી ગયા?

* * *

ભાષાની ભેલસભેલ.

મારતર–અલ્યા બેજન બોલ, "વખત થયો બોડો છે" તેને હિંદુસ્થાની ભાષામાં કેમ બોલવાનું?

બેજન–સાહેબ, બહોત કમખમત હૈ.

* * *

સતોષી બંધવો.

મેજરસ્ટેટ–(એક બીસાંતરને) બધવા, તું તારા ગુજરાન માટે શું કરેછ?

બધવો–મને જે મળેછ તે હું ગનીમત કરું છું, સાહેબ!

મેજરસ્ટેટ–ત્યારે તો એક વર્ષની સખત કેદખાનાંની સજા તને મળેછ, તેબી ગનીમત કર.

નોશાકરો કેદી.

કોણ સાચું— ભલું કે ભલું?

લખનાર—મોગજ બી તાતા

તે હતી તો છણી તેજ બનુ આખોની મીઠા મીઠા ગુલાબી રખમારો સ્વપ્ના ભરેલા ગોદાની દીનછટ અમલા—અ. જના કામા-મગર મુફલીસ માતપીતાને ત્યા અવતરી અને ઉપરેલી હોવાથી પૈસા વગર તે બીચારી ઉંચકાની કે હર વકીક પકતી ન હતી જાતું ઘણું રીબેલી હતી, પણ આજકાન કલાસોમા સોભાયુ શીમતી બગનમા ચોપડી લખને જનારી મોટુ અને મોટું કરીલ અને કામ રાખનારી બત્તર છોકરીઓ જેવી નહીં પણ નમાની, ગરબી અને સાયાળુ હતી, પોતાનો બડતો કાલ નિર્ગમન કરવા ત્યા કામાની જાતુ કોટની એક નીશા-લમા શીક્ષક હતી, અને રોજ પોતાને ઘરે ગાટરેડથી ત્રામમા અવતી હતી, પોતાની ગરીબ પીબવા માતા માંદે તેણી તે તરફ એકાદ બેસીતા નીચેના એક ગાલામાં રહેતી હતી તેની પીબવા ગાતા તેના ડોના સિચાએ તે આગમજર આ ગધુરી બાનાનું માથુ ઘોઇ નાખવાનીજ ટગર અને પીરમા પડી હતી, મગર તેટલી રકમ તે મુદલજ કાજલ પાડી શકતી ન હતી, કબિ કે રીતની ભીખ માંગનારા કગાત બીસુમે રીતમા દસ પદર હજાર માગતા હતા, જમાનો બદલાયો છે, અને હાંગ આમનરો યાતો નોકરી ચાકરી વિના પડયા પાકર્યા ધરમજીઓ સાજની વખતે બકમે મા ને બેબાકી ઉપર મુરોપ્યન સ્ટાઈલમા ફરનારાઓ વકીક પાંચ દસ હજારનો લુબકો માગે છે, તો પછી જાતુ જેવી ગરીબ છોકરી કર કયાથી પડે?

રાબેટા મુજબ એક સવારે તે મનોહર છોકરી કોટમા આવવા ત્રામમા બેઠી, ત્રામ ઉતા કરોયથી ભીકાર હોવાથી તેણીને છેક પાછળ બાજટ ઉપર એક જગા મળી, થોડીક મીનીટ પછી કંડકટર ટીકીટના પૈસા માંગવા આવ્યો, અને જાતુએ પોતાનો ગજવામા હાથ નાખ્યો, તેજ ઘડીએ એક જુવાન ચાલતી ત્રામે ચઢી ઉપર આવ્યો કુમનશીબે જાતુ પૈસા ભૂલી આવેલી હોવાથી ગભરાટથી બોલી "ત્રામ ઉભી રાખ, હું પાકીટજ ભૂલી આવીછ,' હજીતો કંડકટર ઘટી વગાડી ત્રામ રોબાડે તેટલામાજ તુર્તનો ત્રામ ઉપર ચઢેલો જુવાન બારણા આગલથી બોલતો અદર આવ્યો "ઓ, આલા! કેમ-શું છે? પૈસા ભૂલી—"

ઓશકથી લાલ થએલી જાતુએ પાછળ ફરી જોયુ, અને પરોમાનીની ઘપે તે જુવાન-જલ નરીમાન-મીઠાસથી બોલ્યો. 'ઓ! હુ દલગીર છેઉ, બાઇ, હુ તમુને મારી આવા સમજ્યો."

"કઇ નહીછ," એમ બોલી તે ખુબસુરત છોકરી બોલી, અને કંડકટરે ત્રામ ઉભી કરવાથી જાતુ ઉઠીને જવા કરતી હતી જેવામા જલ નરીમન બોલ્યો "તમે પાકીટ ભૂલી ગીયાં એમ કંડકટરને તમે કહ્યુ તે મે સાભલ્યુ, બાઇ અધે રસ્તે તમે ઉતરી પડી કયા મેર આવશે, બેસોજી, હું હાલતુંવીક આપશ, નહીરે—એમાં ઓશકાવોજ શુ કામ? મિસાદ શું છે?'

અને તે જુવાનનું ઘણું દૃશ્યાંત મારી આંખો ઓડી, અને તેની બાજુમાંજ તે દીલસોઝ જુવાન બી બેઠો; તેણે બે ટીકીટ લીધી, અને એક જણને આપી, જેથી કરીથી તે ભોલી છોકરીએ તેનો આભાર મન્યો

"ભાઇ કરજેજ," તે મીઠાસથી બોલી. "તમને ત્રાસ પડી; તમે જ્યાર ત્યાર ત્રામમાં આવોજ તે હું જોઉંજ, તેથીજ હું એક આનો—"

"નહીંજ; તેમ ના કરતાં;" જલે વચ્ચે બોલી વધો લીધો. "એક આનો ખેરાટ કરસો, હું રોજ બાયખલાથી કોટમા મારી આરીમમાં જઉંછ, ને કોઇ કોઇ વેલા મારી આલાંબી, સાથે આવેજ; એ છોકરી મારી સાથે ગેઠવાવાની છે, તમારો સાલાદ આબ્બાદ મારી આલાંનાં જોવોજ મલતો હોવાથી ત્રામમાં ચઢયો ત્યારે તમે પૈસા ભુલી જવા માટે બોલ્યાં, તે હું એમજ સમજ્યો કે મારી આલાજ છે!" તે મોટેથી હસી પડયો "અને આવો ઘોંટાલો થયો."

તે શરમાલ છોકરીએ બારીને રસને કાયમની વાંત કીધી નહી અને કોટમાં પોતાની નીશાલ આવતા સાહેબજી કરીને ઉતરી પડી.

તે પછી ચારેક દીવસ સુધી નરીમાનનો જલ જે ત્રામમાં જલાં આવતી હતી, તેમાંજ કોટ બણી આવતો હતો, મગર તેની માથે હમેશ ગરર અને કરસાબાજ દેખાવની એક છોકરી આવતી હતી, જે છોકરી જલે પેહેલીવાર જણાવ્યું હતું તેમ આલાં કાગા હતી જેની સાથે તે રબાદીથી એક થનાર હતો; આલાં બહુ અપ ટુ ડેટ હતી, અને ગોયા જલને આજી નાખવાજ ખુબ ફોરો કરતી હોચ્ચે એમજ ગરીબ જલાંને લાગું.

વરમાં આઠ દીવસ વહી ગયા, જે અરસામાં રોજ તેઓને જલાં સાથેજ ત્રામમાં જોતી હતી, જે પછી ચાર દીવસ તેણીએ કોઇને જોયાં નહીં. એક દીવસે પોતાને મહકથી જલ ત્રામ ઉપર ચઢયો જે વેલા તેની આખે પાટો બાંધેલો હતો, અને આંખને કાંઇ ઇજા થઇ હતી એમ જલાંએ માન્યું. બોલી જલાનું પુછવાનું મન ઘણું થયું મગર જલ તેની જગાથી ઘણે દુર બેઠો હોવાથી તેમ પુછવાની બધા ઉતારૂઓના દેખતાં તેણીની હીંમત ચાલી નહીં. તે પછી તો જલુએ જલને મુદલજ કેટલા દીવસ તુલીક દીધો નહીં, પણ તેની સાથવાલી પ્રીસ્મારીબોર અને કરસાબાજ છોકરી આલનો તો બજે વેલા ત્રામમાં તે જોતી હતીઃ તે એકલી જતી ન હતી, પણ કોઇ તેના જોવાજ કચ્ચેજ પોપાકમાં મજ થએલા દુચમજી જુવાન સાથે જતી હતી, જેની સાથે ત્રામમાં આબો વખત હસી હસીને ખુબ ટાહેપા ચલાવતી હતી.

ગરીબ જલાં આ ગરર અને ટીચકાંબાજ આબાનો ભેદ ઉકેલવી શકી નહીં. તે બીચારી રોજ પૈસા બોળા જુવાન જલને જોવાની આરજુ ધરાવતી, મગર તે દીવસો તુલીક ન દેખાયાથી તે નેકચલણ છોકરી જેટલી અધીરી તેટલીજ નાસીપાસ અને ગમગીન થઇ.

આખરે એક દીવસે તુમાખી આલાં જે જગા ઉપર બેઠી હતી, તેની બાજુમાંજ જલને જગા મલી અને તે ટકનો લાભ લઇને તે બીહવેલી હરણી બીમાર તેણીએ અમાસમા જલ માટે સવાલ કીધો.

"કોણ જલ કે?" ગરર આલાંએ ટીચકું ચઢવી તુમાખમાં જવાબ બાબો, જે વેલા પોતાની પ્રીયારી દેખડાવતા; અને ગરીબ જલાને આંજી નાખવા પોતાના મખમલટા સોંઘી ગાયતના ટેકમી રૂમાલે મોંઢું લુછવા પરી "હવે મજા પડી; જલે તારી સાથે એક વખત

વાત કરેલી, નહીં વારૂં ? ભુલમાં જલે મને ધારીતી તે તુંજ કે, કાંયકે તારો સાહેબ મારાજ જેવો છે." અને જલાંએ છુપી અધીરાઇથી હાનો જવાબ વાલ્યો.

"તેને તો બહુ ગંભીર બનાવ બન્યોછ," બેદીલ અદાથી આલાંએ ખુલાસો કરેલો. "એની તો બેહુ આંખો જતી રહેવાની, અને સદાનો અપંગ થઇ જવાનો. હાલ તો એ અપંગ જેવો છેજ. ડોકટરો એને સાજો કરી શકતા નથી."

આ બાતેખરાબ સમાચાર સાંભળી બોળી જલુની આંખો આંસુથી તરી આવી, અને તુમાખી આલાં નેણ ફેરવી તેને ટીકવાજ પડી.

"પણ બીચારા આવું દુઃખ એખલા કેમ સહન કરતાં હોશે." દયાથી દાઝી જતાં જલાં બોલી.

"કરે શું ? પડયું તે પજરવાનું," તે બેદાદ છોકરીને નફીકરાઇથી જવાબ આપતાં જોઇ ગરીબ જલાંને બાતેનમાં બેહદ દુઃખ બરપાર થયું. "એ બીચારો ભાયખલા સ્ટેશનની સામેની ચેલીપર રેહેછ ; બધુંરામાં પુરૂં એ સન્તાનાં પચાસ હજારની ગુમાવી બેઠોછ, ને. આખા વરખો થઇ ગીયોછ."

"તમે રોજ ત્યાં જતાં હોસોજી," જલાંએ વધતી ઇંતેજારીથી બીહબીહને પુછયું. "કાંયકે તમે તો—તો તેવણ સાથેજ ભલીપમાં ગોઠવાવાના હતાંની."

"હું રોજ જઇને શું સેકો ટાંણ ?" તે બેવફા છોકરીએ બેદીલ અદાથી જવાબ વાલ્યો. "છેલ્લો જ્યારે જોયો ત્યારે તો ઠીક હતો, પછી તો બેહુ આંખો બોહી બેઠોછ. એવા અપંગ સાથે પરણીને શું હું મારો આખો ભવ બાલું કે ? એવા આંધળા ને પૈસા વગરનાને પરણી હુંબી છતી બાંધે આંધરી થાઉં કે ! હું તો મારા લવજી માતબર સાથે પરણવાની છેઉ !" અને તેનો માતબર શેઠયો આગળની બેઠક ઉપર બેસીને તેની તરફ ડોકાં કરી જોતો હતો તે તરફ આંગળી કરી ધ્યાન બેંચ્યું, જે ચળકતો જુવાન પોતાની પાસેની બેઠક બાલી હોવાથી ચળકતી આલાંને તે તરફ આવવા ઇસારત કરતો હતો. "લે, એ મારો લવ મને ત્યાંજ બોલાવેછ," એમ બોલી આલાં ત્યાંથી ઉઠીને પૈસા ફાંકડા જુવાન આગળ જઇ બેઠી.

તે અભાગ્યા જુવાનની આવી દુર્દશા થએલી જાણી હાલસોઝ જલાં બેહદ રંજ પામી, અને પૈસા ઉપર મરી ફીટેલી બેદીલ અને બેવફા આલાં તે દુઃખી જુવાનની અપંગ સ્થીતી જોઇ તેને સદાની તજી ગઇ હતી તે જાણી ઘણી અફસોસ કરવા પડી. આખો દીવસ તેણીને કમનસીબ જલ નરીમાનનાજ વિચારો થયા કીધા. તે રાત્રે જ્યારે ઘરે પાછી ફરી ત્યારે અપંગ થવાનું કેવું દુઃખ છે તે અનુભવવા તેણીએ વારંવાર મજબુત પોતાની આંખો ઢાંકી દીધી. બીજે દીને તેણીએ હીંમત એકઠી કીધી અને જલાનાં ઘર તરફ ગઇ.

ચેલીના ઉપરના ખુણાના એક ઓરડામાં જલ રહેતો હતો, અને બારણું આગલજ એક અબલા નોકર તેને સાંબી મથી જોને જલને માટે હકીકત પુછી. તે નોકર—અમીના—દયાજનક સ્થીતીએ બોલી; "શેઠ બીચારા, બેહુ આંખે આંધરા થયાય, બાઇ. શેઠનો એક દોસ્ત ડાકટરને માટે સહવાર સાંજ આવી જએછ, ને તે સીવાય બીજું કોઇ નથી, તમે બાઇ બોલખીતાં કે દોસ્ત હોય તો અંદર જઇને બેસીને દીલાસો કાંય નહીં આપતાં ? દયા કરેલી કેહેવાસે. આએ ઓરડામાં વચમાં બારણું છે તેમાંથી પાસેના ઓરડામાં જાઓ, ત્યાં બીચારો આખો વખત

આંખપાણી કરતો અફસોસ કરતો પડયોછ; શેઠ આગલ જઇને વાંચો કે વાત કરો કે શેઠ પોતાનું દુઃખ જરારતી ભૂલે."

દુઃખનો નિશ્વાસ ફેંકી ડોકાનો હ્લેકો કરી, ધડકતી છાતીએ જલાં અંદર ગઇ, અને બારણામાંથી બાજુના ઓરડામાં ગઇ. અલગાં કદમે જઇ તે ભોલી છોકરી, દગમગતાં જીગરે વિચાર કરતી ઉભી, કે તેને પોતાને મારે યાદ કરાવવા કેવી તરકીબ વાપરવી જોઇએ. મગર જે ઘડીએ તેણી ભોલી, તેજ ઘડીએ દુઃખથી જર્દ મારી ગએલો ફીકકો ચેહેરો હજાર ખુશીથી ચમકી રહયો.

"ઓ, આલાં ડીયર!" પોતાના બંને હાથો પોહોલા કરી તે અપંગ જુવાન બોલ્યો. "ઓ, આવી ફાસમે આવી ને વફાદાર રેહેવાનું બહું સારૂ કેહેવાએ! છેલ્લે આવાડયે, તું છેલી આવી ગેઇ, તે પછી મેં રાત દીસ વિચાર કર્યાજ કીધો કે હવે મને તું સદાનો વા પર વખાનો નાખેછ કે શુ? મને તજી જએછ કે કેમ? એક આંધલા સખ્સ માથે રેહેવાનું તું ખમી ન શકે એવીજ અદાથી તે વાતો કીધી, ડીયર. હું જાણું કે મને આંધલો જણી તું બેવફા થઇ, પણ મોહોબ્બત તુને પાછી અહીં લાવી."

જમીન સાથ ચીટકી ગઇ હોએ એવી ફાસમે જલાં સ્તબ્ધ થઇ ઉભી. તેણીના સરખા અવાજથી અપંગ જાણે જલાંને ફરીથી પોતાની વાહાલી આલાંજ ભૂલમાં ધારી અને માની લીધી. તેના ચેહેરા ઉપર પ્રગટી નીકલેલી ખુશાલીજ, તેની ધીરજ અને સંતોષની પ્રધાણી હતી, કે જે કટોકટ ઘડીએ તેના દીલોજાન અને વફાદાર પ્યારની તે આરજુ ધરાવતો હતો, તે ઘડીએ તેણી તેને મુદલજ તજી ગેઇ હતી નહીં.

તેણીના ધુજતા હોઠો બોલવા માટે છુટા થયા. તે દુઃખી અપંગને તેણી કેહેવા જતી હતી કે તે કાંઇ તેની વાહાલી આલાં ન હતી. મગર તે ભેદ ખુલ્લો થતાં તે બીચારાને કેવું લાગશે, તેનો વિચાર તે અભાગણી સહન કરી શકી, નહી. તેના બીજા એકસરખા અવાજે તેને પાછી તરોતાજગીની રોશની બરપા થઇ. ફરીથી શું તેણી તેના જીગર ઉપર પડછાયો નાખી શકે?

જે પછી તેણી બીજી બાજુતો માટે બોલી, કાંયજે પોતાના મનનું સમાધાન માટે તે ફકરમંદ અદાથી બીહધી–જલાની પાછા બાંધેલી આખો જલાં સરકજ દીસતી હોય જોતી હતી, કાંયકે તેનું માથું તેણીના વાસની જોવા અવાજ તરફ ફેરવાએલું હતું. તેના હોઠો વલખા, અને દુઃખનો નિશ્વાસ ફેંકી, ગંભીરવાર અદાથી તે બોલ્યો "મજાની હસતી યા, ડારલીંગ! હમાને માટે હું કાંઇ પુછતો નથી. પણ છેલ્લું અડવાડયું મારે મનમે કેવું માહામારત દુઃખમાં ગયું તેનો તું ખ્યાલ કરી શકનાર નથી. મારી આખોઅી ગુમાવવાની અને તુનેબી સબે ખોહોવાની! કેવું બેવડું દુઃખ! મેં તુને કદીબી ગુમાવી નથીજ એમ જાણજ, આલાં! હું આંધલો થયો તે કારણસર તેં મારી માંગે પીઠ ભરડી તે વિચારો સહન કરવાના કરતાં આ અપંગ સ્થીતી હું બેહેતર રીતે ખમી શકશ. આજે તું અગાઉ માફક ઘણી વાત નહીં કરતી; એટલી ચુપ કાંય, આલાં!"

અને તે અપંગ જુવાનની વાહાલી ગોહોરીના હોઠો વચ્ચેથી નીકલેવા મીઠા શબ્દો નીકલે તેવાજ શબ્દો ઓચીંતા જલાંએ બાહાર કાઢયા. તેની બેવફા આલાં જે કહી શકતે તેવુંજ

જલાં કહેતી હતી; પણ ખરેખર તો તે નેકચલણ અને દયાળુ અબલાનું પોતાનું સાચું જીગરજ તે મુજબ બોલ્યું.

"આજે તું, છેક રહી રહીને દસેક દીવસ પછી આવી, પણ મને કાંઇપણ રીતનું ભલું કાંઇ નથી," હાય મારી જલ બોલ્યો. "આપણે જેઓને ઓળખ્યેજ છે તે બધાં કેમ છે?"

અભાગણી જલાં ધાસ્તીથી ધુજી. તનમનથી ધુજતી તે સવાલ તેણીએ બાજુએ મુકયો અને તેબલ ઉપરથી ચોપડી તેની આગલ વાંચવા માટે લીધી. જલે તેણીને વાંચવા કહયું, જે વેળા શું હવે બનશે તે માટે તે બેહદ તાજુબ થઇ. જો આ ખુલ્લી ઠગબાજી તે શોહોદી કાઢે તો તેણીએ તેનાં જીગરમાં આશા, પાછી જમીનદોસ્ત કરવાને ઉછેરી હતી એમ જાણી તેને કેવું લાગશે? માયાળુ બનવાને બદલે તેણી શું સંગદીલ થઇ હતી?

"આલાં ડીયર, તું મને કાયમી કરી એક જણને વાસ્તે તો જણાવ," જલે કાકલુદી કીધી. "પેલી ત્રામમાં મારી નાની ફ્રેન્ડ પાસા વીસરી આવેલી, જે આપણે જ્યાર ત્યાર ત્રામમાં જતાં જોતાંતાં, જેને હું ભુલમાં તુંજ સમજેલો, તે કેમ છે તે દેખાએછ કે? કેટલ વેળા, હું તે ગરીબ છોકરીનો ખ્યાલ કરું છ. તે હજી બીચારી રોજ કોટમાં જાએછ કે?"

જલાંની નાંડ જોસથી ધબકી, તેનું જીગર જોરથી ધડકયું. તે અપંગ તેણીને પોતાની "નાની ફ્રેન્ડ" ગણાવતો હતો. તે ભલો તેણીનો વિચાર કરતો અને યાદ કરતો હતો. ધુજતા અવાજ સાથે તેણીએ કાંઇ જવાબ વાળ્યો, અને ગમગીન અદાથી તે આંધલા જુવાનને છોડી ગઇ.

બીજી સહવારે ત્રામમાં એતેફાક ગરર આલાં મલી જતાં આગલા દીવસની હકીકત બોલી જલાંએ કહી સંભલાવી. તેણીએ સાચો એકરાર ને તુમાખી બેદીલ છોકરીને કીધો. તેની તરફની માત્ર દયાને ખાતર તે અપંગ જુવાન આગલ પાછી જવા બોલી જલાંએ કાકલુદી કીધી મગર તે ગરર છોકરી મસ્કેરીથી હસી પડી અને ચેષ્ટા કરતી બોલીઃ "તેં કેવી મારી જગા લીધી કે! ચાલો, સારું થયું! તુંને એ અપંગ જલ મુબારક! એક આંધલા સખ્સને તું તદન લાએકની છે એમજ હું ધારી શકું. તુંજ જ્યા કરજે! મારી બલા જાણે, હું એવા આંધલાને પરણીને શું તેને પકડીને દે દાતા કરીને ફરીને મારો ભવ બાળું કે!"

બેએક દીવસ પછી જલાંએ પાછી તે કમીની છોકરીને વીનવી, મગર તેણીએ સાફ ના પાડી તેની સાથે બહુ ગુસ્સે થઇ, અને તે પછી તેણીએ જલાંને કાંઇ બી કેહું આપ્યું નહીં.

આ બેવફા છોકરીનાં અવિચારી લક્ષણથી નાસીપાસ થઇ મનોહર જલાં અપંગ જલને મલવા ગેઇ, અને તે તેની વાહાલી આલાંજ હતી એવોજ ખ્યાલ તેને બરપા કરાવ્યો. તે રખે ને કાંઇ સવાલ પુછે જેનો તે જવાબ ન આપી શકે તે માટે સઘલો વખત તે સાચી છોકરી બીહધી. તેને પાછી આવેલી જોઇ બસ તે તો બેહદ ખુશી થતો હતો. જલાં કાંઇ વાતોથી તેનું મન રીઝવતી તેથી તે અપંગ સખ્સ ઘણો ખુશી થતો, અને હજી બી આગેવાન ડોકટરની સારવારથી તેની આંખોનું નુર કાયમ રહે એવી આસાએ તે ભોલી છોકરી આપતી.

આવી ઠગબાજી કેટલા દીવસો તુલીક ચાલી રેહી; તે અપંગ સખ્સનાં ભલાં અને સુખને ખાતરજ તે નેકચલણ છોકરીને આવો ઢોંગભર્યો ભાગ ભજવી બતાવવાની ફરજ પડતી

હતી, જેમાં તે કશો પણ જાણ્યુન અપરાધ ખુદ કીરતારની પાક નજરમાં કરતી ન હતી એમજ તેણીએ નક્કી માન્યું.

એક દીવસે આંધલા જલે તેની સાથ પરણવા માટે કાકલુદી કીધી.

"મને એક કંપેન્યનની આ કટોકટ ને ગંભીર વખતે ખાસ અગત છે, તે વેલા તું શું મારી સાથે પરણશે નહીં?" જલે મીનતભરીથી પુછયું. "સાચી મોહોબતની કસોટી આજેજ છે, ડારલીંગ. બોલ, મને તું પરણવા ખુસી છેની?"

આ! તે બોળી છોકરી શું જવાબ દે? તે થોડીક પલ બેહદ ગુંચવાડામાં પડી, જે પછી કાંઇક દરાવ સાથે નરમાસથી તેણીએ જવાબ વાળ્યોઃ—

"એકદમ હવઙંજ હું પરણશ નહીં, જલ, પણ જો ડોકટરો તમારી આંખ સાજી કરવા બીલકુલ નિષ્ફળ નિવડે, અને બાકીની જીંદગી તમન અપંગ સ્થીતીમાં જાએ એનોજ તે સોક અભીપ્રાય આપે તો હું તમુને તાબરતોબ પરણીશ. તે વખતે તમે મને માંગશો તો હું તમારી મોહોરદાર થવશ."

તે કમનશીબ જુવાને ખુલાસાનો લાંબો દમ ખેંચ્યો, અને જલાંનો કોમલ કર પોતાના હાથમાં લઇ થોડીક પલ દાબી તે ઉપર વાહાલથી પોતાના હોઠો દાબ્યા. તેને સાહેબજી કરી તે ભલી છોકરી જ્યારે વિદાય થઇ ત્યારે તે હસતો હતો.

બીજી વખતે જ્યારે જલાં તેને મૂલવા ગેઇ, ત્યારે તેણીને એવું કહેવામાં આવ્યું કે તે આંખના મોટા ડોકટરની સલાહ માટે કોઇ મીત્ર સાથે ગયો હતો. તેજ દીવસે પાછી પેલી બેવફા આલાં તેને ત્રામમાં મલી, અને તે અપંગ શખ્સની સારવાર કરવા સાથીની ખાસ અગત હતી, અને તે પણવાની ઉતાવલ કરતો હતો, માટે હજીણી પોતાની સાચી મોહોબતથી તેની સાથે પરણવાનાં આપેલા કોલને વફાદાર રહી તેની આગલ જઈ તેની મરજી મુજબ તેની સાથે પરણી જવું, મગર તે ગરર છોકરી ગુરસાથી બેહદ ચીચવાઇ પડી, અને તે તો થોડા દીવસમાં જરદાર લવજી માતબર સાથે પરણી જનાર હતી એમ જણાવી તેના આંધલા સાથે જલાંનેજ પરણવા કેહી મિજાજથી તે મોઢું મરડી બબડીને ચાલી ગેઇ; બોલી જલાંએ આહ સોસની સર્દ હાય મારી.

આંખના નામાંકીત ડૉકટર મેજર વીલસને અપંગ જલની આંખો ઉપર ઑપરેશન કરવા માટે પોતાની માનગી ઑરપીતાલમાં રેહેવા સલાહ આપી. તેની આંખો ઉપર એક છેવટું ઑપરેશન કરવાનો અખત્રો તેણે અજમાવી જોયો, અને જો તેમાં તે કુશલ તબીબ કતેદમ નહીં નિવડયો, તો પછી દુન્યાનો કોઇબી તબીબ તેની આંખો સાજી કરી ન શકવાનો, અને જીંદગી ભર આંખનું અમુલ્ય રતન ખોઈ બેસવાનો એવુંજ મત તેણે આપ્યું.

દુ:ખમાં આઠ દીવસ બારીક તપાસ કીધા પછી તે આગેવાન તબીબે જલની આંખો ઉપર ઑપરેશન કીધું. પોતાના કરસુદના વખતે ભલી જલાં આંતરે આંતરે જલને ઘરે જઇને અમીના પાસેથી જલની ખબર મેલવતી હતી; અમીના જ્યારે ઑરપીતાલમાં જતી ત્યારે અપંગ જલ જલાંની ખબર પુછતો હતો, અને તેને ધીરજ આવે તે માટે રોજ ખબર કેહે વાડવા જલે કબુલાત આપી હતી એમ તે નોકરે જલાને જણાવ્યું. આ! તે જો પાછો જોતો

થશે, તો તે ભલી છોકરીની આવી ઠગાઇ માટે તે શું કહેશે, તેના વીચારોની ધારતીથી જલાં ધ્રુજવા પડી.

લગભગ એક મહીનો પસાર થયો, ને પછી એક દીવસે જલાં અપંગ જલની ખબર પુછવા તેને ઘરે ગઇ.

"બાઇ, તું અહીં થોભ," અમીના બોલી, "હું અંદરના ઓરડામાં જઇ પુછી આંહું." એમ બોલી તે અંદર ગઇ.

થોડીક મીનીટ પછી બાજુના ઓરડામાંનાં બારણાંમાંથી એક અબલા ધસારાબંધ તેની તરફ આવી ઉભી અને ઠરસામાંજ નેણ ફેરવી બોલી. "કેમ રે, છોકરી, અહીં શું માંગેછ ? શું કરવા આવીય ?"

તે કોણ નહી પણ બેવફા આલાં કાંગા હતી. તે બધી સેંટમાં મઘમઘતી હતી, અને નવીજ સાડી અને બ્લાઉઝમાં ઠઠેરા કરી નીકલી હતી. આ બેદીલ અબળાને ત્યાં જોઇ તેણી બહુ તાજુબ થઇ, અને તેની બિનજી અને તોછડી વર્તણુંકથી જલાં બાતેનથી ગુસ્સા સાથે જોતી ઉભી.

"તેં અબર માંભળી કે, જાનુ," આલાં બિનજરથી બોલી. "જાવેજર જીભરંની આંખ સાજી થઇ, ને એવણ અગાઉ માફક પાછા જોતા થયાચનો !"

"તે સાંભળીને હું ઘણી ખુશી છેકું." જલાંએ ખુશી બતાવી. "હું તો રાતદીસ એવણ માટે દુઆ એવીજ માંગતી'તી."

"એમ કે ! મરેરે !" અણકા કરતી હાય સાથે હાથ જોડી તે બીની અબલા બોલી. "આપને નહીં લાગું, તેટલું દાઝને લાગું', વાહ, ચાલ, એ બધી વાત હવે વીસરી જજે, દુકતી; એ તો રાઇના પાડ રાતે વહી ગીયા, સમજી. બીચારા જાવેજરની બે'ક ભાંગી પડવાથી પંદર હજાર રૂપ્યા ગીયા'તા, પણ હવડાં ચીનમા એવણના કાકા ગુજરી જવાથી પાચ લાખનો દલ્લો મલ્યો, એમ હોંગકોંગથી કોઇ સોલીસીટરોએ જણાવ્યું છ, તું હવે મીઠો ગાયો મુકજે,

"અંહા હું સમજી !" જલાં કરડા દેખાવે બોલી. "દોલતના જીવ ઉપર તમે પાછાં બસડાઇ આવ્યાંછ; બાઇ, જાઓ, મારો ઉપકાર માનો કે મેં તમારે નામે ઠગણજી ચલાવી, આવો ઢોંગ બજવી બતાવી એવણની નજરે તમુને વફાદારજ ધારેલી રાખીછ. આવી વર્તણુંક એક અબલાના સદગુણને જરાબી છાજતી નથી. તમે તો પેલા કોઇ લવજી માતબર સાથે પણવાના——"

"ચૂપ ! ચૂપ !" આલાં વચે બોલી ઉઠી, "તે મુવાનું નામબી ના દે ! તે તો બરો બ્લેગાર્ડ નીકલ્યો ! જે બે'કમાં ઉતો ત્યાં હજારોનું દેવાદાર કેવાઇ ગયું, અને જે રાતે નાઠાસી જવાનો તે રાત્રે મારી પાસની દમ હજારની બધી જનસો સાફ કરાવવા લઇ જવાને બસે લાઇને સદાનો વટેણા વાળી ગયો. પણ અહીં આવ, બોકરી, તુને અલબસે કાંઇ કહેવું." એમ બોલી તેનું પાંખડું પકડી આલાં તેને એક બાજુ લઇ ગઇ, અને તેના કાનમાં અલબસે બોલી.

"જોરે, દુકતી ! તારૂં કીધું તું જણે કાંઇબી લાંબી દોડી જાવ આગળ કાંધીછ, ને પેલા લવજી સાથે હું કરતી'તી તે બાત કહી દીધીય તો ! બાવ હવડાં ઓરપીટાલમાંથી સાજા થઇ

ડો. એચ. એલ. બાટલીવાળા સન્સ એન્ડ કું૦ લીમીટેડની

સ્વદેશી દવાઓ.

બાટલીવાલાનું એસ્ચુમીક્ષચર.
બાટલીવાલાની એર્ંયુની ગોળીઓ.
બાટલીવાલાનું-(ટૉનીક સીરપ) બાલામૃત.
બાટલીવાલાનું (કયોર ઓલ) આમ.
બાટલીવાલાનુ ડાએરીયા (કોલેરોલ) મીક્ષચર.
બાટલીવાલાની કયુનાઇન ટીકડીઓ.
બાટલીવાલાની ટોનીક પીલ્સ.
બાટલીવાલાનું-રીંગવરમ ઓઇન્ટમેન્ટ.
બાટલીવાલાનું-દાંતનું મંજન.

જથાબંધ વેપારીઓને ફીકાયત ભાવ.

ટેલીગ્રાફ એડરેસ—બાટલીવાલા વરલી મુંબઇ.

પી. ઓ. વરલી, મુંબઇ ૧૮.

ગ્રાંટરોડ વેરથી તમારે મારકીટ વેર ધકેલા ખાતા જવાની કંઈજ જરૂર નથી.

જામ, જેલી, બીસ્કીટ, સારડીન, કોકો, ચૉકલેટ, ઇ. વેલાતી ખોરાકી; સેન્ટ, લવન્ડર, કોલોનવૉટર, સાબુ, તેલ, હેરઓઇલો, જાતજાતના મેકરોના; જેપાનીઝ અને ચાઇનીઝ કટલરી, તથા ભેટ સોગાટને લાયકની હમા ચીજો; પેટન્ટ મેડસીનો, અને પરફયુમરી. મારકીટ ભાવે અમો વેચ્ચે છીએ.

ભેસાન્યાની કું.

સ્લેટર રોડ, ગ્રાંટરોડ, મુંબઈ.

પીરોજશાહ અને ખરશેદજીની કું૦

હમારે ત્યાથી નવમારીની કસ્તી, નારાં, ઘી, ખાડ, મેવો, દરેકો મસાલો, ચાહે, કોફી, સુખડ, ચોખાન, અગર, બચ્ચાના રમકડાં, નવાં વરસના ત્યા બધ દે ઢાર્ડો, ભેટ આપવા લાયક ચીજો, ત્યા દરેક જાતનો વિગાપતી માલ, પેટન્ટ દવાઓ, વિગેરે ફીકયત ભાવે મલશે.

ટે૦—તાપ્યા બીલ્ડીંગ, રેલ્વે હોટલની સાંબે ચર્ની રોડ જંકશન, મુંબઇ.

૫૦૦૦ વર્ષ પહેલાં લખાએલો

જ્યોતીષનો મહાન ગ્રંથ !!!

પંડીત કાશીવાળા

ને

મળો.

હિંદુસ્તાનના મહાન ઋષીઓમાં ભૃગુ ઋષીનું નામ જગ પ્રશહુર છે

પ્રાચીન જ્યોતીષ શાસ્ત્રની સત્યતા જુઓ.

મુંબઇના જાણીતા આ ગેવાને શ્રીમતો આ ખાતાનો લાભ લઇ ચુકયા છે

એટલુજ નહિ પણ મુંબઇમાં મહાન ગણા તા જ્યોતીષના પં ડીતોનો પણ આ તાજુબીભરેલો ગ્રંથ જોવાને દરોડો પડે છે

કચ્છના નામદાર રાઓ જી. સી. આઇ. ઇ. કીરોજશા મ્હેતા, ગોખલે, મ૦ ગાંધીજી, લો૦ તિલક, ભાવજી ગોવિંદજી શેઠ અને

બીજા નામાંકિત આસામીઓની જન્મ કુંડળીઓ તેમના જીવનની સાચી વિગતો સહિત આ ગ્રંથમાંથી નીકળી છે

બહારગામના ઘરાકોએ કુંડળી સાથે રૂ ૧૦ અગાઉથી મોકલવા મજકુર ગ્રંથના આધારે સમગ્ર જીવનનુ વૃતાંત રૂ ૧૦ ની વી પી થી મોકલવામાં આવશે એટલે એકંદર ફી રૂ ૨૦ થશે

પંડીત કાશીવાળા

ભૃગુ જ્યોતીષ કાર્યાલય.

૧૯૭-૯૪ બીજે માળે-કાલબાદેવી રોડ, દાદી શેઠ અગ્યારી ગલીને નાકે મુંબઇ ૨

આ મહાન ઋષાનુ લખેલું તાજુબીભરેલું પુસ્તક "ભૃગુ સહિતા" અમારી પાસે મોજુદ છે.

આ ગ્રંથમાંથી તમો ને નીચે જણાવેલી તાજુબી ભરેલી વિગતો મળશે.

તમો સાથે લખના કુંડળીની નકલ તમા તપાસ જોશો-

કુંડળીના આધારે તમારી જીંદગીની જન્મથી મૃત્યુ સુધીની તેમજ મૃત્યુનો ટાઇમ વિગેરે તાજુબી ભરેલી વિગતો તમે જોશો

મુંબઈમાં આજે ઘેર ઘેર અને ઓફીસે ઓફીસ

આ નામ ઘરગતું થઈ પડયું છે.

ધી ડાયમંડ જુબીલી વોશીંગ કું૦.

હમમ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ.

જરીના, અને કસબતક કપડાં ધોવામાં આજે વર...
અમારો અનુભવ છે, હિંદુસ્તાનમાં આ એકજ ખાતું છે
જે લુગડાં ધોવામાં, સપ્રાઇમાં, અને નવા જેવા
બનોવલામાં એકે અવાજે વખણાય છે.

ટ્રાય કરવા ભલામણ છે.

એક સટ અથવા જરીના ઝબલો, સાડી દુપટો
જે પાઘડી ધોવડાવી આપશે.

આ "નવરંગ" બિલ્ડીંગ બલાર્ડ સ્ટ્રીટ, ફોર્ટ, મુબઈ ખાતે આવેલા "નવરંગ પ્રીન્ટીંગ પ્રેસ"માં તેના માલેક અને અધીપતી અરદેશર ખરશેદજી દેશાઈએ